॥ શ્રી જિનાય નમઃ ॥

શ્રી વિધિપક્ષ ( અંચલ ) ગચ્છ સ્થાપક
આર્યરક્ષિતસૂરિગુરુભ્યો નમઃ ॥

અથ શ્રી વિધિપક્ષ ( અંચલ ) ગચ્છીય

# મ્હોટી પટ્ટાવલી.

( ગુજરાતી ભાષાંતર )

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી વિધિપક્ષ ( અંચલ ) ગચ્છીય મુનિમંડલાગ્રેસર
મુનિમહારાજ શ્રી ૧૦૦૮ શ્રી ગૌતમસાગરજી
મહારાજના શિષ્ય મુનિ નીતિસાગરજી
મહારાજના શિષ્ય મુનિ ધર્મસાગરજીના
સદુપદેશથી સ્થાપેલ શ્રી વિધિપક્ષ
(અંચલ) ગચ્છ સ્થાપક આર્ય-
રક્ષિતસૂરિ પુસ્તકોદ્ધાર
ખાતા તરફથી
શા. શોભચંદ ધારશી—કચ્છ અંજારવાલા.

પ્રથમાવૃત્તિ પ્રત ૫૦૦

સંવત્ ૧૯૮૫ કારતક સુદી ૧૫ વીર સંવત્ ૨૪૫૫

**શ્રી જામનગર અચલગચ્છના ઉપાસરા તરફથી ભેટ.**

શ્રી જૈન ભાસ્કરોદય પ્રેસ—જામનગર.

# પ્રસ્તાવના.

**આ** શ્રી "વિધિપક્ષ (અંચલ) ગચ્છની મ્હોટી પટ્ટાવલી" નામનો ગ્રંથ એજ ગચ્છમાં થયેલા જુદા જુદા આચાર્યોએ એજ ગચ્છની પટ્ટ પરંપરામાં શ્રીમહાવીરસ્વામી પછી થયેલા આચાર્યોના ઇતિહાસ રૂપે રચેલો છે. અને તેનું આ ગુજરાતી ભાષામાં ભાષાંતર પ્રસિદ્ધ કરેલ છે.

તેમાં શિરૂઆતના પ્રથમ વિભાગમાં વિક્રમ સંવત બસો એમાં સ્વર્ગે ગયેલા શ્રીસ્કંદિલાચાર્યજીના શિષ્ય શ્રીહિમવંત આચાર્યજીએ રચેલી પ્રાચીન સ્થવિરાવલી આપવામાં આવી છે. આ સ્થવિરાવલી ગદ્ય પદ્ય રૂપે અર્ધમાગધી નામની પ્રાચીન અપભ્રંશ ભાષામાં રચેલી છે. અને તેમાં શ્રીમહાવીરપ્રભુથી માંડીને સ્કંદિલાચાર્ય સુધીનું જૈન ધર્મના પ્રાચીન ઇતિહાસપર અજવાળું પાડનારૂં રસિક વૃત્તાંત આપેલું છે. તેમાટે અહીં વિશેષ વિવેચન નહીં કરતાં તે વાંચી જવાનીજ અમો ઇતિહાસરસજ્ઞોને ભલામણ કરીયે છીયે.

ત્યારપછીનો બીજો વિભાગ આ શ્રીઅંચલગચ્છમાં વિક્રમ સંવત ૧૪૦૩ માં જન્મેલા, અને ૫૭ મી પાટે થયેલા શ્રીમેરૂતુંગસૂરિજીનો રચેલો છે. અને આ મ્હોટો વિભાગ તેમણે સંસ્કૃત ભાષામાં ગદ્યબંધ રચેલો છે. અને તે પણ ઐતિહાસિક હકીકતોથી ભરપૂર છે. પટ્ટાવલિનો આ ભાગ તેમણે વિક્રમ સંવત્ ૧૪૩૮ માં સંપૂર્ણ કરેલો છે. અને તેમાં શ્રીવીરપ્રભુની પહેલી પાટે થયેલા શ્રીસુધર્માસ્વામીથી માંડીને આ ગચ્છની છપ્પનમી પાટે થયેલા શ્રીમહેંદ્રપ્રભસૂરિજી સુધીનો એતિહાસિક વૃત્તાંત આપેલો છે.

ત્યારપછીનો આ પટ્ટાવલિનો અનુસંધાન રૂપ ત્રીજો વિભાગ વિક્રમ સંવત ૧૬૧૭ માં આ ગચ્છની ત્રેસઠમી પાટે થયેલા યુગપ્રધાન શ્રીધર્મમૂર્તિસૂરિજીએ સંસ્કૃત ભાષામાં રચેલો છે. અને તેમાં બાસઠમી પાટે થયેલા શ્રીગુણનિધાનસૂરિજીસુધીનો ઐતિહાસિક વૃત્તાંત આપેલો છે.

ત્યારપછીનો આ પટ્ટાવલિનો અનુસંધાન રૂપ ચોથો વિભાગ પાંસઠમી પાટે થયેલા શ્રીઅમરસાગરસૂરિજીએ વિક્રમ સંવત ૧૭૪૩ માં સંસ્કૃત ભાષામાં રચેલો છે. અને તેની અંદર ચોસઠમી પાટે થયેલા મહાપ્રભાવિક યુગપ્રધાન શ્રીકલ્યાણસાગરસૂરિજીનું વિસ્તાર પૂર્વક વર્ણન આપવામાં આવેલું છે. તે વર્ણનમાં પ્રસંગોપાત ઓશ-

વાળજ્ઞાતિના પ્રસિદ્ધ લાલણનામના ગોત્રમાં ઉત્પન્ન થયેલા વર્ધમાન-શાહ તથા પદ્મસિંહશાહ નામના ઉદાર શાહુકારોનો રસિક વૃત્તાંત પણ વિસ્તારથી આપેલો છે. તેમજ આગ્રાનગરમાં લોઢાગોત્રમાં ઉત્પન્ન થયેલા મહાન્ શ્રાવક કુરપાલ અને સોનપાલ નામના શાહુકારોનો વૃત્તાંત પણ આપેલો છે. સાથેસાથે આ પ્રભાવિક આચાર્ય શ્રીકલ્યાણસાગર-સૂરિજીએ કરેલાં અપૂર્વ ચમત્કારિક કાર્યોનું પણ વિસ્તાર પૂર્વક રસિક વર્ણન કરવામાં આવેલું છે.

ત્યારપછી આ પટ્ટાવલીનો અનુસંધાન રૂપ પાંચમો વિભાગ આ ગચ્છમાં સડસઠમી પાટે થયેલા શ્રીઉદયસાગરસૂરિજીના શિષ્ય ઉપા-ધ્યાય શ્રીજ્ઞાનસાગરજીએ વિક્રમ સંવત ૧૮૨૮ માં સુરતનામના નગ-રમાં સંસ્કૃત ભાષામાં રચેલો છે.

ત્યારપછીનો આ પટ્ટાવલીનો અનુસંધાન રૂપ છઠ્ઠો વિભાગ આ ગચ્છમાં હાલ વિચરતા સંવેગી ત્યાગી ક્રિયોદ્ધારક મુનિમંડલાગ્રેસર-મુનિમહારાજ શ્રીગૌતમસાગરજી મહારાજના શિષ્ય શ્રીનિતિસાગરજી મુનિમહારાજના શિષ્ય મુનિધર્મસાગરજી કે જે હાલમાં વિચરે છે, અને આ પ્રસ્તાવના કરી તેણે સંવત ૧૯૮૪ માં ગુજરાતી ભાષામાં રચેલો છે.

એ રીતે છ વિભાગોમાં આ શ્રીઅંચલગચ્છની મ્હોટી પટ્ટાવલી સંપૂર્ણ થયેલી છે.

આ પટ્ટાવલીના પ્રથમના ચાર વિભાગો કે જે પૂર્વાચાર્યોએ પ્રાકૃત તથા સંસ્કૃત ભાષામાં રચેલા છે, અને પાંચમો વિભાગ શ્રીઉ-દયસાગરસૂરિજીના શિષ્ય ઉપાધ્યાય જ્ઞાનસાગરજીએ સંસ્કૃત ભાષામાં રચેલો છે. તેઓનું આ ગુજરાતી ભાષાંતર જામનગરનિવાસી પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજ પાસે કરાવેલું છે.

આ આખો ગ્રંથ ઐતિહાસિક હકીકતોથી ભરપૂર છે. તે હકીકતોની નોંધ અનુક્રમે વિક્રમ સંવતની સાલો આપવાપૂર્વક આપેલી હોવાથી ઇતિહાસપર વિશેષ અજવાળું પાડનારી છે, જેનો વાચક વર્ગ સંપૂર્ણ લાભ લેશે, એવી શુભ આશા છે.

જામનગર

સં. ૧૯૮૫ ના
કારતક સુદ ૧૩
શનિવાર

લી.

મુનિ શ્રી ધર્મસાગરજી.

# અનુક્રમણિકા.


| નં. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | શ્રી હિમવંત આચાર્યની રચેલી સ્થવિરાવલી ... | ૧–૧૬ |
| ૨ | શ્રી મેરૂતુંગસૂરિએ રચેલી પટ્ટાવલીનો પ્રારંભ ... | ૧૬–૨૨૨ |
| ૧ | શ્રી આર્યસુધર્માસ્વામીનો વૃત્તાંત... ... | ૧૭ |
| ૨ | " " જંબૂસ્વામીનો " ... ... | ૧૭–૩૨ |
| ૩ | " પ્રભવસ્વામીનો " ... ... | ૩૨ |
| ૪ | " શય્યંભવ સ્વામીનો " ... ... | ૩૨ ૩૪ |
| ૫ | " યશોભદ્રસૂરિનો " ... ... | ૩૪ |
| ૬ | " સંભૂતિવિજયજીનો " ... ... | ૩૪–૩૫ |
| ૭ | " ભદ્રબાહુ સ્વામીનો " ... ... | ૩૫–૩૭ |
| ૮ | " સ્થૂલભદ્ર સ્વામીનો " ... ... | ૩૭–૪૧ |
| ૯ | " આર્યમહાગિરિજીનો " ... ... | ૪૧–૪૨ |
| ૧૦ | " આર્યસુહસ્તિજીનો " ... ... | ૪૨–૪૬ |
| ૧૧ | " " સુસ્થિત આચાર્ય તથા આર્ય સુપ્રતિબુદ્ધ આચાર્યનો વૃત્તાંત ... ... | ૪૬–૪૭ |
| ૧૨ | શ્રી ઇંદ્રદિન્નસૂરિનો " ... ... | ૪૭ |
| ૧૩ | " આર્યદિન્નસૂરિનો " ... ... | ૪૭ |
| ૧૪ | " સિંહગિરિસૂરિનો " ... ... | ૪૭ |
| ૧૫ | " વજ્રસ્વામીસૂરિનો " ... ... | ૪૭–૫૮ |
| ૧૬ | " વજ્રસેનસૂરિનો " ... ... | ૫૮–૬૦ |
| ૧૭ | " ચંદ્રસૂરિનો " ... ... | ૬૦ |
| ૧૮ | " સમંતભદ્રસૂરિનો " ... ... | ૬૦ |
| ૧૯ | " વૃદ્ધદેવસૂરિનો " ... ... | ૬૦ |
| ૨૦ | " પ્રદ્યોતનસૂરિનો " ... ... | ૬૧ |
| ૨૧ | " માનદેવસૂરિનો " ... ... | ૬૧–૬૩ |
| ૨૨ | " માનતુંગસૂરિનો " ... ... | ૬૩–૬૫ |
| ૨૩ | " વીરસૂરિનો " ... ... | ૬૫ |
| ૨૪ | " જયદેવસૂરિનો " ... ... | ૬૫ |
| ૨૫ | " દેવાનંદસૂરિનો " ... ... | ૬૫ |
| ૨૬ | " વિક્રમસૂરિનો " ... ... | ૬૫ |
| ૨૭ | " નરસિંહસૂરિનો " ... ... | ૬૬ |

| નં. | વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૨૮ | શ્રી સમુદ્રસૂરિનો | વૃત્તાંત ... | ... ૬૬ |
| ૨૯ | ,, માનદેવસૂરિનો | ,, ... | ... ૬૬-૬૯ |
| ૩૦ | ,, વિબુધપ્રભસૂરિનો | ,, ... | ... ૬૯ |
| ૩૧ | ,, જયાનંદસૂરિનો | ,, ... | ... ૬૯ |
| ૩૨ | ,, રવિપ્રભસૂરિનો | ,, ... | ... ૬૯ |
| ૩૩ | ,, યશોદેવ (યશોભદ્ર) સૂરિનો | ,, ... | ... ૭૦ |
| ૩૪ | ,, વિમલચંદ્રસૂરિનો | ,, ... | ... ૭૦ |
| ૩૫ | ,, ઉદ્યોતનસૂરિનો તથા તેમના ચોર્યાસી શિષ્યોના નામો તથા ચોર્યાસી ગચ્છના નામોનો વૃત્તાંત | | ...૭૦-૭૪ |
| ૩૬ | શ્રી સર્વદેવસૂરીનો તથા વિજયંત રાજાનો જૈની થવાનો | વૃત્તાંત... | ... ૭૪-૭૬ |
| ૩૭ | શ્રી પદ્મદેવસૂરિનો | ,, ... | ... ૭૬ |
| ૩૮ | ,, ઉદયપ્રભસૂરિનો | ,, | ... ૭૬-૧૧૮ |
| | ભાણરાજાનો અને કુલગુરૂઓ માટે મર્યાદા તથા ભિન્નમાલના ભાણરાજાના ઓશવાલની કન્યા સાથેનો લગ્નનો વૃત્તાંત... | ... | ... ૭૬-૮૧ |
| | શ્રીમાલી જૈનધર્મી શ્રાવકોની ઉત્પત્તિ અને બાસઠ ગોત્રોના નામોના વૃત્તાંત... | | ... ૮૧-૮૨ |
| | પોરવાડ જૈન શ્રાવકોની ઉત્પત્તિ અને આઠ ગોત્રોના નામોનો વૃત્તાંત... | ... | ... ૮૩ |
| | ભિન્નમાલનગરની ચડતી પડતીનો | વૃત્તાંત | ... ૮૩-૮૪ |
| | ૧ શ્રીમાલી ગૌતમગોત્રનો | ,, | ... ૮૪-૮૭ |
| | ૨ ,, હરિયાણગોત્રનો | ,, | ... ૮૭-૮૯ |
| | ૩ ,, કાત્યાયનગોત્રનો | ,, | ... ૮૯-૯૧ |
| | ૪ ,, ભારદ્વાયણગોત્રનો | ,, | ... ૯૧-૯૨ |
| | ૫ ,, આગ્નેય અને જાજાગોત્રનો | ,, | ... ૯૨-૯૩ |
| | ૬ ,, કાશ્યપ ગોત્રનો | ,, | ... ૯૪-૯૫ |
| | ૭ ,, વારસ ગોત્રનો | ,, | ... ૯૫-૯૬ |
| | ૮ ,, વંસીયાણ ગોત્રનો | ,, | ... ૯૬-૯૮ |
| | ૯ ,, ખોડાયણ ગોત્રનો | ,, | ... ૯૮-૧૦૦ |
| | ૧૧ ,, લોઢાયણ ગોત્રનો | ,, | ...૧૦૦ |
| | ૧૨ ,, પારસ ગોત્રનો | ,, | ...૧૦૧-૧૦૨ |
| | ૧૩ ,, ચંડીસર ગોત્રનો | ,, | ...૧૦૨-૧૦૩ |

| નં. | | વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|---|---|
| ૧૪ | | શ્રીમાલી હેહિલ ગોત્રનો | વૃત્તાંત | ...૧૦૪ |
| ૧૫ | | ” મહાલક્ષ્મી ગોત્રનો | ” | ...૧૦૪-૧૦૫ |
| ૧૬ | | ” લાછિલ ગોત્રનો | ” | ...૧૦૫-૧૦૬ |
| ૧૭ | | ” કાત્યાયન ગોત્રનો | ” | ...૧૦૬-૧૦૭ |
| ૧૮ | | ” પારાયણ ગોત્રનો | ” | ...૧૦૭-૧૦૯ |
| ૧૯ | | ” વીજલ ગોત્રનો | ” | ...૧૦૯-૧૧૦ |
| | ૧ | પારાયણ (પાપચ) ગોત્ર પોરવાડનો વૃ૦ | | ...૧૧૦-૧૧૩ |
| | ૨ | પુષ્પાયન ગોત્ર પોરવાડનો | વૃત્તાંત | ...૧૧૩-૧૧૪ |
| | ૩ | કારિસ ગોત્ર પોરવાડનો | ” | ...૧૧૪ |
| | ૪ | કાશ્યપ ગોત્ર પોરવાડનો | ” | ...૧૧૫-૧૧૭ |
| ૩૯ | | શ્રી પ્રભાનંદસૂરિનો | ” | ...૧૧૮ |
| ૪૦ | | ” ધર્મચંદ્રસૂરિનો | ” | ” |
| ૪૧ | | ” સુવિનયચંદ્રસૂરિનો | ” | ” |
| ૪૨ | | ” ગુણસમુદ્રસૂરિનો | ” | ” |
| ૪૩ | | ” વિજયપ્રભસૂરિનો | ” | ” |
| ૪૪ | | ” નરચંદ્રસૂરિનો | ” | ” |
| ૪૫ | | ” વીરચંદ્રસૂરિનો | ” | ...૧૧૯-૧૨૦ |
| ૪૬ | | ” જયસંઘસૂરિનો | ” | ...૧૨૦ |
| ૪૭ | | ” આર્યરક્ષિતસૂરિનો | ” | ...૧૨૦-૧૪૭ |
| | ૧ | મીઠડીઆ ગોત્ર ઓશવાલ ગોઠી વહોરા ઓડકનો | ” | ...૧૩૭-૧૩૯ |
| | ૨ | ગાંધી (સહસગુણા) ઓશવાલનો | ” | ...૧૪૪-૧૪૭ |
| ૪૮ | | શ્રી જયસિંહસૂરિનો | ” | ...૧૪૭-૧૮૫ |
| | ૧ | હથુડીઆ ગોત્ર ઓશવાલનો | ” | ...૧૫૪-૧૫૫ |
| | ૨ | પીડાછા ગોત્ર ઓશવાલનો તિલાણી, સુમણીઆ ઓડકનો | ” | ...૧૬૦-૧૬૨ |
| | ૩ | નાગડા ગોત્ર ઓશવાલનો | ” | ...૧૬૨-૧૬૭ |
| | ૪ | લાલણ ગોત્ર ઓશવાલનો | ” | ...૧૬૭-૧૭૩ |
| | ૬ | દેઢીઆ ગોત્ર ઓશવાલનો | ” | ...૧૭૬-૧૭૮ |
| | ૭ | ગાલ્હા ગોત્ર ઓશવાલનો | ” | ...૧૭૮-૧૮૨ |
| | ૮ | કટારીઆ ગોત્ર ઓશવાલનો | ” | ...૧૮૨-૧૮૩ |
| | ૯ | પોલડીઆ ગોત્ર ઓશવાલનો | ” | ...૧૮૩ |
| | ૧૦ | નીસર ગોત્ર ઓશવાલનો | ” | ...૧૮૪ |

| નં. | | વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|---|---|
| | ૧૧ | છાજેડ ગોત્ર ઓશવાલનો | વૃત્તાંત | ...૧૮૪ |
| | ૧૨ | રાઠોડ ગોત્ર ઓશવાલનો | ,, | ...૧૮૫ |
| ૪૯ | | શ્રી ધર્મઘોષસૂરિનો | ,, | ...૧૮૫-૧૯૫ |
| | ૧ | બોહ:સખા ગોત્ર ઓશવાલનો | ,, | ...૧૮૭ |
| | ૨ | દેવાણંદસખા ગોત્ર ઓશવાલનો ગોઠી, ગોશલાણી, ગોશલીયા, ચોથાણી, વીશલાણી, હીરાણી વિગેરેનો | વૃત્તાંત | ...૧૮૮-૧૯૦ |
| | ૩ | ડાડીઆલેચા ગોત્ર ઓશવાલનો | ,, | ...૧૯૧ |
| | ૪ | હરીઆ ગોત્ર ઓશવાલનો સહસગણાવિગેરે ઘણી ઓડકોનો | ,, | ...૧૯૧-૧૯૪ |
| ૫૦ | | શ્રી મહેંદ્રસિંહસૂરિનો | ,, | ...૧૯૫-૨૧૩ |
| | ૧ | કાંટીઆ ગોત્ર ઓશવાલનો લીંબડીઆ, શોની, ઝવેરી વિગેરેનો | ,, | ...૨૦૩-૨૦૪ |
| | ૨ | વડોરાગોત્ર ઓશવાલ ગાંધી, દોશી, પીપલીઆ,છકલસીયા,પારેખ,વિગેરેનોવૃ | | ૨૦-૪૨૦૯ |
| | ૩ | વાહણી ગોત્રનો | વૃત્તાંત | ...૨૦૯-૨૧૦ |
| | ૪ | બોરીચા ગોત્રનો | ,, | ...૨૧૦ |
| | ૫ | જાસલ ગોત્ર ઓશવાલનો | ,, | ...૨૧૦-૨૧૧ |
| | ૬ | મહાજની ગોત્ર નાત્રેચા, પારકરા,જેસલમેરા વિગેરે ઓડકોનો | " | ...૨૧૨ |
| | ૭ | અંચલગચ્છની વલ્લભી શાખાના પંદર આચાર્યોના નામો | ,, | ...૨૧૩ |
| ૫૧ | | શ્રી સિંહપ્રભસૂરિનો | ,, | ...૨૧૪ |
| ૫૨ | | ,, અજિતસિંહસૂરિનો | ,, | ...૨૧૫-૨૧૭ |
| ૫૩ | | ,, દેવેંદ્રસિંહસૂરિનો | ,, | ...૨૧૭-૨૧૮ |
| ૫૪ | | ,, ધર્મપ્રભસૂરિનો | ,, | ...૨૧૮-૨૧૯ |
| ૫૫ | | ,, સિંહતિલકસૂરિનો | ,, | ...૨૧૯-૨૨૦ |
| ૫૬ | | ,, મહેંદ્રપ્રભસૂરિનો | ,, | ...૨૨૦-૨૨૨ |
| ૩ | | શ્રી ધર્મમૂર્તિસૂરિજીએ રચેલી પટ્ટાવલીનો પ્રારંભ | | ...૨૨૨-૨૪૬ |
| ૫૭ | | શ્રી મેરૂતુંગસૂરિનો | વૃત્તાંત | ...૨૨૩-૨૨૯ |
| ૫૮ | | ,, જયકીર્તીસૂરિનો | ,, | ...૨૨૯-૨૩૨ |
| | ૧ | વિષાપહાર ગોત્રનો | ,, | ...૨૩૦ |
| ૫૯ | | શ્રી જયકેસરિસૂરિનો | ,, | ...૨૩૩-૨૩૬ |

| નં. | વિષય. | | પૃષ્ટ. |
|---|---|---|---|
| | ૧ સ્યાલ ગોત્ર ઓશવાલનો સાચલેચા, વહોરા,સ્યાલ,સચીયા,સાંડ ઓડકોનો વૃ૦ | | ..૨૩૩–૨૩૪ |
| ૬૯ | શ્રી સિદ્ધાંતસાગરસૂરિનો | વૃત્તાંત | ...૨૩૯–૨૪૧ |
| ૬૧ | ” ભાવસાગરસૂરિનો | ” | ...૨૪૧–૨૪૪ |
| ૬૨ | ” ગુણનિધાનસૂરિનો | ” | ...૨૪૪–૨૪૬ |
| ૪ | શ્રી અમરસાગરસૂરિજીએ રચેલીપટ્ટાવલીનો પ્રારંભ | | ...૨૪૬–૩૬૧ |
| ૬૩ | શ્રી ધર્મમૂર્તિસૂરિનો | વૃત્તાંત | ...૨૪૬–૨૬૯ |
| ૬૪ | ” કલ્યાણસાગરસૂરિનો | ” | ...૨૬૯–૩૬૧ |
| ૫ | શ્રીજ્ઞાનસાગરઉપાધ્યાયજીએ રચેલી પટ્ટાવલીનો પ્રારંભ | | .૩૬૧–૩૬૨ |
| ૬૫ | શ્રી અમરસાગરસૂરિનો | વૃત્તાંત | ...૩૬૧–૩૭૩ |
| ૬૬ | ” વિદ્યાસાગરસૂરિનો | ” | ...૩૬૩–૩૬૫ |
| ૬૭ | ” ઉદયસાગરસૂરિનો | ” | ...૩૬૫–૩૭૨ |
| ૬ | શ્રી ધર્મસાગર મુનિજીએ રચેલીપટ્ટાવલીનો પ્રારંભ | | ...૩૭૩–૪૭૪ |
| ૬૮ | શ્રી કીર્તિસાગરસૂરિનો | વૃત્તાંત | ...૩૭૩ |
| ૬૯ | ” પુણ્યસાગરસૂરિનો | ” | .. ૩૭૩–૩૭૪ |
| ૭૦ | ” રાજેંદ્રસાગરસૂરિનો | ” | ...૩૭૪ |
| ૭૧ | ” મુક્તિસાગરસૂરિનો | ” | ...૩૭૪–૩૭૯ |
| ૭૨ | ” રત્નસાગરસૂરિનો | ” | ...૩૮૦–૩૮૯ |
| ૭૩ | ” વિવેકસાગરસૂરિનો | ” | ...૩૮૯ |
| ૭૪ | ” જિનેંદ્રસાગરસૂરિનો | ” | ...૩૮૯ |
| ૬૫ | શ્રી રત્નસાગરમહોપાધ્યાયજીનો | વૃત્તાંત | ...૩૯૦–૩૯૩ |
| ૬૬ | ” મેઘસાગરઉપાધ્યાયજીનો | ” | ...૩૯૪–૩૯૫ |
| ૬૭ | ” વૃદ્ધિસાગરઉપાધ્યાયજીનો | ” | ...૩૯૫ |
| ૬૮ | ” હીરસાગરઉપાધ્યાયજીનો | ” | ...૩૯૬–૩૯૮ |
| ૬૯ | શ્રી સહજસાગરજી ગણી | વૃત્તાંત | ...૩૯૮ |
| ૭૦ | ” માનસાગરજી ગણી | | |
| ૭૧ | ” રંગસાગરજી ગણી | | |
| ૭૨ | ” ફતેસાગરજી ગણી | | |
| ૭૩ | ” દેવસાગરજી મુનિ | | |
| ૭૪ | ” સ્વરૂપસાગરજી મુનિ | | |
| ૭૫ | ” ગૌતમસાગરજી મુનિમહારાજનો | ” | ...૩૯૮–૪૭૪ |
| ૭૬ | ” નિતિસાગરજી મુનિનો | ” | ...૪૭૪ |
| ૭૭ | ” ધર્મસાગરજી મુનિનો | ” | ...૪૭૪ |

॥ શ્રીજિનાય નમઃ ॥

। અંચલગચ્છસ્થાપક શ્રીઆર્યરક્ષિતસૂરિભ્યો નમઃ ।

## અથ

# શ્રીઅંચલગચ્છની મ્હોટી પટ્ટાવલિ

## પ્રારંભઃ

અહીં પ્રથમ શ્રી હિમવંત આચાર્યની રચેલી સ્થવિરાવલિ કહે છે—

નમિઊણ વદ્ધમાણં । તિત્થયરં તં પરં પયં પત્તં ॥
ઇંદભૂઇં ગણનાહં । કહેમિ થેરાવલીં કમસો ॥ ૧ ॥

અર્થ—પરમપદને પામેલા એવા તે શ્રીવર્દ્ધમાનપ્રભુ નામના તીર્થંકર મહારાજને નમસ્કાર કરીને, તથા શ્રીગૌતમસ્વામી નામના ગણધર મહારાજને નમસ્કાર કરીને અનુક્રમે સ્થવિરાવલિ કહું છું. ૧.

સોહમ્મં મુણિનાહં । પઢમં વંદે સુભત્તિસંજુત્તો ॥
જસ્સેસો પરિવારો । કપ્પરૂક્ખુવ્વ વિત્થરિઓ ॥ ૨ ॥

વળી જેમનો આ મુનિપરિવાર કલ્પવૃક્ષનીપેઠે વિસ્તાર પામ્યો છે, એવા તથા મુનિઓના સ્વામી એવા શ્રીસુધર્માસ્વામીને ઉત્તમ ભક્તિ સહિત હું પ્રથમ વંદન કરૂં છું. ૨.

તપ્પયલંકરણં તં । જંબૂણામં મહામુણિં વંદે ॥
ચરમં કેવલિણં ખુ । જિણમયગયણંગણે મિત્તં ॥૩॥

તે શ્રીસુધર્માસ્વામિની પાટને શોભાવનારા, તથા જૈનશાસનરૂપી ગગનાંગણમાં સૂર્યસરખા અને ખરેખર છેલ્લા કેવલી એવા શ્રીજંબૂસ્વામી નામના મહામુનિને હું વંદન કરૂં છું. ૩.

પભવં મુણિગણપવરં । સુરવરગણવંદિયં નમંસામિ ॥
જસ્સ કિત્તિવિત્થારો । અજ્જવિ ભમઇ તિહુયણે સયલે ॥૪॥

મુનિઓના સમૂહમાં શ્રેષ્ઠ, તથા ઉત્તમ દેવોના સમૂહથી વંદાયેલા, અને જેમની કીર્તિનો વિસ્તાર આજે પણ સમસ્ત ત્રિભુવનમાં શોભી રહેલો છે, એવા શ્રીપ્રભવસ્વામિને હું નમસ્કાર કરૂં છું ॥ ૪ ॥

સિજ્જંભવં મુણિંદં । તપ્પયગયણે પભાયરં વંદે ॥
મણગટ્ઠં પવિરઇયં । સૂયં દસવેઆલિયં જેણ ॥ ૫ ॥

તે શ્રીપ્રભવસ્વામિની પાટરૂપી આકાશમાં સૂર્યસરખા, તથા જેમણે મનકમુનિમાટે દશવૈકાલિકસૂત્ર રચેલું છે. એવા શ્રીશય્યંભવ નામના મુનિરાજને હું વંદન કરૂં છું. ૫.

જસભદ્દો મુણિપવરો । તપ્પયસોહંકરો પરો જાઓ ॥
અટ્ઠમણંદો મગહે । રજ્જં કુણઇ તયા અઇલોહી ॥ ૬ ॥

તે શ્રીશય્યંભવમુનિની પાટને શોભાવનારા, અને મુનિઓમાં શ્રેષ્ઠ એવા શ્રીયશોભદ્રસૂરિ થયા, તે વખતે મગધદેશમાં અત્યંત લોભી એવો આઠમો નંદરાજા રાજ્ય કરતો હતો. ॥ ૬ ॥

વંદે સંભૂઇવિજયં । ભદ્દબાહું તહા મુણિં પવરં ॥
ચઉદ્દસપુવ્વીણં ખુ । ચરમં કયસુત્તનિજ્જુત્તિં ॥ ૭ ॥

વળી સંભૂતિવિજયમહારાજને, તથા ખરેખર છેલ્લા ચૌદપૂર્વ-ધારી, અને કરેલ છે સૂત્રોની નિર્યુક્તિ જેમણે એવા ભદ્રબાહુસ્વામી નામના ઉત્તમ મુનિવરને હું વંદન કરૂં છું. ॥ ૭ ॥

થૂલભદ્દો મુણિંદો । પયંડમયણસિંધુરંકુસો જયઇ ॥
વિઉલ્લા જસ્સય કિત્તિ । તિલોયમજ્ઝે સુવિત્થરિયા ॥ ૮ ॥

કામદેવરૂપી ઉન્મત્ત હાથીને વશ કરવામાં અંકુશસરખા શ્રીસ્થૂલભદ્ર નામના મુનીંદ્ર જયવંતા વર્તે છે, કે જેમની મહાન્ કીર્ત્તિ ત્રણે લોકોમાં સારી રીતે વિસ્તાર પામેલી છે. ॥ ૮ ॥

અજ્જમહાગિરિથેરં । વંદે જિણકપ્પિણં મુણિ પઢમં ॥
અજ્જસુહત્થિં થેરં । થેરકપ્પિણં તહા નાહં ॥ ૯ ॥

જિનકલ્પિમુનિઓમાં પહેલા એવા આર્યમહાગિરિ સ્થવિરને હું વંદન કરૂં છું, તેમજ સ્થવિરકલ્પિઓના સ્વામી એવા શ્રીઆર્યસુહસ્તિ સ્થવિરને પણ હું વંદન કરૂં છું. ॥ ૯ ॥

સુટ્ઠિયસુપડિબુદ્ધે । અજ્જે દુન્નેવિ તે નમંસામિ ॥
ભિખ્ખુરાયકલિંગા–હિવેણ સમ્માણિએ જિટ્ઠે ॥ ૧૦ ॥

કલિંગાધિપતિ ભિક્ષુરાજે જેમનું સન્માન કરેલું છે, તથા મહાન્ એવા આર્યસુસ્થિત અને આર્યસુપ્રતિબદ્ધ નામના તે બન્ને સ્થવિરોને હું નમસ્કાર કરૂં છું ॥ ૧૦ ॥

જે રાત્રિએ શ્રીવર્દ્ધમાન તીર્થંકર મોક્ષે ગયા, તે રાત્રિએ સર્વથી મ્હોટા એવા શ્રીગૌતમસ્વામીજીને ઉત્તમ એવાં કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉત્પન્ન થયાં. પછી અગ્નિવેશ્યાયન ગોત્રવાળા સ્થવિર એવા શ્રીઆર્યસુધર્માસ્વામિને સાધુઓનો સમૂહ સોંપીને શ્રીગૌતમસ્વામિજી શ્રીમહાવીરપ્રભુના નિર્વાણથી બાર વર્ષો ગયાબાદ મોક્ષે ગયા. વળી શ્રીમહાવીરપ્રભુ પછી વીશ વર્ષો ગયાબાદ આર્યસુધર્માસ્વામી મોક્ષે ગયા. તેમની પાટે શ્રીઆર્યજંબૂસ્વામી નામના સ્થવિર થયા. શ્રીમહાવીરપ્રભુથી સીત્તેર વર્ષો ગયાબાદ, તથા મતાંતરે ચોસઠ વર્ષો ગયા બાદ આર્યજંબૂસ્વામી શ્રીપ્રભવસ્વામિને મુનિસમુદાય સોંપીને મોક્ષે ગયા. પછી શ્રીપ્રભવસ્વામી પણ શ્રીશય્યંભવાચાર્યજીને પોતાની પાટે સ્થાપીને શ્રીમહાવીરપ્રભુથી પીંચોતેર વર્ષો ગયાબાદ સ્વર્ગે ગયા. શ્રીશય્યંભવાચાર્ય પણ પોતાની પાટે શ્રીયશોભદ્રાચાર્યને સ્થાપીને શ્રીમહાવીરપ્રભુ પછી અઠ્ઠાણુ વર્ષો વીત્યાબાદ સ્વર્ગે ગયા. પછી શ્રીયશોભદ્રાચાર્ય પણ શ્રીમહાવીરપ્રભુ પછી એકસો અડતાલીશ વર્ષો ગયાબાદ સ્વર્ગે ગયા. તેમની પાટે બે સ્થવિર શિષ્યો થયા, તે આ પ્રમાણે–માઢરગોત્રવાળા આર્યસંભૂતિવિજય, અને પાઇણગોત્રવાળા સ્થવિર શ્રીઆર્યભદ્રબાહુસ્વામી. શ્રીસંભૂતિવિજયજી પણ શ્રીમહાવીરપ્રભુ પછી એકસો છપ્પન વર્ષો ગયાબાદ સ્વર્ગે ગયા. છેલ્લા ચૌદપૂર્વધારી સ્થવિર શ્રીઆર્યભદ્રબાહુસ્વામી પણ

શકડાલમંત્રિના પુત્ર આર્ય શ્રીસ્થૂલભદ્રજીને પોતાની પાટે સ્થાપીને શ્રીમહાવીરપ્રભુ પછી એકસો સીત્તેર વર્ષો ગયાબાદ જલરહિત એક પખવાડીયાના ઉપવાસ કરીને કલિંગદેશમાં આવેલા કુમારનામના પર્વતપર પ્રતિમા ધારણ કરીને સ્વાધ્યાય સ્વર્ગે ગયા. સ્થવિર એવા શ્રીઆર્યસ્થૂલભદ્રજીના બે સ્થવિર શિષ્યો થયા, એક સ્થવિર આર્ય-મહાગિરિ, અને બીજા સ્થવિર આર્યસુહસ્તી.

વુચ્છિન્ને જિણકપ્પે । કાહી જિણકપ્પતુલત્તમિહ ધીરો ॥
તં વંદે મુણિવસહં । મહાગિરિં પરમચરણધરં ॥ ૧ ॥

જિનકલ્પનો વિચ્છેદ થયાછતાં પણ ધૈર્યવાન્ એવા જેમણે અહીં જિનકલ્પની તુલના કરેલી છે, તથા જે મુનિઓમાં વૃષભનીપેઠે ધુરંધર છે, એવા ઉત્કૃષ્ટ ચારિત્રને ધારણ કરનારા તે શ્રીઆર્યમહાગિરિજીને હું વંદન કરૂં છું. ॥ ૧ ॥

જિણકપ્પિપરિકમ્મં । જો કાસી જસ્સ સંથવમકાસી ॥
કુમરગિરિમ્મિ સુહત્થી । તં અજ્જમહાગિરિં વંદે ॥ ૨ ॥

જેમણે જિનકલ્પીની ક્રિયા કરેલી છે, તથા કુમરગિરિપર આર્ય-સુહસ્તીજીએ જેમની સ્તુતિ કરેલી છે, એવા તે શ્રીઆર્યમહાગિરિ-જીને હું વંદન કરૂં છું. ॥ ૨ ॥

હવે તે કાલે અને તે સમયને વિષે શ્રમણ ભગવાન શ્રીમહાવીર સ્વામી જ્યારે વિચરતા હતા, ત્યારે રાજગૃહ નગરમાં જેનું બીજું નામ બિંબિસાર છે, એવો શ્રેણિક નામે રાજા પોતાની રાણી સહિત શ્રમણ ભગવાન શ્રીમહાવીરપ્રભુનો શ્રમણોની સેવા કરનારો ઉત્તમ શ્રાવક હતો. હવે પૂર્વે શ્રીપાર્શ્વનાથઆદિકના ચરણયુગલોથી પવિત્ર થયેલા, તથા અનેક સાધુસાધ્વીઓથી સેવાયેલા, અને કલિંગનામના દેશના આભૂષણ સરખા તથા તીર્થરૂપ એવા કુમર અને કુમારી નામના બન્ને પર્વતોપર તે શ્રેણિક નામના ઉત્તમ રાજાએ શ્રીઋષભ-સ્વામી નામના તીર્થંકર મહારાજનો અત્યંત મનોહર જિનપ્રાસાદ બનાવ્યો હતો. અને તે જિનપ્રાસાદમાં શ્રીઋષભદેવપ્રભુની સુવર્ણની મૂર્ત્તિ શ્રીસુધર્માસ્વામીએ પ્રતિષ્ઠિત કરી હતી વળી પણ તે કાળે

અને તે સમયે તેજ ઉત્તમ એવા શ્રેણિકરાજાએ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને ચતુર્માસમાં રહેવામાટે ઉપયોગી થાય એવી અનેક ગુફાઓ તે બન્ને પર્વતોમાં કોતરાવી હતી. અને તે ગુફાઓમાં રહેતા અનેક નિર્ગ્રંથ નિર્ગ્રંથીઓ ચતુર્માસમાં ધર્મજાગરણ કરતાથકા ધ્યાન તથા શાસ્ત્રાધ્યયનસહિત સુખે સુખે વિવિધ પ્રકારના તપકાર્યોમાં સ્થિર થયાથકા ચતુર્માસ કરે છે. તે શ્રેણિક રાજાનો પુત્ર અજાતશત્રુ કે જેનું બીજું નામ કોણિક હતું, તે પોતાના પિતાનો શત્રુરૂપ થયોથકો પિતાને પાંજરામાં પૂરીને, તથા ચંપાનામની નગરી વસાવીને ત્યાં રાજ કરે છે. તે કોણિક રાજા પણ પોતાના પિતાનીપેઠે જિનધર્મનું આરાધન કરતોથકો ઉત્કૃષ્ટ શ્રમણોપાસક હતો. તે કોણિક રાજાએ પણ તીર્થરૂપ અને કલિંગદેશમાં રહેલા તે કુમાર અને કુમારીનામના બન્ને પર્વતોપર પોતાના નામથી અંકિત કરેલી પાંચ ગુફાઓ કોતરાવી. પરંતુ પાછળથી અત્યંત લોભ અને અભિમાનથી યુક્ત થઇને પોતાના ચક્રવર્તિપણાનો અભિલાષ કરતોથકો કૃતમાલદેવે મારી નાખવાથી તે કોણિકરાજા નરકે ગયો.

શ્રીમહાવીરપ્રભુથી સીત્તેર વર્ષો ગયાબાદ શ્રીપાર્શ્વનાથપ્રભુની છઠ્ઠી પાટે સ્થવિર શ્રીરત્નપ્રભનામના આચાર્ય થયા. તેમણે ઉપકેશ નગરમાં એક લાખ એંસી હજાર ક્ષત્રિયપુત્રોને પ્રતિબોધ્યા, અને તેઓએ જૈનધર્મ સ્વીકારવાથી તેઓને તેમણે ઉપકેશ ( ઓશવાળ ) નામના વંશમાં સ્થાપ્યા. શ્રીમહાવીરપ્રભુ પછી એકત્રીશ વર્ષો વીત્યાબાદ કોણિકનો પુત્ર ઉદાઇરાજા પાટલીપુત્ર નગર વસાવીને તેમાં મગધદેશનું રાજ્ય પાલતોથકો રહેવા લાગ્યો.

તે કાલે અને તે સમયે તેના કોઇક દુશ્મને તેને જિનધર્મમાં દૃઢ શ્રાવક જાણીને નિર્ગ્રંથનો ( સાધુનો ) વેશ લેઈ ધર્મકથા સંભળાવવાના મિષથી એકાંતે તેના આવાસમાં જઇ તે ઉદાઇરાજાને મારી નાખ્યો. શ્રમણ ભગવાન્ શ્રીમહાવીરપ્રભુના નિર્વાણથી સાઠ વર્ષો ગયાબાદ પહેલા નંદ નામના નાપિતપુત્રને મંત્રિઓએ પાટલીપુત્ર નગરમાં રાજ્યપર બેસાડયો. તે રાજાના વંશમાં અનુક્રમે નંદ નામના નવ રાજાઓ થયા તેમાંનો આઠમો નંદરાજા અત્યંત લોભી હતો, અને મિથ્યાત્વથી અંધ થયેલા તે આઠમા નંદરાજા વિરોચન નામના

પોતાના બ્રાહ્મણમંત્રિની પ્રેરણાથી કલિંગદેશનો નાશ કરીને પૂર્વે ત્યાં તીર્થરૂપ એવા કુમારપર્વતઉપર શ્રેણિકરાજાએ કરાવેલા શ્રીઋષભદેવ પ્રભુના પ્રાસાદને ભાંગીને તેમાંથી સુવર્ણની શ્રીઋષભદેવપ્રભુની પ્રતિમાને લેઇને પોતાના પાટલીપુત્રનામના નગરમાં આવ્યો. ત્યારબાદ શ્રીમહાવીરપ્રભુથી એકસો ચોપન વર્ષો વીત્યાબાદ ચાણાક્યથી પ્રેરાયેલો મૌર્યપુત્ર ચંદ્રગુપ્ત નવમા નંદરાજાને પાટલીપુત્ર નગરમાંથી કહાડીને પોતે મગધદેશનો રાજા થયો. તે ચંદ્રગુપ્તરાજા પૂર્વે મિથ્યાત્વમાં આસક્ત હોવાથી બૌદ્ધધર્મ પાળતોથકો નિર્ગ્રંથશ્રમણોપર વિદ્વેષી હતો, પરંતુ પાછળથી ચાણિક્યના સમજાવવાથી તે ચંદ્રગુપ્તરાજા જૈનધર્મમાં દૃઢ શ્રદ્ધાવાળો થયો, તથા અત્યંત પરાક્રમવાળા તે ચંદ્રગુપ્તરાજાએ સિલીક્કસ નામના યવનાધિપનીસાથે મિલાઈ કરીને પોતે પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો, વળી તે ચંદ્રગુપ્ત રાજાએ પોતાના રાજ્યમાં પોતાનો મૌર્યસંવત્સર સ્થાપ્યો. શ્રીમહાવીરપ્રભુ પછી એકસો ચોર્યાસી વર્ષો ગયાબાદ તે ચંદ્રગુપ્ત રાજા પરલોકે ગયો. તે કાલે અને તે સમયે તે ચંદ્રગુપ્ત રાજાનો પુત્ર બિંદુસાર પાટલીપુત્ર નગરમાં રાજ્યાસનપર બેઠો, અને તે રાજા જૈનધર્મનો આરાધક પરમ શ્રાવક થયો. તે બિંદુસાર રાજા પચીશ વર્ષોસુધી રાજ્ય પાલીને શ્રીમહાવીરપ્રભુ પછી બસો નવ વર્ષો વીત્યાબાદ ધર્મધ્યાનમાં તત્પર થયોથકો સ્વર્ગે ગયો. એ રીતે શ્રીમહાવીરપ્રભુ પછી બસો નવ વર્ષો વીત્યાબાદ તે બિંદુસારનો પુત્ર અશોક પાટલીપુત્ર નગરમાં રાજ્યાસનપર બેઠો, તે અશોક રાજા પણ પૂર્વે જૈનધર્મનો અનુરાગી હતો, પરંતુ રાજ્ય મળ્યા પછી ચાર વર્ષો વીત્યાબાદ તે અશોકરાજા બૌદ્ધધર્મનો પક્ષ કરીને, તથા પોતાનું બીજું પ્રિયદર્શી નામ સ્થાપન કરીને બુદ્ધે પ્રરૂપેલા ધર્મનું આરાધન કરવામાં તત્પર થયો. તે અશોકરાજાએ પોતાના અત્યંત પરાક્રમથી પૃથ્વીમંડલને જીતિને કલિંગ, મહારાષ્ટ્ર તથા સૌરાષ્ટ્ર આદિક દેશો પોતાને સ્વાધીન કર્યા, અને ત્યાં બૌદ્ધધર્મનો વિસ્તાર કરીને તેણે બૌદ્ધધર્મને અનેક વિહારો સ્થાપન કર્યા. તથા છેક પશ્ચિમ પર્વતમાં અને વિંધ્યાચલ આદિકમાં બૌદ્ધઆદિક શ્રમણશ્રમણીઓને વર્ષાકાળમાં રહેવામાટે તેણે અનેક ગુફાઓ કોતરાવી. વળી ત્યાં તેણે નાનાપ્રકારના આસનોવાળી બુદ્ધની અનેક પ્રતિમાઓ સ્થાપી. ગિરનારપર્વત આદિક

ઘણી જગોએ તે અશોકરાજાએ પોતાના નામની અંકિત થયેલા આજ્ઞાલેખો સ્તુપ તથા ખડક આદિકપર કોતરાવ્યા. સિંહલદ્વીપ, ચીન તથા બ્રહ્મદેશઆદિક દ્વીપોમાં બૌદ્ધધર્મના વિસ્તારમાટે પાટલીપુત્ર નગરમાં બૌદ્ધશ્રમણોના સમૂહની સભા ભરીને, તથા તે સભાની સંમતિને અનુસારે તે અશોકરાજાએ અનેક બૌદ્ધશ્રમણોને ત્યાં મોકલ્યા. વળી તે અશોકરાજા જૈનધર્મી નિર્ગ્રંથ તથા નિર્ગ્રંથીઓનું પણ સન્માન કરતો હતો, તથા કોઇપણ વખતે તેઓપર તે દ્વેષ કરતો નહી. આ અશોકરાજાને અનેક પુત્રો હતા, તેઓમાંથી કુણાલનામનો પુત્ર રાજ્યમાટે લાયક હતો. પોતાના તે કુણાલનામના પુત્રને (ત્યાં પાટલીપુત્રમાં) તેની સાવકી માતાઓથી ખેદ પમાડાતો જાણીને અશોકરાજાએ તેને પોતાના મંત્રિઓસહિત ઉજ્જયિની નગરીમાં રાખ્યો, તે પણ તેની સાવકીમાતાના કાવત્રાંથી તે ત્યાં આંધળો થયો. તે વૃત્તાંત સાંભળીને ક્રોધાતુર થયેલા તે અશોકરાજાએ પોતાની તે રાણીને મારીને દૂષણવાળા બીજા પણ કેટલાક રાજકુમારોને મારી નાખ્યા. પછીથી તે કુણાલના સંપ્રતિનામના પુત્રને રાજ્યપર બેસાડીને તે અશોકરાજા શ્રીમહાવીરપ્રભુ પછી બસો ચમ્માલીસ વર્ષો વીત્યાબાદ પરલોકે ગયો. તે સંપ્રતિરાજા પણ પાટલીપુત્રમાં પોતાના અનેક શત્રુ તરફનો ભય જાણીને, તે રાજધાની તજીને પૂર્વે પોતાના પિતાને ગરાસતરીકે મળેલી ઉજ્જયિની નગરીમાં રહ્યોથકો સુખે સુખે રાજ્ય કરવા લાગ્યો. તે સંપ્રતિરાજાનો જીવ પોતાના પૂર્વભવમાં એક દરિદ્ર ભિક્ષાચર હતો, પરંતુ ભોજનમાટે આર્યસુહસ્તિજીની પાસે દીક્ષા લેઇને અવ્યક્ત સામાયિક સહિત એક દિવસનું શ્રમણપણું પાળીને કુણાલરાજાના પુત્રપણે ઉત્પન્ન થયો હતો. એવામાં સ્થવિર એવા શ્રીઆર્યસુહસ્તિઆચાર્ય વિહાર કરતાથકા નિર્ગ્રંથોના પરિવારસહિત ઉજ્જયિની નગરીમાં પધાર્યા. અને ત્યાં જિનપ્રતિમાની રથયાત્રા વખતે તે આચાર્યને પોતાના મહેલના ઝરુખામાં બેઠેલા તે સંપ્રતિરાજાએ ચાલતા દીઠા. તેજ વખતે થયેલ છે જાતિસ્મરણ જ્ઞાન જેને એવો તે સંપ્રતિરાજા તે શ્રીઆર્યસુહસ્તિઆચાર્યજીની પાસે આવ્યો, તથા તે આચાર્યમહારાજને વાંદીને હાથ જોડી પોતાના પૂર્વજન્મની કથા કહીને અત્યંત વિનયપૂર્વક તે કહેવા લાગ્યો કે, હે ભગવન્! આપના પસાયથી મને કંગાલ ભિક્ષાચરને પણ

આ રાજ્ય મળ્યું છે, હવે હું શું પુણ્યકાર્ય કરૂં ? એવીરીતનું તે સંપ્રતિરાજાનું વચન સાંભળીને શ્રુતજ્ઞાનના ઉપયોગવાળા એવા તે આચાર્યશ્રીજીએ કહ્યું કે, હે રાજન્ ! હવે તમો પ્રભાવના કરવાપૂર્વક વળી પણ જૈનધર્મનું આરાધન કરો ? કે જે આગામિકાળમાં તમોને સ્વર્ગ તથા મોક્ષફલ આપનારૂં થશે. તે સાંભળીને તે સંપ્રતિ રાજાએ તે ઉજ્જયિની નગરીમાં ઘણા સાધુસાધ્વીઓની સભા એકઠી કરી, તથા પોતાના રાજ્યમાં જિનધર્મની પ્રભાવનામાટે તથા તેનો વિસ્તાર કરવામાટે ઘણા ગામો અને નગરોમાં શ્રમણોને મોકલ્યા. વળી તે રાજાએ અનાર્યદેશોમાં પણ જિનધર્મનો વિસ્તાર કરાવ્યો, તથા અનેક જિનપ્રતિમાઓસહિત બંધાવેલાં જિનમંદિરોવડે તેમણે પૃથ્વીને શોભાયમાન કરી. પછી શ્રીમહાવીરપ્રભુ પછી બસો ત્રાણું વર્ષો વીત્યાબાદ જિનધર્મનું આરાધન કરવામાં તત્પર થયેલા તે શ્રી સંપ્રતિરાજા સ્વર્ગે ગયા. ત્યારપછી તે પાટલીપુત્ર નગરમાં અશોક રાજાનો પુત્ર પુણ્યરથ શ્રીમહાવીરપ્રભુ પછી બસો છેતાલીશ વર્ષો વીત્યાબાદ રાજા થયો, અને તે બૌદ્ધધર્મનો આરાધક હતો. તે પુણ્યરથ પણ શ્રીમહાવીરપ્રભુ પછી બસો એંસી વર્ષો વીત્યાબાદ પોતાના પુત્ર વૃદ્ધરથને રાજ્યપર બેસાડી પરલોકે ગયો. પછી બૌદ્ધધર્મ પાલનારા એવા તે વૃદ્ધરથરાજાને મારીને તેનો સેનાધિપતિ પુષ્યમિત્ર શ્રીમહાવીરપ્રભુ પછી ત્રણસો ચાર વર્ષો વીત્યાબાદ પાટલીપુત્રના રાજ્યપર બેઠો.

હવે વૈશાલીનગરીનો ચેટકનામે રાજા શ્રીમહાવીરતીર્થંકરનો ઉત્કૃષ્ટો શ્રમણોપાસક હતો. તે ચેટકરાજા ચંપાનગરીના અધિપતિ અને પોતાના ભાણેજ એવા કોણિકરાજાએ રણસંગ્રામમાં હરાવવાથી અનશન કરીને સ્વર્ગે ગયો. તે ચેટકરાજાનો શોભનરાયનામનો એક પુત્ર ત્યાંથી ( તે વૈશાલીનગરીમાંથી ) નાશીને પોતાના સસરા અને કલિંગદેશના અધિપતિ એવા સુલોચન નામના રાજાને શરણે ગયો. ત્યારે તે સુલોચન રાજા પણ પુત્રરહિત હોવાથી ( પોતાનાં જમાઇ ) એવા તે શોભનરાયને કલિંગદેશના રાજ્યપર સ્થાપીને પરલોકનો અતિથિ થયો. હવે તે કાલે અને તે સમયે શ્રીમહાવીરપ્રભુ પછી અઢાર વર્ષો વીત્યાબાદ તે શોભનરાયનામના રાજાનો તે કલિંગદેશમાં કનકપુરનામના નગરમાં રાજ્યાભિષેક થયો. તે શોભનરાયનામનો રાજા

પણ જૈનધર્મ પાલતો થકો તે કલિંગદેશમાં આવેલા અને તીર્થરૂપ એવા કુમરપર્વતપર યાત્રા કરીને ઉત્કૃષ્ટ શ્રાવક થયો. તે શોભનરાય નામના રાજાના વંશમાં પાંચમી પેઢીએ ચંડરાય નામનો રાજા થયો, કે જે શ્રીમહાવીરપ્રભુ પછી એકસો ઓગણપચાસ વર્ષો વીત્યાબાદ કલિંગદેશના રાજ્યપર બેઠો. તે સમયે પાટલીપુત્રનગરનો આઠમો નંદરાજા, કે જે મહામિથ્યાત્વી તથા અત્યંત લોભીષ્ટ હતો, તે કલિંગદેશને પાયમાલ કરીને પૂર્વે તીર્થરૂપ એવા કુમરગિરિપર શ્રેણિકરાજાએ કરાવેલા જિનમંદિરને તોડીને તેમાં રહેલી શ્રીઋષભદેવપ્રભુની સુવર્ણની પ્રતિમા ઉપાડી લેઇને પાટલીપુત્રનગરમાં આવ્યો. તેવારપછી તે કલિંગદેશમાં તે શોભનરાજના વંશમાં આઠમી પેઢીએ ક્ષેમરાજ નામનો રાજા શ્રીમહાવીરપ્રભુ પછી બસો સત્તાવીસ વર્ષો વીત્યાબાદ કલિંગદેશના રાજ્યપર બેઠો. તેવારપછી શ્રીમહાવીરપ્રભુ પછી બસો ઓગણચાલીસ વર્ષો વીત્યાબાદ મગધાધિપતિ અશોકરાજાએ કલિંગદેશપર ચડાઈ કરીને ત્યાંના ક્ષેમરાજ નામના રાજાને પોતાની આજ્ઞા મનાવી, અને ત્યાં તેણે પોતાનો ગુપ્ત સંવત્સર ચલાવ્યો. ત્યારબાદ શ્રીમહાવીરપ્રભુ પછી બસો પીંચોતેર વર્ષો વીત્યાબાદ તે ક્ષેમરાજનો પુત્ર વુદ્ધરાજ કલિંગદેશનો રાજા થયો, અને તે જૈનધર્મ આરાધનારો તથા અત્યંત શ્રદ્ધાલુ હતો. તે વુદ્ધરાજાએ પણ તે કુમરગિરિ અને કુમારીગિરિ નામના બન્ને પર્વતોપર શ્રમણનિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને વર્ષાવાસ કરવામાટે અગ્યાર ગુફાઓ કોતરાવી ત્યારપછી શ્રીમહાવીરપ્રભુના નિર્વાણબાદ ત્રણસો વર્ષો વીત્યાબાદ વુદ્ધરાયનો પુત્ર ભિખ્ખુરાય કલિંગદેશનો રાજા થયો. તે ભિખ્ખુરાયરાજાના ત્રણ નામો નીચે જણાવ્યા મુજબ કહેવાય છે. તે રાજા નિર્ગ્રંથ ભિક્ષુઓની ભક્તિ કરનારો હોવાથી તેનું એક "ભિખ્ખુરાય" એવું નામ હતું. વળી પોતાના પૂર્વજોથી ચાલ્યા આવતા મહામેઘ નામના હાથીનું તેનું વાહન હોવાથી તેનું "મહામેઘવાહન" એવું બીજું નામ હતું. વળી તેની રાજધાનીનું નગર સમુદ્રને કિનારે હોવાથી તેનું "ખારવેલાધિપતિ" એવું ત્રીજું નામ હતું. તે ભિક્ષુરાજ નામનો રાજા અત્યંત પરાક્રમી, તથા પોતાની હાથીઆદિકની સેનાથી પૃથ્વીમંડલને જીતનારો હતો, તે ભિખ્ખુરાયરાજાએ મગધદેશના પુષ્પમિત્ર નામના રાજાને હરાવીને પોતાની

આજ્ઞા મનાવી, અને પૂર્વે નંદરાજા શ્રીઋષભદેવપ્રભુની સુવર્ણની જે પ્રતિમાને ઉપાડી ગયો હતો, તે પ્રતિમાને પાટલીપુત્રનગરથી પાછી લાવીને તે રાજા પોતાની રાજધાનીમાં આવ્યો. ત્યારબાદ તે ભિખ્ખુરાય નામના રાજાએ તે કલિંગદેશમાં આવેલા કુમરગિરિ નામના તીર્થમાં પૂર્વે શ્રેણિકરાજાએ કરાવેલા જિનમંદિરનો પુનરુદ્ધાર કર્યો, અને તે જિનમંદિરમાં શ્રીઋષભદેવપ્રભુની સુવર્ણની પ્રતિમાની આર્યસુહસ્તિજી નામના સ્થવિર આચાર્યના શિષ્ય સુસ્થિત અને સુપ્રતિબદ્ધ નામના આચાર્યમહારાજને હાથે પ્રતિષ્ઠા કરાવી.

વળી પૂર્વે પડેલા બાર વર્ષોના દુષ્કાળ વખતે આર્યમહાગિરિજી તથા આર્યસુહસ્તિજી આચાર્યજીના અનેક શિષ્યો શુદ્ધ આહાર ન મળવાથી તે કુમરગિરિ નામના તીર્થમાં અનશન કરી શરીરનો ત્યાગ કરી સ્વર્ગે ગયા. તે વખતે તે દુષ્કાળના પ્રભાવે પૂર્વે શ્રીતીર્થંકરપ્રભુના ગણધરોએ પ્રરૂપેલા સિદ્ધાંતો પણ ઘણાખરા પ્રાયેં નષ્ટ થયાં હતાં, તે જાણીને તે ભિખ્ખુરાય નામના રાજાએ જૈનસિદ્ધાંતોનો સંગ્રહ કરવામાટે, તથા જૈનશાસનનો વિસ્તાર કરવામાટે સંપ્રતિરાજાની પેઠે શ્રમણનિર્ગ્રંથ તથા નિર્ગ્રંથીઓની એક સભા ત્યાં (કલિંગદેશમાં આવેલા) કુમારીપર્વત નામના તીર્થમાં એકઠી કરી. ત્યારે ત્યાં આર્યમહાગિરિજી મહારાજની પરંપરામાં રહેલા બલિસ્સહ, બોધિલિંગ, દેવાચાર્ય, ધર્મસેનાચાર્ય, તથા નક્ષત્રાચાર્ય આદિક, કે જેઓ જિનકલ્પિની તુલના કરતા હતા, એવા બસો જિનકલ્પી નિર્ગ્રંથો આવ્યા. તથા સ્થવિરકલ્પી એવા આર્યસુસ્થિત, આર્યસુપ્રતિબદ્ધ, ઉમાસ્વાતિ, તથા શ્યામાચાર્યઆદિક ત્રણસો નિર્ગ્રંથો ત્યાં તે સભામાં આવ્યા. આર્યાપોઇણીઆદિક ત્રણસો નિર્ગ્રંથી સાધ્વીઓ પણ ત્યાં એકઠી થઈ હતી. ભિખ્ખુરાય, સીવંદ, ચૂર્ણક તથા સેલકઆદિક સાતસો શ્રમણોપાસકો ( શ્રાવકો ) ત્યાં આવ્યા. ભિખ્ખુરાયરાજાની સ્ત્રી પૂર્ણમિત્રાઆદિક સાતસો શ્રાવિકાઓ પણ ત્યાં આવી.

પોતાની રાણીઓ, પુત્રો તથા પૌત્રોઆદિકના પરિવારથી શોભિતો થયેલો ભિખ્ખુરાય સર્વ નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓને નમસ્કાર કરીને એમ કહેવા લાગ્યો કે, હે મહાનુભાવો ! હવે તમો શ્રીવર્ધમાનતીર્થંકરમહારાજે પ્રરૂપેલા શ્રીજૈનધર્મની પ્રભાવના કરવામાટે, તથા તેનો વિસ્તાર કરવામાટે સર્વ પ્રકારના પરાક્રમથી ઉદ્યમ કરો ? તે ભિખ્ખુ-

રાયરાજાએ એમ કહેવાથી તે સઘળા નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓ (તેમ કરવામાટે) સમ્મત થયા. ત્યારબાદ કૃતાર્થ થયેલા અને નાનાપ્રકારની ભક્તિથી યુક્ત થયેલા એવા તે ભિખ્ખુરાયરાજાએ પૂજેલા, સત્કાર યુક્ત કરેલા અને સન્માનિત કરેલા એવા તે નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓ મગધ, મથુરા, તથા બંગાલઆદિક દેશોમાં શ્રીતીર્થંકરપ્રભુએ પ્રરૂપેલા જિનધર્મની પ્રભાવના કરવામાટે નિકળી પડ્યા. ત્યારબાદ તે ભિખ્ખુરાયરાજાએ તે કુમરગિરિ અને કુમારીગિરિ નામના બન્ને પર્વતોપર જિનપ્રતિમાઓથી શોભાયુક્ત થયેલી અનેક ગુફાઓ કોતરાવી. પછી ત્યાં જિનકલ્પિની તુલના કરનારા નિર્ગ્રંથો કુમારીપર્વતપરની ગુફાઓમાં વર્ષાકાળમાં વસતા હતા, અને કુમરપર્વતપર (રહેલી ગુફાઓમાં) સ્થવિરકલ્પી નિર્ગ્રંથો વર્ષાકાલમાં રહેતા હતા. એ રીતે તે ભિખ્ખુરાયરાજા તે સર્વ નિર્ગ્રંથોને વસવામાટે વિભાગ પાડી આપીને કૃતાર્થ થયોથકો હાથ જોડીને બલિસ્સહ, ઉમાસ્વાતિ, તથા શ્યામાચાર્યઆદિક સ્થવિરોને નમસ્કાર કરીને જિનાગમોમાં મુકુટસરખા એવા દૃષ્ટિવાદનો સંગ્રહ કરવામાટે વિનવવા લાગ્યો. એ રીતે ભિખ્ખુરાયરાજાએ પ્રેરેલા એવા તે સ્થવિર આચાર્યોએ બાકી અવશેષ રહેલા જિનસિદ્ધાંતરૂપ દૃષ્ટિવાદને તે નિર્ગ્રંથોના સમૂહપાસેથી થોડું થોડું એકઠું કરીને ભોજપત્ર, તાલપત્ર તથા વલ્કલ એટલે વૃક્ષોની છાલઆદિક ઉપર અક્ષરસન્નિપાતરૂપે લખાવીને, તથા એ રીતે તે ભિખ્ખુરાયરાજાનો મનોરથ સંપૂર્ણ કરીને તેઓ શ્રીઆર્યસુધર્માસ્વામિજીએ ઉપદેશેલી દ્વાદશાંગીના રક્ષક થયા. વળી તે શ્રમણ નિર્ગ્રંથ નિર્ગ્રંથીઓને તે જિનાગમોનો સુખેસુખે બોધ કરવામાટે સ્થવિર શ્રીશ્યામાચાર્યજીએ ત્યાં પન્નવણાસૂત્રની પ્રરૂપણા કરી, તેમજ સ્થવિર એવા શ્રીઉમાસ્વાતિજીએ ત્યાં નિર્યુક્તિસહિત તત્વાર્થસૂત્રની પ્રરૂપણા કરી. સ્થવિર એવા શ્રીઆર્યબલિસ્સહજીએ વિદ્યાપ્રવાદ નામના પૂર્વમાંથી અંગવિદ્યાઆદિક શાસ્ત્રોની પ્રરૂપણા કરી. એ રીતે શ્રીજિનશાસનની પ્રભાવના કરનારો એવો તે ભિખ્ખુરાયરાજા અનેક પ્રકારનાં ધર્મકાર્યો કરીને ઉત્તમ ધ્યાનયુક્ત રહ્યોથકો શ્રીમહાવીરપ્રભુ પછી ત્રણસો ત્રીસ વર્ષો વીત્યાબાદ સ્વર્ગે ગયો. ત્યારબાદ તે ભિખ્ખુરાયરાજાનો પુત્ર કલિંગદેશનો અધિપતિ વક્રરાયરાજા જિનશાસનની પ્રભાવના કરનારો

થયો, અને તે શ્રીમહાવીરપ્રભુ પછી ત્રણસો બાસઠ વર્ષો વીત્યાબાદ સુખેસમાધે પોતાનું રાજ્ય પાળીને ધર્મારાધનસહિત સ્વર્ગે ગયો. ત્યારબાદ તે વક્રરાયરાજાનો પુત્ર વિદુહરાય કલિંગદેશનું આધિપત્ય ભોગવીને જૈનધર્મમાંજ એકચિત્તવાળો થયોથકો તથા નિર્ગ્રંથોના સમૂહથી સ્તુત્તિ કરાયોથકો શ્રીમહાવીરપ્રભુના નિર્વાણ પછી ત્રણસો પંચાણું વર્ષો વીત્યાબાદ સ્વર્ગે ગયો.

હવે ઉજ્જયિની નગરીમાં થયેલા અને પુત્રરહિત એવા સંપ્રતિરાજાના સ્વર્ગે ગયાબાદ અશોકરાજાના તિષ્યગુપ્ત નામના પુત્રના બલમિત્ર અને ભાનુમિત્ર નામના બન્ને પુત્રો શ્રીમહાવીરપ્રભુના નિર્વાણપછી બસો ચોરાણું વર્ષો વીત્યાબાદ રાજ્યને પ્રાપ્ત થયા. જૈનધર્મનું આરાધન કરનારા તે બન્ને ભાઇઓ શ્રીમહાવીરપ્રભુના નિર્વાણપછી ત્રણસો ચોપન વર્ષો વીત્યાબાદ સ્વર્ગે ગયા. તેવારપછી બલમિત્રનો પુત્ર નભોવાહનરાજા ઉજ્જયિનીનગરીમાં રાજ્યગાદીએ બેઠો, અને તે પણ જૈનધર્મ પાળતોથકો શ્રીમહાવીરપ્રભુના નિર્વાણ પછી ત્રણસો ચોરાણું વર્ષો વીત્યાબાદ સ્વર્ગે ગયો. ત્યારપછી ગર્દભીવિદ્યાવાળો તેનો પુત્ર ગર્દભિલ્લરાજા ઉજ્જયિનીનગરીમાં રાજ્યગાદીપર બેઠો. હવે ધારાવાસનામના નગરમાં વૈરિસિંહનામના રાજાનો કાલિકનામનો કુમાર ગુણાકરનામના નિર્ગ્રંથમુનિનો ઉપદેશ સાંભળીને જૈનધર્મ પામ્યો, અને સંસારને છોડીને અણગાર થયો. તે કાલિકકુમારની સરસ્વતી નામની બહેન પણ સંસારનો ત્યાગ કરી નિર્ગ્રંથી થઇ. તેવારપછી નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓના સમૂહ સહિત વિહાર કરતા એવા તે બન્ને ભાઇ બહેનો ઉજ્જયિની નગરીના ઉદ્યાનમાં આવ્યા. એવામાં ત્યાં ઘોડા ખેલાવતો ગર્દભિલ્લ રાજા આવ્યો. તથા ત્યાં તે ગર્દભિલ્લરાજા તે સરસ્વતી સાધ્વીનું અત્યંત મનોહર રૂપ જોઇને કામાતુર થયોથકો તે સાધ્વીને બલાત્કારે ઉપાડી જઇને પોતાના અંતઃપુરમાં રાખીને તેણીનીસાથે ભોગવિલાસ ભોગવવા લાગ્યો. પછી તે કાલિકાચાર્યે તે ગર્દભિલ્લરાજાની ઘણી પ્રાર્થના કરી, તોપણ તે દુર્ભાગી રાજાએ તે સાધ્વીને મુક્ત કરી નહી. ત્યારે ક્રોધાતુર થયેલા તે કાલિકાચાર્ય ત્યાંથી વિહાર કરીને સિંધુદેશમાં આવ્યા. ત્યાં સામંતનામે શકરાજા રાજ્ય કરતો હતો, તે રાજાને તે કાલિકાચાર્ય સુવર્ણસિદ્ધિથી ખુશી કરીને હાથી, ઘોડા

આદિકની પ્રચંડ સેનાસહિત ઉજ્જયિની નગરી પાસે લાવ્યા. ત્યારે તે ગર્દભિલ્લરાજા પણ પોતાના સૈન્યસહિત (લડવામાટે) નગરની બહાર આવ્યો. પછી ત્યાં તે (બન્ને સૈન્યોનું) ભયંકર યુદ્ધ થયું, અને તેમાં તે ગર્દભિલ્લરાજા મરણ પામીને નરકે ગયો. પછી તે કાલિકાચાર્ય પણ પોતાની બહેન એવી તે સરસ્વતી સાધ્વીને આલોચના પૂર્વક ફરીને દીક્ષા આપીને ત્યાંથી વિહાર કરીને અનુક્રમે ભરૂચનગરમાં આવ્યા. ત્યારબાદ તે ગર્દભિલ્લરાજાનો વિક્રમાર્ક નામનો પુત્ર તે સામંતનામના શકરાજાને જીતીને શ્રીમહાવીરપ્રભુના નિર્વાણથી ચારસો દશ વર્ષો વીત્યાબાદ ઉજ્જયિની નગરીમાં રાજગાદીપર બેઠો. તે વિક્રમાર્કરાજા અત્યંત પરાક્રમવાળો, જિનધર્મને આરાધનારો, ફક્ત પરોપકારનીજ નિષ્ઠાવાળો એવો તે ઉજ્જયની નગરીમાં રાજ્ય કરતોથકો લોકોને અત્યંત પ્રિય થઇ પડયો.

એલાપત્ય ગોત્રવાળા શ્રીઆર્યમહાગિરિને તથા શ્રીઆર્યસુહસ્તિને હું વંદન કરૂં છું, અને ત્યારપછી કૌશિકગોત્રવાળા બહુલનામના આચાર્યને તથા તુલ્યવયવાળા બલિસ્સહ નામના આચાર્યજીને હું વંદન કરૂં છું. ॥ ૧ ॥ શ્રીઆર્યસુહસ્તિથી સુસ્થિતાચાર્ય તથા સુપ્રતિબદ્ધાચાર્યઆદિક સ્થવિરકલ્પિઓની સ્થવિરાવલી નિકળી છે, અને જિનકલ્પિની તુલના કરનારા એવા શ્રીઆર્યમહાગિરિજીના બહુલ અને બલિસ્સહ નામના બે મુખ્ય શિષ્યો થયા. હારિતગોત્રવાળા શ્રીસ્વાતિઆચાર્યજીને, તેમજ હારિતગોત્રવાળા શ્રીશ્યામાચાર્યજીને અમો વંદન કરીયે છીયે. વળી કૌશિકગોત્રવાળા તથા આર્યજીત એટલે આચારાંગઆદિક સૂત્રોને ધારણ કરનારા એવા શ્રીશાંડિલ્ય નામના આચાર્યજીને અમો વંદન કરીયે છીયે. ॥ ૨ ॥ ત્રણે દિશાઓ તરફના સમુદ્ર સુધી પ્રખ્યાત કીર્તિવાળા, દ્વીપસાગરપન્નત્તિને જાણનારા, અને નિશ્ચલ સમુદ્રની પેઠે ગંભીર હૃદયવાળા એવા શ્રીઆર્યસમુદ્રઆચાર્યને હું વંદન કરૂં છું. ॥ ૩ ॥ વળી કાલિકઆદિક સૂત્રને ભણનારા, તથા તેનો અર્થ કરનારા, અને તેનું ધ્યાન ધરનારા, મહાપ્રભાવિક, તથા જ્ઞાનદર્શનના ગુણોવાળા, તથા સિદ્ધાંતરૂપી મહાસાગરનો પાર પામનારા, અને ધૈર્યવંત એવા શ્રીઆર્યમંગુ નામના આચાર્યજીને હું વંદન કરૂં છું. ॥ ૪ ॥ જ્ઞાનને વિષે, દર્શનને વિષે, તપને વિષે અને વિનયને વિષે હમેશાં ઉદ્યમવંત થ-

રેલા, તથા પ્રસન્ન ચિત્તવાળા એવા શ્રીઆર્યનંદિલ નામના ક્ષમાશ્રમણને હું મસ્તકવડે વંદન કરૂં છું ॥ ૫ ॥ વળી વ્યાકરણ, ભાંગાઓવાળું શ્રુતજ્ઞાન, અને કર્મપ્રકૃતિના જ્ઞાનથી ઉત્તમ એવા શ્રીઆર્યનાગહસ્તિ નામના આચાર્યને હું વંદન કરૂં છું, કે જેમના વંશમાં વાચનાચાર્યનો વંશ વૃદ્ધિ પામો? ॥ ૬ ॥ ઉત્તમ એવી અંજનની ધાતુસરખી કાંતિવાળા, તથા પાકેલી દ્રાક્ષ અને શ્યામ કમલ સરખી પ્રભાવાળા એવા શ્રીરેવતીનક્ષત્ર નામના વાચનાચાર્યજીનો વાચકવંશ વૃદ્ધિ પામો? ॥ ૮ ॥ અચલપુરમાં સંસારનો ત્યાગ કરી દીક્ષા લેઈ નિકળેલા, તથા કાલિકશ્રુતના અનુયોગને ધારણ કરનારા, ધૈર્યવંત, તથા બ્રહ્મદ્વીપી શાખાવાળા, અને ઉત્તમ એવા વાચકપદને પ્રાપ્ત થયેલા એવા સિંહનામના વાચનાચાર્યજીને હું વંદન કરૂં છું. ॥ ૯ ॥ જેમનો આ અનુયોગ મથુરાનગરીથી માંડીને અર્દ્ધ ભરતક્ષેત્રમાં પ્રવર્તી રહેલો છે, તથા જેમનો યશ ઘણા નગરોમાં પ્રસિદ્ધિને પામેલો છે, એવા તે શ્રીસ્કંદિલાચાર્યજીને હું વંદન કરૂં છું. ॥ ૯ ॥

જિનકલ્પીની તુલના કરતા એવા શ્રીઆર્યમહાગિરિજીના બહુલનામના ઉત્તમ શિષ્ય જિનકલ્પિની તુલના કરતા હતા, અને બલિસ્સહે પાછળથી સ્થવિરકલ્પને સ્વીકાર્યો. બલિસ્સહના શિષ્ય શ્રીસ્વાત્યાચાર્ય - સિદ્ધાંતરૂપી મહાસાગરના પારંગામી હતા, તથા તેમણે તત્વાર્થનામનું શાસ્ત્ર રચ્યું. તેમના શિષ્ય શ્રીશ્યામાચાર્યજીએ પ્રજ્ઞાપના ( પન્નવણા ) સૂત્ર રચ્યું. તે શ્રીશ્યામાચાર્યજીના શિષ્ય શ્રીશાંડિલ્યનામના સ્થવિર આચાર્ય સિદ્ધાંતરૂપી મહાસાગરના પારંગામી થયા. તે શ્રીશાંડિલ્યાચાર્યજીના આર્યજીતધર અને આર્યસમુદ્ર નામના બે શિષ્યો થયા. પછી શ્રીઆર્યસમુદ્રાચાર્યના આર્યમંગુ નામના પ્રભાવિક આચાર્ય થયા. તે શ્રીઆર્યમંગુઆચાર્યના આર્યનંદિલનામના શિષ્ય થયા. તે શ્રીઆર્યનંદિલાચાર્યના આર્યનાગહસ્તિનામના શિષ્ય થયા. તે શ્રીઆર્યનાગહસ્તિજીના આર્યરેવતીનક્ષત્રનામના શિષ્ય થયા. વળી તે શ્રીઆર્યરેવતીનક્ષત્રાચાર્યના આર્યસિંહનામના શિષ્ય થયા, અને તે બ્રહ્મદ્વીપીશાખાવાળા પ્રસિદ્ધ થયા. તે શ્રીઆર્યસિંહનામના સ્થવિરાચાર્યના મધુમિત્ર અને આર્યસ્કંદિલનામના બે શિષ્યો થયા. વળી તે આર્યમધુમિત્રાચાર્યજીના

આર્યગંધહસ્તિનામના શિષ્ય અત્યંત વિદ્વાન્ અને પ્રભાવિક હતા. તે શ્રીઆર્યગંધહસ્તિજીએ પૂર્વે મહાસ્થવિર એવા શ્રીઉમાસ્વાતિવાચકજીએ રચેલા તત્વાર્થનામના શાસ્ત્રપર એંસીહજાર શ્લોકોના પ્રમાણવાળું મહાભાષ્ય રચ્યું, તથા શ્રીઆર્યસ્કંદિલ સ્થવિરાચાર્યજીના આગ્રહથી તે શ્રીઆર્યગંધહસ્તિજીએ અગ્યારે અંગોપર ટીકારૂપ વિવરણો રચ્યાં. તેમ કે તેમણે રચેલાં શ્રીઆચારાંગસૂત્રના વિવરણને અંતે લખ્યું છે કે—મધુમિત્રનામના સ્થવિરજીના શિષ્ય, તથા ત્રણ પૂર્વોના જ્ઞાનવાળા, અને મુનિઓના સમૂહથી વંદાયેલા, અને રાગઆદિક દોષોથી રહિત થયેલા, ॥ ૧ ॥ તથા બ્રહ્મદ્વીપિકશાખાના મુકુટસમાન એવા શ્રીગંધહસ્તિનામના વિદ્વાન્ આચાર્યજીએ શ્રીવિક્રમાર્ક પછી બસો વર્ષો વીત્યાબાદ આ વિવરણ રચ્યું છે. ॥ ૨ ॥

## ॥ આર્યસ્કંદિલાચાર્ય ॥

હવે શ્રીઆર્યસ્કંદિલાચાર્યજીનું વૃત્તાંત આવી રીતે છે—ઉત્તરમથુરામાં મેઘરથનામનો ઉત્કૃષ્ટો શ્રમણોપાસક અને જિનેશ્વરપ્રભુની આજ્ઞાનું પ્રતિપાલન કરનારો બ્રાહ્મણ હતો. તેને રૂપસેના નામની ઉત્તમ શીલને ધારણ કરનારી સ્ત્રી હતી. તેઓને ચંદ્રના સ્વપ્નથી સૂચિત થયેલો સોમરથનામે પુત્ર થયો. હવે એક વખતે બ્રહ્મદ્વીપીશાખાવાળા તે શ્રીસિંહાચાર્ય વિહાર કરતાથકા અનુક્રમે ઉત્તરમથુરાનગરીના ઉદ્યાનમાં પધાર્યા. તેમનો ધર્મોપદેશ સાંભળીને વૈરાગ્ય પ્રાપ્ત થવાથી તે સોમરથ બ્રાહ્મણે દીક્ષા લીધી. એવામાં અર્ધા ભરતખંડમાં અત્યંત ભયંકર બાર વર્ષોનો દુકાળ પડયો. તેથી જૈનધર્મને અનુસરનારા કેટલાક નિર્ગ્રંથો ભિક્ષા ન મલવાથી અનશન લેઇને વૈભારપર્વત તથા કુમારગિરિઆદિક તીર્થોમાં સંલેખનાપૂર્વક સ્વર્ગે ગયા. તે વખતે જિનશાસનના આધારભૂત, અને પૂર્વે સંગ્રહ કરેલાં અગ્યારે અંગો પ્રાયે કરીને નષ્ટ થયાં. પછી તે દુકાળને અંતે વિક્રમાર્ક સંવતના એકસો ત્રેપનમે વર્ષે સ્થવિર એવા શ્રીઆર્યસ્કંદિલાચાર્યજીએ ઉત્તરમથુરાનામની નગરીમાં જૈનનિર્ગ્રંથોની સભા એકઠી કરી. તે વખતે ત્યાં સ્થવિરકલ્પનું અનુસરણ કરનારા મધુમિત્રાચાર્ય તથા ગંધહસ્તિઆચાર્યઆદિક એકસો પચીસ જૈનનિર્ગ્રંથો એકઠા થયા. તે વખતે તે નિર્ગ્રંથોના બાકી રહેલા મુખપાઠોને મેલ-

वीने गंधहस्तिआचार्यआदिकनी सम्मतिपूर्वक श्रीआर्यस्कंदिलाचार्यजीए फरीने अग्यारे अंगो संकलित कर्या. वळी स्थविरोमां उत्तम एवा ते श्रीआर्यस्कंदिलाचार्यजीए प्रेरणा करवाथी श्रीगंधहस्तिजीए पूर्वे श्रीभद्रबाहुस्वामिजीए करेली निर्युक्तिओने अनुसारे ते अग्यारे अंगोनां विवरणो (टीका) रच्यां, अने त्यारथी ते सघळां सूत्रो माथुरीवाचनाना नामथी भरतखंडमां प्रसिद्ध थयां. वळी मथुरानिवासी अने श्रावकोमां उत्तम, अने ओशवाळवंशमां शिरोमणि एवा पोलाकनामना श्रावके गंधहस्तिजीए करेलां विवरणोसहित ते सघळां सूत्रो तालपत्रआदिकपर लखावीने स्वाध्याय करवामाटे निर्ग्रंथोने समर्पण कर्यां. ए रीते श्रीजैनशासननी प्रभावना करीने श्री आर्यस्कंदिल स्थविर विक्रमार्कना बसो बेमा वर्षमां मथुरानगरीमांज अनशन करीने स्वर्गे गया.

॥ ए रीते श्रीस्कंदिलाचार्यजीनो वृत्तांत संपूर्ण थयो. ॥

॥ ए रीते श्रीस्कंदिलाचार्यजीना शिष्य श्रीहिमवंतआचार्यजीए रचेली स्थविरावलि समाप्त थई. ॥

## ॥ हवे श्रीमेरुतुंगसूरिजीए रचेली पट्टावलिनो प्रारंभ थाय छे. ॥

नत्वा वीरजिनेंद्रं । गौतमगणधारिणं तथैवाहं ॥
आर्यरक्षितगुरूणां । चरणयुगं नौमि भक्तिभरः ॥ १ ॥

श्रीमहावीरप्रभुने, तेमज श्रीगौतमस्वामि नामना गणधर महाराजने नमस्कार करीने, भक्तिना समूहवाळो एवो हुं श्रीआर्यरक्षित गुरुमहाराजना बन्ने चरणोने नमस्कार करूं छुं ॥ १ ॥

पट्टावलिकां वक्ष्ये । विधिपक्षीयानगारपरिपूतां ॥
विविधोहंते रम्यां । प्रभावकाणां प्रभावनाप्रख्यां ॥ २ ॥

વિધિપક્ષગચ્છના એટલે અંચલગચ્છના મુનિઓથી પવિત્ર થ- યેલી, અને પ્રભાવકઆચાર્યોની પ્રભાવના સૂચવનારી, તથા નાના- પ્રકારના વૃત્તાંતવડે કરીને મનોહર એવી (શ્રીઅંચલગચ્છની) પટ્ટા- વલી હું કહીશ. ॥ ૨ ॥

શ્રીસુધર્મસ્વામિથી માંડીને સ્થવિર એવા શ્રીઆર્યસુહસ્તિ સુધિનો સ્થવિરકલ્પી મુનિઓની પાટોનો અનુક્રમ નીચે મુજબ છે.

## ॥ ૧ ॥ શ્રીઆર્યસુધર્મસ્વામી ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

મગધદેશમાં કોલ્લાગ નામના ગામમાં વેદો અને વેદાંગોનો પા- રંગામી ધર્મિલ નામનો બ્રાહ્મણ વસતો હતો. તેને ભદ્રિકપરિણામવાળી ભદ્દિલા નામની સ્ત્રી હતી. તેઓનો સુધર્માનામે પુત્ર વેદારૂપી મહા- સાગરના પારને પામ્યો હતો. પિતાએ પરણાવ્યા બાદ યજ્ઞ ક્રિયામાં તત્પર થયેલો તે અત્યંત ગર્વિષ્ટ હોવાછતાં પણ પોતાના મનનો સંશય દૂર કરવાથી ખુશી થઇને શ્રીમહાવીરપ્રભુ પાસે દીક્ષા લેઇ, તથા પ્રભુપાસેથી ત્રિપદી મેળવીને, અને ગણધરપદવી પ્રાપ્ત કરીને તેમણે દ્વાદશાંગીની રચના કરી. એ રીતે શ્રીઆર્યસુધર્માસ્વામીજીએ ત્રીસ વર્ષોસુધી પ્રભુની સેવા કરી. તથા પછી બાર વર્ષોસુધી તેમ- ણે શ્રીગૌતમસ્વામિની સેવા કરી. તથા જન્મથી માંડીને બાણુ વર્ષો વીત્યાબાદ તે શ્રીઆર્યસુધર્માસ્વામિને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. આઠ વર્ષોસુધી કેવલિપર્યાય પાલીને, અને પોતાનું એકસો વર્ષોનું આયુ સંપૂર્ણ કરીને શ્રીમહાવીરપ્રભુના નિર્વાણપછી વીસ વર્ષો વીત્યાબાદ તે શ્રીઆર્યસુધર્માસ્વામી જંબૂસ્વામિને પોતાની પાટ સોંપીને મોક્ષે ગયા. ॥ ૧ ॥

## ॥ ૨ ॥ શ્રીઆર્યજંબૂસ્વામી ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

મગધદેશમાં રાજગૃહ નામના નગરમાં ક્રોડોગમે દ્રવ્યના માલિક તથા જૈનધર્મપર અનુરાગ ધારણ કરનારા ઋષભદત્ત નામના એક ઉત્તમ શ્રાવક વસતા હતા. તેમને ધારિણીનામે ઉત્તમ શીલવાળી તથા ધર્મમાંજ એકમતિવાળી સ્ત્રી હતી. તેઓને જંબૂવૃક્ષના સ્વ- પ્નથી સૂચિત થયેલા જંબૂકુમારનામે મહાસૌભાગ્યવંત પુત્ર હતા.

જ્યારે તે જંબૂકુમાર શોળ વર્ષોની વયવાળા થયા, ત્યારે એક સમયે ત્યાં પધારેલા શ્રીસુધર્મસ્વામિગણધરમહારાજની ધર્મદેશના સાંભળીને પરમ વૈરાગ્યને પ્રાપ્ત થયા. તથા દીક્ષા લેવામાટે તેમણે પોતાના માતાપિતાજીનીપાસે પ્રાર્થના કરી. તે સાંભળી મોહને લીધે માતાપિતાએ તેમને કહ્યું કે, હે પુત્ર! એક વખત તમો તમોને વરેલી આઠ કન્યાઓસાથે તમારાં લગ્ન કરી અમારો મનોરથ સંપૂર્ણ કરો? પોતાના માતાપિતાનું માન રાખવામાટે વિનયિ એવા તે જંબૂકુમારે તેમ કરવાનું સ્વીકાર્યું, પરંતુ તે કન્યાઓના માતપિતાઓને તેમણે જણાવ્યું કે પરણીને તુરતજ હું દીક્ષા લેવાનો છું. તે સાંભળી તેઓ ચિંતાતુર થયા, પરંતુ તે કન્યાઓએ પોતાના તે માતપિતાઓને જણાવ્યું કે, અમારે તો તે જંબૂકુમારસાથેજ અમારાં લગ્ન કરવાં છે. તે આઠે કન્યાઓનાં સમુદ્રશ્રી, પદ્મશ્રી, પદ્મસેના, કનકસેના, નભઃસેના, કનકશ્રી, કમલવતી, અને જયશ્રી એવાં નામો હતાં. તે કન્યાઓસાથે માતાપિતાએ ઘણા મહોત્સવ પૂર્વક તે જંબૂકુમારનો વિવાહ કર્યો. ત્યારબાદ તે જંબૂકુમારના વાસભુવનમાં આવેલી તે સ્ત્રીઓ પોતાના સ્વામિને ભોગોથી વિમુખ તથા વૈરાગ્યયુક્ત જાણીને ખેદ પામવા લાગી. પછી તેમાની પહેલી સમુદ્રશ્રીએ કહ્યું કે, હે સ્વામિ! આવી યૌવન અવસ્થા ખરેખર વિષયોનું સુખ ભોગવવા લાયક છે. તો તે વિષયસુખનો ત્યાગ કરવાની આપ શામાટે વાંછા કરો છો? આપે મુક્તિસુખ મેળવવામાટે ઉતાવળ કરવાની જરૂર નથી, કેમકે ઉતાવળ કરવાથી એક કણબી ખેદ પામ્યો છે, અને કણબીનું દૃષ્ટાંત નીચે મુજબ છે.

સુસીમ નામના ગામમાં કોઈ એક મૂર્ખ કણબી રહેતો હતો. તેણે ચોમાસામાં પોતાના ખેતરમાં કાંગ કોદ્રવા વિગેરે હલકાં ધાન્યો વાવ્યાં. તેપર વરસાદ પડવાથી તે સર્વ ધાન્યોના રોપાઓ ઉગી નિકળ્યા. એવામાં તે પોતાના કોઈ સગાને મળવામાટે માલવાદેશમાં આવેલા પૂરણ નામના ગામમાં ગયો. ત્યાં તેના સગાએ તેને ઘી ખાંડના બનાવેલા ઘઉંના માલપુડાનું ભોજન કરાવ્યું. તે નવીન ભોજનથી આનંદ પામેલો તે કણબી પોતાના દેશને ધિક્કારવા લાગ્યો, કે આવું ભોજન તો મારા ગામમાં મેં કોઈ પણ દિવસે કર્યું નથી. અને પછી તે પોતાના તે સગાની પ્રશંસા કરવા લાગ્યો કે,

અહો! તમોને ધન્ય છે કે, તમારા દેશમાં આવું ઉત્તમ સ્વાદિષ્ટ ભોજન થાય છે, માટે હવે તમો મને આ ખાંડ અને ઘહુંના બી આપો? કે જેથી મારા ગામમાં પણ તેની ખેતીનો ફેલાવો કરૂં. તે સાંભળી તે સગાએ પણ તેને ખુશી કરવામાટે સેલડી તથા ઘહુંનાં બી આપ્યાં, તથા સેલડીને પીલીને તેનો રસ કહાડવાના યંત્રસંબંધિ પણ માહેતી શીખાવી. પછી તે કણબી તે બી લેઇ શેખશલ્લીની પેઠે પોતાના મનમાં ઘણી ઘણી આશાઓના તર્કવિતર્કો કરતોથકો પોતાને ગામ આવ્યો. પછી પુત્રોએ તથા લોકોએ નિવાર્યા છતાં પણ તે મૂર્ખ કણબીએ તુરત ઘહુંના બી વાવવામાટે પોતે પૂર્વે વાવેલા અને ઉગી નિકળેલા કાંગ કોદ્રવાઆદિકના કાચા રોપા ખેતરમાંથી ઉખેડી નાખ્યા. અને તેજ ખેતરમાં તે ઘહુંના બીજ વાવ્યાં. વળી ખેતરના એક ભાગમાં સેલડી વાવી તેને પાણી પાવામાટે તેણે પોતાપાસે રહેલું સઘળું ધન ખરચી ઉંચાણ ભૂમિપર કુવો ખોદાવ્યો, પરંતુ તેમાં પાણી નીકળ્યું નહી, અને તેથી તેની આંખોમાંથી આંસુઓરૂપી પાણી નિકળવા લાગ્યું. એ રીતે ખેતરમાં પાકવા આવેલા તે કાંગ, કોદ્રવા પણ તેના હાથમાંથી ગયા, અને કવખતે વાવેલા ઘહું પણ ખેતરમાં થયા નહી, તેમ ખોદેલા કુવામાં પાણી ન નિકલવાથી શેરડી પણ થઇ નહી. જેથી તે પશ્ચાત્તાપ કરવા લાગ્યો, અને લોકો પણ તે મુર્ખ કણબીની હાંસી કરવા લાગ્યા એ રીતે હે સ્વામી! તમોને પણ આ મળેલાં વિષયસુખને તજીને અનિશ્ચિત મોક્ષસુખને ઇચ્છવાથી પશ્ચાત્તાપ થશે. ( ૧ )

તે સાંભળી જંબૂકુમારે કહ્યું કે, હે સમુદ્રશ્રી! જે પુરૂષો મોહને વશ થઇ સ્ત્રીના શરીરને સેવે છે, તેઓ કાગડાની પેઠે જીવિતથી ભ્રષ્ટ થાય છે. તે કાગડાનું ઉદાહરણ નીચે મુજબ છે.

વિંધ્યાચલના વનમાં રહેતો એક મહોટો વૃદ્ધ હાથી રેવાનદીના કિનારાપર મરણ પામ્યો. પછી તે હાથીના કલેવરનું ગુદાદ્વાર શીયાળોએ તેમાંનું માંસ ખાઇને પોલું કરી નાખ્યું. પછી તે ગુદાદ્વારમાં સેંકડોગમે કાગડાઓ માંસ ભક્ષણની લાલચથી આવાગમન કરવા લાગ્યા. તેઓમાનો એક કાગડો અત્યંત લાલચુ હોવાથી તે કલેવરની અંદરજ રાતદિવસ રહેવા લાગ્યો. એવામાં ગ્રીષ્મઋતુના તાપથી હાથીનું તે ગુદાદ્વાર સંકોચાઇને બંધ થઇ ગયું, અને તે

લાલચુ કાગડો તે કલેવરની અંદરજ રહી ગયો. એટલામાં વર્ષાકાળમાં તે રેવાનદીમાં જલનું ઘણું પૂર આવવાથી હાથીનું તે કલેવર જલના વેગમાં તણાઇને મહાસાગરમાં ગયું. ત્યાં જલમાં ભીંજાવાથી કલેવરનું તે ગુદાદ્વાર ખુલી ગયું. એટલે તેમાં રહેલો તે કાગડો તેમાંથી બહાર નિકળીને જોવા લાગ્યો તો તેણે ચોતરફ જલમય જગત્ દીઠું, અને તેથી તેણે પોતાના જીવિતની આશા છોડી દીધી. ક્ષણવાર આમતેમ ઉડીને ખેદ પામી પાછો તે તરતા કલેવરપરજ આવીને બેસવા લાગ્યો. અને છેવટે તે કલેવરનીસાથે તે કાગડો પણ બુડી મુઓ. એ રીતે હે સમુદ્રશ્રી! હું કંઇ તે કાગડાની પેઠે સ્ત્રીના શરીરમાં લુબ્ધ થઇ આ સંસારસાગરમાં બુડવાની અભિલાષા રાખતો નથી. ( ૨ )

ત્યારબાદ પદ્મશ્રીએ તે જંબૂકુમારને કહ્યું કે, હે સ્વામી! મુક્તિમાટે અતિલોભ કરનાર માણસ વાનરની પેઠે પોતાના મૂલલાભને પણ ગુમાવી બેસે છે, તે વાનરનું ઉદાહરણ નીચે મુજબ છે.

ગંગાનદીના કિનારાપર આવેલાં એક નિકુંજમાં પરસ્પર પ્રીતિવાળું વાનરનું એક જોડલું રહેતું હતું. તેમાના વાનરે એક વખતે એક વૃક્ષપર ચડીને નીચે જમીનપર ઠેંક મારી, ત્યારે તે તીર્થના માહાત્મ્યથી તે પુરૂષ થઈ ગયો. એ રીતે પોતાના સ્વામીને પુરૂષ થયેલો જોઇ તે વાનરીએ પણ તે વૃક્ષપર ચડી નીચે જમીનપર ઠેંક મારી, અને તેથી તે પણ સ્ત્રીરૂપે થઇ. એરીતે મનુષ્યરૂપે થયેલા તેઓ બન્ને સ્ત્રીભરતાર ત્યાં અત્યંત સુખ ભોગવવા લાગ્યા. એમ કેટલોક સમય વીત્યાબાદ એક વખતે તેજ વૃક્ષને જોઈ પુરૂષરૂપ થયેલા તે વાનરે પોતાની સ્ત્રીને કહ્યું કે, હે પ્રિયે! આ મહિમાવાળા વૃક્ષપર ચડીને વળી જો આપણે નીચે ઠેક મારીશું તો આપણે દેવરૂપે થઇ વાછિત સુખ ભોગવીશું. ત્યારે તે સ્ત્રીએ કહ્યું, સ્વામી! હવે વિશેષ લોભ કરવો સારો નથી. એ રીતે સ્ત્રીએ નિવાર્યાં છતાં પણ નહી માનતાં તેણે તે વૃક્ષપર ચડીને નીચે ઠેંક મારી, એટલે તુરતજ તે પાછો વાનરરૂપ થઇ ગયો. ખેદ પામી ફરીને મનુષ્યપણું મેળવવામાટે તેણે વળી ઠેંક મારી, પરંતુ તેથી પણ તે વાનરરૂપેજ રહ્યો. પછી તે વાનરે પોતાની તે સ્ત્રીને મનુષ્યપણું તજી પાછું વાનરીપણું સ્વીકારવાને ઘણા કાલાવાલા કર્યા પરંતુ તેણીએ

માન્યું નહીં. એવામાં વનમાં ભટકતી એવી તેણીને મહાસ્વરૂપવાળી સ્ત્રી જોઇને રાજાના નોકરોએ ઉપાડીને રાજાને ભેટ કરી. ત્યારે હસ્તિનાપુરના તે રાજાએ પણ તેણીને પોતાની પટ્ટરાણી કરીને રાખી. ત્યારબાદ કોઇક મદારીએ વનમાંથી તે વાંદરાને પકડીને તેને નાચ કરતાં શિખાવ્યો. એક સમયે તે મદારી તે વાંદરાસહિત હસ્તિનાપુરમાં આવી રાજસભામાં તેનો ખેલ કરાવવા લાગ્યો. પરંતુ એવામાં ત્યાં બેઠેલી રાજાની તે રાણીને જોઇ નાચવું બંધ કરી તે વાનર અત્યંત રડવા લાગ્યો. ત્યારે રાણીએ પણ તેને ઓળખીને કહ્યું કે, હે વાનર! હવે તું શામાટે ખેદ પામે છે.? જેવો સમય તે મુજબ વર્તવું જોઇયે એ રીતે રાણીએ પ્રતિબોધવાથી તે વાનરે પણ આનંદથી નૃત્ય કરી રાજાઆદિક સર્વને આનંદ ઉપજાવ્યો. પછી તે મદારીને વાંછિત ધન આપી રાજાએ વિદાય કર્યો, અને ત્યારબાદ તેણે રાણીને તે વાનરસંબંધી વૃત્તાંત પૂછ્યો, અને રાણીએ પણ તે બનેલો વૃત્તાંત કહી સંભળાવ્યો. માટે હે સ્વામી! તમો પણ આ મળેલું સાંસારિક સુખ તજીને તે વાનરની પેઠે મોક્ષસુખને ઈચ્છતા થકા પશ્ચાત્તાપ પામશો. ( ૩ )

તે સાંભળી જંબૂકુમારે કહ્યું કે, હે પ્રિયે! મનુષ્ય જન્મ પામીને જે મોક્ષસુખમાટે પ્રયત્ન કરતો નથી, તે પુણ્યસારની પેઠે શોક પામે છે. તે પુણ્યસારનું વૃત્તાંત નીચે મુજબ છે—

ભોગપુર નામના નગરમાં પુણ્યસાર નામે એક કુલપુત્ર રહેતો હતો. બાલ્યપણામાંજ તેના માતપિતા મરી જવાથી તેના મામાએ ફક્ત લોકલજ્જાથી તેને ઉછેરી મહોટો કર્યો હતો, અને એક કુલીન કન્યાસાથે તેનું લગ્ન પણ કરાવી આપ્યું હતું. તે પુણ્યસાર પોતાની સ્ત્રીસહિત ત્યાં પોતાના મામાની નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો. એક વખતે તેણે સાંભળ્યું કે, સમુદ્રમાં ઘણા મણિઓ હોય છે, તેથી તેણે મણિઓ મેળવવામાટે ખાવુંપીવું તજી એક કુંડું લઇ તેથી સમુદ્રને ઉલેચવા માંડ્યો. ત્યારે લોકો તેની હાંસી કરવા લાગ્યા કે, અરે મૂર્ખ! મહાસાગર તે કોઇથી ઉલેચાય ખરો! ત્યારે તે મૂર્ખ તેઓને કહેવા લાગ્યો કે, અરે! તમો દુષ્ટો મને આ મહાસાગરમાંથી મળનારી સંપત્તિને સહન કરી શકતા નથી! એ રીતે છ માસ પર્યંત તેણે મહાસાગરને ઉલેચ્યો, ત્યારે તેના અધિ-

શ્રાવક સુસ્થિતદેવે પ્રસન્ન થઇ તેને ચિંતામણિરત્ન આપ્યું. ત્યારે તે પણ ખુશી થઇને પોતાના એક મલિનવસ્ત્રને છેડે તે ચિંતામણિ રત્ન બાંધીને ઘરતરફ ચાલવા લાગ્યો. માર્ગમાં રાત્રિએ તે એક મુસાફરખાનામાં નિદ્રાધીન થયો. એવામાં ત્યાં ઉતરેલા કોઇક ધૂર્તે તેનું તે રત્ન છોડી લેઇ તેની જગોએ એક પત્થરનો ટુકડો બાંધી દીધો. પ્રભાતે જાગ્યાબાદ તે પુણ્યસાર હવે સુખવિલાસ ભોગવવાના અનેક વિતર્કો કરતોથકો પોતાનું તે વસ્ત્ર લેઇ ઘેરતરફ ચાલવા લાગ્યો. ઘેર જઇ તેણે પોતાની સ્ત્રીને મોકલી સઘળા સ્વજનોને બોલાવી કહ્યું કે, સમુદ્રમાંથી મને ચિંતામણિરત્ન મળ્યું છે, એમ કહી તેણે તેઓની સમક્ષ વસ્ત્રની ગાંઠ છોડી તો તેમાંથી પત્થરનો ટુકડો નિકળ્યો. તે જોઇ લોકોએ હાંસી કરવાથી તે પણ ઝંખવાણો પડી પશ્ચાત્તાપ કરવા લાગ્યો. માટે હે પદ્મશ્રી! હું તે મૂર્ખ પુણ્યસારની પેઠે મોહનિદ્રાને વશ થઇ આ મનુષ્યભવરૂપી ચિંતામણીરત્નને ફોકટ ગુમાવીશ નહી. ( ૪ )

ત્યારબાદ પદ્મસેનાએ કહ્યું કે, હે સ્વામી! મળેલા લાભથી સંતોષ નહી પામતાં જે માણસ અધિકની ઇચ્છા કરે છે, તે શિયાળની પેઠે ઉભય ભ્રષ્ટ થાય છે. તે શિયાળનું ઉદાહરણ નીચે મુજબ છે.

વનમાં રહેતા એ શિયાળને ક્યાંકથી માંસનો એક ટુકડો મળવાથી તે મુખમાં રાખી નદીકિનારે આવ્યો. ત્યાં તેણે કાદવમાં ક્રીડા કરતા એક મત્સ્યને જોયો, એટલે તુરતજ મુખમાંનો માંસનો ટુકડો કિનારાપર મૂકીને તે મત્સ્યને પકડવા દોડયો, એવામાં તે મત્સ્ય ઉંડાં જલમાં અદૃશ્ય થઇ ગયો, અને કિનારાપર મૂકેલા માંસના ટુકડાને પણ એક સમળી ઉપાડી ગઇ. તે જોઇ તે શિયાળ દુઃખ પામી રડવા લાગ્યો. માટે હે સ્વામી! તમો પણ આ પ્રાપ્ત થયેલા ભોગોનો અનાદર-કરી અનિશ્ચિત મોક્ષસુખની ઇચ્છા કરતાથકા તે શિયાળની પેઠે પસ્તાશો. ( ૫ )

તે સાંભળી જંબૂકુમારે કહ્યું કે, હે પદ્મસેના! હું વિદ્યુન્માલિની પેઠે સ્ત્રીના વચનોથી ઠગાઉં તેમ નથી. તે વિદ્યુન્માલિનું ઉદાહરણ નીચે મુજબ છે—

વૈતાઢયપર્વતપર ગગનવલ્લભ નામના નગરમાં વિદ્યુન્માલી અને મેઘરથ નામના બન્ને વિદ્યાધર ભાઇઓ હતા. તેઓને એક

સમયે માતંગી નામની વિદ્યા પ્રાપ્ત થઇ. ચાંડાલની પુત્રી પરણીને તે ચાંડાલને ઘેર રહી એક વર્ષ સુધી શીલ પાલવાપૂર્વક તે વિદ્યા સાધી શકાય તેમ હોવાથી તેઓ બન્ને ચાંડાલ પુત્રોનો વેશ લેઇ વસંતપુરમાં આવ્યા, અને ચાંડાલોના નાયકને ઘેર ઉતર્યા. તેઓને ભક્તિવંત તથા ગુણવંત જાણીને તે ચાંડાલનાયકે પણ પોતાની બે પુત્રીઓ પરણાવી. હવે તેઓમાંથી મેઘરથ તો બ્રહ્મચર્યને ધારણ કરી વિદ્યા સાધવા લાગ્યો, પરંતુ વિદ્યુન્માલી કામલુબ્ધ થઇ તે ચાંડાલપુત્રીની સાથે ભોગવિલાસમાં આસક્ત થયો, અને તેથી તેણીને પણ ગર્ભ રહ્યો. એ રીતે એક વર્ષબાદ સિદ્ધ થયેલી વિદ્યાવાળા મેઘરથે વિદ્યુન્માલીને કહ્યું કે, હે બંધવ! તેં કુલીન થઇ આ શું આચરણ કર્યું? ત્યારે લજ્જાતુર થઇ તેણે મેઘરથને કહ્યું હે બંધવ! મારા આ અપરાધની તમો ક્ષમા કરો? હવે આ વર્ષે હું ખરેખર બ્રહ્મચારી થઈ વિદ્યાસાધન કરીશ, માટે એક વર્ષબાદ તમો મારી ખબર કહાડજો? તે સાંભળી મેઘરથ પોતાને સ્થાનકે ગયો, અને બીજા વર્ષને અંતે જ્યારે પાછો તે પોતાના ભાઇની ખબર કહાડવા આવ્યો, ત્યારે તેણે તેને બાળકને ખોળામાં લેઈ રમાડતો જોયો, અને તે ચાંડાલકન્યાને પણ ફરીને ગર્ભવતી થયેલી જોઈ. ત્યારે મેઘરથે તેને ઠપકો આપવાથી તેણે અત્યંત લજ્જાતુર થઇ કહ્યું, હે બંધવ! હવે આ વર્ષે હું જરૂર બ્રહ્મચારી થઇ વિદ્યા સાધન કરીશ. પછી ત્રીજે વર્ષે જ્યારે તે મેઘરથ પાછો તેની ખબર કહાડવા આવ્યો, ત્યારે પણ તેને બે બાળકોને રમાડતો અને તે ચાંડાલપુત્રીને વળી પણ ગર્ભવતી થયેલી જોઇ ખેદ પામી ચાલ્યો ગયો, અને ફરીને પાછો આવ્યોજ નહીં માટે હે પદ્મસેના હું તે વિદ્યુન્માલીની પેઠે સ્ત્રીમાં લુબ્ધ થાઉં તેમ નથી. ( ૬ )

ત્યારબાદ કનકસેનાએ કહ્યું કે, હે સ્વામી! અતિલોભ કરવાથી શંખધમનકની પેઠે માણસ વિનાશ પામે છે. તે શંખધમનકનું ઉદાહરણ નીચે મુજબ છે—

શાલિ નામના ગામમાં પૂર્વે સુભગ નામે કોઇક કણબી વસતો હતો. તે હમેશાં શંખનો અવાજ કરીને હરિણ આદિક પશુઓને ડરાવીને પોતાના ખેતરનું રક્ષણ કરતો હતો. એક દિવસે તે સુભગ પાછલી રાત્રિએ જાગીને ત્યાં પોતાના ખેતરમાં શંખ વગાડવા લાગ્યો

તે વખતે કેટલાક લુંટારા કોઇક ગામનું ગાયોનું ધણ લુંટીને તે ખેતર પાસેથી ગાયોને હાંકી જતા હતા. એવામાં તેઓએ તે શંખનો અવાજ સાંભળી વિચાર્યું કે, ખરેખર તે ગામના ચોકીદારો આપણને પકડવામાટે આપણી પાછળ આવે છે. એમ વિચારી તેઓ ગાયોનું તે ધણ ત્યાંજ છોડીને તુરત ત્યાંથી નાશી ગયા. પછી પ્રભાતે તે સુભગે ત્યાં તે ગોવાળીયા વિનાનું ધણ ચરતું દીઠું. એ રીતનું નધણીયાતું તે ગાયોનું ધણ તે સુભગ હંકારીને પોતાના ગામમાં લેઇ ગયો. અને તે વેચી નાખવાથી તેને ઘણું ધન મળ્યું, અને લોકો પણ તેની પ્રશંસા કરવા લાગ્યા. ત્યારબાદ હમેશાં તે રાત્રિએ પોતાના ખેતરમાં બેશી શંખ વગાડવા લાગ્યો. કેટલાક દિવસબાદ તેજ લુંટારાઓ કયાંકથી કેટલુંક ધન લુંટીને તેજ રસ્તેથી જવા લાગ્યા, ત્યારે તેઓએ પૂર્વની પેઠે તેજ જગોએ શંખનો અવાજ સાંભળ્યો. ત્યારે તેઓએ હિમ્મત લાવી વિચાર્યું કે, આપણે આગળ પણ આજ જગોએ શંખનો અવાજ સાંભળ્યો હતો, માટે ખરેખર અહીં નજીકના ખેતરમાં કોઇક ખેડુત શંખ વગાડે છે. પછી તેઓને તપાસ કરતાં તે સુભગ શંખ વગાડતો માલુમ પડયો. તેથી ક્રોધ લાવી તેઓએ તેનો શંખ ભાંગીને તેને ખૂબ મરણ તુલ્ય માર માર્યો. માટે હે સ્વામી! તમો પણ આ મળેલાં ભોગસુખોથી સંતોષ પામીને મોક્ષસુખની ઇચ્છા ન કરો?

ત્યારે જંબૂકુમારે કહ્યું કે, હે પ્રિયે! ભોગો ભોગવતાં કોઇને પણ સંતોષ થયો નથી, કેમકે એક વાનર અધિક અધિક સંગ કરવાથી શું નાશ નથી પામ્યો? તે વાનરનું ઉદાહરણ નીચે મુજબ છે—

વિંધ્યાચલ પર્વતમાં વાંદરીઓના ટોળાંનો સ્વામી એક યૂથપતિ વાનર રહેતો હતો. એવામાં કોઇક બીજા ચપલ વાનરે ત્યાં આવી ગુપ્તરીતે તે યૂથપતિની સ્ત્રી એવી વાનરી સાથે સંભોગ કર્યો. તે જોઇને ક્રોધાતુર થયેલો તે યૂથપતિ તે ચપલ વાનરને મારવા માટે દોડયો. ત્યારે યુવાન ચપલ વાનરે તે બૂઢા યૂથપતિને હરાવ્યો. ત્યારબાદ અતિશય શ્રમ પડવાથી તૃષાતુર થયેલો વૃદ્ધ વાનર ત્યાંથી નાશી પીવા માટે પાણીની શોધ કરતો વનમાં ગયો. એવામાં એક ખાડામાં એકઠા થયેલા શિલાજિતના રસને પાણી જાણી તે પીવા

માટે તેમાં પોતાનું મુખ નાખ્યું, પરંતુ તે ચીકણા શિલાજિતમાં તેનું મુખ ચોટી ગયું, તે કહાડવામાટે તેણે પોતાના બન્ને હાથ તથા પગ નાખ્યા, અને તે પણ ચોટી ગયા અને એ રીતે તે બૂઢો વાનર તેમાંજ ચોટી જવાથી મરણ પામ્યો. માટે એ રીતે હે પ્રિયે! તે શિલાજિતના રસસરખા ઇંદ્રિયોના વિષયોમાં લીન થઇ મારા આત્માને હું તે વાનરની પેઠે દુઃખી કરવાને ઇચ્છતો નથી. ( ૮ )

ત્યારબાદ નભઃસેનાએ કહ્યું કે હે સ્વામી! તમો બીજા મુનિઓની સ્પર્ધાથી મોક્ષસુખની વાંછા કરો છો તે ઠીક નહી, તેમાટે બે ડોશીઓનું દૃષ્ટાંત નીચે મુજબ છે.

નંદી નામના ગામમાં સિદ્ધિ અને બુદ્ધિ નામે બે દરિદ્ર ડોશીઓ રહેતી હતી. તેઓમાની સિદ્ધિડોશીએ ધનની પ્રાપ્તિમાટે એક વખતે ભોગિલ નામના યક્ષનું આરાધન કરવાથી તેણે તુષ્ટમાન થઇ તેણીને હમેશાં બે સોનામોહોર આપવા માંડી, અને તેથી તે પણ સુખેસુખે આનંદવૈભવથી પોતાનો નિભાવ કરવા લાગી. તે જોઇ બુદ્ધિએ તેણીને ધનપ્રાપ્તિનું કારણ પૂછવાથી તેણીએ સરલપણે પોતાનું વૃત્તાંત કહી સંભળાવ્યું. ત્યારે તે બુદ્ધિએ પણ તે યક્ષનું આરાધન કરી સિદ્ધિથી બમણું માગ્યું, ત્યારે યક્ષે પણ તુષ્ટમાન થઇ તેણીને હમેશાં ચાર ચાર સોનામોહોરો આપવા માંડી તે જોઇ સિદ્ધિએ તેથી બમણું માગવાથી તેણીને આઠ આઠ સોનામોહોરો આપવા માંડી અને એ રીતે તેઓ બન્ને ડોશીઓ અનુક્રમે એકબીજાથી બમણું મેળવવા લાગી. એમ થવાથી છેવટે કંટાળેલા એવા તે યક્ષ પાસેથી સિદ્ધિડોશીએ ઈર્ષાથી તે યક્ષને કહી પોતાની એક આંખ ફોડાવી બીજે દિવસે બુદ્ધિડોશીએ પણ ઈર્ષાથી તેથી બમણું માગવાથી યક્ષે તેણીની બન્ને આંખો ફોડીને તેણીને આંધળી કરી માટે હે સ્વામી! એ રીતે બીજા મુનિઓની સ્પર્ધા કરીને મોક્ષ મેળવવાની ઇચ્છાથી તમારે પણ સંકટ સહન કરવું પડશે. ( ૯ )

તે સાંભળી જંબૂકુમારે કહ્યું કે, હે પ્રિયે ! હું ઉત્તમ ઘોડાની પેઠે તારાં વચનોરૂપી ચાબુકના પ્રહારથી સન્માર્ગને તજું તેમ નથી. તે ઘોડાનું ઉદાહરણ નીચે મુજબ છે.—

સાકેતપુરમાં જિતારિનામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં જિનદાસનામે એક ઉત્તમ શ્રાવક તે રાજાનો પરમમિત્ર હતો. રાજાએ

પોતાનો એક ઉત્તમ લક્ષણવાળો ઘોડો તે જિનદાસ શ્રાવકને સાચવવામાટે આપ્યો, જેમ જેમ તે જાતિવંત ઘોડો વૃદ્ધિ પામતો ગયો, તેમ તેમ તે રાજાના શત્રુઓનો વૈભવ નાશ પામી તે જિતારિરાજાની સંપત્તિ વૃદ્ધિ પામવા લાગી. તે જિનદાસશેઠ હમેશાં તે ઘોડાપર ચડી તેને તળાવે પાણી પાવામાટે લેઈ જતા, અને ત્યાંથી પાછા વળતાં તે શેઠ જિનમંદિરને ત્રણ પ્રદક્ષિણા દેઇ તે ઘોડાને પોતાને ઘેર લાવતા, તેથી તે ઘોડાએ તળાવ, જિનમંદિર અને શેઠના ઘરસિવાય કોઈ અન્ય માર્ગ જોયો નહોતો. હવે તે રાજાના શત્રુઓને તે ઘોડાની હકીકત માલુમ પડવાથી તે ઘોડાને ગમે તે રીતે ચોરી લાવવામાટે પોતાના એક મંત્રિને હુકમ કર્યો. ત્યારે તે મંત્રી પણ કપટી શ્રાવકનો વેષ લેઇ તે જિનદાસને ઘેર પરોણા તરીકે આવી રહ્યો. ત્યાં વિશ્વાસ ઉપજાવવામાટે તે જિનપૂજાઆદિક ઘણા ઘણા પ્રકારની ધર્મક્રિયા કરવા લાગ્યો. એવામાં કોઇક મિત્રે વિવાહના પ્રસંગપર આમંત્રણ કરવાથી તે જિનદાસ શેઠ તે કપટી શ્રાવકને પોતાનો સાધર્મિક જાણી તેને તે ઘોડો સોંપી થોડા દિવસમાટે બહારગામ ગયા. શેઠના ગયા બાદ પોતાને લાગ મળ્યો જાણીને તે કપટી મંત્રી મધ્યરાત્રિએ તે ઘોડાપર બેશી તેને પોતાના નગરતરફ હાંકવા લાગ્યો. પરંતુ તે ઘોડો તો હમેશના અભ્યાસથી તળાવે જઈ જિનમંદિરને ત્રણ પ્રદક્ષિણા દઈ શેઠને ઘેરજ આવી ઉભો. તે કપટીમંત્રીએ ચાબુકના મારથી ઘણો પરિશ્રમ કર્યો, પરંતુ તે ઘોડો એક પગલું પણ આગળ ચાલ્યો નહી. ત્યારે પ્રભાતે તે કપટીમંત્રી નિરાશ થઈ ત્યાંથી નાશીને તુરત પોતાને ગામ પાછો આવ્યો. માટે હે પ્રિયે! હું તે જાતિવંત અશ્વની પેઠે સન્માર્ગને તારાં વચનોથી તજીશ નહીં. (૧૦)

ત્યારબાદ કનકશ્રી બોલી કે, હે સ્વામી! આપે ક્રમે ક્રમે મોક્ષપુર જવાની ઇચ્છા કરવી જોઇએ, કેમકે ક્રમરહિત કાર્ય કરવાથી પુણ્યહીનની પેઠે પસ્તાવું પડે છે. તે પુણ્યહીનનું ઉદાહરણ નીચે મુજબ છે.

જયંતી નામની નગરીમાં માબાપવિનાનો કોઈક પુણ્યહીન દરિદ્રી કુલપુત્ર પોતાના મામાને ઘેર રહ્યો. પરંતુ તેના આવતાંજ તે મામાનું ઘર બળી જવાથી તેને કહાડી મેલ્યો, તે અનુક્રમે તામલિપ્તીનગરીમાં આવ્યો, અને ત્યાં થોડા પગારથી કોઇક વ્યાપારીની

દુકાને ને ફરી રહ્યો, પરંતુ તેજ દિવસે તેની દુકાનમાં પણ ખાતર પડવાથી તેણે પણ તેને કહાડી મેલવાથી તે પુણ્યહીન કુલપુત્ર પરદેશ જવામાટે એક વહાણમાં ચડ્યો. પરંતુ તે વહાણ પણ સમુદ્રમાં ડુબવાથી તે એક પાટીયાને આધારે કોઈક અરણ્યને કિનારે આવ્યો. ત્યાં એક યક્ષનું મંદિર જોઇ તે યક્ષનું આરાધન કરવા લાગ્યો. ત્યારે તે દયાળુ યક્ષે પ્રત્યક્ષ થઇ તેને કહ્યું કે, મારી પાસે હમેશાં એક મયૂર નૃત્ય કરશે, અને તેનું સુવર્ણનું એકેકું પીંછું હમેશાં ખરશે, તે પીંછાં એકઠાં કરવાથી તને ધનપ્રાપ્તિ થશે. તે સાંભળી ખુશી થઇને તે હમેશાં તેનું ખરી પડતું એકેકું સુવર્ણપીંછું લેવા લાગ્યો એમ કરતાં એક દિવસે એકીહારે તેના સઘળાં પીંછાં લેવાની ઇચ્છાથી તેણે તે મયૂરને પકડ્યો, કે તુરત તે મયૂર કાગડો થઇ ઉડી ગયો, અને પૂર્વે તેણે એકઠાં કરી રાખેલાં મયૂરપીચ્છો પણ કાગડાનાં પીંછાંરૂપ નિરૂપયોગી થઇ ગયાં, અને એ રીતે તે દુઃખી અવસ્થા ભોગવી મરણ પામ્યો. માટે હે સ્વામી! તમો પણ તેની પેઠે ઉતાવળથી મોક્ષસુખ લેવાની ઇચ્છા ન કરો? ( ૧૧ )

તે સાંભળી જંબૂકુમારે કહ્યું કે, હે પ્રિયે! જે માણસ મનુષ્યજન્મઆદિકની મળેલી સામગ્રીને મોહથી હારી જાય છે, તે કાચબાની પેઠે કલેશ પામે છે. તે કાચબાનું ઉદાહરણ નીચે મુજબ છે.

કાદંબિની નામની અટવીમાં ઉપર સેવાળથી ઢંકાયેલું જળથી ભરેલું એક મ્હોટું સરોવર હતું. તે તળાવમાં પુત્રપૌત્રાદિકના ઘણા પરિવારવાળો એક કાચબો રહેતો હતો. એક વખતે રાત્રિએ પવનના ઝપાટાથી ઉપરની થોડીક શેવાલ ખસી જવાથી તે કાચબે આકાશમાં તારામંડલસહિત અતિ ચળકતો ચંદ્ર જોયો, કોઇપણ વખતે નહી જોએલા એવા તે દેખાવથી અતિ આશ્ચર્ય પામેલો તે કાચબો તે અપૂર્વ દેખાવ જોવામાટે પોતાના સઘળાં કુટુંબને તેડી લાવવામાટે ઉંડા જલમાં ગયો. એવામાં પવનના વેગથી જલમાં પડેલું તે છિદ્ર પાછું શેવાલથી ઢંકાઇ ગયું. ત્યારબાદ તે કાચબો તે ચંદ્રનો દેખાવ પોતાના કુટુંબને દેખાડવામાટે સઘળી જગોએ તળાવમાં ફરી વળ્યો, પરંતુ ફરીને તે દેખાવ તેની દૃષ્ટિએ પડ્યો નહી. માટે હે પ્રિયે! એ રીતે મોક્ષસાધનમાટે મનુષ્યભવ મળવો બહુ દુર્લભ છે. ( ૧૨ )

ત્યારબાદ કનકવતીએ કહ્યું કે. હે સ્વામી ! જે માણસ પોતાના સ્વજનોની હિતકારી શિખામણ માનતો નથી. તે માસાહસપક્ષીની પેઠે આપદા પામે છે. તે માસાહસપક્ષીનું ઉદાહરણ નીચે મુજબ છે.

વનમાં જતા કોઈક પુરૂષે એક સિંહને મુખ પહોળું કરી સુતેલો જોયો. તે સિંહના દાંતોમાં તેણે તત્કાળ ખાધેલા માંસના કેટલાક ટુકડા વળગી રહ્યા હતા. એવામાં કોઇક પક્ષી પોતાના મુખથી " માસાહસ, માસાહસ " એમ બોલતો થકો તે માંસ ખાવાની લાલચથી તે સુતેલા સિંહના મુખમાં પેસવા લાગ્યો. ત્યારે તે માણસે તે પક્ષીને તેમ કરવાને નિવાર્યો, પણ તેણે માન્યું નહી એટલામાં જાગી ઉઠેલા તે સિંહે તે પક્ષીને પકડી મારી નાખ્યો માટે હે સ્વામિ! તમોને પણ અમારી હિતશિખામણ નહી માનવાથી કુશલ થશે નહી. (૧૩)

તે સાંભલી જંબૂકુમારે કહ્યું કે, હે પ્રિયે! પ્રાણીને સંકટમાંથી ઉગારવાને સ્ત્રી, કુટુંબઆદિક કોઈ પણ સમર્થ નથી. તેના સંબંધમાં ત્રણ મિત્રોનું ઉદાહરણ નીચે મુજબ છે.

જેમાં અનંતા જીવો ભ્રમણ કરી રહેલા છે, એવો આ સંસારરૂપી અપાર દેશ છે તેમાં રાજ કરતા એવા ઉગ્રશાશન નામના રાજાની કૃપા અને દ્વેષથી જીવો સમૃદ્ધિ તથા વિપદાને મેળવે છે તે રાજાનો સચેતન નામે મંત્રી છે, અને તે એક ચિત્તથી તે રાજાની સેવા કરે છે. તે મંત્રીને ઉત્તમરૂપવાળો એક મિત્ર હતો, અને તે મિત્રનું તે મંત્રી પોતાને હાથે ભોજનઆદિક દઈને પોષણ કરતો હતો. તે મિત્ર હમેશાં તેનો સહવાસી હોવાથી લોકોએ તેનું નિત્યમિત્ર નામ રાખ્યું હતું. હવે એક દિવસે તે મંત્રિની મતિમતી નામની સ્ત્રીએ પોતાના સ્વામિને કહ્યું કે, હે સ્વામી! આ તમારો નિત્યમિત્ર ફક્ત બહારથીજ રમણીક દેખાય છે, પરંતુ અંદરખાનેથી મલીન છે. માટે કોઈક દિવસ તમોને તે દગો દેશે. માટે તમારા હિતમાટે તમો કોઇક બીજો મિત્ર કરો? તે સાંભળી તેણે એક સ્વજનનામનો મિત્ર કર્યો, અને દરેક પર્વને દિવસે તેને બોલાવી ખાનપાન સન્માનઆદિકથી તેનું તે સન્માન કરવા લાગ્યો, તથા તેનું નામ પર્વમિત્ર પ્રસિદ્ધ થયું તે જોઇ તેની સ્ત્રીએ કહ્યું કે, આગલા મિત્રકરતાં આ મિત્ર તમોને આપદ્સમયે સહાયકારી થશે ખરો, પરંતુ તે પણ આપદાથી તમારૂં સર્વથા રક્ષણ કરી શકે તેમ નથી,

માટે તમો નિશ્ચલ પ્રેમવાળો કોઇ સમર્થ મિત્ર કરો? કે જે આપત્તિસમયે તમારૂં ખરેખરૂં રક્ષણ કરે. અને તેવો મિત્ર મુનિઓના ઉપાશ્રયમાં તમોને મળશે, એવી રીતના તેણીના વચનથી તે મંત્રીશ્વરે સાધુમુનિરાજની મિત્રાઇ કરી, અને માર્ગ આદિક મળતાં માત્ર પ્રણામ કરવાથીજ તે મિત્ર ખુશી થતો હોવાથી લોકોએ તેનું પ્રણામમિત્ર નામ રાખ્યું. હવે કોઇક સમયે યમસરીખો રાજા તે મંત્રીપર કોપાયમાન થવાથી તેણે પોતાના નિત્યમિત્રપાસે તેથી રક્ષણની માગણી કરી, પરંતુ તે તો દરકાર કર્યાવિના મૌન રહ્યો. ત્યારે તેણે નિરાશ થઇ પર્વમિત્રને તેમાટે કહેવાથી તેણે કહ્યું, હે મિત્ર! હું તન મન અને ધનથી તમારૂં રક્ષણ કરવાને તૈયાર છું, પરંતુ આ દુષ્ટરાજાપાસે મારો તે સઘળો પ્રયત્ન નિષ્ફળ જાય તેમ છે. એ રીતના તેના વચનથી અત્યંત નિરાશ થયેલા તે મંત્રીશ્વર પાસે પ્રણામમિત્રે આવીને કહ્યું, હે મિત્ર! તમો જરા પણ ચિંતા કરો નહી. મારી હાજરીથી તે દુષ્ટ રાજા તમારો વાળ પણ વાંકો કરી શકે તેમ નથી. હવે હું તમોને તમારી સ્ત્રીસહિત નિરૂપદ્રવ સ્થાનકે પહોંચાડીશ, એમ કહી તે મિત્રે ત્યાંથી તેને અનુપમ સુખવાળા સ્વર્ગમાં પહોંચાડ્યો. ત્યારબાદ તે મિત્ર ત્યાંથી તેને એક સાર્થપતિપાસે લેઇ ગયો. તે સાર્થપતિએ તે મંત્રિને કહ્યું કે, અહીંથી આગળ ચાલતાં તમોને બે વાઘ મળશે, પરંતુ તમારે તેથી ડરવું નહીં તેમજ માર્ગમાં દાવાનલ, પર્વત, વાંસોની જાલ, તથા ખાઇઓ વિગેરેને તમારે સમતાઆદિક મંત્રોના જાપથી ઓળંગવાં. વળી છાયાવાળાં વનમાં તમારે રહેવું નહી, અને ચોરોનાં સૈન્યને જીતવું, અને એ રીતે ચાલતાં તમો તમારી ઇચ્છિત મોક્ષપુરીમાં પહોંચશો. પછી તે મંત્રીએ પણ તેમ કરવાથી તે અક્ષયસુખવાળાં મોક્ષનગરમાં જઇ પહોંચ્યો. હવે હે સુંદરિ! આ ઉપર કહેલી કથાનો ભાવાર્થ તું સાંભલ આ સંસાર નામના દેશમાં મનુષ્યભવરૂપી નગર છે, અને ત્યાં કર્મવિપાકનામે રાજા છે, તેમાં જીવરૂપી મંત્રી, અને બુદ્ધિરૂપી તે મંત્રીની સ્ત્રી છે. શરીર, સગાંવાલાં, અને ધર્મરૂપી ત્રણે તે મંત્રીના મિત્રો જાણવા. મૃત્યુરૂપી રાજાનો કોપ જાણવો, અને તે શરીર રૂપી મિત્ર મૃત્યુથી બચાવી શકતો નથી. સગાંવહાલાંઓ રોગ સમયે સાલસંભાલ કરે છે, પરંતુ તે પણ મૃત્યુથી તેને બચાવી શકતાં નથી, ત્યારે ધર્મરૂપી પ્રણામમિત્ર તેને સ્વર્ગમાં લેઇ જઇ પાછો મનુષ્યભવમાં લાવી સુગુરૂરૂપી સાર્થવાહનો મેલાપ કરાવે છે, ગુરૂ તેને દીક્ષા આપી ઉત્તમ માર્ગમાં પ્રેરે છે, ત્યાં માર્ગમાં

મળેલા રાગદ્વેષરૂપી બન્ને વાઘોને જીતીને, તથા કષાયોરૂપી દાવાનલવિગેરેને નિવારીને, વિષયોરૂપી છાયાવનમાં નિવાસ કર્યાવિના પરીષહોરૂપી ચોરોની સેનાને જીતીને, અને મોહરૂપી અટવીને ઓળંગીને તે મોક્ષનગરમાં જઈ પહોંચેછે. માટે હે પ્રિયે! હું પણ કુટુંબઆદિકનો સ્નેહ તજીને ધર્મમાર્ગનું સેવન કરીશ. ( ૧૪ )

ત્યારે જયશ્રીએ કહ્યું હે સ્વામી! તમો ચટ્ટતાપસની પેઠે આવાં કલ્પિત ઉદાહરણોથી અમોને શામાટે ઠગો છો? તે ચટ્ટતાપસનું ઉદાહરણ નીચે મુજબ છે.

કૌશિક નામના ગામમાં ચટ્ટનામે કોઇક મૂર્ખ તાપસ પોતાના શિષ્યોસહિત વસતો હતો. તેણે એક વખતે સ્વપ્નમાં પોતાના મઠનો એક મહોટો ઓરડો લાડવાથી ભરેલો દીઠો. તેથી તેણે પ્રભાતે પોતાના શિષ્યોને બોલાવી કહ્યું, હે શિષ્યો! આપણે હમેશાં લોકોને ઘેરથી ભિક્ષા માગી લાવી તેઓનું અન્ન ખાઇયે છીયે, પરંતુ આપણે શક્તિ ન હોવાથી તેઓને કોઇ પણ દિવસે જમાડ્યા નથી. માટે આજે મારી શક્તિ થઇ છે, માટે તમો આખા ગામના લોકોને ભોજનમાટે આમંત્રણ કરી અહીં બોલાવો.? ગુરૂના વચનથી શિષ્યોએ પણ ત્યાં મંડપ રચાવી લોકોને જમવામાટે બોલાવ્યા. ત્યારે તે ગામના સર્વ લોકો વાસણો લેઇ ત્યાં ભોજનમાટે આવી હારબંધ બેશી ગયા. પછી તે ચટ્ટતાપસે શિષ્યોને કહ્યું કે, મઠના ઓરડામાંથી લાડુઓ લાવી સર્વને પીરસી આપો? શિષ્યોએ ઓરડો ઉઘાડી જોયું તો તે લાડુવિના ખાલી દીઠો, ત્યારે તેઓએ તે હકીકત ગુરૂને કહેવાથી તે મૂર્ખ તાપસે તેઓને કહ્યું કે, તમો પણ અહીં સુઇને નિદ્રા કરો? જેથી તમોને પણ સ્વપ્નમાં લાડુઓથી ભરેલો ઓરડો દેખાશે, કેમકે મેં પણ સ્વપ્નમાં તેમ જોયું છે. આ હકીકત જાણી લોકો તે તાપસની હાંસી કરતાથકા પોતપોતાને ઘેર ગયા. માટે હે સ્વામિ! તમો પણ તેવાં સ્વપ્ન સરખાં મોક્ષસુખોની કલ્પિત વાર્તા કરી હાંસીને પાત્ર ન થાઓ? ( ૧૫ )

તે સાંભળી જંબુકુમારે કહ્યું કે, હે પ્રિયે! તું લલિતાંગની પેઠે શામાટે વિષયતૃષ્ણાને ઇચ્છે છે? તે લલિતાંગનું ઉદાહરણ નીચે મુજબ છે.

વસંતપુર નામના નગરમાં શતાયુધનામે રાજા હતો, અને તેને લલિતદેવીનામે વિષયતૃષ્ણાવાળી રાણી હતી. ઝરૂખામાં બેઠેલી

એવી તે રાણીએ એક દિવસે સમુદ્રદત્તશેઠના કામદેવસરખા મનોહર રૂપવાળા લલિતાંગ નામના પુત્રને જોયો, તેથી તે અત્યંત કામાતુર થઇ, તથા લલિતાંગ પણ તેણીને જોઇ કામાતુર થયો. પછી એક દિવસે અવસર જોઇ રાણીએ ભોગવિલાસમાટે તે લલિતાંગને દાસી મારફતે ગુપ્ત રીતે પોતાની પાસે બોલાવ્યો, અને એ રીતે ભોગ-વિલાસ કરી બન્ને અત્યંત આનંદ પામ્યા. એવામાં ત્યાં રાજા આવી પહોંચ્યો, રાજાને આવતો જોઇ રાણીએ ભયથી તે લલિતાંગને બારી-વાટે અશુચિભરેલા ગટરના કુવામાં ફેંકી દીધો, અને ત્યાં તે વિષ્ટાના કીડાની પેઠે ગંદકીમાં રહી રાણીએ નાખેલું એઠું જૂઠું અન્ન હમેશાં ખાઇ જીંદગી ગાળવા લાગ્યો, અને વિચારવા લાગ્યો કે, હવે જો કોઇ પણ રીતે આ ગંદકીમાંથી હું બહાર નિકળું, તો કોઇ પણ દિવસે વિષયસુખ ભોગવવાની ઇચ્છા પણ કરૂં નહી. એવામાં ત્યાં ઘણો વરસાદ વરસવાથી તે ગટરમાં વહેતા જલપ્રવાહથી તણાઇને તે લલિતાંગ ગરનાળાંવાટે નગરની બહાર ખાઇમાં આવી પડ્યો. એવામાં ત્યાં આવી ચડેલી તેની ધાવમાતાએ તેને ઓળખી કહાડી ખાઈમાંથી બહાર કહાડ્યો, અને પોતાને ઘેર તેડી જઈ સ્નાનઆદિક કરાવીને ધીમે ધીમે સ્નિગ્ધભોજનઆદિકથી પાછો પુષ્ટ કર્યો. હવે એવા પુષ્ટ શરીરવાળા તે લલિતાંગને જોઇને કદાચ તે રાણી ભોગવિલાસમાટે તેને પાછો બોલાવે, તો તેણે ત્યાં જવું કે નહી? તે સાંભળી તે સ-ઘળી સ્ત્રીઓએ એકે અવાજે કહ્યું કે, હે સ્વામી! તેણે ત્યાં બીલ-કુલ જવું ન જોઇએ. ત્યારે જંબૂકુમારે કહ્યું. હે સુંદરીઓ! ખરેખર તે લલિતાંગસરખો ભોગોની લાલસાવાળો પ્રાણી જાણવો, અને રાણી સાથેના ભોગવિલાસસરખું ક્ષણિક વિષયસુખ જાણવું. ગટરમાં રહે-વાસરખો ગર્ભવાસ જાણવો. જન્મસરખું તેમાંથી નિકળવાનું જાણવું, અને ખાઇ સરખું પ્રસુતિઘર જાણવું. ધાવમાતાસરખો શુભકર્મનો ઉદય જાણવો. અને એ રીતે ગર્ભવાસનું દુ:ખ જાણનારો કયો પ્રાણી પાછો વિષયસુખમાં લપટાય? માટે તમો પણ તેવાં વિષયસુખની અભિલાષા તજીને મોક્ષસુખ આપનારાં સંયમનું આરાધન કરો!(૧૬)

એ રીતનાં ઉદાહરણો સાંભળી તે આઠે સ્ત્રીઓએ પણ વૈરાગ્ય પામી પોતાના સ્વામીસાથે દીક્ષા લીધી. એ રીતે તે શ્રીજંબૂસ્વામીએ પોતાના, તથા તે સ્ત્રીઓના માતાપિતાઓસહિત શ્રીસુધર્મસ્વામી

પાસે દીક્ષા લીધી. તે જંબૂસ્વામીને ચોરી કરતા અને વિંધ્યરાજના પુત્ર એવા પ્રભવસ્વામીને તેના પરિવારસહિત દીક્ષા આપી. એરીતે છેવટે કેવલજ્ઞાન પામી, પોતાનું એંશી વર્ષોનું આયુ સંપૂર્ણ કરી, તથા પ્રભવસ્વામિને પોતાની પાટ સોંપી તે શ્રીજંબૂસ્વામી શ્રીવીરપ્રભુના નિર્વાણથી ચોસઠ વર્ષો વીત્યાબાદ મોક્ષે ગયા.

## ॥ ૩ ॥ શ્રીપ્રભવસ્વામી ॥

( તેમનું વૃત્તાંત નીચે મુજ છે. )

વિંધ્યરાજનો પ્રભવનામે પુત્ર કોઇ કારણસર પોતાના પિતાથી રીસાઇને વનમાં જઇ પાંચસો ચોરોનો નાયક થઇ લોકોના ઘરોમાં જઇ ચોરી કરવાનો વ્યાપાર કરવા લાગ્યો. એક સમયે તે પ્રભવ ચોર પોતાના પરિવારસહિત રાત્રિએ ચોરી કરવામાટે રાજગ્રહનગરમાં વસતા કરોડપતિ એવા ઋષભદત્તશેઠને ઘેર ગયો ત્યાં તે શેઠના પુત્ર જંબૂકુમારને પોતાની નવી પરણેલી આઠે સ્ત્રીઓને વૈરાગ્યનો ઉપદેશ દેતા જોઇને તે પ્રભવ ચોર પણ પ્રતિબોધ પામ્યો. અને ત્યારબાદ તેણે પોતાના પાંચસો પરિવારરૂપ ચોરોસહિત શ્રીજંબૂસ્વામીપાસે દીક્ષા લીધી છેવટે તે શ્રીપ્રભવસ્વામી પણ પોતાની પાટે શ્રીશય્યંભવસ્વામીને સ્થાપીને શ્રીમહાવીરપ્રભુના નિર્વાણ પછી પંચોતેર વર્ષો વીત્યાબાદ સ્વર્ગે ગયા.

## ॥ ૪ ॥ શ્રીશય્યંભવસ્વામી ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

એક સમયે શ્રીપ્રભવસ્વામીએ પોતાની પાટે કોઇક લાયક આચાર્યજીને સ્થાપવામાટે પોતાના ગચ્છના સાધુસમુદાયમાં શોધ કરી, પરંતુ તે પદવીમાટે તે સમુદાયમાંથી કોઇ યોગ્ય સાધુ ન મળવાથી તેમણે બ્રાહ્મણઆદિકોના સમુદાયમાં તેમાટે શોધ કરવા માંડી, એવામાં શ્રુતજ્ઞાનના ઉપયોગથી રાજગૃહનગરમાં હિંસામય યજ્ઞ કરતા શય્યંભવભટ્ટને તે પદવીમાટે યોગ્ય જાણ્યા. તેજ વખતે તેમને પ્રતિબોધવામાટે શ્રીપ્રભવસ્વામીએ ત્યાં બે મુનિઓને મોકલ્યા. તે બન્ને મુનિઓ ત્યાં યજ્ઞમંડપમાં જઇ “ અહો ! આ તો કષ્ટ છે, કષ્ટ છે, પરંતુ તત્વને કોઇ જાણતા નથી ” એટલું કહી પાછા આવ્યા. તે સાંભળી તે બુદ્ધિવાન એવા શય્યંભવભટ્ટે વિચાર્યું કે, આ

પંચમહાવ્રતધારી મુનિઓ કદાપિ જુઠું બોલે નહી, માટે આ યજ્ઞકાર્યના સંબંધમાં ખરેખર કંઇ છુપું રહસ્ય હોવું જોઇયે. એમ વિચારી જુસ્સાથી તેણે તલવાર કહાડી તે યજ્ઞાચાર્યને ખરૂં તત્વ સમજાવવામાટે ધમકી આપી. ત્યારે તે યજ્ઞાચાર્યે પણ મૃત્યુથી ડરી જઇને તેમને કહ્યું કે, આ યજ્ઞસ્તંભનીનીચે શોળમાં જૈનતીર્થંકર શ્રીશાંતિનાથજીની મૂર્તિ સ્થાપન કરી છે. અને તેના પ્રભાવથી આ સર્વ ક્રિયા નિર્વિઘ્ને થાયછે, માટે સત્ય તત્વરૂપ ફક્ત જૈનધર્મ છે, તે સાંભળી તે શય્યંભવભટ્ટે તુરત તે યજ્ઞકાર્ય છોડીને શ્રીપ્રભવસ્વામીપાસે આવી દીક્ષા લીધી. તેસમયે તેમની સ્ત્રી ગર્ભવતી હતી, અને તેથી તેણીએ પાછળથી મનકનામના પુત્રને જન્મ આપ્યો. પછી જ્યારે તે મનકકુમાર આઠ વર્ષનો થયો, ત્યારે એકવખતે તેણે પોતાની માતાને પૂછયું કે, હે માતાજી! મારા પિતાજી કયાં છે? ત્યારે તેણીએ કહ્યું કે હે વત્સ તારા પિતાજીએ તો તું જ્યારે ગર્ભમાં હતો, ત્યારેજ જૈનદીક્ષા લીધેલી છે. તે સાંભળી તે મનકકુમારને પોતાના પિતાને મળવાની ઉત્કંઠા થઇ, અને તેમાટે તે પોતાની માતાને કહ્યાવિનાજ ત્યાંથી એકાકી ચાલી નીકળ્યો, અને અનુક્રમે ચંપાનગરી કે જ્યાં તે વખતે શ્રીશય્યંભવસ્વામી વિચરતા હતા, ત્યાં તે આવી પહોંચ્યો. તે સમયે શય્યંભવાચાર્ય પણ દેહચિંતાનિમિત્તે નગરની બહાર આવેલા હતા, ત્યાં તેમણે દૂરથી તે મનકકુમારને આવતો જોયો. તેને જોતાંજ તેમને તેનાપર અત્યંત સ્નેહ આવ્યો. પછી તેમણે તે મનકકુમારને પૂછ્યું કે, તું કોણ છે? કયાંથી આવે છે? અને કોનો પુત્ર છે? ત્યારે મનકે કહ્યું કે, હું રાજગૃહનગરથી આવું છું, અને વત્સગોત્રના શય્યંભવ નામના બ્રાહ્મણનો મનક નામનો પુત્ર છું. વળી હું જ્યારે ગર્ભમાં હતો, ત્યારથીજ મારા તે પિતાએ જૈનદીક્ષા લીધેલી છે, અને તેમને મળવામાટે હું તેમની શોધમાં ફરૂં છું, કેમકે મારે પણ તેમનીપાસે દીક્ષા લેવાની ઇચ્છા છે, માટે જો આપને તેની ખબર હોય તો મને કૃપા કરી કહો? તે સાંભળી આચાર્યજીએ તેને પોતાનોજ પુત્ર જાણી કહ્યું, હું તારા પિતાજીને ઓળખું છું. તે મારા મિત્ર છે, મારે અને તેમને શરીરથી પણ જુદાઇ નથી, માટે તું મારીપાસેજ દીક્ષા લે? એમ કહી આચાર્યજી તેને સાથે લેઇ ઉપાશ્રયે આવ્યા. અને તેને દીક્ષા આપી. ત્યારબાદ શ્રુતોપયોગ દેવાથી આચાર્યજીને તે મનકમુનિનું ફક્ત છમાસનુંજ બાકી આયુ જણાયું, તેથી તેના ઉદ્ધારમાટે

તેમણે પૂર્વશ્રુતમાંથી દશવૈકાલિકસૂત્રનો ઉદ્ધાર કરી છમાસપર્યંત તેને તે સૂત્રનો અભ્યાસ કરાવ્યો. એ રીતે આરાધનાપૂર્વક તે મનકમુનિ છમાસબાદ કાળ કરી સ્વર્ગે ગયા. તે સમયે શય્યંભવાચાર્યજીની આંખોમાં આંસુ આવ્યાં. તે જોઇ યશોભદ્રઆદિક મુનિઓએ તેનું કારણ પૂછવાથી તેમણે તે મનકમુનિનો વૃત્તાંત કહી સંભળાવ્યો, અને કહ્યું કે, તે અલ્પાયુષી બાળકે પણ શુદ્ધ ચારિત્ર પાળી જે સમાધિ સહિત સુગતિ મેળવી, તેથી મને હર્ષાશ્રુઓ આવ્યાં તે સાંભળી તે યશોભદ્રાદિક શિષ્યોએ કહ્યું કે, હે ભગવન! આપે તે વૃત્તાંત અમોને પ્રથમ કેમ ન જણાવ્યો? કેમકે અમો પણ તેમની સાથે ગુરૂપુત્રપણાથી ગુરૂની પેઠેજ વર્તાવ કરત. ત્યારે આચાર્યજીએ કહ્યું કે, તમો તપોવૃદ્ધોની વૈયાવચ્ચ કરવાથી તેની શુભગતિ થયેલી છે. પછી જ્યારે તે શય્યંભવાચાર્યજીએ તે દશવૈકાલિકસૂત્રને પાછું પૂર્વમાં સંહરવાની ઇચ્છા કરી, ત્યારે સંઘે એકઠા થઇ તેમને વિનંતિ કરી કે, હે ભગવન્! આ પંચમકાળમાં કોઇ બીજા પણ તેવા અલ્પાયુષી મુનિઆદિકને ઉપયોગી હોવાથી તે સૂત્રને સ્થિર રાખો? એ રીતે સંઘની ઇચ્છાથી તે દશવૈકાલિકસૂત્ર તેમણે સ્થિર રાખ્યું. એ રીતે તે શ્રીશય્યંભવાચાર્ય ૨૮ વર્ષો ગૃહસ્થાવાસમાં, ૧૧ વર્ષો મુનિપણે, અને ૨૩ વર્ષો આચાર્યપદે રહી ૬૨ વર્ષની વયે શ્રીમહાવીરપ્રભુના નિર્વાણથી ૯૮ વર્ષો વીત્યાબાદ સ્વર્ગે પધાર્યા.

## ॥ ૫ ॥ યશોભદ્રસૂરિ ॥

આ તુંગીયાયન ગોત્રવાળા શ્રીયશોભદ્રસૂરિ પણ પોતાની પાટે શ્રીઆર્યસંભૂતિવિજયજી તથા શ્રીભદ્રબાહુસ્વામી નામના બે શિષ્યોને સ્થાપીને શ્રીવીરપ્રભુના નિર્વાણથી એકસો અડતાલીસ વર્ષો વીત્યાબાદ સ્વર્ગે ગયા. તેઓએ ૨૨ વર્ષો ગૃહસ્થાવાસમાં, ૧૪ વર્ષો સામાન્યવ્રતપર્યાયમાં, અને ૫૦ વર્ષોસુધી યુગપ્રધાનપણે રહી ૮૬ વર્ષોનું આયુ સંપૂર્ણ કર્યું હતું.

## ॥ ૬ ॥ શ્રીઆર્યસંભૂતિવિજયજી ॥

માઢરગોત્રવાળા આ શ્રીઆર્યસંભૂતિવિજયજી ૪૨ વર્ષો ગૃહસ્થપણે, ૪૦ વર્ષો સામાન્ય વ્રતપર્યાયમાં, ૮ વર્ષો યુગપ્રધાનપણે રહી, સર્વ મળી ૯૦ વર્ષોનું આયુ ભોગવી શ્રીવીરપ્રભુના નિર્વા-

ણથી એકસો છપ્પન વર્ષો વીત્યાબાદ શ્રીભદ્રબાહુસ્વામિને પોતાની પાટે સ્થાપી સ્વર્ગે ગયા.

## ॥ ૭ ॥ શ્રીભદ્રબાહુસ્વામી ॥

( તેમનું વૃત્તાંત નીચે મુજબ છે )

દક્ષિણદેશમાં આવેલા શ્રીપ્રતિષ્ઠાનપુર નામના નગરમાં ભદ્રબાહુ તથા વરાહમિહિર નામના બે દરિદ્ર બ્રાહ્મણકુમારો વસતા હતા. તેઓએ શ્રીયશોભદ્રસૂરિજીપાસે દીક્ષા લીધી. ત્યારબાદ પોતાના ભાઇ એવા શ્રીભદ્રબાહુસ્વામિને ગુરૂમહારાજે સૂરિપદ આપવાથી ઇર્ષાવડે વરાહમિહિર દીક્ષા તજીને લોકોપ્રતે નિમિત્તઆદિક કહેતો થકો પોતાની આજીવિકા ચલાવવા લાગ્યો, અને લોકોને જૂઠીરીતે સમજાવવા લાગ્યો કે સિંહલગ્નનો સ્વામી સૂર્ય મારાપર તુષ્ટમાન થયો છે. તે સૂર્યે એક સમયે મને પોતાના વિમાનમાં તેડી જઇને ગ્રહ નક્ષત્ર આદિકોની સઘળી ચાલ બતાવી છે, અને તેથી હું જ્યોતિષ્શાસ્ત્રમાં પ્રવીણ થયેલો છું. ત્યારબાદ તે વરાહમિહિરે વારાહિસંહિતા નામનું જ્યોતિષ્શાસ્ત્ર બનાવ્યું. એક વખતે તે વરાહમિહિરે પ્રતિષ્ઠાનપુરમાં જઇ પોતાની કળાથી ત્યાંના જિતશત્રુરાજાને ખુશી કર્યો. પછી અનુક્રમે તે ત્યાં જૈનધર્મની નિંદા કરવા લાગ્યો. તેથી ખિન્ન થયેલા જૈનોએ તેને ત્યાંથી દૂર કરવામાટે શ્રીભદ્રબાહુસ્વામિને બોલાવ્યા. એક વખતે તે વરાહમિહિરે તે જિતશત્રુરાજાપાસે નિમિત્ત કહ્યું કે, તમારી રાજસભામાં બાવન પલના પ્રમાણનો એક મત્સ્ય આકાશમાંથી પડશે. તે વખતે ત્યાં રહેલા શ્રીભદ્રબાહુસ્વામિજીએ કહ્યું કે, તે પડેલો મત્સ્ય સાડી એકાવન પલના પ્રમાણવાળો થશે. ત્યારબાદ શ્રીભદ્રબાહુસ્વામિજીએ કહેલા પ્રમાણજેવડોજ ત્યાં મત્સ્ય પડ્યો. એરીતે પોતાની સ્ખલના થવાથી વિશેષ પ્રકારે ક્રોધ પામેલો તે વરાહમિહિર જૈનોનો ઘણો દ્વેષ કરવા લાગ્યો. એવામાં તે રાજાને ઘેર પુત્રનો જન્મ થયો, ત્યારે નગરના સઘળા લોકો પોતાના હાથમાં વધામણિઓ લેઇ રાજાપાસે જઇ તેને ખુશી કરવા લાગ્યા. વરાહમિહિર પણ રાજા પાસે જઇ વધામણિ મૂકી કહેવા લાગ્યો કે, હે સ્વામી! તમારો આ પુત્ર એકસો વર્ષોના આયુવાળો થશે, અને આ વિવેકવિનાના જૈનાચાર્ય ભદ્રબાહુ તો પોતાના અહંકારથી આપની પાસે વધામણિમાટે પણ આવ્યા નથી. તે સાંભળી રાજા પણ પોતાના

મનમાં જેનોપ્રતે દ્વેષ કરવા લાગ્યો. એવામાં શ્રીભદ્રબાહુસ્વામીએ તે વૃત્તાંત જાણીને રાજાને જણાવ્યું કે, હે રાજન્! આપના આ પુત્રનું આયુ ફક્ત સાત દિવસોનુંજ છે, અને તેથી સાતમે દિવસે બિલાડીથી તેનું મરણ થશે, અને તેથી અમો તેની વધામણીમાટે તમારી પાસે આવ્યા નથી. એમ જાણી રાજાએ ઘણા પ્રયત્નથી રક્ષણ કર્યા છતાં પણ તે બાળક સાતમે દિવસે બિલાડીસરખા આકારવાળા કમાડના આગળિયાના પડવાથી મૃત્યુ પામ્યો. પછી રાજાઆદિકે નિભ્રંછેલો તે વરાહમિહિર તાપસ થઈ અજ્ઞાનતપ તપી મૃત્યુ પામીને વ્યંતર થયો. પછી તે પૂર્વભવના દ્વેષથી જૈનોને ઉપદ્રવ કરવા લાગ્યો. ત્યારે સંઘે મલીને વિનવેલા એવા શ્રીભદ્રબાહુ સ્વામીજીએ “ ઉવસગ્ગહર ” નામનું સ્તોત્ર રચીને તે વ્યંતરનો ઉપદ્રવ શાંત કર્યો. આ શ્રીભદ્રબાહુસ્વામિજીએ સાધુઓના ઉપકારમાટે અગ્યારે અંગોપર નિર્યુક્તિઓ રચેલી છે. એક વખતે તે શ્રીભદ્રબાહુસ્વામી વિહાર કરતાથકા રાજગૃહી નગરીમાં પધાર્યા, તેમનો ધર્મોપદેશ સાંભળી સમાનવયવાળા ચાર વણિકપુત્રોએ દીક્ષા લીધી. ત્યારબાદ તેઓ ચારે વૈભારપર્વતપર કાયોત્સર્ગધ્યાને રહ્યા, તથા ઠંડીના ઉપદ્રવથી કાળ કરી તેઓ સ્વર્ગે ગયા. એવામાં તે દેશમાં બાર વર્ષનો દુકાળ પડ્યો, અને તેથી સાધુઓને આહારઆદિક મળવામાં ઘણી મુશ્કેલીઓ પડવા માંડી. અને તેને લીધે સિદ્ધાંતોનો મુખપાઠ વીસરાવા લાગ્યો. તે દુષ્કાળને અંતે પાટલીપુત્રમાં સાધુઓનો સંઘ એકઠો થયો, અને જેમ તેમ મુખપાઠો મેળવી અગ્યારે અંગો સંકલિત કર્યા. પરંતુ દૃષ્ટિવાદને મેળવવામાટે તેના જાણકાર અને તે સમયે નેપાલદેશમાં વિચરતા એવા શ્રીભદ્રબાહુસ્વામીજીને બોલાવવામાટે સંઘે ત્યાં બે સાધુઓને મોકલ્યા. ત્યારે ભદ્રબાહુસ્વામીજીએ તે સાધુઓને કહ્યું કે, હાલમાંજ મેં પ્રાણાયામ ધ્યાનનો પ્રારંભ કર્યો છે, માટે મારાથી ત્યાં આવી શકાશે નહીં. તે મુનિઓએ પાછા આવી તે હકીકત કહેવાથી સંઘે એકઠા થઇ ફરીને તેજ મુનિઓ મારફતે તેમને કહેવરાવ્યું કે, જે કોઇ સંઘની આજ્ઞા ન માને, તેને શું દંડ આપવો? તે સાંભળી ભદ્રબાહુસ્વામિજીએ કહ્યું કે, ખરેખર તેવા માણસને સંઘે સંઘબહારજ કરવો જોઇએ, પરંતુ સંઘે મારાપર કૃપા કરીને બુદ્ધિવાન્ સાધુઓને અહીં મારી પાસે મોકલવા, અને તેઓને હું હમેશાં સાત વાચનાઓ અત્રે આપીશ.

પછી પાટલીપુત્રના સંઘે સ્થૂલભદ્રઆદિક પાંચસો બુદ્ધિવાન્ સાધુ-ઓને ત્યાં દૃષ્ટિવાદનો અભ્યાસ કરવામાટે મોકલ્યા. પરંતુ કેટલાક સમય પછી એક સ્થૂલભદ્રજી શિવાયના બાકીના બીજા સાધુઓ અભ્યાસથી કંટાળીને ત્યાંથી ચાલ્યા ગયા. અને સ્થૂલભદ્રજીએ તે-મની પાસે રહી દશપૂર્વોનો અર્થસહિત અને બાકીના ચાર પૂર્વોનો મૂળપાઠે અભ્યાસ કર્યો. એ રીતે શ્રીભદ્રબાહુસ્વામી ૪૫ વર્ષો સુધી ગૃહસ્થાવાસમાં, ૧૭ વર્ષોસુધી સામાન્ય વ્રતધારી, અને ૧૪ વર્ષો સુધી યુગપ્રધાનપણે રહી છહોતેર વર્ષોનું આયુ ભોગવી શ્રીસ્થૂલ-ભદ્રજીને પોતાની પાટે સ્થાપી શ્રીમહાવીરપ્રભુના નિર્વાણ પછી એકસો સીતેર વર્ષો વીત્યાબાદ કુમરગિરિપર અનશન કરી સ્વર્ગે ગયા.

## ॥ ૮ ॥ શ્રીસ્થૂલભદ્રસ્વામી ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

પાટલીપુત્ર નામના નગરમાં નંદનામે રાજા રાજ્ય કરતો હતો, તેનો કાયથજાતિનો અને જૈનધર્મ પાલનારો શકડાલનામે મંત્રી હતો. તે મંત્રીની લાછલદે નામની સ્ત્રી હતી. વળી તેઓને સ્થૂલભદ્ર તથા શ્રીયક નામના બે પુત્રો, અને યક્ષાઆદિક નામોવાળી સાત પુત્રીઓ હતી. તેઓમાંથી સ્થૂલભદ્ર મનોહર યૌવનરૂપવાળી કોશાનામની વેશ્યામાં આસક્ત થઈને બાર વર્ષો સુધી તેણીનેજ ઘેર રહ્યો, અને તે મુદત દરમ્યાન તેણે સાડાબાર ક્રોડ સોનામોહોરોનું ખર્ચ કર્યું. હવે એક વરરૂચિનામનો શીઘ્રકવિ બ્રાહ્મણ હમેશાં રાજસભામાં આવીને પોતે રચેલાં એકસોઆઠ નવિન નવિન કાવ્યોવડે રાજાની સ્તુતિ ક-રવા લાગ્યો. તે કાવ્યો સાંભળી ખુશી થયેલો તે નંદરાજા તે બ્રા-હ્મણને ઘણું દ્રવ્ય આપવા લાગ્યો. તે જોઈ તે શકડાલમંત્રિએ વિચાર્યું કે, આ રાજા આવી રીતે હમેશાં આ બ્રાહ્મણને ફોકટ દ્રવ્ય આપી ધનનો વિનાશ કરે છે. એમ વિચારી તે મંત્રિએ એક વખતે તે નંદ-રાજાને જણાવ્યું કે હે સ્વામી! આ બ્રાહ્મણને હમેશાં ફોકટ દ્રવ્ય આપીને શામાટે દ્રવ્યના ભંડારનો વિનાશ કરો છો? આ ધૂર્ત બ્રા-હ્મણ હમેશાં બીજાએ કરેલાં કાવ્યોવડે આપની સ્તુતિ કરીને ઠગે છે. એવી રીતનું મંત્રિનું વચન સાંભળીને ક્રોધ પામેલા રાજાએ તે બ્રાહ્મણને દાન આપવું બંધ કર્યું. તેથી દુભાયેલો તે વરરૂચિ બ્રાહ્મણ તે શકડાલમંત્રિને મારવાનો ઉપાય શોધવા લાગ્યો. એવામાં એક

વખતે તે શકડાલમંત્રિને ઘેર તેના પુત્ર શ્રીયકના વિવાહનો પ્રસંગ આવ્યો. તે અવસરે રાજાને ભેટ દેવા માટે મંત્રિએ કેટલાંક ઉમદાં હથિયારો પોતાને ઘેર તૈયાર કરાવવા માંડ્યાં. કોઇપણ રીતે તે વૃત્તાંત જાણવાથી તે દુષ્ટ બ્રાહ્મણે અવસર મળેલો જાણીને નગરના લોકોના બાળકોને મીઠાઇઆદિક આપી એવું શિખાવ્યું કે, આ શકડાલમંત્રી નંદરાજાને મારીને પોતાના પુત્ર શ્રીયકને રાજ્યપર સ્થાપન કરશે. હવે નગરલોકના તે સઘળા બાળકો એવી રીતનું વાકય હમેશાં મોટે સ્વરે મુખથી બોલતાથકા શેરીએ શેરીએ ભમવા લાગ્યા. અનુક્રમે તે વાત નંદરાજાના સાંભળવામાં આવી. તેથી શંકિત થયેલા તે રાજાએ પોતાના ગુપ્ત અનુચરો મારફતે મંત્રિને ઘેર હથિઆરો તૈયાર કરવાનો વૃત્તાંત જાણ્યો. તેથી ક્રોધ પામેલા નંદરાજાએ બીજે દિવસે રાજસભામાં આવેલા તે શકડાલમંત્રિની સામે પણ જોયું નહીં ત્યારે મહાચતુર એવો તે શકડાલમંત્રી રાજાને પોતાપર ક્રોધ પામેલો જાણી તુરત ઘેર આવી પોતાના પુત્ર શ્રીયકને કહેવા લાગ્યો કે, કોઇક દુષ્ટથી પ્રેરાયેલો રાજા ખરેખર આપણાપર કોપાયમાન થયેલો છે, માટે તારે આપણા સર્વ કુટુંબની રક્ષામાટે પ્રભાતે જ્યારે હું રાજસભામાં જાઉં, ત્યારે મારૂં મસ્તક છેદી નાખવું; તે સાંભળી શ્રીયકે કહ્યું, હે પિતાજી! એવી રીતનું પિતાની હત્યારૂપ મહાપાપ હું કેમ આચરૂં? ત્યારે શકડાલમંત્રીએ કહ્યું કે, હે વત્સ! કુટુંબની રક્ષામાટે તારે તેવું અકાર્ય પણ કરવું પડશેજ. વળી હું તે વખતે તાલપુટનામનું વિષ મારા મુખમાં રાખીશ, અને તેથી તું પણ પિતૃહત્યાના મહાપાપથી વિમુક્ત થઇશ. એ રીતે ઘણા આગ્રહપૂર્વક કહેવાથી તે શ્રીયકે પિતાનું તે વચન સ્વીકાર્યું. પછી પ્રભાતે રાજસભામાં આવેલા તે શકડાલમંત્રિનું મસ્તક શ્રીયકે તલવારવડે છેદી નાખ્યું; ત્યારે રાજાએ કહ્યું કે, અરે શ્રીયક! આ તેં શું કર્યું? ત્યારે શ્રીયકે કહ્યું કે, હે સ્વામી! પોતાના માલિકનું અહિત ચિંતવનાર પિતાને પણ મારી નાખવોજ જોઇએ. તે સાંભળી ખુશી થયેલા રાજાએ મંત્રિની પદવી સ્વીકારવામાટે શ્રીયકને કહેવાથી તેણે રાજાને કહ્યું કે, હે સ્વામી! મારા મ્હોટા ભાઇ સ્થૂલભદ્ર કોશાવેશ્યાને ઘેર રહે છે, તેમને બોલાવી આપે મંત્રિપદ દેવું. ત્યારે રાજાએ બોલાવેલા સ્થૂલભદ્ર રાજસભામાં આવ્યા ત્યારે રાજાએ તેમને મંત્રિપદ લેવામાટે કહેવાથી તેમણે કહ્યું કે, હે સ્વામી! હું વિચારીને મંત્રિપદ

અંગીકાર કરીશ. એમ કહી તે સ્થૂલભદ્ર અશોકવાડીમાં જઈ પોતાના મનમાં વિચારવા લાગ્યો કે, અરે! રાજ્યકાર્યના વ્યાપારથી મારા પિતાજીની આવી અવસ્થા થઇ! માટે એવા પ્રકારની રાજપદવી લેવાની મારે જરૂર નથી. એમ વિચારી તે સ્થૂલભદ્રજીએ પોતાનું રત્નકંબલ ફાડી, તેનું રજોહરણ બનાવી મનમાં વૈરાગ્યને ધારણ કરી મુનિનો વેષ લેઇ રાજસભામાં આવી રાજાને ધર્મલાભની આશિષ આપી. તે જોઇ રાજાઆદિક સભાજનોએ મનમાં આશ્ચર્ય પામી તેમને વંદન કર્યું. ત્યાંથી નિકળીને તે સ્થૂલભદ્રમુનિએ શ્રીઆર્યસં-ભૂતિવિજયજી પાસે આવી દીક્ષા લીધી, તથા અનુક્રમે તે મુનિ અ-ગ્યારે અંગોના પારંગામી થયા. એવામાં દુષ્કાલના પ્રભાવથી જૈન મુનિઓને શાસનનો આધારભૂત દૃષ્ટિવાદ પ્રાયેં કરીને વિસ્મૃત થયો. તેના પાઠોનો સંગ્રહ કરવામાટે પાટલીપુત્રનગરમાં ચતુર્વિધ જૈન સંઘ એકઠો થયો.

તે વખતે સંઘને માલુમ પડયું કે, આ વખતે નેપાલદેશમાં વિચરતા ફક્ત શ્રીમાન્ ભદ્રબાહુસ્વામીજ દૃષ્ટિવાદના જાણકાર છે; અને તેથી તેમને પાટલીપુત્રમાં બોલાવવામાટે કાગળ લખી આપી સંઘે તે નેપાલદેશમાં સાધુઓને મોકલ્યા. તે સાધુઓએ પણ ત્યાં જઈ શ્રીભદ્રબાહુસ્વામિને સંઘે લખેલો કાગળ આપ્યો. કાગળ વાંચી ભદ્રબાહુસ્વામિજીએ તે સાધુઓને કહ્યું કે, આ સમયે હમણાંજ મેં પ્રાણાયામનામના ધ્યાનમાં પ્રવેશ કર્યો છે, તેથી હાલ મારાથી ત્યાં આવી શકાશે નહી. તે સાંભળી તે સાધુઓએ પાટલીપુત્રમાં જઈ ત્યાંના સંઘને નિવેદન કર્યું. ત્યારે દુભાયેલા તે સંઘે ફરીને ત્યાં બે સાધુઓને શ્રીભદ્રબાહુસ્વામિજીનીપાસે મોકલ્યા, અને તેમના મુખથી સંઘે તેમને જણાવ્યું કે, જે માણસ સંઘની આજ્ઞાનો સ્વીકાર કરે નહી, તે કયા દંડને પાત્ર થાય? ત્યારે શ્રીભદ્રબાહુસ્વામીજીએ કહ્યું કે, તે માણસને સંઘે સંઘબહાર કરવો. ત્યારે તે બન્ને સાધુઓએ તેમને જણાવ્યું, હવે આજથી તમોજ સંઘબહાર થયા છો. ત્યારે તેમણે કહ્યું કે, સંઘે મારાપર કૃપા કરીને અહીં બુદ્ધિવાન્ સાધુઓને મોકલવા, જેથી હું તેઓને દૃષ્ટિવાદની વાચના આપીશ, કે જેથી મારાં ધ્યાનનો અને સંઘના કાર્યનો સુખેસુખે નિર્વાહ થઇ જશે. ત્યારબાદ તે બન્ને સાધુઓએ પણ પાટલીપુત્રમાં જઇને તેમનું કહેવું નિવેદન કર્યું. ત્યારે સંઘે પણ સ્થૂલભદ્રઆદિક પાંચસો મુનિઓને

ત્યાં મોકલ્યા, અને ભદ્રબાહુસ્વામી પણ તેઓને વાચના દેવા લાગ્યા. કેટલેક સમયે એક સ્થૂલભદ્રમુનિશિવાય બીજા સઘળા મુનિઓ અભ્યાસથી કંટાળીને પાછા ચાલ્યા ગયા. અને સ્થૂલભદ્રજીએ તેમની પાસે બે વસ્તુઅધિક દશપૂર્વોનો અભ્યાસ કર્યો. એવામાં શ્રીભદ્રબાહુસ્વામી સ્થૂલભદ્રમુનિસહિત વિચરતાથકા પાટલીપુત્રનગરના ઉદ્યાનમાં પધાર્યા. તે વખતે પૂર્વે જેઓએ દીક્ષા ગ્રહણ કરેલી છે, એવી યક્ષાઆદિક સ્થૂલભદ્રજીની આઠે બહેનો તેમને વાંદવામાટે શ્રીભદ્રબાહુસ્વામીજીની પાસે આવી. ત્યાં ગુરૂમહારાજને વાંદીને, તથા પોતાના ભાઇ સ્થુલભદ્રને નહી જોવાથી તેઓએ તેમને પૂછ્યું કે, હે ભગવન્! જેમણે દીક્ષા લીધેલી છે, એવા અમારા ભાઇ સ્થુલભદ્ર કયાં છે? અમો તેમને વંદન કરવામાટે ઉત્સુક થયેલી છીયે. ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, તેઓ પાછળના ભાગમાં નજીકમાં રહેલી દેરીમાં બેસી પોતાનો પાઠ કરી રહેલા છે. તે સાંભળી તેમના દર્શનમાટે ઉત્સુક થયેલી તે સઘળી સાધ્વીઓ ગુરૂમહારાજને વાંદી ત્યાં જવા લાગી. એવામાં તે દેરીના દ્વારમાં બેઠેલા તે સ્થુલભદ્રમુનિએ પણ પોતાની તે બેહેનોને આવતી જોઇને તેઓને આશ્ચર્ય ઉપજાવવામાટે રૂપપરાવર્તનનામની વિદ્યાવડે પોતાનું સિંહનું રૂપ કર્યું. હવે ત્યાં આવેલી તે સાધ્વીઓ સિંહને જોઇ હૃદયમાં ભય ઉત્પન્ન થવાથી કંપિત થઇ પાછી વળી શ્રીભદ્રબાહુસ્વામી પાસે આવી કહેવા લાગી કે, હે ભગવન્! ખરેખર અમારા તે ભાઈનું ભક્ષણ કરીને ત્યાં એક સિંહ બેઠેલો છે. તે વખતે દીધેલ છે શ્રુતોપયોગ જેમણે એવા તે ભદ્રબાહુસ્વામીજીએ સ્થુલભદ્રનુંજ તે કૌતુકમાટેનું આચરણ જાણીને ગંભીરપણું ધારણ કરી તે સાધ્વીઓને કહ્યું કે, હે મહાસતીઓ! હવે તમો જો ત્યાં પાછી ફરીને જશો, તો ખરેખર તમોને તમારા ભાઇનાં દર્શન થશે. તે સાંભળી ગુરૂમહારાજના વચનપર શ્રદ્ધા રાખીને ફરીને ત્યાં ગયેલી તે સાધ્વીઓએ પોતાના ભાઇ સ્થુલભદ્રમુનિને જોઇ ખુશી થઇ તેમને વંદના કરી. પછી તેઓના ગયાબાદ તે સ્થુલભદ્રમુનિ પણ પાઠ લેવામાટે ગુરૂમહારાજ પાસે આવ્યા. પરંતુ તમો અયોગ્ય છો. એમ કહી ગુરૂજીએ તેમને પાઠ આપ્યો નહી. ત્યારે તે સ્થુલભદ્રજીએ પણ પોતાનો અપરાધ ખમાવવાપૂર્વક ઘણી પ્રાર્થના કરવા છતાં પણ ગુરૂમહારાજે તેમને પાઠ આપ્યો નહીં. ત્યારબાદ ફક્ત સકલસંઘની પ્રેરણાથીજ અર્થવિના બાકીના ચાર

પૂર્વેનો પાઠ ગુરૂમહારાજે તેમને આપ્યો, અને કહ્યું કે, હવેથી તમારે કોઇને પણ આ પાઠ આપવો નહીં. આ શ્રીસ્થૂલભદ્રજીનું વિશેષ વૃત્તાંત તો તેમના ચરિત્રઆદિકથી જાણી લેવું. એ રીતે આ શ્રીસ્થૂલભદ્રમુનિ ૩૦ વર્ષોસુધી ગૃહવાસમાં, ૨૪ વર્ષોસુધી વ્રતપર્યાયમાં અને ૪૫ વર્ષોસુધી યુગપ્રધાનપણે રહીને ૯૯ વર્ષ, પાંચ માસ અને પાંચ દિવસોનું પોતાનું સર્વ આયુ સંપૂર્ણ કરીને શ્રીમહાવીરપ્રભુના નિર્વાણથી ૨૧૫ વર્ષો વીત્યાબાદ મગધદેશમાં રાજગૃહનગરની પાસે આવેલા વૈભારપર્વતપર એક પખવાડીયાની સંલેખનાપૂર્વક અનશન કરીને પોતાની પાટે શ્રીઆર્યમહાગિરિજી મુનીશ્વરને સ્થાપન કરીને એકસો મુનિઓના પરિવારવડે સેવાયાથકા સ્વર્ગે ગયા.

## ॥ ૯ ॥ શ્રીઆર્યમહાગિરિજી ॥

મગધદેશમાં આવેલા કોલ્લાગનામના ગામમાં ઇલાપત્યગોત્રમાં ઉત્પન્ન થયેલો રૂદ્રસોમનામનો બ્રાહ્મણ વસતો હતો, તે બ્રાહ્મણ વેદો તથા વેદાંગોનો પારંગામી હતો. તે બ્રાહ્મણને શીલરૂપી આભૂષણને ધારણ કરનારી મનોરમાનામે સ્ત્રી હતી, તેઓને મહાગિરિ અને સુહસ્તિનામના બે પુત્રો હતા. યૌવન પામેલા એવા તે બન્ને ભાઇઓ વિદ્યાનો અભ્યાસ કરવામાટે પાટલીપુત્રનગરમાં આવ્યા. એવામાં અનેક વિદ્યાઓનો પાર પામેલા એવા શ્રીસ્થૂલભદ્રમુનિ પોતાના પરિવાર સહિત પાટલીપુત્રનગરના ઉદ્યાનમાં આવી સમોસર્યા. તે વખતે નગરના લોકોના ટોળેટોળાં તેમને વાંદવામાટે નગરપાસે આવેલા તે ઉદ્યાનમાં જવા લાગ્યા. તે વખતે તે મહાગિરિ અને સુહસ્તિનામના બ્રાહ્મણપુત્રો પણ કૌતુકથી ત્યાં ગયા. ત્યાં તે શ્રીસ્થૂલભદ્રમુનિજીની મધુરતા અને ગંભીરતાઆદિક ગુણોના સમૂહથી શોભાયમાન થયેલી ધર્મદેશના સાંભળીને તે બન્ને બ્રાહ્મણપુત્રોએ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. અનુક્રમે તે બન્ને મુનિઓ જિનેશ્વરપ્રભુએ પ્રરૂપેલાં શાસ્ત્રોનાં પારંગામી થયા. પછી કેટલોક સમય ગયાબાદ પરમ વૈરાગ્યને પ્રાપ્ત થયેલા, અને શ્રીમાન્ સ્થૂલભદ્રજીએ ગણનાયક કર્યાં છતાં પણ તે શ્રીઆર્યમહાગિરિમુનિરાજ વિચ્છેદ ગયેલા એવા પણ જિનકલ્પીપણાના આચારને પાલવાની ઇચ્છા કરતાથકા સર્વસાધુસમુદાયને આર્યસુહસ્તિજીમહારાજને સોંપીને જિનકલ્પીઆચારની તુલના કરતાથકા બહુલ અને બલિસ્સહઆદિક ચાર શિષ્યોસહિત જૂદા વિહાર કરવા

લાગ્યા. અનુક્રમે કલિંગદેશમાં આવેલા કુમરગિરિનામના તીર્થમાં આવી અનશન કરી તેઓ શ્રીમહાવીરપ્રભુના નિર્વાણથી ૨૪૫ વર્ષો વીત્યાબાદ સ્વર્ગે ગયા. તેમના શિષ્યોમાના બહુલ નામના મુનિરાજનો પરિવાર જિનકલ્પીઆચારનીજ તુલના કરવા લાગ્યો; અને ત્યારથી જિનકલ્પી જૈન મુનિઓની શાખા નિકળી, અને કેટલેક કાળે તેજ શાખા દિગંબરોના નામથી પ્રસિદ્ધ થઇ. બલિસ્સહમુનિ પાછળથી પોતાના પરિવાર સહિત સ્થવિરકલ્પીઆચાર પાલવા લાગ્યા, પરંતુ તેમની શાખા જૂદી પડીને વાચકગણના નામથી પ્રસિદ્ધ થઇ. તેમના પરિવારનું વર્ણન પૂર્વે શ્રીઆર્યહિમવંતજીએ રચેલી સ્થવિરાવલિમાં કહેલું છે, ત્યાંથી જાણી લેવું.

## ॥ ૧૦ ॥ શ્રીઆર્યસુહસ્તિજી ॥

( તેમનું વૃત્તાંત નીચે મુજબ છે. )

શ્રીસ્થૂલભદ્રજી મહારાજના શિષ્યોમાં ઉત્તમ એવા શ્રીઆર્યસુહસ્તિજી શ્રીઆર્યમહાગિરિજીએ સોંપેલા સાધુસમુદાયની વ્યવસ્થા કરતાથકા અને સ્થવિરકલ્પી આચારને પાલતાથકા વિહાર કરવા લાગ્યા, એવામાં મગધઆદિક દેશોમાં લોકોને અત્યંત ભય કરનારો વરસાદના અભાવરૂપ દુકાળ પડ્યો, અને તેથી અનેક લોકો ભોજન ન મળવાથી મરણ પામ્યા. એવીરીતનો દુકાળ હોવા છતાં પણ ભાવિક ધનવાન્ શ્રાવકોપાસેથી જૈનમુનિઓને ભિક્ષા મળવા લાગી. હવે એક વખતે શ્રીઆર્યસુહસ્તિમહારાજના બે શિષ્યો ભિક્ષા લેવા માટે કોઇએક ધનવાન્ શ્રાવકના ઘરમાં દાખલ થયા. એવામાં કોઇએક ભૂખ્યો, તથા બાકી રહેલ હાડચામડીયુક્ત શરીરવાળો રંક ભોજન મેળવવામાટે ત્યાંજ આવી ચડ્યો. ત્યાં ઉભેલો તે રંક તે બન્ને મુનિઓને મળેલી મોદકોની ઘણી ભિક્ષાને જોઇને પોતાના મનમાં આશ્ચર્ય પામ્યો. અને ભિક્ષા લીધાબાદ ત્યાંથી પાછા વળેલા તે બન્ને મુનિઓની પાસે આવીને તે રંક અત્યંત મધુર અને દીન વચનથી તેઓ પાસે પોતાને ભોજન આપવામાટે યાચના કરવા લાગ્યો. ત્યારે તે મુનિઓએ તેને કહ્યું કે, હે મહાભાગ્યવંત! અમારા ગુરૂમહારાજની આજ્ઞાવિના અમો કોઇને પણ ભોજન આપી શકીયે નહીં. એવીરીતનું તેમનું વચન સાંભળીને તે ક્ષુધાતુર રંક ભોજન

મળવાની લાલચથી તે મુનિઓની પાછળ પાછળ ચાલતોથકો ઉપાશ્રયના દ્વારપાસે આવી ઉભો. પછી તે બન્ને મુનિઓએ પણ ગુરૂમહારાજની પાસે જઇ ગોચરી આલોચ્યાબાદ તે રંકભિક્ષુકનું વૃત્તાંત નિવેદન કર્યું. ત્યારે આપેલ છે શ્રુતજ્ઞાનનો ઉપયોગ જેમણે એવા તે સ્થવિર શ્રીઆર્યસુહસ્તિમહારાજે પણ તે રંકના જીવથી આગામિકાળમાં થનારી જિનશાસનની પ્રભાવનાને જાણીને તે રંકને ઉપાશ્રયમાં બોલાવી કહ્યું કે, હે મહાનુભાવ! જો તું હમણાજ ચારિત્ર અંગીકાર કરે, તો અમો તને ભાવે તેટલું લાડુઓનું ખૂબ ભોજન આપીએ; તે સાંભળી ભવિષ્યકાળમાં જેનું કલ્યાણ થવાનું છે, એવા તે રંકે પણ ચારિત્ર લેવાનું સ્વીકાર્યું. ત્યારે ગુરૂમહારાજે પણ તેજ વખતે તેને દીક્ષા આપીને તેની ઇચ્છામુજબ લાડુઆદિકનું ભોજન કરાવ્યું. પછી તે રંકભિક્ષુક પણ જૈનદીક્ષાના ગુણોનું અનુમોદન કરતોથકો અત્યંત ભોજન કરવાથી થયેલા અતિસારના રોગથી અપ્રકટ સામાયિકના વ્રતને ધારણ કરતોથકો શુભધ્યાનમાં તત્પર રહી તેજ રાત્રિએ મરણ પામી અશોકરાજાના કુણાલનામના અંધપુત્રનો સંપ્રતિનામે પુત્ર થયો. અનુક્રમે તે સંપ્રતિકુમાર પોતાના દાદાએ ગરાસમાં આપેલી, અને માલવાદેશના આભૂષણભૂત એવી ઉજ્જયિનીનગરીમાં રાજા થયો. એવામાં શ્રીઆર્યસુહસ્તિજી સ્થવિર પણ મુનિસમૂહોના પરિવારસહિત વિહાર કરતાથકા અનુક્રમે તેજ ઉજ્જયિનીનગરીમાં પધાર્યા. તે વખતે ત્યાં શ્રીમાન્ જીવંતસ્વામી એવા શ્રીમહાવીરપ્રભુની પ્રતિમાનો રથયાત્રાનો મહોત્સવ પ્રવર્તતો હતો. તે મહોત્સવમાં શ્રીમાન્ આર્યસુહસ્તિજી મહારાજ પણ પોતાના પરિવારસહિત માર્ગમાં ચાલતા હતા. હવે પ્રભુની તે પ્રતિમાનો રથ નગરમાં ફરતોથકો શ્રીમાન્ ચતુર્વિધ સંઘસહિત રાજદરબાર પાસે આવ્યો. તે વખતે ઝરૂખામાં બેઠેલા સંપ્રતિરાજા તે મહોત્સવમાં નીચે રાજમાર્ગમાં પગે ચાલતા એવા તે આર્યસુહસ્તિજી નામના સ્થવિર આચાર્યમહારાજને જોઇને પોતાના મનમાં વિચારવા લાગ્યા કે, અહો! મેં કોઇક પણ સમયે આવા વેષને ધારણ કરનારા સાધુઓને જોએલા છે. એવીરીતે વિચાર કરતાંથકાં તે રાજાને મૂર્છા આવ્યાબાદ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. અને તેથી તે જ્ઞાનવડે કરીને તેણે હાથમાં રહેલાં આંબળાંનીપેઠે પોતાનો પૂર્વભવ જોયો. ત્યારબાદ તે સંપ્રતિરાજા તે શ્રીઆર્યસુહસ્તિ નામના ગુરૂમહારાજને

ઓળખીને, તથા તેમને પોતાના પૂર્વભવના ઉપકારી જાણીને તેમને વાંદવાની ઇચ્છાથી તુરત નીચે ઉતરી તેમના ચરણોમાં નમસ્કાર કરી કહેવા લાગ્યા કે, હે ભગવન્! શું આપસાહેબ મને ઓળખો છો? તે સાંભળી દીધેલ છે શ્રુતજ્ઞાનનો ઉપયોગ જેમણે એવા તે શ્રીગુરૂમહારાજે પણ તે સંપ્રતિરાજાને તેના પૂર્વભવમાં પોતાનો શિષ્ય જાણીને કહ્યું કે, હે રાજન! તમો પૂર્વભવમાં ફક્ત એક દિવસનુંજ સંયમ ધારણ કરનારા અમારાજ શિષ્ય હતા. અને તે સમયે ફક્ત એક દિવસજ તમોએ આરાધન કરેલા અવ્યક્ત-સામાયિકના ફલરૂપ આ રાજ્ય પ્રાપ્ત કર્યું છે. એવીરીતનું શ્રી ગુરૂમહારાજનું વચન સાંભળીને અત્યંત ખુશી થયેલા તે સંપ્રતિરાજા જૈનધર્મપર દૃઢ શ્રદ્ધા આવવાથી પોતાની આંખોમાં હર્ષના આંસુઓ લાવી ફરીને પણ તે ગુરૂમહારાજને વાંદીને એમ કહેવા લાગ્યા કે, હે ભગવન્! આપના પસાયથી મને કંગાલ ભિક્ષુકને પણ આવીરીતની રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થઇ છે, હવે આપ સાહેબ મારા યોગ્ય કાર્ય મને ફરમાવો? ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, હે રાજન્! જે ધર્મના પસાયથી તમોને આવીરીતની રાજ્ય સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે. તેજ ધર્મનું પ્રભાવનાઆદિકવડે કરીને તમો આરાધન કરો? કે જેથી તમોને વળી પણ સ્વર્ગ તથા મોક્ષઆદિકના શાશ્વતાં સુખની પ્રાપ્તિ થાય. તેથી અત્યંત ખુશી થયેલા તે સંપ્રતિરાજા નાનાપ્રકારની જૈનધર્મ સંબંધી પ્રભાવના કરવા લાગ્યા. વળી પોતે સમ્યક્ત્વનો સ્વીકાર કરીને સુવર્ણ, રૂપું, તથા પાષાણઆદિકવડે તેમણે સવાક્રોડ નવી જૈનપ્રતિમાઓ કરાવી, તથા સવાલાખ નવાં જિનમંદિરો બંધાવ્યાં. વળી પૂર્વે કરાવેલાં તેરહજાર જિનમંદિરોનો તેમણે જીર્ણોદ્ધાર કરાવ્યો. વળી ગરીબ અને નિરાધાર ભિક્ષુકઆદિકોને ભોજન આપવામાટે તેણે સાતસો દાનશાળાઓ કરાવી. પછી તે સંપ્રતિરાજાએ શ્રીમહાવીરપ્રભુના નિર્વાણથી બસો એક્યાશી વર્ષો વીત્યાબાદ પોતાની રાજધાની એવી ઉજ્જયિનીનગરીમાં જૈનધર્મનો ફેલાવો કરવામાટે ચતુર્વિધ જૈનસંઘની એક મહોટી સભા એકઠી કરી. તે સભાના પ્રમુખપદે શ્રીઆર્યસુહસ્તિજીમહારાજ બિરાજ્યા હતા. પછી ત્યાં મળેલા તે સર્વ સંઘની સંમતિથી તે સંપ્રતિરાજાએ જૈનધર્મનો ફેલાવો કરવામાટે પોતાના અનેક સેવકોને સાધુ મુનિરાજનો વેષ પહેરાવીને અનાર્યદેશોમાં પણ મોકલ્યા.

તેઓએ ત્યાં જઇ ત્યાંના લોકોને પ્રતિબોધીને તે અનાર્યદેશોને પણ જૈનમુનિઓને વિહાર કરવાલાયક કર્યાં. એ રીતે તે સંપ્રતિરાજાએ તે અનાર્યદેશોમાં પણ પ્રભાવનાપૂર્વક જૈનધર્મનો ફેલાવો કર્યો. વળી તે રાજાએ પોતાના દેશમાં પણ સર્વ વ્યાપારીઓને હુકમ કર્યો કે, તમારે જૈનમુનિઓને જે કંઈ જોઇયે તે તેમની ઇચ્છામુજબ ભોજન તથા વસ્ત્રઆદિક આપવાં, અને તેનું મૂલ્ય મારા ખજાનચી પાસેથી તમારે વસુલ કરવું. હવે લોભના માર્યાં તે વ્યાપારીઓ પણ પોતાની વસ્તુઓની ઘણી કિંમત ઉપજાવવામાટે પરસ્પર સ્પર્ધાપૂર્વક જૈન મુનિઓને બોલાવી બોલાવીને ઘણી કિંમતવાળા ભોજન તથા વસ્ત્ર આદિક તેમને આપવા લાગ્યા. એ રીતે રાજપિંડને ગ્રહણ કરતા એવા પોતાના પરિવારના મુનિઓને જાણતાં છતાં પણ તે શ્રીઆર્યસુહસ્તિજીમહારાજ (રાજાપ્રતેના) પોતાના શિષ્યપણાના મોહથી નિવારી શક્યા નહીં. વળી તે મુનિઓ પણ મરજી મુજબ પોતાને ભોજનઆદિક મળવાથી કંઇક શિથિલાચારી થયાથકા પ્રાયે કરીને ધર્મધ્યાનથી સ્ખલિત થવા લાગ્યા. હવે એવીરીતનું જિનશાસનના મુનિઓનું શિથિલપણું જાણીને જિનકલ્પિની તુલના કરનારા શ્રી આર્યમહાગિરિજીમહારાજ પોતાના મનમાં દુભાઇને શ્રીઆર્યસુહસ્તિજી પાસે આવ્યા. એવીરીતના તેમના અકસ્માત આગમનથી ચકિત થયેલા શ્રીઆર્યસુહસ્તિજીમહારાજ તુરત ઉભા થયા, અને તેમની સન્મુખ જઇ હાથ જોડી બેસવામાટે તેમને આસન આપી, વંદન કરી, સુખ સંયમયાત્રાદિકના પ્રશ્નપૂર્વક વિનયથી તેમની આસનાવાસના કરવા લાગ્યા. તેવારપછી તે શ્રીમાન્ આર્યમહાગિરિજી મહારાજે આર્યસુહસ્તિજીને કહ્યું કે, હે મહાભાગ! શ્રીમહાવીરપ્રભુની આજ્ઞાવિરૂદ્ધ આ રાજપિંડ ગ્રહણ કરવાનો આચાર તમોએ શામાટે પ્રારંભ્યો છે? ત્યારે આર્યસુહસ્તિજીએ કહ્યું કે, હે ભગવન્! ધર્મના અતિશય અનુરાગથી આ સંપ્રતિરાજા મુનિઓપ્રતેથી પોતાની અત્યંત ભક્તિને લીધે આ કાર્ય કેવલ પોતાની ઉદારતાથીજ શાસનની ઉન્નતિમાટે કરે છે, અને તેથી આ મુનિઓ પણ તેવા ભક્તિવંત રાજાના ઉત્સાહનો ભંગ શીરીતે કરી શકે? હવે તે શ્રીઆર્યસુહસ્તિમહારાજના પણ આવીરીતનાં વચનો સાંભળીને ધારણ કરેલ છે ક્રોધ જેમણે એવા તે શ્રીઆર્યમહાગિરિજી મહારાજ બોલ્યા કે, અરે! ફક્ત પોતાના શિષ્યના મોહથીજ જાણતાં છતાં પણ

તું આજ્ઞાવિરૂદ્ધ આચરણપ્રતે માયાથી આંખઆડા કાન કરે છે! હવેથી તારીસાથે મારો વ્યવહાર બંધ છે. તે સાંભળી ભયથી ધ્રુજતું છે શરીર જેમનું, તથા સંસારના ભયથી ડરતા એવા તે શ્રીઆર્ય સુહસ્તિજી ઉભા થઇ, ગુરૂમહારાજના ચરણોમાં નમસ્કાર કરી હાથ જોડી પોતાનો તે અપરાધ ખમાવવા લાગ્યા. ત્યારે ક્રોધરહિત થયેલા તે શ્રીઆર્યમહાગિરિજીમહારાજે પણ કહ્યું કે, હે મહાભાગ! આના સંબંધમાં તમારો કંઈ પણ અપરાધ નથી, ફક્ત તમોએ ( પડતા કાળના સંબંધમાં ) એ શ્રીમહાવીરપ્રભુએ કહેલું વચનજ સત્ય કરી બતાવ્યું છે. એમ કહી તે શ્રીઆર્યમહાગિરિજીમહારાજ અન્ય જગોએ વિહાર કરી ગયા. શ્રીઆર્યસુહસ્તિજી પણ ઘણા કાળસુધી પૃથ્વીમંડલપર વિહાર કરી આલોચનાપૂર્વક વિવિધપ્રકારની જૈનશાસનની પ્રભાવના કરીને, તથા પોતાની પાટે શ્રીઆર્યસુસ્થિત, તથા આર્યસુપ્રતિબુદ્ધનામના બે મુનીશ્વરોને સ્થાપીને શ્રીમહાવીરપ્રભુના નિર્વાણ પછી ૨૯૧ વર્ષો વીત્યાબાદ પાંચ દિવસોનું અનશન કરીને ઉજ્જયિનીનગરીમાં સ્વર્ગે ગયા. તેમની ભક્તિમાં તત્પર એવા ત્યાંના સંઘે ચંદન કાષ્ઠોવડે તેમના શરીરનો અગ્નિસંસ્કાર કરીને ત્યાં સ્તૂપ બંધાવ્યો. પ્રાયેં કરીને આ શ્રીઆર્યસુહસ્તિમહારાજના સમયથી જૈનમુનિઓના સમુદાયની સામાચારી કિંચિત્ ભિન્ન ભિન્ન થયેલી છે. અને જિનકલ્પિની તુલના કરનારો નૈર્ગ્રંથિકગણ ત્યારથી જૂદો પડ્યો છે, એવો વૃદ્ધવાદ છે.

## ॥ ૧૧ ॥ શ્રીઆર્યસુસ્થિતઆચાર્ય તથા શ્રીઆર્યસુપ્રતિબુદ્ધાચાર્ય ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

ચંપાનગરીના રહેવાસી સુસ્થિત અને સુપ્રતિબુદ્ધનામના રાજન્યકુલમાં ઉત્પન્ન થયેલા બન્ને ભાઇઓએ વૈરાગ્ય થવાથી શ્રીમાન્ આર્યસુહસ્તિજીમહારાજની પાસે દીક્ષા લીધી પ્રાયેં કરીને કલિંગદેશમાં વિહાર કરતા એવા તે બન્ને આચાર્યોનો ત્યાંનો પરમજૈની ભિક્ષુરાજ નામનો રાજા અત્યંત ભક્ત થયો હતો. તેઓના ઉપદેશથી તે ભિક્ષુરાજરાજાએ જિનશાસનની ઉન્નતિમાટે અનેક ધર્મકાર્યો કર્યાં છે. તે બન્ને આચાર્યોએ ત્યાં કલિંગદેશમાં શત્રુંજયાવતાર છે બીજું નામ જેનું, એવા કુમરપર્વતનામના પ્રસિદ્ધ તીર્થમાં ધ્યાન ધરી ક્રોડવાર સૂરિ-

મંત્રનું આરાધન કર્યું અને ત્યારથી તેઓના પરિવારમાંનો મુનિસમુદાય કોટિક શાખાના નામથી પ્રસિદ્ધ થયો. તે બન્ને ભાઈઓ પોતાનો પરિવાર શ્રીમાન્ ઇંદ્રદિન્નસૂરિજીને સોંપીને કુમરપર્વતપર અનશન કરી શ્રીમહાવીરપ્રભુના નિર્વાણથી ૩૨૭ વર્ષો વીત્યાબાદ સ્વર્ગે ગયા ત્યારે ભિક્ષુરાજરાજાએ તે સ્થાનપર મહોત્સવ કરીને તેમના નામોના લેખવાળા બે સ્તૂપો બંધાવ્યા.

## ॥ ૧૨ ॥ શ્રીમાન્ ઇંદ્રદિન્નસૂરિ ॥

### ( તેમનું વૃત્તાંત નીચે મુજબ છે. )

મથુરાનગરીમાં વસનારા કૌશિક ગોત્રવાળા સર્વદિન્ન નામના બ્રાહ્મણના વેદ, શ્રુતિઆદિકના પારંગામી એવા ઇંદ્રદિન્નનામના પુત્રે શ્રીઆર્યસુસ્થિતમહારાજની ધર્મદેશના સાંભળી દીક્ષા લીધી. તે શ્રીઇંદ્રદિન્નસૂરિજીએ મથુરાનગરીમાં અનેક શ્રાવકોને પ્રતિબોધ્યા, અને તે શ્રાવકોએ ત્યાં અનેક જિનપ્રતિમાઓ બનાવી, અને તે પ્રતિમાની પ્રતિષ્ઠાઓ તે શ્રીમાન્ ઇંદ્રદિન્નસૂરિજીએ કરી. એ રીતે ત્યાં ઘણા પ્રકારની જૈનધર્મની ઉન્નતિ કરીને, તથા પોતાના શિષ્ય શ્રીઆર્યદિન્નસૂરિજીને મુનિઓનો સમુદાય સોંપીને ત્રણ દિવસોનું અનશન કરીને દક્ષિણમથુરામાં શ્રીમહાવીરપ્રભુના નિર્વાણ પછી ૩૭૮ વર્ષો વીત્યાબાદ તે શ્રીઇંદ્રદિન્નસૂરિજી સ્વર્ગલોકમાં ગયા.

## ॥ ૧૩ ॥ શ્રીઆર્યદિન્નસૂરિ ॥

આ શ્રીઆર્યદિન્નસૂરિજી પોતાના મુનિસમુદાયને શ્રીમાન્ સિંહગિરિજીને સોંપીને શ્રીમહાવીરપ્રભુના નિર્વાણ પછી ૪૫૮ વર્ષો વીત્યાબાદ સ્વર્ગે ગયા.

## ॥ ૧૪ ॥ શ્રીસિંહગિરિસૂરિ ॥

આ શ્રીસિંહગિરિસૂરિજી પોતાના સાધુ સમુદાયને શ્રીવજ્રસ્વામીજીને સોંપીને શ્રીમહાવીરપ્રભુના નિર્વાણ પછી ૫૨૩ વર્ષો વીત્યાબાદ શત્રુંજયપર્વતપર બે દિવસનું અનશન કરીને સ્વર્ગે ગયા.

## ॥ ૧૫ ॥ શ્રીવજ્રસ્વામીસૂરિ ॥

અવંતીદેશમાં તુંબવનનામના ગામમાં ધન નામનો એક શેઠ વસતો હતો. તેને ધનગિરિનામનો ઉત્તમ પુત્ર હતો. તે ધનગિરિ પૂર્વે

બાંધેલાં શુભકર્મના ઉદયથી બાલ્યપણામાં વૈરાગ્ય પામી સંસારથી વિરક્ત થયો અને જૈનધર્મમાં રક્ત થયેલો તે ધનગિરિ પોતાના વિવાહમાટે પોતાના માતપિતાને નિષેધ કરવા લાગ્યો. પરંતુ મોહને વશ થયેલા તેના પિતાએ તેને માટે ગૃહસ્થો પાસે કન્યાની માગણી કરી. તે વખતે તે ધનગિરિ તે તે કન્યાઓના પિતાઓ પાસે જઇને કહેવા લાગ્યા કે, હું તો ખરેખર દીક્ષા લેવાનો છું. હવે તે નગરમાં ધનપાલનામે એક શેઠ વસતો હતો. તેને સુનંદાનામની પુત્રી હતી. અને તેણીએ તો તે ધનગિરિસાથેજ પરણવામાટે આગ્રહ કર્યો, અને તેથી તેણીના પિતાએ પોતાની તે સુનંદાનામની કન્યા તે ધનગિરિનેજ પરણાવી. હવે તે સુનંદાના આર્યસમિતનામના ભાઇએ તો પૂર્વેજ શ્રીમાન્ સિંહગિરિજીનામના આચાર્યજીની પાસે દીક્ષા લીધી હતી. હવે ભોગાવલીકર્મના ઉદયથી તે સુનંદાના ઉદરમાં ગર્ભની ઉત્પત્તિ થઇ ત્યારે તે ધનગિરિએ સુનંદાને કહ્યું કે, હે સુભગે! હવે આ થનારો પુત્ર તને આધારભુત થશે, એમ કહી તેણે ત્યાંથી નિકળી શ્રીમાન્ સિંહગિરિજી આચાર્યપાસે જઇ દીક્ષા લીધી. હવે અહીં નવ માસો સંપૂર્ણ થયાબાદ તે સુનંદાએ પૃથ્વીમંડલને દીપાવવાને બીજા સૂર્યસરખા મહાતેજસ્વી પુત્રને જન્મ આપ્યો. હવે ત્યાં રાત્રિજાગરણ વખતે એકઠી થયેલી સુનંદાની સખીઓ પરસ્પર વાતો કરવા લાગી કે, જો આ સમયે આ પુત્રનો પિતા અહીં હોત, તો આ બાળકનો મહોટો જન્મોત્સવ થાત. પરંતુ તેણે તે પહેલાંથીજ દીક્ષા લીધી છે. હવે જ્ઞાનાવરણીયકર્મના હળવાપણાથી તે સ્ત્રીઓના તેવીરીતના વાર્તાલાપને સાંભળીને સંજ્ઞાયુક્ત થયેલા તે બાળકે ચિંતવ્યું કે, અહો! મારા પિતાએ તો મારા જન્મ પહેલાંજ દીક્ષા લીધી છે. એમ વિચારતાંથકાં તે બાળકને પણ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. અને તેથી તેણે સંસારનું અસારપણું ચિંતવીને પોતાના પિતાનો માર્ગજ ગ્રહણ કરવાને નિશ્ચય કર્યો. હવે આ મોહને વશ થયેલી મારી માતા મને તુરત તજી દે તો ઠીક, એમ વિચારી તેણે હમેશાં રડવાનો પ્રારંભ કર્યો. ત્યારે મોહને વશ થયેલી સુનંદા તેનું રડવું દૂર કરાવવા માટે વિવિધપ્રકારનાં રમકડાં તથા મીઠાઇઆદિક વસ્તુઓ જેમ જેમ તેની પાસે મુકવા લાગી, તેમ તેમ તે બાળક તો વધારે વધારે રૂદન કરવા લાગ્યો. એવીરીતે હમેશાં રૂદન કરતા એવા તે બાળકથી કંટાળેલી એવી સુનંદાના

અનુક્રમે છમાસ વ્યતીત થયા. એવામાં એક વખતે શ્રીઆર્યસિંહગિરિજીમહારાજ આર્યસમિત તથા ધનગિરિઆદિક શિષ્યોના પરિવારસહિત વિહાર કરતાથકા ત્યાં તુંબવનગામમાં પધાર્યા. ત્યારે ધનગિરિજી તથા આર્યસમિતજીએ વિનયથી ગુરૂમહારાજને વિનતિ કરી કે જો આપસાહેબની આજ્ઞા હોય તો અમો આ ગામમાં વસતા એવા અમારા સંસારપક્ષના સગાંઓને અમો વંદના કરાવીયે. તેજ વખતે થયેલાં શુભશકુનોને અનુસારે ગુરૂમહારાજે કહ્યું કે. આજે અહિં તમોને મ્હોટો લાભ થશે. માટે તમોને ત્યાં સચિત્ત અથવા અચિત્ત આદિક જે કંઇ વસ્તુનો લાભ થાય, તે તમારે ગ્રહણ કરવું. હવે ઇર્યાસમિતિના પાલન પૂર્વક વિચરતા એવા તે બન્ને સાધુઓ જ્યારે સુનંદાના ઘર પાસે આવ્યા, ત્યારે ત્યાં પાડોશની સ્ત્રીઓએ મળીને સુનંદાને કહ્યું કે. હે સુનંદા! આ પુત્રના પિતા આ ધનગિરિજી આવ્યા છે. માટે હમેશાં તને રંજાડતા એવા આ પુત્રને તું તેને આપીદે? તે સાંભળી કંટાળી ગયેલી એવી તે સુનંદાએ તે છમાસની ઉમરના બાળકને પોતાના હાથમાં લેઇ ધનગિરિજીને કહ્યું કે, આ તમારા પુત્રને મેં આટલા વખતસુધી તો કેટલીક મહેનતે કષ્ટ સહન કરીને રાખ્યો છે, હવે તો હું તેના હમેશના રડવાથી કંટાળી ગયેલી છું. માટે હવે તમો આ તમારા પુત્રને લઇ જાઓ? એવીરીતનાં સુનંદાનાં વચનો સાંભળીને ધનગિરિજીએ જરા હસિને તેણીને કહ્યું કે, હે કલ્યાણિ! હમણા તો તું કંટાળી જવાથી આ પુત્રને આપીદે છે, પરંતુ પાછળથી તારા હૃદયમાં સંતાપ થશે. માટે તું આવું સાહસ ન કર? વળી કદાચ જો તું પુત્રને આપી દેવાનેજ ઉત્સુક હો. તો સાક્ષિઓ રાખીનેજ તું આ બાળકને અમોને આપ? અને અમોને આપી દેવા પછી તને કોઇ પણ દિવસ તે પાછો મળશે નહી. એમ કહેવા છતાં પણ અત્યંત કંટાળેલી એવી તે સુનંદાએ સાક્ષિઓ રાખીને તે પોતાનો પુત્ર ધનગિરિજીને આપી દીધો. ત્યારે ધનગિરિજીએ પણ તે બાળકને પોતાની ઝોળીમાં ગ્રહણ કર્યો. એટલે તેજ વખતે જાણે સંકેત કર્યો હોય નહી? તેમ તે બાલક પણ રડતો રહી ગયો. પછી તે બન્ને મુનિઓ તે બાળકને લેઇને ગુરૂમહારાજ પાસે આવ્યા. હવે અત્યંત પુષ્ટ એવા તે બાળકના ભારથી નમી ગયેલા હાથવાળા તે ધનગિરિજી મુનિને જોઇને ગુરૂમહારાજે કહ્યું કે, હે ધનગિરિજી! તમો આજે આ ભિક્ષાના ભારથી થાકી ગયેલા લાગો છો, માટે મને આ ઝોળી આપો? એમ કહીને ગુ-

રૂમહારાજે બાળકે કરીને યુક્ત એવી તે ઝોલી ધનગિરિજીના હાથમાંથી લઇ લીધી. પછી તે ઝોળીમાં સૂર્યસરખા તેજસ્વી, અને અત્યંત ભારવાળા તે બાળકને જોઇને ગુરૂમહારાજે કહ્યું કે, ખરેખર આ બાળક તો વજ્રજેવો જણાય છે. મહાન્ પુણ્યવડે શોભતો એવો આ બાળક દીક્ષા લીધાબાદ જૈનશાસનનો ઉદ્યોત કરનારો થશે, માટે આ બાળકનું પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું. પછી ગુરૂમહારાજે તે બાળકનું વજ્ર એવું નામ રાખીને તેને પાલી પોષીને મહોટો કરવામાટે સાધ્વીઓને સોંપ્યો, અને સાધ્વીઓએ પણ તેને પોષવામાટે ઉત્તમ શ્રાવિકાઓને આપ્યો. હવે તે શ્રાવિકાઓ પણ તે બાળકને પોતાના પુત્રોથી પણ અધિક ચાહાતીથકી એકબીજીની સ્પર્ધાપૂર્વક પોષવા લાગી. પછી બાળક એવા પણ તે વજ્રકુમાર બાલચેષ્ટાઓને તજીને ગંભીરપણું ધારણ કરતોથકો પ્રૌઢવયવાળા મનુષ્યની પેઠે પોતાના મનોહર હાસ્યઆદિકથી તે શ્રાવિકાઓને અત્યંત આનંદ ઉપજાવવા લાગ્યો. હવે એવીરીતે અનુક્રમે ઉલ્લસાયમાન મનોહર સ્વરૂપવાળા તથા ગુણવાન એવા તે વજ્રકુમારને જોઇને ખુશી થયેલી સુનંદા તે શ્રાવિકાઓને ઘેર જઈ કહેવા લાગી કે, આ મારો પુત્ર છે, માટે તે મને આપો? ત્યારે તે શ્રાવિકાઓએ સુનંદાને કહ્યું કે, હે કલ્યાણિ! આ પુત્ર તારો છે, એમ અમો જાણતા નથી, અમોને તો ગુરૂમહારાજે પોષણ કરવામાટે તે સોંપેલો છે, માટે અમો તને તે આપીશું નહીં. તે સાંભળી વિલખી થયેલી તે સુનંદા તે પોતાના પુત્રને દૂરથીજ જોતીથકી નિસાસા મૂકવા લાગી. પછી તેણીના અત્યંત આગ્રહથી તે શ્રાવિકાઓએ આજ્ઞા દેવાથી તે સુનંદા તે વજ્રકુમારને ત્યાંજ બેશીને રમાડતી થકી ખુશીથી ધવરાવવા લાગી. હવે અચલપુરની પાસે કન્યા અને પૂર્ણા નામની બે નદીઓની વચ્ચે રહેલા દ્વીપમાં ઘણા તાપસો ઝુંપડીઓ બાંધીને રહેતા હતા. તેઓમાંનો એક તાપસ પાદલેપ કરવાની વિધિને જાણતો હોવાથી ઔષધીઓવડે પોતાને પગે લેપ કરીને ઊંડાં પાણીમાં પણ જમીનપર જેમ ચાલતો હોય, તેમ ચાલતો હતો. તેનો તે ચમત્કાર જોઇને આશ્ચર્ય પામેલા શ્રાવકોની મશ્કરી કરતો તે તાપસ કહેવા લાગ્યો કે, તમારાં જિનશાસનમાં આવા કોઇ પણ પ્રભાવકો દેખાતા નથી. એવામાં હવે એક દિવસે તે વજ્રકુમારના મામા શ્રીમાન્ આર્યસમિતાચાર્ય વિહાર કરતાથકા તે અચલપુરમાં પધાર્યા, તેઓ મહાતપસ્વી તથા યોગ-

ક્રિયામાં નિપુણ હતા. તે વખતે શ્રાવકોએ મળીને તેમને તે તાપસનો વૃત્તાંત કહીને કહ્યું કે, તે મિથ્યાત્વી તાપસો તેમ કરીને જૈનોની મશ્કરી કરે છે. ત્યારે શ્રીઆર્યસમિતાચાર્યજીએ તેઓને કહ્યું કે, હે શ્રાવકો! તે તાપસપાસે કોઇ પણ પ્રકારની દિવ્યશક્તિ નથી, પરંતુ પગે લેપ કરવાની વિધિને જાણનારો તે તાપસ પગે ઔષધિઓનો લેપ કરીને તેમ કરે છે. હવે તેની ખાતરીમાટે તમો તે તાપસને ભોજન કરવામાટે તમારે ઘેર બોલાવો? અને જ્યારે તે આવે, ત્યારે તેના પગ અને પાવડીઓ તમારે જલવડે એવા તો ધોઇ નાખવા કે, જેથી તે સર્વ લેપ રહિત થાય. અને એ રીતે લેપ રહિત થયેલો તે તાપસ પાણીપર ચાલવાને અશક્ત થશે. એ રીતે ગુરૂમહારાજે કહેવાથી ત્યાંના શ્રાવકોએ એક દિવસે તે તાપસને ભોજનમાટે નિમંત્રણ કર્યું. ત્યારે તે તાપસ પણ પોતાના પ્રભાવથી તે શ્રાવકોને પણ પોતાને વશ થયેલા જાણીને મનમાં પોતાને ધન્ય માનતોથકો વિશેષ આડંબરપૂર્વક નદીના ઊંડાં જલને પણ સ્થલમાર્ગની પેઠે ઉતરીને ઘણા લોકોવડે વીંટાયો થકો એક શ્રાવકને ઘેર ભોજન કરવામાટે આવ્યો. ત્યારે તે શ્રાવકે પણ કપટયુક્ત ભક્તિસહિત તેને નમસ્કાર કરીને તેના પગો તથા પાવડી વિગેરેને ઉષ્ણજલવડે એવા તો ધોઈ નાખ્યા કે, જેથી તે સઘળું લેપરહિત થઇ ગયું. પછી તે શ્રાવકે બનાવટી આદરમાનવડે તેને ભોજન કરાવ્યું. હવે પોતાના પગોપરના લેપના વિનાશથી મનમાં અત્યંત ખેદ પામેલો તે તાપસ ભોજનના મનોહર સ્વાદને પણ જાણી શકયો નહીં. પછી ભોજન કર્યાબાદ પોતાના આશ્રમમાં જવાને ઉત્સુક થયેલો તે તાપસ નદીકિનારે આવ્યો. કૌતુક જોવાને ઇચ્છતા એવા ઘણા લોકો પણ ત્યાં એકઠા થયા. પછી તે નિર્બુદ્ધિ તાપસે વિચાર્યું કે, બાકી રહેલા થોડા પણ લેપના પ્રભાવથી ખરેખર હું આ ઊંડાં જલવાળી નદીને પણ ઉતરી જઇશ, એમ વિચારિ તે નદીમાં દાખલ થયો, પરંતુ લેપના અભાવથી તે કમંડલુની પેઠે "બુડ્બુડ્" શબ્દ કરતો કિનારાપરજ બુડવા લાગ્યો. એવીરીતે તે બુડતો જોઇને ત્યાં એકઠા થયેલા નગરના લોકો હાથથી તાલીઓ વગાડીને તે તાપસને ધિક્કારતા થકા કહેવા લાગ્યા કે, આ કપટી તાપસે તો આપણને ઘણા વખત સુધી ઠગ્યા. પછી તે લોકોએ દયા લાવીને તે બુડતા તાપસને પાણીમાંથી જીવતો બહાર કહાડ્યો. એવામાં ત્યાં તે શ્રીઆર્યસમિતા-

ચાર્ય પણ આવી પહોંચ્યા. તે વખતે તેઓએ જિનશાસનનો મહિમા વધારવામાટે નદીકિનારે આવીને, તથા તે નદીને ઉદ્દેશીને કહ્યું કે, હે પુત્રી! અમારે પરલે કાંઠે જવાની ઇચ્છા છે, તેમના તે વચન પછી તુરતજ તેમના યોગના પ્રભાવથી નદીના બન્ને કિનારા એકઠા થઇ ગયા, અને તેજ વખતે તે આચાર્યમહારાજ પણ પરિવારસહિત પરલે કિનારે ગયા. એવીરીતે તે શ્રીઆર્યસમિતાચાર્યજીનો અતિશય જોઇને ત્યાં ઝુંપડાંઓમાં રહેતા તે સઘળા તાપસોએ તેમની પાસે સમ્યક્ત્વ અંગીકાર કરીને જૈનધર્મની દીક્ષા લીધી. અને તે તાપસોના વંશમાં થયેલા મુનિઓ પણ બ્રહ્મદ્વીપવાસીના નામથી પ્રસિદ્ધ થયા.

હવે અહીં તે શ્રીવજ્રસ્વામી અનુક્રમે ત્રણ વર્ષોની વયના થયા. ત્યારે તે ધનગિરિજીઆદિક મુનિઓ પણ વિચરતાથકા તે તુંબવનગામમાં પધાર્યા. હવે ત્યાં તે સુનંદાએ તો પ્રથમથીજ પોતાના મનમાં નિશ્ચય કરી રાખ્યો હતો કે, જ્યારે ધનગિરિજી અહીં આવશે, ત્યારે હું આ મારા પુત્રને તેમની પાસેથી પાછો લેઇશ. એવામાં ત્યાં ધનગિરિજીના આગમનથી ખુશી થયેલી તે સુનંદા તેમનીપાસે જઇને પોતાના તે પુત્રને પાછો માગવા લાગી. ત્યારે તે ધનગિરિજીઆદિક મુનિઓએ તેણીને કહ્યું કે, અરે! મુગ્ધે! તેં તો માગ્યાવિનાજ અમોને તે તારો પુત્ર સમર્પણ કરેલો છે, અને હવે વમન કરેલાં ભોજનની પેઠે આ પુત્રને તું પાછો લેવાને કેમ ઇચ્છે છે? એવીરીતના તેમના વિવાદથી તે સુનંદા ઉપર દયા લાવીને નગરના લોકો કહેવા લાગ્યા કે, આ વિવાદનો ન્યાય તો રાજાની સભામાં કરવો જોઇએ. પછી તે સુનંદા પણ તે નગરલોકોની સાથે રાજાપાસે ગઇ, ત્યારે તે ધનગિરિજીઆદિક મુનિઓ પણ સંઘસહિત ત્યાં રાજસભામાં આવ્યા. ત્યારે રાજાએ પણ તે બન્ને પક્ષોનો વૃત્તાંત સાંભળીને કહ્યું કે, જેના બોલાવવાથી આ બાળક જેની પાસે જાય, તેને તે સોંપવો. તે સાંભળી બન્ને પક્ષોએ તે વાતનો સ્વીકાર કર્યો. હવે પ્રથમ તે બાળકને કોણ બોલાવે? એમ વિવાદ થયેછતે સુનંદાપર દયા લાવતા નગરના લોકો કહેવા લાગ્યા કે, આ બાળક ઘણા કાળથી મુનિઓના પરિચયવાળો છે, માટે પ્રથમ સુનંદાજ આ બાળકને બોલાવે. પછી તેમ કરવાનો નિશ્ચય થવાથી પ્રથમ વિવિધ પ્રકારનાં રમકડાં તથા મીઠાઇ તે બાળકની પાસે રાખીને સુનંદા

પોતાના તે પુત્રને અનેકપ્રકારનાં મધુર અને કોમળ વચનોથી બોલાવવા લાગી. પરંતુ તેણીની પાસે નહી જતા એવા તે બાળક વજ્રકુમારે પોતાની સ્વાભાવિક બુદ્ધિથી વિચાર્યું કે, જોકે આ મારી માતા મારાપર અતિશય ઉપકાર કરનારી તથા મારે પૂજવાલાયક છે, પરંતુ જો હમણા હું સંઘનું અપમાન કરીશ, તો મારા સંસારની વૃદ્ધિ થશે, અને આ મારી માતા તો થોડા વખતમાંજ મોહને તજીને ખરેખર દીક્ષા ગ્રહણ કરશે, એમ વિચારીને તેણીએ પૂર્વે કહ્યામુજબ વિધિથી ઘણીવાર બોલાવ્યા છતાં પણ તે વજ્રકુમાર તેણીની પાસે ગયા નહી. ત્યારપછી ધનગિરિજીએ પોતાનો ધર્મધ્વજ ( ઓઘો ) તે બાળકની પાસે મુકીને કહ્યું કે, હે વજ્ર! જો તું તત્વનો જાણકાર હોઇ દીક્ષા લેવાની ઇચ્છાવાળો હો, તો આ ધર્મધ્વજને ગ્રહણ કર? ત્યારે તે બાળક એવા પણ વજ્રકુમારે તે ધર્મધ્વજને પોતાના બન્ને હાથમાં લેઇ ત્યાં રાજસભામાં હર્ષથી નાચવા માંડ્યું. પછી તે બાળક વજ્રકુમાર ધનગિરિજીના ખોળામાં જઇ બેઠો. હવે તે સુનંદાએ વૈરાગ્યથી વિચાર્યું કે, મારા ભાઇએ તથા માર સ્વામિએ પણ દીક્ષા લીધી છે, અને આ મારો પુત્ર પણ દીક્ષા લેશે, અને તેથી મને પણ હવે તે દીક્ષાજ શરણરૂપ થાઓ? એમ વિચારિ તેણીએ પણ દીક્ષા લીધી. હવે અહિં તે શ્રીવજ્રસ્વામી પણ સાધ્વીઓના સમુદાયમાં રહ્યાથકા પદાનુસારી લબ્ધિના પ્રભાવથી હમેશાં તે સાધ્વીઓના શાસ્ત્રપાઠોના ફક્ત સાંભળવાથીજ અગ્યારે અંગોના પારગામી થયા. પછી અનુક્રમે જ્યારે તે આઠ વર્ષોના થયા, ત્યારે શ્રીમાન્ આચાર્યજી તેમને પોતાના ઉપાશ્રયમાં લાવ્યા, અને તેમને દીક્ષા આપી હવે તે શ્રીવજ્રસ્વામિસહિત ગુરૂમહારાજ સાધુઓના સમુદાયથી પરવર્યાથકા અવંતીનગરીપ્રતે જતાથકા માર્ગમાં વરસાદ વરસવાથી એક યક્ષના મંદિરમાં રહ્યા. એવામાં તે વખતે ત્યાં શ્રીવજ્રસ્વામિના પૂર્વભવના મિત્ર એવા જૃંભકદેવોએ તેમના સત્વની પરીક્ષામાટે સાર્થવાહની સમૃદ્ધિ વિકુર્વી. પછી જ્યારે વરસાદ વરસવો બંધ થયો, ત્યારે તે દેવોએ વ્યાપારીઓનો વેષ લેઇ ત્યાં આવી આચાર્યમહારાજને ભિક્ષા લેવામાટે વિનંતિ કરી ત્યારે ગુરૂમહારાજે આજ્ઞા આપવાથી તે શ્રીવજ્રસ્વામી બીજા એક મુનિને સાથે લેઇ ભિક્ષા લેવામાટે ત્યાં જવા લાગ્યા. પરંતુ એટલામાં વરસાદના સૂક્ષ્મ બિંદુઓને પડતા જોઇને તે પાછા વલ્યા. પછી જ્યારે બિલકુલ વરસાદ વરસવો બંધ થયો, ત્યારે તે શ્રીવજ્ર-

સ્વામીજી તે મુનિસહિત તે છાવણીમાં ભિક્ષા લેવામાટે ગયા. પરંતુ ત્યાં કોળાંપાકઆદિક વસ્તુઓને જોઇને શ્રીવજ્રસ્વામીજીએ દ્રવ્ય, ક્ષેત્ર, કાલઆદિકનો ઉપયોગ દીધો, અને પછી વિચાર્યું કે, સ્વભાવથીજ કઠોર એવા આ અવંતીદેશમાં આ પહેલાજ વરસાદમાં કોળાંની ઉત્પત્તિનો સંભવજ નથી. તેમજ આ દાન આપનારાઓ પણ નિમેષરહિત ચક્ષુઓવાળા અને પોતાના પગોવડે જમીનને નહીં સ્પર્શ કરનારા છે. માટે ખરેખર આ દેવપિંડજ છે, અને તે અમો સાધુઓને લેવો કલ્પે નહીં. એમ વિચારી તે ભિક્ષા લીધાવિનાજ પાછા વળીને ગુરૂમહારાજ પાસે આવ્યા. એવીરીતે તેમની શુદ્ધ સામાચારી જોઈને મનમાં ચમત્કાર પામેલા એવા તે જૃંભકદેવો પ્રત્યક્ષ થઇ વજ્રસ્વામિજીને નમસ્કાર કરી તે ગુરૂમહારાજની પાસે આવી ક્ષમા માગવાપૂર્વક કહેવા લાગ્યા કે, અમો આ શ્રીવજ્રસ્વામિજીના પૂર્વભવના મિત્રો એવા જૃંભકદેવો છીયે, કેવલ તેમના શુદ્ધ આચારની પરીક્ષામાટેજ અમોએ આ સાર્થવાહ વિકુર્વેલો છે. એમ કહી પ્રસન્ન થયેલા તે દેવોએ તે શ્રીવજ્રસ્વામિજીને વૈક્રિયલબ્ધિ આપી. તેવારપછી વળી એક વખતે તે દેવોએ ગોચરીમાટે ગયેલા એવા તે શ્રીવજ્રસ્વામિજીને ઘેવર ગ્રહણ કરવામાટે નિમંત્રણ કર્યું. તે વખતે પણ પોતાના ઉપયોગથી તેને દેવપિંડ જાણીને તેમણે ગ્રહણ કર્યો નહી. તે વખતે પણ તે દેવોએ પ્રસન્ન થઇને તેમને આકાશગામિની વિદ્યા આપી. હવે અનુક્રમે તે શ્રીવજ્રસ્વામી પદાનુસારી લબ્ધિના પ્રભાવથી અભ્યાસ કરતા એવા મુનિઓના પાઠો હમેશાં સાંભળીને સર્વ શાસ્ત્રોરૂપી સમુદ્રના પારંગામી થયા. ત્યારબાદ એક દિવસે જ્યારે સઘળા સાધુઓ ગોચરીમાટે ગયા હતા, અને ગુરૂમહારાજ પણ સ્થંડિલ ગયા હતા, ત્યારે ઉપાશ્રયમાં એકલા રહેલા તે શ્રીવજ્રસ્વામી તે સઘળા સાધુઓના વસ્ત્રોના વીંટીયા લેઇને, તથા તે વીંટીયાઓને પોતાની આસપાસ ગોઠવીને, અને પોતે વચમાં બેશીને, તે વીંટીયાઓને સાધુઓ માનીને તેમનીપાસે ઉંચે સ્વરે અગ્યારે અંગોના પાઠો ભણવા લાગ્યા. એવામાં સ્થંડિલભૂમિથી આવેલા ગુરૂમહારાજ દૂરથીજ વજ્રસ્વામિજીનો અવાજ સાંભળીને, તેથી તે અવાજને ઓળખી કહાડીને મનમાં આશ્ચર્ય પામી વિચારવા લાગ્યા કે, ખરેખર આ વજ્રમુનિ બાળક છતાં પણ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી ફક્ત સાંભળવામાત્રથીજ અગ્યારે અંગોના પારંગામી

થયેલા છે. હવે મારા એકદમ ઉપાશ્રયમાં પ્રવેશથી આ વજ્રમુનિને ક્ષોભ થવો ન જોઇયે, એમ વિચારી ઉપાશ્રયના દરવાજામાંજ ઉભીને તે ગુરૂમહારાજે મ્હોટા સ્વરથી નૈષેધિકીનો ઉચ્ચાર કર્યો. તે સાંભળી ગુરૂમહારાજનું આગમન જાણીને વજ્રસ્વામિજી પણ તુરતજ ઉભા થઇ સાધુઓના તે વીંટીયાઓ તે તે જગાએ મૂકી દેઇ પ્રાસુક જલનું પાત્ર લેઇ ગુરૂમહારાજના ચરણોનું ક્ષાલન કરવામાટે ઉપાશ્રયના દરવાજે આવ્યા. ચરણક્ષાલન કર્યાબાદ ઉપાશ્રયમાં દાખલ થયેલા ગુરૂમહારાજ વિચારવા લાગ્યા કે, હવે સર્વ શાસ્ત્રોના પારંગામી એવા આ બાલમુનિને નહી જાણતા એવા આ બીજા મુનિઓ તેમની કોઇ પણ અવજ્ઞા ન કરે તો ઠીક, એમ વિચારી પ્રતિક્રમણ કર્યાબાદ રાત્રિએ ગુરૂમહારાજે સર્વ સાધુઓને કહ્યું કે, અમારે બે ત્રણ દિવસો સુધી બીજે ગામ જવાની ઇચ્છા છે. ત્યારે મુનિસમુદાયે કહ્યું કે, હે ભગવન્! તેટલા વખતસુધી અમોને વાચના કોણ આપશે? ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે. તેટલા વખતસુધી આ બાલમુનિ વજ્રસ્વામીજ તમારા વાચનાચાર્ય થશે. એવીરીતનું ગુરૂમહારાજનું વચન સાંભળીને મનમાં વિસ્મય પામેલા એવા પણ તે સાધુઓએ ગુરૂમહારાજના વચનમાં શ્રદ્ધા લાવીને તેમ કરવું સ્વીકાર્યું. પછી પ્રભ તે જ્યારે ગુરૂમહારાજ બીજે ગામ ગયા, ત્યારે તે સર્વ મુનિઓએ એકઠા થઇ શાસ્ત્રોનો પાઠ આપવામાટે શ્રીવજ્રસ્વામિજીને વિનંતિ કરી. ત્યારે વજ્રસ્વામિજીએ પણ તેમ કરવામાટે ગુરૂજીની આજ્ઞા જાણીને આસનપર બેશીને તે સઘળા સાધુઓને એવો તો શાસ્ત્રપાઠ આપ્યો કે, જેથી તે સર્વ મુનિઓ મનમાં આશ્ચર્ય પામી ઘણા ખુશી થયા. પછી ત્રણ દિવસોબાદ ગ્રામાંતરથી પાછા પધારેલા તે ગુરૂમહારાજને તે મુનિઓએ વિનંતિ કરી કે, હે ભગવન્! હવે આજથી માંડીને આપ સાહેબની આજ્ઞાથી અમારા વાચનાચાર્ય આ શ્રીવજ્રસ્વામીજ થાય તો ઠીક, કેમકે અમોને તેમણે આપેલા પાઠથી ઘણોજ સંતોષ થયેલો છે. પછી ગુરૂમહારાજે પણ તેમજ કરીને તે મુનિઓને શિખામણ આપી કે, જો કે આ વજ્રસ્વામિજી ન્હાની ઉમરના છે, પરંતુ તેમનું જ્ઞાનવડે વૃદ્ધપણું જાણીને તમારે કોઇપણ વખતે તેમની અવજ્ઞા કરવી નહી. ત્યારબાદ એક વખતે શ્રીસિંહગિરિજી ગુરૂમહારાજે શ્રીવજ્રસ્વામિજીને કહ્યું કે, દશ પૂર્વોના જાણકાર શ્રીમાન્ ભદ્રગુપ્ત નામના આચાર્ય હાલમાં ઉજ્જયિનીનગરીમાં વિચરે છે, તેમની પાસે

જઈ તમો દશ પૂર્વોનો અભ્યાસ કરો? એમ કહી તે ગુરૂમહારાજે બે સ્થવિરમુનિઓની સાથે તેમને ઉજ્જયિનીનગરીએ મોકલ્યા. હવે એવીરીતે વિહાર કરતા તે શ્રીવજ્રસ્વામિજી જ્યારે ઉજ્જયિનીનગરીપાસે આવ્યા, ત્યારે ત્યાં ઉજ્જયિનીમાં રહેલા તે શ્રીભદ્રગુપ્તઆચાર્યજીએ એવું સ્વપ્ન જોયું કે, કોઇ પણ અતિથિએ આવીને મારાં ક્ષીરથી ભરેલાં પાત્રનું પાન કર્યું. એવામાં પ્રભાતે શ્રીવજ્રસ્વામિજી પણ તેમના ઉપાશ્રયે જઈ તેમને વંદન કરવા લાગ્યા, ત્યારે તે શ્રીમાન્ ભદ્રગુપ્તાચાર્યજીએ ઉપયોગ દેવાથી જાણ્યું કે, ખરેખર આ તે પ્રસિદ્ધિ પામેલા શ્રીવજ્રસ્વામીજ છે, અને પૂર્વોનો અભ્યાસ કરવામાટે અહીં આવેલા છે, તથા મને આવેલાં સ્વપ્નને અનુસારે તે મારી પાસેથી દશ પૂર્વોનો અભ્યાસ કરશે. એમ વિચારિ તે બાલમુનિજીને પોતાના ખોળામાં બેસાડી સુખસાતા પૂર્વક વિહાર-આદિકની પૃચ્છા કરીને તેમણે તેમને અત્યંત ખુશી કર્યા. પછી વિનયથી નમેલા એવા તે શ્રીવજ્રસ્વામિજીએ તેમને વિનંતિ કરી કે, હે ભગવન્! ગુરૂમહારાજની આજ્ઞાથી હું દશ પૂર્વોનો અભ્યાસ કરવામાટે અહીં આપસાહેબના ચરણોમાં પ્રાપ્ત થયેલો છું, માટે મારાપર કૃપા લાવીને આપસાહેબ મને તેનો અભ્યાસ કરાવો? પછી પ્રસન્ન થયેલા એવા તે શ્રીભદ્રગુપ્તાચાર્યજીએ પણ થોડા કાળમાંજ તેમને તે પૂર્વોનો અભ્યાસ કરાવ્યો. પછી તેમની બુદ્ધિથી ચમત્કાર પામેલા એવા તે શ્રીભદ્રગુપ્તાચાર્યજીએ આજ્ઞા આપવાથી તે શ્રીવજ્રસ્વામિજી ત્યાંથી વિહાર કરીને અનુક્રમે શ્રીગુરૂમહારાજ પાસે આવ્યા, ત્યારે પૂર્વે વર્ણવેલા તે જૃંભકદેવોએ ત્યાં તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. પછી કેટલેક કાળે તે શ્રીઆર્યસિંહગિરિજી મહારાજ પણ તે શ્રીવજ્રસ્વામિજીને આચાર્યપદ આપીને પોતે અનશન કરી સ્વર્ગે ગયા. હવે તે શ્રીવજ્રસ્વામીજી પણ મુનિઓના સમુદાય સહિત વિચરતાથકા પૃથ્વીમંડલને પવિત્ર કરવા લાગ્યા.

હવે પાટલીપુત્ર નામના નગરમાં ધન નામના એક ધનાઢ્યશેઠની રૂકૃમિણી નામની અત્યંત મનોહર રૂપવાળી પુત્રી હતી. એક સમયે તેણીએ સાધ્વીઓના મુખથી શ્રીવજ્રસ્વામિજીના રૂપ તથા સૌભાગ્યઆદિકગુણોની પ્રશંસા સાંભળી. તે સાંભળીને મુગ્ધ એવી તે રૂકૃમિણીએ પોતાના મનમાં એવો નિશ્ચય કર્યો કે, હું તો તે

વજ્રનીસાથેજ મારું લગ્ન કરીશ. ત્યારે તે સાધ્વીઓએ તેણીને કહ્યું કે, અરે! મુગ્ધે! તે વજ્રસ્વામી તો દીક્ષા લીધેલા સાધુ છે. ત્યારે તે રૂક્મિણીએ કહ્યું કે, ત્યારે તો હું પણ દીક્ષા લઇશ. એવામાં તે શ્રીવજ્રસ્વામી પણ વિહાર કરતાથકા ત્યાં પધાર્યા. ત્યારે તે રૂક્મિણીનો પિતા પણ પોતાની પુત્રીના આગ્રહથી તેણીને સાથે લેઇને એક ક્રોડ સોનામોહોરોસહિત શ્રીવજ્રસ્વામીજીપાસે આવીને કહેવા લાગ્યો કે, હે ભગવન્! આપનીસાથે પરણવાનો વાદ લઇ બેઠેલી મારી આ પુત્રીને આ ક્રોડ સોનામોહોરોસહિત સ્વીકારીને પરણો? તે સાંભળી શ્રીવજ્રસ્વામિજીએ જરા હસીને કહ્યું કે, હે શેઠજી! પાંચે ઇંદ્રિયોના તે વિષયો પરિણામે દુઃખ આપનારા છે. હવે જો આ તમારી પુત્રી મારાપર સ્નેહ રાખતી હોય તો તે પણ મારા માર્ગનો સ્વીકાર કરીને ખુશીથી દીક્ષા ગ્રહણ કરે, એવીરીતના વૈરાગ્યને ઉપજાવનારાં તેમનાં વચનો સાંભળીને વૈરાગ્ય પામેલી તે રૂક્મિણીયે પણ દીક્ષાજ લીધી. હવે એવામાં આખા ભરતક્ષેત્રમાં ભયંકર દુષ્કાળ પડ્યો, અને તેથી ઘણા પશુઓ અને મનુષ્યો ક્ષુધા તથા તૃષાથી પીડાઇને મરણ પામ્યા. તે વખતે દાનવીર ધનવાનોએ પણ પોતાની દાનશાલાઓ બંધ કરી. તેમજ જૈનસાધુઓ પણ આહાર ન મળવાથી ઘણો કલેશ પામવા લાગ્યા. તે વખતે સંઘે વિનતિ કરવાથી શ્રીવજ્રસ્વામી પોતાની વિદ્યાવડે કરીને સંઘને એક પાટપર બેસાડીને આકાશમાર્ગે સુકાળવાળા બ્રહ્મદ્વીપમાં લેઇ ગયા. હવે ત્યાંનો રાજા બૌદ્ધોનો ભક્ત હતો, અને તેથી ત્યાં વસતા જૈનો અને બૌદ્ધલોકોવચ્ચે પરસ્પર મહોટી સ્પર્ધા થતી હતી. હવે એવામાં ત્યાં પર્યુષણા પર્વ આવવાથી ત્યાંના બૌદ્ધરાજાએ જિનમંદિરોમાં પૂજા કરવામાટે પુષ્પો આપવાનો નિષેધ કર્યો. એવીરીતે પુષ્પો ન મળવાથી જૈનસંઘને હૃદયમાં દુભાતો જાણીને જૈનશાસનની પ્રભાવના કરવામાટે શ્રીવજ્રસ્વામી આકાશગામિની વિદ્યાવડે કરીને પદ્મસરોવરે ગયા. ત્યારે ત્યાં રહેલી લક્ષ્મીદેવીએ ઘણા સન્માનપૂર્વક તેમને પોતાનું હજાર પાંખડીવાળું વિકસ્વર થયેલું કમલપુષ્પ આપ્યું. તે લેઇ માહેશ્વરીનગરીનીપાસે આવેલા હુતાશન નામના ઉદ્યાનના પોતાને ઓળખતા રક્ષકપાસેથી વીશ લાખ ઉત્તમ પુષ્પો લેઇને માર્ગમાં મળેલા જૃંભકદેવોએ વિકુર્વેલા વિમાનમાં બેશીને ત્યાં આવ્યા. એવીરીતનો તેમનો મહિમા જોઇને ખુશી થયેલા ત્યાંના તે રાજાએ પણ જૈનધર્મ

અંગીકાર કર્યો. ત્યારબાદ તે શ્રીવજ્રસ્વામી ત્યાંથી વિહાર કરી દક્ષિણ ભરતમાં આવ્યા. ત્યાં એક વખતે તેમને શરદી થવાથી તેમણે એક શ્રાવકને ઘેરથી શુંઠનો ટુકડો મગાવ્યો. આહાર કર્યાબાદ હું શુંઠનો ટુકડો ખાઇશ, એમ વિચારિ તેમણે તે શુંઠનો ટુકડો પોતાના કાનપર રાખ્યો હતો. પરંતુ ત્યારબાદ વિસ્મરણ થવાથી તે શુંઠનો ટુકડો ત્યાં કાનપરજ એમનોએમ રહી ગયો. સંધ્યાકાળે પ્રતિક્રમણ કરતીવેળાયે મુહપત્તિથી પડિલેહણ કરતાં તે શુંઠનો ટુકડો કાનપરથી નીચે પડ્યો. તે વખતે તે યાદ આવવાથી તેમણે વિચાર્યું કે, અહો! આ સંયમઅવસ્થામાં પણ આ વખતે મને પ્રમાદ થયો! અને પ્રમાદી મુનિઓનું જીવવું વૃથાજ છે, એમ વિચારી અનશન કરવાની ઇચ્છાથી પોતાના શિષ્ય શ્રીવજ્રસેનસૂરિજીને સાધુસમુદાયને સાચવવામાટે સમર્થ જાણીને તેમને બોલાવી તેમણે કહ્યું કે, જ્યારે તમોને એક લાખની કિમ્મતવાળી રસોઇના પાકમાંથી ભિક્ષા મળશે, ત્યારથી સુકાળ થશે. એમ કહી તેમને ગચ્છનો ભાર સોંપી પોતે કેટલાક મુનિઓસાથે ત્યાંથી વિહાર કરી રથાવર્ત્તગિરિપર જઇ અનશન લેઇ શ્રીમહાવીરપ્રભુના નિર્વાણ પછી ૫૮૪ વર્ષો વીત્યાબાદ સ્વર્ગે ગયા, અને તે જૃંભકદેવોએ ત્યાં તેમનો મહોત્સવ કર્યો.

## ॥ ૧૬ ॥ શ્રીવજ્રસેનસૂરિ ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

શ્રીવજ્રસ્વામિજીની પાટે આવેલા આ શ્રીવજ્રસેનસૂરિજી વિહાર કરતાથકા એક વખતે મુનિઓના સમુદાયસહિત કુંકણદેશમાં આવેલા સોપારક નામના નગરમાં પધાર્યા. તે વખતે ત્યાં અત્યંત ભયંકર દુષ્કાળ ચાલતો હતો. હવે તે નગરમાં એક જિનદત્તનામે ધનાઢ્ય શ્રાવક વસતો હતો. તેને ઉત્તમ ગુણોવાળી, મનોહર શીલવ્રતવાળી અને જૈનધર્મપર અત્યંત અનુરાગ ધારણ કરનારી ઇશ્વિરીનામે સ્ત્રી હતી. તેમના ઘરમાં દ્રવ્ય તો ઘણું હતું, પરંતુ દુષ્કાળના પ્રભાવથી તેમને ધાન્ય મળી શકતું નહોતું. ત્યારે તે ઇશ્વિરીએ પોતાના કુટુંબને કહ્યું કે, હવે આજે આપણે વિષમિશ્રિત અન્નનું ભોજન કરીને પંચપરમેષ્ઠિના નમસ્કારના ધ્યાનમાં રહી સમાધિપૂર્વક મરણને અંગીકાર કરવું. તે સાંભળી તે સર્વ કુટુંબે પણ તેમ કરવાનું સ્વીકાર્યું. પછી તેણીએ એક લાખ સોનામોહોરોથડે ખરીદેલા ભાત ભો-

જનમાટે પકાવીને તૈયાર કર્યાં. પછી જેટલામાં તે તેમાં વિષ ભેળવવાની તૈયારી કરતી હતી, તેટલામાં ત્યાં જાણે તેણીના ઉત્તમ ભાગ્યથી ખેંચાઇ આવ્યા હોય નહિ? તેમ શ્રીમાન્ વજ્રસેનસૂરિ ગોચરીમાટે તેણીને ઘેર પધાર્યા. તેમને જોઇ અત્યંત ખુશી થયેલી તે ઇશ્વિરી શ્રાવિકા તુરત ઉભી થઇને પોતાને ધન્ય માનતીથકી રોમાંચિત શરીરવાળી થઇથકી તેમને વંદન કરી કહેવા લાગી કે, હે ભગવન્! આજે આપ મુનિવરના દર્શનથી હું પવિત્ર થઇ છું, એમ કહી તેણીએ અત્યંત શુભભાવથી તે ભાતવડે તેમને પ્રતિલાભ્યા. તેવારપછી તેણીએ પોતાના તે એકલાખના મૂલ્યવાળા ભોજનનો વૃત્તાંત તે શ્રીઆચાર્યમહારાજને જણાવ્યો. તે સાંભળી આચાર્યમહારાજે કહ્યું કે, હે કલ્યાણિ! હવે તમો ખેદ કરો નહિ? આવતીકાલના દિવસથી સુકાળ થશે. તે સાંભળી હર્ષથી રોમાંચિત થયેલી તે ઇશ્વિરી શ્રાવિકાએ પૂછ્યું કે, હે ભગવન્! આપસાહેબે તે હકીકત કેમ જાણી? ત્યારે તેમણે શ્રીગુરૂમહારાજે કહેલો સર્વ વૃત્તાંત તેણીને કહી સંભળાવ્યો. એવીરીતનું શ્રીગુરૂમહારાજનું વચન સાંભળીને હર્ષથી તેણીએ તે દીવસ એક ક્ષણની પેઠે વ્યતીત કર્યો, એટલામાં પ્રભાતે ઘઉંઆદિક વિવિધજાતિના અનાજોથી ભરેલાં ઘણાં વહાણો ચીનઆદિક દેશોમાંથી ત્યાં આવી પહોંચ્યાં. પછી શ્રીમાન્ વજ્રસેનસૂરિજી પણ કેટલાક કાલસુધી ત્યાં સોપારકનગરમાં રહ્યા. તેવારપછી તે જિનદત્તશેઠે પોતાનું દ્રવ્ય તે શ્રીવજ્રસેનસૂરિજીના ઉપદેશથી ધર્મકાર્યોમાં વાપરીને પોતાના કુટુંબસહિત તેમની પાસે દીક્ષા લીધી. તે જિનદત્તશેઠના નાગેંદ્ર, ચંદ્ર, નિવૃત્તિ તથા વિદ્યાધર નામના ચાર પુત્રો હતા. વૈરાગ્ય પામેલા એવા તે ચારે પુત્રોએ પણ શ્રીવજ્રસેનસૂરિજીપાસે દીક્ષા લીધી. તથા અનુક્રમે મહાબુદ્ધિવંત એવા તેઓ સર્વશાસ્ત્રોમાં પારંગામી થયા. પછી પ્રસન્ન થયેલા ગુરૂમહારાજે તે ચારે મુનિઓને આચાર્યપદો આપ્યાં, તથા તેમના પરિવારોમાં થયેલા મુનિઓ તે તે નામયુક્ત કુલોનાં નામથી પ્રસિદ્ધ થયા. અને ત્યારથી માંડીને તે તે મુનિસમુદાયોમાં પરસ્પર થોડા થોડા સામાચારીસંબંધિ ભેદ પણ પ્રકટ થયો. પછી અત્યંત સ્થવિર એવા તે શ્રીમાન્ વજ્રસેનસૂરિજી એ રીતે મુનિસમુદાયોમાં સામાચારીની ભિન્નતા જાણીને પોતાના હૃદયમાં કંઇક દુભાયાથકા પોતાના ગચ્છનો ભાર શ્રીચંદ્રસૂરિજીને સોંપીને શ્રીમહાવીરપ્રભુના નિર્વાણથી ૬૨૦ વર્ષો વિત્યાબાદ

પોતાનું ૧૨૮ વર્ષોનું આયુ સંપૂર્ણ કરીને સોપારાનગરમાં અનશન કરી સ્વર્ગે ગયા.

## ॥ ૧૭ ॥ શ્રીચંદ્રસૂરિ ॥

આ શ્રીચંદ્રસૂરિજીનો મુનિપરિવાર ચાંદ્રકુલના નામથી પ્રસિદ્ધ થયો. આ શ્રીચંદ્રસૂરિજી પણ પોતાની પાટે શ્રીસમંતભદ્રનામના આચાર્યમહારાજને સ્થાપન કરીને વિક્રમસંવતના ૧૭૦ વર્ષો વીત્યાબાદ ભરૂચ નામના નગરમાં પાંચ દિવસોનું અનશન કરીને સ્વર્ગે ગયા.

## ॥ ૧૮ ॥ શ્રીસમંતભદ્રસૂરિ ॥

( તેમનું વૃત્તાંત નીચે મુજબ છે. )

આ શ્રીસમંતભદ્રસૂરિજી મહાતપસ્વી હતા, તેઓ અત્યંત વૈરાગ્યને પ્રાપ્ત થયાથકા વિચ્છિન્ન થયેલા એવા પણ જિનકલ્પાચારને ફરીને ઇચ્છતાથકા પોતાની પાટે શ્રીવૃદ્ધદેવસૂરિજીને સ્થાપીને મથુરાનગરીમાં આવી પોતે જિનકલ્પાચાર પાલવા લાગ્યા. ત્યાં તેમના નાગનંદિઆદિક ચાર શિષ્યો પણ પોતાનો જૂદો સંઘસમુદાય સ્થાપીને જિનકલ્પાચાર પાળવા લાગ્યા. અને ત્યાં મથુરાનગરીમાં તેમણે અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. વળી તેઓનો પરિવાર નંદિશાખાના નામથી પ્રસિદ્ધ થયો. આ શ્રીસમંતભદ્રઆચાર્ય મથુરામાંજ અનશન કરીને સ્વર્ગે ગયા. તે વખતે ત્યાંના નંદિશાખાના શ્રાવકોના સંઘે તેઓના નામનો એક સ્તૂપ કરાવ્યો.

## ॥ ૧૯ ॥ શ્રીવૃદ્ધદેવસૂરિ ॥

વિક્રમ સંવતના ૧૮૩ વર્ષો વીત્યાબાદ આચાર્યપદને પ્રાપ્ત થયેલા એવા આ વૃદ્ધદેવસૂરિજી પૂર્વે કોરંટ નામના નગરમાં ચૈત્યવાસી હતા. પછી તે શ્રીસમંતભદ્રસૂરિજીપાસે શાસ્ત્રોનો અભ્યાસ કરીને, તથા ક્રિયોદ્ધાર કરીને તેમના શિષ્ય થયા. તેમણે તે કોરંટનગરમાં નિવાસ કરનારા નાહડ નામના મંત્રિને પ્રતિબોધીને જૈનધર્મની ઉન્નતિ કરી. તેમજ તેમના ઉપદેશથી પ્રતિબોધ પામેલા તે નાહડમંત્રીએ કોરંટનગરમાં અને સાચોરનગરમાં જિનમંદિરો બંધાવ્યાં, તથા તે જિનમંદિરોમાં શ્રીમહાવીરપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા આ શ્રીવૃદ્ધદેવસૂરિજીએ કરી. કેટલાક કાળપછી પોતાની પાટે શ્રીપ્રદ્યોતન-

સૂરિજીને સ્થાપીને વિક્રમસંવતના ૨૦૩ વર્ષો વીત્યાબાદ તેઓ સ્વર્ગે ગયા.

## ॥ ૨૦ ॥ શ્રીપ્રદ્યોતનસૂરિ ॥

આ શ્રીપ્રદ્યોતનસૂરિ પણ પોતાની પાટે શ્રીમાનદેવસૂરિજીને સ્થાપીને વિક્રમસંવતના ૨૨૮ વર્ષો વીત્યાબાદ ભરૂચનગરમાં અનશન કરીને સ્વર્ગે ગયા.

## ॥ ૨૧ ॥ શ્રીમાનદેવસૂરિ ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

કોરંટ નામના નગરમાં જિનદત્ત નામનો એક ધનવાન શેઠ વસતો હતો. તેને ધારિણીનામની જૈનધર્મમાં અત્યંત અનુરાગવાળી સ્ત્રી હતી. તેઓને માનદેવનામે અત્યંત બુદ્ધિવાન્ પુત્ર હતો. એક વખતે વૈરાગ્ય પામેલા એવા તે માનદેવે ત્યાં પધારેલા શ્રીપ્રદ્યોતનસૂરિજીની પાસે દીક્ષા લીધી. અનુક્રમે તે અગ્યારે અંગોનો અભ્યાસ કરીને બહુશ્રુત થયા. પછી તેમને યોગ્ય જાણીને શ્રીપ્રદ્યોતનસૂરિજીએ પોતાની પાટે સ્થાપ્યા. હવે તે શ્રીમાનદેવસૂરિજીના દૃઢ બ્રહ્મચર્યવ્રતને જાણીને ખુશી થયેલી એવી જયા અને વિજયા નામની બે દેવીઓ હમેશાં સ્ત્રીઓનું રૂપ કરીને તેમને વાંદવામાટે આવતી. હવે તે સમયે પાંચસો જિનમંદિરોવડે શોભિતી થયેલી એવી તક્ષશિલા નામની નગરીમાં મહામારીનો ઉપદ્રવ થયો, અને તેથી ત્યાં હજારો મનુષ્યો મરણ પામવા લાગ્યા. અને તેથી ત્યાંના જિનમંદિરોમાં પણ શ્રીજિનેશ્વરપ્રભુની પ્રતિમાઓની પૂજામાટે કોઇ પણ આવતું નહીં. ત્યારે ચિંતામાં પડેલા શ્રીસંઘે કાયોત્સર્ગ કરીને શાસનદેવતાનું આરાધન કર્યું. ત્યારે તેણીએ પણ પ્રત્યક્ષ થઇ કહ્યું કે, મ્લેચ્છોથી પૂજાતા દુષ્ટ વ્યંતરોએ આ મહામારીનો ઉપદ્રવ કરેલો છે, અને આજથી ત્રણ વર્ષોબાદ આ તક્ષશિલાનગરનો વિનાશ થશે. હવે આ સમયે મરૂદેશમાં આવેલા નાડોલનામના નગરમાં મહાપ્રભાવિક એવા શ્રીમાનદેવસૂરિજી વિચરે છે. તે શ્રીમાનદેવસૂરિજીને અહીં બોલાવીને તેમના ચરણોદકવડે તમારે તમારાં ઘરોમાં છંટકાવ કરવો. અને તેથી આ સઘળો ઉપદ્રવ શાંત થશે. અને ઉપદ્રવ શાંત થયાપછી તમારે આ શહેરમાં રહેવું નહી, એમ કહિ તે શાસનદેવતા અદૃશ્ય થ-

યાં. પછી સંઘે પણ તુરત વિનંતિ લખીને વીરચંદ્ર નામના એક શ્રાવકને તે આચાર્યમહારાજની પાસે મોકલ્યો. ત્યારે તે વીરચંદ્ર પણ તે નાડોલનગરમાં આવીને આચાર્યજીની પાસે આવ્યો. હવે તે વખતે તે જયા અને વિજયા નામની બન્ને દેવીઓ એકાંતમાં તે શ્રીમાન્ માનદેવાચાર્યજીની પાસે સ્ત્રીઓના સ્વરૂપને ધારણ કરતીથકી બેઠલી હતી. તે જોઈ તે મુગ્ધ વીરચંદ્રે વિચાર્યું કે, અરે! આ સ્ત્રીલંપટ આચાર્ય આવા આ મહામારીના ઉપદ્રવને શીરીતે શાંત કરી શકશે? ખરેખર આ આચાર્યે મને જોઇનેજ ફોકટ ધ્યાન ધરવાનો આડંબર કરેલો જણાય છે. પછી તેમનું ધ્યાન સંપૂર્ણ થયાબાદ તે વીરચંદ્રે તેમની પાસે જઈ અવજ્ઞાપૂર્વક તેમને નમસ્કાર કર્યો. તેની એવીરીતની ચેષ્ટાથી ક્રોધ પામેલી તે બન્ને દેવીઓ તે વીરચંદ્રને તાડના કરવા લાગી. પરંતુ તે દયાળુ આચાર્યજીના વચનથી તેઓએ તે વીરચંદ્રને જીવતો મૂક્યો. પછી તે બન્ને દેવીઓએ તે વીરચંદ્રને ઘણો નિભ્રંછીને પૂછ્યું કે, અરે દુષ્ટ! તું કોણ છે? અને ક્યાંથી અહીં આવ્યો છે? અને અહીં તારાં આગમનનું કારણ કહે? ત્યારે ભયથી કંપતા શરીરવાળા એવા તે વીરચંદ્રે કહ્યું કે, હે દેવીઓ! હવે તમો મારાપ્રતે ક્ષમા કરો? હું તક્ષશિલાનગરીથી અહીં આવેલો છું, અને ત્યાં થયેલા મહામારીના દુષ્ટ ઉપદ્રવથી વ્યાકુલ થયેલા સંઘે તે ઉપદ્રવની શાંતિમાટે આ શ્રીમાનદેવઆચાર્યજીને બોલાવવામાટે મને અહીં મોકલેલો છે. તે સાંભળી વિજયાદેવિએ કહ્યું કે, અરે! દુષ્ટ! જ્યાં તારાસરખા શાસનનાં છિદ્રો જોવાવાળા નામધારી શ્રાવકો વસે છે, ત્યાં મહામારીનો ઉપદ્રવ થાય, તેમાં શું આશ્ચર્ય છે? ત્યાંના શ્રાવકો પણ તારાસરખાજ હોશે. અને તેથી આવા પ્રભાવિક આચાર્યમહારાજ ત્યાં આવશે નહીં. પછી તે વીરચંદ્રને વિલખો થયેલો જાણીને તે આચાર્યમહારાજે તે દેવીઓને કહ્યું કે, હે કલ્યાણી! સંઘ તો શ્રીતીર્થંકરમહારાજને પણ નમસ્કાર કરવા લાયક છે, માટે સંસારથી ડરનારાઓએ સંઘનું કાર્ય હમેશાં કરવુંજ જોઇયે. એ રીતે તે બન્ને દેવીઓને પ્રસન્ન કરીને આચાર્યમહારાજે તે વીરચંદ્રને મહાપ્રભાવવાળું નવું શાંતિસ્તોત્ર રચીને આપ્યું, અને કહ્યું કે, આ સ્તોત્રના પાઠના પ્રભાવથી તે મહામારીનો ઉપદ્રવ સર્વથા પ્રકારે નાશ પામશે, પછી તે સ્તોત્ર લેઇને તે વીરચંદ્ર પણ તક્ષશિલાનગરીમાં આવ્યો, તથા

ત્યાંના સંઘને સઘળો વૃત્તાંત નિવેદન કરીને તેણે તે સ્તોત્ર આપ્યું, અને તે સ્તોત્રના પાઠથી મહામારીનો સઘળો ઉપદ્રવ શાંત થયો. પછી ત્યાંના સઘળા શ્રાવકો તે તક્ષશિલાનગરીને ત્યજીને દેશાંતરોમાં ચાલ્યા ગયા. ત્યારપછી ત્રણ વર્ષોબાદ મ્લેચ્છોએ તે નગરીનો વિનાશ કર્યો. એ રીતે મહાપ્રભાવિક એવા આ શ્રીમાનદેવસૂરિજી વિવિધપ્રકારની જૈનશાસનની પ્રભાવના કરીને તથા શ્રીમાનતુંગસૂરિજીને પોતાની પાટે સ્થાપીને શ્રીમહાવીરપ્રભુના નિર્વાણથી ૭૩૧ વર્ષો વીત્યાબાદ, તથા શ્રીવિક્રમાર્કથી ૨૬૧ વર્ષો વીત્યાબાદ શુભધ્યાનને ધ્યાવતાથકા પાંચ દિવસોના અનશનપૂર્વક રૈવતાચલપર સ્વર્ગે ગયા. હમેશાં તેમના બ્રહ્મચર્યગુણથી ખેંચાયેલી અને અત્યંત સંતુષ્ટ થયેલી એવી તે શ્રીજયા અને વિજયા નામની દેવીઓએ ત્યાં તેમનો મહોત્સવ કર્યો.

## ॥ ૨૨ ॥ શ્રીમાનતુંગસૂરિ ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

વાણારસી નામની નગરીમાં હર્ષદેવ નામનો બ્રહ્મક્ષત્રીયની જાતિનો એક શેઠ વસતો હતો. તેને માનતુંગ નામે એક મહાબુદ્ધિવાન્ પુત્ર હતો. ત્યાં એક વખતે તે માનતુંગે માઘનંદી નામના દિગંબર જૈનમુનિની ધર્મદેશના સાંભળી. તેથી તેણે વૈરાગ્ય પામીને તેનીપાસે પોતાના માતપિતાની આજ્ઞાથી દીક્ષા લીધી. પછી તે ગુરૂએ તેનું નામ મહાકીર્તિ રાખ્યું. એક વખતે શ્વેતાંબર જૈનધર્મને માનનારી એવી તેની બહેને તે મહાકીર્તિમુનિને પોતાને ઘેરથી આહાર લેવામાટે નિમંત્રણ કર્યું. ત્યારે તે પણ પોતાનું કમંડલુપાત્ર લેઇને તેણીને ઘેર આહાર લેવામાટે ગયા. તે વખતે તેમના તે પાત્રમાં સંમૂર્છિમ જીવોની ઉત્પત્તિ દેખાડીને તેણીએ ઉપદેશ કરવાથી તે મહાકીર્તિમુનિએ શ્રીઅજિતસિંહનામના શ્વેતાંબર મુનિની પાસે જઇને ફરીને શ્વેતાંબરી જૈનદીક્ષા ગ્રહણ કરી, ત્યારે ગુરૂમહારાજે પણ તેમનું મૂલનામ માનતુંગજ રાખ્યું. પછી ગુરૂમહારાજના આદેશથી તે માનતુંગમુનિજીએ નાડોલનગરમાં જઇને ત્યાં શ્રીમાનદેવસૂરિજીની પાસે રહી નાનાપ્રકારની વિદ્યાઓનો અભ્યાસ કર્યો. પછી ત્યાંથી વિહાર કરીને તે શ્રીમાનતુંગમુનિ અનુક્રમે વિચરતાથકા ઉજ્જયિનીનગરીમાં આવ્યા. તે વખતે ત્યાં વિદ્યામાટે પ્રેમ ધરનારો ભોજનામે

રાજા રાજ્ય કરતો હતો. વળી તેજ નગરમાં તે રાજાનો માનનીક મયૂરનામે એક વિદ્વાન્ બ્રાહ્મણ વસતો હતો. તેને વિદ્યા તથા શીલ, અને રૂપઆદિક ગુણોવાળી એક પુત્રી હતી, તેણીને ત્યાંજ વસનારા એક બાણ નામના વિદ્વાન્ બ્રાહ્મણસાથે પરણાવી હતી. હવે એક વખતે તેણીને પોતાના ભર્તારસાથે કલેશ થયો, અને તેથી તે રીસાઇને પોતાના પિતાને ઘેર આવી. ત્યારે પિતાએ ઠપકો દેવાથી તેણીએ શાપ આપીને પોતાના તે પિતાને કુષ્ટી કર્યો. હવે પૂર્વેથીજ ઇર્ષ્યાલુ એવા તે બાણપંડિતે ભોજરાજાને કહ્યું કે, મયૂર તો કુષ્ટરોગી થયેલો છે, માટે તેને અહીં સભામાં આવવાની મનાઇ કરવી. પછી રાજાએ પણ તેમ કરવાથી દૂભાયેલા એવા તે મયૂરપંડિતે પોતે રચેલા નવિન સ્તોત્રના પાઠથી સૂર્યદેવનું આરાધન કર્યું, અને તેથી સૂર્યદેવે તેને રોગરહીત કર્યો. તે જોઇ ચમત્કાર પામેલા ભોજરાજાએ તે બાણપંડિતને કહ્યું કે, તું પણ જો આવો મહાવિદ્વાન્ હો તો મને કંઇક ચમત્કાર દેખાડ? રાજાએ એમ કહેવાથી તે બાણપંડિતે પણ પોતાના હાથપગો છેદી નાખીને પોતે રચેલી ચંડિકાદેવીની સ્તુતિના પ્રભાવથી પોતાના તે હાથપગો પાછા મેળવ્યા. એવીરીતે તેના ચમત્કારથી આશ્ચર્ય પામેલો તે ભોજરાજા પોતાની સભામાં કહેવા લાગ્યો કે, આ કાળમાં ખરેખર બ્રાહ્મણોજ વિદ્વાન્ અને વિદ્યાના ચમત્કારવાળા દેખાય છે. ત્યારે ત્યાં સભામાં બેઠેલા જૈનમંત્રિએ કહ્યું કે, હે સ્વામી! હમણાજ અહીં આવેલા અમારા શ્રીમાનતુંગનામના આચાર્યમહારાજ અનેક પ્રકારની વિદ્યાવાળા અને મહાપ્રભાવિક છે. તે સાંભળી કૌતુક જોવાની ઇચ્છાવાળા તે ભોજરાજાએ તે શ્રીમાનતુંગાચાર્યજીને પોતાની સભામાં બોલાવ્યા, અને કંઇક ચમત્કાર દેખાડવાને તેમને વિનંતિ કરી. ત્યારે આચાર્યમહારાજે પણ ભક્તામરનામનું નવીન સ્તોત્ર ત્યાંજ બનાવીને રાજાએ કરેલાં પોતાનાં ચુમ્માલીસ બંધનોને તોડી નાખ્યાં. તેથી ચમત્કાર પામેલા તે ભોજરાજાએ તેમના ઉપદેશથી જૈનધર્મ સ્વીકાર્યો. પછી તે ભોજરાજાએ તેમના ઉપદેશથી પૂર્વે ત્યાં ઉજ્જયિનીનગરીમાં અવંતીસુકુમાલના પુત્રે બંધાવેલાં જિનમંદિરનો એકલાખ સોનામોહોર ખરચીને જીર્ણોદ્ધાર કરાવ્યો. પછી તે મહાપ્રભાવિક એવા શ્રીમાનતુંગાચાર્યજીએ અઢાર અક્ષરોના મંત્રવાળું ભયહરનામનું સ્તોત્ર રાજાના મસ્તકની વ્યાધિ દૂર કરવામાટે રચ્યું. તેમણે

" પરિગ્રહપ્રમાણપ્રકરણ " તથા " દ્વાદશવ્રતનિરૂપણ " આદિક અનેક ગ્રંથો રચેલા છે. તેમણે રચેલાં ભયહરસ્તોત્રપર શ્રીજિનપ્રભસૂરિજીએ વિક્રમસંવત ૧૩૬૫ માં ટીકા રચી છે. અને તેમનાં ભક્તામરસ્તોત્રપર શાંતિસૂરિઆદિક અનેક વિદ્વાનોએ ટીકાઓ રચેલી છે. એવીરીતે મહાપ્રભાવિક એવા આ શ્રીમાનતુંગાચાર્ય પોતાની પાટે શ્રીવીરસૂરિજીને સ્થાપીને વિક્રમરાજા પછી ૨૮૮ વર્ષો વીત્યાબાદ ઉજ્જયિનીનગરીમાંજ દેવલોકે ગયા.

## ॥ ૨૩ ॥ શ્રીવીરસૂરિ ॥

( તેમનું વૃત્તાંત નીચે મુજબ છે. )

આ શ્રીવીરસૂરિજી વિવિધપ્રકારના તપમાં પરાયણ હતા. તેમણે નાગપુરનગરમાં શ્રીવિક્રમરાજા પછી ત્રણસો વર્ષો વ્યતીત થયાબાદ સમરશેઠે કરેલા જિનપ્રાસાદમાં શ્રીનેમિનાથપ્રભુની પ્રતિમાઆદિક એકસો જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. વળી તેમણે સત્યપુરમાં ( સાચોરમાં ) શ્રીવીરપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. એ રીતે શ્રીવિક્રમરાજા પછી ૩૨૩ વર્ષો વીત્યાબાદ આ શ્રીવીરસૂરિજી પોતાની પાટે શ્રીજયદેવસૂરિજીને સ્થાપીને સ્વર્ગે ગયા.

## ॥ ૨૪ ॥ શ્રીજયદેવસૂરિ ॥

આ શ્રીજયદેવસૂરિજી પોતાની પાટે શ્રીદેવાનંદસૂરિજીને સ્થાપીને વિક્રમરાજાથી ૩૬૩ વર્ષો વીત્યાબાદ સ્વર્ગે ગયા.

## ॥ ૨૫ ॥ શ્રીદેવાનંદસૂરિ ॥

આ શ્રીદેવાનંદસૂરિજી પણ પોતાની પાટે શ્રીવિક્રમસૂરિજીને સ્થાપીને સ્વર્ગે ગયા.

## ॥ ૨૬ ॥ શ્રીવિક્રમસૂરિ ॥

આ શ્રીવિક્રમસૂરિજીના સમયમાં કેટલાક મુનિઓએ પરંપરાથી ચાલી આવતી સામાચારીને ફેરવીને તેઓ શ્રીમહાવીરપછી આશરે ૮૨૨ વર્ષે ચૈત્યવાસીઓ થયા.

## ॥ ૨૭ ॥ શ્રીનરસિંહસૂરિ ॥

આ શ્રીનરસિંહઆચાર્યજી મહાપ્રભાવિક થયેલા છે, તેમણે પોતાના ઉપદેશથી યક્ષને પ્રતિબોધીને માંસનું બલિદાન લેવાનો ત્યાગ કરાવ્યો હતો.

## ॥ ૨૮ ॥ શ્રીસમુદ્રસૂરિ ॥

આ આચાર્યજીનો જન્મ સીસોદીયા ક્ષત્રિયકુલમાં થયેલો હતો.

## ॥ ૨૯ ॥ શ્રીમાનદેવસૂરિ ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

આ શ્રીમાનદેવસૂરિજી ચૌદસો ચમ્માલીસ ગ્રંથોના રચનાર, અને યાકિનીમહત્તરાના ધર્મપુત્ર એવા શ્રીહરિભદ્રસૂરિજીના સમકાલીન તથા સાથે અભ્યાસ કરનારા હતા. એક વખતે પરંપરાથી ચાલ્યો આવતો સૂરિમંત્ર પ્રમાદને લીધે તે વીસરી ગયા. ત્યારે તેમણે એક પખવાડીયાંના ઉપવાસ કરીને રૈવતાચલપર્વતપર જઇ અંબિકાદેવીનું આરાધન કર્યું. તેમના તપથી તુષ્ટમાન થયેલી તે અંબિકાદેવીએ સીમંધરસ્વામીપાસે જઇ તેમની પાસેથી સૂરિમંત્ર લાવીને તેમને સમર્પણ કર્યો. તેમાટે કહ્યું છે કે—

વિદ્યાસમુદ્રહરિભદ્રમુનીંદ્રમિત્રં ।
સૂરિર્બભૂવ પુનરેવ હિ માનદેવઃ ॥
માંદ્યં પ્રયાતમપિ યોઽનઘસૂરિમંત્રં ।
લેભેંબિકામુખગિરા તપસોજ્જયંતે ॥ ૧ ॥

અર્થઃ—વિદ્યાના મહાસાગરસરખા એવા શ્રીહરિભદ્રસૂરિજીના મિત્ર શ્રીમાનદેવસૂરિજી થયા, કે જેમણે ગિરનારપર્વતપર તપ તપીને અંબિકાદેવીની મુખવાણીથી વિસ્મૃત થયેલા અમૂલ્ય સૂરિમંત્રને મેળવ્યો.

આ શ્રીમાનદેવસૂરિજી પોતાની પાટે શ્રીવિબુધપ્રભસૂરિજીને સ્થાપીને વિક્રમસંવતના ૫૭૮ વર્ષો વીત્યાબાદ સ્વર્ગે ગયા.

તેમના સમયમાં થયેલા મહાપ્રભાવિક શ્રીહરિભદ્રસૂરિજીનું વૃત્તાંત નીચે મુજબ છે.

ચિત્રકૂટપર્વતની પાસે આવેલા ચિત્રકૂટ ( ચિત્તોડ ) નામના નગરમાં જ્યારે જિતારિનામે રાજા રાજ્ય કરતો હતો, ત્યારે ત્યાં તેમનો હરિભદ્રનામે એક મહાવિદ્વાન્ પુરોહિત બ્રાહ્મણ વસતો હતો. તેણે પોતાની વિદ્યાના ગર્વથી એવો નિયમ લીધો હતો કે, કોઇએ કહેલું શાસ્ત્રનું વાક્ય જો હું સમજી શકું નહી, તો તે સમજાવનારનો હું શિષ્ય થઇ જાઉં. એક વખતે તે એક જૈનઉપાશ્રયપાસેથી જ્યારે જતો હતો, ત્યારે ત્યાં રહેતી એક યાકિની નામની જૈનસાધ્વી નીચે મુજબ ગાથાનો પાઠ કરતી હતી.

ચક્કીદુગં હરિપણગં । પણગં ચક્કીણ કેસવો ચક્કી ॥
કેસવચક્કી કેસવ । દુચક્કી કેસવચક્કી ય ॥ ૧ ॥

તે ગાથા સાંભળી આશ્ચર્ય પામેલા તે હરિભદ્રપંડિતે ઉપાશ્રયમાં જઇ તે સાધ્વીને કહ્યું કે, માતાજી! તમોએ કહેલી ઉપલી ગાથામાં ઘણું " चाकचिक्य " ( ચકચકાટ ) છે. ત્યારે તે સાધ્વીએ પણ તેમને યોગ્ય ઉત્તર આપ્યો કે, હે પુત્ર! તે " गोमयार्द्रलिप्त " ( લીલાં છાણથી લીંપેલું=પક્ષે-ઘણાજ ગંભીર રહસ્યયુક્ત વાણીવાળી ) તે ગાથા છે. તે સાંભળી તે હરિભદ્રપંડિતે વિચાર્યું કે, આ ચતુર સાધ્વીએ ખરેખર મને પોતાનાં વચનચાતુર્યથી જીતી લીધો. તેમ આ તેણીએ કહેલી ગાથાનો અર્થ પણ હું સમજી શકતો નથી. એમ વિચારી તેણે તે ગાથાનો અર્થ સમજાવવાને તે સાધ્વીજીને વિનંતિ કરી. ત્યારે તે ચતુર સાધ્વીએ તેને કહ્યું કે, હે પંડિતજી! અમારા ગુરૂની અનુમતિવિના જૈનશાસ્ત્રનો અર્થ અમારાથી તમોને કહી શકાય નહીં અને તમોને જો તેનો અર્થ જાણવાની ઇચ્છા હોય, તો તમો આ નજીકમાં રહેલા ચૈત્યમાં વસનારા અમારા ગુરૂ પાસે જાઓ? તે સાંભળી ઉત્સુક થયેલા તે હરિભદ્રપંડિત તુરત તે ચૈત્યમાં વસનારા જિનભટ્ટનામના આચાર્યજીની પાસે ગયા, તથા તે ગાથાનો અર્થ સમજાવવામાટે તેમને વિનંતિ કરી. ત્યારે આચાર્યજીએ તેમને કહ્યું કે, જો તમો જૈનદીક્ષા ગ્રહણ કરો, તોજ અમારાથી તે ગાથાનો અર્થ તમોને સમજાવી શકાય. તે સાંભલી તે હરિભદ્રજીએ તુરત સર્વ સંઘની સમક્ષ પરિગ્રહનો ત્યાગ કરી ભાવપૂર્વક તેમનીપાસે જૈનદીક્ષા લીધી. પછી ગુરૂમહારાજે પણ તે ગાથાનો અર્થ સમજાવીને તેમને સર્વ શાસ્ત્રોમાં પારંગામી કર્યા. પછી એક વખતે તેમણે

પોતાના હંસ અને પરમહંસ નામના બે ભાણેજને ગુરૂની આજ્ઞાથી જૈનદીક્ષા આપી પોતાના શિષ્યો કર્યા, તથા તેઓને ન્યાયશાસ્ત્ર-આદિકના પારંગામી કર્યા. પછી એક વખતે તે બન્ને શિષ્યોએ પોતાના ગુરૂજીને વિનંતિ કરી કે, જો આપ આજ્ઞા આપો તો અમો બૌદ્ધોનાં ન્યાયશાસ્ત્રો ભણવાને તેમના નગરમાં જઇયે. તે વખતે નિમિત્ત જોઇને હરિભદ્રમુનિજીએ કહ્યું કે, તમારા ત્યાં જવાથી પરિણામ અશુભ આવવા સંભવ છે. ત્યારે તેમણે કહ્યું કે, આપસાહેબના ફક્ત નામના સ્મરણમંત્રથી અમોને ત્યાં કંઇ પણ આપદા થશે નહી. પછી તેઓ બન્ને વેષ બદલીને ત્યાંથી બૌદ્ધોના નગરમાં ગયા, અને તેમના પ્રમાણશાસ્ત્રોને તેઓએ ત્યાં અભ્યાસ કર્યો. હવે ત્યાં તેમની અત્યંત દયાળુ વૃત્તિ જોઇને તે બૌદ્ધાચાર્યને શંકા થઇ કે, ખરેખર આ બન્ને બૌદ્ધસાધુઓ નથી, પરંતુ જૈનસાધુઓ છે. એમ વિચારી તેમની પરીક્ષામાટે તેણે ઉપાશ્રયની સીડીના પગથીયાંપર એક જૈનપ્રતિમાનું ચિત્ર કરાવ્યું, તે એવી મતલબથી કે, જો તેઓ જૈન હશે, તો તેપર પગ મૂકીને ચાલશે નહી. પછી તેઓ બન્ને જ્યારે તે સીડીપર ચડવા લાગ્યા, ત્યારે તે જિનપ્રતિમાનું ચિત્ર જોઇ વિચારવા લાગ્યા કે, ખરેખર ગુરૂમહારાજે આગમચથી સૂચવેલી આપત્તિ આજે આવી પડી છે, હવે જો કદાચ અહીં આપણું મરણ થાય તોપણ ડરવું નહી, એમ વિચારી તેઓએ તે ચિત્રપર ખડીથી ત્રણ લીંટીઓ દોરી તેમાં જનોઇની આકૃતિ કરી તેને બૌદ્ધ પ્રતિમા બનાવી, અને તેપર પગ મૂકીને તેઓ ઉપર ચડી ગયા. ગુપ્ત રાખેલા માણસોએ તે હકીકત બૌદ્ધાચાર્યને જણાવ્યાથી તેણે તે બન્ને સાધુઓનો ત્યાં વધ કરાવ્યો. અનુક્રમે હરિભદ્રસૂરિજીને તે હકીકતની ખબર પડવાથી તેમણે તે બૌદ્ધોપર ક્રોધ લાવીને ઉષ્ણ તેલથી ભરેલી એક કડા તૈયાર કરાવી, અને પોતાની મંત્રશક્તિથી તે કડામાં હોમવામાટે તેમણે તે બૌદ્ધાચાર્યનું તેમના ચૌદસો ચુમ્માલીસ શિષ્યોસહિત ત્યાં આકર્ષણ કર્યું. એવામાં ગુરૂમહારાજને તે હકીકત માલુમ પડવાથી તેમણે હરિભદ્રજીને શાંત કરવામાટે મધુર ઉપદેશ કર્યો, અને તેથી શાંત થઇ તેમણે તે આકર્ષેલા સર્વ બૌદ્ધોને મુક્ત કર્યા, તેથી તેઓ પણ તેમની ક્ષમા માગી પોતાને સ્થાનકે ગયા. પછી તે હરિભદ્રસૂરિજીએ તે પાપની શુદ્ધિમાટે આલોચના તરીકે ચૌદસો ચુમ્માલીસ નવીન મહાન્ ગ્રંથો રચ્યા. જેમાના અનેકાંતજય-

પતાકા, આવશ્યકટીકા, ઉપદેશપદ, લલિતવિસ્તરા, જંબૂદ્વીપસંગ્રહણી, જ્ઞાનપંચકવિવરણ, દર્શનસપ્તતિકા, દશવૈકાલિકવૃત્તિ, પંચાસક, ધર્મબિંદુ, મુનિપતિચરિત્ર, સમરાઇચ્ચકહા, લગ્નકુંડલિકા, વેદબાહ્યતાનિરાકરણ, શ્રાવકધર્મવિધિ, યોગબિંદુપ્રકરણવૃત્તિ, યોગદૃષ્ટિસમુચ્ચય, ષડ્દર્શનસમુચ્ચય, પંચસૂત્રવૃત્તિ, પંચવસ્તુકવૃત્તિ, અષ્ટક, ષોડશક વીગેરે ઘણા ગ્રંથો આજે પણ મોજુદ છે. પોતાના તે ઉત્તમ શિષ્યોના વિરહથી તેમણે પોતાના દરેક ગ્રંથને છેડે પોતાની કૃતિની નિશાની દાખલ "વિરહ" શબ્દ મેલ્યો છે, અને તેથી તે વિરહાંકવાળા ગ્રંથો તેમની કૃતિ સૂચવે છે. વળી પોતાને પ્રતિબોધ પમાડનાર તે યાકિની સાધ્વીજીનું નામ પણ તેમણે દરેક ગ્રંથને છેડે તેમના ધર્મપુત્રતરીકે સૂચવેલું છે. આ મહાપ્રભાવિક શ્રીહરિભદ્રસૂરિજી વિક્રમ સંવત ૫૩૫ માં સ્વર્ગે ગયેલા છે.

## ॥ ૩૦ ॥ શ્રીવિબુધપ્રભસૂરિ ॥

આ શ્રીવિબુધપ્રભસૂરિજી પોતાની પાટે શ્રીજયાનંદસૂરિજીને સ્થાપીને સ્વર્ગે ગયા.

## ॥ ૩૧ ॥ શ્રીજયાનંદસૂરિ ॥

આ શ્રીજયાનંદસૂરિજીના સમયમાં વિક્રમ સંવત ૫૮૫ થી ૬૪૫ સુધિમાં શ્રીજિનભદ્રગણીક્ષમાશ્રમણ મહાપ્રભાવિક આચાર્ય થયેલા છે, તેમણે સંક્ષિપ્ત જિતકલ્પ, ક્ષેત્રસમાસ, ધ્યાનશતક, બૃહત્સંગ્રહણી, તથા વિશેષાવશ્યકભાષ્ય વિગેરે મહાન્ ગ્રંથો રચેલા છે. તેમનું સ્વર્ગગમન ૧૦૪ વર્ષોની વયે થયું હતું. આ શ્રીજયાનંદસૂરિજી પોતાની પાટે શ્રીરવિપ્રભસૂરિજીને સ્થાપીને સ્વર્ગે ગયા.

## ॥ ૩૨ ॥ શ્રીરવિપ્રભસૂરિ ॥

આ શ્રીરવિપ્રભસૂરિજીએ વિક્રમ સંવત ૭૦૦ માં શ્રીનાડોલનગરમાં શ્રીનેમિનાથપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરેલી છે. તેઓ પોતાની પાટે શ્રીયશોદેવસૂરિજીને ( શ્રીયશોભદ્રસૂરિજીને ) સ્થાપીને સ્વર્ગે ગયા.

## ॥ ૩૩ ॥ શ્રીયશોદેવસૂરિ ( યશોભદ્રસૂરિ )

આ આચાર્યજીના સમયમાં વિક્રમ સંવત ૮૭૨ માં વનરાજ ચાવડાએ અણહિલપુરપાટણ વસાવ્યું છે. તે વનરાજ ચાવડો શ્રીશીલગુણસૂરિજીના ઉપદેશથી પ્રતિબોધ પામી જૈનધર્મ પાળતો હતો, અને તે શીલગુણસૂરિજીએ વનરાજના બાલ્યપણામાં તેનાપર ઘણો ઉપકાર કર્યો હતો. હજુ પણ પાટણમાં આવેલા પંચાસરપાર્શ્વનાથના જિનમંદિરમાં તે વનરાજની મૂર્તિ વિદ્યમાન છે.

## ॥ ૩૪ ॥ શ્રીવિમલચંદ્રસૂરિ ॥

આ શ્રીવિમલચંદ્રસૂરિજી પણ પોતાની પાટે શ્રીઉદ્યોતનસૂરિજીને સ્થાપીને સ્વર્ગે ગયા.

## ॥ ૩૫ ॥ શ્રીઉદ્યોતનસૂરિ ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

આ શ્રીઉદ્યોતનસૂરિજી સર્વ મુનિવરોને માનનીક મહાપ્રભાવિક યુગપ્રધાન આચાર્ય થયેલા છે. આ શ્રીઉદ્યોતનસૂરિજીમાટે શ્રીભાવસાગરસૂરિજીએ શ્રીવીરવંશગુર્વાવલિમાં કહ્યું છે કે—

વિબુહપહો જયનંદો । રવિપહસૂરીસરો જસોદેવો ॥
સિરિવિમલચંદસૂરી । તત્તો ઉજ્જોયણો સુગુરૂ ॥ ૩૨ ॥

અર્થઃ—વિબુધપ્રભસૂરિ, જયાનંદસૂરિ, રવિપ્રભસૂરિ, યશોદેવસૂરિ, વિમલચંદ્રસૂરિ, અને ત્યારપછી શ્રીઉદ્યોતનસૂરિનામે ઉત્તમ ગુરૂ થયા.

એક વખતે આ શ્રીઉદ્યોતનસૂરિજી વિહાર કરતાથકા અનુક્રમે પોતાના ચોર્યાસી શિષ્યોના પરિવારસહિત યાત્રા કરવામાટે આબુપર્વતપર પધાર્યા. ત્યાં યાત્રા કરી તે પર્વતપરથી ઉતરીને પરિવારસહિત "ટેલી" નામના ગામની નજદીકમાં રહેલા એક વિશાળ વૃક્ષની નીચે માર્ગે ચાલવાથી થયેલા શ્રમને દૂર કરવામાટે બેઠા.

એવામાં આકાશમાં રહેલી શાસનદેવીએ તેમને કહ્યું કે, હે ભગવન્! અહીંજ જો આપ આપના શિષ્યોને સૂરિપદ આપશો, તો આ વડના વૃક્ષની શાખાઓની પેઠે આપના સંતાનોની પરંપરા વૃદ્ધિ પામશે. તે સાંભળી ખુશી થયેલા તે શ્રીઉદ્યોતનસૂરિજીએ તે સઘળા ચોર્યાસી શિષ્યોને યોગ્ય જાણીને તે સર્વેને વિક્રમ સંવત ૭૨૩ માં ત્યાં સૂરિપદો ( આચાર્યપદો ) આપ્યાં. એરીતે વડના વૃક્ષની નીચે સૂરિપદ આપવાથી તેમના ગચ્છનું મુખ્ય "વડગચ્છ" નામ પ્રસિદ્ધ થયું. તે શ્રીઉદ્યોતનસૂરિજીએ પોતાના જે ચોર્યાસી શિષ્યોને સૂરિપદ આપ્યાં, તેમના નામો એક અત્યંત પ્રાચીન હસ્તલિખિત લેખમાં નીચે પ્રમાણે લખેલાં છે. પણ જમણા પડખાનો ભાગ જીર્ણતાને લીધે નષ્ટ થયેલો છે, તેથી કોઇ કોઇ નામો તેમાં સંપૂર્ણ મળી શક્યાં નહોતાં, પરંતુ બીજી એક પટ્ટાવલીની પરતમાંથી તે નામો મળી આવતાં તે સાથે મેળવીને આ નામો લખેલાં છે, અને તેમાં પણ જે જે નામોમાં ફેર હતો, તે કાંઉંસમાં આપેલાં છે.

| | | |
|---|---|---|
| ૧ સર્વદેવસૂરિ | ૨૯ ચારિત્રસૂરિ | ૫૭ મંગલસૂરિ |
| ૨ પ્રભાનંદસૂરિ | ૩૦ ભાનુસૂરિ | ૫૮ જિનસિંઘસૂરિ |
| ૩ હરિયાણંદસૂરિ | ૩૧ ભાનુસિંઘસૂરિ | ૫૯ વીરચંદસૂરિ |
| ૪ શિવદેવસૂરિ | ૩૨ વિનયપ્રભસૂરિ | ૬૦ વૃદ્ધદેવસૂરિ |
| ૫ જિનેંદ્રસૂરિ | ૩૩ વિજયાણંદસૂરિ | ૬૧ શીલદેવસૂરિ |
| ૬ દયાણંદસૂરિ | ૩૪ વલ્લભસૂરિ | ૬૨ શાંબસૂરિ |
| ૭ ગુણપ્રભસૂરિ | ૩૫ દાનદેવસૂરિ | ૬૩ પ્રિયાંગસૂરિ |
| ૮ આણંદસૂરિ | ૩૬ માનરાજસૂરિ | ૬૪ આશાણંદસૂરિ ( આસચંદ્રસૂરિ ) |
| ૯ ધર્માણંદસૂરિ | ૩૭ રાજદેવસૂરિ | ૬૫ રામસૂરિ ( અમરરત્નસૂરિ ) |
| ૧૦ રામાણંદસૂરિ | ૩૮ ભોગાણંદસૂરિ | ૬૬ રવિપ્રભસૂરિ |
| ૧૧ સોભાગ્યચંદ્રસૂરિ | ૩૯ ભીમરાજસૂરિ | ૬૭ પ્રમાસેનસૂરિ |
| ૧૨ દેવેંદ્રસૂરિ | ૪૦ ભોજપ્રભસૂરિ | ૬૮ આણંદરાજસૂરિ |
| ૧૩ ધનેશ્વરસૂરિ | ૪૧ કૃષ્ણસૂરિ | ૬૯ પ્રજ્ઞાપ્રભસૂરિ |
| ૧૪ પ્રજ્ઞાણંદસૂરિ | ૪૨ ગોવર્ધનસૂરિ | ૭૦ બ્રહ્મસૂરિ |
| ૧૫ સર્વાણંદસૂરિ | ૪૩ પદ્માણંદસૂરિ | ૭૧ રત્નરાજસૂરિ |

| | | |
|---|---|---|
| ૧૬ સંઘાણુંદસૂરિ | ૪૪ નારાયણસૂરિ | ૭૨ સુરિપ્રભસૂરિ |
| ( જયપ્રભસૂરિ ) | | |
| ૧૭ સોમારાજીણંદસૂરિ | ૪૫ કર્મચંદસૂરિ | ૭૩ કર્ણપ્રભસૂરિ |
| ૧૮ યક્ષાયણસૂરિ | ૪૬ ભાવદેવસૂરિ | ૭૪ મેઘાણંદસૂરિ |
| ( જિનરત્નસૂરિ ) | | |
| ૧૯ શાલિંગસૂરિ | ૪૭ દેવરત્નસૂરિ | ૭૫ પ્રભુરાજસૂરિ |
| ૨૦ સામંતસૂરિ | ૪૮ નાઈલ્લસૂરિ | ૭૬ સારિંગસૂરિ |
| ૨૧ શિવપ્રભસૂરિ | ૪૯ નગરાજસૂરિ | ૭૭ રંગપ્રભસૂરિ |
| | ( નાગાર્જુનસૂરિ ) | |
| ૨૨ ઉદયરાજસૂરિ | ૫૦ પાંડુસૂરિ | ૭૮ શ્રીપાલસૂરિ |
| ૨૩ દેવરાજસૂરિ | ૫૧ પુષ્કલસૂરિ | ૭૯ ગોકર્ણસૂરિ |
| | | ( ગુણસાગરસૂરિ ) |
| ૨૪ ગાંગેયસૂરિ | ૫૨ ડોડસૂરિ | ૮૦ સિંહદેવસૂરિ |
| | ( ડાંમરસૂરિ ) | |
| ૨૫ ગોપ્રભસૂરિ | ૫૩ ખીમરાજસૂરિ | ૮૧ ભાવસંઘસૂરિ |
| ૨૬ ધર્મસિંઘસૂરિ | ૫૪ યાદવસૂરિ | ૮૨ બાહુડસૂરિ |
| ૨૭ સંઘસેનસૂરિ | ૫૫ વીરસૂરિ | ૮૩ લાડણસૂરિ |
| ( સિંહતિલકસૂરિ ) | | |
| ૨૮ સોમતિલકસૂરિ | ૫૬ મથુરાસૂરિ | ૮૪ જયરાજસૂરિ |

હવે તે ઉપર જણાવેલા ચોર્યાસી આચાર્યો ગુરૂમહારાજ શ્રીપ્રદ્યોતનસૂરિજીની આજ્ઞાથી ત્યાંથી વિહાર કરી ભિન્નભિન્ન નગરો અને ગામોમાં ચતુર્માસ રહ્યા, અને તે તે નગરો તથા તે તે ગામોના નામોથી તેઓનાં ગચ્છોનાં નામો પ્રસિદ્ધ થયાં. અને એરીતે ત્યારથી માંડીને જૈનશાસનમાં તે તે આચાર્યોના પરિવારરૂપ ચોર્યાસી ગચ્છોની ઉત્પત્તિ થઇ, એમ સંભવે છે. તે વખતના તે તે ચોર્યાસી ગચ્છોનાં ક્યાં ક્યાં નામો હતાં? તે સંબંધિ જો કે ખાતરીલાયક ચોકસ નામો હજુસુધિ મળી શક્યાં નથી, પરંતુ પ્રસિદ્ધ થયેલા શિલાલેખો, ધાતુની પ્રતિમાઓપરના લેખો તથા કેટલાક ગ્રંથોવિગેરેની પ્રશસ્તિઓ તથા પટ્ટાવલીઓ વિગેરેમાંથી નીચે જણાવેલાં ગચ્છોનાં નામો મળી આવે છે.

૧ નિર્ગ્રંથ
૨ કૌટિક
૩ વનવાસી
૪ ઉપકેશ
૫ વજ્રશાખા
૬ નાગિલ
૭ ષંડિલ્લ
૮ ચૈત્ર
૯ બ્રહ્મદ્વીપ
૧૦ હર્ષપુરીય
૧૧ મલ્લધારી
૧૨ સાંડેર
૧૩ વડગચ્છ
૧૪ કોરંટ
૧૫ કુચ્ચપુરીય
૧૬ ચૈત્યવાસી
૧૭ નાણાવલ
૧૮ ચિત્રવાલ
૧૯ વિધિપક્ષ(અંચલ)
૨૦ જાંગેડ
૨૧ સાર્ધપૂર્ણિમા
૨૨ ખરતર
૨૩ આગમિક
૨૪ સ્તવપક્ષ
૨૫ વિવંદનીક
૨૬ જીરાઉલા
૨૭ નિંબજીય
૨૮ હસ્તકુંડી
૨૯ રાજગચ્છ
૩૦ રૂદ્રપલ્લીય
૩૧ વાયટીય
૩૨ ઉકેશ
૩૩ પુનમીયા
૩૪ તપા
૩૫ વિશાવલ
૩૬ થારાપદ્રીય
૩૭ કૃષ્ણરાજર્ષિ
૩૮ પુરંદર
૩૯ કમલા
૪૦ ચાંદ્ર
૪૧ વિદ્યાધર
૪૨ નિર્વૃત્તિ
૪૩ પિપ્પલક
૪૪ સાગર
૪૫ પ્રશ્નવાહન
૪૬ શંખેશ્વર
૪૭ શેત્રુર
૪૮ કૂવડ
૪૯ હુંબડ
૫૦ જેરંડ
૫૧ છિતરાવાલ
૫૨ કમલકલશ
૫૩ કતકપરા
૫૪ પાયચંદ
૫૫ કાસદ્રા
૫૬ શરવાલ
૫૭ બ્રહ્માણ
૫૮ નાણંીય
૫૯ પિપ્પલીયા
૬૦ ભાવડાર
૬૧ ભાવડહેર
૬૨ ચૈત્રવાલ
૬૩ વાગડ
૬૪ ભિન્નમાલ
૬૫ ધર્મઘોષ
૬૬ દેવનંદિત
૬૭ વેગડ
૬૮ રાલદ્રા
૬૯ સીદાઘટીય
૭૦ શ્રીપલ્લીય
૭૧ કચ્છોલીવાલ
૭૨ હારીજ
૭૩ સૈદ્ધાંતિક
૭૪ હીરાપલ્લીય
૭૫ જાત્યોદ્ધાર
૭૬ કાશહ્રદીય
૭૭ મધુકર
૭૮ સીદ્ધાની
૭૯ જાખડીયા
૮૦ ત્રિભવિયા
૮૧ રત્નાકર
૮૨ નિગમ
૮૩ પૌષાલિક
૮૪ નાગર

આ ચોર્યાસી ગચ્છો શિવાયના કેટલાક પેટા ગચ્છો પણ લેખો-વિગેરેમાં જોવામાં આવે છે.

ઉપર જણાવેલા ચોર્યાસી આચાર્યોમાના મુખ્ય શ્રીસર્વદેવસૂરિ ત્યાંથી વિહાર કરતાથકા ગુજરાતમાં વઢીયારદેશમાં આવેલા શંખેશ્વરગામમાં ચતુર્માસ રહ્યા. અને તેથી તેમના પરિવારમાં થયેલા મુનિઓના ગચ્છનું “ શંખેશ્વરગચ્છ ” નામ પડયું.

## ॥ ૩૬ ॥ શ્રીસર્વદેવસૂરિ ॥

( તેમનું વૃત્તાંત નીચે મુજબ છે. )

વિક્રમ સંવત ૨૦૨ ના અરસામાં મારવાડમાં આવેલા ભિન્નમાલ નામના નગરમાં સોલંકી રજપૂતવંશનો અજિતસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. તે વખતે “ મીરમામોચા ” નામના મુસલમાન જાતિના મલેચ્છરાજાએ તે નગરપર ચડાઇ કરી, અને ઘણે ભાગે તે નગરનો તેણે વિનાશ કર્યો. લાખો માણસો તેમાં મરાણાં, અને તે અજિતસિંહરાજા પણ માર્યો ગયો. પછી તે મ્લેચ્છો ત્યાં લુંટફાટ કરી ચાલી ગયાબાદ તે નગર ફરીને વસ્યું, ત્યારે તેમાં બ્રાહ્મણોના એકત્રીસ હજાર ઘરો વસતાં હતાં. અનુક્રમે સંવત ૫૦૩ માં તે ભિન્નમાલનગરમાં સિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને પુત્ર ન હોવાથી તેણે પોતાની ખીમજાદેવી નામની ગોત્રદેવીનું આરાધન કર્યું. અને તેમ કરી તે સાત દિવસોસુધી જલરહિત ઉપવાસ કરીને દર્ભના સંથારાપર સુતો. ત્યારે તે દેવીએ પ્રત્યક્ષ થઈ કહ્યું કે તારા ભાગ્યમાં પુત્ર નથી, માટે જો તારે દત્તક પુત્ર જોઇતો હોય તો મ્હારી બેહેન જઈયાણદેવીનું તું આરાધન કર! તે તને તેવો દત્તક પુત્ર આપશે. પછી તે રાજાએ તેણીનું તે વચન સ્વીકારી પ્રભાતે તે જઈયાણદેવીનું આરાધન કરવાથી પ્રસન્ન થયેલી તે દેવીએ કહ્યું કે, તારી પુત્રની વાંછા હું સંપૂર્ણ કરીશ. એમ કહી તે દેવીએ અવંતીનગરીમાં વસનારા મોહલ નામના ક્ષત્રિયના તુરતના જન્મેલા પુત્રને લાવીને પોતાના નિર્માલ્યપુષ્પોના સમૂહમાં રાખ્યો. પછી તેણીએ તે સિંહરાજાને કહ્યું કે મારાં નિર્માલ્યપુષ્પોમાં રહેલા બાળકને લેઈ તારે તેનું “ જઈયાણકુમાર ” નામ રાખી તેને પુત્રતરીકે પાળવો, અને રાજાએ પણ તેમજ કર્યું. અનુક્રમે વિક્રમ સંવત ૫૨૭ માં તે જઇઆણકુમાર ભિન્નમાલનો રાજા થયો. તે પછી તેનો પુત્ર શ્રીકર્ણ સંવત ૫૮૧ માં ગાદીએ બેઠો. તે પછી તેનો પુત્ર મૂળજી સંવત ૬૦૫ માં ગાદીએ બેઠો. તેવારપછી સંવત ૬૪૫ માં તેનો

પુત્ર ગોપાલ ગાદીએ બેઠો. ત્યારબાદ સંવત ૬૭૫ માં તેનો પુત્ર રામદાસ ગાદીપર બેઠો. ત્યારપછી સંવત ૭૦૫ માં તેનો પુત્ર સામંત ગાદીએ બેઠો. તે સામંતરાજાના જયંત અને વિજયંત નામના બે પુત્રો હતા. સાંમતરાજાએ તેઓમાંથી મહોટા જયંતને ભિન્નમાલનગરનું રાજ્ય આપ્યું, અને વિજયંતને લોહિયાણનગરનું રાજ્ય આપ્યું. એ રીતે વિક્રમ સંવત ૭૧૯ માં તે જયંત અને વિજયંત રાજાઓ ગાદીપર બેઠા. પરંતુ પોતાના પિતાના મૃત્યુબાદ જયંતરાજાએ વિજયંતરાજાનું લોહિઆણનગરનું રાજ્ય બળાત્કારે ખુંચવી લીધું. ત્યારે વિજયંતરાજા બેનાતટમાં પોતાના મામા રત્નાદિત્યરાજાના પુત્ર વજ્રસિંહપાસે પોતાને મોશાળ નાશી ગયો, અને જયંતનો અન્યાય તેણે ત્યાં કહી સંભળાવ્યો. ત્યારે તેના મામાએ તેને કહ્યું કે, હમણા તો વર્ષાકાળ નજીક છે, માટે તું હમણા શંખેશ્વરગામમાં રહે, વર્ષાકાળબાદ હું તને તારૂં રાજ્ય પાછું અપાવીશ. એ રીતનું પોતાના મામાનું વચન સ્વીકારીને તે વિજયંતરાજા શંખેશ્વરગામમાં આવી રહ્યો.

**તે વિજયંતરાજાનું જૈની થવું**—એવામાં તે શંખેશ્વરગામમાં આ શ્રીસર્વદેવસૂરિજી ચતુર્માસ રહ્યા હતા. એક વખતે તેઓ સ્થંડિલમાટે ગામબહાર જઇ પાછા ઉપાશ્રયતરફ આવતા હતા, તે વખતે શિકાર કરવામાટે તે વિજયંતરાજા પણ તે રસ્તે થઇને વનમાં જતો હતો. આ વખતે તે શ્રીસર્વદેવસૂરિજીને સન્મુખ આવતા જોઇ તેથી અપશુકન માની તેમને મારવામાટે તેણે પોતાનો હાથ ઉંચો કર્યો, અને સન્મુખ દોડ્યો. પરંતુ તેમના અતિશયના પ્રભાવથી તેનો હાથ તેવીરીતેજ ઉંચો સ્તંભિત થઇ ગયો, અને તેથી તેના શરીરમાં અત્યંત વેદના ઉત્પન્ન થઇ. ત્યારપછી તે વિજયંતરાજા તે ગુરૂમહારાજને ચમત્કારવાળા જાણીને ઘોડાપરથી નીચે ઉતરી તેમને પગે પડયો, અને પોતાનો અપરાધ ખમાવવા લાગ્યો. અને તેમ કરવાથી તેની સઘળી શરીરની પીડા શાંત થઈ. પછી તે વિજયંતરાજાએ વિક્રમ સંવત ૭૨૩ ના માગસરસુદી દશમે સમ્યકત્વમૂલ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો, તથા બાર વ્રતો અંગીકાર કર્યાં, અને મિથ્યાત્વનો ત્યાગ કર્યો.

વળી એક દિવસે તે વિજયંતરાજા પોતે સ્વીકાર કરેલા દયાયુક્ત જૈનધર્મને વિસારીને પાછો પાંચસો સુભટોસહિત શિકાર કરવા

આવ્યો. પરંતુ કોઇ પણ પ્રાણીનો શિકાર તેને મળી શકયો નહી. ત્યારે તેણે વિચાર્યું કે, આ સઘળો ચમત્કાર ગુરૂમહારાજનો છે. એમ જાણી પાછો ગામમાં આવી તે ગુરૂમહારાજને ચરણે પડયો, અને પોતાના અપરાધની તેણે ક્ષમા માગી. અને ત્યારબાદ તે ગુરૂમહારાજના ઉપદેશથી જૈનધર્મનો દૃઢ રાગી થયો. પછી વર્ષાકાળ ગયાબાદ વજ્રસિંહ રાજા પોતાના ભાણેજ એવા તે વિજયંતરાજાને લેઇને ભિન્નમાલનગરે ગયો, અને જયંતરાજાને સમજાવીને લોહિયાણનગરનું રાજ વિજયંતરાજાને પાછું અપાવ્યું. એ રીતે પાંચ વર્ષો ગયાબાદ વિજયંતરાજા પાછો મિથ્યાત્વમાં પ્રવૃત્ત થયો. તે સાંભળી તે શ્રીસર્વદેવસૂરિજીએ પોતાની આકર્ષણી વિદ્યાના બલથી તે રાજાને શંખેશ્વરગામમાં પોતાના ઉપાશ્રયમાં આકર્ષી મગાવ્યો ! અને ઉપદેશ આપી મિથ્યાત્વ દૂર કરાવી ફરીને જૈનધર્મમાં દૃઢ કર્યો. પછી તે વિજયંતરાજાના આગ્રહથી ગુરૂમહારાજ તેના લોહિયાણનગરમાં ચતુર્માસ રહ્યા, તથા તેમના ઉપદેશથી તે રાજાએ ત્યાં શ્રીઋષભદેવપ્રભુનું જિનમંદિર બંધાવ્યું, અને તેની પ્રતિષ્ઠા તે શ્રીસર્વદેવસૂરિજીએ કરી. વળી તેમના ઉપદેશથી ત્યાં તેણે એક પૌષધશાળા બંધાવી. એરીતે મહાપ્રભાવિક એવા આ શ્રીસર્વદેવસૂરિ વિક્રમ સંવત ૭૪૫ માં પોતાની પાટે શ્રીપદ્મદેવસૂરિજીને સ્થાપીને સ્વર્ગે ગયા.

## ॥ ૩૭ ॥ શ્રીપદ્મદેવસૂરિ ॥

આ શ્રીપદ્મદેવસૂરિજીએ શંખેશ્વરગામમાં સાંખ્યદર્શનીઓ સાથે ધર્મવાદ કરીને તેમને હરાવ્યા, તેથી તેમનું બીજું નામ “ સાંખ્યસૂરિ ” પ્રસિદ્ધ થયું હતું. તેમની પાટે વિક્રમ સંવત ૭૭૨ માં મહાપ્રભાવિક એવા શ્રીઉદયપ્રભસૂરિ થયા.

## ॥ ૩૮ ॥ શ્રીઉદયપ્રભસૂરિ ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

ઉપર વર્ણવેલા વિજયંતરાજાને દેમાઇ, સોમાઇ, કસ્તૂરાઈ, શ્રીબાઇ, કપૂરાઇ, રાજબાઇ, લખમા, અને પુનાઇનામે આઠ રાણીઓ હતી, તેઓમાંથી દેમાઇને જયમલ્લ, સોમાઇને જાદવ, પુનાઇને જોધા, અને શ્રીબાઇને જોગા અને જયવંત નામના પુત્રો હતા. તેઓમાંથી

જયમલ્લ વિક્રમ સંવત ૭૩૫ માં વિજયંતરાજાની ગાદીએ બેઠો. તે પછી સંવત ૭૪૧ માં તેનો ભાઇ જોગા ગાદીપર આવ્યો. તેને પૂરાઇ આદિક સાત રાણીઓ હતી, તથા શિવા અને દેવા નામના બે પુત્રો હતા. તેમાંનો શિવા શસ્ત્રઘાતથી મરણ પામ્યો, અને દેવા નપુંસક હોવાથી તે જોગાની ગાદીપર તેનો ભાઇ જયચંત વિક્રમ સંવત ૭૪૯ માં ગાદીપર બેઠો. તે જયચંતરાજાને સંપૂ, રમાઇ અને જીવાઇ નામે ત્રણ રાણીઓ હતી. તેમાંથી સંપૂનો શ્રીમલ્લનામે, અને રમાઇનો વનાનામે પુત્ર હતો. તે વના કોઇક કારણથી જલમાં પડી મરણ પામ્યો, અને શ્રીમલ્લે નાગેંદ્રગચ્છના આચાર્યપાસે ચારિત્ર લીધું, અને તેમનું " સોમપ્રભાચાર્ય " નામ રાખવામાં આવ્યું હતું. હવે તે કારણથી ઉપર જણાવેલા વનાનો પુત્ર ભાણજી વિક્રમ સંવત ૭૬૪ માં લોહીયાણનગરની રાજ્ય ગાદીપર બેઠો. એવામાં ભિન્નમાલનગરનો આગળ વર્ણવેલો જયંતરાજા પુત્રરહિત મરણ પામ્યો, તેથી તે નગરનું રાજ્ય મેળવવામાટે તે ગોત્રના વંશજોના કુટુંબમાં ક્લેશ ઉત્પન્ન થયો. તે જોઇ લોહિયાણનગરના બલવાન એવા તે ભાણરાજાએ ભિન્નમાલનું રાજ્ય પોતાને કબજે કર્યું. આ ભાણરાજા મહાપ્રતાપી હોવાથી તેનું રાજ્ય છેક ગંગાનદીના કિનારાસુધી વિસ્તાર પામ્યું હતું. એવીરીતે તે ભાણરાજાને રાજ્યાસન પ્રાપ્ત થયા પછી અગ્યાર વર્ષો વીત્યાબાદ આગળ વર્ણવેલા ( સંસારપક્ષના તેમના કાકા ) નાગેંદ્રગચ્છવાળા શ્રીસોમપ્રભાચાર્ય એક વખતે તે ભિન્નમાલનગરમાં પધાર્યા, અને તેમણે ત્યાં વસતા પોતાના સંસારપક્ષના સર્વ કુટુંબીઓ વચ્ચેનો ક્લેશ ઉપદેશ આપી દૂર કરાવ્યો, અને ભાણરાજાએ પણ વિનંતિ કરીને તે આચાર્યશ્રીને ત્યાં ચતુર્માસ રાખ્યા. ચતુર્માસબાદ તે ભાણરાજાએ તેમના ઉપદેશથી સંઘસહિત શત્રુંજય તથા ગીરનારતીર્થની યાત્રા કરવાનો મનોરથ કર્યો, અને તે શ્રીસોમપ્રભાચાર્યજીને પણ સંઘમાં સાથે પધારવામાટે તેણે વિનંતિ કરી, તેમજ બીજા ગચ્છોના આચાર્યોને પણ સંઘસાથે યાત્રામાટે પધારવાને તે રાજાએ બોલાવ્યા, તે સાથે પોતાના કુલપરંપરાના ઉપદેશક શંખેશ્વરગચ્છવાળા આ શ્રીઉદયપ્રભસૂરિજીને પણ બોલાવ્યા.

તે ભાણરાજાના સંઘમાં નીચે મુજબ પરિવાર હતો.—સાતહજાર રથો, સવાલાખ ઘોડા દશહજારને અગ્યાર હાથી, સાતહજાર

પાલખી, પચીસહજાર ભાર ઉપાડનારા ઉંટ, પચાસહજાર બળદ, અને અગ્યારહજાર ગાડાં હતાં.

હવે તે ભાણરાજાને સંઘવીપદનું તિલક કરવામાટે કુલપરંપરાના શ્રીઉદયપ્રભસૂરિજી તૈયાર થયા, એવામાં તેમના સંસારપક્ષના કાકા એવા તે શ્રીસોમપ્રભાચાર્યજીએ કહ્યું કે, આ ભાણરાજા મારા ભત્રિજા થાય છે, માટે હું તેમને સંઘપતિનું તિલક કરીશ. આવીરીતે તેઓવચ્ચે પરસ્પર વિવાદ થયો. ત્યારે શંઘસાથે યાત્રાયે જવામાટે ત્યાં પધારેલા જૂદાજૂદા ગચ્છના સર્વ આચાર્યોને એકઠા કરી ભાણરાજાએ પૂછ્યું કે, તિલક કરવામાટે કોનો હક છે? ત્યારે તેઓએ કહ્યું કે, પરંપરાથી ચાલ્યા આવતા કુલગુરૂનો તિલક કરવામાટેનો હક છે, તેમાટે બીજાનો હક નથી. એવીરીતે નિર્ણય થવાથી આ શ્રીઉદયપ્રભસુરિજીએ તે ભાણરાજાને સંઘપતિનું તિલક કર્યું.

**કુલગુરૂઓમાટે થયેલી મર્યાદા**—ત્યારબાદ તે ભાણરાજાએ તે સર્વ આચાર્યોને પૂછ્યું કે, અમુક આચાર્ય રાજાઆદિક અમુક માણસના કુલગુરૂ છે, એવી ખાતરી હવેથી શીરીતે કરવી? ત્યારે તે સર્વ આચાર્યોએ મલીને એવી મર્યાદા બાંધી કે, આજથી માંડીને જે કોઇ આચાર્ય જેને પ્રતિબોધે, તે આચાર્યે તે માણસના કુલ આદિક સર્વ પરિવારનાં નામો એક વહીમાં લખવાં.

**કુલગુરૂઓએ કરેલી પોતાના શ્રાવકોના ઇતિહાસ લખવાની શિરૂઆત**—આ રીતે તે કુલગુરૂઓએ પોતાના શ્રાવકોનો ઇતિહાસ લખવાની શિરૂઆત કરી, અને એરીતે નામો વિગેરે લખવાથી પરદેશમાં રહેલાઓને પણ ખાતરી થવા લાગી કે, આ અમુક આચાર્યનો શ્રાવક છે. વળી બીજી પણ એવી મર્યાદા બાંધી કે, કદાચ કોઇ આચાર્યે પરગચ્છના કોઇક શ્રાવકને પ્રતિબોધીને દીક્ષા લેવામાટે તૈયાર કર્યો હોય, ત્યારે તેના પરંપરાના કુલગુરૂની આજ્ઞા લેઇને તેને દીક્ષા આપવી, પરંતુ જો તેના તે કુલગુરૂ આજ્ઞા ન આપે તો દીક્ષા ન આપવી. તેમજ જિનપ્રતિમાદિકની પ્રતિષ્ઠા, સંઘવીપદનું તિલક, અને વ્રતોચ્ચાર આદિક કાર્યો પણ કુલગુરૂપાસેજ કરાવવાં. તેવે સમયે કુલગુરૂ જો કદાચ પરદેશમાં હોય તો તેમને ત્યાંથી બોલાવી તે તે કાર્યો તેમની સમ્મતિમુજબ કરવાં. વળી

એવીરીતે આમંત્રણ કર્યાછતાં પણ જો કદાચ તે ન આવે, તો પછી બીજા ગુરૂપાસે તે તે કાર્યો કરાવવાં, અને ત્યારથી જેણે તે પ્રતિષ્ઠાઆદિક કાર્યો કર્યાં, તેજ તેના કુલગુરૂઓ થયા. આવીરીતના કરેલા નિર્ણયના લખાણપર તે સમયે ત્યાં હાજર રહેલા નીચે જણાવેલા આચાર્યોએ પોતપોતાની સહીઓ કરી, અને તે લખાણમાં તે ભાણરાજાએ પોતાની સાક્ષી કરી. આવીરીતની મર્યાદાનો છેવટનો નિર્ણય શ્રીવર્ધમાનપુરમાં વિક્રમ સંવત ૭૭૫ ના ચૈત્રસુદી સાતમે થયો. તે લખાણમાં સહી કરનારા આચાર્યોના તથા તેમના ગચ્છોનાં નામો નીચે મુજબ છે.—

| ગચ્છનું નામ | આચાર્યનું નામ |
|---|---|
| નાગેંદ્ર | સોમપ્રભાચાર્ય |
| બ્રહ્માણ | જિજ્જગસૂરિ |
| ઉપકેશ | સિદ્ધસૂરિ |
| નિર્વૃત્તિ | મહેંદ્રસૂરિ |
| વિદ્યાધર | હરિયાણંદસૂરિ |
| સાંડેર | ઇશ્વરસૂરિ |
| બૃહદ્ગચ્છ ( શંખેશ્વરગચ્છ ) | ઉદયપ્રભસૂરિ |

આહડસૂરિ, આર્દ્રસૂરિ, જિનરાજસૂરિ, સોમરાજસૂરિ, રાજહંસસૂરિ, ગુણરાજસૂરિ, પૂર્ણભદ્રસૂરિ, હંસતિલકસૂરિ, પ્રભારત્નસૂરિ, રંગરાજસૂરિ, દેવરંગસૂરિ, દેવાણંદસૂરિ, મહેશ્વરસૂરિ, બ્રહ્મસૂરિ, વિનોદસૂરિ, કર્મરાજસૂરિ, તિલકસૂરિ, જયસિંઘસૂરિ, વિજયસિંઘસૂરિ, નાંમિગસૂરિ, ભીમરાજસૂરિ, જયતિલકસૂરિ, ચંદ્રહંસસૂરિ, વીરસિંહસૂરિ, રાંમપ્રભસૂરિ, શ્રીકર્ણસૂરિ, વિજયચંદ્રસૂરિ તથા અમૃતસૂરિ.

વળી તે લખાણમાં તે ભાણરાજાએ, શ્રીમાલી જોગા, રાજપૂર્ણ તથા શ્રીકર્ણ આદિક શ્રાવકોએ પણ સાક્ષી કરી.

તે ભાણરાજાએ તે સંઘમાં સર્વ મળી અઢાર ક્રોડ સોનામોહોરોનો ખર્ચ કર્યો.

**ભિન્નમાલના તે ભાણરાજાના ઓશવાળની કન્યા સાથેનાં લગ્ન**—તે ભાણરાજાને ત્રણસો પચીસ રાણીઓ હતી, પરંતુ તેઓમાંથી કોઇને પણ કંઇ સંતાન નહોતું. ત્યારે સંતાનની પ્રાપ્તિમાટે તેણે પોતાના કુલગુરૂને પૂછતાં તેમણે કહ્યું કે, ઉપકેશ નામના નગરમાં જયમલ્લનામે એક ઓશવાલજ્ઞાતિનો શેઠ વસે છે, તેને રત્નાબાઇનામે એક ઉત્તમ ગુણોવાળી પુત્રી છે, તેણીની સાથે લગ્ન કરવાથી તમોને પુત્રની પ્રાપ્તિ થશે. તે સાંભળી તે ભાણરાજાએ ખુશી થઇને તેણીનું તેના પિતાપાસે પોતાનેમાટે માગું કરાવ્યું, પરંતુ તે વણિકે તે ક્ષત્રિયરાજાને પોતાની તે પુત્રી આપી નહી. બળાત્કારે પણ તે કન્યા મળવી અશક્ય લાગવાથી રાજાએ તેણીને મેળવવામાટે સભા ભરી બીડું મૂક્યું, પરંતુ તે બીડું કોઇયે ઉપાડ્યું નહી. પાછળથી ત્યાંની એક વેશ્યાએ ગુપ્તરીતે તે બીડું રાજા પાસેથી ગ્રહણ કર્યું. પછી તે વેશ્યા જોગણનો વેશ લેઇ તે ઉપકેશ નગરમાં આવી, અને ત્યાંના તે કોટિધ્વજ જયમલ્લ નામના નગર શેઠને ઘેર ભિક્ષા લેવાને બહાને ગઇ. પછી ધીમે ધીમે તે હમેશાં ત્યાં જઇ શેઠની પુત્રી એવી તે રત્નાબાઇ સાથે વાર્તાલાપ કરીને તેણીને ખુશી કરવા લાગી. એરીતે છમાસ વીત્યાબાદ તેણીએ લાગ જોઇ એક વખતે તે રત્નાબાઇને કહ્યું કે, તું ભિન્નમાલના ભાણરાજાની પટરાણી થા? તે સાંભળી તેણીએ કહ્યું કે, તે રાજાએ મારા પિતા પાસે મારૂં માગું કર્યું હતું, પરંતુ મારા પિતાએ તે કબુલ કર્યું નહી. ત્યારે ફરીને તે જોગણે કહ્યું કે, જો તારી ઇચ્છા હોય તો હું તે કાર્ય કરાવી આપું. ત્યારે તે કન્યાએ કહ્યું કે જો તે રાજા મને એક વચન આપે, તો ગુપ્તરીતે હું તેની સાથે મારૂં લગ્ન કરૂં. જોગણે તેમ કરાવી આપવાની કબુલાત આપવાથી કન્યાએ પણ તેમ કરવાનો સ્વીકાર કર્યો. પછી તે જોગણનો વેષ ધરનારી વેશ્યાએ ભિન્નમાલ જઇ ભાણરાજાને તે સર્વ હકીકત જણાવી. તે સાંભળી ખુશી થયેલો ભાણરાજા વેષ બદલી ગુપ્તરીતે ઉપકેશનગરમાં આવ્યો, અને ત્યાં તેણે તે રત્નાબાઇ સાથે ગુપ્ત મેલાપ કર્યો. રત્નાબાઇએ તેમને કહ્યું કે, તમારે બીજી ઘણી રાણીઓ છે, અને હાલમાં જોકે તેઓમાંથી કોઇને કંઇ સંતાન નથી, પરંતુ કદાચ આગામિકાળમાં તેઓમાંથી કોઇને સંતાન થાય, તો તેને રાજ્ય મળે, અને મારાં

સંતાનને તો રાજ્ય મળે નહી, તો પછી અમો બન્ને માતાપુત્રની શી દશા થાય? તે સાંભળી તે ભાણરાજાએ તેણીને વચન આપ્યું કે, જો તને પુત્ર થશે, તો હું બીજા કોઇને પણ રાજ્ય નહી આપતાં તારા પુત્રનેજ રાજ્ય આપીશ. એવીરીતે રાજાએ દેવગુરૂની આજ્ઞાપૂર્વક તેણીને વચન આપ્યું. ત્યારે તે રત્નાબાઇ ગુપ્તરીતે તે ભાણરાજાસાથે ભિન્નમાલ આવી, અને ત્યાં મહોત્સવપૂર્વક તેઓ બન્નેનાં લગ્ન થયાં. તે વખતે તે રત્નાબાઇની ઉમર ફક્ત તેર વર્ષની હતી. પછી રત્નાબાઇએ તે હકીકતથી પોતાના માતાપિતાને પણ વાકેફ કર્યાં. લગ્ન પછી પાંચ વર્ષે વીત્યાબાદ તે રત્નાબાઇએ પોતાના પિતાને ઘેર એક પુત્રને જન્મ આપ્યો, અને ત્યારબાદ કેટલેક કાળે તેણીએ એક બીજા પુત્રને પણ જન્મ આપ્યો. તેઓ બન્નેનાં અનુક્રમે રાણા અને કુંભા એવાં નામો રાખવામાં આવ્યાં હતાં. હવે તે પુત્રોના જન્મબાદ તે ભાણરાજાને જૈનધર્મપર વિશેષપ્રકારે શ્રદ્ધા થઇ, અને તેથી તેણે પોતાના કુલગુરૂ શંખેશ્વરગચ્છીય શ્રીઉદયપ્રભસુરિપાસે ફરીને શ્રદ્ધાપૂર્વક શ્રાવકના બાર વ્રતો અંગીકાર કર્યાં. તથા વિક્રમ સંવત ૭૯૫ ના માગશરસુદી દશમ રવિવારે તેણે પોતાના નગરમાં એવી ઉદ્ઘોષણા કરાવી કે. જે કોઇ માણસ જૈનધર્મને સ્વીકારીને મારો સાધર્મિક થશે, તેના સર્વ મનોવાંછિત હું સંપૂર્ણ કરીશ.

**શ્રીમાલી જૈનધર્મી શ્રાવકોની ઉત્પત્તિ**—હવે તે સમયે તે ભિન્નમાલનગરમાં શ્રીમાલબ્રાહ્મણજ્ઞાતિના બાસઠ કરોડપતિ નગર શેઠ વસતા હતા. ભાણરાજા તેઓને ઘણું સન્માન આપતા હતા, અને તેઓ પણ તેના આદરમાનથી સંતુષ્ટ થઇ તે રાજાપર ઘણોજ પ્રેમ રાખતા હતા. પોતાના રાજા ભાણને એવીરીતે પરમજૈની થયેલો જાણીને તે બ્રાહ્મણશેઠાને પણ શુદ્ધ જીવદયામય જૈનધર્મ સ્વીકારવાની ઇચ્છા થઇ. અને તેથી તે વખતે ત્યાં વિચરતા શંખેશ્વરગચ્છવાળા આ શ્રીઉદયપ્રભસૂરિજીએ તે બાસઠ શેઠીયાઓને પ્રતિબોધીને તેમના મસ્તકોપર વાસક્ષેપ કરી વિક્રમ સંવત ૭૯૫ માં તેમને શ્રીમાલીજ્ઞાતિના જૈનધર્મ પાળનારા શ્રાવકો કર્યાં. તે બાસઠ શેઠીયાઓનાં નામો તથા તેમનાં ગોત્રોનાં નામો નીચે મુજબ છે.

| ગોત્રનું નામ. | શેઠનું નામ. | ગોત્રનું નામ. | શેઠનું નામ. |
|---|---|---|---|
| ૧ ગૌતમ | વિજય | ૨ હરિયાણ | શંખ |
| ૩ કાત્યાયન | શ્રીમલ્લ | ૪ ભારદ્વાજ ( ભાદરાયણ ) | નોડા |
| ૫ આગ્નેય | વધા | ૬ કાશ્યપ | ઝૂના |
| ૭ વાશિષ્ટ | રાજા | ૮ પારાયણ | સોમલ |
| ૯ વંસીયાણ | ભુભચ | ૧૦ ખોડાયણ | જોગ |
| ૧૧ લોઢાયણ | સાલિગ | ૧૨ પારસ | તોલા |
| ૧૩ ચંડીસર | નારાયણ | ૧૪ દે(દો)હીલ | ઝંબા |
| ૧૫ પા(ના)પચ | સમધર | ૧૬ દાડિમ | શંકર |
| ૧૭ સાંખ્ય | મના | ૧૮ મહાલક્ષ્મી | મમન |
| ૧૯ વીજલ | વર્ધમાન | ૨૦ લાછિલ | ગોવર્ધન |
| ૨૧ દ્વીપાયન | ગોધા | ૨૨ પારથ | ભીમ |
| ૨૩ ચક્રાયુદ્ધ | સારંગ | ૨૪ જાંગલ | રાયમલ્લ |
| ૨૫ વાછિલ | ધના | ૨૬ માઢર | જીવા |
| ૨૭ તુંગીયાણ | વિજય | ૨૮ પાયન | વાયડ |
| ૨૯ એલાયન | કડુયા | ૩૦ ચોખાયણ | ઝાંઝણ |
| ૩૧ અક્ષાયણ | પોષા | ૩૨ પ્રાચીન | રાજપાલ |
| ૩૩ કામરૂ | સહદેવ | ૩૪ ભોમાન | કર્મણ |
| ૩૫ ચંદ્ર | મોકા | ૩૬ ટાટર | આદિત્ય |
| ૩૭ ઔહિલ | હરખા | ૩૮ રાજલ | વિષ્ણુ |
| ૩૯ સ્વસ્તિક | દેપા | ૪૦ અમૃત | ચંડ |
| ૪૧ ચામિલ | નાના | ૪૨ કૌશિક | હરદેવ |
| ૪૩ બહુલ | ભુભચ | ૪૪ નાગડ | ભોલા |
| ૪૫ ઝાયણ | સીપા | ૪૬ ડોડ | નથુ |
| ૪૭ જીતધર | હાથી | ૪૮ જાલંધર | ઘોડ ( દોધડ ) |
| ૪૯ તક્ષક | મુંજ | ૫૦ ખાગિલ | સાંતુ |
| ૫૧ વાયવ | લાખુ | ૫૨ સારધર | ડુઘડ |
| ૫૩ ધીરથ | વધા | ૫૪ આત્રેય | શ્રીપાલ |
| ૫૫ આહટ | માંકા ( કીકા ) | ૫૬ કર્કસ | ગોના |
| ૫૭ બંબાયન | સહસા | ૫૮ કુંભક | ભીમ |
| ૫૯ દીર્ઘાયણ | હાપા | ૬૦ તોતિ(જિ)લ | રંગ |
| ૬૧ બહુસર | ધરણ | ૬૨ વ(ચ)ાણક | ગોવિંદ |

**પોરવાડ જ્ઞાતિના જૈન શ્રાવકોની ઉત્પત્તિ**—ત્યારબાદ તે શ્રીઉદયપ્રભસૂરિજીએ ત્યાં વસનારા પ્રાગ્વાટબ્રાહ્મણજ્ઞાતિના નીચે જણાવેલા આઠ શેઠોને વિક્રમ સંવત ૭૯૫ ના ફાગણસુદી બીજને દિવસે પ્રતિબોધિને જૈની કર્યા, અને તેઓ પ્રાગ્વાટ ( પોરવાડજ્ઞાતિના ) શ્રાવકો થયા. તે શેઠોના નામો તથા તેમના ગોત્રોનાં નામો નીચે મુજબ છે.

| ગોત્રનું નામ. | શેઠનું નામ. |
|---|---|
| કાશ્યપ | નરસિંહ |
| પુષ્પાયન | માધવ |
| આગ્નેય | જૂના |
| વચ્છસ | માણિક |
| પારાયણ | નાના |
| કાૈરિસ | નાગડ |
| વૈશ્યક | રાયમલ્લ |
| માઢર | અનુ |

એ રીતે મહાપ્રભાવિક એવા આ શ્રીઉદયપ્રભસૂરિજીએ સર્વમળી સીતેર ગોત્રોના બ્રાહ્મણોને પ્રતિબોધીને જૈની કર્યા છે.

**ભિન્નમાલનગરની ચડતી પડતી**—એ રીતે વિક્રમ સંવત ૭૯૫ ની લગભગ તે પ્રાચીન ભિન્નમાલનગરની ઘણીજ જાહોજલાલી હતી. કેમકે તે સમયમાં તે નગરમાં ઘણા કરોડપતિ વ્યાપારીઓ વસતા હતા, તેમજ પરમજૈની એવો ભાણરાજા ત્યાં રાજ કરતો હતો, અને ઉપર જણાવ્યા મુજબ તે રાજાના ધર્મગુરૂ મહાપ્રભાવિક એવા તે શ્રીઉદયપ્રભસૂરિજીએ પ્રતિબોધેલા શ્રીમાલી, તથા પોરવાડ વિગેરે જૈનીઓની ત્યાં વસતિ હતી, અને તેઓ સર્વે પોતાની સુખી જીંદગી ગુજારતા હતા. અને એ રીતે તે નગરની વૃદ્ધિ પામેલી જાહોજલાલી દુનીયામાં પ્રસિદ્ધ થઇ. એરીતે આશરે સવાત્રણસો વર્ષો વીત્યાબાદ સંવત ૧૧૧૧ માં તે નગરની સમૃદ્ધિને લુંટવાના લોભથી “ બોડીમુગલ ” નામના કોઇ મુસલમાન રાજાએ તે ભિન્નમાલનગરપર ચડાઇ કરી, અને તેને લુંટીને તેની જાહોજ-

લાલીનો વિનાશ કર્યો. લાખોગમે માણસોને મારી નાખ્યાં, તથા હજારોગમે માણસોને કેદ કરી વટલાવીને મુસલમાન કર્યાં, અને લોકોનું દ્રવ્ય લુંટી તેઓને પાયમાલ કર્યા. જે કોઇ જુજ માણસો તે વખતે ત્યાંથી નાશી બીજે જતા રહ્યા, તેઓજ માત્ર જીવતા રહ્યા. ઇતિહાસ જોતાં એમ જણાય છે કે, આ ભિન્નમાલનગરે પોતાની જાહોજલાલીની ઘણીવખત ચડતી પડતી અનુભવેલી છે.

એરીતે આ શ્રીઉદયપ્રભસૂરિજીએ પ્રતિબોધેલા સીતેર ગોત્રોમાંથી જે જે ગોત્રોની વિશેષ હકીકતો મળેલી છે, તે નીચે મુજબ છે.

## ( ૧ ) ગૌતમગોત્ર—( શ્રીમાલી-તથા-ઓશવાળ )

મુખ્ય શાખાઓ—વૃદ્ધસજનીય (વીસા)લઘુસજનીય(દશા)

પેટા શાખાઓ—મહેતા, યશોધન, ભણસાલી, વીસરીયા, શંખેશ્વરીયા, પુરાણી,ધુરીયાણી, ભરકીયાણી, ઘટ્ટા, છેવકુાણી, પબાણી, માલાણી, ઘેલાણી વિગેરે. ૧

વિક્રમ સંવત ૭૯૫માં ભિન્નમાલનગરમાં શ્રીશાંતિનાથના ગોષ્ઠિક વિજય નામે શેઠ વસતા હતા. તેમને આ શ્રીઉદયપ્રભસૂરિજીએ પ્રતિબોધી જૈની કર્યા. તેની ગોત્રજા ગાજણાનામે દેવી હતી, તથા તેનું બીજું નામ નારાયણીદેવી હતું, અને તેનું સ્થાન તે નગરની પાસે ખીમજાડુંગરીપર ગાજણાટુંકપર હતું.

તે ગોત્રજાના કર નીચે મુજબ હતા—આસુ તથા ચૈત્રમાસની પાંચમે ચોળાચોખાનું ઘૃતસહિત નૈવેદ્ય, અને આઠ ફદીયાં તથા જમણીનું કપડું ફઇને આપે. એજ રીતના કર જન્મે, મુંડણે તથા પરણતી વખતે કરે. દીકરીના જન્મવખતે તેથી અર્દ્ધકર કરે.

તે વિજયશેઠ તે નગરની પૂર્વતરફની પોળ પાસે સમરસંઘ નામના પાડામાં વસતા હતા, તથા ચાર કોડના વ્યાપારી હતા. સંવત ૧૧૧૧ માં મુસલમાનોએ તે નગરનો નાશ કરવાથી તે વિજ-

૧ દરેક ગોત્રોની જણાવેલી પેટાશાખાઓ તે તે ગોત્રોમાં થયેલા કોઇ કોઇ મુખ્ય પુરૂષના નામથી પ્રાયેં કરીને થયેલી સંભવે છે.

યશોઠના વંશના સહદે નામના શેઠ ત્યાંથી નાશીને ચાંપાનેરપાસે આવેલા ભાલેજ નામના નગરમાં જઇ વસ્યા. ત્યાં તે અનેકજાતિના કરીયાણાનો વ્યાપાર કરતા હતા, અને તેથી તેમની ભાંડશાલી ( ભણશાલી ) ઓડક થઇ. તે સહદેશેઠના યશોધન અને સોમાનામે બે પુત્રો થયા. તે યશોધનશેઠને અંચલગચ્છસ્થાપક શ્રીઆર્યરક્ષિતજીએ વિક્રમ સંવત ૧૧૬૯ અથવા ૧૧૭૯ માં ઉપદેશ આપવાથી પરમશ્રદ્ધાલુ અને સમ્યકત્વધારી અંચલગચ્છના શ્રાવક થયા. અને તેમણે ભાલેજ આદિક સાત ગામોમાં સાત જિનમંદિરો બંધાવ્યાં. તેમને માટે કોઇ કવિએ નીચે પ્રમાણે કવિતા કહેલી છે, અને તે કવિતા એક પ્રાચિન હસ્તલિખિત લેખમાં લખેલી છે.

ભલું નગર ભાલેજ વસે ભણસાલી ભુજબલ,
તાસ પુત્ર જયવંત જસોધન નામે નિરમલ;
પાવે પરવત જાત્ર કાજ આવીયા ગહગટી,
નમી દેવી અંબાવિ આવી રહિયા તલહટી;
આવીયા સુગુરૂ એહવે સમે આર્યરક્ષિતસૂરિવર,
ધન ધન જસોધન પય નમી ચરણ નમે ચારિત્રધર ॥ ૧ ॥

ધરી ભાવ મનશુદ્ધ બુદ્ધિ પય પ્રણમે સહિ ગુરૂ.
આજ સફલ મુજ દિવસ પુણ્યે પામીયો કલ્પતરૂ;
જન્મ મરણ ભયભીતિ સાત્રયવય સાખે,
સમકીત મૂલ સુસાધુ દેવગુરૂ ધર્મહ આપે;
પરિહરી પાપ શુભ આચરે ધરે ધ્યાન ધર્મનું મહોતા,
એ શ્રીમાલીધુરસખા ધન ધન જસોધન એ સખા ॥ ૨ ॥

આ શ્રીઆર્યરક્ષિતસૂરિજીનું બીજું નામ " વિજયેંદુસૂરિ " ( વિજયચંદ્રસૂરિ ) હતું. તેમના સંબંધમાં કાઠીયાવાડની અંદર જામનગરમાં આવેલા લાલણગોત્રવાળા શ્રીવર્ધમાનશાહે બનાવેલા મહાન્ જિનમંદરના શિલાલેખમાં પણ પાંચમા અને છઠ્ઠા કાવ્યમાં નીચે સુજબ લખાણ છે—

શ્રીવીરપટ્ટક્રમસંગતોઽભૂત્ ।
ભાગ્યાધિકઃ શ્રીવિજયેંદુસૂરિઃ ॥

શ્રીમંધરૈઃ પ્રસ્તુતસાધુમાર્ગ—
શ્ચક્રેશ્વરીદત્તવરપ્રસાદઃ ॥ ૫ ॥
સમ્યક્ત્વમાર્ગે હિ યશોધનાર્શ્રી ।
દૃઢીકૃતો યત્સપરિચ્છદોઽપિ ॥
સંસ્થાપિત શ્રીવિધિપક્ષગચ્છઃ । *
સંઘૈશ્ચતુર્ધા પરિસેવ્યમાનઃ ॥ ૬ ॥

અર્થઃ—શ્રીમહાવીરપ્રભુની પટ્ટપરંપરામાં અધિક સૌભાગ્યવાળા શ્રીવિજયચંદ્રસૂરિ ( આર્યરક્ષિતસૂરિ ) થયા, કે જેમના આચરેલા મુનિમાર્ગની શ્રીમંધરસ્વામીએ પ્રશંસા કરેલી છે, તથા જેમને ચક્રેશ્વરીદેવીએ વરદાન આપેલું છે. ॥ ૫ ॥ વળી તેમણે યશોધન નામના ભણશાલીને તેના પરિવારસહિત શુદ્ધસમ્યક્ત્વના માર્ગમાં દૃઢ કરેલો છે, અને તેમણે " વિધિપક્ષગચ્છની " સ્થાપના કરેલી છે. તથા તે ચતુર્વિધસંઘવડે સેવાતા હતા. ॥ ૬ ॥

એ રીતે ઉપર જણાવેલા યશોધન ભણશાલીની વંશપરંપરામાં યશોધનશાખાના તથા મહોતાશાખાના શ્રીમાલીજ્ઞાતિના ભણશાલી ઓડક ધરાવનારા વંશજો થયેલા છે. ત્યારબાદ આ વંશમાંથી ઉપર જણાવેલી " વીસરીયા " વિગેરે ઘણી શાખાઓ નિકળી છે. તેમના વંશજો મુખ્યત્વે કચ્છ તથા હાલારના ઘણા ગામોમાં વસે છે.

આ વંશમાં થયેલા મંત્રી સલખુએ જુનાગઢમાં આદિનાથપ્રભુનું શિખરબંધ જિનમંદિર બંધાવ્યું છે, અને પાટણમાં ચોર્યાસી પૌષધશાળાઓમાં કલ્પસૂત્રનો મહોત્સવ કરાવી ઘણું દ્રવ્ય ખરચ્યું છે. સંવત ૧૫૬૦ માં વૈશાખસુદ ત્રીજે આ વંશમાં થયેલા માંડલના રહેવાસી વાઘા તથા હરખચંદે અંચલગચ્છાધીશ શ્રીભાવસાગરજીના સૂરિપદના મહોત્સવમાં પચાસહજાર દ્રવ્ય ખરચ્યું છે. સંઘવી ભીમાના ભાઇ ભાણાના સંતાનો વીસલદેવરાજાના કારભારી હોવાથી " વીસરીયા મહેતા " કહેવાણા સંવત ૧૨૩૬ માં બરડાપર્વતપાસે ઘુમલીમાં થયેલા જેતાશેઠે દોઢલાખ ટંક ખરચીને વાવ બંધાવી, અને ત્યાંના વિક્રમાદિત્ય રાણાતરફથી તેને ઘણું માન મળ્યું હતું, તે વાવ જેતાવાવના નામથી ઓળખાય છે. આ વંશમાં શંખેશ્વ-

* વિધિપક્ષગચ્છ એ અંચલગચ્છનું મુખ્ય નામ છે.

રીયાની ઓડકવાળાઓ જ્યારે પુત્ર જન્મે ત્યારે શંખેશ્વરજીના જિનમંદિરમાં ત્રણ ગજ કપડાંની ઝોળી બાંધી તેમાં એક શ્રીફલ, સાત સોપારી, બેમાણા ચોખા નાખી તેમાં તે બાળકને હીંચોળે છે, અને તે બાળકના મસ્તકપર સાથીયો કરી ચોખાથી વધાવે છે. મહોટા પુત્રનો એક કાન વીંધે છે, અને ફઈને ચાર ફદીયાં તથા સાત સોપારી આપે છે, અને ગોરણી જમાડે છે. સંવત ૧૨૯૫ માં થયેલા રીડાના પુત્ર જીવાશાહે શંખેશ્વરજીના જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. સંવત ૧૩૭૫ માં વર્દ્ધમાનશેઠ માંડલમાં આવી વસ્યા, અને તેના વંશજો " મડોતા " કહેવાયા. સંવત ૧૧૯૫ માં ભાલેજમાં થયેલા અભાશેઠનો પરિવાર ઓશવાળજ્ઞાતિમાં ભળેલ છે.

( ૨ ) હરિયાણગોત્ર—( શ્રીમાલી )

મુખ્યશાખાઓ—વીસા—દશા

પેટાશાખાઓ—આંબલીયા, મણિયાર, વહોરા, વીંછીવાડીઆ, સહસા, ગુણા, કકા, કથલીયા, અને અજા વિગેરે.

વિક્રમ સંવત ૭૯૫ માં ભિન્નમાલનગરમાં શ્રીમાલિજ્ઞાતિનો અગ્યાર ક્રોડ દ્રવ્યનો માલિક શંખનામે શેઠ વસતો હતો, તેને આ શ્રીઉદયપ્રભસૂરિજીએ પ્રતિબોધીને જૈની કર્યો. વિક્રમસંવત ૧૧૧૧ માં મુસલમાનોએ જ્યારે તે નગરનો વિનાશ કર્યો, ત્યારે તે શંખશેઠના વંશના સહસાનામે શેઠ ત્યાંથી નાશી થરાદદેશમાં આવેલા અચવાડી નામના ગામમાં આવી વસ્યા. તેમના વંશમાં થયેલા મહીપતિ નામના શેઠની જોગિણી નામની સ્ત્રીથી આકા, વાંકા, નાકા તથા નોડાનામે ચાર પુત્રો થયા. તેઓમાંથી વાંકાનો પુત્ર કાળા થયો, અને તે કાળાનો વઈજાનામે પુત્ર ઉમટા નામના ગામમાં આવી વસ્યો. તે વઈજાને સંતાન ન હોવાથી તેણે પોતાની ચામુંડા નામની દેવીનું આરાધન કર્યું. ત્યારે તે દેવીએ પ્રત્યક્ષ થઈ તેને કહ્યું કે, જો તું અહીં મારૂં મંદિર બંધાવી તેમાં મારી સુવર્ણમયમૂર્તિ સ્થાપન કરે તો તને સંતાન થાય. ત્યારે તેણે પણ તે કબુલ કરી ત્યાં ઉમટાગામમાં તે દેવીનું મંદિર બંધાવી તેમાં એક મણ સુવર્ણની પોતાની તે ગોત્રદેવીની મૂર્તિ સ્થાપી. અને ત્યારબાદ વિક્રમ સંવત ૧૩૧૧ માં તે

વહજાને પુત્ર થયો. ત્યારબાદ કેટલેક દિવસે તે ગામમાં યવનો આવ્યા, તે વખતે તે ગોત્રદેવીની મૂર્તિ ત્યાંથી ઉછલીને કુવામાં પડી. પછી રાત્રિએ તે દેવીએ તે વહજાને સ્વપ્નમાં કહ્યું કે, હવેથી હું મારાં તે મંદિરની પાસે આવેલા આંબલીના વૃક્ષમાં અદૃશ્ય રહું છું. અને તે દિવસથી તે દેવીનું " આંબલીઆવી " નામ પ્રસિદ્ધ થયું. અને તે વઇજાના વંશજો ત્યારથી " આંબલીયા " કહેવાયા. આ ગોત્રમાં ઉત્પન્ન થયેલા કેટલાક " મણીયાર " ની ઓડકથી પણ ઓળખાય છે.

આ ગોત્રની મૂળ દેવી ચામુંડા છે, અને તેનું મૂળ સ્થાન ભિન્નમાલનગરના ઉત્તર તરફના દરવાજા બહાર વારાહીના પાડપાસે ચામુંડાડુંગરીપર છે. તેની ચારહાથવાળી મૂર્તિ વાઘના આસનપર બેઠેલી છે. પાછળથી તે દેવીનું " આંબલીઆવી " નામ થયું. તેણીનું સ્થાન ઉમટાગામમાં છે, અને તેની મૂર્તિ પણ ચારહાથવાળી વાઘના આસનપર બેઠેલી છે.

તે મૂર્તિની પૂજાવિધિ—પૂર્વસન્મુખ પાટલાપર તે દેવીની રૂપાની અથવા ત્રાંબાની મૂર્તિપાસે, અથવા બીટવાળું પીપળાનું પાન રાખીને તેપર એક કંકુની લીંટી કરવી. અઢીશેર ઘૃતની લાપસી, અને નવ પુડલાનું નૈવેદ્ય ધરવું, તથા એક શ્રીફલ વધારવું. અને જલની ત્રણ ધારાવડી દેવી તેમાંથી અરધા શ્રીફલના છ ટુકડા, સવા ગજ કપડું, અને ચાર પીરોજી, એટલું ફઇને આપવું. એરીતે દરવર્ષે આસુસુદ પાંચમ અથવા આઠમે, તથા ચૈત્રસુદ પાંચમ અને આઠમે પૂજન કરવું. તેમજ પુત્રના જન્મે, મુંડણે અને પરણે પણ તેજ વિધિ કરવી. પુત્રીના જન્મે તેથી અર્ધ કર કરવા.

આ ગોત્રના વંશજો ઇલીચપુર, લોલીયાણા, બીવડા, પાડલા, પાટણ ( ફોફલીયાપાડો ) અહમદનગર, વીજાપુર, તારાપુર, ચંદનથોરી, મેહેસાણા, માતર, કુણગિરિ, અને કપડવંજ વિગેરેમાં વસે છે. મેહેસાણાવાળા " મણિયાર " અડકવાળા છે.

આ વંશમાં કુણગિરિગામમાં થયેલા ધોકાશાહ નામના શેઠે વિક્રમ સંવત ૧૩૨૫ માં શ્રીયુગાદિદેવનું જિનમંદિર બંધાવ્યું. અને

તેની પ્રતિષ્ઠા અંચલગચ્છીય શ્રીદેવેંદ્રસિંહસૂરિજીએ કરી. સલખણુપુરમાં વસનારા સાંગાશાહ નામના શેઠે વિક્રમ સંવત ૧૪૬૮ માં અંચલગચ્છીય શ્રીમેરૂતુંગસૂરિજીના ઉપદેશથી જિનમંદિર બંધાવ્યું. વીંછીવાડાના રહીશ વહોરા પદમસીએ ત્યાં સંવત ૧૪૩૯ માં શ્રીમુનિસુવ્રતસ્વામિજીનું જિનમંદિર બંધાવ્યું, અને તેની પ્રતિષ્ઠા પણ શ્રીમેરૂતુંગસુરિજીએ કરી, તેમજ તે શેઠે ત્યાં એક દાનશાળા પણ કરાવી હતી.

## ॥ ૩ ॥ કાત્યાયનગોત્ર—( શ્રીમાલી )

વિક્રમ સંવત ૭૯૫ માં ભિન્નમાલનગરમાં શ્રીશાંતિનાથજીનો ગોષ્ઠિક શ્રીમલ્લનામે સાત ક્રોડ દ્રવ્યવાળો વ્યાપારી હનુમંતના પાડામાં વસતો હતો. તેઓ શ્રીઉદયપ્રભસૂરિજીપાસે પ્રતિબોધ પામી જૈની થયો. તેની ગોત્રજા નવદુર્ગા નામની દેવીનું સ્થાન નગરથી દક્ષિણદિશાએ નવખણીવાવ પાસે છે.

તે દેવીની પૂજાવિધિ–ચૈત્ર તથા આસુમાસની દશમને દિવસે તે દેવીની રૂપાની મૂર્તિ જુહારવી, તેવી મૂર્તિ હાજર ન હોય તો પાટલાપર નવ કંકુની લીંટી કરવી. જન્મે, પરણે, અને મુંડણે, સોઠના લાડુ, ફઇને ચાર ફદીયાં, સાડાત્રણ ગજ લુગડું, ચાર માણા ચોખા અથવા ઘઉં, અને બે શ્રીફલ આપવાં. લાડુની નવ પીંડલી ગોત્રજાપાસે મૂકે, અને બાકીના કુટુંબમાં લાહે.

આ ગોત્રના વંશજો શીહોર, હલવદ, ઘાનેરા, થરાદ, રાધનપુર, અમરેલીપાસે સેલડી, મોરબી, સીરોહી, ભંભોડ, ઊના, મીડાઉ, પીપરડી, જસદણ, લાઠી, તેરવાડા, ખંભાત, પાટણ આદિક ગામોમાં વસે છે. તેમાના કેટલાક કડવામતિ થઇ ગયા છે.

આ વંશમાં ભરોલ ગામમાં થયેલા મુંજાશેઠે વિક્રમ સંવત ૧૩૦૨ માં અંચલગચ્છની વલ્લભીશાખાના શ્રીપુણ્યતિલકસૂરિજીના ઉપદેશથી શિખરબંધ જિનમંદિર બંધાવ્યું, અને પ્રતિષ્ઠા કરાવી, તથા એક વાવ પણ ત્યાં બંધાવી. સર્વ મળી તે શેઠે તેમના ઉપદેશથી સવાક્રોડ દ્રવ્ય ધર્મકાર્યોમાં ખરચ્યું. વિક્રમ સંવત ૧૪૬૮ માં શેઠ લીંબાએ પાટણમાં દુકાળવખતે ઘણું દ્રવ્ય ખરચી લોકોને ઉગાર્યા.

આ કાત્યાયનગોત્રની એક સાંડસા ગોત્ર નામની મ્હોટી શાખા છે, તેનું વૃત્તાંત નીચે મુજબ છે–વિક્રમ સંવત ૧૩૨૫ માં આ કાત્યાયનગોત્રમાં થયેલા સામંત નામના શેઠ શિહોરમાં વસતા હતા. કોઇ દુશ્મનના કહેવાથી ત્યાંના સોમરાજાના પુત્ર જેતાજીએ તે શેઠપર ક્રોધાયમાન થઇને તેને બંદિખાનામાં નાખ્યા, તથા તેનીપાસેથી દ્રવ્ય માગ્યું, પણ તે સામંતશેઠે આપ્યું નહી. ત્રીજે દિવસે તેને બંદિખાનામાંથી કહાડી રાજાએ ઘણો ભય બતાવ્યો, તોપણ તે દ્રવ્ય આપવાને કબુલ થયા નહી. ત્યારે રાજાએ સાંડસા એટલે ચીમટા મગાવી તેવડે તેનું માંસ તોડવાનો હુકમ કર્યો, પરંતુ સામંતશેઠ તેથી જરા પણ ડર્યા નહી. ત્યારે રાજાએ તેની હિમ્મતથી ખુશી થઈ તેને કહ્યું કે, તું ખરેખર સાંઢની પેઠે મહાહિમતવાળોછે, અને તારા જેવા પુરૂષો રાજના સ્તંભસરખા છે, એમ કહી તેને પોશાક આપી છોડી દીધો, અને સાંડસો કહીને બોલાવ્યો, ત્યારથી તેના વંશજો સાંડસાગોત્રથી ઓળખાવા લાગ્યા.

આ સાંડસાગોત્રના વંશજો શીહોર, ઘનેરાપાસે સાંકડા, થરાદ, રાધનપુર, ડાડ, સેલડી, મોરબી, ઉના, પીપરડી, જસદણ, લાઠી, તેરવાડા, ખંભાત, તારાપુર, ભીનમાલ, પાંચસેરી, પાટણ, બેણપ, આરાસણ, ખેરાલુ, સાણુસર, બોટાણા, ચંગા તથા કપડવંજ વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં મેઘાશેઠથી ખંભાયતી ઓડક નિકળી છે. વળી આ વંશમાં થયેલા જિનદાસનામે શેઠ બેણપમાં વસતા હતા, તે વખતે વિક્રમ સંવત ૧૧૪૫ માં ત્યાં ભીમરાજા નામે રાણો રાજ્ય કરતો હતો. તેને કંઈ સંતાન ન હોવાથી પોતાના પ્રધાન જોગાની પુત્રી માનાને તેણે પુત્રી કરીને રાખી હતી. એક વખતે દિવાળીને દિવસે તે રાજા તે માનાને પોતાના ખોળામાં બેસાડી રાજસભામાં બેઠો હતો, તે વખતે જિનદાસશેઠ રાજાને જુહાર કરવા ત્યાં આવ્યા. તેનું રૂપ જોઈ તે માના તેનાપર મોહિત થઈ. તે જોઇ રાજાએ તેણીને જિનદાસસાથે પરણુવામાટે ત્રણચાર વખત પૂછ્યું, ત્યારે સઘળી વખત તેણીએ હા પાડી. રાજાએ જોશીને બોલાવી લગ્ન લીધું, પરંતુ જિનદાસે કહ્યું કે, અમો વીસાશ્રીમાલી છીયે, અને માનાના પિતા દશાશ્રીમાલી છે, જેથી આ વિવાહ થાય નહી. પરંતુ રાજાએ

બળાત્કારે તેઓ બન્નેનાં લગ્ન કર્યાં. પછી તે જિનદાસશેઠ ત્યાંથી નિકળી આરાસણામાં જઇને વસ્યા. અને એ રીતે તેના વંશજો સંવત ૧૧૮૫ થી લઘુસજનીય થયા. કેટલાક વર્ષોબાદ આરાસણામાં અંબાદેવીના કોપથી મરકી ફેલાણી, અને ઘણા માણસો મરણ પામ્યા. એક દિવસમાં ચૌદ મણ ત્રણ શેર જેટલા સોનાની ધુઘરીઓ-વાળા સ્ત્રીઓના વેડલા ઉતર્યાં, અને આરાસણા ઉજડ થયું. તેથી તે જિનદાસના કેટલાક વંશજો ઇડરમાં જઇ વસ્યા. તેઓમાના નાયક-મંત્રીએ અંચલગચ્છાધીશ શ્રીસિંહપ્રભસૂરિજીના ઉપદેશથી વિક્રમ સંવત ૧૩૦૧ માં ખેરાલુમાં શ્રીયુગાદિદેવનું શિખરબંધ જિનમંદિર બંધાવ્યું, તથા વાવ, કુવા વિગેરે બંધાવી તેણે ત્રણ ક્રોડ દ્રવ્ય ધર્મ-કાર્યોમાં ખરચ્યું. સંવત ૧૩૩૬ માં પડેલા દુકાળ વખતે તેણે ઘણું દ્રવ્ય ખરચી લોકોને ઉગાર્યાં. સંવત ૧૩૧૧ માં ભરથાની સ્ત્રી ઝાલીએ અંચલગચ્છાધીશ શ્રીસોમતિલકસૂરિજીના ઉપદેશથી પાર્શ્વનાથજીનું શિખરબંધ જિનમંદિર તથા ઝાલેશ્વર તલાવ બંધાવ્યું. આ વંશમાં પાટણમાં ગોદડને પાડે વસનારા જેરાજના વંશજો ગોદડીયાની ઓડકથી ઓળખાય છે.

## ॥ ૪ ॥ ભારદાયણ ( ભારદ્વાજગોત્ર )–શ્રીમાલી.

### મુખ્યશાખાઓ—વીસા—દશા.

### પેટાશાખા—ડહેરવાલીયા.

વિક્રમ સંવત ૭૯૫ માં ભિન્નમાલનગરમાં ભાદ્દરાયણગોત્રનો નોડાનામે શ્રીમાલીબ્રાહ્મણ પાંચ ક્રોડનો વ્યાપારી વસતો હતો. તે આ શ્રીઉદયપ્રભસૂરિજીના પ્રતિબોધથી જૈની થયો. તેની ગોત્રજા અંબાઇદેવી હતી. તે દેવીનું સ્થાન તે નગરની બહાર પૂર્વની પોળ તરફ ગોલાણી સરોવરપર ઇશાનદિશાએ ચંપકવાડીમાં છે. અને તેની મૂર્તિ ચાર હાથવાળી છે.

તે દેવીની પૂજાવિધિ—પાટલાપર કંકુની ત્રણ લીંટી કરે, તથા જન્મે, મુંડણે અને પરણે ચૈત્ર તથા આસુની નોમને દિવસે લાપસી, પુડલા તથા જવારનાં ખીચડાનું નિવેદ કરે, અને જમણીનું કપડું તથા સેરખી ફેઇને આપે, અને દીકરીના જન્મે તેથી અર્ધાં કર કરે.

આ ગોત્રના વંશજો પાટણ, મોઢેરા, વલાદ, વારદ્રી, કાલહરી, ઘેઘુદણ, નંદાસણ, વણથલી, નવાનગર, લેંસદડી, ધ્રોલ, અમદાવાદ, બલવાણા, રાણપુર, પીપરડા, સરપદડ, ભાણવડ, ખંભાત, દમણપાસે રામપુર, તથા વડોદરા આદિક ગામોમાં વસે છે.

આ વંશમાં વિક્રમ સંવત ૧૩૧૩ માં પાટણમાં ફોફલીયાપાડામાં વસતા મૂલા નામના શેઠે શ્રીઆદિજિનની પ્રતિમા ભરાવી હતી, અને તેની પ્રતિષ્ઠા અંચલગચ્છાધીશ શ્રીઅજિતસિંહસૂરિજીએ કરી હતી. વિક્રમ સંવત ૧૪૪૫ માં મોઢેરાવાસી ભાવડશેઠે શ્રીમેરૂતુંગસૂરિજીને હાથે ચોવીસીની પ્રતિષ્ઠા મહોત્સવપૂર્વક કરાવી હતી. વિક્રમ સંવત ૧૩૪૫ માં ચાણસમામાં વસતા વર્ધમાન તથા જયતાશેઠે શ્રીપાર્શ્વનાથનું જિનમંદિર બંધાવ્યું હતું, તથા તેની પ્રતિષ્ઠા અંચલગચ્છાધીશ શ્રીભુવનતુંગસૂરિજીએ કરી હતી, આ વંશમાં વિક્રમ સંવત ૧૪૪૫ માં ગોહેલવાડના પીપરડીગામના રહેવાસી ગોગનશેઠે સર્વગચ્છના યતિઓને કપડા વહોરાવ્યા, તેથી તેના વંશજો "કહુર વાલીયા" કહેવાયા. ચરોતરમાં માતરપાસે આવેલા ગોભલેજગામના રહેવાસી ભાદાશેઠે શત્રુંજયપર જિનપ્રાસાદ બંધાવી તેમાં શ્રીપાર્શ્વપ્રભુની પ્રતિમા બેસાડી. ખેરાલુમાં થયેલા ઝાલાશેઠ બહુ ધનાઢ્ય હતા. તેમણે વિક્રમ સંવત ૧૪૨૫ માં દુકાળ પડવાથી ઘણું દ્રવ્ય દાનશાળામાં વાપર્યું, અને લોકોને ઉગાર્યા, તથા ત્યાં એક સરોવર બંધાવ્યું, તેણે સર્વ મલી તેમાટે અગ્યારક્રોડ દ્રવ્ય ખરચ્યું.

## ॥ ૫ ॥ આગ્નેય અને જાજાગોત્ર—શ્રીમાલી.

### મુખ્યશાખાઓ–વીસા અને દશા.

પેટાશાખાઓ–ભુહરલાભુત, ભુરોલ, વહોરા, ખોખોત્રા, થાવલેચા વહોરા, સિંહવાડીયા, કોઠારી વિગેરે.

વિક્રમ સંવત ૭૯૫ માં શ્રીમાલીજ્ઞાતિનો શ્રીશાંતિનાથનો ગોષ્ઠિક ચોદ ક્રોડ દ્રવ્યનો વ્યાપારી વધાનામે શેઠ ભિન્નમાલનગરમાં માતરના પાડામાં વસતો હતો. તે આ શ્રીઉદયપ્રભસૂરિજીની પાસે પ્રતિબોધ પામી જૈની થયો. તેની ગોત્રજા વૈરોટ્યાનામે દેવી હતી,

અને તેનું સ્થાન પશ્ચિમ દિશામાં ગોલાણી સરોવરની પાળે હતું. તે દેવીની મૂર્તિ ચાર હાથવાળી મહિષના આશનપર બેઠેલી હતી.

તે દેવીની પૂજાવિધિ–જન્મે, મુંડણે તથા પરણે ચૈત્રની તથા આસુની સુદ આઠમે લાપસી અને ખીરવડાંનું નિવેદ કરે. ફુઇને ચાર ફદીયાં, બે શ્રીફલ અને જમણીનું કપડું આપે.

વિક્રમ સંવત ૧૧૧૧ માં મુસલમાનોએ ભિન્નમાલનગરનો નાશ કરવાથી તેમના વંશના સોમાનામે શેઠ ત્યાંથી નાશી ભુંહરિલી ગામમાં આવી વસ્યા. તેને ઘેર પુત્રના લગ્નવખતે પોતાના જાજા નામના જમાઇને નોતર્યો હતો. તે જાજો જ્યારે સ્નાન કરવા બેઠો, ત્યારે તેની સાલીએ હાંસીમાં તેની પીઠપર કકળતું અતિ ગરમ પાણી રેડયું, અને તેથી તેનો વાંસો દાઝીને પાકી પડ્યો, અને છેવટે તેથી તે મૃત્યુ પામી વ્યંતર થયો. તે પોતાના સસરા સોમાના શરીરમાં દાખલ થઇ કહેવા લાગ્યો કે, તમો જો હવે મારા નામથી ગોત્રજા નહી સ્થાપો તો હું તમારાં કુટુંબનો ઘાત કરીશ. તેથી તે સોમાએ તેના નામથી પોતાની જાજાનામની ગોત્રજા સ્થાપી, અને ત્યારથી તેના વંશજો જાજાગોત્રીના નામથી ઓળખાવા લાગ્યા.

આ ગોત્રના વંશજો લોલીયાણા, સાચોરા, ભરોલ, સીંહવાડા, દેભાવસી, માલપુરા, વીસલપુર, ધોલકાપાસે રંગપુર, ખરહોલ, અદાલી, ખીજડા, લોલાડા, અમલેસર, અહ્મદનગર તથા મુંજપુર વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં સિંહવાડામાં થયેલા પાતાશાહે અંચલગચ્છીય શ્રીમેરૂતુંગસૂરિજીના ઉપદેશથી વિક્રમ સંવત ૧૪૫૬ માં શ્રીઆદિનાથજીનું જિનમંદિર બંધાવ્યું. સંવત ૧૫૧૭ માં આઉઆગામમાં થયેલા ઇલાકશેઠે શ્રીવાસુપૂજ્યજીનું બિંબ કરાવ્યું, તથા તેની પ્રતિષ્ઠા શ્રીજયકેસરીસૂરિજીએ કરી. લોલીઆણાપાસે છબાલીગામમાં થયેલા ખોખાશેઠથી આ વંશમાં “ ખોખોત્રા ” ઓડક થઇ, તે શેઠે પાટણમાં ચોર્યાસી પૌષધશાળાઓમાં કલ્પસૂત્રો વંચાવી ઘણું દ્રવ્ય ખરચી સ્વામિવાત્સલ્યો કર્યાં.

## ॥ ૬ ॥ કાશ્યપગોત્ર—શ્રીમાલી તથા ઓશવાળ.

શાખાઓ—લાછી, ગટા, સંઘવી, આભાણી, ગદા, સાહુલા, ઝુગલીયા, સાચોરી વિગેરે.

વિક્રમ સંવત ૭૯૫ માં ભિન્નમાલનગરમાં શ્રીશાંતિનાથજીનો ગોષ્ઠિક શ્રીમાલીજ્ઞાતિનો ઝુનાનામે કાશ્યપગોત્રી શેઠ ઈશાનદિશા-તરફની પોળપાસે વસતો હતો. તે આ શ્રીઉદયપ્રભસૂરિજીપાસે પ્રતિબોધ પામી જૈની થયો. તેની ખીમજાનામે ગોત્રદેવી હતી, અને તેનું સ્થાન ખીમજાડુંગરીપર હતું. તેની મૂર્તિ આઠ હાથોવાળી અને મહિષના આસનવાળી હતી.

તે દેવીની પૂજાવિધિ—તેની રૂપાની મૂર્તિ કરી જુહારવી, મૂર્તિ હાજર ન હોય તો પાટલાપર કંકુની એક લીંટી કરવી. જન્મે, મુંડણે તથા પરણે પૂરસેઇના લાડુ કરવા, અને ચૈત્ર તથા આસુની પાંચમે લાપસીનું નિવેદ કરવું. ફઇને સહુરખી બે, શ્રીફલ બે, સોપારી સાત તથા જમણીનું કપડું આપવું. અને કોઠીંબડાની કાચરી પાણીયારે મૂકવી. દીકરીના જન્મવખતે તેથી અરધા કર કરવા.

વિક્રમ સંવત ૧૧૧૧ માં તે ભિન્નમાલનગરનો મુસલમાનોએ નાશ કરવાથી તે વંશના અજા નામના શેઠ ત્યાંથી નાશી અચવાડી ગામમાં જઇ વસ્યા. વિક્રમ સંવત ૧૧૫૫ માં તેમણે સુવર્ણગિરિ-પર જિનપ્રાસાદ કરાવીને તેમાં અઢારભારના વજનની પીતલની જિનપ્રતિમા સ્થાપી. આ વંશમાં અચવાડીગામમાં થયેલા લીલાના પુત્ર અમરા ઓશવાળ જ્ઞાતિની સ્ત્રી પરણ્યા તથા તેનો પુત્ર ખેતસી મામચીરીગામમાં તેને મોશાળ ઉછર્યો, અને તેણે પોતાના મોશાળની લાછી નામની ગોત્રજા સ્થાપી, અને તેના વંશજો ઓશવાળ જ્ઞાતિના લાછીગોત્રીઓ કહેવાયા. તેઓ જન્મે, મુંડણે તથા પરણે પાંચ માણાના પુરસેઇના લાડુ કરે, તથા અઘરણી કરે નહી.

આ વંશમાં મામચીરીગામમાં ઋષભશેઠના પુત્ર ઉદશી થયા. તેણે ચઉટામાં હાંસીહોડથી પચાસમણની રૂની ગાંસડી ઉંચકી, જેથી લોકો તેને ગટો કહેવા લાગ્યા, અને તેના વંશજો ગટાગોત્રથી પ્રસિદ્ધ થયા.

આ ગોત્રના વંશજો મોરસીમ, કડર, સીંહવાડા, ભિન્નમાલ, સાચોરપાસે ચીરહડા, દાઉિયા, પાતા, થલવાડા, તડાવ, ધાંણતા, જોધપુરપાસે સાલવી, ઝાલોર, ગોઠલ, રાણપુર, સાદરી, કાલાહરી, તથા મલાજિત વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં ભિન્નમાલનગરમાં થયેલા લોલાશેઠે શત્રુંજય, ગિરનાર તથા જીરાવલાપાર્શ્વનાથની યાત્રાનો સંઘ કહાડ્યો હતો, અને તેમાં ઘણું દ્રવ્ય ખરચવાથી તેના વંશજો સંઘવી ઓડકથી પ્રસિદ્ધ થયા. વળી તે લોલાસંઘવીએ બાવીસહજાર દ્રવ્ય ખરચીને આબુપરના અચલગઢના ચોમુખ જિનમંદિરમાં બે કાઉસગીયા કરાવ્યા હતા. ગોદા નામના શેઠે સવાલાખ દ્રવ્ય ખરચી શત્રુંજયની સંઘસહિત યાત્રા કરી હતી. આ વંશમાં થયેલા ઝાંઝણશેઠે વિક્રમ સંવત ૧૫૪૩ માં મોડીગામપાસેના ભાદ્રહડીગામમાં અંચલગચ્છેશ શ્રીજયકેસરિસૂરિજીના ઉપદેશથી શ્રીવિમલનાથજીનું જિનમંદિર બંધાવ્યું હતું, અને તેની પ્રતિષ્ઠા પણ તેજ આચાર્યશ્રીજીએ કરી હતી. આ વંશમાં ૧૨૨૫ ની સાલથી ગાંધીની ઓડક નિકળી છે. આ વંશની લાઢીશાખામાં ઓશવાળજ્ઞાતિની આભાણી, ગદા, સાહુલા, ગુગળીયા, અને સાચોરી નામની પાંચ પેટાશાખાઓ છે. તેમાંની આભાણીશાખાના વંશજો જન્મે, મુંડણે તથા પરણે શ્રીમહાવીરપ્રભુની પ્રતિમા આગળ છકડી મૂકી સવાશેર ઘૃતનું દીવેલ પૂરે છે, અને દોઢ ગજ કોરૂં કપડું સુહાસણને આપે છે. સંવત ૧૨૫૫ માં આભાણીશાખાના આભુશેઠે માહુડકાગામમાં શ્રીમહાવીરપ્રભુનો જિનપ્રાસાદ બંધાવ્યો, તથા શત્રુંજયનો સંઘ કહાડી સંઘવીની પદવી મેળવી.

॥ ૭ ॥ વારધગોત્ર—શ્રીમાલી.

મુખ્યશાખા—વીસા, અને દશા.

પેટાશાખાઓ—ભોપલા અથવા ભોપાલ વિગેરે.

વિક્રમ સંવત ૭૯૫ માં ભિન્નમાલનગરમાં શ્રીમાલજ્ઞાતિનો વારધગોત્રનો અઢાર ક્રોડ દ્રવ્યનો માલિક રાજાનામે શેઠ દક્ષિણની

પોળપાસે પીપલના પાડે વસતો હતો. તે આ શ્રીઉદયપ્રભસૂરિપાસે પ્રતિબોધ પામી જૈની થયો. તેની પાપચ નામની ગોત્રદેવીનું સ્થાન ગોલાણીસરોવરપર દક્ષિણદિશાતરફની પાવડીઓના સાત આરા મેલીને અગ્યાર ગજ લાંબી પહોળી જયતુ નામની શિલાપર ડાબી બાજુએ છે.

તે દેવીની પૂજાવિધિ—તે દેવીની કાઉસગીયારૂપે રૂપાની મૂર્તિ કરે, અને તે હાજર ન હોય તો પાટલાપર કંકુની ત્રણ લીંટી કરે. જન્મે, મુંડણે, પરણે ચૈત્ર તથા આસુમાસની દશમને દિવસે સેઈના લાડુ, લાપસી અને શેળ પુડલા કરી જુહારે, તે દિવસે ઘરમાં બીજું કંઈ રાંધે નહી. ફઇને એક દોકડો, સાડલો તથા જમણીનું કપડું આપે.

સંવત ૧૧૧૧ માં તે ભિન્નમાલનગરનો મુસલમાનોએ વિનાશ કરવાથી તેના વંશના સમરથ નામે શેઠ ત્યાંથી નાશી તેરવાડે આવીને વસ્યા.

આ ગોત્રના વંશજો તેરવાડા, કુઆરોદ્ર, રાધનપુર, ધોલી, કટારીયા, કાકર, સલખણપુર, લોહાણું, જુનાગઢપાસે વણથલી, સીહોદ્રડી તથા ધારૂકા અને માતરપાસે આંબલીઆલી વિગેરે ગામોમાં વસે છે.

વિક્રમ સંવત ૧૪૭૫ માં આ વંશના દેવરશેઠે કુઆરોદ્રગામમાં એક જિનમંદિર તથા પૌષધશાળા કરાવી ઘણું દ્રવ્ય ખર્ચ્યું, અને તેની પ્રતિષ્ઠા અંચલગચ્છાધીશ શ્રીમેરૂતુંગસૂરિજીએ કરી. તે દેવરનો ભાઈ દેવા સંવત ૧૪૪૫ માં જુનાગઢમાં આવી વસ્યો, અને તેના વંશજોમાં ભોપલા ઓડક થઇ.

## ( ૮ ) વંસીયાણગોત્ર—શ્રીમાલી.

મુખ્યશાખાઓ—વીસા અને દશા.

પેટાશાખાઓ—વસા, દાધેલીયા, ધીયા, ગાંધી, દોશી, નાખુયા વિગેરે.

વિક્રમ સંવત ૭૯૫ માં શ્રીમાલજ્ઞાતિનો સાતક્રોડ દ્રવ્યવાળો વંસીયાણગોત્રનો ભુભચનામે શ્રેઠ ભિન્નમાલનગરમાં પૂર્વતરફની પોળ-પાસે કોટમાં ખોડીયારને પાડે વસતો હતો. તે આ શ્રીઉદયપ્રભસૂ-રિજીપાસે પ્રતિબોધ પામી જૈની થયો હતો. તેની નાયણીદેવીનામે ગોત્રજા હતી. તેનું સ્થાન ખીમજાડુંગરીની નીચે ઝેઝુ નામના કુવાના કાંઠાપાસે નાગડીનામે યક્ષના સ્થાનપાસે હતું.

તે દેવીની પૂજાવિધિ—તે દેવીની શોળભુજાવાળી મહિષના આસનપર બેઠેલી રૂપાની મૂર્તિ કરી જુહારવી. તેવી મૂર્તિ હાજર ન હોય તો પીપળાના પાનપર કંકુની એક લીંટી કરવી. આસુ તથા ચૈત્રની પાંચમ અથવા નોમે, અને જન્મે, મુંડણે તથા પરણે ત્યારે લાપસી, ખીચડી, ખાટા મીઠા પુડલા, તથા બાકુળાથી જુહા-રવી. ફઇને સહુરખીનું કપડું આપે. દીકરીના જન્મસમયે તેથી અર્ધો કર જાણવા.

વિક્રમ સંવત ૧૧૧૧ માં મુસલમાનોએ ભિન્નમાલનગરનો વિનાશ કરવાથી તેના વંશના સંઘરાજનામે શેઠ ત્યાંથી નાશીને બેવઠણુમાં જઇ વસ્યા.

આ ગોત્રના વંશજો મેહેસાણા, અમદાવાદમાં પતાસાની પોળમાં, માંડવીની પોળમાં, ઘોઘા, ખાનદેશમાં ગાગર્ડી, રાહોંલી, ચરોતરમાં કાણુલી, કાંસરી, પેટલાદ, મેહેમદાવાદ, હાલારમાં ખંભા-લીયા, વાગડ, થાન, કંડોરણા, લોલીયાણા, વરલ, ઉના, વણથલી, વઢવાણ, પાટણ, મોઢપુર, મોઢેરા, મૂલી, સોજીત્રા, મૂલીપાસે ખરસલ, કપડવંજ, તારાપુર, જેતપુર, દેપાવઇ, પાલીતાણા તથા વરણુ વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં મહિટાલગામમાં થયેલા વર્દ્ધમાનશેઠે ત્યાં આદિનાથજીનું જિનમંદિર તથા એક વાવ બંધાવી, અને તેમાં ત્રણ લાખ દ્રવ્ય ખરચ્યું. આ વંશના જગમાલ નામના શેઠ એક વખતે મથુરાં ગયેલા, ત્યાં સ્વપ્નમાં શ્રીમુહરીપાર્શ્વનાથજીના અધિષ્ઠાયકદેવે તેને કહ્યું કે, અહીં અમુક ક્ષત્રિયઠાકુરના ઘરમાં પાર્શ્વ-પ્રભુની એક મૂર્તિ છે, તે તારે તેને દામ આપી લેઇ જવી. તે સ્વ-

મને અનુસારે તે ઠાકુરને પાંચ સાનામોહોરો આપી તે મૂર્તિને તે ખંભાતમાં લાવ્યો, તથા એકલાખ દ્રવ્ય ખરચી જિનપ્રાસાદ બંધાવી તેમાં તે મૂર્તિની સ્થાપના કરી. આ વંશમાં થયેલા દેવસીનો પરિવાર ઘોઘામાં વસ્યો, અને તેના વંશજો નાખુયાની અડકથી ઓળખાવા લાગ્યા. તે દેવસીયે રત્નમય જિનબિંબ ભરાવી શત્રુંજયની યાત્રામાં ઘણું દ્રવ્ય ખરચ્યું, તથા દરવર્ષે તે સ્વામિવાત્સલ્ય કરતો. બેવઠણમાં વસનારા ભીમાશેઠે ધર્મકાર્યોમાં ઘણું ધન ખરચી શત્રુંજયપર ઇંદ્રમાલ પહેરી. આ વંશમાં પાટણમાં થયેલા ગુણાનામે શેઠ ઘણા દ્રવ્યવાન હતા. તેણે પોતાના પુત્રના લગ્ન પ્રસંગે નગરના સઘળા માણસોને પકવાન્ન જમાડી ઘણું દ્રવ્ય ખરચ્યું. તે પકવાન્ન બનાવતાં અઢારમણ જેટલું દાધેલું " દાઝેલું " ઘૃત વધ્યું, તે સઘળું ઘૃત યાચકોને ભોજનમાં પીરસ્યું, તેથી તે લોકોમાં અતિસાર, ખાંસી વિગેરે રોગો ફેલાયા, અને તેથી તે જાચકોએ કવિતો જોડી તે શેઠને દાધેલીઆની ઉપમા આપી. પછી તે જાચકોને ખુશી કરવામાટે તેણે તેઓને ત્રણ ગામો આપ્યાં, પરંતુ તેના વંશજો ત્યારથી " દાધેલીયાની " ઓડકથી પ્રસિદ્ધ થયા. આ વંશમાં થયેલા શ્રીવંત તથા ઝાલા નામના બન્ને ભાઇઓએ ચુડામાં અધિકારીપણું મેળવી ત્યાં શ્રીપાર્શ્વનાથજીનુ જિનમંદિર તથા એક વાવ બંધાવી. તે જિનમંદિરની પ્રતિષ્ઠા સંવત ૧૩૯૧ માં અંચલગચ્છાધીશ શ્રીઅજિતસિંહસુરિજીએ કરી. આ વંશમાં પાટણમાં થયેલા જસાભાઇથી તેના વંશજોમાં દોશીની, તથા કપડવંજમાં થયેલા દેવાશેઠના કુટુંબમાં ગાંધીની ઓડક થઇ છે. આ વંશમાં ચાલહુરમાં ચહુઆણના રાજ્યમાં વસનારા ધરમસી શેઠ ઘૃતપુર ( ઘેવર ) આદિક બનાવીને વેચતા હોવાથી તેના વંશજો ઘીયાની ઓડકથી પ્રસિદ્ધ થયા.

## ॥ ૯ ॥ ખોડાયણગોત્ર—શ્રીમાલી.

### મુખ્યશાખાઓ—વીસા તથા દશા.

### પેટાશાખાઓ—પીપલીયા, શેઠ વિગેરે.

વિક્રમ સંવત ૭૯૫ માં ભિન્નમાલનગરમાં શ્રીમાલજ્ઞાતિનો ખોડાયણગોત્રનો શાંતિનાથજીનો ગોષ્ઠિક બારક્રોડ દ્રવ્યનો માલીક

જોગાનામે શેઠ વસતો હતો. તેનો નિવાસ ઉત્તરદિ પોળે ગણેશને પાડે હતો. તે આ શ્રીઉદયપ્રભસૂરિજીનીપાસે પ્રતિબોધ પામી જૈની થયો. તેની ગોત્રજા ઢાખરી નામની દેવીનું સ્થાન ગોલાણીસરોવરપર દક્ષિણદિશાએ ગણેશના દેહેરાંપાસે હતું.

તે દેવીની પૂજાવિધિ—પુત્રના જન્મે, મુંડણે અને પરણે લિપુરસેઈના લાડુ ઘૃત શેર પાંચના કરી કુટુંબમાં લાહે. આસુ ચૈત્રમાં તેનું નિવેદ નથી. ફઇને સહરખી બે તથા જમણીનું કપડું આપે.

વીક્રમ સંવત ૧૧૧૧ માં મુસલમાનોએ તે ભિન્નમાલનગરનો નાશ કરવાથી તેના વંશના મોહન નામના શેઠ ત્યાંથી નાશીને ઉાડગામમાં જઇ વસ્યા.

આ ગોત્રના વંશજો વીજાપુર, ઉાડ, સરા, બજાણા, જાંબુ, સાણી, ધંધુકા, ખંભાત, ગુંદી, વઢવાણ, ગુદવચ, અંજાર, અમદાવાદ, અરથાલી, વાંસવાડા, વણથલી, ગોઓણા, નવાનગર, આજુલી, મગુડી, નરાલીયા, પીપલી, નારીયાણા, રાણપુર, પાલીયાદ, શેખપુર, નાગરકા વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં બેણપબંદરમાં થયેલા જગદેવ નામના વ્યાપારીને જગાતમાટે ત્યાંના રાજા સાથે વાંધો પડતાં તેણે અઢારલાખ દ્રવ્ય ખરચીને તે બંદરપાસેનો સાત ગાઉ સુધીનો સમુદ્રકિનારો પત્થરો તથા કચરો વિગેરે ભરાવીને બુરાવી નખાવ્યો, કે જેથી તે બંદરમાં કોઇ પણ વ્યાપારીનું વહાણ આવી શકયું નહી, અને છેવટે વ્યાપારવિના તે બંદર ઉજ્જડ થયું, અને વ્યાપારીઓ ત્યાંથી નાશી બીજા શેહેરોમાં જઇ વસ્યા. વિજાપુરમાં વસેલા તે જગદેવના પુત્ર સોમચંદ તથા ગુણચંદ્રે મળીને આબુપર્વતપરના પૂર્વે વસ્તુપાલતેજપાલે બંધાવેલા જિનમંદિરનો મુસલમાનોએ તોડી પાડેલા કેટલાક ભાગનો જીર્ણોદ્ધાર કરાવ્યો. જાંબુગામમાં થયેલા ધરણશેઠે શ્રીઅંચલગચ્છાધીશ શ્રીગુણનિધાનસૂરિજીના ઉપદેશથી સંવત ૧૫૬૫ માં ઘણું દ્રવ્ય ખરચી ઘણાં ધર્મકાર્યો કર્યાં. ઝાલાવાડમાં થયેલા ભોજાશેઠ ત્યાંના રાજાના અધિકારી હતા. જુનાગઢના રાજા રામંડલીકે તેનું અપમાન કરવાથી તે ભોજાશેઠે ગુજરાતના રાજા મહુમદ સાથે મલી જઇ જીર્ણદુર્ગપર ચડાઇ કરાવી તેનો વિનાશ કરાવ્યો. લુંભા-

શેઠે શ્રીજયકેસરીસૂરિજીના ઉપદેશથી બેલાગામમાં પિત્તલની જિન-પ્રતિમા સ્થાપન કરી. જાણાશેઠે સંવત ૧૨૯૫ માં ઊસગામમાં શ્રીમહેંદ્રસૂરિજીના ઉપદેશથી એક જિનપ્રાસાદ બંધાવી તેમાં ચોવીસે જિનેશ્વરોની પ્રતિમાઓ સ્થાપી. આ વંશમાં થયેલા વેલા તથા શિવજીને દિલ્હીના શાહાજહાન બાદશાહ તરફથી ઘણું માન મળ્યું હતું, અને તેમને શેઠની પદવી મળી હતી. તે બન્ને ભાઇઓ રાણપુર વસાવી ત્યાં વસ્યા. અમદાવાદ વિગેરે શેહેરોમાં તેમણે ઘણું દ્રવ્ય ખરચી ધર્મકાર્યો કર્યાં છે. અને તેના વંશજો શેઠની ઓડકથી ઓળખાય છે.

## ॥ ૧૧ ॥ લોઢાયણગોત્ર—શ્રીમાલી.

### શાખા—પાટલીયા વિગેરે.

વિક્રમ સંવત ૭૯૫ માં શ્રીમાલજ્ઞાતિનો લોઢાયણગોત્રવાળો શાંતિનાથજીનો ગોષ્ટિક શાલિગનામે ચાર ક્રોડ દ્રવ્યનો માલિક શેઠ ભિન્નમાલનગરમાં પશ્ચિમતરફની પોળપાસે વસતો હતો. તે આ શ્રીઉદયપ્રભસૂરિજીપાસે પ્રતિબોધ પામી જૈની થયો. તેની ગોત્રજા વડખીણ નામની ચાર હાથવાળી દેવી હતી. તથા તેનું સ્થાન આંબિલા નામની વાવની પશ્ચિમદિશાએ હતું.

તે દેવીની પૂજાવિધિ—દરવર્ષે આસુ તથા ચૈત્રની સાતમને દિવસે, તથા જન્મે, મુંડણે અને પરણે ખીચડી અને પૂડલાથી તેને જુહારે. અને ફઇને સાડી તથા કપડું આપે.

વિક્રમ સંવત ૧૧૧૧ માં મુસલમાનોએ તે ભિન્નમાલનગરનો નાશ કરવાથી તે વંશના નરદેવ નામના શેઠ ત્યાંથી નાશી પાટણમાં જઇ વસ્યા. વિક્રમ સંવત ૧૨૯૫ માં નરા નામના શેઠ પાટડીમાં જઇ વસ્યા, અને તેના વંશજો પાટલીયા ઓડકથી ઓળખાય છે.

આ ગોત્રના વંશજો પાટણ, પાટડી, લખતર, નવાનગરપાસે વણથલી, થાનપાસે શાહાપુર, સાહુડી, ધનુઆણું, જાંબૂપાસે કારીહાણી, અસાલી, વઢવાણ, રાણપુર, ખેરાલુ, ગોધાવી, જોટાણા તથા જયતપુર વિગેરે ગામોમાં વસે છે.

## ॥ ૧૨ ॥ પારસગોત્ર—શ્રીમાલી.

### શાખાઓ—મહેતા, છુટસખા વિગેરે.

વિક્રમ સંવત ૭૯૫ માં શ્રીમાલજ્ઞાતિનો શ્રીશાંતિનાથજીનો ગોષ્ઠિક પારસગોત્રી બે ક્રોડ દ્રવ્યનો માલિક તોલાનામે શેઠ ભિન્નમાલનગરમાં નારાયણને પાડે ઇશાનતરફની પોળમાં રહેતો હતો. તે શ્રીઉદયપ્રભસૂરિપાસે પ્રતિબોધ પામી જૈની થયો. તેની ગોત્રજા ચંડી નામની દેવી આઠ ભુજાવાળી મહિષના આસનપર બેઠેલી અને ત્રિશૂલશસ્ત્રને ધારણ કરનારી હતી. તેનું સ્થાન ગોલાણીસરોવરની પાળપર પૂર્વદિશાએ હતું.

તે દેવીની પૂજાવિધિ—ચૈત્ર તથા આસુની આઠમે, તથા જન્મે, મુંડણે અને પરણે ખાટા તથા ગોળના આઠ પુડલા કરીને જુહારે. તે ગોત્રજાનું રૂપાનું ફેરૂં જો હાજર ન હોય તો પાટલાપર કંકુની એક લીંટી કરે. શ્રીફલ એક તથા જમણીનું કપડું ફઇને આપે.

વિક્રમ સંવત ૧૧૧૧ માં મુસલમાનોએ ભિન્નમાલનગરનો નાશ કરવાથી તેના વંશના નરીયાનામે શેઠ ત્યાંથી નાશીને છેવઠણમાં જઇ વસ્યા. તેના વંશમાં જગદે નામના શેઠથી મહેતાની ઓડક થઇ છે.

આ ગોત્રના વંશજો પાટણમાં ફોફલીયાપાડામાં, ખંભાત, અમદાવાદ, બુરાનપુર, ભલસાણ, માંઢા, કવેલી, વડસરા, ખેરાલુ, મેમદાવાદ, મોરબી, કચેલી, અધાર, પાટડી, ભટાસણા, ઊના, મોરવાડા તથા સમી વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં થયેલા મનાશેઠ બાલપણામાં નગરની બહાર એક વાવપાસે જ્યારે રમતા હતા, ત્યારે કોઇ ધૂતારાએ આવી તેનો કાન ત્રોડી તેમાંથી સુવર્ણનું તંગલ લેઇ લીધું. એવામાં તે બાળકની બૂમથી ત્યાં ઘોડો ખેલવતા રાઉલક્ષત્રિએ તે ચોરને તલવારથી મારી નાખ્યો. તે મરીને છૂટસખાનામે વ્યંતર થયો, અને તે મનાના સર્વ કુટુંબને કષ્ટ દેવા લાગ્યો. પછી તેના પૂજનથી તે વ્યંતરે પ્રત્યક્ષ થઇ તેમને કહ્યું કે, હવેથી તમારા વંશજો મારા નામથી જો છૂટસખાની ઓડક ધારણ કરે, તથા કાનમાં કંઇ આભૂષણ ન પહેરે તો હું કષ્ટ આપીશ

નહી. તેના કુટુંબે પણ તેમ કરવાનું કબુલ કરવાથી ત્યારથી તેના વંશજો છૂટસખાની ઓડકથી ઓળખાવા લાગ્યા. વિક્રમ સંવત ૧૪૪૫ માં પાટણના રહેવાસી દેવસીશેઠે શ્રીશત્રુંજયતીર્થનો સંઘ કહાડી અંચલગચ્છાધીશ શ્રીરંગરત્નસૂરિજીના ઉપદેશથી ઘણું દ્રવ્ય ધર્મકાર્યોમાં ખરચ્યું. તથા હીરાના ભાઈ વીરાએ સંવત ૧૪૪૬ માં શ્રીસોમતિલકસૂરિજીના ઉપદેશથી ફોફલીયાપાડામાં પૌષધશાળા બંધાવી.

## ॥ ૧૩ ॥ ચંડીસરગોત્ર—શ્રીમાલી.

મુખ્યશાખાઓ—વીસા તથા દશા.

પેટાશાખાઓ—સલહોત, ઘોઘા, જાંબૂઆ વિગેરે.

વિક્રમ સંવત ૭૯૫ માં ભિન્નમાલનગરમાં શ્રીમાલજ્ઞાતિનો શ્રીશાંતિનાથજીનો ગોષ્ઠિક ચંડીસરગોત્રી ત્રણક્રોડ દ્રવ્યનો માલિક નારાયણનામે શેઠ વસતો હતો. તે આ શ્રીઉદયપ્રભસૂરિજીના ઉપદેશથી જૈની થયો. તેની ગોત્રજા ભદ્રવાસણાનામે દેવીનું સ્થાન દેવાદિત્યની વાડીમાં બેહેડાંના વૃક્ષપાસે હતું. ત્યારબાદ તેનું બીજું સ્થાન બેણપના પાદરમાં થયું છે.

તે દેવીની પૂજાવિધિ—જન્મે, મુંડણે અને પરણે, તથા અઘરણીએ ફક્ત સેવથી ગોત્રજાને જુહારે, અને પાસે કટારી રાખી તેને પણ પૂજે. પરણ્યાપછી તથા જન્મપછી જ્યારે પેહેલી દિવાળી આવે, તે દિવસે પણ તે મુજબ ગોત્રજાને જુહારે. ચૈત્ર તથા આસુમાં તેની પૂજા નથી.

સંવત ૧૧૧૧ માં ભિન્નમાલના નાશ પછી તેના વંશના પરખાનામે શેઠ બેણપમાં જઈ વસ્યા.

આ ગોત્રના વંશજો બેણપ, જાંબૂ, મંડપાચલ, માતર, રોહી, એવચ, સીહોર, ઘોઘા, વરતેજ, નવાનગરપાસે ખીમરાણા, અરણીયાલાં, નવાનગરપાસે બાડા, મોડા, પુરદ, ભોઈકા, લીંબડી, પાલીયાદ, સોજીત્રા, મોરબી, મૂળી, પુનાસા, અમદાવાદમાં શાહાપુર, ઉનાઉ,

વાગસીણીયા, મેસાણા, કુદડી, કાસરી, ઝાલોર, ધાણુસા, ખંભાત, કોયરી, ડીસાપાસે દામદ, રાડદ્રા, થરાદ, કૂકા, તથા કેસવાણ વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં થયેલા વીરદાસશેઠ બેણપમાં લાખણરાણાના કારભારી હતા, અને તે રાણાની સોનાની કટારી તે ભેંઠમાં બાંધતા હતા. એક વખતે નજદીકના ભરડુઆગામના સાંખલુ નામના ભિલ્લે તેના ઘરમાંથી તે કટારી ચોરીને સોહીગામપાસેના એક મહોટાં વૃક્ષના થડનીચે દાટી. બીજે દિવસે તે ભિલ્લ થરાદમાં ચોરી કરતાં તલવારના ઘાથી માર્યો ગયો. પછી તે શેઠે તે કટારીની ઘણી શોધ કરી, પણ મળી નહી. મૃત્યુ પછી વ્યંતર થયાબાદ તે ભિલ્લના જીવે તે શેઠને સ્વપ્નમાં તે કટારીની ચોરીની હકીકત કહીને જ્યાં તે દાટી હતી તે સ્થાન બતાવ્યું. વળી તે લાખણરાજાએ પણ તેવુંજ સ્વપ્ન જોયું. પછી પ્રભાતે તે વીરાશેઠે તથા રાણાએ પણ પરિવારસહિત ત્યાં જઇ જમીન ખોદી તો તે કટારી સાત વર્ષોબાદ દિવાળીને દિ-વસે મળી આવી, અને વાજતે ગાજતે તે કટારીને ઘેર લાવ્યા. ત્યારથી તેના વંશજો ગોત્રજાસાથે કટારીને પણ પૂજે છે આ વંશમાં મંડપાચલમાંથી જાંબૂમાં વસેલા મેઘાશેઠથી તેના વંશમાં સલહોતની ઓડક નીકળી છે, તેઓ પણ કટારીને પૂજે છે, સૂવણ પહેરતા નથી, અને વંધ્યાસ્ત્રી ઘૂઘરીવાળું આભૂષણ પહેરતી નથી. પ્રથમપુત્રના જન્મ વખતે ચારમાણાનું દળ ગોત્રમાં લાહે છે, તથા એક રૂપીયો ફઇને આપે છે, બીજે પુત્રે લાપસી કરે છે, અને ફઇને એક રૂપીયો આપે છે, અને દીકરી જન્મે દોઢ કોરી આપે છે, તથા પાંચમે મહીને અઘરણી કરે છે. એ મુજબ સલહોત ઓડકવાળાનો કર છે. આ વંશમાં થયેલા જગાશેઠે સંવત ૧૩૯૫ વૈશાક સુદ ૧૧ સે પુનાસાગામમાં એક જિનમંદિર બંધાવ્યું, અને તેની પ્રતિષ્ઠા અંચલગચ્છાધીશ શ્રીમહેંદ્રપ્રભસૂરિજીએ કરી. વળી સંવત ૧૪૫૭ માં પેથાશેઠે પુનાસાગામમાં શ્રીસંભવનાથજીનું જિનમંદિર બંધાવ્યું, અને તેની પ્રતિષ્ઠા શ્રીમેરૂતુંગસૂરિજીએ કરી. આ વંશમાં ઝાલોરમાં થયેલા રાજ્યાધિકારી જોગાશેઠે ઘણાં ધર્મકાર્યો કર્યાં છે. સંવત ૧૬૪૪ માં થયેલા ધરમસીથી ઘોઘાનાગની પૂજા થવા લાગી, તેથી તેના વંશજો ઘોઘાની ઓડકથી પણ ઓળખાય છે.

## ॥ ૧૪ ॥ દેહિલગોત્ર—શ્રીમાલી.

વિક્રમ સંવત ૭૯૫ માં શ્રીમાલજ્ઞાતિનો ઝબાનામે ત્રણ ક્રોડ દ્રવ્યનો માલિક ભિન્નમાલનગરમાં વસતો હતો. તે શ્રીઉદયપ્રભસૂરિજીના ઉપદેશથી જૈની થયો. તેની ચાર ભુજાવાળી દેહેલીદેવી નામની ગોત્રજાનું સ્થાન ગેલાણીસરોવરપર હતું.

તે દેવીની પૂજાવિધિ—જન્મે, મુંડણે, પરણે અને આસુ તથા ચૈત્રની આઠમે સવાત્રણ પાલીની લાપસી તથા પુડલાથી જુહારે. શ્રીફલ તથા જમણીનું કપડું ફઈને આપે.

સંવત ૧૧૧૧ માં ભિન્નમાલનગરનો નાશ થવાથી તેના વંશના *નભાશેઠ ત્યાંથી નાશીને* ખંભાતપાસે ભલાડાગામમાં જઈ વસ્યા.

આ ગોત્રના વંશજો ભલાડા, કુકડા, અઘાર, ગાંફ, અરઘાલા, તારાપુર તથા કાલાવડ વિગેરે ગામોમાં રહે છે.

## ॥ ૧૫ ॥ મહાલક્ષ્મીગોત્ર—શ્રીમાલી.

### મુખ્યશાખાઓ—વીસા તથા દશા.

વિક્રમ સંવત ૭૯૫ માં ભિન્નમાલનામના નગરમાં શ્રીમાલીજ્ઞાતિનો મનાનામે શેઠ મહાલક્ષ્મીના પાડામાં વસતો હતો. તે શ્રીઉદયપ્રભસુરિજીની પાસે પ્રતિબોધ પામી જૈની થયો. તેની ગોત્રજા મહાલક્ષ્મીનામે દેવી હતી.

તે દેવીની પૂજાવિધિ—ચૈત્ર તથા આસુની આઠમ, બલેવ, તથા મહાસુદ આઠમે ચોળા, ચોખા, લાપસી, ઘારડાં, વડાં, પુડલા, તપેલી કાચરી, અને બાકુલાનું નૈવેદ્ય કરી જુહારે, અને કુટુંબમાં લાહે, ફઇને સાડલો તથા કપડું આપે. જન્મે, મુંડણે અને પરણે ત્રણ સેઇના લાડવા કુટુંબમાં લાહે. આ વંશમાં થયેલા મોહનની સ્ત્રી પદ્માપર લક્ષ્મીદેવી તુષ્ટમાન થયેલી હતી. અનાશ્રેષ્ઠિના પુત્ર આભડ ઘણા દ્રવ્યવાન હોવાથી શાલિભદ્રનીપેઠે સુખ ભોગવતા હતા, તેને શોળ સ્ત્રીઓ તથા આડત્રીસ પુત્રો હતા, અને તેથી તેનો વંશ બહુ

વૃદ્ધિ પામ્યો. તેના વંશમાં થયેલા હામાશેઠ મહાલક્ષ્મીના મંદિરમાં ધોતીયું પહેરતાં તે સરકી જવાથી નગ્ન થવાને લીધે તેનાપર તે દેવી કોપાયમાન થયાં. તેથી તે ત્યાંથી નિકળી હારિજમાં આવી વસ્યા. આ વંશમાં થયેલા આભાના પુત્ર ચાંપાશેઠ વનરાજ ચાવડાના અણહિલ્લપુરપાટણમાં પ્રધાન હતા. આ વંશમાં પાટણમાં થયેલા જોગીશેઠ મહાભાગ્યશાલી તથા દ્રવ્યવાન હતા. જેના નામથી પાટણમાં જોગીવાડો પ્રસિદ્ધ છે.

આ ગોત્રના વંશજો હારિજ, પાટણમાં જોગીવાડે, તથા રાજકાવાડે અને સિદ્ધાંતિને પાડે, હાથીજણપાસે બાડલીગામમાં, પડાવલ, રાધનપુર, જુનાગઢપાસે ગલોલ, આથાવારૂ, વલા, બોરીઆવી, કપડવંજપાસે ખડાવલ અને સલખણપુર વિગેરે ગામોમાં વસે છે. આ વંશમાં બોરીઆવીથી પાટણમાં આવી વસેલા દુરાશેઠે દરેક ઉપાશ્રયોમાં કલ્પસૂત્રની પ્રતો લખાવીને રાખી, તથા એક વાવ બંધાવી છે.

## ॥ ૧૬ ॥ લાછિલગોત્ર—શ્રીમાલી.

### શાખાઓ—વહોરા, પારેખ વિગેરે.

વિક્રમ સંવત ૭૯૫ માં શ્રીમાલજ્ઞાતિના શાંતિનાથજીના ગોષ્ઠિક લાછિલગોત્રવાળા પાંચ ક્રોડ દ્રવ્યના માલિક ગોવર્ધન નામના શેઠ ભિન્નમાલનગરમાં પૂર્વતરફની પોળે સહદેવતીપાડે વસતા હતા. તે શ્રીઉદયપ્રભસૂરિજીપાસે પ્રતિબોધ પામી જૈની થયા. તેની ગોત્રજા અંબિકાદેવીનું સ્થાન ગોલાણીસરોવરથી ઉત્તરદિશાએ નૈઋતીયા કુવાપાસે હતું. તે દેવી ચાર ભુજાવાળી બેઠે આસને છે.

તે દેવીની પૂજાવિધિ—જન્મે તથા પરણે, અને ચૈત્ર તથા આસુની નોમ અને દશમને દિવસે લાપસી અને પુડલાથી જુહારે. તેની રૂપાની મૂર્તિ ન હોય તો પાટલાપર કંકુની ત્રણ લીંટી કરે. દશ ફેદીયાં તથા જમણીનુ કપડું ફેઇને આપે.

વિક્રમ સંવત ૧૧૧૧ માં મુસલમાનોએ તે ભિન્નમાલનગરનો જ્યારે વિનાશ કર્યો, ત્યારે તેના વંશના શ્રીચંદ નામના શેઠ ત્યાંથી નાશી તેરવાડાપાસે વડસરાગામમાં જઇને વસ્યા.

આ ગોત્રના વંશજો વડસરા, ખેરાલુ, વારાહી, મેહેમદાવાદ, મોરબી, કચેલી, આશ્વા, પાટડી, ભટાસણ, ઉનાઉ, તેરવાડા, સમી તથા પાનસીણા વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં ખેરાલુગામમાં થયેલા વર્દ્ધમાનશેઠે વિક્રમ સંવત ૧૩૪૫ માં શ્રીઆદિનાથનો જિનપ્રાસાદ કરાવ્યો, અને તેની પ્રતિષ્ઠા અંચલગચ્છેશ શ્રીધર્મપ્રભસૂરિજીએ કરી. વળી તેમણે તેમના ઉપદેશથીજ શત્રુંજયતીર્થનો સંઘ કહાડી યાત્રા કરી, તથા પોતાની ગોત્રદેવીનો પણ પ્રાસાદ કરાવ્યો, અને સર્વ મળી ત્રણક્રોડ જેટલું દ્રવ્ય ખરચ્યું. સંવત ૧૩૯૫ માં વારાહીમાં વસનારા ધનાશેઠના વંશજોમાં વોહોરાની ઓડક થઇ છે. હરિયાપુરમાં વસનારા વીરાશેઠે ત્યાં શ્રીપાર્શ્વનાથપ્રભુનું જિનમંદિર તથા એક પૌષધશાળા બંધાવી, અને તે જિનમંદિરની શ્રીજયકેસરીસૂરિજીએ પ્રતિષ્ઠા કરી. સંવત ૧૪૨૫ માં પાટડીમાં વસનારા ગોપાલશેઠ ત્યાંના ઝાલારાજ્યમાં કારભારી હતા, અને તેના વંશજોમાં પારેખની ઓડક થઇ છે.

॥ ૧૭ ॥ કાત્યાયનગોત્ર—શ્રીમાલી.

વિક્રમ સંવત ૭૯૫ માં ભિન્નમાલનગરમાં શ્રીશાંતિનાથજીનો ગોષ્ઠિક શ્રીમલ્લનામે સાત ક્રોડ દ્રવ્યનો માલિક શેઠ હનુમંતના પાડામાં વસતો હતો. તે આ શ્રીઉદયપ્રભસૂરિજીની પાસે પ્રતિબોધ પામી જૈની થયો. તેની ગોત્રજા નવદુર્ગા નામે દેવી હતી, અને તેનું સ્થાન નગરથી દક્ષિણદિશાએ નવખાણીવાવપાસે હતું.

તે દેવીની પૂજાવિધિ—ચૈત્ર તથા આસુમાસની દશમને દિવસે તેની રૂપાની મૂર્તિ જુહારવી તે હાજર ન હોય તો પાટલાપર કંકુની નવ લીંટી કરવી. જન્મે, મુંડણે અને પરણે સેઇના લાડુ કરે, અને

ફઇને ચાર ફદીયાં, સાડાત્રણગજ લુગડું, ચારમાણા ચોખા અથવા ઘઉં અને બે શ્રીફલ આપે. લાડુના નવ પિંડ ગોત્રજાપાસે મૂકે, અને બાકીના કુટુંબમાં લાહે.

આ ગોત્રના વંશજો શીહોર, હલવદ, ઘનેરા, થરાદ, રાધનપુર, અમરેલીપાસે સેલડી, મોરબી, સોહી, ભંભોડ, ઉના, મીડાઉ, પીપરડી, જસદણ, લાઠી, તેરવાડા, ખંભાત, પાટણ આદિક ગામોમાં વસે છે. તેઓમાના કેટલાક પાછળથી કડવામતિ થયા છે.

આ વંશમાં ભરોલગામમાં થયેલા મુંજાશેઠે વિક્રમ સંવત ૧૩૭૨ માં અંચલગચ્છની વલ્લભીશાખાના શ્રીપુણ્યતિલકસૂરિજીના ઉપદેશથી શિખરબંધ જિનમંદિર બંધાવ્યું, તથા એક વાવ બંધાવી. સર્વ મળી સવાક્રોડ દ્રવ્ય તેણે ધર્મકાર્યોમાં ખરચ્યું. વિક્રમ સંવત ૧૪૬૮ માં દુષ્કાળવખતે પાટણમાં થયેલા લીંબાશેઠે ઘણું દ્રવ્ય ખરચી ઘણા માણસોને ઉગાર્યા.

## ॥ ૧૮ ॥ પારાયણગોત્ર—શ્રીમાલી.

### મુખ્યશાખાઓ—વીસા અને દશા.

પેટાશાખાઓ—કુડશિખા, ઇસરાણી, આલ્હશાંતિ, જાખડીયા, ઝાંખરીયા, બાલકુઆ વિગેરે.

વિક્રમ સંવત ૭૯૫ માં ભિન્નમાલનગરમાં શ્રીમાલજ્ઞાતિનો પારાયણગોત્રી, અને એકવીશક્રોડનો માલિક સોમાનામે શેઠ નૈઋત્યદિશાની પોળપાસે મહાલક્ષ્મીને પાડે વસતો હતો. તે આ શ્રીઉદયપ્રભસૂરિજીપાસે પ્રતિબોધ પામી જૈની થયો. તેની ગોત્રજા ઝાંખડીનામે દેવી હતી, અને તેનું સ્થાન નગરથી દક્ષિણદિશાએ આંબલીયાવાવના ચોથા મંડપપર હતું, અને તે દેવીને મહિષનું વાહન હતું.

તે દેવીની પૂજાવિધિ—જન્મે, મુંડણે તથા પરણે, અને ચૈત્ર તથા આસુમાસની ચોથને દિવસે મોદક કરે, ખાંડ પાથરેલા પુડલા

કરે, તથા કતલીનું શાક કરે.જમણીનું કપડું સવાગજ, એક સહુરખી, તથા એક શ્રીફલ ફઇને આપે.

વિક્રમ સંવત ૧૧૧૧ માં મુસલમાનોએ તે ભિન્નમાલનગરનો વિનાશ કરવાથી તેના વંશના તિહુઅણસિંહ નામના શેઠ ત્યાંથી નાશીને બેણપ ( વેણાતટ ) નામના ગામમાં જઇ વસ્યા.

આ ગોત્રના વંશજો થરાદપાસે વાવ, મહિધાણી, ગાહાલી, બજાણા, સાંતલપુર, માડકા, સત્યપુર, નિંબાવસી, થરાદ, તિલોડીયા, બેણપ, ભરોલ, ઇટા, અસાર, ભાટકી, સીરોહી, તિલાડા, ઝુઝાણીયા, પીપરાલી, મોઢનરા, અથાર, ગેરવલું, ખંભાત, પાટડી, નંદાયણ, કોઠારીયા, કોલીયાણા, વીરમગામ, કપડવંજ, પાટણ, કણોદ, વઢવાણપાસે માલુદ્રી, તથા દ્વારકા વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં વિક્રમ સંવત ૧૧૮૫ માં રાંકાશેઠના પુત્ર કપર્દી ( કુડીવ્યવહારી ) ગુજરાતના રાજા સિદ્ધરાજના દંડનાયક હતા. તે રાજાએ ખુશી થઇ તેને બાર ગામો ઇનામમાં આપ્યાં હતાં. એક સમયે તે શેઠને ઘેર એકીહારે પાંચસો ઘોડીઓ વીઆઇ, અને તેથી તેનું નામ “ કુડીવ્યવહારી ” પડયું. તેણે વિક્રમ સંવત ૧૧૮૫ માં પાટણમાં મોહોટું જિનમંદિર બંધાવ્યું, અને તેની પ્રતિષ્ઠા અંચલગચ્છાધિપતિ શ્રીજયસિંહસૂરિજીએ કરી. વળી તે શેઠે ત્યાં બાર કુવા, તથા બાર વાવો બંધાવી. તેના વંશજો કુડશિખાની ઓડકથી ઓળખાય છે. તેના વંશમાં થયેલા સોમાશેઠની સોમાઇ નામની પુત્રી, કે જે પોતાના પગમાં સવાલાખ દ્રવ્યની કિમ્મતની મોજડી પહેરતી હતી, તેણીએ પોતાની પચીસ સખીઓસહિત અંચલગચ્છેશ શ્રીઆર્યરક્ષિતસૂરિજીપાસે દીક્ષા લીધી, અને તે શ્રીમહત્તરાના નામથી પ્રસિદ્ધ થઇ. નાનાવિસલ નામના શેઠે એકલાખ દ્રવ્ય ખરચી પોતાના એકવીસ મિત્રોસહિત અંચલગચ્છેશ શ્રીધર્મઘોષસૂરિજીપાસે દીક્ષા લીધી હતી. બજાણામાં થયેલા થાવરશેઠે ઇલીગામમાં જિનમંદિર બંધાવ્યું છે. આ વંશમાં સત્યપુરના કેટલાક રહેવાસીઓ “ દસરાણીની ” ઓડકથી ઓળખાય છે. આ વંશમાં પાટણપાસે મોઢનગરમાં વસનારા રહીયાશેઠના બ્રહ્મશાંતિ નામના પુત્રના વંશજો

સંવત ૧૩૧૩ થી બ્રહ્મશાંતિની ઓડકથી ઓળખાય છે. વિક્રમ સંવત ૧૪૧૮ માં થયેલા મેઘાશેઠે શ્રીપાર્શ્વનાથજીનું જિનમંદિર બંધાવ્યું, તથા તેની પ્રતિષ્ઠા અંચલગચ્છેશ શ્રીમેરૂતુંગસૂરિજીએ કરી. વિક્રમ સંવત ૧૩૨૫ માં પાંચાડાના રહેવાસી નાગડ નામના શેઠે શ્રીઆદિનાથજીનું જિનમંદિર બંધાવ્યું, અને તેની પ્રતિષ્ઠા અંચલગચ્છેશ શ્રીઅજિતસિંહસૂરિજીએ કરી. આ વંશમાં વિક્રમ સંવત ૧૪૮૫ માં બેણપમાં થયેલા રૂપાશેઠે ત્યાં એક કુઓ બંધાવ્યો, પણ તેમાંથી પાણી નીકળ્યું નહીં. ત્યારે રાત્રિએ પાઇ નામની દેવીએ તે રૂપાશેઠને સ્વપ્નમાં કહ્યું કે, જો તું તારા પૌત્ર કાનાનું બલિદાન આપે, તો આ કુઆમાં પાણી આપું. આવીજ રીતનું સ્વપ્ન તે દેવીના સારંગ નામના ભુઆને પણ આવ્યું. ત્યારે તે શેઠ ચિંતાતુર થયા. એ રીતે પાંચ દિવસો વીત્યાબાદ પોતાના સસરાને ચિંતાતુર જોઇ પુત્રવધૂએ તેનું કારણ પૂછતાં તે વાત કહી. ત્યારે તે વધૂએ ખુશી થઇ પોતાનો પુત્ર આપ્યો. પછી શેઠે મહાજનને એકઠું કરી પોતાના તે કાનકુંઅરને પાલણામાં સુવાડી સંધ્યાકાળે તે ખાલી કુઆમાં મૂકયો સર્વ લોકો પોતપોતાને ઘેર ગયા. પ્રભાતે તે કુઓ જલથી સંપૂર્ણ ભરાઇ ગયો, અને તે પાલણું ઉપર તરી નિકળ્યું, તેમાં તે બાળકને લોકોએ રમતો દીઠો ત્યારે લોકોએ તે રૂપાશેઠ પાસે જઇ વધામણી આપી કે, તમારો પૌત્ર તો જીવતો છે. પછી શેઠ ખુશી થઇ પોતાના તે બાળકને ઘેર લાવ્યા. અને ત્યારથી તેના વંશજો "બાલકુઆની" આડકથી ઓળખાવા લાગ્યા. તેના વંશમાં જ્યારે બાળકના વાળ ઉતારે છે, ત્યારે બાલકુઆનું નામ લેઇ નિવેદ ધરે છે.

## ॥ ૧૯ ॥ વીજલગોત્ર—શ્રીમાલી.

વિક્રમ સંવત ૭૯૫ માં શ્રીમાલજ્ઞાતિનો શાંતિનાથજીનો ગોષ્ઠિક તથા ચોદકોડ દ્રવ્યનો માલિક વર્દ્ધમાન નામે શેઠ ભિન્નમાલનગરની દક્ષિણની પોળે મહામાયાના પાડામાં વસતો હતો. તે આ શ્રીઉદયપ્રભસૂરિપાસે પ્રતિબોધ પામી જૈની થયો. વીજલદેવી નામની તેની ગોત્રજા હતી, તથા તેનું સ્થાન ગોલાણીસરોવરપર એકવીસમી દેરીમાં હતું. તે દેવી ચાર ભુજાવાળી અને સિંહના વાહનવાળી હતી.

તે દેવીની પૂજાવિધિ—તેણીનું રૂપાનું ફરૂં કરી પૂજે, અને તે હાજર ન હોય તો પીપળાનું પાન પાટલાપર મૂકી તેપર કંકુની ત્રણ લીંટી કરી જુહારે. જન્મે, મુંડણે, પરણે, અને ચૈત્ર તથા આસુની આઠમને દિવસે સઈના દરના લાડુ, લાપસી તથા ખીર-વડાંના નિવેદથી પૂજે. એક શ્રીફલ, હોઢગજ જમણીનું કપડું, સાડી તથા ચાર ફદીયાં ફઈને આપે. દીકરીના જન્મ વખતે તેથી અરધા કર કરે.

વિક્રમ સંવત ૧૧૧૧ માં મુસલમાનોએ તે ભિન્નમાલનગરનો વિનાશ કરવાથી તેના વંશના શોભા નામના શેઠ ત્યાંથી નાશીને એનપપાસે ભુહિરોલીગામમાં જઇ વસ્યા.

આ ગોત્રના વંશજો ભુહિરોલી, થાલ્લાજ, તથા કાકરેચી વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં કાકરેચીમાં થયેલા ધારા તથા ધનરાજશેઠે એક લાખ દ્રવ્ય ખરચી શ્રીઋષભદેવપ્રભુનો જિનપ્રાસાદ કરાવ્યો, તેમજ ત્યાં એક વાવ અને દાનશાળા કરાવી ઘણું દ્રવ્ય ખરચ્યું. સંવત ૧૮૮૨ માં થયેલા વછરાજ તથા વિજય અને જાદવશેઠે અર્ધલક્ષ દ્રવ્ય ખરચી સંઘસહિત શત્રુંજયની યાત્રા કરી સંઘવીપદ મેળવ્યું, તથા દાનશાળા કરાવી.

એ રીતે આ શ્રીઉદયપ્રભસૂરિજીએ પ્રતિબોધેલા શ્રીમાલી-જ્ઞાતિના બાસઠ ગોત્રોમાંથી ઉપર જણાવેલા ઓગણીસ ગોત્રોની હકીકત કહી. બાકી રહેલા તેંતાલીસ ગોત્રોની હકીકત શોધ કર્યા છતાં નહી મળવાથી અહીં દાખલ કરી નથી.

હવે આ શ્રીઉદયપ્રભસૂરિજીએ પ્રતિબોધેલા પોરવાડજ્ઞાતિના આઠ ગોત્રોની હકીકત નીચે મુજબ છે.

## ॥ ૧ ॥ પારાયણ ( પાપચ ) ગોત્ર—પોરવાડ.

### શાખા—દોશી.

વિક્રમ સંવત ૭૯૫ માં ભિન્નમાલનગરમાં શ્રીમાલબ્રાહ્મણ- જ્ઞાતિનો પાપચગોત્રી, અને પાંચક્રોડ દ્રવ્યનો માલિક સમધર નામે શેઠ વસતો હતો. તેની ગોત્રજા અંબાઇનામે દેવી હતી, અને તેનું સ્થાન ગોલાણીસરોવરપર ચંપકવાડીમાં હતું.

તે દેવીની પૂજાવિધિ—ચૈત્ર તથા આસુમાસની પાંચમને દિવસે પાંચ પુડલા કરીને જુહારે.

તે સમધરશેઠના નાનાનામે પુત્ર હતા. તથા તે નાનાનો કુરજી નામે પુત્ર હતો. તે કુરજીને સિકોતરીદેવીનો વળગાડ હતો અને તેથી તે ઘણું કષ્ટ પામી મરવા પડ્યો. તે વખતે શંખેશ્વરગચ્છીય આ શ્રીઉદયપ્રભસૂરિ વિહાર કરતા તે ભિન્નમાલનગરમાં પધાર્યા તેમને પ્રભાવિક જાણી તે કુરજીના પિતા નાનાશેઠે પોતાના પુત્રનું તે કષ્ટ દૂર કરવા વિનંતિ કરી. ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, જો તમારો તે પુત્ર અમોને વોરાવો, તો હું ઉપાય કરી તેનું કષ્ટ દૂર કરૂં. તે શેઠને જો કે તે એકજ પુત્ર હતો, પરંતુ પુત્ર જીવતો રહેશે, એમ વિચારી સાક્ષીપૂર્વક તેમ કરવું તેણે સ્વીકાર્યું. ત્યારબાદ ગુરૂમહા- રાજના મંત્રજાપથી તે સીકોતરી સાત દિવસોસુધી ઉંધે મસ્તકે તેના ઘર આગળ ટીંગાઇ રહી, અને પછી ડરીને તેણીએ તે કુરજીના શરીરને છોડી દીધું. તથા તેથી તે સાવધાન થયો. પછી પોતે આપેલાં વચનને અનુસરીને તે નાનાશેઠે તે બાળકને ગુરૂમહારાજને સોંપી દીધો. ગુરૂજીએ પણ તેનો ડાબો કાન વીંધી તેમાં લીંબડાની સળી નાખી. તે વખતે તે કુરજીની તેર વર્ષોની ઉમર હતી, અને તેનું સગપણ તેજ નગરના એક શાહુકારની પુત્રી સાથે થયું હતું. તે કન્યાને ખબર પડી કે, મારા ભર્તારને આ જતિ પોતા જેવો જતિ કરશે. એમ જાણી તે તેર વર્ષની બુદ્ધિવંત બાલિકા પોતાના માતા- પિતાને કહ્યાવિનાજ શરમ મૂકીને ઉપાશ્રયે આવી ગુરૂમહારાજને વાંદીને કહેવા લાગી કે, ગુરૂજી! હું આપનીપાસે કંઇક યાચવા આવી છું. ગુરૂજી પણ તેણીને ઓળખતા ન હોવાથી બોલ્યા કે, મારી પાસે જે હશે તે હું તને આપીશ. એ રીતે ગુરૂમહારાજને વચનથી બાંધીને તે બાલિકાએ કહ્યું કે, ગુરૂજી! આ બાળક મારો ભર્તાર છે, માટે મને તે આપો? ત્યારે ગુરૂએ વિચારમાં પડી કહ્યું

કે, જો તારા માતાપિતાસહિત તું મિથ્યાત્વ છોડીને જૈનધર્મ સ્વીકારે, તો હું તને આ બાળક પાછો આપું. પછી તે કન્યાએ ઘેર આવી તે હકીકત પોતાના માતાપિતાને જણાવી. ત્યારે પુત્રીના આગ્રહથી તેઓએ પણ પુત્રીસહિત શુદ્ધ જૈનધર્મ સ્વીકાર્યો. તેજ વખતે જૂદા જૂદા ગોત્રવાળા તે શેઠના છ મિત્રોએ પણ મિથ્યાત્વ છોડી જૈનધર્મ સ્વીકાર્યો. તથા આ શ્રીઉદયપ્રભસુરિજીએ તેઓ સર્વને પોરવાડજ્ઞાતિમાં દાખલ કરાવ્યા. એ રીતે સર્વ મળી નીચે મુજબ સાત ગોત્રો જૈની થયાં. પારાયણ અથવા પાપચગોત્રી શેઠ નાના, પુષ્પાયનગોત્રી શેઠ માધવ, કારિસગોત્રી શેઠ નાગડ, આગ્નેયગોત્રી શેઠ ઝૂના, વૈશ્યાયનગોત્રી શેઠ રાયમલ્લ, વત્સગોત્રી શેઠ માણિક, અને માઢરગોત્રી શેઠ અલુ. તેઓમાના પહેલા પાપચગોત્રીય શેઠ નાનાની ગોત્રજા ચામુંડાદેવી હતી, અને તેણીનું બીજું નામ ફલદેવી હતું. તે આઠ ભુજાઓવાળી તથા મહિષના આશનવાળી હતી.

તે દેવીની પૂજાવિધિ—જન્મે, મુંડણે અને પરણે ત્યારે લાપસી કરી ગોત્રજા જુહારી કુટુંબમાં લાહે બેશેર ઘી, ચારે ફદીયાં, તથા બે શ્રીફલ ફઈને આપે. ગોત્રજાનું રૂપાનું ફરૂં હાજર ન હોય તો પાટલાપર કંકુની સાત લીંટી કરી જુહારે. ચૈત્ર તથા આસુની દશમે પણ ઉપર મુજબ નિવેદ કરી ગોત્રજા જુહારે, અને પુત્રનો એક ડાબો કાન વીંધે.

વિક્રમ સંવત ૧૧૧૧ માં મુસલમાનોએ ભિન્નમાલનગરનો નાશ કરવાથી તે વંશના રૂપાશેઠ ત્યાંથી નાશીને ભીલડીગામમાં આવીને વસ્યા.

આ ગોત્રના વંશજો ભીલડી, ખંભાત, ધોળકા, વેજલપુર, લોલીયાણા, સુરત, ચોરાત્તરી, અસાઉલ, વઢવાણપાસે સાલુ, ઉડાદા, લખતર, વીરમગામ, માંડલ, અમદાવાદ, વડોદરા તથા વઢવાણ વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં વાસણગામના રહેવાસી દ્રોણાશેઠે વિક્રમ સંવત ૧૨૮૫ માં શ્રીસાંતિનાથજીનું જિનમંદિર બંધાવ્યું. વેજલપુરનો

રહેવાસી સૂરાશેઠ જૈનધર્મ છોડી એક વખત મિથ્યાત્વી થયો. પરંતુ તેમ કરતાં રાત્રિએ તેના ભોજનમાં ગરોલી પડવાથી સમજીને તે પાછો જૈની થયો. તથા તેણે અંચલગચ્છાધીશ શ્રીમેરૂતુંગસૂરિજીના ઉપદેશથી જિનપ્રતિમા ભરાવી. તે કાપડનો વ્યાપારી હોવાથી તેના વંશજોમાં દોશીની ઓડક થઇ

॥ ૨ ॥ પુષ્પાયનગોત્ર—પોરવાડ.

મુખ્યશાખાઓ—વીસા અને દશા.

પેટાશાખાઓ—પારેખ, દ્રોણ, ઝવેરી વિગેરે.

વિક્રમ સંવત ૭૯૫ માં આ શ્રીઉદયપ્રભસૂરિજીપાસે પ્રતિબોધ પામી જૈની થયેલા ભિન્નમાલનગરના રહેવાસી ઉપર જણાવેલા શેઠ નાનાના વેવાઇ માધવ શેઠ હતા. તેની મૂલ ગોત્રજા અંબાદેવીનું સ્થાન ગિરનારપર્વતપર છે. અને પાછળથી ખીમજા નામની તેની ગોત્રદેવીનું સ્થાન ખીમજાઇડુંગરીપર હતું.

તે દેવીની પૂજાવિધિ—ચૈત્ર તથા આસુમાસની પાંચમે, અને જન્મે, મુંડણે અને પરણે લાપસી અને પુડલાથી ગોત્રજાને જુહારે. રૂપાનું ફરૂં હાજર ન હોય તો પાટલાપર અરધોગજ રાતું લુગડું પાથરી તેપર પીપળાનું પાન રાખી કંકુની ત્રણ લીટી કરી જુહારે. ગિરનાર સન્મુખ પાંચશેર ઘૃત રાખે, અને યથાશક્તિ ફકને આપે.

વિક્રમ સંવત ૧૧૧૧ માં મુસલમાનોએ ભિન્નમાલનગરનો નાશ કરવાથી તેના વંશના સંઘાશેઠ ત્યાંથી નાશીને પાટણમાં જઇ વસ્યા. ત્યાં તેમના વંશમાં થયેલા ખેતશીશેઠે સંવત ૧૨૯૫ માં ખેતલવસહી સ્થાપી. અને તેમાં અંચલગચ્છાધીશ શ્રીપુણ્યતિલકસૂરિજીએ પાર્શ્વનાથજીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. તેના વંશજો પારેખની ઓડકવાળા થયા.

આ ગોત્રના વંશજો પાટણ, ચંપદુર્ગ, કાલુપુર, સાદરી, વડોદરા, નીઝરી, વાંકાનેર, સુરતપાસે તલાવ, ગોરખીઆણું, વીર-

મગામ, જોટાણા, દહીથલી, મેસાણા, જંબૂસર તથા માંડવી વિગેરે ગામોમાં વસે છે.

વિક્રમ સંવત ૧૩૦૦ ની લગભગમાં દહીથલીના રહેવાસી નરસંગના પુત્ર વર્ધમાનની ગર્ભવતી સ્ત્રી માનાએ સ્વપ્નમાં હાથી જોયો, અને તેથી તેણીના તે પુત્રનું નામ હાથી પાડ્યું. યૌવનવયે તે હાથી ત્યાંના વાઘેલા મંડલીકરાજાનો મંત્રી થયો. અને તેણે અંચલગચ્છાધીશ શ્રીમહેંદ્રસૂરિજીના ઉપદેશથી તે દહીંથલીગામમાં શ્રીઆદિનાથપ્રભુનો જિનપ્રાસાદ કરાવ્યો. વળી તેણે શત્રુંજય આદિક તીર્થોની સંઘસહિત યાત્રા કરીને વિસલપુરઆદિક ગામોમાં અઢારલાખ જેટલું દ્રવ્ય ધર્મકાર્યોમાં ખરચ્યું. જોટાણામાં વસનારા મણોરસીએ પાંત્રીસલાખ દ્રવ્ય ખરચીને ઘણાં ધર્મકાર્યો કર્યાં. જંબૂસરમાં વસનારા દ્રોણશેઠથી દ્રોણશાખા નિકળી છે. અને પાટણમાં વસનારા જયવંત શેઠ ઝવેરાતનો વ્યાપાર કરતા હોવાથી તેના વંશજો ઝવેરી કહેવાયા.

॥ ૩ ॥ કારિસગોત્ર—પોરવાડ.

ઉપર પાપચગોત્રમાં જણાવેલા કારિસગોત્રી નાગડશેઠ વિક્રમ સંવત ૭૯૫ માં આ શ્રીઉદયપ્રભસૂરિજીપાસે પ્રતિબોધ પામી જૈની થયા. તેમની ગોત્રજા કાલીદેવીનામે હતી.

તે દેવીની પૂજાવિધિ—જન્મે, પરણે સેઇના લાડુ ગોત્રમાં લાહે. અને ફેઇને સાડી તથા કપડું આપે. તે દેવીના વાર્ષિક કર નથી.

વિક્રમ સંવત ૧૧૧૧ માં ભિન્નમાલનગરનો નાશ થવાથી તે વંશના લટકણ શેઠ ત્યાંથી નાશીને ઘનેરાગામમાં જઇ વસ્યા.

આ ગોત્રના વંશજો ઘનેરા, ફુલેરા, સોજત, અક્ષયગઢ, વડગામ, કાલુઆ, પીપલી, શત્રુંજયપાસે માંડવી, સીહોર, ખંભાતમાં સાલવીવાડે, જોટાણા, જીવાપુર તથા સેલાકૂ વિગેરે ગામોમાં વસે છે.

## ॥ ૪ ॥ કાશ્યપગોત્ર—પોરવાડ.

વિક્રમ સંવત ૭૯૫ માં ભિન્નમાલનગરમાં પ્રાગ્વાટ ( પોરવાડ ) જ્ઞાતિનો કાશ્યપગોત્રી નરસિંહનામે બારક્રોડ દ્રવ્યનો માલિક શેઠ ગઢની અંદર વસતો હતો. તેના ઘરપાસે કાલિકાદેવીનો પ્રાસાદ હતો. એક વખતે તે નરસિંહશેઠે તે કાલિકાદેવીના પ્રાસાદમાં બેશીને હજામત કરાવી. તેથી તે દેવીએ કોપાયમાન થઇને તેને કુષ્ટી કર્યો. પછી જેમ જેમ તે પોતાના રોગનું ઔષધ કરે, તેમ તેમ તે રોગ વૃદ્ધિ પામવા લાગ્યો. એવામાં શંખેશ્વરગચ્છાધીશ આ શ્રીઉદયપ્રભસૂરિ ત્યાં પધાર્યા. તેમને પ્રભાવિક જાણી તે શેઠે પોતાનો તે રોગ મટવામાટે ઉપાય સુચવવાની વિનંતિ કરી. ત્યારે તે ગુરૂમહારાજે તે દેવીનું આરાધન કરી તેને સંતુષ્ટ કરી, જેથી તેણીએ તે નરસિંહશેઠને રોગરહિત કર્યા, અને ત્યારથી તે નરસિંહશેઠે જૈનધર્મ સ્વીકાર્યો. તેની ગોત્રજા અંબિકાદેવી હતી.

તે દેવીની પૂજાવિધિ—દરવર્ષે ચૈત્રી તથા આસુની પૂર્ણિમાએ, બલેવ, અને માહીપૂર્ણિમાએ દશશેર ઘૃતના મીઠા પુડલા, કરંબો, થારડાં, બાકુલા અને ચોખાચોખાનું નિવેદ કરી જુહારે. ફઇને આઠ ફદીયાં, ચાર શ્રીફલ, ચાર માણા ઘઉં અથવા ચોખા, અને જમણીનું કપડું આપે. જન્મે, મુંડણે, નિશાલગ્રહણે, અને પરણે પણ તે મુજબ કર કરે. અને જઘન્યથી સવાશેર ઘૃતના પૂડલા વિગેરેથી ગોત્રજા જુહારે. તે દેવીની ચારભુજાવાળી સુવર્ણની મૂર્તિ જુહારે, તે હાજર ન હોય તો પાટલાપર કંકુની લીંટી કરી પૂર્વ અથવા ઉત્તર સન્મુખ બેસી જુહારે.

તે નરસિંહશેઠનો નાનગનામે પુત્ર કર્મયોગે દ્રવ્યહીન થવાથી, અને અંબાદેવીએ સ્વપ્નમાં કહેવાથી તે ગુજરાતમાં ગાંભુનગરમાં આવી વસ્યો, અને ત્યાં ભૂમિમાંથી નિધાન મળતાં તે કોટીશ્વર થયો. એવામાં વિક્રમ સંવત ૮૦૨ માં વનરાજચાવડાએ અણહિલ્લપુરપાટણ વસાવ્યું, અને તેણે તે નાનગશેઠને દંડનાયકની પદવી આપી. તે નાનગના પુત્ર લહિરને વનરાજે હાથીઓની ખરીદી કરવામાટે

સિંહલદ્વીપમાં મોકલ્યો, અને ત્યાંથી તે સાતસો હાથી ખરીદી લાવ્યો. તેથી વનરાજે ખુશી થઈને સાંડથલુ આદિક ચોવીસ ગામો તેને બક્ષીશ આપ્યાં. તે લહિરશેઠે પોતાની માતાના નામથી નારંગપુરનામે ગામ વસાવ્યું, તથા ત્યાં શંખેશ્વરગચ્છીય શ્રીધર્મચંદ્રસૂરિજીના ઉપદેશથી સંવત ૮૩૬ માં તેણે શ્રીપાર્શ્વનાથજીનું જિનમંદિર બંધાવ્યું. તેના વંશમાં કેટલીક પેઢીઓ ગયાબાદ વીરચંદશેઠની વીરમતી નામની બીજી સ્ત્રીને સ્વપ્નમાં દેવતાપાસેથી કમલ મલ્યાં, અને તે કમલોવડે તેણીએ શ્રીવિમલનાથપ્રભુને પૂજ્યા. ત્યારબાદ તેણીએ કેટલેક મહીને એક ઉત્તમ લક્ષણવાલા પુત્રને જન્મ આપ્યો, અને તે વીરચંદમંત્રીએ સ્વપ્નને અનુસારે પોતાના તે પુત્રનું વિમલ નામ પાડ્યું. પછી જ્યારે તે વિમલ સાત વર્ષનો થયો, ત્યારે તે વીરચંદમંત્રી પોતાનું આયુ ફક્ત છ માસનું બાકી રહેલું જાણીને પાટણના રાજાની આજ્ઞા લેઈ તે સંઘસહિત શત્રુંજયની યાત્રાએ ગયા, અને ત્યાં ઘણું દ્રવ્ય ખરચી સંથારાદીક્ષા લેઈ સ્વર્ગે ગયા. અને તેની પહેલી સ્ત્રીના દશરથ નામના મ્હોટા પુત્ર તે સંઘને લેઈ પાછા પાટણ આવ્યા. હવે તે વિમલના મામા ત્યાં કુટુંબમાં કલેશ થવાની શંકાથી પોતાની બેહેનને તથા વિમલને લેઈને વાગડમાં આવેલા પોતાના ગેહડી નામના ગામમાં આવ્યા. ત્યાં તે વિમલનો મામો ખેતી કરે છે, અને વિમલ તેના ઢોર ચારે છે. એવીરીતે અનુક્રમે તે વિમલ ત્યાં સોળ વર્ષોનો થયો. હવે તે વિમલ જે વનમાં ઢોર ચારતો હતો, ત્યાં અંબામાતાનું મંદિર હતું. તેણીએ એક વખતે તે વિમલની પરિક્ષા કરવામાટે એક સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કરી ભોગમાટે પ્રાર્થના કરી. પરંતુ વિમલ જરાપણ ચલાયમાન થયો નહી. ત્યારે તે દેવીએ પ્રસન્ન થઇ તેને ધનનું નિધાન દેખાડ્યું, તથા પાંચ ગાઉસુધી જાય એવી બાણકલા આપી, અશ્વલક્ષણનું જ્ઞાન આપ્યું, સ્ત્રીપુરૂષના લક્ષણનું જ્ઞાન આપ્યું, અદ્ભુત અક્ષરો લખવાની કળા આપી, તથા હમેશાં તેને સહાય કરવાનું વચન આપ્યું. પછી અનુક્રમે તેનાં લગ્ન થયાબાદ તે વિમલ ગુજરાતના રાજા ભીમનો સેનાપતિ થયો. ત્યારબાદ તે રાજાસાથે ઘણે કાળે અણબનાવ થતાં તે ચંદ્રાવતીનગરીમાં આવી વસ્યો, અને બાર રાજાઓને જીતી ત્યાંનો તે રાજા થયો. પછી વિક્રમ

સંવત ૧૦૮૮ માં તેણે આબુપર્વતપર અપાર દ્રવ્ય ખરચીને શ્રીઆદિનાથજીનો અદ્ભુત જિનપ્રાસાદ બંધાવ્યો, અને ત્યાં અઢારભાર સુવર્ણમિશ્રિત શ્રીઆદિનાથપ્રભુની પ્રતિમા સ્થાપી, અને તેની પ્રતિષ્ઠા વલ્લભીયશાખાના શ્રીસોમપ્રભસૂરિજીએ કરી. વળી આ વિમલમંત્રીશ્વરે આરાસણા તથા કુંભારીયા આદિક ગામોમાં ઘણાં અદ્ભુત જિનમંદિરો બંધાવ્યાં છે. આ વિમલમંત્રિને પુત્ર નહોતો. પરંતુ તેના ઓરમાન ભાઈ દશરથના નેઢા અને વેઢા નામના બે પુત્રો પાટણના મહારાજા કરણના મંત્રિઓ થયા. તેઓએ આરાસણા તથા ચંદ્રાવતીઆદિકમાં ઘણાં જિનમંદિરો બંધાવ્યાં, અને જૈનધર્મનો મહિમા વધાર્યો. વળી તે બન્ને ભાઇઓએ આબુપર્વતપર વિમલશાહે બંધાવેલાં વિમલવસહિ નામના જિનમંદિરમાં એક હસ્તિશાલા કરાવી તેમાં દશ હસ્તીઓ આરસપહાણના કરાવ્યા. અને તેપર વિમલના માતાપિતા આદિક દશ પૂર્વજોની મૂર્તિઓ સ્થાપન કરી. તથા ઘોડાપર વિમલમંત્રીશ્વરની મૂર્તિ કરાવીને બેસાડી. કાલાંતરે મહામારી આદિકના ઉપદ્રવથી તે ચંદ્રાવતીનગરી ઉજ્જડ થઇ.

એ રીતે મહાપ્રભાવિક એવા આ શ્રીઉદયપ્રભસૂરિજી વિહાર કરતાથકા એક વખતે નાણકપુર નામના ગામમાં પધાર્યા, અને ત્યાં તેમણે શ્રીજિનદાસઆદિક શ્રાવકોના આગ્રહથી શ્રીપ્રભાનંદમુનિજીને આચાર્યપદ આપ્યું. તેમના સાંસારિકપક્ષના મામા એવા તે જિનદાસશ્રાવકે એક લાખ જેટલું દ્રવ્ય ખરચીને તેમના આચાર્યપદનો મહોત્સવ કર્યો. પછી તે પ્રભાનંદસૂરિજીનો પરિવાર વિક્રમ સંવત ૮૩૨ માં નાણકગચ્છના નામથી પ્રસિદ્ધ થયો. હવે તે વખતે વલ્લભમુનિ નામના ઉપાધ્યાયજી ( પોતાને આચાર્યપદ ન મળવાથી ) મનમાં દુભાઇને ત્યાંથી જૂદા વિહાર કરી નાડોલનગરમાં ગયા. ત્યારે ત્યાંના સંઘે આગ્રહથી શ્રીઉદયપ્રભગુરૂજીને પણ ત્યાં બોલાવ્યા. પછી ત્યાંના સંઘના આગ્રહથી તે શ્રીઉદયપ્રભસૂરિજીએ તે શ્રીવલ્લભઉપાધ્યાયજીને પણ આચાર્યપદ આપ્યું. અને ત્યારથી તે વલ્લભસૂરિજીનો પરિવાર વલ્લભીગચ્છના નામથી પ્રસિદ્ધ થયો. એ રીતે તે ચાલ્યા આવતા શંખેશ્વરગચ્છના “ નાણકગચ્છ ” અને “ વલ્લભીગચ્છ ” એમ બે વિભાગો વિક્રમ સંવત ૮૩૨ માં થયા. એટલે

કે પ્રભાણંદસૂરિજીનો પરિવાર " નાણકગચ્છ " ના નામથી પ્રસિદ્ધ થયો. અને વલ્લભસૂરિજીનો પરિવાર " વલ્લભીગચ્છ "[૧] ના નામથી પ્રસિદ્ધ થયો. એરીતે પોતાના ગચ્છના વિભાગ પડવાથી મનમાં દુભાયેલા એવા તે શ્રીઉદયપ્રભસૂરિજી અનશન કરી નાડોલનગરમાં સ્વર્ગે ગયા.

## ॥ ૩૯ ॥ શ્રીપ્રભાનંદસૂરિ. ॥

આ શ્રીપ્રભાનંદસૂરિજીએ નાણકપુરના શત્રુશલ્યરાજાને પ્રતિબોધ આપી જૈની કર્યો. પછી તે રાજાએ તેમના ઉપદેશથી સંઘસહિત શત્રુંજયતીર્થની યાત્રા કરી સાધર્મિકોમાં સોનામોહોરોની લ્હાણી કરી જૈનધર્મની ઘણી ઉન્નતિ કરી. આ શ્રીપ્રભાનંદસૂરિજીને ઘણા શિષ્યો હતા. તેમાના શ્રીધર્મચંદ્રસૂરિજીને પોતાની પાટે સ્થાપીને વિક્રમ સંવત ૮૮૦ માં તે દેવપત્તનમાં ( પ્રભાસપાટણમાં ) સ્વર્ગે ગયા.

## ॥ ૪૦ ॥ શ્રીધર્મચંદ્રસૂરિ. ॥

॥ ૪૧ ॥ **શ્રીસુવિનયચંદ્રસૂરિ**—આ આચાર્ય વિક્રમ સંવત ૯૨૨ માં આચાર્યપદને પ્રાપ્ત થયા.

॥ ૪૨ ॥ **શ્રીગુણસમુદ્રસૂરિ**—આ આચાર્ય વિક્રમ સંવત ૯૫૭ માં આચાર્યપદને પ્રાપ્ત થયા.

॥ ૪૩ ॥ **શ્રીવિજયપ્રભસૂરિ**—આ આચાર્ય વિક્રમ સંવત ૯૯૫ માં આચાર્યપદને પ્રાપ્ત થયા.

॥ ૪૪ ॥ **શ્રીનરચંદ્રસૂરિ**—આ આચાર્ય વિક્રમ સંવત ૧૦૧૩ માં આચાર્યપદને પ્રાપ્ત થયા.

---

૧ આ વલ્લભીગચ્છના પરિવારનું વર્ણન આ પુસ્તકમાં આગળ પ્રસંગે કરવામાં આવશે.

॥ ૪૫ ॥ શ્રીવીરચંદ્રસૂરિ—આ આચાર્ય વિક્રમ સંવત ૧૦૭૧ માં આચાર્યપદને પ્રાપ્ત થયા.

એક વખતે તે શ્રીવીરચંદ્રસૂરિજી વિહાર કરતાથકા પોતાના પરિવારસહિત પાલણપુરમાં આવ્યા, ત્યારે વલ્લભીશાખાના સોમપ્રભસૂરિજી પણ વિહાર કરતાથકા પોતાના પરિવારસહિત ત્યાંજ પાલણપુરમાં આવ્યા. હવે ત્યાં શંખેશ્વરગચ્છના મુનિઓને ઉતરવામાટે એકજ ઉપાશ્રય હતો, અને તેથી આ બન્ને આચાર્યોએ પોતપોતાના પરિવારસહિત તે એકજ ઉપાશ્રયમાં નિવાસ કર્યો. એવામાં આ પાંચમા આરાના પ્રભાવથી પરસ્પર વંદના કરવામાટે તેઓ બન્ને આચાર્યોના પરિવારમાં ક્લેશ થયો, અને તેથી ગચ્છના શ્રાવકો પણ બે ભાગમાં વહેંચાઈ ગયા, અને પરસ્પર સ્પર્ધા કરવા લાગ્યા. તે વખતે સમુદ્ર નામનો એક શ્રાવક શેઠ તેઓમાંથી શ્રીવીરચંદ્રસૂરિજીને તે ઉપાશ્રયમાંથી પોતાના વાડામાં લાવ્યો, અને પછી તે આચાર્યજી પણ પરિવારસહિત તે વાડામાંજ ચતુર્માસ રહ્યા. પછી તે ભક્તિવંત સમુદ્રશેઠે તે આચાર્યજીને છત્ર અને ચામરસહિત રૂપાનો સુખપાલ ભેટ ધર્યો, અને મોહને લીધે થયેલા દૃષ્ટિરાગથી તે આચાર્યજીએ પણ તેની તે ભેટ સ્વીકારી. પછી તે વૃદ્ધ એવા શ્રીવીરચંદ્રસૂરિજી તે સમુદ્રશેઠના આગ્રહથી તે સુખપાલમાં બેશીનેજ જિનમંદિરઆદિકમાં જવા લાગ્યા. હવે તેની સ્પર્ધાથી ત્યાંના એક સામંત નામના ધનવાન શ્રાવકે સોમપ્રભસૂરિજીને પણ તેવીજ રીતે સોનારૂપાનો સુખપાલ છત્રચામર સહિત ભેટ આપ્યો. કાલના પ્રભાવથી તે આચાર્યજી પણ સંયમાચારને વિસરીને તે સુખપાલમાં બેશીનેજ જવા આવવા લાગ્યા. એવીરીતે અનુક્રમે તે બન્ને મહાન્ આચાર્યોના પરિવારના યતિઓ પણ આહારઆદિકની શુદ્ધિની ગવેષણ કર્યાવિના શિથિલાચારને પ્રાપ્ત થયા. દૃષ્ટિરાગથી મોહિત થયેલા શ્રાવકો પણ પરસ્પરની સ્પર્ધાથી આધાકર્માદિકદોષોવાળા આહારઆદિકથી તેઓને પ્રતિલાભવા લાગ્યા. એવીરીતે એકજ સામાચારીવાળા એવા પણ તે બન્ને આચાર્યોના પરિવારમાં ચારિત્રસંબંધિ શિથિલાચાર પ્રવર્તવા લાગ્યો, અને પરસ્પર મહોટી સ્પર્ધા થવા લાગી. હવે તે શ્રીવીરચંદ્રસૂરિજી વિક્રમ સંવત ૧૧૩૩ માં

પોતાની પાટે શ્રીજયસંઘસૂરિજીને સ્થાપીને વર્ધમાનપુરમાં ( વઢવાણમાં ) સ્વર્ગે ગયા. શ્રીવીરચંદ્રસૂરિજીએ જેમને ઉપાધ્યાયપદ આપ્યું હતું, એવા શ્રીમુનિતિલકમુનિ ત્યાંથી જૂદા વિચરીને પાટણમાં ગયા. ત્યાં તેમના સંસારપક્ષના એક ધનવાન કાકાએ મહોત્સવપૂર્વક તેમનો નગરમાં પ્રવેશ કરાવ્યો, અને ત્યાં તેમણે પોતાની મેળેજ સૂરિપદ અંગીકાર કર્યું, અને તેમનો પરિવાર "તિલક શાખાથી" પ્રસિદ્ધ થયો.

## ॥ ૪૬ ॥ શ્રીજયસંઘસૂરિ ॥

આ શ્રીજયસંઘસૂરિજી પણ પોતાના ગુરૂના આચારમુજબ ચારિત્રગુણોમાં શિથિલતાને ધારણ કરવા લાગ્યા. તેમના પરિવારનો યતિવર્ગ પણ સ્વચ્છંદાચારે વર્તતોથકો અનેક ગામોમાં ચૈત્યવાસીની પેઠે પરિગ્રહસંબંધિ મૂર્છામાં તત્પર થયો. આ શ્રીજયસંઘસૂરિજી પોતાની પાટે શ્રીઆર્યરક્ષિતસૂરિજીને સ્થાપીને વિક્રમ સંવત ૧૧૬૯ માં વર્ધમાનનગરમાં ( વઢવાણમાં ) સ્વર્ગે ગયા.

## ॥ ૪૭ ॥ શ્રીઆર્યરક્ષિતસૂરિ ॥

તેમનો વૃત્તાંત નીચે મુજબ છે—આબુપર્વતના નજીકના પ્રદેશમાં દંત્રાણા નામના ગામમાં પોરવાડજ્ઞાતિમાં તિલકસમાન દ્રોણનામે એક વ્યાપારી વસતો હતો. તે દ્રોણ શેઠ જૈનધર્મમાં તત્પર થઇ હમેશાં ઉત્તમ આચરણવાળો થયોથકો ન્યાયમાર્ગથી સ્વલ્પ દ્રવ્ય ઉપાર્જન કરતો હતો. વળી તે મુનિઓની સેવા કરતોથકો સંતોષથી પોતાનો સમય વ્યતીત કરતો હતો. તે દ્રોણશેઠને જૈનધર્મમાંજ એક ચિત્તવાળી, શીલરૂપી આભૂષણને ધારણ કરનારી, તથા તપઆદિક ધર્મકાર્યોમાં તત્પર દેદી નામની સ્ત્રી હતી. યૌવનને પ્રાપ્ત થયેલા એવા પણ તે બન્ને સ્ત્રીભરતારનું ધર્મમાં તત્પરપણું જોઇ ત્યાંના સઘળા શ્રાવકો આશ્ચર્ય પામતા હતા. એ રીતે યૌવનકાળ વીત્યાબાદ પણ તેઓને કંઇ પણ સંતાન થયું નહીં, અને તેથી તે દેદી શ્રાવિકા મનમાં જરા દુભાવા લાગી. હવે એક દિવસે શ્રીજયસંઘસૂરિજી વિહાર કરતાથકા સુખપાલમાં બેસીને મહોટા

આડંબરથી તે ગામમાં આવ્યા. હવે એ રીતે તે આચાર્યમહારાજને પરિગ્રહ ધરનારા તથા શિથિલ આચારવાળા જાણીને શુદ્ધ સમ્યકત્વને ધારણ કરનારા એવા તે દદી અને દ્રોણ તેમને વાંદવામાટે ગયા નહીં, અને બીજા સર્વ શ્રાવકોએ વંદનાઆદિકવડે તેમનું સન્માન કર્યું. પછી કોઇક દુષ્ટ ચુગલીખોર માણસે તે દદી અને દ્રોણનો તે વૃત્તાંત આચાર્યમહારાજને નિવેદન કર્યો. તે સાંભળી મનમાં જરા કોપ પામેલા એવા પણ તે આચાર્યમહારાજ ગંભીરતાથી મૌન રહ્યા. પછી રાત્રિએ શાસનદેવીએ સ્વપ્નમાં તે આચાર્યમહારાજને કહ્યું કે, આજથી સાતમે દિવસે દેવલોકથી ચવેલો એક પુણ્યશાલી જીવ દદીના ઉદરમાં ગર્ભપણે ઉત્પન્ન થશે, અને તે જૈનશાસનનો પ્રભાવ કરનારો અને શુદ્ધ વિધિમાર્ગનો પ્રકાશ કરનાર ઉત્તમ આચાર્ય થશે, માટે તમારે તેમના તે પુત્રને યાચીને ગ્રહણ કરવો. પછી પ્રભાતે જાગેલા એવા તે આચાર્યમાહારાજે તે બન્ને સ્ત્રીભરતારને પોતાની પાસે બોલાવ્યા. ત્યારે તેઓ પણ આચાર્યજીપાસે આવીને લોકવ્યવહારથીજ તેમને વંદન કરીને પાસે બેઠા. પછી તે ગુરૂમહારાજે તે દ્રોણશેઠને કહ્યું કે, હે ઉત્તમ શ્રાવક! તમો હમેશાં ધર્મકાર્યોમાં તત્પર હોવાછતાં પણ વંદનમાટે પણ અમારીપાસે કેમ ન આવ્યા? એ રીતે આચાર્યમહારાજનો ઉપાલંભ સાંભળીને દ્રોણ તો મૌન ધારણ કરીનેજ રહ્યો. પરંતુ શ્રાવિકાઓમાં ઉત્તમ એવી તે દદીએ પોતાના હૃદયમાં ધૈર્ય ધારણ કરી કહ્યું કે, ભગવન્! આપ શાસનના નાયક, અને શાસ્ત્રોને જાણનારા છતાં પણ સુખપાલઆદિક પરિગ્રહને શામાટે ધારણ કરો છો? કેમકે ભગવાન્ શ્રીમહાવીરપ્રભુએ તો પરિગ્રહની મૂર્છાવિનાનો યતિધર્મ કહેલો છે. એવી રીતના તેણીના ઉપાલંભને સાંભળ્યા છતાં પણ ગંભીરતાના ગુણને ધારણ કરનારા એવા તે આચાર્યમહારાજે કહ્યું કે, હે ભાગ્યશાલી ઉત્તમ શ્રાવિકા! તમોએ આપેલો ઉપાલંભ યોગ્યજ છે, પંચમકાલના પ્રભાવથીજ અમારી આવી સ્થિતિ થયેલી છે. પરંતુ કુક્ષિમાં ( પુત્રરૂપી ) રત્નને ધારણ કરનારી એવી હે શ્રાવિકા! આજથી સાતમે દિવસે કોઇક ભાગ્યસાલી જીવ દેવલોકથી ચવીને તમારા ઉદરમાં ગર્ભપણે ઉત્પન્ન થશે, અને તે મહાપ્રભાવિક જૈનશાસનનો ઉદ્ધાર કરનાર, અને વિધિમાર્ગનો પ્રરૂપનાર થશે, એમ શાસનદેવીએ

અને સ્વપ્નની અંદર કહેલ છે. માટે ધર્મની ઉન્નતિ કરવામાટે અને જૈનશાસનની પ્રભાવના કરવાની ઇચ્છાથી તારે એ તારો પુત્ર અમોને આપવો. એવીરીતનાં ગુરૂમહારાજનાં વચનો સાંભળીને તેણીએ કહ્યું કે, હે ભગવન્! જો એરીતે મારા પુત્રથી શાસનની પ્રભાવના થવાનું શાસનદેવીએ કહેલું છે, તો હું પણ હર્ષથી મારો તે પુત્ર આપને આપીશ. પછી હર્ષિત થયેલા ગુરૂમહારાજે પણ ધર્મલાભ આપેલા તેઓ બન્ને વંદન કરીને પોતાને ઘેર ગયા. પછી જિનપૂજાઆદિક નિત્યનિયમ કરીને ભોજન કર્યાબાદ તે બન્ને સ્ત્રીભર્તાર હર્ષિત થયાથકા ક્ષણવાર વિશ્રામ પામ્યા. પછી દ્રોણ તો વ્યાપારમાટે પોતાની દુકાને ગયો. સ્વલ્પધનવાળો તે દ્રોણશેઠ ન્યાયપૂર્વક વસ્ત્રોનો વ્યાપાર કરતો હતો, અને હમેશાં પોતાની આજીવિકાયોગ્ય દ્રવ્ય કમાતો હતો. પછી સંધ્યાકાલે પ્રતિક્રમણ કર્યાબાદ દ્રોણે ઉત્તમ શીલવાળી એવી પોતાની તે સ્ત્રીને કહ્યું કે, હે ભાગ્યવતિ! આપણી યૌવનઅવસ્થા વ્યતીત થઇ તોપણ આપણને કંઈ સંતતિ થઇ નહી, પરંતુ જો હવે ગુરૂમહારાજનું વચન સત્ય થશે, તો આપણે પણ જગતમાં ભાગ્યશાલી થઇશું. એવીરીતનું પોતાના સ્વામિનું વચન સાંભલીને જૈનધર્મમાંજ એક શ્રદ્ધાવાળી તે દેદી પણ જરા લજ્જાથી પોતાનું મુખ નમાવીને, તથા જરા હસીને જાણે અમૃતને વરસાવતી હોય નહી? તેમ મધુર વચનથી પોતાના સ્વામિપ્રતે કહેવા લાગી કે, હે સ્વામિન્! જૈનધર્મના પ્રભાવથી સઘળું સારૂં થશે. પછી સુતેલી એવી તેણીને રાત્રિએ શાસનદેવીએ સ્વપ્નમાં કહ્યું કે, હે ભાગ્યવતિ! તને એક પુત્ર થશે, અને તે જિનશાસનની મહોટી પ્રભાવના કરીને શુદ્ધ વિધિમાર્ગની પ્રરૂપણા કરશે, માટે જ્યારે તે પુત્ર પાંચ વર્ષનો થાય, ત્યારે તારે તેને ગુરૂમહારાજને સમર્પણ કરવો. વલી ભાગ્યશાલી એવા તે પુત્રના જન્મથી માંડીને ઉત્તમ શીલવાળા એવા તમો બન્ને સ્ત્રીભર્તારને ધનની પણ વૃદ્ધિ થશે. વળી સાત વર્ષબાદ તમારા વંશની વૃદ્ધિ કરનારો બીજો પુત્ર પણ થશે. એરીતે સ્વપ્ન જોયાબાદ નિદ્રારહિત થયેલી એવી તે દેદીએ ઉઠીને મનમાં હર્ષ પામી આવશ્યકઆદિકની ક્રિયા કરી. પછી પ્રભાતે તેણીએ પોતાના સ્વપ્નનો તે વૃત્તાંત હર્ષથી પોતાના સ્વામિને કહ્યો. ત્યારે તેણે પણ હર્ષિત થઇ અમૃતસરખાં વચનથી તેણીને

ખુશી કરીને પોતાનું જિનપૂજાઆદિક નિત્યકર્મ કર્યું. પછી તે શ્રીજય-સંઘસૂરિજી પણ વિહાર કરીને બીજી જગોએ ગયા. પછી સાતમે દિવસે રાત્રિએ સુખે સુતેલી એવી તે દેદીએ સ્વપ્નમાં " ગોદુગ્ધનું " એટલે ગાયના દૂધનું પાન કર્યું. તે સ્વપ્ન જોઇને નિદ્રારહિત થયેલી એવી તેણીએ જિનેશ્વરપ્રભુના સ્તવનઆદિક ધર્મક્રિયાવડે બાકી રહેલી રાત્રિને સંપૂર્ણ કરી. પછી પ્રભાતે હર્ષથી તેણીએ તે સ્વપ્નનો વૃત્તાંત પોતાના સ્વામિને નિવેદન કર્યો. પછી હર્ષ પામેલા તે દ્રોણ-શેઠે પણ પોતાની તે સ્ત્રીને કહ્યું કે, હે પ્રિયે! શાસનદેવીએ કહેલું વચન ખરેખર સત્ય થયું છે. પુણ્યશાલી એવો આ દેવનો જીવ દેવ-લોકથી ચવીને હમણા તારા ઉદરરૂપી સરોવરમાં ખરેખર હંસની પેઠે ઉત્પન્ન થયો છે. એમ કહીને તે દ્રોણે પણ તેણીને હર્ષિત કરી, અને તેથી તે પણ હર્ષથી રોમાંચના સમૂહને ધારણ કરવા લાગી. પછી તે દ્રોણશેઠ પણ હર્ષપૂર્વક સામાયિકક્રિયા કરીને જિનપૂજામાટે શ્રીમહાવીરપ્રભુના જિનમંદિરમાં ગયો. વળી અત્યંત હર્ષ પામેલી તે દેદી પણ ખરેખર જિનેશ્વરપ્રભુની પૂજા કરીને પ્રફુલ્લિત થયેલા રોમાંચોથી વિકસિત શરીરવાળી, તથા હૃદયમાં નહી માતા એવા હર્ષને જાણે વમતી હોય નહી? તથા જાણે પોતાના મુખરૂપી ચંદ્રથી ઉત્પન્ન થયેલી, અને ભવ્યપ્રાણીઓના સંતાપને દૂર કર-નારી એવી મનોહર અમૃતની ધારાને જાણે વરસાવતી હોય નહી? એમ મનોહર કાવ્યોવડે શ્રીજિનેશ્વરપ્રભુની સ્તુતિ કરવા લાગી. પછી તે બન્ને સ્ત્રીભર્તાર હર્ષથી ઘેર આવ્યા, અને પ્રમોદપૂર્વક તેઓએ મનોહર મિષ્ટાન્નભોજન કર્યું. હવે હર્ષથી રોમાંચને ધારણ કરતી, તથા પોતાના સ્વામીને પણ હર્ષ ઉપજાવતી તે દેદી પૃથ્વી જેમ નિધાનને ધારણ કરે, તેમ ગર્ભને ધારણ કરવા લાગી. તે વખતે જેમ જેમ તેણીના ઉદરમાં તે ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો, તેમ તેમ જાણે સ્પર્ધાથી તેણીનું રૂપ પણ વૃદ્ધિ પામવા લાગ્યું. વળી તેણીને અત્યંતભાવથી જિનપૂજા કરવાનો અભિલાષ થયો, તથા તે ઘણાજ આદરમાનથી ગુરૂમહારાજની પણ ભક્તિ કરવા લાગી, વળી તે શુભભાવવાળા દ્રોણશેઠને તે ગર્ભનાજ પ્રભાવથી વ્યાપારમાં પણ દિવસે દિવસે ઘણો લાભ થવા લાગ્યો. પછી નવ માસ સંપૂર્ણ થયાબાદ એક દિવસે પૂર્વદિશા જેમ સૂર્યને તેમ તે દેદીએ એક

મનોહર પુત્રને જન્મ આપ્યો. તે વખતે તે દ્રોણશેઠે હર્ષથી અને શુભભાવથી દીન યાચકોને શક્તિમુજબ દાન આપ્યું, તથા દેવપૂજા અને ગુરૂભક્તિ કરી. પછી સ્વપ્નને અનુસારે તેણે પોતાના તે પુત્રનું સ્વજનોની સાક્ષીએ ગોદુહ એવું મનોહર નામ પાડયું. પછી નવા ઉત્પન્ન થયેલા છે અંકુરા જેમાં એવા બગીચામાં રહેલાં વૃક્ષની પેઠે લાડ લડાવાતો એવો તે બાળક દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યો. બાલ્યભાવવાળો એવો પણ તે બાળક બાલપણાની ચેષ્ટા છોડીને હમેશાં હાસ્યથી પોતાના માતાપિતાને હર્ષ પમાડવા લાગ્યો. અર્ધચંદ્રસરખી કાંતિવાળું, અને ઉત્તમ લક્ષણોવાળું એવું તે બાળકનું વિશાલ કપાળ લક્ષ્મીને જોવાના આરીસાસરખું શોભતું હતું. તે બાળકના મસ્તકપર રહેલા સુકુમાલ અંજનસરખી કાંતિવાળા મનોહર કેશો જાણે સ્વર્ગલક્ષ્મીના કટાક્ષોસરખા શોભતા હતા. વળી તે બાળકની ચંચલ છતાં પણ નિર્મલ એવી બન્ને આંખો લોકોને હર્ષ આપનારી જાણે અમૃતની બે કુંડીઓ હોય નહીં? તેમ શોભતી હતી. વળી હમેશાં હાસ્યથી પ્રફુલ્લિત થયેલું તેનું મુખરૂપી કમલ માતાપિતાના મનમાં ક્રીડા કરતુંથકું સજ્જનોની શ્રેણિને આનંદ આપતું હતું. ગુણોના સમુદ્રસરખો એવો તે ગોદુહ બાળક છતાં પણ રડતો નહી, તેમજ કોઇ પણ વખતે પોતાની માતાને ઉદ્વેગ પમાડતો નહી. હસતોથકો પોતાના પિતાના ખોળામાં બેઠેલો અને અત્યંત તેજસ્વી એવો તે બાળક શું ઉદયાચલપર રહેલો નવીન સૂર્ય ઉગ્યો છે? એમ શોભતો હતો. પોતાની કેડપર બેઠેલા તે બાળકવડે કરીને તેણીની માતા વસંતઋતુમાં ફલસહિત થયેલી મનોહર આમ્રલતાસરખી શોભતી હતી. તે બાલક હમેશાં પોતાની માતા સાથે જિનેશ્વરના દેરાસરમાં જતોછતો નગરવાસી લોકોને હાસ્ય કરતો આનંદ ઉપજાવતો હતો. એરીતે તે બાળક અનુક્રમે ત્રણ વર્ષોનો થયો,ત્યારે તે હાથીના બચ્ચાંની પેઠે માર્ગમાં ક્રીડા કરતોથકો લીલાથી ચાલવા લાગ્યો.

હવે વિંધ્યાચલપર્વતપર કોઇક મહાયોગી વસતો હતો, અને ત્યાં રહી તે પરકાયપ્રવેશ એટલે બીજાના શરીરમાં પેસવાની વિદ્યા સાધતો હતો. ઘણી મહેનતથી તે તેનું સાધન કરતો હતો, પરંતુ અભાગ્યયોગે તેની તે વિદ્યા સિદ્ધ થતી નહોતી. વળી તે હમેશાં

સ્મશાનમાં જઇને નિર્ભય થયોથકો એકસો આઠ મંત્રજાપ કરતો હતો, પરંતુ તે વિદ્યા તેને સિદ્ધ થતી નહોતી. પછી એક વખતે કંટાળેલા તથા નિરાશ થયેલા એવા તે યોગીને પર્વતને માર્ગે જતો એક મહાધૂર્ત કાપડી મલ્યો. ત્યારે તે સરલ ચિત્તવાળા યોગીએ તે કાપડીની પાસે પોતાનો વૃત્તાંત કહીને કહ્યું કે, મેં મારા ગુરૂમહારાજે આપેલો પરકાયપ્રવેશ નામની વિદ્યાનો આ મંત્ર એક વર્ષ સુધી સાધ્યો. પરંતુ તે વિદ્યા સિદ્ધ થતી નથી. તે સાંભળી તે ધૂર્ત કાપડીએ વિચાર્યું કે. ખરેખર શરીરના લક્ષણોવડે આ યોગી બત્રીસલક્ષણો પુરૂષ દેખાય છે. હવે કપટક્રિયાથી જો હું આ યોગીને વશ કરૂં, તો તેવડે કરીને મારી સુવર્ણપુરૂષ સાધવાની ઇચ્છા સંપૂર્ણ થશે. એમ વિચારી તે કાપડીએ તે યોગીને કહ્યું કે, હે મિત્ર! એવા પ્રકારની કોઇ પણ વિદ્યા ઉત્તરસાધકવિના સિદ્ધ થતી નથી. માટે તું મને ઉત્તરસાધક કરીને ફરીને તે વિદ્યા સાધ? તે સાંભળી સરલ ચિત્તવાળા એવા તે યોગીયે પણ તેમ કરવાનું સ્વીકાર્યું. એવીરીતે નિશ્ચય કર્યાબાદ તેઓ બન્ને નર્મદાનદીના કિનારાપર આવેલા ભરૂચનગરમાં આવ્યા. પછી તે કાપડીને ત્યાં સ્મશાનમાં બેસાડીને તે યોગી વિદ્યા સાધવામાટે કાપડીએ કહેલાં ઘૃત, કાષ્ટ, તથા કણેરનાં પુષ્પઆદિકની સામગ્રી એકઠી કરવામાટે નગરમાં ગયો. એવામાં આ શ્રીજયસંઘસૂરિજી પણ તેજ ભરૂચનગરમાં ચતુર્માસ રહેલા છે. તે વખતે જિનમંદિરે જતા એવા તે આચાર્યશ્રીએ માર્ગે ચાલતા તે યોગીને ઓળખી કહાડ્યો, અને તેમણે વિચાર્યું કે, ખરેખર આ યોગી બાલ્યાવસ્થામાં જુગારના વ્યસનથી પિતાએ ઘરમાંથી કહાડી મેલેલો મારો ( સંસારીપણાનો ) ભાઇજ છે. વૈરાગ્યથી યોગી થઇને ખરેખર આ અહીં ભિક્ષામાટે ભમતો જણાય છે. પછી ભાઇના સ્નેહથી પ્રેરાયેલા એવા તે આચાર્યમહારાજે પોતાના એક સેવકને મોકલીને તે યોગીને પોતાની પાસે બોલાવ્યો. ત્યારે તે યોગી પણ ત્યાં આવી આચાર્યશ્રીના મુખસામું જોતોથકો પોતાના મનમાં વિચાર કરતોજ ઉભો રહ્યો. પછી આચાર્યશ્રીએ તેને કહ્યું કે, હે મહાત્મન્! શું તું મને ઓળખે છે? ત્યારે ભ્રમમાં પડેલા તે યોગીએ કહ્યું કે, હું આપને બરોબર ઓળખી શકતો નથી. પછી આચાર્યશ્રીએ પોતાની બાલક્રીડાઆદિકના વૃત્તાંતવાળો પોતાનો સાંસારિક

સંબંધ તેને કહી સંભળાવ્યો. ત્યારે તે પણ તેમને પોતાના વડિલ બંધુ જાણીને સ્નેહથી હર્ષના અશ્રુઓવડે સંપૂર્ણ લોચનવાળો થયોથકો તેમને ચરણે પડ્યો. તે પછી ગુરૂમહારાજ તેને પોતાની પૌષધશાલામાં લાવ્યા. પછી ત્યાં તે યોગીએ પોતાનો વૃત્તાંત નિવેદન કરીને કહ્યું કે, મારા યોગી ગુરૂએ મને અનેક વિદ્યાઓ સાધવાના મંત્રો આપેલા છે. તેઓમાંથી પ્રથમ હું પરકાયપ્રવેશ નામની વિદ્યાનો મંત્ર સાધવાને ઉદ્યમવંત થયો છું. એમ કહીને તેણે તે કાપડીનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી તે બુદ્ધિવાન્ ગુરૂમહારાજે તે દુષ્ટ કાપડીના મનનો અભિપ્રાય જાણીને પોતાના તે ભાઇને કહ્યું કે, હે વત્સ! તે કાપડી તો અત્યંત દુષ્ટ માણસ છે, અને તે તનેજ અગ્નિકુંડમાં નાખીને પોતાને માટે સુવર્ણનો પુરૂષ સાધવાને ઇચ્છે છે, માટે ખરેખર તારે તેનો કદાપિ પણ વિશ્વાસ કરવો નહી. હવે જો તારી ઇચ્છા હોય, તો તું દીક્ષા લેઇને અહીં મારી પાસેજ રહે! અને જો તું તેમ નહી કરે, તો તે મલિન મંત્રોવાળો કાપડી તને વિવિધપ્રકારના ઉપસર્ગો કરશે. પછી પોતાના બંધુના વચનને સત્ય માનીને તે યોગી તેજ વખતે મુનિવેષ લેઇને ગુરૂમહારાજની પાસે રહ્યો. હવે સ્મશાનમાં બેઠેલો તે દુષ્ટ કાપડી ઘણો વખત થયા છતાં પણ તેને નહી આવેલો જાણીને ફાળ ચૂકેલા વાઘની પેઠે કોપાયમાન થયોથકો તેની શોધ કરવામાટે નગરમાં આવ્યો. સમસ્ત નગરમાં ભમતાં છતાં પણ તેણે તેને ક્યાંય પણ જોયો નહી. પછી સંધ્યાકાળે થાકેલો એવો તે કાપડી ક્યાંકથી મલેલાં લૂખાં અન્નનું ભોજન કરીને નદીકિનારે કોઇક દેરીમાં જઇને સૂતો. પાછો પ્રભાતે ઉઠીને તે કાપડી તે યોગીને શોધવા લાગ્યો. એવામાં પ્રભાતે નદીકિનારાપર બીજા બે મુનિની સાથે સ્થંડિલભૂમિમાં આવેલા તથા જૈનમુનિનો વેષ ધારણ કરીને રહેલા એવા તે યોગીને જોઇને, તથા તેને ઓળખીને તે કાપડીયે વિચાર્યું કે, ખરેખર આ યોગી મને છેતરીને તથા મુનિનો વેષ લેઇને અંહીં રહેલો છે. હવે હું તેને મને છેતરવાનું ફલ દેખાડીશ, એમ વિચારી મંત્રના પ્રયોગથી તેને મૂર્છિત કરીને તે કાપડી ત્યાંથી નાશી ગયો. પછી તે બન્ને મુનિઓ તે મૂર્છિત થયેલા ત્રીજા મુનિને ત્યાંથી ઉપાડીને ઉપાશ્રયમાં લાવ્યા. પછી તે બન્ને મુનિઓએ ગુરૂમહારાજને તે કાપડીનો વૃત્તાંત કહી સંભળાવ્યો.

ત્યારે ગુરૂમહારાજે પણ મંત્રના પ્રયોગથી તેને તુરત સચેતન કર્યો. પછી ગુરૂમહારાજે ઉપસ્થાપનાપૂર્વક ( વડી દીક્ષા આપવાપૂર્વક ) પોતાના તે ભાઇનું રાજ્યચંદ્ર નામ રાખ્યું. પછી તે રાજ્યચંદ્રમુનિ પણ અનુક્રમે શાસ્ત્રાભ્યાસ કરીને મુનિસામાચારીમાં પ્રવીણ થયા. પછી તે રાજ્યચંદ્રમુનિએ વિવિધપ્રકારના તપના પ્રભાવથી તે પરકાયપ્રવેશવિદ્યા પણ સાધી. પછી અનુક્રમે વિહાર કરતા એવા તે શ્રીજયસંઘસૂરિજી વિક્રમ સંવત ૧૧૪૧ માં ફરીને તે દંત્રાણાગામમાં પધાર્યા. તેજ વખતે તે દેદી અને દ્રોણશેઠ પણ તે ગોદુહ નામના પોતાના પુત્રસહિત તેમને વાંદવામાટે ઉપાશ્રયે આવ્યા. વંદન કર્યાબાદ જાણે પૂર્વથીજ સંકેત મળ્યો હોય નહીં? તેમ તે ગોદુહ તુરત દોડીને ગુરૂમહારાજપાસે જઈને તેમના આસનપર બેસી ગયો. ત્યારે તેને ઓળખીને હર્ષિત થયેલા ગુરૂમહારાજે તેના માતપિતાપાસેથી તેની માગણી કરી. પછી પોતાનું વચન પાલવામાં તત્પર એવા તેઓએ પણ પોતાનો તે પુત્ર ગુરૂમહારાજને સમર્પણ કર્યો. પછી ગુરૂમહારાજના આદેશથી ત્યાંના સંઘે પણ તે દેદી અને દ્રોણને ઘણું દ્રવ્ય આપી તેમનો સત્કાર કર્યો. પછી તે શ્રીજયસંઘસૂરિજી પાંચ વર્ષના તે ગોદુહબાળકને લેઇને ત્યાંથી વિહાર કરતાથકા ખંભાતબંદરમાં પધાર્યા, અને ત્યાંના સંઘના આગ્રહથી ત્યાં ચતુર્માસ રહ્યા. હવે ત્યાં મ્લેચ્છજાતિનો હોવા છતાં પણ દયાળુ મનવાળો અને ક્રોડોગમે દ્રવ્યનો માલિક સીદિકનામે આરબજાતિનો એક વ્યાપારી વસતો હતો. તેના પાંચ વહાણો સમુદ્રમાં ફરતાંથકાં વ્યાપારમાટે પારસીદેશ ( ઇરાન ) તરફ જતાં આવતાં હતાં. અને તે સીદિક વ્યાપારી મોતીઆદિક અતિકિમતી વસ્તુઓનો વ્યાપાર કરતો હતો, પરંતુ તે સીદિકશેઠને કંઇ પણ સંતાન થયું નહોતું, અને તેથી તે ઘણા યોગી તથા ફકીરો વિગેરેની સેવા કરતો હતો, તો પણ તેની પુત્રપ્રાપ્તિની ઇચ્છા સંપૂર્ણ થઇ નહીં. હવે તે નગરમાં પોરવાડજ્ઞાતિનો જૈનધર્મનું આરાધન કરનારો તથા તે શ્રીજયસંઘસૂરિજીનો પરમ ભક્ત જયવંત નામનો એક શ્રાવક વસતો હતો. તે જયવંતશ્રાવકને તે સીદિકશેઠસાથે ઘણાકાળથી મિત્રાઇ હતી. પછી એક દિવસે તે જયવંતશ્રાવકે પોતાના મિત્ર એવા તે સીદિકશેઠનીપાસે તે શ્રીજયસંઘસૂરિજીની ત્યાં પધારવાની હકીકત કહીને તેમની પ્રશંસા કરી.

ત્યારે તે સીદ્દિક પણ તેમના દર્શનમાટે ઉત્સુક થઈ તે જયવંતશ્રાવકને કહેવા લાગ્યો કે, હે મિત્ર! હું પણ તે શ્રી આચાર્યમહારાજનાં દર્શન કરવાને ઇચ્છું છું. ત્યારે જયવંતે કહ્યું કે, હે મિત્ર! હું આવતીકાલે તે ગુરૂમહારાજને પૂછીને તમોને તેમની પાસે લેઇ જઇશ. એમ કહી તે જયવંતશ્રાવક ઘેર આવી વિચારવા લાગ્યો કે, જો ગુરૂમહારાજ કોઈ પણ મંત્રના પ્રયોગઆદિકથી આ ક્રોડપતિશેઠની પુત્રની ઇચ્છા સંપૂર્ણ કરે, તો જિનશાસનનો મહિમા પણ વિસ્તાર પામશે, અને મારૂં પણ દારિદ્રય દૂર થશે. એમ વિચારી પ્રભાતે તે ગુરૂમહારાજપાસે આવ્યો. પછી તેણે ગુરૂમહારાજને વંદન કરીને તે સીદ્દિકશેઠનો વૃત્તાંત કહ્યો. ત્યારે ગુરૂમહારાજે આદેશ કરેલા તે શ્રીરાજ્યચંદ્રમુનિએ તે જયવંતશ્રાવકને કહ્યું કે, જૈનશાસનની પ્રભાવના કરવામાટે અમો તેને એક યંત્ર બનાવી આપશું, અને તે યંત્રના પ્રભાવથી તેને પુત્ર થશે. તે સાંભલી હર્ષ પામેલો તે જયવંતશ્રાવક ગુરૂમહારાજને વાંદીને પોતાના મિત્ર એવા તે સીદ્દિકશેઠપાસે આવ્યો. પછી તે સીદ્દિકશેઠ પણ મનોહર વસ્ત્રઆદિક પહેરીને તે જયવંતશ્રાવકની સાથે ગુરૂમહારાજપાસે આવ્યા. ત્યાં તેણે તે ઉત્તમ ગુરૂમહારાજને નમસ્કાર કરીને એક હજાર સોનામોહોરો તેમના ચરણોમાં મૂકી. પછી તે જયવંતશ્રાવકે પોતાના મિત્ર એવા તે સીદ્દિકશેઠનો પરિચય કરાવીને ગુરૂમહારાજને કહ્યું કે, હે ભગવન્! આ મારા મિત્ર પરમ કૃપાલુ છે, તથા હમેશાં યોગિયતિઓની ભક્તિમાં તત્પર થઈ ઘણું દાન આપે છે, પરંતુ સંતાનના અભાવથી તેમનું હૃદય હમેશાં દુભાયા કરે છે. માટે એમનાપર કૃપા કરીને સંતાનપ્રાપ્તિનો કંઈક ઉપાય આપ તેમને સૂચવો? પછી ગુરૂમહારાજે આદેશ આપેલા એવા તે શ્રીરાજ્યચંદ્રયતિજીએ તે સીદ્દિકશેઠને ભોજપત્રપર લખેલો એક યંત્ર આપીને કહ્યું કે, આ યંત્ર જલના પાત્રમાં રાખીને તે જલ સંધ્યાકાળે શેઠાણીયે પીવું, અને તમારે અને તે શેઠાણીયે જીવિતપર્યંત માંસમદિરાનો ત્યાગ કરવો. પછી તેમણે કહેલું તે સઘળું સ્વીકારીને, તથા તે યંત્ર લેઇને, અને ગુરૂમહારાજને નમસ્કાર કરીને તે સીદ્દિકશેઠ તે જયવંતશ્રાવકની સાથે ખુશી થયોથકો પોતાને ઘેર આવ્યો. પછી તે સીદ્દિકશેઠે પોતાના મિત્ર એવા તે જયવંતશ્રાવકને પણ પાંચસો સોના-

મોહોરો આપી ખુશી કર્યો. જયવંત પણ તે દ્રવ્યના લાભથી ખુશી થઇ પોતાને ઘેર ગયો. પછી સંધ્યાકાલે તે સીદિકશેઠે પણ તે યંત્રને જલના પાત્રમાં સ્થાપન કરીને તે જલ પોતાની સ્ત્રીને પાયું. તથા ત્યારથી માંડીને તે સીદિકશેઠની સ્ત્રી પણ તે યંત્રના માહાત્મ્યથી પોતાના ઉદરમાં ગર્ભને ધારણ કરવા લાગી. હવે તે શ્રીજયસંઘસૂરિજી પણ સંઘના આગ્રહથી ત્યાં ખંભાયતબંદરમાંજ ચતુર્માસ રહ્યા. પછી તે સીદિકશેઠ પણ પોતાની તે સ્ત્રીના ઉદરમાં ગર્ભને વૃદ્ધિ પામતો જાણીને પોતાના મનમાં અત્યંત ખુશી થઇને, તથા તે ગુરૂમહારાજને મહાન્ પુરૂષ જાણતોથકો હમેશાં તેમને વાંદવામાટે ઉપાશ્રયે આવવા લાગ્યો. એવીરીતે તેને હમેશાં ત્યાં આવતો જોઇને તેની જાતિના મ્લેચ્છો ધર્મસંબંધી ઇર્ષ્યાથી તેનાપર રોષાયમાન થવા લાગ્યા. પછી ચતુર્માસબાદ ગુરૂમહારાજ પણ ત્યાંથી વિહાર કરીને બીજે સ્થાનકે ગયા. હવે અહીં નવ માસ સંપૂર્ણ થયાબાદ તે સીદિકશેઠની સ્ત્રીએ પણ સૂર્યસરખા એક મહાતેજસ્વી પુત્રને જન્મ આપ્યો. ત્યારે અત્યંત ખુશી થયેલા તે સીદિકશેઠે ઘણું દ્રવ્ય ખરચીને પોતાની જાતના સઘળા મ્લેચ્છોને સંતુષ્ટ કર્યા, અને તેથી તેઓ પણ સર્વે રોષરહિત થયા, કેમકે દાન જગતમાં શત્રુઓને પણ પ્રેમ ઉપજાવનારૂં થાય છે. ત્યારપછી તે બુદ્ધિવાન સીદિકશેઠે પોતાના મિત્ર એવા તે જયવંતને બોલાવીને, તથા તેને પાંચ હજાર સોનામોહોરો આપી ખુશી કરીને ગુપ્તરીતે જિનમંદિરોમાં જિનેશ્વરપ્રભુની પૂજા કરાવી. હવે તે સીદિકશેઠનો પુત્ર પણ અનુક્રમે વૃદ્ધિ પામતોથકો પોતાના માતાપિતાને આનંદ ઉપજાવવા લાગ્યો. ત્યારબાદ અત્યંત ખુશી થયેલા તે સીદિકશેઠે તે શ્રીજયસંઘસૂરિજીને બેસવામાટે એક લાખના મૂલ્યવાળો સુવર્ણનો સુખપાલ મોકલ્યો. પછી અનુક્રમે મનોહર રૂપ અને લાવણ્યઆદિક ગુણોવાળો તે ગોદુહકુમાર પણ સર્વ શ્રાવકોના તથા યતિઓના સમુદાયના હૃદયમાં હર્ષનો સમૂહ ઉપજાવવા લાગ્યો. ત્યારે આચાર્યમહારાજે પણ વિનયવાન તથા ગંભીરતાઆદિક ગુણોના સમુદાયથી શોભિતા એવા તે ગોદુહકુમારને જાણીને રાધનપુરમાં ત્યાંના સંઘના આગ્રહથી વિક્રમ સંવત ૧૧૪૬ ના પોષસુદી ત્રીજને દિવસે દીક્ષા આપી, અને તે વખતે ગુરૂમહારાજે તેમના મસ્તકપર વાસક્ષેપ નાખીને તેમનું “ આર્યરક્ષિત ” નામ આપ્યું.

૧૭ શ્રી જૈન ભા. પ્રેસ—જામનગર.

પછી તે આર્યરક્ષિતમુનિ ગુરુમહારાજપાસે જૈનોના સિદ્ધાંતઆદિક શાસ્ત્રોનો અનુક્રમે અભ્યાસ કરવા લાગ્યા. તીક્ષ્ણબુદ્ધિવાળા એવા તે શ્રીઆર્યરક્ષિતમુનિજીએ થોડાજ સમયમાં ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. પછી તેમણે ગુરૂમહારાજની આજ્ઞાપૂર્વક તે શ્રીરાજ્યચંદ્રમુનિવરની પાસે મંત્રતંત્રઆદિક અગમ્ય વિદ્યાઓનો પણ અભ્યાસ કર્યો. તેમના વિનયઆદિક ગુણોથી અત્યંત સંતુષ્ટ થયેલા એવા તે રાજ્યચંદ્રમુનિએ તે શ્રીઆર્યરક્ષિતમુનિજીને પરકાયપ્રવેશવિદ્યા પણ આપી. એવીરીતે અનુક્રમે કરેલો છે શાસ્ત્રોનો અભ્યાસ જેમણે એવા તે શ્રીઆર્યરક્ષિતમુનિજીને વિક્રમ સંવત ૧૧૫૯ ના માગશરશુદી ત્રીજને દિવસે પાટણ નામના નગરમાં સંઘની આજ્ઞાથી ગુરૂમહારાજે આચાર્યપદ આપ્યું.

પછી એક વખતે તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીએ દશવૈકાલિકસૂત્રના પાઠનો અભ્યાસ કરતાંથકાં નીચે મુજબ ગાથા વાંચી—

સીઓદગં ન સેવિજ્જા । સિલાવુટ્ઠિહિમાણી ય ॥
ઉસણોદગં તહ ફાસુઅં । પડિગાહિજ્જ સંજઓ ॥ ૧ ॥

અર્થ—ચારિત્રવાન્ સાધુએ ઉકાળ્યાવિનાનું ઠંડું પાણી, કરા, વરસેલું પાણી તથા બરફ ગ્રહણ કરવાં નહી, પરંતુ ઉકાળેલું પ્રાસુક જલ ગ્રહણ કરવું.

આ ગાથાનો અર્થ વિચારતા એવા તે શ્રીઆર્યરક્ષિતસૂરિજી વિચારવા લાગ્યા કે, આપણે ચારિત્રવાન્ સાધુ છતાં પણ શાસ્ત્રોમાં નિષેધ કરેલાં કાચાં ઠંડાં પાણીઆદિકને તથા આધાકર્મિક આહારઆદિકને કેમ સેવીયે છીયે? એમ મનમાં શંકા લાવીને તેમણે વિનયપૂર્વક તેના સંબંધમાં ગુરૂમહારાજને પ્રશ્ન કર્યો. ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, હે વત્સ! આજકાલ પાંચમા આરાના પ્રભાવથી આપણે સાસ્ત્રમાં કહેલો શુદ્ધ ચારિત્રધર્મ પાલવાને અસમર્થ છીયે, અને તેથીજ આપણે કાચાં પાણીઆદિક વાપરીયે છીયે. તે સાંભળી વૈરાગ્યયુક્ત હૃદયવાળા તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીએ કહ્યું કે, હે ભગવન્! જો આપની આજ્ઞા હોય તો હું શુદ્ધ ચારિત્રધર્મનો સ્વીકાર કરીને શુદ્ધ ધર્મની પ્રરૂપણા કરૂં.

તે સાંભળી ગુરૂમહારાજે વિચાર્યું કે, ખરેખર પૂર્વે શાસનદેવીએ કહેલું વચન સત્ય થશે, કેમકે આ શ્રીઆર્યરક્ષિતસૂરિજી ક્રિયોદ્ધાર કરીને શુદ્ધ વિધિમાર્ગની પ્રરૂપણા કરશે. એમ વિચારી તેમને યોગ્ય જાણી ગુરૂમહારાજે કહ્યું કે, હે વત્સ! જેમ તમોને રૂચે તેમ કરો? એરીતે ગુરૂમહારાજની આજ્ઞા મળવાથી તે શ્રીઆર્યરક્ષિતજીએ આચાર્યપદનો ત્યાગ કર્યો, તથા ગુરૂમહારાજે અત્યંત આગ્રહથી આપેલા ઉપાધ્યાયપદને સ્વીકારીને, તથા પોતાનું "વિજયચંદ્ર ઉપાધ્યાય" એવું નામ ધારણ કરીને ક્રિયોદ્ધારપૂર્વક શુદ્ધ આચારવાળી ફરીથી દીક્ષા લેઇને કેટલાક સંવેગીમુનિઓની સાથે વિક્રમ સંવત ૧૧૫૯ ના મહા શુદ પાંચમને દિવસે તે જૂદા વિહાર કરવા લાગ્યા. પછી તે શ્રીવિજયચંદ્રઉપાધ્યાય વિવિધપ્રકારના તપથી પોતાના શરીરને શોષાવતાથકા આકરી ક્રિયા કરવા લાગ્યા, અને પગે ચાલી ઉગ્ર વિહાર કરતાથકા અનુક્રમે પરિવારસહિત પાવાગઢપર આવ્યા. હવે ત્યાં શુદ્ધ આહાર ન મળવાથી તેમણે તે પાવાગઢપર સાગારીઅનશનતપનો પ્રારંભ કર્યો, અને એરીતે અનશનવડે કરીને ત્યાં ત્રીસ દિવસો વ્યતીત થયા. એવામાં ચક્રેશ્વરી તથા પદ્માવતીદેવીએ મહાવિદેહક્ષેત્રમાં જઇ ત્યાં વિચરતા એવા શ્રીસીમંધરજિનેશ્વરને પૂછ્યું કે, હે ભગવન! આ કાળમાં ભરતક્ષેત્રમાં જિનેશ્વરપ્રભુના શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરનાર કોઇ મુનિ છે કે નહીં? તે સાંભળી તે જિનેશ્વરમહારાજે કહ્યું કે, હાલમાં જેમણે પાવાગઢપર સાગારીઅનશન કરેલું છે, એવા શ્રીવિજયચંદ્રઉપાધ્યાય જૈનોમાં શુદ્ધમુનિમાર્ગને જાણનારા છે, અને તે હવે શુદ્ધ વિધિમાર્ગની પ્રરૂપણા કરશે. એવીરીતનાં ભગવાનનાં વચનો સાંભળીને અત્યંત ખુશી થયેલી એવી તે બન્ને દેવીઓ ત્યાં શ્રીસીમંધરસ્વામીજીને વાંદીને તુરત ભરતક્ષેત્રમાં પાવાગઢપર આવી, તથા ત્યાં અનસન કરીને રહેલા તે શ્રીવિજયચંદ્રઉપાધ્યાયજીની સમીપે પ્રકટ થઇને તથા તેમને વંદન કરીને તે દેવીઓએ કહ્યું કે, હે મુનીશ્વર! હવે તમો અહીંથી તુરત ભાલેજ નામના નગરમાં જાઓ? અને ત્યાં તમોને શુદ્ધ આહારની પ્રાપ્તિ થશે, તથા ત્યાં શુદ્ધ જિનમાર્ગની પરૂપણા કરવાથી ત્યારથી તમારાવડે જિનસાસનની મહોટી પ્રભાવના થશે. એવીરીતનાં દેવીએ કહેલાં વચનો સાંભળીને કેટલાક મુનિઓના પરિવારસહિત તપથી દુર્બલ સરીરવાળા એવા તે

વિજયચંદઉપાધ્યાય ત્યાંથી વિહાર કરીને ભાલેજનગરમાં પધાર્યા, અને ત્યાં પારણું કરીને તે સુખેસમાધે પરિવારસહિત ઉપાશ્રયમાં રહ્યા.

હવે આ ભાલેજનગરમાં ગૌતમગોત્રવાળો, તથા ભાંડશાલી ( ભણશાલી ) શાખામાં મુકુટની પેઠે શોભતો યશોધનનામે એક ધનવાન્ વ્યાપારી વસતો હતો. પૂર્વે શ્રીમાન્ ઉદયપ્રભસુરિજીએ પ્રતિબોધેલા એવા તેના પૂર્વજોએ જૈનધર્મ અંગીકાર કર્યો હતો, પરંતુ પાછળથી મિથ્યાત્વીઓની સોબતથી તેનું કુટુંબ મિથ્યાત્વી થયું હતું. પછી એક વખતે પૂર્વે કરેલાં અશુભ કર્મોના ઉદયથી તે યશોધનના શરીરમાં દાહજ્વર ઉત્પન્ન થયો. તે રોગને મટાડવામાટે તેની માતા તથા પુત્રઆદિક કુટુંબે મળીને ઘણા વૈદ્યોને બોલાવ્યા, પરંતુ તેથી તે યશોધનને કંઇ પણ ફાયદો થયો નહીં. ત્યારે અત્યંત ખેદ પામેલી તેની માતાએ અઠ્ઠમનો તપ કરીને પોતાની અંબિકા નામની ગોત્રદેવીનું આરાધન કર્યું. ત્યારે તેણીએ પ્રત્યક્ષ થઇ તેને કહ્યું કે, તારા કુટુંબે કુલપરંપરાથી ચાલ્યા આવતા એવા જૈનધર્મનો ત્યાગ કરીને મિથ્યાત્વ અંગીકાર કર્યું છે, અને તેથી મેંજ તારા આ યશોધનપુત્રને દાહજ્વરથી પીડિત કરેલો છે. તે સાંભળી દુઃખથી ગદ્‌ગદ્‌કંઠવાળી એવી તેણીએ કહ્યું કે, હે માતાજી! હવે તમો અમારા આ એક વખતના અપરાધની ક્ષમા કરો? અને મારાપર કૃપા કરીને આ મારા પુત્રના દાહજ્વરની શાંતિ કરો? અને આજથી માંડીને હું કુટુંબસહિત ફરીને જૈનધર્મનો સ્વીકાર કરીશ. તે સાંભળી શાંત થયેલી એવી તે અંબિકાદેવીએ કહ્યું કે, આ નગરમાં શુદ્ધચારિત્રની ક્રિયાને ધરનારા, અને વિધિયુક્ત જૈનધર્મની પ્રરૂપણા કરનારા શ્રીવિજયચંદ્રનામના ઉપાધ્યાય આવેલા છે. તેમનું ચરણોદક લેઇને, તે જલવડે તારા આ યશોધનપુત્રના શરીરે સિંચન કર? કે જેથી તેના શરીરમાં રહેલા રોગની શાંતિ થશે, એમ કહીને તે અંબિકાદેવી અદ્રશ્ય થયાં. પછી તેણીએ ઉપાશ્રયે જઇ, તથા ઉપાધ્યાયજીને વાંદીને અંબિકાદેવીએ કહેલો સઘળો વૃત્તાંત તેમને કહી સંભળાવ્યો. પછી તે શ્રીઉપાધ્યાયજીમહારાજનું ચરણોદક વાસણમાં લેઇ પોતાને ઘેર આવી. અને પછી તેણીએ તે ચરણોદકવડે પોતાના યશોધનપુત્રના શરીરપર સિંચન કર્યું, અને

તેથી તે તેજ સમયે રોગરહિત થયો. પછી તેની માતાએ પોતાના તે યશોધનપુત્રને પોતાની ગોત્રદેવી અંબિકાએ કહેલો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી અત્યંત ખુશી થયેલો તે યશોધન પોતાના સર્વ પરિવારસહિત ઉપાશ્રયે જઇ તે શ્રીવિજયચંદ્રઉપાધ્યાયજીના ચરણોમાં પડ્યો. ઉપાધ્યાયજીએ પણ તેને યોગ્ય જાણી જૈનધર્મનો ઉપદેશ આપ્યો. પછી ખુશી થયેલા તે યશોધને પણ શુદ્ધ સમ્યક્ત્વસહિત શ્રાવકનાં બાર વ્રતો ગુરૂમહારાજના મુખથી સ્વીકાર્યાં. પછી તેના સર્વ કુટુંબે પણ તેજ વખતે ગુરૂમહારાજની પાસે મિથ્યાત્વનો ત્યાગ કરીને જૈનધર્મ સ્વીકાર્યો, અને ગુરૂમહારાજના ઉપદેશથી તે યશોધનશેઠે પોતાનું " ભાંડશાલી " ( ભણશાલી ) નામનું ગોત્ર સ્થાપ્યું. પછી ગુરૂમહારાજપ્રતે ભક્તિવંત એવા તે યશોધનશેઠે અત્યંત આગ્રહથી શ્રીજયસંઘસૂરિજીને ત્યાં ભાલેજનગરમાં બોલાવ્યા, ત્યારે તેના આગ્રહથી આચાર્યમહારાજ પણ ત્યાં પધાર્યા, તે વખતે તે યશોધનશેઠે ઘણું દ્રવ્ય ખરચી તેમનો ત્યાં પ્રવેશમહોત્સવ કરાવ્યો. પછી તે યશોધનઆદિક શ્રાવકોના અત્યંત આગ્રહથી શ્રીજયસંઘસૂરિજીએ વૈરાગ્યથી નહી ઇચ્છતા એવા પણ તે શ્રીવિજયચંદ્રઉપાધ્યાયજીને વિક્રમ સંવત ૧૧૬૯ ના વૈસાખશુદ ત્રીજને દિવસે ફરીને આચાર્યપદ આપ્યું. એવીરીતે તેમના આચાર્યપદના મહોત્સવમાં તે શ્રીમાન્ યશોધનશેઠે એક લાખ ટંકનો ખર્ચ કર્યો. હવે વૃદ્ધ એવા તે શ્રીજયસંઘસૂરિજી પણ ત્યાંજ આલોચનાપૂર્વક પંચપરમેષ્ઠિનું ધ્યાન ધરતાથકા કાળ કરીને સ્વર્ગલોકમાં ગયા. હવે ફરીને આચાર્યપદ આપતી વેળાયે ગુરૂમહારાજે તેમને પૂર્વે આપેલું " આર્યરક્ષિત " નામજ ફરીને પણ આપ્યું હતું. હવે તે શ્રીમાન્ યશોધન શ્રાવકે તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીના ઉપદેશથી એક મહાન્ જિનમંદિર બંધાવવાનું કાર્ય પ્રારંભ્યું. પરંતુ તે જિનપ્રાસાદની જમીનનો અધિષ્ઠાયક એવો એક વ્યંતરદેવ ત્યાં ઉપદ્રવ કરવા લાગ્યો. તે વ્યંતરદેવ તે જિનપ્રાસાદમાટે ખોદેલા પાયામાં રાત્રિએ હાડકાંઓનો સમૂહ નાખીને તેને પૂરી દેવા લાગ્યો. તે જોઇ ખેદ પામેલા યશોધને તે વૃત્તાંત શ્રીઆર્યરક્ષિતગુરૂજીને કહ્યો ત્યારે તે ગુરૂમહારાજે રાત્રિએ આકર્ષિણીવિદ્યાનું આરાધન કર્યું. ત્યારે પાઠસિદ્ધ એવી તે વિદ્યા પણ તેજ વખતે ગુરૂમહારાજપાસે આવીને કહેવા લાગી કે, આપસાહેબે મારૂં શામાટે સ્મરણ કર્યું. ?

જે કંઈ કાર્ય હોય તે ફરમાવો? ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, આ યશોધન શ્રાવકે પ્રારંભેલાં જિનમંદિરના કાર્યમાં વિઘ્ન કરનાર કોણ છે? અને તે શામાટે વિઘ્ન કરે છે? ગુરૂમહારાજે એમ કહેવાથી તે દેવી કહેવા લાગી કે, હે ભગવન્! તે ભૂમિનો અધિષ્ઠાયક એવો એક વ્યંતરદેવ પોતાના ક્ષુદ્રસ્વભાવથી તે પાયાનો ખાડો હાડકાંઓના સમૂહથી ભરે છે. ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, તે ક્ષુદ્રવ્યંતરને તું અહીં મારીપાસે લાવ? એવીરીતે ગુરૂમહારાજનો હુકમ થવાથી તે આકર્ષિણી વિદ્યા તે વ્યંતરદેવને ગુરૂમહારાજપાસે લાવી. પહેલાં તો તે ક્ષુદ્ર વ્યંતર ગુરૂમહારાજને ડરાવવામાટે પોતાનું ભયંકર સ્વરૂપ પ્રગટ કરીને ગુરૂમહારાજપાસે આવી ઉભો. ત્યારે ગુરૂમહારાજે પણ નિર્ભય થઇને સ્તંભનમંત્રના પ્રયોગથી તેને ત્યાંજ સ્તંભી રાખ્યો, અને તેથી તે ત્યાંથી જરા પણ ચાલવાને શક્તિવાન્ થયો નહી. તેથી તે ખેદ પામીને હાથ જોડી ત્યાંજ ઉભો રહી ગુરૂમહારાજને વિનંતિ કરવા લાગ્યો કે, હે ભગવન્! શામાટે તમોએ મને અહીં આકર્ષેલો છે? વળી તમોએ સ્તંભિત કરવાથી હું અહીં ઘણી વેદના અનુભવું છું, અને તેથી મારા અપરાધની ક્ષમા કરો? એમ કહી પોતાનું ભયંકર સ્વરૂપ છોડીને તે ત્યાં શાંતરૂપે રહ્યો. પછી ગુરૂમહારાજે તેને કહ્યું કે, યશોધનશ્રાવકે પ્રારંભેલાં જિનમંદિરના પાયાની ખાડને તું રાત્રિએ હાડકાંઓના સમૂહથી શામાટે પૂરી દે છે? તે સાંભળી તે વ્યંતરે કહ્યું કે, હે ભગવન્! હું તે ભુમિનો અધિષ્ઠાતા છું, અને મને નિવેદઆદિક કંઇ પણ બલિદાન આપ્યાવિનાજ તે યશોધનશેઠે મારો અનાદર કરી આ કાર્ય પ્રારંભેલું છે, અને તેથી હું કોપ પામીને પાયાની તે ખાડ હાડકાંઓના સમૂહથી પૂરી દઉં છું. ત્યારે ગુરૂમહારાજે તેને કહ્યું કે, હે મહાનુભાવ! તારે તો તીર્થંકરપ્રભુના તે પ્રાસાદમાટે તે તારી ભૂમિ તેને ભેટજ કરવી ઉચિત છે, તથા તારે તેમાટે તેને મદદજ કરવી ઉચિત છે. ઇત્યાદિક ગુરૂમહારાજના વચનોથી ખુશી થયેલો તે વ્યંતરદેવ ગુરૂમહારાજને નમસ્કાર કરી કહેવા લાગ્યો કે, હે ભગવન્! ત્યારે તે જિનમંદિરના દ્વારની ભિત્તમાં તે યશોધનશેઠ ચાર હાથવાળી મારી મૂર્તિ બેસાડે, અને તેમ કરવાથી હું કોઇપણ સમયે ત્યાં ઉપદ્રવ કરીશ નહી. પછી ગુરૂમહારાજે તેનું તે વચન સ્વીકાર્યાબાદ, અને તેને છૂટો કર્યાબાદ તે વ્યંતર ગુરૂમહારાજ-

પાસે સમકીત લેઇને પોતાને સ્થાનકે ગયો. પછી પ્રભાતે ગુરૂમહારાજે તે ઉત્તમ એવા યશોધનશ્રાવકને બોલાવીને તે વ્યંતરનો વૃત્તાંત કહ્યો. પછી ખુશી થયેલા તે યશોધનશ્રાવકે પણ ચાર હાથવાળી તે વ્યંતરની મૂર્તિ તે જિનમંદિરના દરવાજાની ભિત્તમાં સ્થાપન કરી. પછી તેણે વિઘ્નરહિત તે જિનપ્રાસાદ બંધાવ્યો. પછી ચતુર્માસબાદ તેજ ગુરૂમહારાજના ઉપદેશથી તે યશોધનશેઠે મહોટા આડંબરથી શ્રીશત્રુંજયતીર્થની યાત્રામાટે સંઘ કહાડ્યો. ત્યારે તે આચાર્યમહારાજ પણ પોતાના પરિવારસહિત તે શેઠના આગ્રહથી શત્રુંજયતીર્થની યાત્રામાટે તે સંઘની સાથે ચાલ્યા. હવે એક સમયે તે શ્રીચક્રેશ્વરી તથા પદ્માવતીદેવીએ પાવાગઢપર વસનારી અને પોતાની સખી એવી મહાકાલીદેવીની પાસે તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીના ત્યાગ, વૈરાગ્ય તથા ગંભીરતાઆદિક ગુણોની પ્રશંસા કરી. તેવીરીતની તેની પ્રશંસા સાંભળીને મહાકાલીદેવીએ તેમની પરીક્ષા કરવામાટે પોતાના મનમાં નિશ્ચય કર્યો. પછી એક વખતે તે સંઘની સાથે વિહાર કરતા એવા તે શ્રીઆર્યરક્ષિતસૂરિજી ખેડાનગરની પાસે આવ્યા. શુદ્ધ સામાચારી પાલનારા તે આચાર્ય પ્રાયેં કરીને સંઘની રસોઇમાંથી આહાર લેતા નહીં, પરંતુ નજદીકના ગામમાંથીજ ભિક્ષા લાવીને આહાર કરતા હતા. એવીરીતે તે વખતે પણ તે આચાર્યમહારાજ પોતેજ એક મુનિસહિત ભિક્ષા લેવામાટે નજદીકમાં રહેલા ખેડાનગરમાં જવા લાગ્યા. તે વખતે તે મહાકાલીદેવીએ તેમની પરીક્ષામાટે તે નગરના દરવાજાપાસે એક ઘર વિકુર્વીને તે ઘરના બારણા આગળ શોભા કરી. પછી તે દેવીએ એક મનોહર સ્ત્રીનું સ્વરૂપ વિકુર્વીને અને હાથમાં મોદકોથી ભરેલો થાળ લેઇને, તે માર્ગેથી નગરમાં ભિક્ષામાટે જતા તે આચાર્યમહારાજને આહાર લેવામાટે નિમંત્રણ કર્યું. ત્યારે આચાર્યમહારાજ પણ તેણીનો ઉત્તમ ભાવ જોઇ ભિક્ષા લેવામાટે તે એક મુનિસહિત તેણીના ઘરના બારણા આગળ આવ્યા. પછી તેમણે તેણીના હાથમાં મોદકોથી ભરેલો થાલ જોઇને દેશ, કાલ આદિકનો ઉપયોગ દીધો. એવામાં તેણીના ચક્ષુઓનું નિમેષરહિતપણું જોઇને શંકા પામેલા તે આચાર્યમહારાજે જાણ્યું કે, ખરેખર આ દેવપિંડ છે, અને તે મુનિઓને બિલકુલ લેવો કલ્પે નહીં. એમ નિશ્ચય કરીને તેણીના અત્યંત આગ્રહથી પણ તે ભિક્ષા લીધાવિનાજ તેઓ

ત્યાંથી પાછા વલ્યા. પછી તે ગુરૂમહારાજ નગરમાંથી શુદ્ધ ભિક્ષા લેઇને સંઘની છાવણીમાં પધાર્યા. પછી વલી ત્રીજે પહોરે તે મહાકાલીદેવી સંઘની છાવણીમાં આચાર્યમહારાજના તંબુના દરવાજા પાસે ઉત્તમ સ્ત્રીનો વેષ લેઇને આવી, તથા સોનામોહોરોથી ભરેલો થાલ હાથમાં લેઇને, તે સોનામોહોરો લેવામાટે તે આચાર્યમહારાજને વિનંતિ કરવા લાગી. પરંતુ તજેલો છે પરિગ્રહ જેમણે એવા તે ગુરૂમહારાજે તેનો નિષેધક કર્યો. પછી તેણીનો અત્યંત આગ્રહ જાણીને આચાર્યમહારાજે તેમાંથી એકજ સોનામોહોર લીધી. અને તે સોનામોહોર તેમણે સાધારણ ખાતે વાપરવાને શ્રાવકોને સમર્પણ કરી, એવો વૃદ્ધવાદ છે. એ રીતે તેમના નિસ્પૃહીપણાના ગુણથી અત્યંત સંતુષ્ટ થયેલી તે મહાકાલીદેવી પોતાનું સ્વરૂપ પ્રકટ કરીને તેમને કહેવા લાગી કે, હે ગુરૂમહારાજ! હું આપનાપર તુષ્ટમાન થયેલી છું. આપે એક સોનામોહોર લેવાથી આપના ગચ્છના શ્રાવકોમાંથી હમેશાં એક તો ખરેખર લક્ષાધિપતિ રહેશે. વળી આજથી આપનો સંઘ વિધિપક્ષગચ્છના નામથી પ્રસિદ્ધિ પામીને જિનશાસનની પ્રભાવના કરશે. અને પાવાગઢપર નિવાસ કરનારી એવી હું મહાકાલીદેવી પણ આજથી આપના ગચ્છની અધિષ્ઠાયિકા થઇશ, એમ કહી તે દેવી પોતાને સ્થાનકે ગઇ. પછી તે આચાર્યમહારાજ પણ સંઘસહિત શ્રીશત્રુંજયતીર્થની યાત્રા કરીને અન્યસ્થલે વિહાર કરી ગયા. હવે એવીરીતે વિહાર કરતા તે આચાર્યમહારાજ વિક્રમ સંવત ૧૧૭૨ માં પારકરદેશમાં આવેલા સુરપાટણ નામના ગામમાં પધાર્યા. ત્યાં પરમારજાતિનો મહિપાલ નામનો ક્ષત્રિયરાજા રાજ્ય કરતો હતો. હવે એવામાં તે ગામમાં કોપ પામેલા કોઇક યક્ષે મહામારીનો (મરકીનો) ઉપદ્રવ ફેલાવ્યો હતો, અને તેથી ઘણા માણસો મરણ પામતાં હતાં. તે મહીપાલરાજાએ મરકીનો તે રોગ મટાડવા માટે ઘણા ઉપાયો કર્યા, પરંતુ તે ઉપદ્રવની શાંતિ થઇ નહી. પછી તે રાજાએ પોતાના ધરણાક નામના મંત્રિની અનુમતિથી તે ઉપદ્રવની શાંતિ કરવામાટે તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીને વિનંતિ કરી. તેથી જિનશાસનની પ્રભાવના કરવામાટે ગુરૂમહારાજે મંત્રથી પવિત્ર કરેલું જલ રાજાને આપ્યું, અને કહ્યું કે, ગામમાં આ જલનો છટકાવ કરવાથી આ મરકીનો ઉપદ્રવ શાંત થશે. પછી રાજાએ પણ તેમ કરવાથી મરકીનો તે ઉપદ્રવ શાંત થયો. પછી ખુશી

થયેલો તે મહિપાલરાજા ઘણું દ્રવ્ય લેઈ ગુરૂમહારાજની પાસે આવ્યો, તથા તે દ્રવ્ય ગ્રહણ કરવામાટે તેમને પ્રાર્થના કરવા લાગ્યો, પરંતુ નિસ્પૃહી એવા તે શ્રીગુરૂમહારાજે તે દ્રવ્ય ગ્રહણ કર્યું નહિ. પછી રાજાએ તેમના ઉપદેશથી ત્યાં તે દ્રવ્યવડે શ્રીશાંતિનાથપ્રભુનો મનોહર પ્રાસાદ કરાવ્યો, પછી તે મહીપાલરાજાએ તે ગુરૂમહારાજની પાસે સમ્યક્ત્વસહિત જૈનધર્મ અંગીકાર કર્યો. અને તેના ગોત્રમાં થયેલા મનુષ્યો અનુક્રમે ઓશવાળજ્ઞાતિમાં મીઠડીયાગોત્રથી પ્રસિદ્ધ થયા.

॥ તે મીઠડીયાગોત્રનું વિશેષ વૃત્તાંત નીચે મુજબ છે. ॥

## મીઠડીયાગોત્ર ( ઓશવાલ. )

### ( પેટા શાખાઓ )

સોની, દેવાણી, તાલાણી, ભારાણી, સરવાણી, વહોરા વિગેરે.

વિક્રમ સંવત ૧૧૭૨ માં પારકરદેશમાં આવેલા સુરપાટણ ગામમાં દધિપકવવંશના સોઢા પરમારજ્ઞાતિના મહીપાલ નામે ક્ષત્રિય રાજ્ય કરતા હતા. ત્યાં ઘણા દ્રવ્યવાન વ્યાપારીઓ વસતા હતા. એવામાં કોઇક યક્ષે કોપાયમાન થઇ તે ગામમાં મરકીના રોગનો મહોટો ઉપદ્રવ કર્યો, રાણા મહીપાલે શાંતિમાટે ઘણા યજ્ઞઆદિક કર્યા, પણ મરકી શાંત થઈ નહી. એવામાં ત્યાં શ્રીઅંચલગચ્છના આચાર્ય શ્રીઆર્યરક્ષિતસૂરિના ઉપાધ્યાય શ્રીજયસિંહસૂરિ પધાર્યા, ત્યારે રાણાએ પોતાના મંત્રી ધરણાની સલાહથી મરકીની શાંતિમાટે ગુરૂશ્રીને વિનંતિ કરી. આચાર્યશ્રીએ ચક્રેશ્વરીદેવીનું આરાધન કરવાથી તેણીએ કહ્યું કે તળાવપર જેનું દેહેરૂં છે, તે યક્ષ રાજાપર કુપિત થયો છે, અને તેણે આ મરકી ફેલાવી છે. પ્રભાતે શ્રીઆર્યરક્ષિતસૂરિ અહીં પધારશે, તેમના ચરણોદકનો છાંટો શેહેરમાં નાખજો જેથી શાંતિ થશે. પછી રાત્રિએ તે દેવીએ સ્વપ્નમાં તે હકીકત મહીપાલરાણાને જણાવી, પ્રભાતે ગુરૂશ્રીએ પણ તેજ હકીકત કહી. પછી ત્યાં શ્રીઆર્યરક્ષિતસૂરિ પધારવાથી તેમના ચરણોદકવડે શેહેરમાં છંટકાવ કરવાથી મરકી શાંત થઈ. પછી તે મહીપાલ રાણો

ઘણું દ્રવ્ય, ઝવેરાતઆદિક ભેટ લઇ ગુરૂને વાંદવા આવ્યો, પણ ગુરૂ નિસ્પૃહી હોવાથી તેમણે કંઇ લીધું નહી. ત્યારે આચાર્યશ્રીના ઉપદેશથી તેણે તે દ્રવ્યમાંથી શ્રીશાંતિનાથજીનું જિનમંદિર બંધાવી પ્રતિષ્ઠા કરાવી. અંબાઇમાતાને ગોત્રજા સ્થાપી. પુત્રના જન્મે, મુંડણે, પરણે એક ગદીયાણું હેમ તથા માણા એકના પુરસકના મોદકથી ગોત્રજ ઘરે જુહારે. મહીપાલરાણો પોતાના પુત્ર ધર્મદાસસહિત બારવ્રતધારી પરમ જૈની શ્રાવક થયો, મંત્રી ધરણે તેને પોતાની પુત્રી પરણાવીને ગુરૂના ઉપદેશથી ઓશવાલજ્ઞાતિમાં દાખલ કર્યો. હવે તે રાણા મહિપાલના ધર્મદાસ નામના પુત્રને ચંદેરીનગરનું રાજ્ય મળ્યું, અને તે પણ બારવ્રતધારી પરમ જૈની શ્રાવક થયો. તે પ્રથમ અપુત્ર હતો, પરંતુ ગુરૂના ઉપદેશથી ગોત્રજાનું તેમણે આરાધન કર્યું, તેથી પાછળથી તેમને પાંચ પુત્રો થયા. તે ધર્મદાસને દિલ્હીના રાજા પૃથ્વીરાજ તરફથી ઘણું સન્માન મળ્યું હતું. અને ધર્મદાસે વર્ણવેલાં ગુરૂઓના માહાત્મ્યથી ખુશી થયેલા પૃથ્વીરાજે શ્રીઆર્યરક્ષિતસૂરિજીને ઘણું સન્માન કર્યું હતું. તે ધર્મદાસના ચાલતા વંશમાં કેટલીક પેઢીઓ ગયાબાદ હમીરના પુત્ર રાયમલ્લ દિલ્હીમાં થયા. તે વખતે શ્રીમેરૂતુંગસૂરિ ખંભાતમાં ચતુર્માસ હતા, તેમને વાંદવામાટે ચક્રેસરીદેવી આવ્યાં, તેમણે ગુરૂને કહ્યું કે આજથી એકવીસમે દિવસે દિલ્લીપર મુગલયવનો હલ્લો કરી ઘણો ઉપદ્રવ કરશે, માટે તમારા ઉપાધ્યાયજી કે જે હાલ દિલ્હીમાં છે, તેમને તેડાવી લેવા. ગુરૂએ તે વાત શ્રાવકોને કહેવાથી ખંભાતના સંઘે ત્યાં ખેપીઓ મોકલી ઉપાધ્યાયજીને તે વાત જણાવી. ત્યારે ઉપાધ્યાયજીએ ત્યાં રહેતા દધિપકવમીઠડીયા, તાતોલ પરમાર, ગોખરૂ અને દેવાણંદસખા, એમ મલી ચાર ગોત્રના શ્રાવકોને રાવણપાર્શ્વનાથની યાત્રાના મિષે દિલ્હી બહાર આણ્યા. તેઓ સાથે તે રાયમલ્લ પણ ત્યાંથી નિકળી નાગોરમાં આવી વસ્યા. એક વખતે અલાઉદ્દીન બાદશાહ નાગોરમાં આવ્યો, તેને રાયમલ્લે ચોર્યાસી જાતની સ્વાદિષ્ટ મીઠાઇ ભેટ કરી, તે ખાઇને બાદશાહ ઘણો ખુશી થયો, અને તેની મીઠડીયા ઓડક સ્થાપીને ચોરાસી ગામ ભેટ તરીકે રાયમલ્લને આપ્યાં. પછી રાયમલ્લે મીઠડી ગામ વસાવી ત્યાં જિનપ્રાસાદ કરાવી રાવણપાર્શ્વનાથની મૂર્તિ સ્થાપન કરી, અને ત્યારથી તેના વંશજો જન્મે, મુંડણે અને વીવાહે પાર્શ્વનાથજીની સ્નાત્ર કરે છે.

એ રાયમલ્લનું બીજું નામ નરસંઘ હતું. તેના વંશજો મીઠડીયાથી ઓળખાવા લાગ્યા. એક વખતે તે રાયમલ્લ પોતાના પુત્ર લખરાજને પરણાવવામાટે નાગોરથી જાન લેઇ બાડમેર જતા હતા, ત્યાં વચ્ચે રેતીનું રણ આવ્યું, જાનના લોકો તરસ્યા થયા, કુવાની તપાસ કરી તો તેનું પાણી ખારૂં હોવાથી રાયમલ્લે પોતાની સાથે લીધેલી ખાંડમાંથી એકસો મણ ખાંડ તે કુવામાં નખાવી પાણી મીઠું કરી લોકોને પાયું. વળી વિક્રમ સંવત ૧૪૦૨ માં તેણે સંઘ કહાડી ગોડી-પાર્શ્વનાથની યાત્રા કરી, તે વખતે કુવામાં ખારૂં પાણી હોવાથી તેમાં બત્રીસસો છાંટ ભરેલી ખાંડ કુવામાં નખાવી, અને ત્યારથી તેના વંશજો શુદ્ધ મીઠડીયા ઓળખાવા લાગ્યા. આ વંશમાં દેવાણી, તાલાણી, ભારાણી, સરવાણી, વહોરા વિગેરે અટકો છે.

આ મીઠડીયાગોત્રના વંશજો સુરત, ખડકી, પાટણ ( ખરા-કોટડીપાડા વિગેરે, ) અમદાવાદ ( ઝવેરીવાડા વિગેરે, ) નાગોર, મંડ-પદુર્ગ, દીવ, ખંભાત, નવાનગર, જેસલમેર વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં સંવત ૧૯૪૫ માં નવાનગરમાં થયેલા વોરા અજરામલ હરજીએ હરજીબાગ, હરજી જૈનશાલા, તથા આદીશ્વરપ્ર-ભુનું શિખરબંધ દેરાસર નવાનગરમાં ( જામનગરમાં ) બંધાવેલાં છે, તેમજ બીજું પણ ઘણું દ્રવ્ય ધર્મમાર્ગમાં ખરચ્યું છે. તેનાં વંશજોમાં હાલમાં વિદ્યમાન મુંબઇના વ્યાપારી વોરા ટોકરસી દેવ-સીએ જામનગરના શેઠ વર્ધમાનશાહ તથા રાયસીશાહના જિનમં-દિરના જીર્ણોદ્ધારમાટે હજારો રૂપીયા ખરચ્યા છે.

॥ એમ તે મીઠડીયા ગોત્રનું વિશેષ વૃત્તાંત કહ્યું. ॥

પછી ત્યાંથી વિહાર કરીને તે આચાર્યમહારાજ બિણપ નામના નગરમાં પધાર્યા. તે નગરમાં કોડી નામનો એક વ્યાપારી વસતો હતો, તે વ્યાપારીની સમયશ્રી નામની એક પુત્રી હતી. તે સમયશ્રી હમેશાં કોડદ્રવ્યની કિમતનાં હીરાઆદિક રત્નોથી જડેલાં આભૂષણો પોતાનાં શરીરપર ધારણ કરતી હતી. એક સમયે તેણીએ આ શ્રીઆર્યર-ક્ષિતસૂરિજીની સંવેગરસથી ભરેલી ધર્મદેશના સાંભળી. તે વખતે સંસારનું અસારપણું જાણીને તેણીએ પોતાની પચીશ સખીઓ સહિત તે સઘળાં આભૂષણોનો ત્યાગ કરીને દીક્ષા લીધી. તે સમયે

બીજા પણ કેટલાક મિથ્યાત્વીઓએ મિથ્યાત્વનો ત્યાગ કરીને જૈનધર્મનો સ્વીકાર કર્યો. ત્યારબાદ તે કોડીવ્યવહારી ગુજરાતના મહારાજા સિદ્ધરાજનો ભંડારી થયો. પછી ખુશી થયેલા તે રાજાએ પોતાના ભંડારી એવા તે કોડીવ્યવહારીને અઢાર ગામો સમર્પણ કર્યાં. પછી એક વખતે તે સિદ્ધરાજભૂપે તે કોડીવ્યવહારીના મુખથી તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીની પ્રશંસા સાંભળી. તે સાંભળી અત્યંત ખુશી થયેલા તે સિદ્ધરાજભુપાલે પોતાના એક બાહડ નામના મંત્રિને મોકલીને વિનંતિપૂર્વક તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીને પોતાના નગરમાં બોલાવ્યા. આચાર્યમહારાજ પણ ત્યાં જિનશાસનની પ્રભાવના થવાની જાણીને પરિવારસહિત પાટણમાં પધાર્યા. તેમને આવેલા જાણીને ખુશી થયેલા રાજાએ મહોટા આડંબરથી તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. ત્યારબાદ તે આચાર્યમહારાજે પણ પોતાના શિષ્ય એવા તે મુનિઓના સમુદાયસહિત પોતાના ગચ્છના ઉપાશ્રયમાં નિવાસ કર્યો. હવે એક વખતે તે સિદ્ધરાજભૂપે પોતે અપુત્ર હોવાથી પુત્રપ્રાપ્તિની ઇચ્છામાટે પોતાના દેશમાંથી તેમજ વાણારસી આદિક નગરીઓમાંથી પણ વેદઆદિક શાસ્ત્રોના પારંગામી, તથા યજ્ઞઆદિકની ક્રિયાઓમાં કુશલ એવા ઘણા પંડિતોને બોલાવ્યા. પછી તેઓ સઘળાઓને પોતાની સભામાં બોલાવીને તે રાજાએ પુત્રની પ્રાપ્તિમાટે ઉપાય પૂછ્યો. ત્યારે તે સઘળા બ્રાહ્મણપંડિતોએ પણ એકાંતે મલીને, તથા એકમત કરીને રાજાને કહ્યું કે, હે રાજેંદ્ર! તમો પુત્રની ઇચ્છામાટેનો “ પુત્રકામેષ્ટિયજ્ઞ ” કરો? અને તે યજ્ઞ કરવાથી ખરેખર તમોને પુત્રની પ્રાપ્તિ થશે. તે સાંભળી તે સિદ્ધરાજભૂપે પંદર દિવસોસુધીનો તે “ પુત્રકામેષ્ટિયજ્ઞ ” પ્રારંભ્યો. પછી તે મહાવિદ્વાન્ એવા એકસો આઠ બ્રાહ્મણપંડિતોએ મલીને મહોટા આડંબરથી યજ્ઞશાલામાં તે યજ્ઞ કરવા માંડ્યો. એવામાં દશમે દિવસે તે યજ્ઞશાળામાં રાત્રિએ એક ગાય દાખલ થઇ, અને દૈવયોગે ત્યાં તે ગાયને એક ઝેરી કાળા સર્પે ડંખ માર્યો, અને તેથી તે ગાય ત્યાં મરણ પામી. પછી પ્રભાતમાં ત્યાં આવેલા તે બ્રાહ્મણપંડિતોએ એવીરીતે ત્યાં મૃત્યુ પામેલી તે ગાયને જોઇને અશુચિથી પરાભવ પામીને તે યજ્ઞકાર્યને તેવીજરીતે અપૂર્ણ છોડીને તેઓ સ્નાન કરવામાટે નદીકિનારે ગયા. પછી સ્નાન કરી પવિત્ર થઇ તેઓ રાજસભામાં જઇ તે વૃત્તાંત રાજાને નિવેદન કરી કહેવા લાગ્યા કે, યજ્ઞશાલામાં

ગાયનું મરણ થવાથી તે યજ્ઞશાલા અપવિત્ર થઇ છે, માટે હવે ત્યાં યજ્ઞનું કાર્ય કેમ સમાપ્ત થશે? ત્યારે રાજાએ કહ્યું કે, હવે શું કરવું? ત્યારે તે બ્રાહ્મણોએ કહ્યું કે, હે રાજન્! આ "પુત્રકામેષ્ટિ" નામનો યજ્ઞ તેના અર્થીઓમાટે જીંદગીમાં એકવારજ કરવો, એવીરીતનું શાસ્ત્રોમાં કહેલું ઋષિવચન છે. હવે જો આ મરેલી એવી પણ ગાય ફરીને અહીંથી પોતાની મેળેજ જીવતીની પેઠે ઉઠીને ચાલી જાય, તોજ આ યજ્ઞ સંપૂર્ણ થઇ સફલ થાય. તે સાંભળી રાજાએ તે સઘળા પંડિતોને મૂર્ખોના સરદાર જાણી કહ્યું કે, હે પંડિતો! મરેલો પ્રાણી શું કદાપિ પણ સજીવન થયેલો સાંભળ્યો કે જોયો છે? ત્યારે તે બ્રાહ્મણોએ કહ્યું કે, હે રાજન્! મૃત્યુ પામેલો પ્રાણી કદાપિ પણ જીવતો થાય નહીં, એ હકીકત તો અમો પણ જાણીયે છીયે, પરંતુ કોઇ પણ ચમત્કારી પુરૂષ મંત્રઆદિકના પ્રયોગથી તે મરેલા પ્રાણીને પણ સજીવની પેઠે બનાવીને ઉઠાડે છે, એમ અમોએ શાસ્ત્રોમાં સાંભળ્યું છે. તે સાંભળી રાજાએ સભામાં બેઠેલા મંત્રિઓ તથા શેઠઆદિકોને તેના સંબંધમાં પૂછ્યું. ત્યારે તેઓએ પણ કહ્યું કે, હે સ્વામી! એવીરીતનું વૃત્તાંત અમોએ પણ શાસ્ત્રોમાં કહેલી કથામાં સાંભળ્યું છે, પરંતુ આજદિનસુધીમાં તેવું વૃત્તાંત અમોએ નજરે જોયું નથી. ત્યારબાદ તે વૃત્તાંતના સંબંધમાં તપાસ કરવામાટે ત્યાં બેઠેલા ઉદયનમંત્રિની પ્રેરણાથી સિદ્ધરાજે શ્રીહેમચંદ્રાચાર્યજીને રાજસભામાં બોલાવ્યા, ત્યારે તે શ્રીહેમચંદ્રાચાર્યજી પણ તુરત ત્યાં રાજસભામાં આવ્યા. ત્યારે રાજાઆદિક સભાના લોકોએ તેમને વંદન કરી તેમનું સન્માન કર્યું, અને તે આચાર્યમહારાજ પણ પોતાને ઉચિત એવાં આસનપર બેઠા. પછી રાજાએ તે સઘળો વૃત્તાંત કહીને તે શ્રીહેમચંદ્રાચાર્યજીને પૂછ્યું કે, હે ભગવન્! શું એવો કોઇ મંત્ર તથા યંત્રઆદિકનો પ્રયોગ છે? કે જેથી તે મરેલી એવી પણ ગાય જીવતીની પેઠે પોતાની મેળે યજ્ઞશાલામાંથી ઉઠીને બહાર જાય? તે સાંભળી આચાર્યમહારાજે કહ્યું કે, હે રાજન્! પરના શરીરમાં પ્રવેશ કરવાની વિદ્યામાં કુશલ એવો કોઇક ચમત્કારી પુરૂષ તેમ કરવાને સમર્થ થઇ શકે, પરંતુ તે શિવાય બીજો કોઇ પણ તેમ કરવાને સમર્થ થઇ શકે નહીં. ત્યારે રાજાએ પૂછ્યું કે, હે ભગવન્! એવીરીતની વિદ્યામાં નિપુણ એવો શું કોઇ યોગી કે યતિ ક્યાં પણ વિદ્યમાન છે? ત્યારે આચાર્યમહારાજે કહ્યું કે, હે

રાજન્! અહીં રહેલા વિધિપક્ષગચ્છના શ્રીઆર્યરક્ષિતનામના આચાર્ય તે પરકાયપ્રવેશનામની વિદ્યા જાણે છે, એમ મેં સાંભળ્યું છે. તે સાંભળી રાજાએ કહ્યું કે, અહો! તે પ્રખ્યાત પ્રભાવવાળા આચાર્યજીને મેંજ અહીં બોલાવેલા છે, પરંતુ વિસ્મરણ થવાથી મેં તો તેમની કદાપિ ખબરઅંતર પણ પૂછી નથી. એમ કહી તે સદ્ધરાજભુપાલ તેજ વખતે સભાના લોકોસહિત તેમને ઉપાશ્રયે ગયો, અને ત્યાં તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીને વંદન કરીને, તથા પોતાનો અપરાધ ખમાવીને તેણે કહ્યું કે, હે ભગવન્! મેંજ આપને અહીં બોલાવ્યા, છતાં પ્રમાદને વશ થઇ મેં આજદિનસુધી આપની કંઇ પણ ખબરઅંતર પૂછી નથી, માટે મારા તે અપરાધની આપ ક્ષમા કરો? ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, હે રાજન્! તમારાં રાજ્યમાં અમો વિઘ્નરહિત તપઆદિકની ધર્મક્રિયા કરતાથકા પરલોકનું હિત કરીયે છીયે, અને એ રીતે અહીં રહીને અમારાં સર્વ ધર્મકાર્યોમાં અમો આપનીજ નિરૂપમ સહાય માનીયે છીયે. એવીરીતના તેમનાં અમૃતસરખાં મધુર વચનોથી રાજાઆદિક સભાના સઘળા લોકો અત્યંત ખુશી થયા. પછી તે રાજાએ હાથ જોડી તે યજ્ઞનો વૃત્તાંત કહી તે ગાયનું વૃત્તાંત કહ્યું. ત્યારે આચાર્યમહારાજે કહ્યું કે, હે રાજન્! દેવગુરૂની કૃપાથી અને તમારા આગ્રહથી મૃત્યુ પામેલી એવી પણ તે ગાયને જીવતીજેવી કરીને અમો બહાર કઢાડશું. એવીરીતનાં ગુરૂમહારાજનાં વચનો સાંભળીને રાજાઆદિક સઘળા લોકો અત્યંત આશ્ચર્ય પામ્યા. પછી તે ગુરૂમહારાજે પોતાના ચાર શિષ્યોને ત્યાં પોતાની પાસે બોલાવીને કહ્યું કે, હવે હું ઓરડાની અંદર સુઉં છું, અને ત્યાં મારૂં શરીર ચેતનરહીત થઇને રહેશે. એવીરીતનાં આ મારાં શરીરનું ઓરડાનું દ્વાર બંધ કરીને તમારે રક્ષણ કરવું. વળી ઓરડાની અંદર રહેલો હું સચેતન થઇને જ્યારે દ્વાર ઉઘાડવામાટે કહું, ત્યારેજ તમારે તે દ્વાર ઉઘાડવું, પરંતુ બીજા કોઇના કહેવાથી તમારે તે દ્વાર ઉઘાડવું નહી. એવીરીતે તેઓને સમજાવીને તે શ્રીઆર્યરક્ષિતજીમહારાજ ઓરડાની અંદર સંથારાપર સૂતા. પછી તેમણે પરકાયપ્રવેશનામની વિદ્યાના જાપથી દશમા દ્વારથી પોતાના પ્રાણોને બહાર કહાડીને તે ગાયના શરીરમાં સંક્રમાવ્યા. ત્યારે રાજાઆદિક ઘણા લોકો અત્યંત આશ્ચર્યથી જોતે છતે તે મૃત્યુ પામેલી એવી પણ ગાય તુરત ત્યાંથી ઉઠીને યજ્ઞશા-

લામાંથી બહાર આવીને માર્ગમાં નિશ્ચેતન થઇ ફરીને પડી અને મરણ પામી. પછી ત્યાં ઓરડામાં રહેલા આચાર્યમહારાજે પણ ફરીને ચૈતન્યયુક્ત થઇ પોતાના શિષ્યોને તેનાં દ્વાર ઉઘાડવામાટે કહ્યું. ત્યારે તે શિષ્યોએ તે ઓરડાનું દ્વાર ઉઘાડવાથી તે આચાર્યમહારાજ વિઘ્નરહિત બહાર આવી પોતાના આસનપર બેઠા. પછી પોતાના હૃદયમાં અત્યંત ચમત્કાર પામેલો તે સિદ્ધરાજભૂપાલ પરિવારસહિત આચાર્યમહારાજની પાસે જઇ, તથા તેમને વંદન કરી કહેવા લાગ્યો કે, હે ગુરૂમહારાજ! સ્વીકાર કરેલી પ્રતિજ્ઞા પાલવામાટે આપને મેં અચલજ (નિશ્ચલજ) જોયા, માટે આપનો પરિવાર પણ હવેથી અચલનામથીજ પ્રસિદ્ધ થાઓ? વળી આપે આ દુર્ઘટ કાર્ય કરીને આપના મહિમાને જગતમાં નિશ્ચલ કર્યો છે. ઇત્યાદિક પ્રશંસાના વચનોથી ગુરૂમહારાજની સ્તુતિ કરીને ખુશી થયેલો તે સિદ્ધરાજભૂપાલ પોતાને સ્થાનકે ગયો. પછી તે સિદ્ધરાજભૂપાલે તે શ્રીઆર્યરક્ષિતજીમહારાજના હમેશાં દર્શન કરવામાટે તેમની એક મૂર્તિ ચિત્રપટપર ચિતરાવી. અને તે મૂર્તિને પોતાના મેહેલની ભિતમાં સ્થાપન કરી. પછી તે યજ્ઞ કરનારા પરદેશથી આવેલા બ્રાહ્મણ પંડિતો પણ પોતાના હૃદયમાં આશ્ચર્ય પામીને, તથા તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીમહારાજને વાંદીને, અને તેમની પ્રશંસા કરીને પોતાનું યજ્ઞકાર્ય સંપૂર્ણ કરી, રાજાતરફથી સત્કાર થયાબાદ પોતપોતાને સ્થાનકે ગયા. ત્યારપછી કેટલેક કાલે તે સિદ્ધરાજભૂપાલની ગાદીપર શ્રીહેમચંદ્રાચાર્યે પ્રતિબોધેલા, તથા બારવ્રતધારી અને ઉત્કૃષ્ટપણે જૈનધર્મ પાલનારા એવા શ્રીકુમારપાલરાજાનો અભિષેક થયો. એક વખતે મહાપ્રભાવિક તથા ત્યાગી મુનિઓમાં શિરોમણિ એવા તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીની પ્રશંસા સાંભળીને તેમને વાંદવામાટે ઉત્સુક થયેલા એવા તે શ્રીકુમારપાલરાજાએ તેમને પાટણમાં બોલાવ્યા. ત્યારે તેમની વિનંતિથી ત્યાં પધારેલા એવા તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીનો તે કુમારપાલરાજાએ મહોટા આડંબરથી પ્રવેશમહોત્સવ કર્યો. પછી એક વખતે તે કુમારપાલરાજાની સભામાં બેઠેલા એવા તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીને કુડીવ્યવહારીયે પોતાના ઉત્તરાસંગના છેડાથી ભૂમિનું પ્રમાર્જન કરીને વંદન કર્યું. ત્યારે તે જોઇ શંકા પામેલા અને પરમજૈની એવા તે કુમારપાલરાજાએ ત્યાંજ બેઠેલા એવા શ્રીહેમચંદ્રાચાર્યજીને પૂછ્યું કે, હે ભગવન્! વંદન કરવાનો આવીરીતનો વિધિ

પણ શું શાસ્ત્રોમાં કહેલો છે? ત્યારે હેમચંદ્રાચાર્યજીએ કહ્યું કે, હે રાજન! આવાપ્રકારનો વંદનવિધિ પણ શાસ્ત્રોમાં કહેલોજ છે. તે સાંભળી ખુશી થયેલા તે કુમારપાલરાજાએ તે શ્રીઆર્યરક્ષિતજીના પરિવારને આ "અંચલગચ્છવાળા" છે, એવું નામ આપ્યું. એવી-રીતે આ મહાપ્રભાવિક એવા શ્રીઆર્યરક્ષિતસૂરિજીએ વિવિધપ્રકારની જિનશાસનની પ્રભાવના કરેલી છે. તેમણે એકસો સાધુઓને, અને અગ્યારસો સાધ્વીઓને દીક્ષા આપી હતી, બાર મુનિઓને આચાર્યપદવી આપી હતી, વીસ સાધુઓને ઉપાધ્યાયપદવી આપી હતી, સીતેર સાધુઓને પંડિતપદપર સ્થાપ્યા હતા, એકસો ત્રણ શાધ્વીઓને મહત્તરાપદ આપ્યાં હતાં, અને બ્યાસી સાધ્વીઓને પ્રવર્તિનીપદપર સ્થાપન કરી હતી. એવીરીતે આ શ્રીઆર્યરક્ષિતસૂરિજી પોતાનું એકસો વર્ષોનું આયુષ્ય સંપૂર્ણ કરીને, તથા વિક્રમ સંવત ૧૨૩૬માં શ્રીજયસિંહસૂરિજીને ગચ્છનો ભાર સોંપીને, તથા પરકાયપ્રવેશઆદિક વિદ્યાના મંત્રો આપીને પાવાગઢપર સાત દિવસોનું અનશન કરીને દેવલોકે ગયા.

આ શ્રીઆર્યરક્ષિતસૂરિજીએ સહસગુણાગાંધી નામના ગોત્રને પ્રતિબોધી જૈની કરેલો છે. તેનું વૃત્તાંત નીચે મુજબ છે.

## ગાંધી ( સહસગુણા )–( ઓશવાલ )

વિક્રમ સંવત ૧૨૧૦ માં મરૂધરદેશમાં આવેલાં ભિન્નમાલ-નગરની પાસે રતનપુર નામના નગરમાં પરમારવંશના હમીરજી નામના રાઉત રાજ્ય કરતા હતા. તેને જેસંગદે નામે રાજ્ય ધુરંધર કુમાર હતો. તેના સમયમાં પારકરદેશમાં આવેલા ભુદેસરનગરમાં રાણો શ્રીભારમલ્લ રાજ્ય કરતો હતો. તેની સુહદે નામની રાણીની કુક્ષિએ સરસ્વતી નામની ઘણીજ વિનયવાળી તથા વિદ્યાવંત પુત્રીનો જન્મ થયો હતો. તેણીના લગ્ન તે જેસંગદે રાજકુમાર સાથે થયાં હતાં, તથા તે વખતે નવ લાખ પીરોજીનો ખર્ચ થવાથી તે કુમારિકા નવલખી નામથી પ્રસિદ્ધ થયેલી હતી. તેણીની કુક્ષિએ અભિચિ નામના શુભ નક્ષત્રે એક પુત્રનો જન્મ થયો. હવે તે સમયે સિંધદે-શમાં મુગલગોઠ નામના નગરમાં એક બલોચાણી સ્ત્રી વસતી હતી,

તે પોતાની મંત્રશક્તિથી ઘણાં બાલક, પશુ, સ્ત્રી, પુરૂષની હિંસા કરતી હતી, અને તેથી લોકોમાં ઘણો ત્રાસ વરતી રહેલો હતો. તેણીએ પોતાના મંત્રબલથી સીકોત્તરીદેવીને આરાધવાથી તે પ્રત્યક્ષ થઈ કહેવા લાગી કે, મને જો કોઇ અભીચિનક્ષત્રમાં જન્મેલા બત્રીસ લક્ષણા બાળકનું બલિદાન આપે તો હું તારાપર પ્રસન્ન થાઉં. ત્યારે તે બલોચણ તેવો બાળક મેળવવામાટે મંત્રશક્તિથી સમળીનું રૂપ કરી ઘણા દેશોમાં ફરતી ફરતી રતનપુરમાં આવી. ત્યાં તે બાળકને જોઇ બીલાડીનું રૂપ કરી ઘરમાં પેસીને તે બાળકને લેઇ ગઈ. પ્રભાતે રાજદ્વારમાં તથા નગરમાં ઘણો હાહાકાર થઇ રહ્યો. એવામાં શ્રીઅંચલગચ્છનાયક શ્રીઆર્યરક્ષિતસૂરિ ત્યાં પધાર્યા. તેમને સર્વ સંઘે મહોત્સવપૂર્વક નગરમાં પધરાવ્યા, પરંતુ સંઘના લોકોને ઉદ્વિગ્ન જોવાથી આચાર્યશ્રીએ પૂછતાં રાજકુમારના હરાવાની વાત તેઓએ કહી સંભળાવી. પછી તેમને મહાપ્રભાવિક જાણીને રાઉત હમ્મીરજી ગુરૂપાસે આવી વંદન કરી પૌત્રને કોઇ પણ ઉપાયથી શોધી કહાડવા વિનંતિ કરી, તથા તે મળે તો જૈનધર્મ સ્વીકારવાની કબુલાત આપી. ત્યારે ગુરૂમહારાજે મંત્રબળથી ચામુંડાનું ( મહાકાલીનું ) આહ્વાન કર્યું. તેજ વખતે મહિષવાહનપર બેઠેલી તથા દરેક હાથમાં ખડ્ગ, ખપ્પર, કાતર તથા ડમરૂને ધારણ કરનારી મહાવિકાલ સ્વરૂપથી તે દેવી પ્રત્યક્ષ થઇ, તથા ગુરૂને નમીને કહેવા લાગી કે મને શામાટે બોલાવી છે? ગુરૂમહારાજે કહ્યું કે અહીંના રાજા રાઉત હમ્મીરનો અભીચિનક્ષત્રમાં જન્મેલો પૌત્ર કોણે હરણ કરેલો છે? તેની તપાસ કરી અહીં પાછો લાવી આપો? ત્યારે તે દેવી ગુરૂની આજ્ઞા પ્રમાણ કરીને તે મુગલગોઠ ગામમાં તે બલોચણને ઘેર આવી, અને જોયું તો તે બાળકને બાજોઠપર સુવાડીને ચાર બલોચણો મંત્રારાધન કરે છે. ત્યારે દેવીએ તે બલોચણોને ચપેટા મારીને, તે બાળક લેઇ લીધો, અને તુરત ગુરૂપાસે આવી ગુરૂને સોંપી દીધો, તથા તેના લલાટમાં તિલક કરી ચોખા ચોડીને આભુષણો પહેરાવી ગુરૂને સોંપી દેવી અદૃશ્ય થઇ, ગુરૂએ પણ તેને ખોળામાં લેઈ તેના મસ્તકપર વાસક્ષેપ નાખ્યો, તથા એવી આશીષ આપી કે જે કોઇ રોગી માણસપર આ બાળક હાથ ફેરવશે, તેનો રોગ દૂર થશે, તેમજ સર્વ પ્રકારનું વિષ દૂર થશે. પછી ગુરૂએ રાઉત હમ્મીરજી તથા જેસંગજીને બોલાવીને તે બાળક સોંપી દીધો,

હમ્મીરજીએ કુટુંબસહિત જૈનધર્મ સ્વીકારી બાર વ્રતો ધારણ કર્યાં, તથા તે બાળકનું સખતસંઘ નામ પાડ્યું, મહાકાલી (ચામુંડા) ને ગોત્રજા કરી સ્થાપી, નગરના લોકો પણ હર્ષિત થયા. પછી જ્યારે તે મ્હોટા થયા ત્યારે હજારોગમે લોકો તે સખતસંઘના ગુણો બોલવા લાગ્યા, અને તેથી તેના વંશજો સહસગુણાગાંધીથી ઓળખાવા લાગ્યા. રાઉત શ્રીજેસંગે શત્રુંજયતીર્થનો સંઘ કહાડી ઘણું દ્રવ્ય ખરચ્યું, સોનામહોરોની લ્હાણી કરી, ગુરૂએ તેમના પરિવારને વૃદ્ધસજનીયઓશવાળમાં મેળવી દીધા. શ્રીજેસંગજીએ ચોર્યાસી ગચ્છોમાં પહેરામણી કરી આગમોના પુસ્તકો લખાવી ઘણો યશ સંપાદન કર્યો. ગોત્રજા મહાકાલીનો (ચામુંડાનો) કર— જન્મે, મુંડણે, પરણે સવાસેર ઘૃતની લાપસી, સવાસેર બાકુલા કરી જુહારે. પછી ભારમલ્લે વ્રતઉચ્ચાર કર્યો, ત્યારથી તે કર ન કર્યો પરંતુ યથાશક્તિ આસુ વદ ચૌદસે ગોત્રજાપાસે દીવા ભરે છે.

આ ગોત્રના વંશજો રતનપુર, ચિત્તોડ, માલપુર, મેવાડમાં વડરોદા, કિસનગઢ, પારકર, આમોદ, સુઇ, આધી, રવ, વાગડ, ભુજ, અમરકોટ, બાહુડમેર, આસોત્તર, વીકાનેર, ગૂઢા, પાટણ, અમદાવાદ, શોલકોંડા, થરાદ, અંજાર, આસોણા, ધીણુસ, સુરાચંદ, સાચોર, ગણોદ, રાધનપુર, બુરાનપુર, મંગાણી, નાગોર, કાલુ, ઉદયપુર વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં વિક્રમ સંવત ૧૩૪૨ માં રતનપુરમાં થયેલા ગોવિંદશેઠે શિખરબંધ બહોતેર જિનાલયો શ્રીઆદિનાથપ્રભુનો અદ્દભુત પ્રાસાદ બંધાવ્યો, તથા તેની પ્રતિષ્ઠા શ્રીઅંચલગચ્છાધીશ શ્રીજયશેખરસૂરીશ્વરજીએ કરી, શત્રુંજયનો સંઘ કહાડી ત્યાં તેમણે ધ્વજા ચડાવી, સાકરની પરબ બાંધી, માલ પહેરી, સંઘવીપદ પ્રાપ્ત કર્યું, સંઘને જમાડી જણદીઠ એકેક રૂપીયાની પ્રભાવના કરી ઘેર આવી દેશતેડું કરી સર્વને પકવાન્ન જમાડી ઘર દીઠ એક સાડી, એક થાળી તથા તેમાં એકેક રૂપીઓ અને એક શેરનો મોતીચુરનો લાડુ નાખી આખા શહેરમાં લાણી કરી ઘણું દ્રવ્ય ખરચ્યું. તેમ બીજાં પણ ઘણાં ધર્મના કાર્યો કર્યાં. પારકરદેશમાં વસનારા આ ગોત્રના વંશજો જન્મે, મુંડણે તથા પરણે અને આસુ વદ ચૌદસે

લાપસી, વડા તથા તલવટથી ધૂપ દીપસહિત ગોત્રજા જુહારે છે, તથા આગળ સાડાત્રણ ફદીયાં મૂકી અને શ્રીફલ વધારે છે. આ વંશમાં સંવત ૧૭૫૩ માં પારકરમાં થયેલા તિલાશાહે જ્ઞાનપંચમીનું ઉજમણું કરી ઘણું દ્રવ્ય ધર્મકાર્યોમાં ખરચ્યું. વીકાનેરમાં થયેલા ખેનદાસશેઠ ઘણા દાતાર થયા છે, તેમણે નેવુ હજાર પીરોજીનું દાન દેઇ દીક્ષા લીધી હતી. આ વંશમાં ગોલકંડા ગામમાં થયેલા ધનાશેઠ ચારિત્ર લેઇ શત્રુંજયપર પચીસ દિવસોનું અનશન કરી દેવલોકે ગયા. કાલુગામમાં થયેલા પોમાશેઠે પોતાની સ્ત્રીસહિત દીક્ષા લેતી વેળાયે ઘણું દ્રવ્યદાન કર્યું છે. ઉદેપુરમાં થયેલો સાદૂલ સન્યસ્ત લેઇ પચીસ દિવસનું અનશન કરી શત્રુંજયપર ધર્મધ્યાનથી દેવગત થયો.

---

## ॥ ૪૮ ॥ શ્રીજયસિંહસૂરિ ॥

તેમનું વૃત્તાંત નીચે મુજબ છે—

કુંકણનામના દેશમાં સોપારાપત્તન નામનું નગર છે. તે નગરમાં ઓશવાળજ્ઞાતિમાં મુકુટસમાન દાહડનામનો ક્રોડ દ્રવ્યનો માલિક કોઇએક શેઠ વસતો હતો. તે શેઠને રૂપ તથા સૌભાગ્યઆદિક ગુણોના સમૂહથી શોભિતી અને મનોહર શીલવાળી નેઢીનામે સ્ત્રી હતી. વળી તે બન્ને સ્ત્રીભર્ત્તાર જૈનધર્મમાં દૃઢ મનવાળા, શુદ્ધ સમ્યકત્વને ધારણ કરનારા હતા, અને દાનઆદિક ધાર્મિક કાર્યોવડે પોતાનો સમય સફલ કરતા હતા. પછી એક વખતે સુખેસમાધે સુતેલી એવી તે નેઢીએ રાત્રિએ સ્વપ્ન જોયું, અને તે સ્વપ્નમાં તેણીએ કોઇ એક જિનમંદિરપર સુવર્ણનો કલશ ચડાવ્યો. ( ભાવસાગરજીએ રચેલી ગુર્વાવલિમાં ચંદ્રનું સ્વપ્ન જોયાનો વૃત્તાંત છે. ) એવીરીતનું મનોહર સ્વપ્ન જોઇને જાગૃત થયેલી તે નેઢીએ અત્યંત ખુશી થઇને પ્રભાતે પોતાના તે સ્વપ્નનું વૃત્તાંત પોતાના સ્વામી એવા તે દાહડશેઠને કહી સંભળાવ્યું. ત્યારે તે દાહડશેઠ પણ તે સ્વપ્નનું વૃત્તાંત સાંભળીને પોતાના મનમાં ખુશી થઇ તેણીને કહેવા લાગ્યો કે, હે ઉત્તમ શીલવાળી! જિનેશ્વરપ્રભુની કૃપાથી તને જૈનશાસનની પ્રભાવના કરનારો પુત્ર પ્રાપ્ત થશે. પછી તેઓએ જિનેશ્વરપ્રભુની

પૂજા કર્યાબાદ ત્યાંજ પોષધશાલામાં રહેલા [1]વલ્લભી શાખાના શ્રીભાનુપ્રભસૂરિજીને વંદન કર્યું, ત્યારે તે આચાર્યમહારાજે પણ તે બન્ને સ્ત્રીભર્તારને યોગ્ય જાણીને તેમને મંગલીક સંભળાવ્યું, પછી તે નેઢીશ્રાવિકાએ તે આચાર્યમહારાજનો વસ્ત્રઆદિકના દાનથી ઘણો સત્કાર કર્યાબાદ હાથ જોડીને પોતાના સ્વપ્નનું વૃત્તાંત કહી સંભળાવ્યું. તે સ્વપ્નનું વૃત્તાંત સાંભળીને પોતાના હૃદયમાં ચમત્કાર પામેલા એવા તે શ્રીભાનુપ્રભસૂરિજીએ તેણીને કહ્યું કે, હે ઉત્તમ શ્રાવિકા! આ શુભ સ્વપ્નથી તમોને જિનશાસનની પ્રભાવના કરનારો એક મનોહર પુત્ર થશે, પરંતુ તે ગૃહસ્થાવાસનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરશે, માટે હે ઉત્તમ શીલવાલી! બાલ્યાવસ્થા ગયાબાદ તે પુત્રને તમારે અમોને સમર્પણ કરવો. એવીરીતની ગુરૂમહારાજની વાણી સાંભળીને તે નેઢી શ્રાવિકા કંઈ પણ બોલ્યાવિના મૌન ધારણ કરીને ગુરૂમહારાજને વાંદી પોતાના સ્વામિસહિત પોતાને ઘેર આવી. પછી અનુક્રમે તેણીનો તે ગર્ભ જેમ જેમ વૃદ્ધિ પામવા લાગ્યો, તેમ તેમ તેણીને દિનદિનપ્રતે જિનેશ્વરપ્રભુની પૂજા, તથા તીર્થોની યાત્રા કરવાઆદિકના શુભ મનોરથો થવા લાગ્યા. ત્યારે તે ધનવાન એવા દાહડશેઠે પણ તેણીના તે સર્વ મનોરથો સંપૂર્ણ કર્યા. પછી એવીરીતે નવ માસ સંપૂર્ણ થયાબાદ પૂર્વદિશા જેમ સૂર્યને ઉત્પન્ન કરે, તેમ તે નેઢીશ્રાવિકાએ એક અત્યંત તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. જન્મથીજ તે પુત્રનું વિશાલ કપાલ જાણે કુંકુમના તિલકવાળું હોય નહીં? તેમ આકાશમંડલને શોભાવનારા ઉગતા સૂર્ય સરખું તેજથી દીપવા લાગ્યું. પછી અનુક્રમે તેના માતાપિતાએ તેનો જન્મમહોત્સવ કર્યો. એવીરીતે વિક્રમ સંવત ૧૧૭૯ના ચૈત્ર શુદી નોમને દિવસે મધ્યરાત્રિએ તે બાળકનો જન્મ થયો હતો. પછી બારમે દિવસે તે બાળકના માતાપિતાએ પોતાના સર્વે જ્ઞાતિજનોને ભોજન કરાવ્યાબાદ સ્વપ્નને અનુસારે પોતાના તે પુત્રનું " જિનકલશ " એવું શુભ નામ પાડ્યું. પછી અનુક્રમે માતાપિતાથી લાડ લડાવાતો તે બાલક પાંચ વર્ષનો થયો, ત્યારે તેના માતાપિતાએ તે બાળકને પાઠશાળામાં અભ્યાસ કરવા-

---

૧ આ વલ્લભીશાખા અંચલગચ્છમાંજ આગળ જતાં મળી ગઈ છે, તેનું વૃત્તાંત આજ પુસ્તકમાં આગળ પ્રસંગ આવતાં કહેવામાં આવશે.

માટે મહોત્સવપૂર્વક અધ્યાપકને સોંપ્યો. ત્યાં જન્મથીજ મહા બુદ્ધિવાન એવો તે બાળક અધ્યાપકને પ્રયાસ આપ્યાવિનાજ અનુક્રમે લખવા, વાંચવા આદિકની કળાઓમાં નિપુણ થયો. પછી તે બાળક હમેશાં પોતાના માતાપિતાજીની સાથે જિનમંદિરમાં જવા લાગ્યો. ત્યાં જિનેશ્વરપ્રભુની પૂજા કરીને હમેશાં તે પોતાના માતાપિતાસહિત ગુરૂમહારાજને વાંદવામાટે ઉપાશ્રયે જવા લાગ્યો, અને ત્યાં ગુરૂમહારાજના મુખથી તે ધર્મનો ઉપદેશ સાંભળવા લાગ્યો. પછી એક વખતે તેણે ત્યાં રહેલા શ્રીકક્કસૂરિજીના મુખથી વ્યાખ્યાનમાં વંચાતું શ્રીજંબૂસ્વામિજીનું ચરિત્ર સાંભળ્યું. તે સાંભળી તે બાળકના હૃદયમાં અત્યંત વૈરાગ્ય ઉત્પન્ન થયો. પછી તે જિનકલશ પોતાના માતાપિતાસહિત તીર્થોની યાત્રા કરવામાટે ચાલ્યો. પછી અનુક્રમે સ્તંભતીર્થ ( ખંભાત ) તથા ભૃગુકચ્છ ( ભરૂચ ) આદિક તીર્થોની યાત્રા કરીને તે દાહડઆદિક પાટણમાં આવ્યા. ત્યાં તે દહાડશેઠે સિદ્ધરાજભૂપાલને એક લાખ ટંકોની કિંમતનો હીરાથી જડેલો સુવર્ણનો હાર ભેટ આપ્યો. ત્યારે ખુશી થયેલા એવા તે સિદ્ધરાજભૂપાલે પણ તેને ઘણું સન્માન આપ્યું. પછી અનુક્રમે તે દાહડશેઠ પોતાની સ્ત્રી તથા પરિવારસહિત ધારાપદ્રનગરમાં આવ્યો.

એવામાં શ્રીવિધિપક્ષગચ્છનું સ્થાપન કરનારા શ્રી આર્યરક્ષિતસૂરિજી ત્યાં પધાર્યા. ત્યારે તે દહાડશેઠ પણ પોતાના પરિવારસહિત તે આચાર્યમહારાજને વાંદવામાટે તેમને ઉપાશ્રયે ગયો. ત્યારે તે આચાર્યમહારાજે પણ ત્યાં સભામાં મધુરસ્વરથી વૈરાગ્યના રંગથી મનોહર, અને સર્વ લોકોને આનંદ આપનારી ધર્મદેશના આપી. તે દેશના સાંભળીને પ્રથમથીજ વૈરાગ્યથી ભરેલું તે જિનકલશનું હૃદય દીક્ષા લેવામાટે ઉલ્લસાયમાન થયું. પછી તેણે પોતાના માતાપિતાની અનુજ્ઞા લેઇને તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીની પાસે વિક્રમ સંવત ૧૧૯૩ ના માગશર સુદી ત્રીજને દિવસે દીક્ષા લીધી, અને ગુરૂમહારાજે તેમનું " જયસિંહમુનિ " નામ આપ્યું. ત્યારે તેના માતાપિતાએ પણ હર્ષથી તેના દીક્ષામહોત્સવમાં તે ધારાપદ્રનગરમાં સ્વામિવાત્સલ્ય તથા જિનપૂજાઆદિક ધર્મકાર્યોમાં બે લાખ દ્રવ્યનું ખર્ચ કર્યું. હવે તે શ્રીજયસિંહમુનિનું શોળ અંગુલ લાંબું, સાત આંગળ પહોળું, અને જાણે કુંકુમના તિલકવાળું હોય નહીં? તેમ સ્વભાવ-

ત્રીજ તિલકના લક્ષણવાળું, અને તેજના સમૂહથી શોભિતું લલાટ જોઇને શ્રીઆર્યરક્ષિતસૂરિજી પણ પોતાના હૃદયમાં આશ્ચર્ય પામી વિચારવા લાગ્યા કે, ખરેખર આ જયસિંહમુનિ પોતાની બુદ્ધિના પ્રભાવથી જૈનઆદિક સઘળા શાસ્ત્રોનો તુરત પારંગામી થઇને જિન-શાસનમાં પ્રભાવિક થશે. પછી એક વખતે તે શ્રીજયસિંહમુનિએ ફક્ત એકજ દિવસમાં દશવૈકાલિકસૂત્રની સાતસો ગાથાઓ કંઠસ્થ કરી. એવીરીતે ત્રણ વર્ષોની અંદર તે શ્રીજયસિંહમુનિએ ત્રણ ક્રોડ શ્લોકોના પ્રમાણ જેટલાં વિવિધપ્રકારનાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. પછી અત્યંત ખુશી થયેલા શ્રીઆર્યરક્ષિતસૂરિજીએ પણ તેને સર્વથા પ્રકારે યોગ્ય જાણીને પરકાયપ્રવેશવિદ્યા, તથા બીજા મંત્રો અને તંત્રો આદિકની આમ્નાય આપી. પછી વિક્રમ સંવત ૧૧૯૭ માં શ્રીઆર્યરક્ષિતગુરૂમહારાજે જિનશાસનની પ્રભાવના કરવામાટે કેટલાક મુનિઓનો પરિવાર સોંપીને, અને તે શ્રીજયસિંહમુનિજીને ઉપાધ્યાયપદપર સ્થાપીને પોતાથી ભિન્ન વિહાર કરવામાટે આજ્ઞા આપી. પછી તે શ્રીજયસિંહમુનિવર પણ તપઆદિક ક્રિયામાં તત્પર થઇને ઉગ્રવિહાર કરવા લાગ્યા. કહ્યું છે કે—

તપ્પટ્ટપઉમહંસો । ગણાહિવો સૂરિરાયજયસિંહો ॥
કત્થવિ ગામે દુગંતર । ગચ્છે સો પરિકરેણ જુઓ ॥૧॥

ગામે ઇગરાઇયં । ણયરે તહ પંચ રાઇયં કમસો ॥
કિચ્ચા ઠિઇ પત્તો । ઉગ્ગવિહારં ચ મુણિવસહો ॥ ૨ ॥

અર્થ—તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીની પાટરૂપી કમલપર હંસ સરખા, અને ગચ્છના નાયક એવા શ્રીજયસિંહસૂરિજી થયા. તે શ્રીજયસિંહસૂરિજી પરિવારસહિત કોઇક ગામમાં બે દિવસને આંતરે વિહાર કરતા. પ્રાયેં કરીને તે ગામડામાં એક રાત્રિ, અને નગરમાં પાંચ રાત્રિસુધી રહેતા, અને તેમ કરીને તે મહામુનિરાજ અનુક્રમે ઉગ્રવિહારની સ્થિતિને પ્રાપ્ત થયા. ॥ ૧ ॥ ૨ ॥

એવીરીતે અનુક્રમે વિહાર કરતા એવા તે શ્રીજયસિંહઉપાધ્યાય પાટણમાં પધાર્યા. હવે તે વખતે તે પાટણમાં ગુજરાતદેશનો

અધિપતિ સિદ્ધરાજભૂપાલ રાજ્ય કરતો હતો. તે રાજાના ઉદયન- આદિક શ્વેતાંબર જૈનમંત્રિઓના પ્રબલથી જૂદા જૂદા ગચ્છના જૈન- મુનિઓ ત્યાં નિરંતર ચતુર્માસ રહેતા હતા. એવીરીતે ત્યાં શ્વેતાં- બર જૈનમુનિઓનું જોર જોઇને ત્યાંના કેટલાક દિગંબર શ્રાવકોના હૃદયમાં ઈર્ષ્યાઅગ્નિ બળવા લાગ્યો. તેથી તેઓએ શ્વેતાંબર મુનિ- ઓને વાદમાં જીતવામાટે પ્રતિષ્ઠાનપુરથી પોતાના કુમુદચંદ્ર નામના ભટ્ટારકને ત્યાં પાટણમાં બોલાવ્યો. તે કુમુદચંદ્ર ભટ્ટારક ન્યાયશાસ્ત્રોમાં નિપુણ હતો, તેમજ વિવિધપ્રકારના યોગો, અને વિદ્યાઓમાં પારં- ગામી, તથા મંત્ર તંત્ર આદિકના પ્રયોગોમાં પ્રવિણ, અને સઘળા ઉત્તરભરતક્ષેત્રમાં પ્રખ્યાત હતો. એવીરીતે પાટણમાં વસનારા તે દિગંબર શ્રાવકોએ વિનંતિપૂર્વક બોલાવેલો તે કુમુદચંદ્ર ભટ્ટારક પણ પોતાના શિષ્યોના પરિવાર સહિત તુરતજ શ્વેતાંબર મુનિઓને જીત- વામાટે ત્યાં પાટણમાં આવ્યો, ત્યારે દિગંબર શ્રાવકોએ મહોટા આડંબરથી તેનો ત્યાં પ્રવેશ મહોત્સવ કર્યો. પછી તે સમસ્ત નગ- રમાં એવી પ્રસિદ્ધિ થઇ કે, આ મહાવિદ્વાન્ કુમુદચંદ્ર નામનો દિગં- બર આચાર્ય શ્વેતાંબર મુનિઓને વાદમાં જીતવામાટે અહિં આવ્યો છે. એ રીતે નગરમાં વિસ્તાર પામેલી તે વાર્તા સિદ્ધરાજભૂપાલે પણ સાંભળી. પછી તે અત્યંત ગર્વિષ્ટ એવા કુમુદચંદ્ર ભટ્ટારકે ત્યાં રહેલા શ્રીહેમચંદ્રાચાર્ય, દેવસૂરિજી, તથા જયસિંહ ઉપાધ્યાય આદિક શ્વેતાંબર આચાર્યોને રાજસભામાં સિદ્ધરાજભૂપાલની સમક્ષ વાદ કરવામાટે નિમંત્રણ કર્યું. પછી તેની સાથે વાદ કરવામાટે શ્વેતાંબર મુનિઓએ મળીને સિદ્ધરાજભૂપાલની સમક્ષ દિવસનો નિર્ણય કર્યો. પછી તેઓએ તે કુમુદચંદ્રની સાથે ન્યાયના વિષયમાં વિવાદ કરવા- માટે ન્યાયશાસ્ત્રના પારંગામી એવા શ્રીદેવસૂરિજીને અગાડી કર્યા, તથા ધર્મશાસ્ત્રોમાં વિવાદ કરવામાટે શ્રીહેમચંદ્રાચાર્યજીને અગાડી કર્યા. અને વિદ્યા તથા મંત્ર તંત્ર આદિકના પ્રયોગોના વિષયમાં તેઓએ આ શ્રીજયસિંહ ઉપાધ્યાયજીને સ્થાપ્યા. એવીરીતે પરસ્પર એકબીજાને સહાય કરવામાટે તેઓ સઘળા શ્વેતાંબર આચાર્યો એકમત થઇને સંઘના અગ્રેસરો સહિત સિદ્ધરાજભૂપાલની સભામાં આવ્યા. પછી તે કુમુદચંદ્ર ભટ્ટારક પણ પોતાના પરિવાર સહિત વિવાદ કરવામાટે પોતાના યોગાભ્યાસથી કેળના પત્રોની બનાવેલી પાલખીમાં બેસીને રાજસભામાં આવ્યો, એવીરીતે કેલના પત્રોની

બનાવેલી પાલખીમાં બેસીને આવતા એવા તે કુમુદચંદ્રભટ્ટારકને જોઇને નગરમાં વસનારા સઘળા લોકો આશ્ચર્ય પામ્યા. વળી તે કૌતુક જોવામાટે કેટલાક લોકો ત્યાં તે સિદ્ધરાજભૂપાલની સભામાં આવ્યા, પછી નિર્ણય કરેલે સમયે ન્યાયબુદ્ધિવાળો તે સિદ્ધરાજભૂપાલ પણ ત્યાં રાજસભામાં આવી તે સઘળા ધર્માચાર્યોને નમસ્કાર કરી પોતાના ઉચિત આસને બેઠો. એવીરીતે સઘળા લોકો પોતપોતાને યોગ્ય સ્થાનકે બેઠાબાદ સિદ્ધરાજભૂપાલે પોતાના ગાંગલિ નામના એક કારભારીને તે બન્ને પક્ષોના વાદનું સ્વરૂપ લખી લેવાને હુકમ કર્યો. પછી પહેલાં તે દિગંબર કુમુદચંદ્રભટ્ટારકે સ્ત્રીને મોક્ષ નહિ પ્રાપ્ત થવાના સંબંધમાં પોતાના પૂર્વપક્ષનું મંડન કરવામાટે મહોટા શબ્દથી અવિચ્છિન્ન વચન પ્રવાહવડે પ્રારંભ કર્યો. તેની વચનચતુરાઇ જોઇને રાજાઆદિક સઘળા સભ્યજનો આશ્ચર્ય પામ્યા. એવીરીતે તેનો પૂર્વપક્ષ સંપૂર્ણ થયાબાદ ન્યાયશાસ્ત્રોમાં પ્રવિણ એવા શ્રીવાદિદેવસૂરિજીએ મરૂદેવાઆદિકનાં શાસ્ત્રોમાં કહેલાં દૃષ્ટાંતોવડે ઉત્તરપક્ષનો પ્રારંભ કરીને પોતાની અદ્ભુત વચનચતુરાઇથી તેના પૂર્વપક્ષનું એવું તો ખંડન કર્યું કે, જેથી તે કુમુદચંદ્રની તે સંબંધી સઘળા પ્રકારની પણ મંડનવિધિ વાયુના વેગથી રજના પરમાણુઓની પેઠે વિનાશ પામી વિખરાઇ ગઇ. તેથી ક્રોધ પામેલા તે કુમુદચંદ્રભટ્ટારકે તેજ વખતે ત્યાં આકર્ષિણીવિદ્યાનું સ્મરણ કરીને સભામાં બેઠેલા તે સઘળા શ્વેતાંબરમુનિઓની મુહપત્તીઓ ખેંચી લીધી. એવીરીતનો તેનો વિદ્યાપ્રયોગ જોઇને હેમચંદ્રઆદિકોએ સંકેત કરવાથી ઉમરે ન્હાના હોવા છતાં પણ મંત્રતંત્ર આદિક વિદ્યાઓના પારંગામી એવા શ્રીજયસિંહઉપાધ્યાય પોતાના આસનપરથી ઉઠીને સર્વ સભાની સમક્ષ પોતાનો ધર્મધ્વજ ( ઓઘો ) ઉંચો કરી કહેવા લાગ્યા કે, અરે ! સભ્યજનો ! તમો સાંભળો ? વાદમાં હારેલા એવા આ દિગંબર કુમુદચંદ્રભટ્ટારકે ક્રોધથી આકર્ષિણી નામની વિદ્યાના પ્રયોગથી અમારી મુહપત્તિઓ આકર્ષી લીધી છે, અને તેમ કરી તેણે મનમાં એવો વિચાર કર્યો છે કે, આ શ્વેતાંબરમુનિઓ મુહપત્તિ વિના મુખમાંથી શબ્દોનો ઉચ્ચાર કરી શકશે નહી. પરંતુ આ મૂર્ખ કુમુદચંદ્ર નથી જાણતો કે, અમો શાસ્ત્રમાં કહેલા પ્રમાણુથી અમારા વસ્ત્રનો છેડો પણ મુખ આડો રાખી વાદ કરશું. એમ કહી તે શ્રીમાન્ જયસિંહઉપાધ્યાયજીએ પોતાના મંત્ર પ્રયો-

ગથી તે સઘળી મુહપત્તિઓ સભાસમક્ષ પાછી ખેંચીને ગ્રહણ કરી. પછી તે શ્રીજયસિંહઉપાધ્યાયજીએ બીજા મંત્રના પ્રયોગથી તે કુમુદચંદ્રભટ્ટારકની જિહ્વાનું સ્તંભન કર્યું, અને તેથી તે તેજ ક્ષણે સભાસમક્ષ મુંગોજ થઇ રહ્યો. પછી એવીરીતે તે કુમુદચંદ્રભટ્ટારકને મુંગો જોઇને રાજાએ પણ સભાનું વિસર્જન કર્યું. પછી સભાના સઘળા લોકો પણ તે કુમુદચંદ્રભટ્ટારકનો અપવાદ બોલતાથકા, તથા જયસિંહઉપાધ્યાયજીઆદિક શ્વેતાંબરમુનિઓનો યશોવાદ બોલતાથકા પોતપોતાને સ્થાનકે ગયા. પછી તે શ્વેતાંબરમુનિઓનો વિજય જોઇને આશ્ચર્ય પામેલા સિદ્ધરાજભૂપાલે શ્રીહેમચંદ્રાચાર્યજીને પૂછ્યું કે, આવીરીતે મંત્રઆદિકની વિદ્યામાં કુશલ એવા આ ન્હાની વયના મુનિ કયા આચાર્યના શિષ્યો છે? તથા તેમનું નામ શું છે? ત્યારે શ્રીહેમચંદ્રાચાર્યજીએ કહ્યું કે, હે રાજન્! વિધિપક્ષગચ્છનું સ્થાપન કરનારા, અને આપના પરિચયવાળા શ્રીમાન્ આર્યરક્ષિતસૂરિજીના શિષ્ય એવા આ શ્રીજયસિંહનામના ઉપાધ્યાય છે, અને તે મંત્ર તંત્રઆદિકની વિદ્યામાં કુશલ છે. તે સાંભળી અત્યંત ખુશી થયેલા તે સિદ્ધરાજભૂપાલે તે શ્રીજયસિંહઉપાધ્યાયજીને નમસ્કાર કરીને યુગપ્રધાનની પદવી આપી. હવે એવીરીતે સન્માનને પ્રાપ્ત થયેલા તે સઘળા શ્વેતાંબરમુનિઓ પણ પોતપોતાને સ્થાનકે ગયા. પછી એરીતે અત્યંત ખેદ પામેલો તે કુમુદચંદ્રભટ્ટારક નિરાશ થઈ નિસ્તેજ થયોથકો પોતાને સ્થાનકે જઇ શ્રીજયસિંહઉપાધ્યાયજીપર દ્વેષ ધારણ કરતોથકો તેમને મારવાનો ઉપાય ચિંતવવા લાગ્યો. વળી પોતાના આચાર્યની સ્ખલના થવાથી ક્રોધ પામેલા દિગંબરશ્રાવકો તે શ્રીજયસિંહઉપાધ્યાયજીને મારવામાટે કેટલાક મ્લેચ્છોને દ્રવ્યદાનથી લોભાવીને ઉશ્કેરવા લાગ્યા. એવીરીતે તેમને મારવામાટે રાત્રિએ આવેલા તે મ્લેચ્છોને ચક્રેશ્વરી તથા પદ્માવતી દેવીઓએ સ્તંભી રાખ્યા. પછી પ્રભાતે ઉપાશ્રયની બહાર દરવાજાપાસે તેવીજરીતે થંભાઇ રહેલા તે મ્લેચ્છોના સ્વજનોએ તે બન્ને દેવીઓના કહેવાથી તેજ શ્રીજયસિંહઉપાધ્યાયજીના ચરણોદકવડે સીંચવાથી તેઓ સ્તંભન મુક્ત થયા. પછી તે શ્રીજયસિંહઉપાધ્યાયજી પણ ત્યાંથી અન્યસ્થાનકે વિહાર કરી ગયા. પછી તે કુમુદચંદ્રભટ્ટારક પણ તેઓપ્રતે અત્યંત દ્વેષને ધારણ કરતોથકો ત્યાંથી પ્રતિષ્ઠાનપુરમાં પોતાને સ્થાનકે ગયો. એવીરીતે ઘણા ભવ્યલોકોને પ્રતિબોધતા તથા જિનશાસ-

નની પ્રભાવના કરતા એવા તે શ્રીમાન્ શ્રીજયસિંહઉપાધ્યાયજી એક વખતે પોતાના ગુરૂ એવા શ્રીમાન્ આર્યરક્ષિતસૂરિજીને વાંદવા-માટે માંડલનગરમાં પધાર્યા. તે વખતે ત્યાંના સંઘે ઘણાજ આડંબરથી ત્યાં તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. પછી અનેક ગુણોના સમૂહોથી શોભિતા એવા તે શ્રીજયસિંહઉપાધ્યાયજીને ગુરૂમહારાજે સંઘના આગ્રહથી ત્યાં માંડલનગરમાં વિક્રમ સંવત ૧૨૦૨ માં મહોત્સવપૂર્વક આચાર્યપદ આપ્યું. પછી તે શ્રીજયસિંહસૂરિજી ગુરૂ-મહારાજની આજ્ઞાથી પોતાના પરિવારસહિત વિહાર કરતાથકા અનેક ભવ્યલોકોને પ્રતિબોધવા લાગ્યા, એક વખતે વિહાર કરતાથકા તેઓ હસ્તિતુંડ નામના નગરમાં પધાર્યા. તે નગરમાં રાઠોડ ક્ષત્રિય જાતિનો અનંતસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો, અને તે પૂર્વ-કર્મના પ્રભાવથી જલોદર નામના મહારોગથી પીડિત થયો હતો. તે રોગને દૂર કરવામાટે તેણે જુદા જુદા દેશમાં વસનારા, તથા વૈદ્યવિદ્યામાં નિપુણ એવા ઘણા વૈદ્યોને બોલાવ્યા, અને તે વૈદ્યોએ તેમાટે ઘણા ઉપાયો કર્યા, પરંતુ રાજાની તે રોગની શાંતિ થઇ નહીં. એવી-રીતે તે રોગથી પીડિત થયેલો તે રાજા દિવસે દિવસે અત્યંત દુઃખને ધારણ કરતોથકો જીવિતથી ઉદ્વિગ્ન થઇ આપઘાત કરવાને તૈયાર થયો. એવામાં જાણે તેના પુણ્યથી ખેંચાઇ આવ્યા હોય નહી ? તેમ મહા-પ્રભાવિક એવા આ શ્રીમાન્ જયસિંહસૂરિજીનું ત્યાં આગમન થયું. તેમના પ્રભાવની વાર્તા તે નગરમાં અનુક્રમે વિસ્તાર પામી, અને પોતાની દાસીના મુખથી રાજાની રાણીએ પણ તે હકીકત સાંભળી. ત્યારે ખુશી થયેલી તે રાણીએ પોતાની દાસીના મુખે તે આચાર્ય-મહારાજને વંદનના નિવેદનપૂર્વક પોતાના સ્વામિનો રોગ દૂર કરવા-માટે અત્યંત વિનયથી વિનંતિ કરી. ત્યારે આચાર્યમહારાજે પણ ભવિષ્યકાળમાં લાભ થવાનો જાણીને શાસનની ઉન્નતિ કરવામાટે તે દાસીને કહ્યું કે, હે સુશીલે ! રાજા જો પોતાના કુટુંબસહિત જૈન-ધર્મનો સ્વીકાર કરે, તો અમો તે રોગને દૂર કરવાનો ઉપાય દેખા-ડીયેં. પછી અત્યંત હર્ષ પામેલી તે દાસી તુરત ગુરૂમહારાજને વંદન કરીને રાણીપાસે આવી, અને તેણીએ આચાર્યમહારાજે કહેલો વૃત્તાંત તેણીને નિવેદન કર્યો. તે સાંભળી ખુશી થયેલી તે રાણીએ તે વૃત્તાંત પોતાના સ્વામી એવા રાજાને કહી સંભળાવ્યો. ત્યારે જીવિતથી કંટાળેલા તે રાજાએ પણ હર્ષથી તેમ કરવાનો સ્વી-

કાર કર્યો. પછી પ્રભાતે ચાલવાને અશક્ત એવા તે પોતાના સ્વામિને સુખપાલમાં (પાલખીમાં) બેસાડી રાણી પોતાના પરિવારસહિત આચાર્યમહારાજની પાસે આવી. પછી ત્યાં અત્યંત પ્રયાસથી મહામહેનતે પોતાના અશક્ત સ્વામીને પણ સુખપાલમાંથી ઉતારીને નોકરો પાસે ઉપડાવી રાણીએ આચાર્યમહારાજની પાસે સ્થાપન કર્યો. પછી રાણીએ વંદન કરી, હાથ જોડી અત્યંત વિનયથી ગદ્‌ગદ્‌કંઠે આચાર્યજીમહારાજને વિનંતિ કરી કે, હે ભગવન્! જો આપની કૃપાથી મારા આ સ્વામી રોગરહિત થશે, તો તેની સાથે કુટુંબસહિત હું શ્રીજૈનધર્મનો સ્વીકાર કરીશ. ત્યારે આચાર્યમહારાજે કહ્યું કે, હે સુશીલે! શ્રીજૈનધર્મના પ્રભાવથી તમારા આ સ્વામી ખરેખર આજેજ અહીં રોગરહિત થશે. એમ કહી પ્રાસુક જલ મગાવીને, તથા તેને મંત્રીને ગુરૂમહારાજે રાજાની રાણીને આપ્યું, અને કહ્યું કે, આ જલવડે અહીંજ રાજાના ઉદરપર લેપન કરવું. પછી તેણીની આજ્ઞાથી એક નોકરે રાજાના ઉદરપર તે જલનો લેપ કર્યો. ત્યારે તે દીવ્યજલના પ્રભાવથી તેજ ક્ષણે ત્યાંજ તે રાજા રોગરહિત થયો, અને તેથી ખુશી થઇને પોતાની મેળે ઉઠી તે રાજા ગુરૂમહારાજને પગે પડયો. પછી તે રાણી પણ પોતાના મનમાં ઘણો હર્ષ ધારણ કરીને ગુરૂમહારાજને વંદન કરી કહેવા લાગી કે, હે ભગવન્! આજથી અમો સર્વે જૈનધર્મનો સ્વીકાર કરીયે છીએ. એમ કહી તેણીએ અને રાજાએ પોતાના પરિવારસહિત જૈનધર્મ સ્વીકારીને સમકીતમૂલ શ્રાવકનાં બારે વ્રતો ગુરૂમહારાજના મુખથી અંગીકાર કર્યાં. પછી ગુરૂમહારાજના ઉપદેશથી ત્યાંના સંઘે તે અનંતસિંહરાજાને ઓશવાળજ્ઞાતિમાં ભેળવી દીધો, અને તે રાજાના વંશજો "હથુડીયા રાઠોડ" ગોત્રના નામથી પ્રસિદ્ધ થઇને પૃથ્વીપર વિસ્તાર પામ્યા. તેમની ગોત્રજાદેવી સમકીતધારી અમ્બુસા નામની છે. અને આ ગોત્રના વંશજો કેરવાડા, નાડલાઇ, બગડીયા, ચંદેરી, ખડી, ચુડલી, નારગામવિગેરે ગામોમાં વસે છે. પછી તે અનંતસિંહરાજાએ તે ગુરૂમહારાજના ઉપદેશથી તે હસ્તિતુંડ (હથઉડી) નગરમાં શ્રીમહાવીરપ્રભુનો એક મનોહર જિનપ્રાસાદ કરાવ્યો. એવીરીતે આ શ્રીજયસિંહસૂરિજી પણ તે અનંતસિંહરાજાના ઘણા આગ્રહથી વિક્રમ સંવત ૧૨૦૮ માં તેજ નગરમાં ચતુર્માસ રહ્યા.

હવે ગુજરાતદેશમાં પાટણનગરમાં ( અણહિલ્લપુરપાટણમાં ) સિદ્ધરાજભૂપાલના પરલોક ગયાબાદ વિક્રમ સંવત ૧૧૯૯ માં તેની ગાદીએ કુમારપાલનામે રાજા થયો, અને તે રાજા શ્રીહેમચંદ્રાચાર્યજીના પ્રતિબોધથી બારવ્રતધારી પરમજૈની શ્રાવક થયો. તે રાજાએ પોતાના દેશમાં અમારીપડો વજડાવીને અનેક જિનમંદિરો બંધાવ્યાં, અને તેથી તેના રાજ્યમાં જૈનધર્મની ઘણીજ ઉન્નતિ થઇ.

હવે એક વખતે પ્રભાસપાટણથી કાપડના કેટલાક જૈનધર્મી વ્યાપારીઓ ત્યાં અણહિલ્લપુરપાટણમાં યાત્રામાટે આવ્યા. ત્યાં તેઓએ સ્નાન કર્યાબાદ રેશમી પીતાંબર પહેરીને જિનમંદિરમાં પૂજા કરતા કુમારપાલરાજાને જોયો. ત્યારે તેઓએ રાજાને વિનંતિ કરી કે, હે સ્વામી ! આ પીતાંબર તો અશુદ્ધ છે, માટે જિનેશ્વરપ્રભુની પૂજાના અવસરે તો તે પહેરવું સર્વથા પ્રકારે અયોગ્ય છે. તે સાંભળી કુમારપાલરાજાએ તેઓને પૂછયું કે, આ પિતાંબર અશુદ્ધ છે, એમ તમોએ શીરીતે જાણ્યું ? ત્યારે તેઓએ કહ્યું કે, હે સ્વામિન્ ! આ પિતાંબર અમારા નગરમાં બનેલું છે, અને અમારા નગરનો રાજા ત્યાં પોતાના નગરમાં સાલવીઓએ ( વણકરોએ ) બનાવેલાં સઘળાં પિતાંબરો પ્રથમ તે સાલવીઓપાસેથી લઇને પોતાની શય્યામાં પાથરે છે, અને ત્યારબાદ તે પિતાંબરો તેના માલિકોને પાછાં આપે છે. અને ત્યારપછી તે સાલવીઓ તે પિતાંબરોને વેચવામાટે પરદેશોમાં મોકલે છે. અને તે કારણથી તે સઘળાં પિતાંબરો હમેશાં અશુદ્ધજ રહે છે. તે સાંભળી આશ્ચર્ય પામેલા તે કુમારપાલરાજાએ પોતાની રાજસભામાં આવી તે સંબંધિ વિચાર કરવામાટે પોતાના વાગ્ભટ્ટ નામના મંત્રિને બોલાવ્યો, પછી રાજાએ કહેલું તે પિતાંબરનું વૃત્તાંત સાંભળીને તે વાગ્ભટ્ટમંત્રિએ કહ્યું કે, હે સ્વામી ! તે સઘલા સાલવીઓને આપણે તે પ્રભાસપાટણમાંથી બોલાવીને અહીં વસાવશું, તથા તેઓને રહેવામાટે આપણે તેઓને વિના મૂલ્યે ઘરો આપવાં પડશે, અને તેઓએ બનાવેલાં પિતાંબરઆદિક વસ્ત્રો આપણે વેચાતા લેવાં. તે સાંભળી જૈનધર્મમાં દૃઢ શ્રદ્ધાવાળા તે કુમારપાલરાજાએ તે સઘળું અંગીકાર કરીને તે કાર્ય પાર ઉતારવામાટે પોતાના તે વાગ્ભટ્ટમંત્રીનેજ હુકમ કર્યો. એવીરીતે રાજાએ હુકમ કરવાથી તે વાગ્ભટ્ટમંત્રીએ પણ ત્યાં પ્રભાસપાટણમાં જઇ તે

સઘળા શાલવીઓને બોલાવી કુમારપાલરાજાએ કહેલો સઘળો વૃત્તાંત નિવેદન કર્યો. તે સાંભળી તે સઘળા શાલવીઓ પણ ખુશી થઇ તેને કહેવા લાગ્યા કે, અમો સઘળા દિગંબર જૈનધર્મ પાળીયે છીયે, તેમજ અહીં રહીને અમો સઘળા અમારા છત્રસેનભટ્ટારક નામના ગુરૂના ઉપદેશમુજબ શ્રીઆદિનાથપ્રભુની, તથા શ્રીગૌતમસ્વામિની પ્રતિમાઓની પૂજા કરીયે છીયે, અને તેથી ત્યાં પણ અમો તેવીજરીતે અમારા તે ગુરૂની સાથે તે બન્ને પ્રતિમાઓને લેઇને આવીશું. પછી તે વાગ્ભટ્ટમંત્રીએ પણ તેમનું તે વચન સ્વીકાર્યું. પછી તેઓ સઘળા બારસો શાલવીઓ ત્યાંથી નિકળીને પોતાના ગુરૂ તથા તે બન્ને પ્રતિમાઓસહિત પાટણમાં આવ્યા. ત્યારે તે કુમારપાલરાજાએ પણ તેઓનું સન્માન કરીને તેઓને રહેવામાટે ઘરો આપ્યાં, અને એરીતે તેઓના ઘરોના ત્યાં સાત પાડા થયા, અને ત્યારથી તે સર્વે પાડા ત્યાં "શાલવીપાડાના" નામથી પ્રસિદ્ધ થયા. ત્યારબાદ તેઓનો ગુરૂ તે છત્રસેનભટ્ટારક પોતાની વિદ્યાના ગર્વથી શ્વેતાંબરમુનિઓની નિંદા કરવા લાગ્યો. પછી એકવખતે તે છત્રસેનનું તે વૃત્તાંત કુમારપાલરાજાએ પણ સાંભળ્યું. ત્યારે ખેદ પામેલા તે કુમારપાલરાજાએ પોતાના ગુરૂ શ્રીહેમચંદ્રાચાર્યજીને બોલાવી કહ્યું કે, હે ભગવન્! આ દિગંબર છત્રસેનભટ્ટારક હમેશાં પોતાની વિદ્યાના ગર્વથી શ્વેતાંબરમુનિઓની નિંદા કરે છે, માટે કોઇક ઉપાયથી તેને ધર્મવાદમાં જીતીને નગરમાંથી બહાર કહાડવો જોઇયે. તે સાંભળી હેમચંદ્રાચાર્યજીએ કહ્યું કે, હે રાજન્ આ છત્રસેનભટ્ટારકે ઘટસરસ્વતિદેવીનું આરાધન કરેલું છે, અને તેથી વિદ્યાસંબંધિ વાદમાં તેને જીતવો મુશ્કેલ છે. ત્યારે રાજાએ કહ્યું કે, શ્વેતાંબરમુનિઓના સમુદાયમાં ત્યારે શું કોઇ પણ વિદ્યાવાદમાં તેને જીતવાને સમર્થ નથી? આચાર્યમહારાજે કહ્યું કે, હે રાજન્! આજકાલ તો શ્રીવિધિપક્ષગચ્છના આચાર્ય શ્રીજયસિંહસૂરિજી સર્વ પ્રકારની મંત્ર તંત્ર આદિક વિદ્યાઓના પારંગામી છે, અને તેથી તેજ તેને વિદ્યાવાદમાં જીતવાને સમર્થ છે, અને આ વખતે તેઓ ખંભાતની આસપાસના ગામોમાં વિચરે છે. માટે તેઓને અહીં બોલાવો? એવીરીતનું તેમનું વચન સાંભળીને તે કુમારપાલરાજાએ પોતાના મંત્રીને ત્યાં મોકલી વિનંતિપૂર્વક તેમને બોલાવ્યા. ત્યારે ત્યાં લાભ થનારો જાણીને શ્રીજયસિંહસૂરિજી પણ જિનશાસનની પભાવના કરવામાટે ત્યાં પાટણમાં

પધાર્યા. ત્યારે તે કુમારપાલરાજાએ પણ હર્ષપૂર્વક મહોટા આડંબરથી પરિવારસહિત એવા તે આચાર્યમહારાજનો પ્રવેશમહોત્સવ કર્યો.

હવે તે શ્રીજયસિંહસૂરિજીને આવેલા જાણીને તે છત્રસેન ભટ્ટારક તો વિશેષ પ્રકારે પોતાની વિદ્યાના ગર્વથી તેમની પણ નિંદા કરવા લાગ્યો. ત્યારે રાજાએ હુકમ કરવાથી વાગ્ભટ્ટમંત્રીએ તે છત્રસેનભટ્ટારકપાસે જઇ વાદ કરવામાટે તેને નિમંત્રણ કર્યું. ત્યારે તે છત્રસેનભટ્ટારકે કહ્યું કે, વાદ કરવામાં જે કોઇ હારે, તે તે જીતનારનો શિષ્ય થાય. પછી રાજાની સભાસમક્ષ તે શ્વેતાંબર અને દિંગબર બન્ને પક્ષોએ તેમ કરવું સ્વીકાર્યું. પછી નિર્ણય કરેલે દિવસે શ્રીહેમચંદ્રાચાર્ય, શ્રીદેવસૂરિજી, તથા શ્રીજયસિંહસૂરિજી આદિક શ્વેતાંબરમુનિઓ પોતાના પરિવારસહિત રાજાની સભામાં આવ્યા, તથા તે છત્રસેનભટ્ટારક પણ પોતાના પરિવારસહિત ત્યાં આવ્યો. પછી તે છત્રસેનભટ્ટારકે મંગલ કરવાના મિષથી લીલા રંગના વસ્ત્રથી ઢાંકેલો એક માટીનો ઘડો પોતાના આસનપાસે સ્થાપન કર્યો, તથા મંત્રના જાપથી તેણે તે ઘડામાં સરસ્વતીદેવીનું અવતરણ કર્યું. પછી વાદનો પ્રારંભ થયાબાદ કોઇ પણ કોઇને જીતવાને સમર્થ થયા નહી. શ્વેતાંબરમુનિઓ ઘણી મહેનત કર્યા છતાં પણ તે ઘટસરસ્વતિના મહિમાથી તે છત્રસેનભટ્ટારકને જીતવા સમર્થ થયા નહીં. એવીરીતે બન્ને પક્ષોને વાદ કરતાં છ દિવસો વ્યતીત થયા, તોપણ શ્વેતાંબર મુનિઓ તે છત્રસેનભટ્ટારકને જીતવાને સમર્થ થયા નહિં. પછી કંટાળેલા તે કુમારપાલરાજાએ શ્રીહેમચંદ્રાચાર્યજીને કહેવાથી તેમણે જયસિંહસૂરિજીપાસે જઇને કહ્યું કે, ત્યાં ઘડામાં રહેલી સરસ્વતીદેવીજ વાદ કરે છે, માટે આપણે પણ મંત્રઆદિકના પ્રયોગથી અથવા દેવની સહાયથી તેને જીતી શકશું, બીજા કોઇ પણ પ્રકારથી તેને જીતી શકાશે નહી. તે સાંભલી જયસિંહસૂરિજીએ કહ્યું કે, હવે પ્રભાતે કોઇક એવોજ ઉપાય આપણે કરીશું. એમ કહી તેમણે સન્માન આપેલા એવા તે શ્રીહેમચંદ્રાચાર્યજી પણ પોતાને ઉપાશ્રયે ગયા. હવે અહીં રાત્રિએ જયસિંહસૂરિજીએ ગચ્છની અધિષ્ઠાતા એવી મહાકાલીદેવીનું સ્મરણ કર્યું. ત્યારે તે દેવીએ પણ તત્ક્ષણ પ્રત્યક્ષ થઇ આચાર્યમહારાજને કહ્યું કે, હે ભગવન્! આપે શામાટે મારૂં સ્મરણ કર્યું છે? ત્યારે આચાર્યજીએ કહ્યું કે હે ગચ્છાધિષ્ઠાયિકે! જે

રીતે આ છત્રસેનભટ્ટારકને વાદમાં જીતી શકાય તેમ કરો ? ત્યારે દેવીએ કહ્યું કે, તે છત્રસેનભટ્ટારક હમેશાં સભામાં આવીને મંત્રના જાપથી સરસ્વતીદેવીને પોતાની પાસે રહેલા ઘડામાં ઉતારે છે, અને તેથી તે સરસ્વતીદેવીજ તમારી સાથે વાદ કરે છે, અને તેણીના પ્રભાવથી તમોને તે છત્રસેનભટ્ટારક બોલતો દેખાય છે. હવે પ્રભાતમાં હું એક બાલમુનિનું રૂપ કરીને તે રાજસભામાં આવીશ, અને તે ઘડામાં તે સરસ્વતીના અવતરણની પહેલાંજ હું બાલમુનિના રૂપથી તે ઘડો ફોડી નાખીશ. અને તેથી તેણે બોલાવેલી એવી પણ તે સરસ્વતીદેવી ઘડાના અભાવથી પાછી ચાલી જશે. અને પછી તે છત્રસેન ભટ્ટારક પોતાની મેળેજ નિરૂત્તર થઈ કરેલી પ્રતિજ્ઞામુજબ તમારો શિષ્ય થશે. એમ કહી તે દેવી ત્યાંથી અદૃશ્ય થઇ પોતાને સ્થાનકે ગઇ. પછી સાતમે દિવસે પૂર્વની પેઠે સઘળા રાજસભામાં આવ્યા. પછી તે છત્રસેનભટ્ટારક પણ તે ઘડો પોતાની પાસે સ્થાપીને જેટલામાં મંત્રજાપ ભણે છે, તેવામાં બાલમુનિનું રૂપ લઈ ત્યાં આવેલી તે મહાકાલીદેવીએ તે ઘડો ભાંગી નાખ્યો. એવીરીતે ઘડાને ભાંગેલો જોઈને જેવામાં તે છત્રસેનભટ્ટારક વિમાસણમાં પડ્યો, તેવામાં શ્રીહેમચંદ્રાચાર્યઆદિક શ્વેતાંબરમુનિઓએ સંકેત કરેલા જયસિંહસૂરિજી તે છત્રસેનભટ્ટારકની સાથે મહોટા સ્વરથી વાદમાં પૂર્વપક્ષનું મંડન કરવા લાગ્યા. ત્યારે ચિંતાતુર થયેલો તે છત્રસેનભટ્ટારક વિલખો થઇ ઉત્તર આપવાને અસમર્થ થયો. પછી સભામાં રહેલા લોકોની સમ્મતિથી કુમારપાલરાજાએ તે શ્રીજયસિંહસૂરિજીને વિજયપત્રિકા આપી, તથા પ્રતિજ્ઞા કર્યામુજબ તે છત્રસેનભટ્ટારક પણ પોતાના શિષ્યોના પરિવારસહિત તે શ્રીજયસિંહસૂરિજીનો શિષ્ય થયો.

પછી કુમારપાલરાજાએ સભા વિસર્જન કરીને ઘણા સન્માનપૂર્વક તે શ્રીજયસિંહસૂરિજીને તેમને ઉપાશ્રયે મોકલ્યા. પછી તે છત્રસેનભટારકને તેના પરિવારસહિત દીક્ષા આપીને જયસિંહસૂરિજીએ તેનું છત્રહર્ષ નામ આપ્યું. એવીરીતે અનુક્રમે તે છત્રહર્ષનો પરિવાર વિધિપક્ષગચ્છમાં હર્ષશાખાથી પ્રસિદ્ધ થયો. પછી તેના અનુયાયી એવા તે સઘળા શાલવીઓ ( વણકરો ) પણ શ્વેતાંબર જૈનધર્મ અંગીકાર કરીને વિધિપક્ષગચ્છની પરંપરા પાલવા લાગ્યા. એવીરીતે વિક્રમ સંવત ૧૨૧૭ માં વિધિપક્ષગચ્છમાં તે હર્ષશાખા પ્રકટ થઇ.

પછી તે શ્રીજયસિંહસૂરિજી કુમારપાલરાજાના આગ્રહથી તે ચતુર્માસ ત્યાં પાટણમાંજ રહ્યા. પછી ચતુર્માસ પૂર્ણ થયાબાદ તે શ્રીજયસિંહ-સૂરિજી ત્યાંથી વિહાર કરી યાત્રામાટે તારંગાતીર્થમાં આવ્યા, તથા ત્યાં તેઓ કુમારપાલરાજાએ કરાવેલાં મનોહર અને નવાં જિનમંદિરને જોઈને મનમાં આનંદ પામ્યા. પછી ત્યાંથી વિહાર કરી ગામોગામ વિચરતા તેઓ વર્દ્ધમાનનગરમાં આવ્યા. ત્યાં તેમનો ઉપદેશ સાંભળીને દેહલનામના શેઠે સંઘસહિત ઘણા દ્રવ્યના ખરચથી શ્રીશત્રુંજયતીર્થની યાત્રા કરી. તે વખતે તે શ્રીજયસિંહસૂરિજી પણ તે સંઘની સાથે શત્રુંજયતીર્થમાં આવ્યા, અને ત્યાં યાત્રા કરીને તેમણે પોતાનો જન્મ પવિત્ર કર્યો. પછી ત્યાંથી અનુક્રમે વિહાર કરતા તેઓ સ્તંભનપુરમાં (ખંભાતમાં) આવ્યા, અને ત્યાં તેમના ઉપદેશથી સાંગણ નામના શેઠે જ્ઞાનપંચમીનું ઉજમણું કરી ત્રણલાખ દ્રમ્મ ખરચી જિનશાસનનાં શાસ્ત્રો લખાવ્યાં વળી તે શેઠના આગ્રહથી તેઓ ત્યાં ખંભાતમાં ચતુર્માસ રહ્યા. ચતુર્માસબાદ ત્યાંથી વિહાર કરીને વિવિધપ્રકારનાં ગામઆદિકોમાં તથા નગરોમાં વિહાર કરતાથકા તેઓ જીર્ણદુર્ગમાં ( જુનાગઢમાં ) આવ્યા, અને ત્યાં શ્રીનેમિનાથપ્રભુના ચરણકમલથી પવિત્ર થયેલા ગિરનારપર્વતપર તેમણે યાત્રા કરી. એવીરીતે ગામો તથા નગરઆદિકોમાં વિહાર કરતા, તથા અનેક ભવ્યપ્રાણીઓને પ્રતિબોધતા તેઓ અનુક્રમે દેવપત્તનમાં ( પ્રભાસપાટણમાં ) આવ્યા. ત્યાં વસતા અંબાકશેઠે તેમના ઉપદેશથી શ્રીચંદ્રપ્રભજિનેશ્વરના પ્રાસાદનો જીર્ણોદ્ધાર કર્યો. ત્યાં તે કાર્યમાં મ્લેચ્છોએ તથા બ્રાહ્મણોએ ઘણા ઉપદ્રવો કર્યા, પરંતુ શ્રીજયસિંહસૂરિજીએ મંત્રઆદિકના પ્રયોગથી તે સઘળા ઉપદ્રવો નિવાર્યા. ત્યાં ચતુર્માસ કરી ત્યાંથી વિચરી તેઓ કચ્છદેશમાં ગયા. ત્યાં જુદાં જુદાં ગામો તથા નગરોઆદિકમાં કેટલાક વર્ષો રહીને વાયટ ( વાગડ ) નામના દેશમાં આવ્યા. ત્યાંથી વિહાર કરી તેઓ વઢીયાર નામના દેશમાં લોલાડા નામના ગામમાં આવ્યા. ત્યાં વિક્રમ સંવત ૧૨૨૪ માં રાઠોડજાતિના ફણગર નામના ક્ષત્રિયને પ્રતિબોધી મિથ્યાત્વ છોડાવી તેમણે ઓશવાળજ્ઞાતિમાં ભેળવ્યા, અને ત્યારથી માંડી તેના વંશજો પીડાઈયાગોત્રના નામથી પ્રસિદ્ધ થયા. તથા સચ્ચિઆવીદેવીને તેની ગોત્રજા સ્થાપી. તેના કર—શ્રીફલ એક, કપડું એક તથા ઘૃત શેર સવાની લાપસી જન્મે, મુંડણે તથા પરણે ત્યારે કરે તેમાંથી અર્દ્ધ

સુહાસણીને આપે, તથા સહરખી એક સુહાસણીને આપે. આ વંશમાં તિલાણી, મુમણીયા વીગેરે ઓડકો છે.

આ ગોત્રના વંશજો વિશાલા, રાડદ્રા, બાહડમેર, નગરપારકર, જેસલમેર, બીલાડા વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં થયેલા સમરસીએ વિક્રમ સંવત ૧૪૫૨ માં લોલાડાનગરમાં શ્રીશાંતિનાથનો પ્રાસાદ કરાવ્યો, તથા એક લાખ દ્રવ્ય ખરચીને શત્રુંજયની યાત્રા કરી. વિક્રમ સંવત ૧૫૦૮ માં અંચલગચ્છાધીશ શ્રીજયકેસરીસૂરિજીના ઉપદેશથી શ્રીશીતલનાથજીનું બિંબ કરાવી બાહડમેરમાં પ્રતિષ્ઠા કરાવી. વિક્રમ સંવત ૧૪૮૪ માં આ વંશના જિનદાસના પુત્ર શાહ તથા સમરથ સાચોરામાં વસતા હતા. એવામાં ત્યાંના ઠાકોરનો પુત્ર રાજ્ય મેળવવાના લોભથી પોતાના પિતાને મારી નાખવા માટે રાત્રિએ ચોરનો વેષ કરી રાજાના ઘરમાં પેઠો, ત્યારે ઠાકોર જાગી ઉઠવાથી તેને ચોર જાણી ખડ્ગ લેઈ મારવા દોડ્યો ત્યારે તે કુંવર અગાસીપરથી ઠેક મારી પાછળ સાહાના ઘરમાં પડ્યો, સાહાએ તેને ઝાલ્યો, તથા ઓળખ્યો, અને રાજાનો પુત્ર જાણી છોડી દીધો, તેથી તે નાશી ગયો. એવામાં રાજાના ચોકીદારોએ ત્યાં આવી સાહાને પૂછ્યું કે તેં એ કયા ચોરને કહાડી મૂક્યો? પરંતુ સાહે જવાબ આપ્યો નહી. ત્યારે તેઓએ રાજાને કહેવાથી રાજાએ સાહાને બોલાવી પૂછ્યું પણ સાહો અણબોલ્યો મુંગો રહ્યો. ત્યારે રાજાએ ક્રોધાયમાન થઈ કહ્યું કે ખરેખર આ મુમણો (મુંગો) ચોરોને આશ્રય આપી પોતાનું ઘર ભરે છે, માટે ચોરને બદલે આનેજ મારો? મહાજને પણ એકઠા થઇ સાહાને ઘણો સમજાવ્યો કે તું ચોરનું નામ દે, કે જેથી તું જીવતો રહે. સાહાએ કહ્યું મારાથી તે નામ બોલાસે નહી. પછી રાજાના માણસો જ્યારે તેને મારવામાટે લેઇ ચાલ્યા, ત્યારે કુંવરને ખબર પડવાથી તણે તે માણસો પાસેથી સાહાને લેઇ પોતાના ઘરમાં રાખ્યો. રાજાએ ઘણા આગ્રહથી તે મુમણીઆને કુંવર પાસેથી માગ્યો, પણ તેણે આપ્યો નહી. એવીરીતે કેટલાક દિવસો ગયાબાદ રાજાના મૃત્યુબાદ તે કુંવર રાજગાદીએ બેઠો, અને તે સાહા મુમણીયાને પોતાનો મંત્રી કરી સ્થાપ્યો, અને તેથી તે સાહાના વંશજો મુમણીયાની ઓડકથી ઓ-

બખાવા લાગ્યા. તે સાહાના પુત્ર મંડલીકે વિક્રમ સંવત ૧૫૪૮ વૈસાખ શુદ દશમે સત્યપુરમાં અંચલગચ્છેશ શ્રીસિદ્ધાંતસાગરસૂરિના ઉપદેશથી શ્રીસુમતિનાથજીનું બિંબ કરાવી પ્રતિષ્ઠામાં અગ્યાર હજાર પીરોજી ખરચી, તેમજ સંવત ૧૫૫૨ માં તેજ આચાર્યના ઉપદેશથી કારોલાગામમાં તોલાકશેઠે શ્રીપદ્મપ્રભુજીના બિંબની પ્રતિષ્ઠા કરાવી. એમ પીડાહ્યાગોત્રનું વૃત્તાંત કહ્યું.

એવીરીતે ગામોગામ વિહાર કરતા તે શ્રીજયસિંહસૂરિજી અનુક્રમે જેસલમેરનગરમાં આવ્યા. ત્યાં પણ સંઘના આગ્રહથી ચતુર્માસ કરી પારકરદેશમાં આવી તેઓ પરિવારસહિત ઉમરકોટ નામના નગરમાં આવ્યા. હવે તે ઉમરકોટનગરમાં પરમારજાતિનો મોહણસિંહ નામનો એક ક્ષત્રિય વસતો હતો. તે ત્યાં પધારેલા આ શ્રીજયસિંહસૂરિજીને મહાપ્રભાવિક જાણીને એક વખતે તેમના વ્યાખ્યાનની સભામાં આવ્યો. ત્યાં તેમનો મધુરધ્વનિવાળો ધર્મોપદેશ સાંભળીને તે પોતાના હૃદયમાં સંતોષ પામ્યો. એવીરીતે હમેશાં તે તેમનો ધર્મોપદેશ સાંભળવાને ત્યાં આવવા લાગ્યો. એક વખતે પુત્ર રહિત એવા તે મોહણસિંહે ગુરૂમહારાજને પૂછ્યું કે, હે ભગવન્! મને સંતાન થશે કે નહી? ત્યારે ગુરૂમહારાજે લાભ થનારો જાણીને કહ્યું કે, જો તમો મિથ્યાત્વનો ત્યાગ કરીને જૈનધર્મનો સ્વીકાર કરશો, તોજ તમોને સંતાન થશે. તે સાંભળી સંતાનની ઇચ્છાવાળા તે મોહણસિંહે મિથ્યાત્વનો ત્યાગ કરી જૈનધર્મ સ્વીકાર્યો. પછી તે હમેશાં જિનેશ્વરપ્રભુની પૂજા કરીને, તથા ગુરૂમહારાજપાસે આવીને ધર્મોપદેશ સાંભળવા લાગ્યો. એવીરીતે વિક્રમ સંવત ૧૨૨૮ માં શ્રીજયસિંહસૂરિજીએ તે મોહણસિંહક્ષત્રિયને ઉમરકોટ નામના નગરમાં પ્રતિબોધીને જૈની કર્યો. પછી અનુક્રમે તે મોહણસિંહને દેવકરણ, દેવસી, ઉદ્દસી તથા લખમણનામે ચાર પુત્રો થયા, અને પાંચમો પુત્ર જ્યારે જન્મ્યો, ત્યારે તુરતજ કોઇક નાગદેવ તેના શરીરમાં અધિષ્ઠિત થયો, અને તેથી તે નાગનું સ્વરૂપજ ધારણ કરીને ઘરમાં રહેવા લાગ્યો, અને ત્યાં તે પોતાના સઘળા ભાઇઓની સાથે ક્રીડા કરે છે, અને દૂધ પીને કોઇને પણ કંઇ ઉપદ્રવ કરતો નથી.

પછી એક વખતે તે મોહણસિંહે પોતાના દ્રવ્યના ચાર ભાગો ચાર પુત્રોમાટે, તથા બે પોતાના મળી છ ભાગો કર્યા. ત્યારે તે નાગે

ત્યાં આવીને પોતાની પુંછડીની ઝાપટ મારીને તે સઘળા ભાગો વિખેરી નાખ્યા. ત્યારે એક તે નાગનો ભાગ વધારે કરીને તેના સાત ભાગો સરખા કર્યા. ત્યારે તે નાગે પોતાનો ભાગ ફણથી ખેસવીને પોતાના પિતાના ભાગસાથે મેળવી દીધો.

પછી જ્યારે તે નાગ ત્રણ માસનો થયો, ત્યારે એક વખતે ઠંડીથી પીડા પામીને તે રાત્રિએ કંઇક ઉષ્ણ રાખવાળા ઘરના ચૂલામાં જઈ સૂતો. એવામાં મુહણસિંહની દીકરીએ ત્યાં ચૂલામાં અગ્નિ સળગાવ્યો, તેથી બળીને મરણ પામી વ્યંતર થઇ તે મુહણસિંહના કુટુંબને ઉપદ્રવ કરવા લાગ્યો. ત્યારે તે મુહણસિંહના મ્હોટા પુત્ર દેવકરણે અઠ્ઠમના તપ પૂર્વક તે વ્યંતરનું આરાધન કર્યું. ત્યારે તે વ્યંતર પ્રકટ થઈ તેને કહેવા લાગ્યો કે, મારી નાગની મૂર્તિ કરાવીને તમો સ્થાપો? અને દરવર્ષે નૈવેદ્યઆદિકથી તેની પૂજા કરો? અને હવેથી તમારો વંશ "નાગડાગોત્રના" નામથી પ્રસિદ્ધ થશે. તથા તેમ કરવાથી હું તમોને ઉપદ્રવ કરીશ નહી, પણ ઉલટું તમારા વંશજોને હું સહાય કરીશ. એમ કહી તે વ્યંતર પોતાને સ્થાનકે ગયો. પછી તે દેવકરણઆદિકોએ પણ સઘળું તેમજ કર્યું. અને ત્યારથી માંડીને તેઓનો પરિવાર નાગડાગોત્રના નામથી વિધિપક્ષગચ્છની સામાચારી પાલતોથકો પ્રસિદ્ધ થયો. તથા શ્રીજયસિંહસૂરિજીના ઉપદેશથી તેઓને ઓશવાળજ્ઞાતિમાં ભેળવી દીધા.

મૂલ સ્થાન ઉમરકોટમાં તે નાગની દેરી આથમણી દિશાએ શેહેર બહાર ખીજડાના વૃક્ષ નીચે છે, અને તેમાં નાગની ઉભી ફણવાળી મૂર્તિ છે. નાગડાગોત્રના વંશજો ત્યાં જઇ બાળમોવાળા ઉતરાવે. અથવા કંઈ અડ રાખી પોતે જ્યાં રેહતા હોય તે શેહેરની બહાર આથમણી દિશાએ ખીજડાના ઝાડ નીચે નાગની રૂપાની અથવા ત્રાંબાની મૂર્તિ રાખીને ત્યાં તેની પૂજા કરીને બાળમોવાળા ઉતરાવે.

પૂજાવિધિ—જન્મે, મુંડણે, પાણિગ્રહણે, એમ ત્રણ પુરસીઓ કરે. અને નાગક્ષેત્રપાલ આગળ ધરે, ઉપરાઉપર ત્રણ ત્રણ લાડવા વિગેરે ચડાવી તેની નિવેદની હાર કરે.

આ ગોત્રના વંશજો મોરબી, નવાનગર, સુરત ( ગોપીપુરા, ) મુંદરા, અંજાર, ભુજ, ગોધરા, માંડવી, પોરબંદર, વેરાવલ, બાખ્ખા, પાટણ, વિરમગામ, પારકર, ચોરવાડ, પ્રભાસપાટણ, દીવ, ખજુરડા, ભોજાય, રતડીઆ, કોટડી, વાંઢ, વીસોતરી, લાખાબાવર, ડબાસંગ, ભદ્રેસર, સોનારડી, પડધરી, મેમાણા, ભાતેલ, ચંગા, સેરડી, તરઘરી, ધાનુંગામ, બારાંભડી, વારાહી, પડાણા, ચાંગણાદ, મોડકુબા, મોડપુર, નાગના, દોઢીયા, રાફુદડ, ચેલા, ભુજપર, આસંબીયા, વાંકટ, પીપલી, ધાનેગામ, લુંસ, સરમત તુંગી, મંજલ, સાભરાઇ, ડુમરા, માંઢા, બેડી, ઝાંખર, બેરાજા, કપાઠયા, વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં નગરપારકરમાં વિક્રમ સંવત ૧૩૯૮ માં થયેલા ભોજા, ઉદયવંત તથા મેઘાજલ નામના ત્રણ ભાઇઓએ વીસ લાખ પીરોજી ખરચીને ઘણાં ઘણાં ધર્મના કાર્યો કર્યાં છે. વિક્રમ સંવત ૧૬૨૪ માં નવાનગરમાં થયેલા તેજસીશાહે શ્રીશાંતિનાથજીનું શિખરબંધ મંદિર બે લાખ કોરી ખરચીને બંધાવ્યું. ત્યારબાદ વિક્રમ સંવત ૧૬૪૮ માં બાદશાહ અકબરના સુબા ખાન આજમે મુજફરની-વતી સૈન્ય લાવી નવાનગરપર ચઢાઇ કરી, અને હાલારદેશ ભાંગ્યો, તેથી તેજસીશાહ કચ્છમાંડવી નાશી ગયા. શાંતિનાથજીની તે પ્રતિમા યવનોને હાથે ખંડિત થઇ ગઇ, તથા દેરાસરમાં પણ ઘણી ભાંગતુટ થઇ. બીજે વર્ષે તેજસીશાહ પાછા માંડવીથી નવાનગરમાં આવ્યા. તથા સોરઠદેશથી બીજી નવી શાંતિનાથજીની મૂર્તિ મગાવી તેમાં સ્થાપન કરાવી. પછી તેજસીના પુત્ર રાજસી તથા નેણસીએ પોતાના પિતાએ કરેલા તે ખંડિત પ્રાસાદનો ઉદ્ધાર કરાવી પિતાની કીર્તિ અજવાળી. તથા તે પ્રાસાદને ફરતી બાવન દેરીઓ અને શિખરની પાછળ ઉપરાઉપર ત્રણ ચોમુખ બાંધીને તે પર સુંદર ટુંક કરાવી, તેમાં તેના વેવાઇ લાલણગોત્રીય ચાંપસિંહે ત્રીજા ભાગનું ખરચ પુણ્યનિમિત્તે આપ્યું, સર્વ મળી તેમાં ત્રણ લાખ કોરી ખર્ચ થયું. તેમાં શ્રીઅંચલગચ્છનાયક શ્રીકલ્યાણસાગરસૂરિજીએ સર્વ બિંબોની પ્રતિષ્ઠા કરી. ત્યારબાદ નેણસીશાહે પોતાના પુત્ર રામસી, સોમસી તથા કરમસીની સાથે મળીને ત્રણ લાખ કોરી ખરચીને શ્રીસંભવનાથજીનો શિખરબંધ સુંદર ચોમુખ પ્રાસાદ બંધાવ્યો, અને સહસફણાપાર્શ્વનાથના પ્રાસાદસુધી લાવીને તે પ્રાસાદને

રાજસી તેજસીના પ્રાસાદ સાથે મેળવી દીધો. વળી તેઓએ કાલાવડ, મયાંતરા, અને માંડા તથા ભલસાણમાં જિનપ્રાસાદ તથા ઉપાશ્રયો બંધાવ્યા. રાજકોટના ઠાકોર વિભાજીના આગ્રહથી તેઓએ ત્યાં શ્રીકૃષ્ણનું મંદિર બંધાવ્યું, દેહરીયાના રસ્તામાં મહાદેવનું મંદિર બંધાવ્યું. નદીપર લોકોના સુખમાટે પાંચ દેરી બંધાવી. તેમજ બીજા પણ વીસામા વિગેરે ઘણા બંધાવ્યા, ગોડીચા, ગીરનાર તથા શત્રુંજયનો સંઘ કહાડ્યો, સદાવ્રતો બાંધ્યા, પુસ્તકો લખાવી તેના ભંડાર કરાવ્યા. અંચલગચ્છનાયક શ્રીકલ્યાણસાગરસુરિશ્વરજીના ઉપદેશથી સંભવનાથઆદિક પાંચસો એક જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી, નવાનગરમાં સર્વ જ્ઞાતિઓને ઇચ્છાભોજન જમાડ્યાં. દેશપરદેશમાં અંચલગચ્છીય સર્વ શ્રાવકોમાં ઘરદીઠ લાણું કર્યું, અને તેમાં નવ લાખ કોરી ખરચી. બાદશાહ જહાંગીરના રાજમાંથી ગુજરાતમાં સર્વ યતિઓને નાસવું પડયું, તે વખતે ચોરાસીગચ્છના નવસો યતિઓને સાત વર્ષ સુધી આશ્રય આપ્યો. એવીરીતે તેઓએ પોતાનું નામ અમર રાખ્યું છે.

વળી આ નાગડાવંશમાં વિક્રમ સંવત ૧૪૬૫ માં નગરપારકરમાં થયેલા મુંજાશાહે અંચલગચ્છાધીશ શ્રીમેરૂતુંગસૂરીના ઉપદેશથી શ્રીપાર્શ્વનાથનું મંદિર બંધાવી તેમાં પિત્તલની પ્રતિમા સ્થાપી. વિક્રમ સંવત ૧૫૩૯ માં નગરપારકરમાં લખરાજઆદિક ચારે ભાઇઓએ શ્રીઅભિનંદનસ્વામિનું જિનમંદિર બંધાવ્યું. વળી આ નાગડાવંશમાં તે લખરાજઆદિક ચારે ભાઇઓ નગરપારકરના રાજા સાથે અણબનાવ થવાથી પોતાના પરિવારસહિત ચોરવાડમાં આવી વસ્યા, અને ત્યાં તેમણે ચોરવાડીદેવીને પોતાની ગોત્રજ સ્થાપીને તેના નીચે મુજબ કર કરવા માંડ્યા. દીવાલીને દિવસે સૂર્ય સન્મુખ કંકુની ૧૦ લીંટી કરી પાન ૧૦, સોપારી ૧૦, ચોખાની ઢગલી ૧૦, ખાજલાં ૧૦, ફાફડા ૧૦, લાડવા ૧૦, ઘારી ૧૦, વડાં ૧૦, સાંકલી ૧૦, દીવા ૧૦, કરે છે. એવીરીતે દીવાસે, બલેવે તથા હોળીએ પણ કરે છે. અને તેઓ ચોરવાડીયા કહેવાય છે, તેમાના કેટલાક પ્રભાસપાટણમાં પણ પાછળથી આવી વસ્યા છે. આ નાગડાવંશમાં થયેલા ઉદેસીનો પરિવાર કચ્છમાં વસ્યો. અને તેઓ કચ્છી મહાજન થયા. સહદેના વંશજો મહાવીરક્ષેત્રપાલનો દશ પાલી ઘઉંના લાડુ. તથા

એક પાલીના ખાજલાંનો કર કરે છે. વાકટના વંશજો તેના કર તરીકે દીવાલીએ સવા પાલીના તલવટ, નવ પુડલા, તથા પુત્ર જન્મે તો લાપસી તથા સુંવાલી બે પાલીની કરીને લાવે છે. આ નાગડાવંશની સાભરાઇમાં ઓધરણની સ્ત્રી ગાંગી સંવત ૧૭૧૧ માં તથા કુમરામાં દેવરની સ્ત્રી સતી થઇ છે. આ નાગડાવંશના ઘણા ફાંટાઓ થયા છે, અને તેઓમાંના કેટલાક કચ્છી મહાજન થયા છે. તથા તેઓમાં વાકટનો કર ઇત્યાદિ ગોલજાના જુદા જુદા પ્રકારના કરની પ્રવૃત્તિઓ કાલાંતરે થયેલી દેખાય છે.

સં. ૧૯૨૧ માં કચ્છીમહાજન નાગડા લઘુસજનીય શાખાના નલીયાના રહીશ શેઠ હીરજી નરસીની સ્ત્રી પુરબાઇએ શ્રીઅંચલગચ્છીય ભટ્ટારક શ્રીરત્નસાગરસૂરિજીના ઉપદેશથી પાર્શ્વનાથની પ્રતિમા ભરાવી, તેમજ ત્યાં તેજ વંશના શા. રાઘવ લખમણની સ્ત્રી દેમનબાઇએ અભેચંદપુત્રના પુન્યાર્થે શાંતિનાથજીની પ્રતિમા ભરાવી, આ કચ્છીનાગડાવંશમાં કચ્છ નલીયામાં સં. ૧૯૨૦ માં થયેલા, તથા મુંબઇના મહાન વ્યાપારી શેઠ નરસી નાથાએ શત્રુંજયપર મહાન જિનમંદિર બંધાવ્યું છે. જે શેઠ નરસી નાથાની ટુંકથી ઓળખાય છે, તેમજ પાલીતાણામાં તેમણે મ્હોટી ધર્મશાળા બંધાવી છે. ઇત્યાદિક ધર્મના કાર્યોમાં તેમણે ઘણું દ્રવ્ય ખરચ્યું છે. ગુજર નાગડાવંશમાં નવાનગરમાં ( જામનગરમાં ) થયેલા, અને મુંબઇના વ્યાપારી શેઠ. શોભાગચંદ કપુરચંદે પાલીતાણામાં વિશાળ ધર્મશાળા સંવત ૧૯૬૦ ની લગભગમાં બંધાવી છે, તેમજ બીજું ઘણું દ્રવ્ય ધર્મમાર્ગમાં ખરચ્યું છે, ઉત્તરાધ્યયનસૂત્રની લક્ષ્મીવલ્લભીટીકાની અઢીસો નકલો સાધુ સાધ્વીઓના ઉપયોગમાટે છપાવી પ્રસિદ્ધ કરી હતી, તેમજ કલ્પસૂત્રની સુબોધિકાટીકા પણ છપાવી પ્રસિદ્ધ કરી છે, જામનગરના શેઠ વર્દ્ધમાનશાહ તથા રાયસીશાહના દેરાસરોના જીર્ણોદ્ધારમાં પણ તેમણે દ્રવ્ય આપ્યું છે.

આ નાગડાવંશના કેટલાક ભાગ્યવંત વંશજો માટે કોઇ પ્રાચીન કવિએ નીચે મુજબ કવિત કહેલું છે.

ઉદયવંત ઉદ્દિદ્ધ જાસ કુલ સુગુણહ જાણો ।
સુટાસુતસમરત્થ વલી નરસિંગ વખાણો ॥

વીરપાલ વડવીર વલી છે ભરમો ચારૂ ।
જગમાં જયવંત હીર સકલ જેણે કીધો વારૂ ॥
અનુક્રમે વલી ભોજ અલી મંત્રવી મંડણો ।
જયવંત સુત જાણીયેં
ભોજાણી ભૂપત ભલા વસુધામાંહેં વખાણીયેં ॥ ૧ ॥

એવીરીતે પ્રસંગોપાત નાગડાગોત્રની ઉત્પત્તિ અહીં વર્ણવી છે.

પછી ત્યાંથી વિહાર કરીને તે શ્રીજયસિંહસૂરિજી તે પારકરદેશમાં આવેલા પીલુડા નામના ગામમાં આવ્યા. તે સમયે ત્યાં સોલંકીવંશના રાવજી નામના ક્ષત્રિય ઠાકોર રાજ્ય કરતા હતા. તે રાવજીના પૂર્વજોમાં પહેલા કાન્હડદે નામના રાજા મરૂદેશના આભૂષણરૂપ ઝાલોર નામના નગરમાં વિક્રમ સંવત ૭૧૩ માં રાજ્ય કરતા હતા. એક વખતે ત્યાં પધારેલા વિદ્યાધરકુલને શોભાવનારા શ્રીસ્વાતીઆચાર્યજીની ધર્મદેશના સાંભળીને પ્રતિબોધ પામેલા તે કાન્હડદેરાજાએ પોતાના પુત્ર રાયધનસહિત મિથ્યાત્વનો ત્યાગ કરીને જૈનધર્મ અંગીકાર કર્યો. પછી તે શ્રીસ્વાતિઆચાર્યજીના ઉપદેશથી તે કાન્હડદેરાજાએ ત્યાં ઝાલોરનગરમાં શ્રીચંદ્રપ્રભસ્વામિનો મનોહર જિનપ્રાસાદ બંધાવ્યો. એવીરીતે જૈનધર્મ સ્વીકારવાથી તે કાન્હડદેરાજાની સચ્ચાવનામની કુલદેવી વિવિધપ્રકારના ઉપદ્રવો કરવા લાગી. ત્યારે તે સ્વાતિઆચાર્યજીએ ચક્રેશ્વરીદેવીનું આરાધન કરીને તે સચ્ચાવદેવીને સમકીતી કરી, અને ત્યારથી તે તેને ઉપદ્રવ કરતી બંધ રહી. તે કાન્હડદેના રાયધનનામે પુત્ર હતા, અને તે રાયધનના વલ્હનામના પુત્ર રીસાઇને પ્રલ્હાદનપુરમાં ( પાલણપુરમાં ) આવ્યા. તે વલ્હના વ્યાસદેવ નામના પુત્ર થયા. તેના વાહડનામે, તેના લુંગાનામે, અને તેના સહેજા તથા આસધીરનામે બે પુત્રો થયા. તેમાના આસધીરના પુણ્યપાલ, અને તેના જીણાજી, તેના વરણાજી, અને તેના પદાજી નામના પુત્રે કુલપરંપરાથી ચાલ્યા આવતા જૈનધર્મનો ત્યાગ કરીને પાછો મિથ્યાત્વનો સ્વીકાર કર્યો. તે પદાજીને ગેહાજીનામે પુત્ર થયો, અને તેના પર્વતજી નામે પુત્ર થયા. તે પર્વતજીના પેથાજી, નગાજી તથા વીરાજી નામના ત્રણ પુત્રો થયા, અને તેઓ ત્રણે પારકરદેશમાં પિતાએ ગરાસ તરીકે આપેલા પિલુડા નામના ગામમાં વસતા હતા.

તેઓમાંથી પેથાજીને જમ્માદેવી નામની સ્ત્રીથી ઉત્પન્ન થયેલા રાવજી નામના પુત્ર તે પીલુડાગામમાં રાજ્ય કરતા હતા. એવીરીતે પ્રસંગોપાત અહીં તે રાવજીઠાકોરના પૂર્વજોનો સંબંધ સંક્ષેપથી કહ્યો. તેઓનું વિશેષ વૃત્તાંત દેવધરે રચેલા " કાન્હડદેવરાસપ્રબંધ " નામના ગ્રંથથી જાણવું.

હવે તે રાવજીઠાકોરની રૂપાદેવી નામની એક ઉત્તમ શીલવંત રાણી હતી, અને બીજી સારાદેવી નામની રાણી હતી. તેઓમાંથી પહેલી સારાદેવીરાણીની કુક્ષિથી ઉત્પન્ન થયેલા રાણાજી અને કાનાજી નામના બે પુત્રો હતા. અને રૂપાદેવીની કુક્ષિથી ઉત્પન્ન થયેલા લક્ષ્મીરજી અને લાલણજી નામના બે પુત્રો હતા. તેઓમાંથી લાલણજી નામનો ન્હાનો પુત્ર પૂર્વે બાંધેલાં દુષ્કર્મના પ્રભાવથી કુષ્ટરોગવડે પીડિત થયેલો હતો. હવે તે રાવજીઠાકોરનો ત્યાં જૈનધર્મ પાલનારો અને ઓશવાળજ્ઞાતિમાં આભૂષણસમાન દેવસિંહ નામે એક ઉત્તમ મંત્રી હતો. હવે તે દેવસિંહ શ્રાવક તે મહાપ્રભાવિક શ્રીમાન્ જયસિંહસૂરિજીનું ત્યાં પોતાના પીલુડાગામમાં આગમન જાણીને તેમને વાંદવામાટે આવ્યો. ત્યારે તે આચાર્યજીએ પણ તેને ભાવિક અને યોગ્ય જાણીને ધર્મલાભ આપવા પૂર્વક અમૃતસરખી મિષ્ટ વાણીથી મંગલિક સંભળાવ્યું. પછી તે દેવસિંહ શ્રાવક પણ ગુરૂમહારાજને વાંદીને પોતાને સ્થાનકે ગયો, પછી સંધ્યાકાળે તે દેવસિંહમંત્રીએ પોતાના સ્વામી રાવજીઠાકોરપાસે તે શ્રીજયસિંહસૂરિજીનું ત્યાં પધારવું જણાવીને કહ્યું કે, હે સ્વામી ! આ અમારા ગુરૂમહારાજ પ્રભાવિક તથા સર્વ વિદ્યાઓમાં પારંગામી છે, અને તેમના દર્શનથીજ માણસોના મનમાં હર્ષ ઉત્પન્ન થાય છે. તે સાંભળી ખુશી થયેલા તે રાવજીઠાકોરે કહ્યું કે, હે મંત્રિન્! ત્યારે તો એવા મહાત્માનું અમો પણ પ્રભાતે દર્શન કરીશું. વળી એવા કારણવિન ઉપકાર કરનારા મહાત્મા ખરેખર અમારાપર કૃપા કરીને આમારા લાલણજીકુમારના કુષ્ટરોગને દૂર કરવાનો ઉપાય પણ કહેશે. તે સાંભળી દેવસિંહે કહ્યું કે, હે સ્વામિન્! ખરેખર એવા નિઃસ્પૃહી મહાત્મા તો પરોપકારના કાર્યમાંજ રક્ત હોય છે. પછી પ્રભાતે તે રાવજીઠાકોર પોતાના મંત્રી એવા તે દેવસિંહની સાથે તે શ્રીજયસિંહસૂરિજીને ઉપાશ્રયે ગયા, અને ત્યાં તે આચાર્યમહારાજને વાંદીને

तेमनी पासे तेओ बेठा. पछी ते देवसिंह श्रावके आचार्य महाराजने कह्युं के, हे स्वामिन! गांभीर्य आदिक गुणोवाळा तथा आ पीलुडा गामना अधिपति, अने क्षत्रिय जातिना आ रावजी मारा स्वामी छे, अने हुं तेमनो मंत्री छुं. आ मारा स्वामीना चार पुत्रोमांहेथी सर्वथी न्हानो लालण नामनो पुत्र पूर्वे करेलां दुष्कर्मना प्रभावथी कुष्ट नामना भयंकर रोगथी पीडित थयेलो छे. वळी आप सरखा महात्माओ आ जगतमां निःस्वार्थपणे परोपकार करवामांज रक्त होय छे. माटे कृपा करीने तेनो रोग दूर थाय तेवो कंइक उपाय बतावो? ते सांभळी आचार्य महाराजे कह्युं के, हे उत्तम श्रावक! तजी दीधेल छे सघळो सावद्य व्यापार जेओए एवा अमो मुनिओ हमेशां धर्मकार्योमां रक्त थयाथका, अने फक्त अध्यात्मध्यानरूपी शुभकार्यमांज निमग्न थइ मोक्षार्थनेज साधीये छीये. तोपण जैन-शासननी उन्नति माटे अने धर्मकार्यनी वृद्धिअर्थे अमो परोपकार करवामां उद्यमवंत रहीये छीये, अने तेथी ते लालणजीनो रोग दूर थवामाटे अमो पापरहित उपाय कहीशुं. एम कही आचार्य महाराजे धर्मनो लाभ थनारो जाणीने फरीने कह्युं के, हे उत्तम श्रावक! ते लालणजी कुमार अठमनो तप करवापूर्वक महाकालीदेवीनुं आराधन करे, अने तेणीनी कृपाथी खरेखर ते रोगरहित थशे. एवी रीतनी गुरुमहाराजनी वाणी सांभळीने खुशी थयेला ते रावजी ठाकोर तेमने वांदीने देवसिंह सहित पोताने स्थानके आव्या; पछी तेणे पोताना न्हाना पुत्र लालणजीने बोलावीने गुरुमहाराजे कहेलो वृत्तांत कह्यो. शुभ थवाना संयोगथी लालणजीए पण अठुमतपपूर्वक एकाग्रमनथी एकांते ते महाकालीदेवीनुं आराधन कर्युं. त्रीजे दिवसे संतुष्ट थयेली ते देवीए प्रत्यक्ष थइ तेने कह्युं के, हे लालण! तमारे तेज प्रभाविक एवा श्रीजयसिंहसूरिजीना चरणोदकवडे शरीरमां लेपन करवुं, अने तेम करवाथी तमारो कुष्टरोग दूर थशे. पछी लालणजीए प्रभातमां ते वात पोताना मातापितापासे कही त्यारे तेना मातापिता पण घणा खुशी थइने तेज वखते लालणजी आदिक परिवारसहित देवसिंहनी साथे गुरुमहाराजने उपाश्रये गया, तथा त्यां गुरुमहाराजने वांदीने रावजी ठाकोरे देवीए कहेलो वृत्तांत कही संभळाव्यो. पछी ते देवसिंहमंत्रीए पण ते श्रीजयसिंहसूरिजीनी आज्ञाथी प्रासुक जळवडे सुवर्णनी थाळीमां तेमना चरणो धोया, पछी तेओ

સઘળા ગુરુમહારાજને વાંદીને તથા તેમનું તે ચરણોદક લેઇને પોતાને સ્થાનકે આવ્યા, અને તેજ વખતે લાલણજીએ પણ મનમાં મહાકાલીદેવીનું ધ્યાન ધરીને ગુરુમહારાજના તે ચરણોદકનું પોતાના સમસ્ત શરીરપર લેપન કર્યું. પછી તે દિવ્ય ચરણોદકના પ્રભાવથી તુરતજ તેનું શરીર રોગરહિત થઇ સુવર્ણના વર્ણ સરખું થયું. એવીરીતે પોતાના તે પુત્રને કુષ્ટરોગથી રહિત થયેલો જોઇને તેના માતાપિતા લાલણજીને સાથે લેઇ ગુરુમહારાજપાસે ગયા, પછી ત્યાં ખુશી થયેલા તે લાલણજીએ પોતાના માતા પિતાજીની પ્રેરણાથી એકસો સોનામોહોરો ગુરુમહારાજના ચરણોમાં ધરીને તેમને વંદન કર્યું. અવસર જાણનારા ગુરુમહારાજે પણ તેના મસ્તકપર સુગંધી વાસક્ષેપ નાખીને તેને કહ્યું કે, હે મહાભાગ્યશાલી લાલણજી! અમો નિસ્પૃહી મુનિઓ દ્રવ્યને સ્પર્શ પણ કરતા નથી, પછી એવી રીતે તેમનું નિઃસ્પૃહીપણું જાણીને તે લાલણજીના માતાપિતા આશ્ચર્ય પામી હાથ જોડી ગુરુમહારાજને વિનવવા લાગ્યા કે, ત્યારે હે ભગવન્! આપ અમારા યોગ્ય કંઈ પણ કાર્ય અમોને ફરમાવો? ત્યારે ગુરુમહારાજે કહ્યું કે, હે ભાગ્યશાલીઓ! તમો આ લોક અને પરલોકમાં હિતકારી એવા જૈનધર્મને સેવો? કેમકે જીવહિંસાથી નિવૃત્ત થયેલા પ્રાણીઓ આ લોકમાં પણ સુખ મેળવીને,તથા પરલોકના પણ દેવલોકના મનોહર સુખ ભોગવી અંતે મોક્ષમાં જઇ અનુપમ અને શાશ્વતું સુખ ભોગવે છે. એવીરીતે ગુરુમહારાજે કહેલો ઉપદેશ સાંભળીને રાવજી ઠાકોરે, તેમની સ્ત્રી રૂપાદેવીએ અને લાલણજીએ ગુરુમહારાજે કહેલો અહિંસામય (દયામય) જૈનધર્મ અંગીકાર કર્યો. પછી તે ત્રણેએ સમ્યકત્વમૂલ શ્રાવકના બારે વ્રતો ગુરુમહારાજના મુખથી સ્વીકાર્યાં. એવીરીતે વિક્રમ સંવત ૧૨૨૯ માં લાલણજીએ પોતાના માતાપિતા સહિત જૈનધર્મ સ્વીકાર્યો છે.પછી ગુરુમહારાજના ચરણે ધરેલી તે એકસો સોનામોહોરો ખરચીને ગુરુમહારાજના ઉપદેશથી લાલણજીએ ત્યાં પોતાના પીલુડાગામમાં શ્રી શાંતિનાથપ્રભુની એક દેરી બંધાવી, તથા તેમાં તે શ્રીજયસિંહસૂરિજીના ઉપદેશ અનુસાર કુલગુરુના હાથે પ્રભુની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. પછી તે ગુરુમહારાજના ઉપદેશથી દેવસિંહમંત્રીએસાધર્મિ પણાથી તે લાલણજીને પોતની ઓશવાલજ્ઞાતિમાં ભેળવી દીધા. પછી તે ગુરુમહારાજ પણ લાલણજીના આગ્રહથી તેજ પીલુડાગામમાં પોતાના શિષ્યોસહિત ચતુર્માસ રહ્યા. વળી

ત્યાંથી માંડીને તે લાલણજીનો પરિવાર "લાલણગોત્રના" નામથી વિધિપક્ષગચ્છની સામાચારી પાલતો થકો પ્રસિદ્ધિ પામી પૃથ્વીપર વિસ્તાર પામ્યો.

લાલણજીના પિતા રાવજી ઠાકોર ગુજરી ગયા બાદ તેના મૃત્યુ-કારજના સંબંધમાં લાલણજીને તેના મ્હોટા ભાઇ લખધીરજી સાથે મતભેદ થવાથી લાલણજી રીસાઇને પોતાની માતા રૂપાદેવીસહિત કચ્છદેશમાં આવેલા ડોણનામના ગામમાં પોતાને મોશાળ આવ્યા. ત્યાં તેમના મામા સુરાજીઠાકોર રાજ્ય કરતા હતા. તેમને સંતાન ન હોવાથી પોતાના ભાણેજ એવા તે લાલણજીને પોતાના રાજ્યની ગાદીપર બેસાડ્યા, તે જોઇ લાલણજીની માતા રૂપાદેવી પોતાના હૃદયમાં ખુશી થયાં. પછી કેટલેક કાળે તે સુરાજી ઠાકોર અને રૂપાંદેવી પણ મૃત્યુ પામી સ્વર્ગે ગયાં. પોતાની માતાના મૃત્યુ કારજ પ્રસંગે લાલણજીએ પોતાના મ્હોટા ભાઇ લખધીરજીને પીલુડાથી બોલાવ્યા, ત્યારે તે લખધીરજી પણ કુટુંબસહિત ત્યાં ડોણમાં આવ્યા. પછી તે બન્ને ભાઇઓએ હળી-મળી પોતાની માતાનું મૃતકાર્ય કર્યું. તથા તેમના અગ્નિસંસ્કારની જગોએ ડોણગામના પાદરમાં તળાવને કિનારે એક દેરી બંધાવીને તેમાં તેની મૂર્તિ સ્થાપી. જે સ્થાન આજે પણ "આઇના સ્થાન" તરીકે ઓળખાય છે, અને તે લાલણજીના વંશજો હાલ પણ તે સ્થાનકે જઈ વરકન્યાની છેડાછેડી છોડે છે.

મૂળ રજપુત વખતની ગોત્રજા સચાયદેવીનું સ્થાન ઝાલોરમાં છે. તથા બીજું સ્થાન ભિન્નમાલ નગરમાં ખીમજા ડુંગરીપર ગાજણાટુંકે છે,

જૈની થયા પછી ગોત્રજા દેવી મહાકાલીનું સ્થાન પાવાગઢ ઉપર છે, તથા અંબાઇ માતાનું સ્થાન ગિરનાર પર છે. કર—જન્મે, મુંડણે, પરણે પારકર દેશનો ૧૮ પાલી ઘઉંના દલ કરી તેના મોદક કુટુંબમાં લાવા, ફેઇને શ્રીફલ એક તથા કપડું ગજ એક દેવું. ભેંસને પાડી આવે ત્યારે બે પાલીની લાપસીનું નિવેદ કરવું, પાડો આવે અથવા ગાય વીઆય ત્યારે પાલી એકનું નિવેદ કરવું, કાંકણ છોડે ત્યારે ઘઉં ટોકડીયા આઠ, ખાંડ શેર બે અને ઘૃત શેર બેનું મગદ કરવું, તથા શ્રીફલ એક અને જમણીનું કપડું ગજ એક એ પ્રમાણે નવો કર છે.

કુકડેસરવાળા ખેત્રપાળનો કર—પડસુદી શેર સાત, ખાંડ શેર સાતનું ઘૃતમાંહેં મગદ કરવું, શ્રીફલ એક વધારવું; જમણી ગજ એક અને તેલ શેર પાંચ ખેત્રપાળને ચડાવવું.

જુના કર–પરણે, મુંડણે, જન્મે પોણી સઇના મગદ, શ્રીફલ એક તથા જમણી ગજ એક ઘૃત શેર એક તથા તેલ શેર અરધથી પાવાગઢવાળી ગોત્રજા જુહારવી.

આ લાલણ ગોત્રનાં વંશજો મુંદ્રા, નવાનગર, અંજાર, નગરપારકર, હાલા, ભુજ, અમરકોટ, કોઠારા ભોપદ, સુમરાસર, સિદ્ધપુર (સિંધ), જેસલમેર, જેસલમેર, વડોદ્રા ( સોરઠ ), માંડવી, લુઅડી ( પારકર ), ભલસારણ, રાડદ્રહા, વાટા, ટાકી, કોટડીયા, પંચાલીયા, રાધનપુર, મીયાણી, સુરાચંદ, ભાદરેસા, નસરપુર, લોદ્રાણી, મહુવેચી, કેરવાડા, સેઓ, બાડમેર, સાચોરા, કોટડા, વીરાવાવ, રામની‌આ, પીલુડા તથા આધી વિગેરે ગામોમાં વસે છે.

આ લાલણના વંશમાં નગરપારકરમાં થયેલા વેલાજીના પુત્ર વરજાંગ તથા જેસાજીએ પાખીને દિવસે આઠ પહોરનો પોસહ કર્યો હતો, તે દિવસે સંધ્યાકાળે લક્ષ્મીદેવી સ્ત્રીનું રૂપ કરીને તથા શ્વેત વસ્ત્ર પહેરીને તેને ઘેર આવી, તથા જેસાજીની સ્ત્રીને કહ્યું કે મને રાતવાસો રહેવાને સ્થાન આપો? જેસાજીની સ્ત્રીએ ઘણા આદરમાનપૂર્વક તેણીના પગ ધોઇ ઘરમાં બિછાનાપર સુવાડી, પ્રભાતે જેસાજી પોસહ પારી ઘેર આવ્યા, પછી દેવપૂજા તથા ગુરુભક્તિ કરીને પારણું કરવા બેઠા, ત્યારે તેની સ્ત્રીએ કહ્યું કે આપણે ત્યાં રાત્રે પ્રાહુણી સ્ત્રા આવ્યાં છે, તે હજુ ઉઠયાં નથી, માટે તેને પણ ઉઠાડીને જમવા બેસાડીયેં. જેસાજીએ કહ્યું કોણ સ્ત્રી આવી છે? અને તે કયાં છે? ત્યારે તેણીએ રાત્રિનો વૃત્તાંત કહ્યો, શેઠે કહ્યું ત્યારે તો તેને ઉઠાડીને તુરત જમવા બેસાડો? ત્યારે જે ઓરડામા તેણીને સુવાડી હતી, તે ઉઘાડી જોયું તો ત્યાં કોઇ પણ સ્ત્રી નજરે પડી નહી, અને તેથી સર્વને આશ્ચર્ય થયું. પછી રાત્રિએ જેસાને સ્વપ્નમાં આવી લક્ષ્મીદેવીએ કહ્યું કે તારા પુણ્યથી ખેંચાઇને હું આજથી તારે ઘેર રહી છું. તારી સ્ત્રીએ મને ઘણું આદરમાન દીધું છે. પછી તે જેસાજીના ઘરમાં ઘણું દ્રવ્ય થયું, અને તેથી તેણે ગુજરાતમાં આવી પાટણ, અમદાવાદ, ખંભાત તથા વીરમગામ આદિક આખા ગુજરાતમાં, તથા ચિતોડ નાગોર, જોધપુર,

સીરોહી, નાડલાઇ, જેસલમેર, બાડમેર, કોટડા, અમરકોટ, પારકર, સાચોર, ભિન્નમાલ વિગેરે મારવાડ તથા મેવાડમાં સર્વ જગોએ સંઘમાં ખાંડની તથા ત્યાં ત્યાંના સિક્કાઓની લાણી કરી, અને અમરકોટમાં શિખરબંધ જૈનમંદિર બંધાવ્યું, તથા ચતુર્વિધ સંઘની ઘણી ભક્તિ કરી. એવીરીતે તે જેસાજી અંચલગચ્છમાં ઘણાજ પ્રભાવિક શ્રાવક થયા છે, વળી તેણે પીલુડામાં પણ જિનમંદિર બંધાવ્યું, અને "જેસો જગદાતાર" એવું બિરુદ ધરાવ્યું.

વિક્રમ સંવત ૧૫૫૭ માં ફાગણ સુદ ૮મે પીલુડાગામમાં આ વંશમાં થયેલા શેઠ ભોજાશાહે જિનમંદિર બંધાવ્યું. અને અંચલગચ્છના આચાર્ય શ્રીસિદ્ધાંતસાગરસૂરિજીએ તેની પ્રતિષ્ઠા કરી.

હવે ચતુર્માસબાદ તે શ્રીજયસિંહસૂરિજી પણ પીલુડાથી વિહાર કરી બીજે સ્થાનકે ગયા, તથા અનુક્રમે તેઓ પાટણમાં આવ્યા; ત્યાં પોતાના એટલે વિધિપક્ષગચ્છના શ્રાવકોના તથા શાલવીઓના આગ્રહથી તે ચતુર્માસ રહ્યા. હવે આપસાહેબ પર્યુષણાપર્વ આવે ત્યાંસુધી અમોને આવશ્યકસૂત્રનું વિવરણ સંભળાવો? એવીરીતની શ્રાવકોની વિનંતિ સ્વીકારીને તે શ્રીજયસિંહસૂરિજીએ વ્યાખ્યાનમાં તે આવશ્યકસૂત્રનું વિવરણ વાંચવા માંડ્યું એવામાં કેટલાક (પરગચ્છના) ઇર્ષ્યાલુ યતિઓએ કુમારપાલરાજાને કહ્યું કે, હે રાજન્! આપ અને અમો હમેશાં ભાદરવાસુદ ચોથને દિવસે સંવચ્છરીપર્વનું આરાધન કરીએ છીએ. પરંતુ અહીં રહેલા કેટલાક યતિઓ તે પર્વને પાંચમને દિવસે આરાધે છે, તેવીરીતનો ધર્મભેદ આપના નગરમાં શોભે નહી. એવીરીતની તેઓની પ્રેરણાથી રાજાએ હુકમ કર્યો કે, પાંચમને દિવસે સંવત્સરીપર્વ આરાધનારાઓએ આજથી મારા નગરમાં રહેવું નહી. એવીરીતની રાજાની આજ્ઞા થવાથી શ્રીજયસિંહસૂરિજીવિના પાંચમને દિવસે સંવત્સરીપર્વ આરાધનારા બીજા જુદાજુદા ગચ્છના યતિઓ ત્યાંથી નિકળી બીજે વિહાર કરી ગયા. પછી શ્રીજયસિંહસૂરિજીએ પોતાના એક વાચાલ શ્રાવકને બોલાવી કહ્યું કે, તમારે કુમારપાલ રાજાપાસે જઇ અમારૂં નામ લીધાવિના કહેવું કે, અમારા ગુરૂ પાંચમને દિવસે સંવત્સરીપર્વનું આરાધન કરનારા છે, અને તેઓએ વ્યાખ્યાનમાં આવશ્યકસૂત્ર વાંચવાનો પ્રારંભ કરેલો છે, તથા તેમાં

પ્રથમ તેઓ નવકારમંત્રનું વિવરણ કરે છે. હવે તે નવકારમંત્રનું વિવરણ સમાપ્ત કરીને તેઓ નગરમાંથી જાય, કે તે અધુરૂ મૂકીનેજ જાય ? પછી સ્વભાવથીજ નિર્ભય એવા તે શ્રાવકે પણ રાજાની સભામાં જઈ ગુરૂમહારાજે કહેલો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી આશ્ચર્ય પામેલા તથા કંઈક ક્રોધાયમાન થયેલા કુમારપાલરાજાએ ત્યાં સભામાં બેઠેલા પોતાના ગુરૂ શ્રીહેમચંદ્રાચાર્યજીને પૂછયું કે, હે ભગવન્ ! આવીરીતે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર આ શ્રાવકનો ગુરૂ કોણ છે? ત્યારે અવસર જાણનારા શ્રીહેમચંદ્રાચાર્યજીએ કહ્યું કે, હે રાજન્! આપના પરિચયવાળા તથા દિગંબરોપર વિજય મેળવનારા, મહાપ્રભાવિક, તથા મંત્ર, યંત્રઆદિકની વિદ્યાના પારંગામી વિધિપક્ષગચ્છના તે શ્રીજયસિંહસૂરિજી છે. અને તેઓ તો પોતાની વિદ્વત્તાના પ્રભાવથી છેક બારવર્ષોસુધી પણ એક નવકારમંત્રનુંજ વિવરણ કરવાને સમર્થ છે. વળી તેઓને ક્રોધ ઉપજાવવો, એ આપને પણ હિતકારી નથી. તે સાંભળી પોતાના મનમાં કંઈક ભય પામેલો તે કુમારપાલરાજા પશ્ચાત્તાપ કરવા લાગ્યો, અને સભા વિસર્જન કરી તુરત તે શ્રીજયસિંહસૂરિજીને ઉપાશ્રયે ગયો, તથા ત્યાં તે ગુરુમહારાજના ચરણોમાં વંદન કરી પોતાના અપરાધની ક્ષમા માગવા લાગ્યો. ત્યારે સ્વભાવથીજ શાંત એવા તે ગુરુમહારાજે તેને ધર્મલાભ આપી કહ્યું કે, હે રાજન્ ! આ બાબતમાં આપનો કંઇ પણ અપરાધ નથી. અમો તો હમેશાં ક્ષમાયુક્ત થયાથકા કર્મ સ્વભાવપરજ એક શ્રદ્ધા રાખીને કોઈ પણ પ્રાણીપર ક્રોધ કરતા નથી. પરંતુ હે રાજન્ ! તમારી બુદ્ધિમાં જે આ વિપર્યાસ થયેલો જણાય છે, તે ખરેખર હવે તમારૂં સ્વલ્પ આયુ સૂચવે છે, માટે હવે તમારે ધર્મકાર્યોમાં વિશેષપ્રકારે ઉદ્યમ કરવો જોઇયે. હમણાસુધી પરમજૈની એવા તમોએ વિવિધપ્રકારનાં ધર્મકાર્યો કરીને જિનશાસનની પ્રભાવના કરેલી છે. વળી જિનમંદિરો આદિક બંધાવવાવડે કરીને તમોએ પૂર્વે થયેલા સંપ્રતિરાજાની બરોબર તમારા આત્માને પુણ્યશાલી કરેલો છે, માટે હજુ પણ ધર્મકાર્યોમાંજ એકચિત્તવાળા થઇને તમો તમારા મનુષ્યજન્મને સફલ કરો? એવીરીતે ગુરૂમહારાજે કહેલાં વચનો સાંભળીને ફરી ફરીને (પોતાના અપરાધની) ક્ષમા માગવાપૂર્વક તે કુમારપાલરાજા તેમને વંદન કરી તેજ વખતે શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજીની પાસે ગયા. ત્યાં તેમને વંદન કરી તેણે શ્રીજયસિંહસૂરિજીએ કહેલો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. ત્યારે

નિમિત્તશાસ્ત્રમાં વિચક્ષણ એવા તે શ્રીહેમચંદ્રાચાર્યજીએ પણ તે સઘળું સત્ય જાણીને રાજાને કહ્યું કે, હે રાજન! જ્યોતિષ્શાસ્ત્રના પારંગત એવા તે શ્રીજયસિંહસૂરિજીએ તે સઘળું સત્ય કહેલું છે, અને તેથી હવે આપે આરાધનામાંજ તત્પર થવું. એવીરીતે તેમણે કહેવાથી તે કુમારપાલ રાજા પણ આરાધનામાં તત્પર થયોથકો સાતમે દિવસે મરણ પામી દેવલોકે ગયો. પછી ચતુર્માસબાદ તે શ્રીજયસિંહસૂરિજી પણ ત્યાંથી અન્ય જગોએ વિહાર કરી ગયા. એવીરીતે વિવિધપ્રકારની શ્રીજૈનશાસનની પ્રભાવના કરતા તે શ્રીજયસિંહસૂરિજી પોતાના પરિવારસહિત અનેક ગામો તથા નગરોઆદિકમાં વિહાર કરીને અનુક્રમે ગિરનારપર્વતપર યાત્રા કરીને વિક્રમ સંવત ૧૨૫૮ માં પ્રભાસપાટણમાં પધાર્યા. પછી ત્યાં તેમણે પોતાનું આયુ સ્વલ્પ જાણીને શ્રીધર્મઘોષસૂરિજીને પોતાની પાસે બોલાવ્યા. પછી તેમને ગચ્છનો ભાર સોંપીને પોતાનું એંસી વર્ષોનું આયુ સંપૂર્ણ કરી વિક્રમ સંવત ૧૨૫૯ માં તે દેવલોકે ગયા. તે વખતે ત્યાં પ્રભાસપાટણનગરમાં સંઘે મલીને અઠ્ઠાઇમહોત્સવ કર્યો, તથા ત્યાં ત્રિવેણીના સંગમપાસે એક સ્તૂપપર તેમની પાદુકાઓ સ્થાપી. આ શ્રીજયસિંહસૂરિજીએ રચેલા ગ્રંથો નીચે જણાવ્યા મુજબ છે—

કર્મગ્રંથની બૃહત્ટીકા, કમ્મપયડીની ટીકા, કર્મગ્રંથવિચાર ટિપ્પન, કર્મવિપાકસૂત્ર, ઠાણાંગટીકા, જૈનતર્કવાર્તિક તથા ન્યાયમંજરી ટિપ્પનઆદિક બીજા પણ ગ્રંથો રચેલા છે.

આ શ્રીજયસિંહસૂરિજીએ નીચે જણાવ્યા મુજબ ક્ષત્રિઓને પ્રતિબોધી જૈની કરીને નીચે મુજબ ગોત્રો સ્થાપ્યાં છે—

(૧) વિક્રમ સંવત ૧૧૦૮ માં હથુડીયા રાઠોડ વંશના અખયરાજ (અનંતસિંહ) ને પ્રતિબોધી "હથુડીયા" ગોત્ર સ્થાપ્યું છે. ( આ પુસ્તકના પૃષ્ટ ૧૫૪ની દશમી પંક્તિથી પૃષ્ટ ૧૫૫ સુધી જાણવું. )

(૨) વિક્રમ સંવત ૧૨૨૪ માં રાઠોડ રાઉ ફણગરને પ્રતિબોધીને "પીપાડીયા" ગોત્ર સ્થાપ્યું છે. ( આ પુસ્તકના પૃષ્ટ ૧૬૦ ની છવીસમી પંક્તિથી પૃષ્ટ ૧૬૨ ની પંક્તિ ૭ સુધી જાણવું. )

(૩) વિક્રમ સંવત ૧૨૨૮ માં પરમારવંશી રાઉ શ્રીમોહણસિંહને પ્રતિબોધી "નાગડા" ગોત્ર સ્થાપ્યું છે. (આ પુસ્તકના પૃષ્ટ ૧૬૨ ની દશમી પંક્તિથી પૃષ્ટ ૧૬૬ સુધી જાણવું. )

(૪) વિક્રમ સંવત ૧૨૨૯ માં સોલંકી પરમાર રાઉ શ્રીલાલણને પ્રતિબોધી "લાલણ" ગોત્ર સ્થાપ્યું છે. (આ પુસ્તકના પૃષ્ટ ૧૬૭ ની પંક્તિ સાતમીથી પૃષ્ટ ૧૭૩ ની દશમી પંક્તિ સુધી જાણવું.

(૫) વિક્રમ સંવત ૧૨૩૧ માં ડીડુજ્ઞાતિના ચોવરી બિહારીદાસને પ્રતિબોધી "સહુસગણા ગાંધી" ગોત્ર સ્થાપ્યું છે.

(૬) વિક્રમ સંવત ૧૨૫૫ માં જેશલમેરના ચાવડાવંશી રાઉ શ્રી દેવડને પ્રતિબોધી "દેઢીયા" ગોત્ર સ્થાપ્યું છે. તે નીચે પ્રમાણે–

મારવાડમાં આવેલા જેસલમેરમાં વિક્રમ સંવત ૧૨૫૫માં દેવડ નામના ચાવડા રજપુતને જયસિંહસૂરિએ પ્રતિબોધીને જૈની કર્યો. અને તેથી તે બારવ્રતધારી શ્રાવક થયો, અને તેને ઓશવાળજ્ઞાતિમાં ભેળવી દીધો. તે દેવડના પુત્ર ઝામરે ઝાલોરનગરમાં એક લાખ સીંતેર હજાર ટંક ખરચીને શ્રીઆદિનાથપ્રભુનો શિખરબદ્ધ પ્રાસાદ બંધાવ્યો, તથા આખા દેશમાં વસ્ત્રઆદિકની લ્હાણી કરી ઘણા બંદીઓને છોડાવ્યા. તેની ગોત્રજા મામલદેવી નામે હતી. હરીયા તથા દેહિયા આ બન્નેની ગોત્રજાના સરખા કર છે. તે ઝામરના દેઢીયા નામે પુત્ર હતા, અને તેથી તેના વંશજો દેઢીયાગોત્રથી પ્રસિદ્ધ થયા. આ વંશમાં થયેલા જેઠાણંદશેઠ ઘણાજ દ્રવ્યવાન હતા, તેમણે શત્રુંજયનો મ્હોટો સંઘ કહાડી ત્યાં એકઠા થયેલા જુદા જુદા દેશના બાવન સંઘવીઓમાં અગ્રેસર પદ લેઈ ઘણું દ્રવ્ય ધર્મકાર્યોમાં ખરચ્યું. આ વંશમાં સંવત ૧૫૯૫માં રાહુથડમાં વસનારા દેઇયાશાહે ઘણું દ્રવ્ય ખરચીને અનેક ધર્મકાર્યો કર્યાં છે. તે દેઇયાશાહને માંડણ, ઘડીયો, રાજો, ડાહીઓ, નાગઈઓ અને લાખો એ નામના છ પુત્રો થયા. તેમાંથી માંડણનો પરિવાર ડબાસંગમાં, ઘડીઆનો સોનારડીમાં, ભાણના ગામમાં, તથા માંઢામાં. રાજાનો કજુરડીએ, બાલાઢીયે તથા ભુજપુરમાં. ડાહીઆનો દેવલીએ તથા ભડાણે. નાગડ્યાનો બંભાલ્હાયે અને લાખાનો વસઇમાં છે. આ વંશમાં કરણાણી, ડુંગરાણી, માણકાણિ, નોડાણી, પુનરાજાણી, પોમસીયાણી, ગુણપાલાણી, સધ્યાણી, ગાગાણી, તેજપાલાણી, મેલાણી, રાણાણી, દેપાલાણી મેઘાજલાણી, દેયાણી, વિગેરે ઘણી ઓડકો છે. આ વંશનો વૃદ્ધસજનીય (વીસા) તથા લઘુસજનીય (દશા) એમ બે શાખાઓ પણ છે.

આ ગોત્રના વંસજો નાની મોટી ખાખર, ફેરાદી, બીદડા,

તણુંઆણા, બારોહી, વીસોતરી, કુંદરડી દેહાની, છસરા, ભાડીયા, ગુંદાલા, ડબાસંગ, તિથ (વાગડ), ચંગા, ભડાણા, રાસંગપુર, સાભરાઇ, આરીખાણા, મેમાણા, ધુણીયા, પીપરીઆ, લઠેરડી, બાલાહીઓ, ગોનારડી, લુઅડી, ભોરાસા, મુંદરા, લાખાપુર, રતાડીઆ, ભુજપુર, ભાડીઆ, આસંબીઆ, કારાઘોઘા, બાડા, પ્રુનડી, ગેલડા, વડાલા, દેવાને ગામ, ગજણને બેરાજે, ગુંદાલા, કેહરની નાડુરી, જેહાને ગામ, સેરડી, માંઢા, રાફુદડ, માટલી, છીકારી, સીહણ, કજુરડા, સુરાની લુંસ, નિમરા, દેવરીયા, વેરસલની નાંડુરી, વાગડના વીઢડા, કોડાય, વાગડે સઇ, વાગડે વસહી તથા રાયણખુડી વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં ખાખરમાં માણકાણીના વંશમાં થયેલા સંઘવી મીમણશેઠે સં. ૧૪૮૧માં શત્રુંજય તથા ગોડીપાર્શ્વનાથનો સંઘ કહાડી ઘણું દ્રવ્ય ખરચ્યું છે, તથા મસિણના પુત્ર માણકથી માણકાણી ઓડક નિકળી છે. છસરામાં થયેલા રાણાશેઠે સંઘ કહાડી શત્રુંજયની જાત્રા કરી, તથા ગોડીપાર્શ્વનાથની જાત્રા કરી, ઘેર આવી દેશતેડું કરી લહાણી કરી ઘણું દ્રવ્ય ખરચ્યું, તેના વંશજો રાણાણી ઓડકવાળા છે. સંવત ૧૬૭૫ માં ડબાસંગના રહીસ મહીયાના પુત્ર કાથડ આદિક ચાર ભાઇઓએ શત્રુંજયની યાત્રા કુટુંબસહિત કરી ઘણું દ્રવ્ય ખરચ્યું, તથા ઉજમણું કરી ગામથી ઉત્તરદિશાએ એક વાવ બંધાવી. વસંહીમાં થયેલા મેઘહાણી ઓડકના સહજાશાહે કીડાણામાં નદ્દીને કાંઠે વાવ બંધાવી છે, તથા સાત જમણવાર કર્યાં. સંવત ૧૭૪૫ માં ભોરાસામાં થયેલા ભોણા વિગેરે ત્રણ ભાઇઓએ પોતાની ભારીમાતાની શિખરબંધ દેરી કરી દેશતેડું કરી બસો મણ ઘૃતનું ખરચ કર્યું તથા સંઘ કઢાડી શત્રુંજયની યાત્રા કરી. દેસલપુરમાં થયેલા દેવને ત્યાં ઉપાશ્રય કરાવ્યો છે. સંવત ૧૭૬૮ માં દેસલપુરમાં જેતાશાહે શત્રુંજયની યાત્રા કરી ઘેર આવી વાવ બંધાવી છે. ભુજપુરમાં સાગરના પુત્રો જગા તથા કાલાએ દેશતેડું કરી, સજ્જનસાગુ કરી વાવ બંધાવીને, તથા યાત્રા કરી ઘણું દ્રવ્ય ધર્મકાર્યોમાં ખરચ્યું. સંવત ૧૭૬૪ માં ભુજપુરમાં લુંભાના પુત્ર રણમલ્લે ધર્મકાર્યોમાં ઘણું ધન ખરચી દેશતેડું કર્યું હતું, તેમાં તેણે સાતસો મણ ઘૃત વાપર્યું હતું, તથા તે રણમલ્લને કચ્છના રાઓ શ્રીદેસલજી તરફથી ઘણું સન્માન મલ્યું હતું. સંવત ૧૬૪૫માં ગજણના બેરા-

જામાં વસનારા માંગીયાથી લઘુસજનીયની ( દશાની ) શાખા નિકળી છે. સંવત ૧૬૪૭ માં ભોજાએ બાલાહીયાથી માડીની વાટે ભોજાવાવ બંધાવી છે. સંવત ૧૭૩૭ માં દેવને તથા સોજાએ લુઅડીમાં મેલો કરી ઘણું દ્રવ્ય ધર્માદામાં ખરચ્યું. સંવત ૧૬૭૪ માં ભડાણાના રહીસ હરરાજે ધર્મમાર્ગમાં ઘણું દ્રવ્ય ખરચ્યું આ વંશના માંઢા, ચંગાઆદિક ગામોમાં ઘણા માણસો લઘુસજનીય ( દશા ) થયેલા છે, તેમજ આ વંશની ઘણી સ્ત્રીઓ પોતાના ભર્તાર અથવા પુત્રસાથે ચિતામાં બળીને સતીઓ થયેલી છે.

(૭) વિક્રમ સંવત ૧૨૧૧ માં યદુવંશી સોમચંદ્રને પ્રતિબોધી "ગાલ્હા" ગોત્ર સ્થાપ્યું. તેની ઉત્પત્તિ નીચે મુજબ છે.

હરિવર્ષક્ષેત્રમાંથી કોઇ દેવતાએ આ ભરતક્ષેત્રમાં લાવેલા યુગલીયામાહેલા હરિરાજાથી હરિવંશ ઉત્પન્ન થયો. તે વંશમાં કેટલીક પેહેડીઓ થઇ ગયાબાદ એક યદુનામે રાજા થયો. અને તે રાજાનો વંશ યદુવંશના નામથી પ્રસિદ્ધ થયો. તે રાજાનું કાશ્યપનામે મૂળગોત્ર હતું. વળી તે યદુરાજા મથુરાનગરમાં રાજ્ય કરતા હતા. તે યદુરાજાને સૂર અને સુવીરનામે બે પુત્રો હતા. તેમાના સુવીરને મથુરાનું રાજ્ય મળ્યું, અને સૂરરાજાએ પોતાના નામથી સૌરીપુરનામે નગર વસાવ્યું. તે સૂરરાજાના અંધકવિષ્ણુનામે પુત્ર થયા. તે અંધકવિષ્ણુરાજાના સમુદ્રવિજય, પૂર્ણ, ધરણ, અક્ષોભ, સાગર, મીઓ, હિમવંત, મહાહિમવંત, અચલ, અને વસુદેવ નામના દશ પુત્રો થયા, તથા કુંતી અને મદ્રીનામે બે પુત્રીઓ થઇ. તેમાના સમુદ્રવિજય સૌરીપુરમાં રાજ્ય કરતા હતા, તથા તેમને શિવાનામે રાણી હતી. અને તેમને નેમિનાથનામે પુત્ર થયા.

હવે મથુરામાં રાજ્ય કરનારા સુવિરરાજાના ભોજકવિષ્ણુનામે પુત્ર થયા, તથા તે ભોજકવિષ્ણુના ઉગ્રસેન અને દેવકનામે પુત્ર થયા. ઉગ્રસેનને કંસનામે પુત્ર તથા રાજીમતીનામે પુત્રી થઇ. દેવકની દેવકીનામે પુત્રીના લગ્ન વસુદેવ સાથે થયાં હતાં, અને તેના પુત્ર શ્રીકૃષ્ણ થયા. પછી જયારે દ્વારિકાનગરીનો દાહ થયો, ત્યારે શ્રીકૃષ્ણના પુત્રોમાહેના રાયભદ્ર નામના એક પુત્ર ત્યાંથી નાશીને મારવાડમાં ગયા, તથા ત્યાં તે ભટનેરનામનું નગર વસાવી તેમાં રાજ્ય કરવા

લાગ્યા. તેની ગોત્રજા વીસહત્થીનામે હતી, કે જેના પ્રાસાદ તે નગરમાં છે. તે રાયભટ્ટના નરદે, ગજસી, મણુસી, રૂપસંગ, અર્જુન, દુર્જનશીલ, અને જેસલનામે પુત્રો થયા. તેઓમાના જેસલે પોતાના નામથી જેસલમેરનામનું નગર વસાવ્યું, તથા ત્યાં તેણે એક મ્હોટું સરોવર બંધાવ્યું. તે જેસલને વરદે, નરદે, રાઉલ, દેવસેન, હરભમ, લુણક, કરણ, બાહિરાજ, તથા શિવરાજ નામના પુત્રો હતા. તેમાના શિવરાજે કોટડાનામનું નગર વસાવ્યું. તે શિવરાજના શ્રીચંદ, વિજયચંદ, જયચંદ, નરચંદ, અને સોમચંદનામે પુત્રો હતા. તેઓમાંથી સોમચંદ તે કોટડાનગરમાં રાજ્ય કરતો હતો. તે સોમચંદ ઘણોજ અનાડી, ધાડપાડુ અને મ્હોટો લુંટારો હતો. તે પોતાની સાથે પાંચ હજાર લુંટારાઓનું લશ્કર રાખતો, અને તેઓની મદદથી ચારે દિશાઓમાં તે લુંટ કરતો.

હવે એવામાં અંચલગચ્છાધીશ શ્રીજયસિંહસૂરિજી પોતાના પાંચસો શિષ્યોના પરિવારસહિત વિચરતાથકા અમરકોટમાં પધાર્યા. ત્યાં મોણસીશાહ નામના શ્રાવકે તેમના ઉપદેશથી શ્રીઅજિતનાથપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી, તથા ત્યાંના સંઘના આગ્રહથી ગુરૂમહારાજ પણ ત્યાં અમરકોટમાંજ ચતુર્માસ રહ્યા. ચતુર્માસબાદ ત્યાંના સંઘસહિત શ્રીજયસિંહસૂરિજી યાત્રા કરવામાટે જેસલમેર ગયા. ત્યાં જાત્રા કરી પોતાના શિષ્યોસહિત વિચરતા તે શિવકોટડાના માર્ગે ચાલ્યા. એવામાં ત્યાં તે સોમચંદે ધાડ પાડી તેમના વસ્ત્રઆદિક લુંટ્યાં. ત્યારે ગુરૂમહારાજે તેને શિક્ષા કરવામાટે હાથમાં જપમાલા લેઇ સ્તંભનવિદ્યાનો મંત્ર ભણવાથી તે સોમચંદસહિત પાંચહજાર લુંટારાઓ ત્યાં સ્તંભિત થઇ ગયા. પછી ગુરૂમહારાજની આજ્ઞાથી સર્વે શિષ્યોએ પોતાના લુંટાયેલાં વસ્ત્રપાત્રો પાછાં લેઇ લીધાં અને પોતે પોતાના શિષ્યોસહિત ત્યાંથી જેસલમેરતરફ વિહાર કરી ગયા.

હવે પોતાનો પુત્ર સોમચંદ પરિવારસહિત વનમાં સ્તંભાઇ ગયેલો છે, એવી ખબર તેની માતા મીણલદેને પડી, અને તેથી આખા શિવકોટડાનગરમાં હાહાકાર વર્તી રહ્યો. પછી તે મીણલદેને ખબર પડી કે, શ્રીજયસિંહસૂરિજી જેસલમેર તરફ ગયા છે, તેથી તે પરિવારસહિત તેમની પાછળ ઉતાવળી ચાલીને પહોંચી, તથા ત્યાં ગુરૂમહારાજને વાંદીને વિનંતિ કરવા લાગી કે, હે ભગવન્!

આપ તો જીવદયાના પાલનારા છો, માટે કૃપા કરી મારા પુત્રના અ-પરાધની ક્ષમા કરી તેને પરિવારસહિત મુક્ત કરો? વળી આપ જેમ કહો તેમ કરવાને હું તૈયાર છું. એવીરીતના મીણલદેનાં નમ્ર વચનો સાંભળી દયાળુ ગુરૂમહારાજે કહ્યું કે, તમો તમારા કુટુંબ-સહિત જૈનધર્મનો સ્વીકાર કરો? ત્યારે મીણલદેએ તેમ કરવાનું કબુલ કરતાં ગુરૂમહારાજે કહ્યું કે, તમો તેમાટે કોઇ જામીન આપો? મીણલદેએ કહ્યું કે, આપ કહો તેને જામીન આપું. ત્યારે ગુરૂમહા-રાજે કહ્યું કે, પારકરદેશના પરમારવંશી ચાંદણરાજાને તમો જા-મીન આપો? મીણલદેએ પણ તે વચન માન્ય રાખી પત્ર લખી એક માણસને આપ્યો, અને તે માણસ પણ વેગવાળી સાંઢણીપર બેશી ચાંદણરાજાપાસે ગયો. ચાંદણરાજા પણ તે પત્ર વાંચી તુરત પોતાના પચીસ સ્વારોસહિત ત્યાં આવ્યો, અને મીણલદેને પુછ્યું કે, તમોએ મને શામાટે અહીં બોલાવ્યો છે? ત્યારે મીણલદેએ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી ચાંદણરાજાએ કહ્યું કે, તમારા પુત્ર સોમચંદે જે ગુરૂમહારાજને લુંટ્યા, તે કાર્ય બહુજ બુરૂં કર્યું છે. પછી તે ચાંદણરાજાએ ગુરૂમહારાજને કહ્યું કે, હે ભગવન્! હવે આપ તેના અપરાધની ક્ષમા કરી આ સોમચંદને તેના પરિવારસહિત મુક્ત કરો? તેઓ સઘળા આપના કહેવામુજબ જૈનધર્મનો સ્વીકાર કરશે, અને તેમાટે હું તેમનો જામીન પડું છું. તે સાંભળી શ્રીજય-સિંહસૂરિજીએ સ્તંભનવિદ્યાને પાછી ખેંચી લેવાથી તેઓ સઘળા મુક્ત થયા. પછી તેઓ સર્વેએ ગુરૂમહારાજને વાંદીને કહ્યું કે, હે ભગ-વન્! હવે આજથી અમો બિલકુલ ચોરી કે લુટફાટ કરીશું નહી, એમ કહી તેઓએ જૈનધર્મ સ્વીકાર્યો. પછી તે સોમચંદરાજાની વિનંતિથી શ્રીજયસિંહસૂરિજીના શિષ્ય શ્રીધર્મઘોષઉપાધ્યાયજીએ તે શિવકોટડામાં ચતુર્માસ કર્યું. અને તેમણે સોમચંદ્રરાજાને જૈનધર્મનો આચારવિચાર શિખાવ્યો. ચતુર્માસ સંપૂર્ણ થયાબાદ ધર્મઘોષઉપા-ધ્યાયજી તે સોમચંદ્રરાજાસહિત શ્રીજયસિંહસૂરિજીને વાંદવામાટે જે-સલમેરમાં આવ્યા, તથા તેમના ઉપદેશથી ત્યાં તેણે પાંચલાખ દ્રવ્ય શુભમાર્ગે ખરચ્યું. પછી શ્રીજયસિંહસૂરિજીના ઉપદેશથી ત્યાંના ઓશવાળોએ તે સોમચંદ્રરાજાને કુટુંબસહિત સંવત ૧૨૧૧ માં પોતાની જ્ઞાતિમાં ભેળવ્યા. પછી તે સોમચંદ્રરાજાએ કોટડામાં પાછા આવી ત્યાં શ્રીપાર્શ્વપ્રભુનું શિખરબંધ જિનમંદિર બંધાવી

તેમાં સવામણ સુવર્ણની જિનપ્રતિમા સ્થાપી, તથા તેનાપર મણિમય છત્ર કરાવ્યું. વળી ત્યાં તેણે પોતાની ગોત્રદેવી વિશલમાતાનો પણ શિખરબંધ પ્રાસાદ કરાવ્યો. ત્યારબાદ કેટલેક કાળે મ્લેચ્છોએ તે નગરપર ચડાઈ કરવાથી તે જિનમૂર્તિને છત્રસહિત કુવામાં પધરાવી. સોમચંદ્ર ત્યાંથી નાશી સિંધદેશમાં ગયા. તે સોમચંદ્રનો ગાલ્હા નામે પુત્ર થયો, અને ત્યારથી તેના વંશજો ગાલ્હાગોત્રથી પ્રસિદ્ધ થયા. તે ગાલ્હાથી દશમી પેઢીએ રુઅડનામે પુરૂષ થયો, અને તેને રાંભઈ નામે સ્ત્રી હતી. તે સ્ત્રીથી તેને આથલુ, સમરખી, બુહડ, વહુંદીઓ, કટારીઓ, અધોઇઓ અથવા ભુગતરીઓ, અને ઘલઈઓ નામના સાત પુત્રો થયા. અને ત્યારથી તે તે નામોથી ગાલ્હાગોત્રની નીચે મુજબ સાત શાખાઓ થઈ.

આથાગાલ્હા, સમરખીગાલ્હા, બુહડગાલ્હા, વહુંદગાલ્હા, કટારીઆગાલ્હા, અધોઇઆગાલ્હા અથવા ભુગતરીયાગાલ્હા, અને ઘલઈઆગાલ્હાના નામથી પ્રસિદ્ધ થયા. વળી તેઓમાં હાપાણી, નાગાર્જુનાણી, વાઘાણી, વીસાણી, સીવાણી, જેસંગાણી, વાગરેચા, દેવરાણી, ચાચિગાણી વિગેરે ઓડકો પણ છે.

ગોત્રદેવી—વિસલમાતા ( શિવયા માતા ) ચાર હાથવાળી છે. તેનું મૂળસ્થાન શિવકોટડામાં ખીજડાના વૃક્ષ પાસે છે. તથા તેનું બીજું સ્થાન નગરપારકરમાં છે. ગાલ્હાના સર્વે વંશજો બને તો ત્યાં જઇ બાળકના બાળમોવાળા ઉતારે. અથવા કંઇ ચગ ( બાધા) રાખી જ્યાં હોય ત્યાં ખીજડાના ઝાડ આગળ ઉતારે.

પૂજાવિધિ—જન્મે, મુંડણે અને પરણે ખીજડાના ઝાડ આગળ અઢાર પાલી જુવાર, એક મણ ઘી અને બાર શેર ગોળનું નિવેદ કરે, તથા પાલી એક વઉંના મેંદાના ખાજાં કરે, શ્રીફલ વધારી તેની શેર નિયાણીને આપે, તથા જમાડે, અઘરણી વખતે ઉપરના કર શિવાય સાડાત્રણ ગજ ચોળીયું કાપડ, શ્રીફલ એક તથા પાયલું નિયાણીને આપે. દર વર્ષે દીવાળીને દિવસે બે ટોકડીયાંના હળનાં લાડુનું નિવેદ કરે, તથા બે રાતી ઘડીમાં બશેર ખાંડ નાખી તેને દોરીથી બાંધી અંત્યજને આપે, અને તેની પાછળ બે ઉબાડાં નાખે ભાઈઓ જુદા થતી વખતે પણ તે કર કરે.

આ ગાલ્હુગોત્રના વંશજો ચોરવાડ, તિથ ( વાગડ ) કોહુડા, બિદડા, બાડા, દેસલપુર, રતનાણી, ફેરાદી, ભુજપુર, વીજરખી, આસંબીયા, કોડાય, વડાલા, બરાહીયા, ખાખર, બેરાજા, ગલીચુરા, તેરા, બીસરા, ટંડુલી, છસરા, રતડીયા, ડાણ, ગુંદાલા, વીસોતરી, આરીખાણા, સોજાય, લોઠીયા, લાખાપર, વાંકી, સરમતબેરાજા, ઝાંખર, લાકડીયા, કાંડાકરા, કાલુસબગડા, રાયણ, લાઠજા, નારાણપુર, ચાંગણાઠ, પુનડી, કુંદરડી, ડુમરા, સેરડી, દલની તુંગી, ડબાસંગ, વસઇ, ચેલા, કટારીયા, જોગવડ, ભારાપર વિગેરે ઘણાં ગામોમાં વસે છે.

આ વંશમાં બિદડામાં ( કચ્છમાં ) વિક્રમ સંવત ૧૬૭૨ માં થયેલા ખીમાની સ્ત્રી ખીમીએ પંદર હજાર કોરી ખરચીને બિદડામાં પશ્ચિમ તરફ વાવ બંધાવી. વડાલામાં (કચ્છમાં ) થયેલા ખેતસી, પેથા અને દેપાલ નામના ત્રણે ભાઇઓએ સાઠ હજાર કોરી ખરચીને ઘણાં પુણ્યનાં કાર્યો વિક્રમ સંવત ૧૬૬૬ માં કર્યાં. દેસરે ગુંદાલામાં તળાવ બંધાવ્યું. સંવત ૧૫૯૬ માં માણકે પીછાણમાં તલાવ બંધાવ્યું. જેસંગે પથદડીયામાં સં. ૧૫૮૫ માં વાવ કરાવી. સંવત ૧૫૯૭ માં વીરાની સ્ત્રીએ પુત્ર ન હોવાથી યક્ષનું આરાધન કર્યું, તેથી તુષ્ટમાન થયેલા યક્ષના વરદાનથી તેણીને છ પુત્રો થયા. અને તેથી તેના વંશમાં થયેલા જેસંગાણીઓ અખાત્રીજને દિવસે ચારપવાલાંના ખાજલાંવડે તે યક્ષનું નિવેદ કરે છે, તથા ભાદરવામાં સોમવારે ચાર પાયલાંની ખીરમાં સાથીયો કરી નિવેદ કરે છે. તે છએ ભાઇઓનો પરિવાર વીસોતરી, ખાખર, હાલા તથા ઝાંખર વિગેરેમાં છે. સમરખીમાં હેમલ પુરિસો થયો, અને તેના વંશમાં તે ગોત્રજપાસે પૂજાય છે, તેમજ તેના વંશજો આસુ વદ ૧૪ ને દિવસે બાળકના બાળ ઉતરાવે છે, પરણવાને દિવસે રાત્રિજાગરણ કરે છે, બે ટોકડીયાંની લાપસી કરી સહુને વેંચે છે, તથા બે ટોકડીયાંના તલવટ કરી ક્ષેત્રપાલને જુહારે છે, વળી તેઓના ગોત્રજના કર તો પૂર્વે કહ્યા મુજબ છે. વિક્રમ સંવત ૧૬૬૭ માં ખાખરમાં થયેલા માડણે જિનમંદિરની પ્રતિષ્ઠા કરાવી, તથા ઘણું દ્રવ્યદાન દીધું.

(૮) વિ. સંવત ૧૨૪૪ માં તેમણે પુજવાડાના રહેવાસી ચ-

હુઆણ રજપુત રાઉત કટારમલ્લજીને પ્રતિબોધી જૈની કરી "કટા-રીઆ" ગોત્ર સ્થાપ્યું.

વિક્રમ સંવત ૧૨૪૪ માં પુજવાડાનગરમાં સીસોદીયા રજપુત રાણાશ્રી ઉદયસિંહ રાજ્ય કરતા હતા. તે વખતે તે નગરમાં ચહુઆણ રજપુત રાઉત કટારમલ્લની પાસે ઘણું દ્રવ્ય હતું. રાજાને વિવાહમાં દ્રવ્યનો ખપ હોવાથી તેની પાસેથી ૭૮૭ સઇ કાંઠાસુધી ભરીને ઉછીની પીરોજીઓ લીધી, અને પાછી સગસહિત તેટલી સઇ ભરીને પીરોજી આપવાનું રાજાએ વચન આપ્યું, તથા તે કટારમલ્લને તે ધન વહોરવાથી વહોરા કરી બોલાવ્યા, જેથી તેની વહોરા અડક થઇ. એવામાં ત્યાં શ્રીઅંચલગચ્છાધીશ શ્રીજયસિંહસૂરિ પધાર્યા, તેમણે તે કટારમલ્લને પ્રતિબોધીને જૈની કર્યા, અને ચક્રેશ્વરીદેવીને તેની ગોત્રજા સ્થાપી, તથા ઓશવાળજ્ઞાતિમાં મેળવી દીધા. તે કટારમલ્લના વંશજો કટારીયાગોત્રથી ઓળખાવા લાગ્યા. તે કટારમલ્લજીએ ગુરૂના ઉપદેશથી હસ્તતુંડનગરમાં શ્રીમહાવીરપ્રભુનો જિનપ્રાસાદ કરાવ્યો.

આ ગોત્રના વંશજો રોહડ, પાલી, સીરોહી, નાંડલાઇ, વેધરી, દુધવડી, લાખણી, ભાલણી, મોરસીન, દુમડો, થાણસા, પારકર, રાહુલી, કરપા, કોરટા વિગેરે ગામોમાં વસતા હતા.

આ વંશના રોહડગામના રહેવાસી શ્રીકરણના પુત્ર વીરજીએ વિક્રમ સંવત ૧૨૯૬ માં રત્નપુરમાં શ્રીમહેંદ્રસૂરિજીના ઉપદેશથી શ્રીશાંતિનાથજીનું જિનમંદિર બંધાવ્યું, તથા શત્રુંજયનો સંઘ કહાડ્યો, તથા સર્વ મળી સાત લાખ પીરોજી ધર્મકાર્યમાં ખરચી.

(૯) વિક્રમ સંવત ૧૨૪૪ માં પરમારવંશના રાજસેન નામના ક્ષત્રીય કોટડામાં વસતા હતા, તે અનેકપ્રકારની જીવહિંસા તથા લુંટફાટ કરીને પોતાની આજીવિકા ચલાવતા હતા. એવામાં શ્રીજયસિંહસૂરિજી ત્યાં પધાર્યા, તેમના ઉપદેશથી પ્રતિબોધ પામી જીવહિંસાઆદિકનો ત્યાગ કરી તે બારવ્રતધારી જૈની થયા. અને તેનું "પોલડીયા" ગોત્ર સ્થાપ્યું. એ રીતે વિક્રમ સંવત ૧૨૪૪ ના ભાદરવાસુદ પાંચમે તેમણે તે "પોલડીયાગોત્ર" સ્થાપ્યું છે, અને તેના કુટુંબને ઓશવાળોએ ગુરૂમહારાજના ઉપદેશથી ઓશવાળ-જ્ઞાતિમાં ભેળવી દીધા.

(૧૦) વિક્રમ સંવત ૧૨૫૬ માં ચિત્તોડગઢમાં ચાવડા રજપુત રાઉત વીરદત્ત રાજ્ય કરતા હતા. તેમને પુત્ર ન હોવાથી ઘણાજ ચિંતાતુર થયા, ઘણા ઘણા ઉપાયો તેમણે કર્યા, પરંતુ પુત્ર થયો નહીં. એવામાં અંચલગચ્છાધીશ શ્રીજયસિંહસૂરિજી ત્યાં પધાર્યા. તેમના ઉપદેશથી તે વીરદત્તરાજાએ શ્રીચક્રેશ્વરીદેવીનું આરાધન કર્યું ત્યારે તે દેવીએ પ્રત્યક્ષ થઈ તેને કહ્યું કે, તમો આ શ્રીજયસિંહસૂરિજીના ઉપદેશથી જો જૈનધર્મનો સ્વીકાર કરશો, તો તમોને પુત્રપ્રાપ્તિ થશે. પછી તે વીરદત્તે જૈનધર્મ સ્વીકારવાથી તેને પુત્ર થયો. ત્યારબાદ તે વીરદત્તરાજાએ શ્રાવકનાં બારે વ્રતો અંગીકાર કર્યાં. પછી તેનું "નીસર" ગોત્ર સ્થાપી ગુરૂમહારાજના ઉપદેશથી તેને કુટુંબસહિત વિક્રમ સંવત ૧૨૫૬ માં ઓશવાળજ્ઞાતિમાં ભેળવી દીધા,

(૧૧) વિક્રમ સંવત ૧૨૫૯ ના ભાદરવા સુદ ૫ મે "છાજેડ" ગોત્ર સ્થાપ્યું. તેનું વૃત્તાંત નીચે મુજબ છે—મારવાડમાં આવેલા કોટડાનગરમાં કેશવનામે રાઠોડ રજપુત વસતા હતા, તેને કંઈ પણ સંતાન નહોતું. એવામાં અંચલગચ્છાધીશ શ્રીજયસિંહસૂરિજી ત્યાં પધાર્યા. ત્યારે તે કેશવ ઠાકોર તેમને વાંદવા આવ્યા. વાંદીને તેણે ગુરૂમહારાજને પુત્રપ્રાપ્તિમાટે ઉપાય પૂછયો, ત્યારે ગુરૂમહારાજે લાભ થવાનો જાણી તેને કહ્યું કે, તમો ચક્રેશ્વરીદેવીનું આરાધન કરો ! ત્યારે દેવીએ તે કેશવઠાકોરને કહ્યું કે, તમારા ભાગ્યમાં પુત્ર–પ્રાપ્તિ નથી, પરંતુ તમારા પિત્રાઈ શ્રીમલ્લની સ્ત્રી શ્રીમતી તમને પોતાનો પુત્ર આપશે, અને તેથી તમારા વંશની વૃદ્ધિ થશે. તથા હવેથી તમારે અહિંસામય જૈનધર્મનું આરાધન કરવું. પછી તે ચક્રેશ્વરીદેવીએ તે શ્રીમતીને સ્વપ્નમાં કહ્યું કે, તમારો પુત્ર તમારે કેશવને આપવો. પછી તે શ્રીમતીએ પોતે પ્રસવેલા પુત્રને પોતાના ભર્તારથી ગુપ્તપણે છાજમાં ઢાંકીને કેશવઠાકોરને આપી દીધો. કેશવઠાકોરે પણ મહોત્સવપૂર્વક તે પુત્રનું છાજલ નામ પાડયું. પછી અનુક્રમે તે છાજલપુત્ર જ્યારે મ્હોટો થયો, ત્યારે તે કેશવઠાકોરે ગુરૂમહારાજ શ્રીજયસિંહસુરિજીપાસે જઇ જૈનધર્મ સ્વીકારી શ્રાવકના બારે વ્રતો અંગીકાર કર્યાં, અને ગુરૂમહારાજના ઉપદેશથી ઓશવાલોએ તે કેશવઠાકોરને પોતાની જ્ઞાતિમાં ભેળવી દીધા, તથા ત્યારથી તેના વંશજો "છાજેડ" ગોત્રથી પ્રસિદ્ધ થયા.

કણોની નામના ગામમાં જસરાજ નામના શ્રાવકે શ્રીજયસિંહસૂરિજીના ઉપદેશથી એક વિશાલ જિનમંદિર બંધાવ્યું, અને તેમાં ચોવીસ તીર્થંકરોની વિક્રમ સંવત ૧૨૨૭ માં પ્રતિષ્ઠા કરી.

(૧૨) વિક્રમ સંવત ૧૨૫૭ માં નક્ષત્રગઢમાં રાઠોડક્ષત્રિય રણજીત નામના રાજા રાજ્ય કરતા હતા. એવામાં શ્રીજયસિંહસૂરિજી ત્યાં પધાર્યા. તે રાજાને પુત્ર ન હોવાથી તેમાટે તેમણે આ ગુરૂમહારાજને પૂછયું. ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, તમો અહિંસામય જૈનધર્મનો જો સ્વીકાર કરશો તો તમોને પુત્ર થશે. તે સાંભળી તેમના ઉપદેશથી તે રાજાએ જૈનધર્મ સ્વીકારવાથી તેને પુત્ર પ્રાપ્તિ થઇ. પછી રાજાએ પણ ખુશી થઇને શ્રાવકના બારે વ્રતો સ્વીકાર્યાં, તથા પોતાના રાજ્યમાંથી જીવહિંસા દૂર કરી, અંબાદેવીને તેની ગોત્રજા સ્થાપી, અને તેને ઓશવાળજ્ઞાતિમાં ભેળવી તેમનું "રાઠોડ" ગોત્ર સ્થાપ્યું.

એવીરીતે આ અંચલગચ્છાધીશ શ્રીજયસિંહસૂરિજી મહાપ્રભાવિક થયેલા છે.

# ॥ ૪૯ ॥ શ્રીધર્મઘોષસૂરિ ॥

તેમનો વૃત્તાંત નીચે જણાવ્યા મુજબ છે—

મારવાડદેશમાં આવેલા મહાવપુર નામના ગામમાં પોરવાડવંશનો શ્રીચંદ્રનામનો એક વ્યાપારી વસતો હતો. તેને એક રાજલદે નામની ઉત્તમ શીલવાળી સ્ત્રી હતી. જૈનધર્મનું આરાધન કરવામાં તત્પર એવા તે બન્ને સ્ત્રીભરતારને વિક્રમ સંવત્ ૧૨૦૮ માં એક ઉત્તમ લક્ષણોવાળો પુત્ર થયો, અને તેનું ધનકુમાર નામ પાડયું. એક વખતે શ્રીજયસિંહસૂરિજી વિચરતાથકા પોતાના પરિવારસહિત તે ગામમાં પધાર્યા. તેમની ધર્મદેશના સાંભળીને વૈરાગ્યથી તે ધનકુમારે પોતાના માતાપિતાની આજ્ઞા મેળવીને ચારિત્ર અંગીકાર કર્યું. એવીરીતે તે શ્રીજયસિંહસૂરિજીની પાસે તે ધનકુમારે મહોત્સવપૂર્વક વિક્રમ સંવત

૧૨૨૬ માં દીક્ષા લીધી, અને તેમનું ધર્મઘોષમુનિ નામ રાખવામાં આવ્યું. પછી અનુક્રમે તે શ્રીધર્મઘોષમુનિ અનેક શાસ્ત્રોમાં પારંગામી થયા. તે વખતે તેમને યોગ્ય જાણીને ગુરૂમહારાજે વિક્રમ સંવત ૧૨૩૦માં ઉપાધ્યાયની પદવી આપી. એક વખતે વિહાર કરતાથકા તે સાંભરનગરમાં પધાર્યા. તે ગામમાં સામંતનામનો, કે જેનું બીજું નામ પ્રથમરાજ હતું, એવો એક ઉત્તમ ક્ષત્રિય ધનવંત વસતો હતો, અને તે કેટલાક ગામોનો ઠાકોર હતો. તે ક્ષત્રીયને ચાહલદે નામની સ્ત્રી હતી. એક વખતે તે સામંતઠાકોર શિકાર કરવામાટે વનમાં ગયો, અને ત્યાં તેણે એક વડના વૃક્ષની નીચે પેશાબ કર્યો. એવામાં તે વડના વૃક્ષપર રહેતા કોઇ એક વ્યંતરે તેના હૃદયમાં સંક્રમણ કર્યું, અને તેથી તે ગાંડા માણસની પેઠે જેમતેમ બકવાદ કરવા લાગ્યો. પછી તેના નોકરો તેને કેટલીક મહેનતે ઘેર લાવ્યા. ત્યાં તે જેમતેમ બકતો અને વસ્ત્રોને ફાડતોથકો ઘરના વાસણ આદિક ભાંગવા લાગ્યો. પછી તેની સ્ત્રીએ યોગીઓ તથા ભરડાઆદિકોએ કહેલા અનેક ઉપાયો કર્યાં, પરંતુ તેને કંઇ પણ ગુણ થયો નહીં. પછી અત્યંત ખેદ પામેલી એવી તેની સ્ત્રીએ પોતાના તે સ્વામીના પણ મજબુત દોરડાંથી હાથપગ બાંધી તેને એક ઓરડામાં પૂર્યો. એવામાં ત્યાં આવેલા આ શ્રીધર્મઘોષઉપાધ્યાયજીને પ્રભાવિક જાણીને તે ચાહુલદેવી તેમની પાસે આવી, તથા તેમને વાંદીને તેણીએ ગદ્ગદ્ કંઠે પોતાના સ્વામીનું સ્વરૂપ કહી સંભળાવ્યું. પછી તેણીએ હાથ જોડીને વિનંતિ કરી કે, હે ભગવન્! મને કંઇક ઉપાય આપ દેખાડો? કે જેથી મારા આ સ્વામી સાજા થાય. ત્યારે ઉપાધ્યાયજીમહારાજે પણ ભવિષ્યમાં લાભ થનારો જાણીને ગુરૂમહારાજની આજ્ઞા લેઇ તેણીને મંત્રથી પવિત્ર થયેલું શુદ્ધ જલ ત્રાંબાના પાત્રમાં આપ્યું, અને કહ્યું કે, આ જલ તેના શરીરપર છાંટવાથીજ તે વ્યંતર દૂર જશે. અને એવીરીતે તેના શરીરમાંથી તે વ્યંતર દૂર ગયાબાદ તે તારા સ્વામી પૂર્વની પેઠે સાજા થશે. એમ કહેવાથી ખુશી થયેલી તે ચાહલદેવી ગુરૂમહારાજને વાંદીને તથા તે મંત્રિત જલ લેઇને ઘેર આવી. પછી તે જલના છટકાવથી તે વ્યંતર પણ તેનું શરીર છોડી પોતાને સ્થાનકે ગયો. અને તેથી તે સામંત ક્ષત્રીય પણ તેજ ક્ષણે પૂર્વની પેઠે સાજો થયો, અને તેજ ક્ષણે તેની સ્ત્રીએ પણ તેને બંધનરહિત કર્યો. પછી તે સામંતમંત્રીએ પોતાની તે સ્ત્રીને પૂછ્યું કે, હે

સુભગે ! મને શામાટે બાંધવામાં આવ્યો હતો ? ત્યારે તેણીએ પણ તેને સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. ત્યારે તે પણ મનમાં આશ્ચર્ય પામીને તેજ વખતે પોતાની તે સ્ત્રીસહિત ગુરૂમહારાજની પાસે આવ્યો. ત્યારપછી એક હજાર સોનામોહોરો ગુરૂમહારાજના ચરણોમાં મૂકીને તેણે તેમને નમસ્કાર કર્યો. ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, હે મહાભાગ્યવંત ! અમો નિસ્પૃહી મુનિઓ દ્રવ્યની ઇચ્છા પણ કરીયે નહીં. હવે જો તું કૃતજ્ઞ એટલે કરેલા ઉપકારને જાણનારો હો, તો જીવહિંસાઆદિક પાપકાર્યોને તજીને સર્વ પ્રાણીઓને અભયદાન આપનારા, તથા આ લોક અને પરલોકમાં પણ સુખ આપનારા જૈનધર્મનો સ્વીકાર કર ? એવીરીતનો ગુરૂમહારાજનો ઉપદેશ સાંભળીને તે બન્ને સ્ત્રીભરતારે હર્ષથી જૈનધર્મનો સ્વીકાર કર્યો. પછી તે ગુરૂમહારાજના ઉપદેશથી તે ઉત્તમ એવા સામંતક્ષત્રીયે તે એકહજાર સોનામોહોરો ત્યાં તે ધર્મઘોષઉપાધ્યાયજીને સૂરિપદ આપવા સમયે ખરચી. તથા શ્રીજયસિંહસૂરિજીએ પણ તે શ્રીધર્મઘોષઉપાધ્યાયજીને યોગ્યતાવાળા તથા ગંભીરતાઆદિક ગુણોવાળા જાણીને ત્યાં વિક્રમ સંવત ૧૨૩૪ માં આચાર્યપદ આપ્યું.

પછી એક વખતે વિહાર કરતા તે શ્રીધર્મઘોષસૂરિજી મોહુલ નામના ગામમાં આવ્યા. ત્યાં એક ડોડીયાજાતિનો બોહડનામે ક્ષત્રિય વસતો હતો. તે ક્ષત્રીયે તેમની ધર્મદેશનાથી પ્રતિબોધ પામીને મિથ્યાત્વ છોડી જૈનધર્મનો સ્વીકાર કર્યો. પછી ગુરૂમહારાજના ઉપદેશથી તે બોહડક્ષત્રીયને તેના કુટુંબસહિત ત્યાંના ઓશવાળજ્ઞાતિના શ્રાવકોએ સાધર્મિકપણાથી પોતાની જ્ઞાતિમાં ભેળવી દીધા, અને તેના વંશજો "બોહડસખા" ના નામથી પ્રસિદ્ધ થયા, અને વિધિપક્ષગચ્છની (અંચલગચ્છની) સામાચારી પાળવા લાગ્યા. એ રીતે વિક્રમ સંવત ૧૨૪૬ માં તે "બહુલ" અથવા "બોહડસખા" નામના ગોત્રની સ્થાપના થઇ. અને "બોહોલી" અથવા "ધોલહી" નામની તેઓની ગોત્રજા દેવી થઇ. આ ગોત્રના વંશજો મોહુલ, ધણુહી તથા ખીમલીવિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં થયેલા ખીમાશેઠે ધણુણી (નગ) ગામમાં વિક્રમ સંવત ૧૩૬૫ માં શ્રીઋષભદેવપ્રભુનો પ્રાસાદ બંધાવ્યો. અને સંવત

૧૩૫૫ માં લાખાશેઠે લાખાઇ ગામમાં શ્રીઅજિતનાથપ્રભુનો પ્રાસાદ બંધાવ્યો.

હવે એક વખતે તે શ્રીધર્મઘોષસૂરિજી વિહાર કરતાથકા ગંગાનદીના કિનારાપર આવેલી વાણારસીનગરીની નજીકમાં રહેલા મુક્તેશ્વરગામમાં આવ્યા. તે ગામમાં વિક્રમ સંવત ૧૨૫૫ માં દિનકરભટ્ટઆદિક નાગરજ્ઞાતિના તથા ગૌતમગોત્રવાળા કેટલાક બ્રાહ્મણો વસતા હતા. હવે તે સમયમાં વિવિધપ્રકારના રોગ આદિકોથી કંટાળેલા કેટલાક ભારતવાસી લોકો સ્વર્ગઆદિક મેળવવાની ઇચ્છાથી જીવનથી કંટાળીને પોતાના મસ્તકપર કરવત મૂકાવવામાટે પોતાના શરીરનો નાશ કરવાની ઇચ્છાથી તે ગંગાનદીને કિનારે વાણારસીનગરીમાં આવતા હતા. અને તે દિનકરભટ્ટઆદિક બ્રાહ્મણો પોતાની આજીવિકામાટે ધર્મબુદ્ધિથી તેઓના વધનું કાર્ય કરતા હતા. હવે ત્યાં પધારેલા તે ધર્મઘોષસૂરિજીએ તે બ્રાહ્મણોને તેવીરીતની જીવહિંસાથી દૂર થવામાટે ધર્મનો ઉપદેશ આપ્યો, ત્યારે તેઓએ તે આચાર્યમહારાજને કહ્યું કે, જો તમો આપના જૈનધર્મનો કંઇક પણ ચમત્કાર દેખાડો, તો અમો આપના તે અહિંસામય જૈનધર્મનો સ્વીકાર કરીયે. તે સાંભળી ગુરૂમહારાજ અનુક્રમે ઉપરાઉપર એકસો આઠ કામલો પાથરીને તેપર હાથમાં નવકારાવલી લેઇને પદ્માસનવાળી બેઠા, તથા યોગવિદ્યામાં નિપુણ એવા તે આચાર્યમહારાજ મંત્રજાપ કરવા લાગ્યા, તે વખતે પહેલેથી સંકેત કરેલા તેમના શિષ્યો તે નવકારાવલિના એકેકા મણકાના અનુક્રમથી તેમના આસનનીચેથી એકેકી કામળ ખેંચીને કહાડીલેવા લાગ્યા. એવીરીતે અનુક્રમે તે સઘળી કામળો ખેંચી લીધાબાદ ગુરૂમહારાજને આધાર રહિત આકાશમાં રહેલા તે બ્રાહ્મણોએ જોયા. આવીરીતનો ચમત્કાર જોઇને તે દિનકરભટ્ટઆદિક બ્રાહ્મણો પ્રતિબોધ પામ્યા. પછી તે દિનકરભટ્ટે મનુષ્યોનો વધ કરનારી તે પોતાની કરવતને જાણીને ગંગાનદીના પ્રવાહમાં ફેંકી દીધી. તેવારપછી તે દિનકરભટ્ટે પ્રભાકર, ગોવિંદ, ગોકલ, તથા પુણ્યચંદ્રઆદિક પુત્રોસહિત મિથ્યાત્વને તજીને તે આચાર્યજીની પાસે જૈનધર્મ સ્વીકાર્યો તથા તેની ગોત્રજાદેવી ભુડીયાંણીને પણ ગુરૂએ પ્રતિબોધિને સમકીતી કરી, તેવારપછી તેની જ્ઞાતિના બીજા બ્રાહ્મણોએ તે દિનકરભટ્ટને જૈનધર્મ સ્વીકાર-

વાથી તેના કુટુંબસહિત પોતાની જ્ઞાતિથી બહાર કર્યો. પછી વિક્રમ સંવત ૧૨૬૧ માં આ શ્રીમાન્ ધર્મઘોષસૂરિજીના ઉપદેશથી દીલ્હીના સંઘે તે દિનકરભટ્ટને તેના કુટુંબસહિત ઓશવાળજ્ઞાતિમાં ભેળવી દીધો. તે દિનકરભટ્ટની ત્રીજી પેઢીયે બાપાણંદનામે પુરૂષ થયો. તથા તેનો પુત્ર દેવાણંદનામે થયો. તે દેવાણંદના રામા, રામચંદ્ર, વિજયચંદ્ર, વયરસી, રૂપસી, છજુ, ગમુ, રાયમલ્લ, જયમલ્લ, જેસલ્લ અને ગોસલ્લ નામના અગ્યાર પુત્રો થયા, તથા તેઓ સઘળા દિલ્હીમાં આવી વસ્યા. એવીરીતે તે દેવાણંદનો પરિવાર મ્હોટો હોવાથી તેના વંશજો "દેવાણંદસખા" ના નામથી ઓળખાવા લાગ્યા.

પછી અંચલગચ્છીય શ્રીમેરૂતુંગસૂરિજીના ઉપાધ્યાયજીના કહેવાથી દિલ્હીમાં સંકટ ફેલાવાનું જાણી બીજા મીઠડીયા આદિક ત્રણ કુટુંબોસાથે તે દેવાણંદસખાગોત્રના માણસો પણ દિલ્હી છોડીને સંવત ૧૪૩૫ માં જુદાજુદા ગામોમાં વસ્યા. તેમાના એકના વંશજો ઝાલોરમાં, બીજાના સીરોહીમાં, ત્રીજા રામચંદ્રના શીહોરીમાં ( સીહોરમાં ), વીરચંદના પ્રભાસપાટણમાં, એકના પારકરમાં ગોઠી ઓડકવાળા, રૂપસીના ટોડીમાં, છજુના બુરાનપુરમાં તથા ગોસલના કચ્છમાં અને હાલારમાં છે, તથા બીજાઓ બીજે વસ્યા છે.

એવીરીતે આ ગોત્રના વંશજો સીરોહી, રાડદ્રહ, ભાપીપાસે વાંમી, કહરી, ભિન્નમાલ, જુનાગઢ પાસે જોસીપુર, ગુઢા, બાટડ, પાનેલી, પોકરણ, જેસલમેર, પાટણ વિગેરે ગામોમાં વસે છે, ગોસલનો પરિવાર કચ્છ તથા હાલારમાં માંઢા, વસઇ, લુયડી, ચંગા, ભણગોલ, રાફુદળ, ડબાસંગ, ચેલા, ડુમરા, ખંભાલીયા, સરમત, તરઘરી, મુંઢારોડા, કોકલીયા, આરીખાણા, ગોંઝ, પડાણા, સાંગણની લુંસ, સાભરાઇ, ગોધરા, હાલાપુર, લાહી, રંગપર, ધ્રોલ, સખપર, બીદડા, જોગવડ, ખાખર, વીરમનું ગામ, ભાણની વીસોતરી, સોનારડી, બારહી, બેરાજા, મુંદરા, ખેડાયા. નારાણપુર, ખીડાઇ, કોટડી, ભુજપુર, લાખાબાવર, હાપા, છીકારી, ખડબા, વીપલ, સીણ વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં સંવત ૧૪૭૬ માં સત્યપુરમાં થયેલા મંત્રી મેઘાએ શ્રીમહાવીરપ્રભુના બિંબની પ્રતિષ્ઠા કરાવી છે. સંવત ૧૫૭૨ માં

સીરોહીમાં થયેલા ભીંદા તથા નેતાએ શ્રીવાસુપૂજ્યસ્વામિની પ્રતિમા ભરાવી, અને તેની પ્રતિષ્ઠા અંચલગચ્છીય શ્રીભાવસાગરસૂરિજીએ કરી છે. આ વંશમાં ગોસલાણી (ગોસલીયા–કચ્છી હાલાઈ ઓશવાલ ) તે ક્ષેત્રપાલના તથા ડાડીના બગલપાસે ડાડલમાતાના કર કરે છે, અને બાળકના વાળ ત્યાં ઉતરાવે છે વરસુંદીયે એક પાલીના પુડલા, એક પાલીના કોરા બાકુલા, અને સવા પાલીનો પીંડા કરી જુહારે છે, તથા ગોત્રજાના અગીયાર પાલીના લાડવા કરે છે. તથા હાલારના ગોસલીયા પુત્ર જન્મે આસાપુરા તથા રોઝીને જુહારે છે. એવીરીતે આ ગોસલના વંશમાં ચોથાણી, વીસલાણી, હીરાણી, દેસલાણી, ભુશા (લા)ણી, કોકલીયા, મૂલાણી, થાવરાણી વિગેરે ઘણી ઓડકો કચ્છી ઓશવાળોમાં છે. જોગવડમાં ચાંપાથી તથા માંઢામાં દેવાથી લઘુસજનીયની ( દશાની ) શાખા નિકળી છે. ભણગોલના રહેવાસી નાગાજણે અમરસાગરસૂરિના ઉપદેશથી ઘણાં ધર્મકાર્યો દ્રવ્ય ખરચી કર્યાં છે. માંઢા નિવાસી વીસાએ તથા ખેતાએ ત્યાં વાવો બંધાવીને સ્વામિવાત્સલ્યમાં ઘણું દ્રવ્ય ખરચ્યું છે. કચ્છ નલીયાના રહીસ મૂલાશાહે મૂલાસર નામનું તલાવ બંધાવ્યું છે. કચ્છ સાભરાઇમાં થયેલા ભાવડના પુત્ર પદમસીએ સંવત ૧૭૪૫ માં ત્યાં સુવિધિનાથનો શિખરબંધ પ્રાસાદ બંધાવ્યો. સંવત ૧૬૩૧ માં સાભરાઇના શા. કાનડે શત્રુંજય તથા ગોડીચાનો સંઘ કહાડી ઘણું દ્રવ્ય ખરચ્યું, તથા સદાવ્રતો બંધાવ્યાં. સંવત ૧૭૪૩ માં કચ્છ ગોધરાના રહીસ ગોવર, લખા તથા નરસીએ ઘણું દ્રવ્ય ખરચી સ્વામિવાત્સલ્ય કર્યાં. સંવત ૧૬૫૨ માં ધ્રોલના રહીસ દેરાજે ત્યાં સેલરવાવ બંધાવી. સંવત ૧૭૩૭ માં કચ્છ વારાહીના રહીસ આસગે ત્યાં વાવ બંધાવી, તથા તે લઘુસજનીય ( દશો ) થયો.

એવીરીતે આ દેવાણંદસખા નામના ગોત્રની "ગોસલીયા" આદિક અનેક શાખાઓ નિકળેલી છે, અને તે સઘળી શાખાઓમાં ઉત્પન્ન થયેલા સઘળા શ્રાવકો પણ શ્રીવિધિપક્ષગચ્છની (અંચલગચ્છની) સામાચારી પાલે છે. એવીરીતે દેવાણંદસખા ગોત્રનું વૃત્તાંત કહ્યું.

એવીરીતે વિહાર કરતા તે શ્રી ધર્મઘોષસૂરિજી અનેક ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધતાથકા અનુક્રમે વિક્રમ સંવત ૧૨૬૫ માં જા-

લોર નામના નગરમાં પધાર્યા. તે નગરમાં ચહુઆણવંશનો ભીમનામે એક ક્ષત્રીય વસતો હતો, તેને તે આચાર્યજીએ પોતાની ધર્મદેશનાથી પ્રતિબોધીને શુદ્ધ સમ્યકત્વને ધરનારો તથા અરિહંતપ્રભુનો ઉપાસક કર્યો. એટલે જૈનધર્મી કર્યો. પછી તેમનાજ ઉપદેશથી શ્રાવકોએ તેને તેના કુટુંબસહિત ઓશવાળજ્ઞાતિમાં ભેળવી દીધો. પછી તે ભીમ પોતાના કુટુંબસહિત ડોડનામના નગરમાં આવ્યો, કેમકે ઝાલોરનગરના રાજાએ તેને ત્યાં અધિકારીની પદવીપર સ્થાપ્યો હતો. પછી તે ભીમે ત્યાં તે આચાર્યમહારાજના ઉપદેશથી શ્રીવાસુપૂજ્યપ્રભુનું મનોહર જિનમંદિર બંધાવ્યું, અને તે જિનમંદિરની પ્રતિષ્ટા તેજ શ્રીધર્મઘોષસૂરિજીના ઉપદેશથી વિક્રમ સંવત ૧૨૬૬ માં થઇ. તે ભીમના વંશજો ડોડગામમાં રહેવાથી "ડોડીયાલેચા" નામના ગોત્રથી પ્રસિદ્ધ થયા, અને તેઓ વિધિપક્ષગચ્છની (અંચલગચ્છની) સામાચારી પાળે છે.

તેમની ગોત્રજા અંબાદેવી સ્થાપી, તેનું સ્થાન ભિન્નમાલનગરમાં ખીમજા ડુંગરીએ ગાજણા ટુંકપર પ્રાસાદ છે. તેના કર—ચૈત્ર તથા આસુની પાંચમે ઘૃતસહિત ચોળા ચોખાનું નિવેદ કરે, ફદીયાં આઠ અને જમણીનું કપડું કઠને આપે, એ પૂર્વની સ્થિતિ કહી. ત્યારપછીની જન્મે, મુંડણે, પરણે ત્યારે, તથા દીવાળીએ દોઢ પાલીના લાડુ તથા દોઢ પાલીની લાપસી કરે. બાલકના વાળ બાર કરે ઉતારે, ત્યારે પાલી એકના લાડુ તથા પાલી એકની લાપસી કરી ગોત્રજા જુહારે. આ વંશમાં ગોપાઉત, સુવર્ણગિરા, સંઘવી, પાલણપુરા, સિધલોરા વિગેરે ઓડકો છે.

આ ગોત્રના વંશજો ઝાલોર, ડોડ, દુજાણા, ગુંદાલીયા, ગુદવચી, ઘાણીલ, રાડબરા વિગેરે ગામોમાં વસે છે. આ વંશમા ચગેલા વીરશેઠે ઝાલોરમાં શ્રીચંદ્રપ્રભસ્વામીજીનો પ્રાસાદ બંધાવ્યો. સંવત ૧૫૭૫ માં કોરંટાના વાસી મહિરાજશેઠે અભિનંદનસ્વામિજીનું બિંબ ભરાવ્યું, તથા તેની પ્રતિષ્ટા અંચલગચ્છીય શ્રીજયકેસરીસૂરીશ્વરજીએ કરી. એવીરીતે ચહુઆણવંશમાં ડોડીઆલેચા ગોત્રનું વૃત્તાંત કહ્યું.

પછી ત્યાંથી વિહાર કરીને તે શ્રીધર્મઘોષસૂરિજી લાખણભાલણી નામના ગામમાં આવ્યા. તે ગામમાં પરમારવંશનો રણમલ્લ નામનો

એક ધનવાન ક્ષત્રિય ઠાકુર વસતો હતો. તે ક્ષત્રિયનો હરિયા નામનો એક નવો પરણેલો પુત્ર એક સમયે રાત્રિએ પલંગમાં સુતો હતો. તે વખતે તેની સ્ત્રીના નીચે લટકતા ચોટલાનો આધાર લેઇને એક સર્પે તે પલંગપર ચડીને નિદ્રાવશ થયેલા તે હરિયાકુમારને દંશ માર્યો, અને તેના ઝેરથી તે હરિયો મરણ પામેલા માણસની પેઠે મૂર્છિત થયો. પછી પ્રભાતે મૂર્છિત થયેલા એવા પણ તે હરિયાકુમારને મરણ પામેલો જાણીને તેના સ્વજનો તેને ઉપાડી તેના શરીરનો અગ્નિસંસ્કાર કરવામાટે સ્મશાનમાં જવા લાગ્યા. એવામાં સ્થંડિલભૂમિથી પાછા આવતા એવા તે ધર્મઘોષસૂરિજીએ વિલાપપૂર્વક રડતા તથા સ્મશાનમાં જતા એવા તે લોકોને માર્ગમાં જોયા. ત્યારે ગુરૂમહારાજે પૂછવાથી તેઓએ સર્પના દંશથી તે હરિયાકુમારનું મરણ થયેલું જણાવ્યું. ત્યારે ગુરૂમહારાજે વિચાર્યું કે, જેને સર્પ દંશેલો હોય, તેવા પ્રાણીઓ પ્રાયેં કરીને ઘણાકાળસુધી મૂર્છિત થયાથકા પણ મૃત્યુ પામેલા જેવા દેખાય છે. એમ વિચારી ગુરૂમહારાજે તેઓને કહ્યું કે, એક વખતે તમો તે મૃત્યુ પામેલા કુમારને અમોને જોવા દ્યો ? તેઓએ કહ્યું હે ભગવન્ ! હવે તે મડદાંને જોવાનું આપને શું પ્રયોજન છે ? ત્યારે ફક્ત પરોપકાર કરવામાંજ તત્પર એવા તે ગુરૂમહારાજે કહ્યું કે, હે મહાનુભાવો ! જેઓને સર્પ દંશેલો છે, એવા પ્રાણીઓ પ્રાયેં કરીને ઘણાવખતસુધી મરણ પામેલા જેવાજ દેખાય છે. માટે જો આ કુમાર મૂર્છિતજ થયેલો હશે, તો વિષાપહારમંત્રના પ્રયોગથી મૂર્છા ઉતરી ગયાબાદ તે પાછો જીવતો થશે. એવીરીતની ગુરૂમહારાજની વાણી સાંભળીને તેઓએ તે મૂર્છિત થયેલા હરિયાકુમારને તેમને દેખાડ્યો. ત્યારે તેના શરીરપરના લક્ષણોથી ગુરૂમહારાજે તેને મૂર્છિત થયેલોજ જાણ્યો. પછી ગુરૂમહારાજના કહેવાથી તેના તે સ્વજનો તેને પાછો ગામમાં લાવ્યા. તથા તેમના કહેવાથી તે મૂર્છિત થયેલા હરિયાકુમારને તેની સ્ત્રીસહિત તેને પલંગપર સુવાડ્યો. પછી તે ગુરૂમહારાજે ભણેલા ગારૂડીમંત્રથી ખેંચાઇને તે સર્પ તેજ વખતે ત્યાં આવ્યો, તથા ગુરૂમહારાજની આજ્ઞાથી તે સર્પે પૂર્વની પેઠે તેની સ્ત્રીના ચોટલાનો આધાર લેઇ પલંગપર ચડી દંશને સ્થાનકે ચોટીને પોતાના મુખથી તે હરિયાકુમારના શરીરમાંથી ફરીને પોતાનું વિષ પાછું ચુસી લીધું. પછી ગુરૂમહારાજે વિસર્જન કરેલો તે સર્પ પાછો પોતાને સ્થાનકે ગયો. એવીરીતે વિષ

દૂર થવાથી તે હરિયોકુમાર તુરત પલંગપર બેઠા થયો. પછી ત્યાં પોતાના સગાંઓને એકઠા થયેલા જોઇને તથા ગુરૂમહારાજને પણ જોઇને તે હરિયોકુમાર તેઓને અહીં એકઠા થવાનું કારણ પૂછવા લાગ્યો. ત્યારે તેના માતાપિતાએ તે સઘળો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. તે સાંભળી આશ્ચર્ય પામેલો તે હરિયોકુમાર તુરત ઉઠીને ગુરૂમહારાજના ચરણોમાં પડ્યો. પછી ગુરૂમહારાજના ઉપદેશથી તે રણમલ્લઆદિક સર્વ પરિવારે જૈનધર્મનો સ્વીકાર કર્યો. પછી તેજ ગુરૂમહારાજના ઉપદેશથી ઝાલોર તથા ભિન્નમાલના સંઘે મલીને કુટુંબસહિત તે રણમલ્લને વિક્રમ સંવત ૧૨૬૬ માં ઓશવાળજ્ઞાતિમાં ભેલવી દીધા, અને તેના વંશજો "હરિયા" નામના ગોત્રથી પ્રસિદ્ધ થયા. વળી પાછળથી તે હરિયાયે વિક્રમ સંવત ૧૨૯૬ માં ભાલાણીગામમાં શ્રીશાંતિનાથપ્રભુનો પ્રાસાદ બંધાવ્યો, તથા એક વાવ બંધાવી. અને તેના વંશજો શ્રીમાન્ વિધિપક્ષગચ્છની ( અંચલગચ્છની ) સામાચારી પાલે છે.

તે રણમલ્લનું પૂર્વે તાતોલા પરમારગોત્ર હતું. અને હરીયાના વંશજો હરિયા ગોત્રથી ઓળખાવા લાગ્યા. તે હરિયાની મામલ નામની દીકરીને દેઢીયાગોત્રમાં પરણાવી હતી, પરંતુ કર્મયોગે તે બાલરંડા થયેલી હતી. તે આઠમ, પાખી વિગેરે પર્વોને દિવસે પૌષધ આદિક ઘણો તપ કરતી. એક દિવસે તે ઘરમાં કાઉસગ્ગધ્યાનમાં હતી, એવામાં ઘરમાં આગ લાગવાથી કુટુંબે કહ્યા છતાં પણ તે બહાર નિકળી નહી, જેથી બળી મૃત્યુ પામીને તે ઋદ્ધિવાળી વ્યંતરી થઇ, તેણીએ પ્રત્યક્ષ થઇ કહ્યું કે હવેથી મારા સાસરીયાં તથા પીયરીયાંએ એટલે હરિયા તથા દેઢીયા ગોત્રવાળાઓએ મને ગોત્રજા સ્થાપવી, હું તમારો ઉદય કરીશ. પછી તે બન્ને ગોત્રવાળાઓએ તે મામલદેવીને પોતાની ગોત્રજા કરીને સ્થાપી, તેના કર—જન્મે, મુંડણે, પરણે ત્યારે સવા પાલીની લાપસી, સવા પાલીના લાડવા, સવાપાલીના ખાજાં, સવાપાલીના તલવટનો પીંડો, અને સવાપાલીના બાકુલા, તેમજ દીવાળીએ સવાપાલીના લાડવા કરી ગોત્રજા જુહારીયે. અવારણીએ શ્રીફલ ૧ તથા કપડું એક ફઇને આપે, તથા અર્દ્ધ પાલીના લાડવા, અને પાલી એક ઘઉં અથવા ચોખા ફઇને આપે, તથા એક પાલી તલનો પિંડ કરી ગોત્રજા જુહારે. આ ગોત્રની સહસગણા, કકા, સાંઢ્યા તથા અથલીયા નામની ચાર શાખાઓ છે.

વળી તેઓમાં મરૂથલીયા નામની પણ અડક છે. વળી આ વંશમાં વીજલ, પાંચારીઆ, સરવણ, નપાણી, સાઠયા, કપાઠયા, દિન્નાણી, કોરાણી, વકીઆણી, નીકીઆણી, પંચાયાણી, માણકાણી, ખેતલાણી, સોમગાણી, સધરાણી, કાયાણી, હરિયાણી, હરગણાણી, પેથડાણી, સાંયાણી, પેથાણી, આસરાણી, અભરાણી, હાસરીયા વિગેરે અડકો છે.

આ ગોત્રના વંશજો મેમાણા, આરીખાણા, ચગા, ચેલા, લોંઠીયા, તોગાચી, કપાઠયા, ટીંબડી, અમરકોટ, હાલાપુર, કોટડી, દ્રોણીયા, જખરા, બેરાજા, હાલાવીસોતરી, હાપા, રાયધણઝર, ખજુરડા, પડાણા, સેલડી, બાહુરા, ઝાંઝરી, સીણ, માટલી, થાંમડી, સુરાની લુંસ, ચેહડ, ઝાંખર, જોગવડ, ભાવતની વીસોતરી, વારહી કચ્છ, સુહડસલ, હાથીની નાડુરી, ડબાસંગ, વીરમની વીસોતરી, ડુમરા, લઠેરડી, સાભરાઇ, ગોધરા, હાપાને ગામ, લાજી, વાંકી, બિદડા, દેસલપુર, આસંબીયા, ભુજપુર, ગજોડ, ભુજ, મૂઠાયોડા, વિગેરે ગામોમાં વસે છે. આ વંશમાં ઘણી સ્ત્રીઓ સતી થયેલી છે.

આ વંશમાં અમરકોટના રહીસ આસરશાહે આસરવસહી નામનો જિનપ્રાસાદ, તથા એક વાવ બંધાવી. સંવત ૧૭૨૮ માં લઠેરડીના રહીસ આસરે સાભરાઇ અને ડુમરા વચ્ચે આસરાઇ તલાવ બંધાવ્યું. એમ હરિયાગોત્રનું વૃત્તાંત કહ્યું.

ત્યાંથી વિહાર કરીને તે શ્રીધર્મઘોષસૂરિજી પારકરદેશમાં આવેલા પીલુડાગામમાં પૂર્વે શ્રીજયસિંહસૂરિજીએ પ્રતિબોધેલા લાલણજીએ બોલાવવાથી કચ્છદેશમાં આવેલા ડાણગામમાં પધાર્યા. ત્યાં પુત્રસહિત એવા તે લાલણજીના મામા સુરાજીએ તે લાલણજીને પોતાની ગાદીએ બેસાડ્યા હતા. તે લાલણજીએ આ શ્રીધર્મઘોષસૂરિજીનો મહોટા આડંબરથી ત્યાં પ્રવેશ મહોત્સવ કર્યો, તથા તેના આગ્રહથી તે આચાર્ય મહારાજ પણ ત્યાં ચતુર્માસ રહ્યા. એવીરીતના મહાપ્રભાવિક એવા આ શ્રીધર્મઘોષસૂરિજી વિક્રમ સંવત ૧૨૬૮ માં પોતાનું ઓગણસાઠ વર્ષોનું આયુ સંપૂર્ણ કરીને, તથા પોતાની પાટે શ્રીમહેંદ્રસિંહસૂરિજીને સ્થાપીને કચ્છદેશમાં આવેલા તે ડાણગામમાં સ્વર્ગે ગયા. ત્યાં લાલણજીએ ચંદનકાષ્ટોવડે તેમના શરીરનો અગ્નિસંસ્કાર કરીને તે જગોએ તળાવને કિનારે એક દેરી બંધાવીને તેમાં તે શ્રીધર્મઘોષસૂરિજીની તથા પોતાના ઉપકારી

એવા તેમના ગુરૂ શ્રીજયસિંહસૂરિજીની પાદુકાઓ સ્થાપી. આ શ્રીમાન્ ધર્મઘોષસૂરિજીએ શતપદી નામનો ગ્રંથ રચ્યો છે.

આ શ્રીધર્મઘોષસૂરિજીના સમયમાં જાડાપલ્લીયગચ્છના જયપ્રભસૂરિજીએ વિધિપક્ષગચ્છની ( અંચલગચ્છની ) સામાચારીનો સ્વીકાર કર્યો. તથા દિગંબરી વીરચંદસૂરિને આ ધર્મઘોષસૂરિજીએ વાદમાં જીતી વલ્લભીશાખામાં આચાર્યપદવી આપી.

# ॥ ૫૦ ॥ શ્રીમહેંદ્રસિંહસૂરિ ॥

તેમનો વૃત્તાંત નીચે મુજબ છે.—

સરા નામના ગામમાં દેવપ્રસાદ નામનો ઔદિચ્યજ્ઞાતિનો એક બ્રાહ્મણ વસતો હતો. તે બ્રાહ્મણની મનોહર રૂપવાળી તથા શીલ આદિક ગુણોના સમૂહથી શોભિતી થયેલી ક્ષીરદેવી નામે સ્ત્રી હતી. તેઓને વિક્રમ સંવત ૧૨૨૮ મા ઉત્તમ લક્ષણોવાળો મહેંદ્ર નામનો પુત્ર થયો. તે દેવપ્રસાદ બ્રાહ્મણ વેદઆદિક શાસ્ત્રોનો પારંગામી હોવા છતાં પણ પુરાણોની કથાઓ વાચવાઆદિકથી ઘણી મુશીબતે પોતાની આજીવીકા ચલાવતો હતો. હવે એક વખતે શ્રીધર્મઘોષસૂરિજી વિહાર કરતાથકા તે ગામમાં પધાર્યા, તથા ત્યાં નાગડગોત્રી રૂણા નામનો એક ધનવાન શ્રાવકના આગ્રહથી ચતુર્માસ રહ્યા. તે રૂણો શ્રાવક પણ હમેશાં શુભભાવથી તે ગુરૂમહારાજની ભક્તિ કરે છે. હવે ગુરૂમહારાજે પ્રથમ દીક્ષા આપેલા ત્રણ બાલશિષ્યો વ્યાકરણનો અભ્યાસ કરવામાટે ગુરૂમહારાજને વિનંતિ કરવા લાગ્યા. ત્યારે ગુરૂજીએ પણ એક વખતે તે ભક્તિવંત રૂણાશેઠને પૂછ્યું કે, હે ઉત્તમ શ્રાવક ! અહીં આપના ગામમાં વ્યાકરણ ભણેલો શું કોઇ પણ અધ્યાપક છે ? ત્યારે તે રૂણાએ કહ્યું કે, હે ભગવન્ ? અહીં દેવપ્રસાદ નામનો એક બ્રાહ્મણ છે, અને તે અહીં વિદ્વાન્ કહેવાય છે; તથા તે લોકોની પાસે કથાઆદિક કરીને મુશ્કેલીથી પોતાની આ-

જીવિકા ચલાવે છે. પરંતુ તે વ્યાકરણ ભણેલો છે કે નહિ, તે હું જાણતો નથી. જો આપની આજ્ઞા હોય, તો હું તેને અહીં આપની પાસે તેડી લાવું, કેમકે તે મારી પિછાનવાળો છે. કારણ કે હું પણ તેને સુપાત્ર બ્રાહ્મણ જાણીને કોઇ કોઇ વખતે રસોઇની સામગ્રી આપીને લાડુ આદિક જમાડું છું. તે સાંભળી ગુરૂમહારાજે કહ્યું કે, હે શ્રેષ્ઠિન્! ત્યારે તો જરૂર તે બ્રાહ્મણને અમારી પાસે તમો તેડી લાવજો? કેમકે આ ત્રણે બાલમુનિઓ વ્યાકરણના અભ્યાસના અભિલાષી છે. પછી તે રૂણાકશેઠ પણ ગુરૂમહારાજને વાંદીને પોતાની દુકાને ગયો, તથા પછી પોતાના એક નોકરને મોકલી તે દેવપ્રસાદ બ્રાહ્મણને તેણે પોતાની પાસે બોલાવ્યો. ત્યારે તે દેવપ્રસાદ પણ તે શેઠનું આમંત્રણ જાણીને તુરત ત્યાં આવ્યો, તથા શેઠને આશીર્વાદ આપીને બેઠો. પછી શેઠે તેને પૂછ્યું કે, તમોએ કંઇ વ્યાકરણનો અભ્યાસ કર્યો છે કે નહી? તે સાંભળી તેણે કહ્યું કે, વ્યાકરણનો તો મેં ખૂબ અભ્યાસ કર્યો છે, પરંતુ તેના અભ્યાસથી મારૂં દારિદ્ર દૂર થયું નહી. વળી આજે આપસાહેબને તે વ્યાકરણનું શું પ્રયોજન આવી પડયું છે? ત્યારે શેઠે કહ્યું કે, અમારા ગુરૂમહારાજ અહીં [illegible]લા છે, તેમની સાથે તેમના ત્રણ બાલશિષ્યો છે, તેઓને તમારી પાસે વ્યાકરણનો અભ્યાસ કરવાની ઇચ્છા છે. તે સાંભળી તે દેવપ્રસાદે વિચાર્યું કે, ત્યારે ખરેખર મને દ્રવ્યઆદિકની પ્રાપ્તિ થશે. એમ વિચારી તેણે કહ્યું કે, હે શેઠજી! હું તે બાલશિષ્યોને ખુશીથી વ્યાકરણનો અભ્યાસ કરાવીશ. પછી તે રૂણાકશેઠ પણ તે દેવપ્રસાદ બ્રાહ્મણને ગુરૂપાસે લાવ્યા. પછી તે દેવપ્રસાદે પણ ગુરૂમહારાજને વાંદીને આશીર્વાદનો કાવ્ય કહ્યો. ત્યારે તેના વચનની ચતુરાઇથીજ ગુરૂમહારાજે જાણ્યું કે, ખરેખર આ બ્રાહ્મણ વિદ્વાન્ લાગે છે, પછી ગુરૂમહારાજે તેની પરીક્ષા કર્યાબાદ તેને વ્યાકરણઆદિક શાસ્ત્રોમાં પારંગામી જાણ્યો. પછી તે દેવપ્રસાદ બ્રાહ્મણ ગુરૂમહારાજના કહેવાથી હમેશાં તે બાલશિષ્યોને ભણાવવામાટે પ્રભાતથી માંડી એક પોહોરસુધી ત્યાં ઉપાશ્રયે આવવા લાગ્યો. તથા તે રૂણાકશેઠ પણ ગુરૂમહારાજના કહેવાથી તે દેવપ્રસાદબ્રાહ્મણને હમેશાં ચાર માણસો ભોજન કરી શકે તેટલાં ધાન્ય તથા ઘૃતઆદિક પોતાની દુકાનેથી આપવા લાગ્યો. તેથી ખુશી થયેલો તે દેવપ્રસાદ પણ હ-

ભ્યાસ કરાવવા લાગ્યો. હવે તે દેવપ્રસાદબ્રાહ્મણનો મહેંદ્ર નામનો તે પુત્ર પણ હમેશાં પોતાના તે પિતાની સાથે ગુરૂમહારાજને ઉપાશ્રયે આવે છે. પાંચ વર્ષોની વયનો તે મહેંદ્ર ત્યાં રમતોથકો ગુરૂમહારાજના પાત્રોને જોઇ ખુશી થઇ પોતાના હાથમાં ગ્રહણ કરે છે. હવે તે બાલકના સ્ખલના પામતા અક્ષરોવાળી મીઠી વાણી સાંભળતા એવા તે ગુરૂમહારાજ પણ ઉપયોગ દેઇને તે બાળકની તેવાપ્રકારની બાલક્રીડાને અટકાવતા નહીં. એ રીતે અનુક્રમે તે બાળક ગુરૂમહારાજના અત્યંત પરિચયવાળો થઇ ગયો. વળી કોઇ કોઇ વખતે તે મહેંદ્રકુમાર ક્રીડા કરતોથકો ગુરૂપાસે જઇ તેમના ખોળામાં બેસી હાસ્યઆદિક વિનોદ કરીને તેમને આનંદ ઉપજાવતો હતો. કોઇ વખતે સ્ખલના પામતા અક્ષરોથી ઠર્યાવહીઆદિકના ગુરૂમહારાજના પાઠનો અનુવાદ કરતોથકો એટલે ગુરૂમહારાજની પાછળ તે પાઠ બોલતોથકો સઘળા યતિઓને તે હાસ્યસહિત આનંદ ઉપજાવતો હતો. વળી કોઇ કોઇ વખતે શ્રાવકો અને શ્રાવિકાઓના વંદનનો અનુવાદ કરતોથકો તે મહેંદ્રકુમાર તેઓને પણ વિનોદ ઉપજાવતો હતો. એવીરીતની તેની બાલચેષ્ટા જોઇને એક સમયે ગુરૂમહારાજે તેના હાથની રેખાઓ જોઇ. ત્યારે સામુદ્રિકશાસ્ત્રમાં નિપુણ એવા તે ગુરૂમહારાજે જાણ્યું કે, ખરેખર આ બાલક ભવિષ્યકાળમાં ગચ્છનો ભાર ઉપાડવાને લાયક થશે. માટે આ દેવપ્રસાદબ્રાહ્મણ જો કોઇ પણ ઉપાયે અમોને આ બાળક આપી દે, તો ઠીક થાય. એમ વિચારીને એક દિવસે ગુરૂમહારાજે તે રૂણાકશેઠને તે હકીકત કહી સંભળાવી. ત્યારે તે રૂણાકશેઠે કહ્યું કે, હે સ્વામિન્ ધીમે ધીમે દ્રવ્યઆદિકવડે તે બ્રાહ્મણને લાલચમાં નાખીને જરૂર આપનું આ કાર્ય હું કરી આપીશ. ત્યારપછી કેટલાક દિવસો ગયાબાદ તે રૂણાકશેઠે તે દેવપ્રસાદબ્રાહ્મણને કહ્યું કે, તમારા આ મહેંદ્ર નામના બાલપુત્રને ગુરૂમહારાજને આપી દ્યો ? અને તેના બદલામાં હું તમોને પાંચસો સોનામોહોરો આપીશ. હવે પાંચસો સોનામોહોરોનું નામ સાંભળતાંજ લોભરૂપી સમુદ્રમાં બુડેલો તે દેવપ્રસાદ કહેવા લાગ્યો કે, હે શેઠજી! આ બાબતના સંબંધમાં મારી સ્ત્રીને પૂછીને હું આપને ઉત્તર આપીશ. પછી તે દેવપ્રસાદે પણ ઘેર જઇ પોતાની સ્ત્રીને તે વૃત્તાંત કહ્યો. તે સાંભળી મનમાં અત્યંત ખેદ પામેલી એવી તે બ્રાહ્મણીએ

હે સ્વામી ! દ્રવ્યની લાલચમાં પડીને પુત્રને વેચવામાટે તૈયાર થયેલા એવા જે તમો, તેની વિદ્યા પણ રાખમાં ઘૃત ઢોળવા બરોબર થઇ. વળી તેથી લોકમાં પણ આપણો અપવાદ થશે, કે દ્રવ્યના લોભથી આ બ્રાહ્મણ તથા બ્રાહ્મણીએ દેવોને પણ દુર્લભ એવો પુત્ર દ્રવ્ય લેઇને વેંચી નાખ્યો. માટે આપણે પુત્રને તો નહી વેંચીયે. વળી હવેથી તમારે આપણા આ મહેંદ્રપુત્રને ત્યાં સાધુઓને ઉપાશ્રયે પણ તેડી જવો નહી. પોતાની સ્રીના એવીરીતનાં વચનોથી વિલખા થયેલા એવા તે બ્રાહ્મણે તે વૃત્તાંત રૂણાકશેઠને કહ્યો, અને તે શેઠે પણ તે વૃત્તાંત ગુરૂમહારાજને કહ્યો. ત્યારે ગુરૂમહારાજે વિચાર્યું કે, ખરેખર પુત્રના મોહમાં પડેલી તે બ્રાહ્મણી બીજા કોઇપણ ઉપાયવિના આપણને તે મહેંદ્રકુમાર આપશે નહીં. હવે તે દિવસથી સ્રીના કહેવાથી તે દેવ-પ્રસાદ પણ પોતાના તે મહેંદ્રપુત્રને પોતાની સાથે ત્યાં ઉપાશ્રયે તેડી જતો નથી. પછી એક વખતે ગુરૂમહારાજે તે દેવપ્રસાદને કહ્યું કે, આજકાલ તમો તમારા તે મહેંદ્રપુત્રને અહીં કેમ લાવતા નથી? ત્યારે તેણે પણ શુદ્ધ મનથી પોતાની સ્રીનો વૃત્તાંત ગુરૂમહારાજને કહી સંભળાવ્યો. ત્યારે ગુરૂમહારાજે તેને કહ્યું કે, હે ભદ્ર! અમો કંઇ બળાત્કારે તારા પુત્રને લેઇશું નહીં, જો તમો બન્ને સ્રીભર્તાર સંતુષ્ટ થઇને આપશો, તોજ અમો લેઇશું. એમ કહી ગુરૂમહારાજે તેનું મન શાંત કર્યું.

પછી ગુરૂમહારાજે વિચાર્યું કે, ખરેખર હવે ધીરજ રાખ્યાવિના આ કાર્ય સફલ થશે નહી. એમ વિચારી તેમણે તે વાતની ઉપેક્ષા કરી. પછી ચતુર્માસ વીત્યાબાદ પણ સમયની રાહ જોતા ગુરૂમહારાજ પણ શિષ્યોને ભણાવવાના મિષથી ત્યાંજ રહ્યા. વળી પોતાના શિષ્યોને ભણાવવાથી ખુશી થયેલા ગુરૂમહારાજે પણ તે દેવપ્રસાદને વસ્રો તથા આભૂષણોવિગેરેથી સંતુષ્ટ કર્યો. એવીરીતે લાભ જાણીને તે વીચક્ષણ એવી દેવપ્રસાદની સ્રી પણ સંતુષ્ટ થઇ. તેવારપછી તે બ્રા-હ્મણી પણ કોઇ કોઇ દિવસે પોતાનાસ્વામીને ભોજનઆદિકમાટે બોલાવ-વાને ઉપાશ્રયે આવવા લાગી. તેણીની સાથે આવતો તે મહેંદ્રબાલ પણ પૂર્વના અભ્યાસથી ગુરૂમહારાજના પાત્રાંઆદિક ઉપકરણોને પોતાના હાથમાં લેતો હતો, તથા ક્રીડા કરતો અને હસતોથકો તે ગુરૂમહારા-જના ખોળામાં બેસતો હતો. વળી ગુરૂજીએ પ્રથમ શિખવી રા-ખેલા શ્રાવકો પણ તે બાળકને તથા તેની માતાને પ્રભાવનામાટે

સુખડીઆદિક આપતા હતા. હવે એવીરીતે લાભ થતો જોઇને પછી તે બ્રાહ્મણની સ્રી પણ સ્વાભાવિક લોભથી ત્યાં હમેશાં મહેંદ્રસહિત ગુરૂજીનું વ્યાખ્યાન સાંભળવાને આવવા લાગી. ગુરૂમહારાજના શિખવવાથી શ્રાવિકાઓ પણ તે બ્રાહ્મણીને સન્માન આપતી હતી. એવીરીતે હમેશાં મધુર વચનોવાળા ગુરૂમહારાજના ઉપદેશને સાંભળતી એવી તે બ્રાહ્મણી પણ પોતાના ભદ્રિક પરિણામથી અરિહંતપ્રભુએ કહેલા ધર્મમાં શ્રદ્ધા ધારણ કરવા લાગી. તથા અનુક્રમે અહિંસામય જૈનધર્મ તેણીને રૂચવા લાગ્યો, તથા એવીરીતે ધીમેધીમે તે જૈનધર્મમાં દૃઢ પરિણામવાળી થઇ. પછી એક વખતે અવસર જોઇને ગુરૂમહારાજે તેણીને કહ્યું કે, હે સુશીલે! જો તું આ તારો મહેંદ્રપુત્ર અમોને આપીશ, તો તે પણ અનુક્રમે શાસ્રો ભણીને સઘળા શ્રાવકઆદિકોને વાંચવા લાયક થશે, અને તેથી આ પૃથ્વીમંડળપર તમારી કીર્તિનો પણ ફેલાવો થશે. તથા છેવટે સ્વર્ગઆદિકનું સુખ મેળવીને તમારો ઉપકાર માનતોથકો તે શાશ્વતાં સુખોવાળું મોક્ષ મેળવશે. ઇત્યાદિક ગુરૂમહારાજના મધુર વચનોથી પ્રતિબોધ પામેલી એવી તેણીએ ખુશી થઇને તથા પોતાના સ્વામિની પણ અનુમતિ લેઇને તે પોતાના પુત્ર મહેંદ્રને ગુરૂમહારાજને સોંપ્યો. પછી તે ગુરૂમહારાજના વચનથી તે રૂણાકશેઠે પણ તે બન્ને સ્રીભર્તારની આજીવિકામાટે સારીરીતની વ્યવસ્થા કરી આપી. પછી ગુરૂમહારાજ પણ તે મહેંદ્રકુમારને લેઇને બીજી જગોએ વિહાર કરી ગયા. વિનયઆદિક અનેકપ્રકારના ઉત્તમ ગુણોના સમૂહથી શોભિતો થયેલો એવો તે મહેંદ્રકુમાર પણ ગુરૂમહારાજનો પ્રીતિપાત્ર થયો, એટલે તેનાપર ગુરૂજીનો પણ ઘણો પ્રેમ વધવા લાગ્યો. પછી ગુરૂમહારાજે ખંભાતમાં આવી નવ વર્ષોની વયવાળા એવા પણ તે મહેંદ્રકુમારને વિક્રમ સંવત ૧૨૩૭માં મહોત્સવપૂર્વક દીક્ષા આપી. પછી અત્યંત ચંચલ બુદ્ધિવાળા એવા તે મહેંદ્રમુનિએ શાસ્રોનો અભ્યાસ કરવા માંડ્યો. એવીરીતે શાસ્રોમાં પારંગામી થયેલા એવા તે મહેંદ્રમુનિને વિક્રમ સંવત ૧૨૫૭ માં ગુરૂમહારાજે ઉપાધ્યાયના પદપર સ્થાપ્યા. પછી તે ગુરૂમહારાજે આદેશ દેવાથી તે મહેંદ્ર ઉપાધ્યાયજી મુનિઓના સમૂહસહિત જુદા વિહાર કરવા લાગ્યા. એવીરીતે વિહાર કરતા તેઓ એક વખતે નગરપારકર નામના નગરમાં પધાર્યા, તથા ત્યાંના સંઘે મહોત્સવપૂર્વક તેમનો નગરમાં

પ્રવેશ કરાવ્યો. પછી સંઘના આગ્રહથી તેઓ ત્યાં ચતુર્માસ રહ્યા. પછી તેમના ઉપદેશથી તે નગરમાં રહેનારા વડોરાગોત્રવાળા સંગા નામના શ્રાવકે ગોડીપાર્શ્વનાથજીની યાત્રા કરવામાટે સંઘને એકઠો કર્યો, એવીરીતે મ્હોટા આડંબરથી તે સંગશ્રેષ્ઠીએ સંઘસહિત તે તીર્થની યાત્રા કરી, તથા તે મહેંદ્રસિંહઉપાધ્યાયજીએ પણ તે સંઘની સાથે તે તીર્થની યાત્રા કરી. એવીરીતે વિહાર કરતાથકા તે શ્રીમહેંદ્રસિંહઉપાધ્યાયજી કીરાડુ નામના ગામમાં પધાર્યા. તે ગામમાં વડોરાગોત્રનો આલ્હાક નામનો શ્રાવક વસતો હતો. તે શ્રાવક પોતાના કુટુંબસહિત જૈનધર્મમાં દૃઢ ચિત્તવાળો થયોથકો ત્રિકાળ જિનેશ્વરપ્રભુની પૂજા કરતો હતો. તથા પ્રતિક્રમણઆદિકની ક્રિયામાં તત્પર થયોથકો ન્યાયથી ઉપાર્જન કરેલાં દ્રવ્યવડે પોતાના કુટુંબની આજીવિકા ચલાવતો હતો. વળી તે શ્રાવક ત્યાં પધારેલા તે શ્રીમહેંદ્રસિંહઉપાધ્યાયજીની અમૃતસરખી મધુર વ્યાખ્યાનવાણી હમેશાં સાંભળતો હતો. પછી એક વખતે નિમિત્તશાસ્ત્રમાં વિચક્ષણ એવા તે ઉપાધ્યાયજીએ જાણ્યું કે, આ દેશમાં ત્રણ વર્ષોનો ભયંકર દુષ્કાલ પડશે. પછી એક વખતે કરેલ છે અતિથિસંવિભાગવ્રત જેણે એવા તે આલ્હાકશેઠના અત્યંત આગ્રહથી ગુરૂમહારાજ પોતે આહાર લેવામાટે તેને ઘેર પધાર્યા. ત્યારે તે આલ્હાકે પણ શુભભાવથી પુડલાઓવડે તેમને પ્રતિલાભ્યા.

હવે તે આલ્હાકશેઠના ઘરના આંગણામાં એક બોરડીનું વૃક્ષ હતું તેનાપર બેઠેલો એક કાગડો મ્હોટા શબ્દથી બોલતોથકો ઉડીને કયાંક ચાલ્યો ગયો. ત્યારે પક્ષિઓના સ્વરને જાણવામાં ચતુર એવા ગુરૂમહારાજે જાણ્યું કે, ખરેખર આ વૃક્ષની નીચે દ્રવ્યનું એક મહોટું નિધાન છે. પછી તે ગુરૂમહારાજ તે આલ્હાકે આપેલો આહાર લેઇને ઉપાશ્રયે આવ્યા. પછી ખુશી થયેલા તે આલ્હાકે પણ ભોજન કર્યું. પછી સંધ્યાકાળે તે આલ્હાક પ્રતિક્રમણ કરવામાટે ગુરૂમહારાજ પાસે આવ્યો. પ્રતિક્રમણ કર્યાબાદ તેની ભક્તિથી ખુશી થયેલા ગુરૂજીએ તે આલ્હાકશ્રાવકને પૂછયું કે, હે ઉત્તમ શ્રાવક ! તમારી આજીવિકા સુખેસમાધે કેમ ચાલે છે કે નહી ? એવીરીતે ગુરૂમહારાજે પૂછવાથી તે આલ્હાકે કહ્યું કે, હે ભગવન્ ! ધર્મના પ્રભાવથી હું હમેશાં મારા કુટુંબનો નિર્વાહ ચાલે તેટલું દ્રવ્ય ન્યાયથી ઉપાર્જન

કરૂં છું. મારી દુકાનમાં ત્રણસો દ્રમ્મની કીમતનાં મરીઆદિક કરિયાણાં છે, તથા એવીરીતે લેવાવેચવાથી હું પ્રાયે કરીને ન્યાયથી હમેશાં એક દ્રમ્મ ઉપાર્જન કરૂં છું, અને તેથી સંતોષ પામીને હું ધર્મધ્યાનમાં તત્પર થઇ સુખે સમાધે મારાં કુટુંબનો નિર્વાહ કરૂં છું. એવીરીતે ફક્ત ધર્મમાંજ રક્ત એવાં તેનાં ચિત્તને જોઇને ગુરૂમહારાજે કહ્યું કે, હે ઉત્તમ શ્રાવક! હવે ત્રણ વર્ષોસુધી વરસાદના અભાવથી અહીં અત્યંત ભયંકર દુકાળ પડવાનો છે. વળી તારા ઘરના આંગણામાં ઉગેલી બોરડીના વૃક્ષ નીચે દ્રવ્યનું મ્હોટું નિધાન દાટેલું છે. તે દ્રવ્ય લેઇને તારે તે દુષ્કાલમાં દીનપ્રાણીઓનો ઉદ્ધાર કરવો. હવે એવીરીતનાં ગુરૂમહારાજનાં વચનો સાંભળીને આશ્ચર્ય પામેલા તે આલ્હાકશ્રાવકે પણ ગુરૂમહારાજને કહ્યું કે, હે ભગવન્! આપસાહેબના ઉપદેશમુજબ હું તે કાર્ય કરીશ. પછી તે આલ્હાક–શ્રાવક ગુરૂમહારાજને વાંદીને પોતાને ઘેર આવ્યો, તથા પ્રભાતે જિનપૂજાઆદિક ધર્મકાર્યો કરીને તેણે ગુપ્ત રીતે તે બોરડીના વૃક્ષ નીચે ખોદકામ કર્યું, ત્યારે તેમાંથી દશલાખ સોનામોહોરોનું નિ–ધાન પ્રકટ થયું. પછી તેણે તે નિધાન પોતાના ઘરની અંદર પેટીમાં સંઘરી રાખ્યું. પછી તેણે ગુરૂમહારાજપાસે જઇને તે નિધાનનો વૃત્તાંત કહી સંભળાવ્યો. પછી તેના આગ્રહથી ગુરૂમહારાજ પણ તેજ કીરાડુગામમાં ચતુર્માસ રહ્યા. એવામાં ત્યાં વરસાદ ન વરસવાથી ભયંકર દુષ્કાલ પડ્યો, અને તેથી જલ તથા ધાન્ય ન મળવાથી ઘણા લોકો દુઃખ પામવા લાગ્યા. વળી ઘાસ અને જલના અભાવથી પશુઓ પણ ઘણું દુઃખ સહન કરવા લાગ્યા. ત્યારે તે આલ્હાકશ્રાવકે ગુરૂમહારાજના ઉપદેશને અનુસરીને તે ગામની ચારે દિશાઓમાં ચાર દાનશાલાઓ સ્થાપી, તથા જલમાટે નવા કુવા ખોદાવ્યા. તે દાનશાલાઓમાં ભોજન મેળવતા દીનલોકો તે આલ્હાકશ્રાવકને ઘણા આશીર્વાદો દેવા લાગ્યા, તથા એવીરીતે તે આલ્હાકશેઠની કીર્તિ પરદેશોમાં વિસ્તાર પામી. પછી ચતુર્માસ–બાદ ગુરૂમહારાજ પણ ત્યાંથી વિહાર કરી બીજી જગોએ ગયા. હવે એવીરીતે વિહાર કરતા એવા તે શ્રીમહેંદ્રસિંહઉપાધ્યાયજી વિક્રમ સંવત ૧૨૬૩ માં પોતાના ગુરૂમહારાજને વાંદવામાટે નાડોલ–નગરમાં પધાર્યા, તે વખતે તેમને યોગ્ય જાણીને ગુરૂમહારાજે પણ આચાર્યપદવી આપી. પછી ત્યાંથી વિહાર કરીને તે શ્રીમહેંદ્રસિં-

હસૂરિજી આબુપર્વતપર તાથયાત્રા કરીને થારાપદ્ર ( થરાદ ) નામના નગરમાં પધાર્યા. ત્યાં તેમને શ્રીમત્તપાગચ્છમાં અલંકારરૂમાન એવા શ્રીદેવેંદ્રસૂરિજી મળ્યા. તેમની સાથે તે શ્રીમહેંદ્રસિંહસૂરિજીનો મહાવ્રતોના અતીચારસંબંધી ચોર્યાસી પ્રશ્નોથી સંવાદ થયો. તેમાં શ્રીદેવેંદ્રસૂરિજીએ કહ્યું કે, શ્રાવકોને તેમજ બીજા ગૃહસ્થોને નિમિત્ત કહેવું, તથા નિધાનનું સ્થાન દેખાડવું, ઇત્યાદિક કાર્ય કરનારા મુનિઓના ચારિત્રમાં મલીનતાનો સંભવ થાય છે. વળી અમોએ સાંભળ્યું છે કે, તમોએ કીરાડુગામમાં આલ્હાક નામના શ્રાવકને નિમિત્ત કહીને તથા તેના ઘરમાં રહેલું નિધાન દેખાડીને કુવા ખોદાવવાઆદિક કાર્યો કરાવેલાં છે, પરંતુ તે સુવિહિત સાધુઓનો આચાર કહેવાય નહીં. વળી તમો તો સુવિહિત છો, તેથી તમારે તેના સંબંધમાં આલોચના અંગીકાર કરવી જોઇયે, ઇત્યાદિક વિષયવાળો શાસ્ત્રોના આલાવા તથા દૃષ્ટાંતોવડે તેઓ વચ્ચે સંવાદ થયો. પછી ત્યાંથી વિહાર કરીને તે શ્રીમહેંદ્રસિંહસૂરિજી અનુક્રમે સ્તંભતીર્થમાં ( ખંભાતનગરમાં ) પધાર્યા, તથા ત્યાંના સંઘના આગ્રહથી તેઓ વિક્રમ સંવત ૧૩૦૯ માં ચતુર્માસ રહ્યા. વયોવૃદ્ધ છતાં પણ તેઓ ઉગ્રવિહારી તરીકે પ્રસિદ્ધ થયા હતા. ત્યાં પર્યુષણપર્વમાં ઉપવાસ કરી કલ્પસૂત્ર વાંચતાથકા વાયુના પ્રકોપથી સભામાં તેઓ પાટપર બેઠા બેઠાજ દેહ છોડી દેવલોકે ગયા. ત્યાં તેમના દેહનો અગ્નિસંસ્કાર કર્યાબાદ શ્રાવકોએ શ્રીસ્તંભનપાર્શ્વપ્રભુના જિનાલયમાં તેમની પાદુકાઓ સ્થાપી. હવે તે શ્રીમહેંદ્રસિંહસૂરિજીના રૂપચંદ્રઆદિક તેર શિષ્યો હતા, પરંતુ સંઘે તેઓમાંથી કોઇને પણ તેમની પાટે બેસાડવાને યોગ્ય જાણ્યો નહીં. પછી ચતુર્માસબાદ વલ્લભીશાખાના અધિપતિ શ્રીસિંહપ્રભ નામના આચાર્યજીને ખંભાતના સંઘે ગાંધારનગરથી બોલાવ્યા. તથા પછી સંઘે મળીને ઘણા શ્રાવકોની સંમતિથી તે યુવાન એવા પણ સિંહપ્રભસૂરિજીને શ્રીમહેંદ્રસિંહસૂરિજીની પાટે સ્થાપ્યા. અને ત્યારથી માંડીને વલ્લભીશાખાના બીજા પણ સઘળા યતિઓ આ અંચલગચ્છમાંજ ભળી ગયા.

હવે અહીં પ્રસંગોપાત તે વલ્લભીશાખાનું વૃત્તાંત નીચે મુજબ જાણવું—

આ અંચલગચ્છની આડત્રીશમી પાટે થયેલા ઉદયપ્રભસૂરિજીના પ્રભાનંદસૂરિ તથા વલ્લભસૂરિનામે બે શિષ્યો થયા હતા. તેઓમાંના વલ્લભસૂરિથી આ વલ્લભીશાખા નિકળી છે. આ વલ્લભસૂરિજી વિક્રમ સંવત ૮૩૨ માં સૂરિપદ પામ્યા. તેમની પાટે ધર્મચંદ્રસૂરિ સંવત ૮૩૭ માં થયા. તેમની પાટે સંવત ૮૬૯ માં ગુણચંદ્રસૂરિ થયા. તેમની પાટે સંવત ૮૯૯ માં દેવચંદ્રસૂરિ થયા. તેમની પાટે સંવત ૯૨૫ માં સુમતિચંદ્રસૂરિ થયા. તેમની પાટે સંવત ૯૪૮ માં હરિચંદ્રસૂરિ થયા. તેમની પાટે સંવત ૯૭૭ માં રત્નસિંહસૂરિ થયા. તેમણે વિક્રમ સંવત ૧૦૦૫ માં ડીડુજ્ઞાતિના ધાંધલ નામના શેઠને પ્રતિબોધીને જૈની કરવાથી " કાંટીયા " ગોત્રની ઉત્પત્તિ થઇ. તેનું વિશેષ વૃત્તાંત નીચે મુજબ છે.

વિક્રમ સંવત ૧૦૮૫ માં રણથંભોર પાસે આછગૂ નામના ગામમાં ડીડુ નામે વણિક જ્ઞાતિનો ધાંધલશેઠ રહેતો હતો, તેની ઉચ્છુસા નામની ગોત્રદેવી હતી. તે વખતે અંચલગચ્છની વલ્લભીશાખાના શ્રીરત્નસિંહસૂરિ ત્યાં પધાર્યા. તે ધાંધલને ત્રણ સ્ત્રીઓ હતી, પરંતુ પુત્ર નહોતો, ત્યારે તે રત્નસિંહસૂરિને પ્રભાવિક જાણી તે ધાંધલ તેમની સેવા કરવા લાગ્યો. એક વખતે તેણે પોતે હું સંતાનરહિત છું, એમ જણાવી ગુરૂને પ્રશ્ન કર્યો. ગુરૂએ કહ્યું તમો જો મિથ્યાત્વનો ત્યાગ કરી જૈનધર્મ સ્વીકારશો, તો જરૂર તમોને સંતાન થશે. ધાંધલશેઠ પણ ગુરૂના વચનપર વિશ્વાસ લાવી મિથ્યાત્વ તજી જૈનધર્મનું સેવન કરવા લાગ્યો. ત્યારબાદ તેની ગોત્રદેવી ઉચ્છુસાએ સ્વપ્નમાં ધાંધલશેઠને કહ્યું કે, હવે તમોને પુત્ર થશે. પ્રભાતે શેઠ પોતાની તે ગોત્રદેવીના મંદિરમાં જ્યારે આવ્યા, ત્યારે ફૂલવાળી ગોખરૂની એક ડાખરી કોઇએ તેણીના હસ્તમાં મેલેલી દીઠી. શેઠ તે ગોખરૂની ડાખરી લઇ ઘેર આવ્યા. વળી રાત્રિએ દેવીએ તેને સ્વપ્નમાં કહ્યું કે તને જે પુત્ર થાય. તેનું ગોખરૂ ( કાંટીઓ ) નામ પાડજો, તથા આજથી હું ઉચ્છુસાદેવી પણ ગોખરૂ નામથી તમારા વંશમાં પૂજાઇશ. તેનાં કર—ચૈત્રી, આસો, મહા તથા વૈશાખે, તેમજ જન્મે, મુંડણે અને પરણે ત્યારે ખીર, લાપસી, કુર, મગ, વડાં, પોળી, પુડલા, બાકુલા તથા સાલણાં ( રાયતું ) એ નવ વસ્તુના નિવેદ કરવાં. જમણીનું કપડું ફેઇને દેવું. પુત્રી જન્મે અર્ધ કર કરવા, પછી

ગુરૂએ તે ધાંધલશેઠના પરિવારને ઓશવાલજ્ઞાતિમાં મેળવી દીધા. તેના વંશમાં સંવત ૧૧૬૫ માં થયેલા સોમાશેઠને શરીરે પિત્તનો વિકાર થવાથી ઔષધમાટે લીંબડાના વૃક્ષનીચે તે લીંબોડી વીણવા બેઠો, એવામાં ઘણો પવન વાવાથી તે લીંબડાનું ઝાડ પડવાથી તે મરણ પામી વ્યંતર થયો, તથા લીંબડાનો અધિષ્ટાયક થયો. તેણે તેના પુત્રને સ્વપ્નમાં કહ્યું કે, હવેથી તમો મારા નામથી પણ અસાડ તથા કાર્તિક સુદ પાંચમે દળના લાડવા કરી કુટુંબ જમજો, ત્યારથી તે સોમાના વંશજો લીંબડીયા ઓડકથી પ્રસિદ્ધ થયા. સંવત ૧૩૩૫ માં સુલતાન અલાઉદીને રણથંભોરનો નાશ કરવાથી તે વંશના શેઠ ભાણા ચાંપાનેરમાં આવી વસ્યા. આ વંશમાં અમદાવાદમાં થયેલા નગાશેઠ સોનાનો વ્યાપાર કરતા હોવાથી તેના વંશજો સોનીની ઓડકથી ઓળખાવા લાગ્યા. કેટલાક વર્ષોબાદ તેમના વંશમાના દેવસીશેઠ ઝવેરાતનો વેપાર કરતા હોવાથી તેના વંશજો ઝવેરી ઓડકવાળા થયા.

આ ગોત્રના વંશજો અમદાવાદ, ખંભાત, ત્રાણજ, સિંધુવાસ, ઝાંઝડી, બીકાનેર, જોધપુર, મેડતા, નાગપુર, પાલી, નવાનગર વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં થયેલા સંઘાશેઠે સંવત ૧૫૨૧ માં શ્રીઆદિનાથના બિંબની અંચલગચ્છીય શ્રીજયકેસરીસુરિના ઉપદેશથી પ્રતિષ્ઠા કરી છે. આ વંશમાં થયેલા સંગ્રામ સોનીએ શત્રુંજયપર ચોમુખ જિનપ્રાસાદ બંધાવ્યો છે.

તે રત્નસિંહસુરિજીની પાટે વિક્રમ સંવત ૧૦૦૬માં જયપ્રભસુરિજી થયા. તેમણે વિક્રમ સંવત ૧૦૦૭ માં શ્રીભિન્નમાલ નામના નગરમાં પરમાર વંશના રાઉત સોમકરણને તેના વંશજો સહિત પ્રતિબોધી જૈની કરવાથી " વડેરા " ગોત્રની ઉત્પત્તિ થઇ. તેનું વિશેષ વૃત્તાંત નીચે મુજબ છે—

વિક્રમ સંવત ૧૧૧૧માં મુગલોએ આવી ભિન્નમાલનો નાશ કર્યો ત્યારે તેના વંશના રાય ગાંગા ત્યાંથી નાશી બાહુડમેર ગયા. ત્યાં પરમારવંશનો દેવડ નામે રાજા હતો, ત્યાં તે ગાંગા રાયના પુત્ર મુનિચંદ્રને તે રાજાએ " સેલહોત " પદ આપ્યું. તે મુનિચંદ્રના

ગુણચંદ્ર નામે પુત્ર થયા. એવામાં ત્યાં વિધિપક્ષગચ્છ સંસ્થાપક શ્રીઆર્યરક્ષિતસૂરિ પધાર્યા. તેમના ઉપદેશથી તથા તેમના શિષ્ય શ્રીજયસિંહસૂરિની પ્રેરણાથી ત્યાંના સંઘે તે ગુણચંદ્રને વિક્રમ સંવત ૧૨૨૬માં ઓશવાલજ્ઞાતિમાં મેળવ્યા. અનુક્રમે તેમના વંશમાં કિરાડુઇ નામના ગામમાં આસાની સ્ત્રી ચાંદાદેના આલ્હા નામે પુત્ર ભાગ્યશાલી ધનવાન થયા, તે ગામમાં સાતસો પચીસ ઓસવાલોનાં ઘર હતાં, તેમાં આલ્હાનું ઘર તથા કુટુંબ વડું કહેવાતું. એવામાં ત્રણ વર્ષોસુધી ઉપરાઉપર દુષ્કાલ પડ્યો. અને અન્નવિના માણસો મરવા લાગ્યા, ત્યારે આલ્હાએ ત્યાં દાનશાળા મંડાવીને પહેલે વર્ષે દરરોજનું એક કલશી, બીજે વર્ષે દરરોજનું બે કલશી તથા ત્રીજે વર્ષે દરરોજનું ત્રણ કલશી અન્ન આપી ઘણા લોકોને ઉગાર્યા. ત્યાં તેની કીર્તિ સાંભળી ઘણા પરદેશી દુકાલીયા ક્ષુધાતુર માણસો આવતા, અને ત્યાંના લોકોને પૂછતા કે અન્ન ક્યાં મળે છે? લોકો કહેતા કે વડેરા આલ્હાની દાનશાળામાં મળે છે. અને ત્યારથી તેના વંશજો વડેરાગોત્રના નામથી પ્રસિદ્ધ થયા, અને આછતદેવી તેની ગોત્રજા થઇ. તેના કર–જન્મે, મુંડણે, પરણે, પુરસકના લાડુ કરે, અને કુટુંબમાં લાય તથા રાતીજગો કરે. કેટલાક દિવસોબાદ તે આલ્હાને ત્યાંના ઠાકોર સાથે અણબનાવ થયો, તેથી રાત્રિએ ઘરમાં દીવો મૂકીને ત્યાંથી નાશી પારકરમાં ગયા, ત્યાંના શ્રીચંદરાણાએ તેમને ઘણું સન્માન આપ્યું, તથા પોતાના પ્રધાનકરી સ્થાપ્યા. તેના વંશમાં અનુક્રમે સાલ્હા નામે પુરૂષ થયા, તે જેસલમેરથી ધન કમાઇને જ્યારે પારકરતરફ આવતા હતા ત્યારે તેના સાથમાં આવતા સોનારની દાનત બગડી, અને તેથી તે સોનારે સાલ્હાપર તલવારનો ઘા કર્યો, સાલ્હાએ પણ પડતાં પડતાં તે સોનારપર તલવારનો ઘા કરી તેને મારી નાખ્યો, અને સાલ્હા પણ શુભધ્યાનથી મરી દેવ થયો. તે સાલ્હાનો પાલીઓ ગોડીપાર્શ્વનાથની જાત્રાએ જતાં માર્ગમાં આવે છે. તે માર્ગથી જો કોઇ વડેરાવંશનો જાય, તો તેના પાલીયા આગળ તે એક શ્રીફળ વધારી અઢીશેર ઘૃતનું નિવેદ ધરાવે, તેનાપર તે સાલ્હાદેવ તુષ્ટમાન થઇ તેના મનોવાંછિત પૂરે છે. ત્યાં તે સોનારની જગોએ ઈંટની ઢગલી છે, ત્યાં ઇંટ ( અથવા નાળીએરનાં કાચલાં ) નાખી સોનારને મારે, આ વંશમાં ગાંધી, દોશી, વિગેરે ઓડકો છે.

આ વડેરાગોત્રના વંશજો રાધનપુર, મોરબી, પડધરી, ભાણવડ, ડભાસંગ, ઘોઘા, રાજકોટ, મંજલ, ખેરાલુ, ઝીંઝુવાડા, અંજાર, અમદાવાદ, ભુજ, આસાલડી, ચમકડા, સુરાચંદ, નવાનગર, કોઠારા, સેખપાટ, વીરમગામ, નગરપારકર, ચકાસેર, નસરપુર, અમરકોટ, સીહુ, બાહુડમેર, જેસલમેર, માંડવી, કોડરી, ભાદ્રેસી, નાગોર, મુલતાન, રાડદ્રહ, કાલાવડ, પાટણ, ગોવલકુંડા, બુરાનપુર, દીવ, જુનાગઢ, વણથલી, રાણપુર, ખંભાત, અમરેલી, જસદણ, ધારી વિગેરે ગામોમાં વસતા હતા.

આ વંશમાં આલ્હાના બીજા પુત્ર સાજણના કાજલ, ઉજલ, અને સામલ નામે ત્રણ પુત્રો થયા. તેમાંથી કાજલનો મેઘા નામનો દેવાણંદશાખાગોત્રનો બનેવી હતો. તેને કાજલે પોતાથકો પાટણમાં વ્યાપારમાટે મોકલ્યો હતો, ત્યારે તે મેઘો પાટણથી અતિશય પ્રભાવવાળી શ્રીપાર્શ્વનાથની પ્રતિમા લાવ્યો. ત્યારે કાજલે તેને કહ્યું કે, મને તે પ્રતિમા આપો, કે જેથી હું પ્રાસાદ બંધાવી તેમાં તે પ્રતિમા સ્થાપન કરૂં. પણ મેઘાએ તે આપી નહી. પછી સ્વપ્નામાં જેમ પ્રતિમાએ કહ્યું તેમ મેઘે કર્યું, જેથી નિધાન પ્રગટ થયું. મેઘાએ પ્રાસાદ બંધાવવા માંડ્યો, મૂલ ગંભારો શિખરબંધ થયો, એવામાં મેઘે કાલ કર્યો. પછી કાજલે પોતાની બહેનને સમજાવીને તે પ્રાસાદ સંપૂર્ણ કરાવ્યો. પછી કાજલે શત્રુંજય તથા ગિરનારનો સંઘ કહાડી ઘણું દ્રવ્ય ખરચી સંઘપતિપદ પ્રાપ્ત કર્યું. વળી આ વંશમાં થયેલા સમરસી રાધનપુરથી આવીને દીવમાં વસ્યા, તે મહાધનવંત તથા ધર્મક્રિયામાં ઘણા ચુસ્ત હતા. તેમણે શ્રાવકની અગીયાર પ્રતિમા વહીને ઘણું દ્રવ્ય ખરચ્યું, પુજ્ય શ્રીધર્મમૂર્તિસુરીશ્વરજીને દીવમાં પધરાવી સર્વ આગમો સાંભળ્યાં. વળી આ વંશમાં વીરગામમાં થયેલા ઉજલના પુત્ર માણિકશેઠે વિક્રમ સંવત ૧૫૧૫ માં શ્રીસુમતિનાથઆદિકના ઘણા જિનબિંબો ભરાવ્યાં, તથા તે પર સોનારૂપાના છત્રો કરાવ્યાં. શ્રીજયકેસરિસૂરિના ઉપદેશથી સંઘ કહાડી પ્રતિષ્ઠાઓ કરીને ઘણું દ્રવ્ય ખરચ્યું, તથા મુગલોને દ્રવ્ય આપી ઘણા બંદિવાનોને છોડાવ્યા. આ વંશમાં અમરકોટમાં થયેલા શા. આશકરણ બાલ બ્રહ્મચારી બાર વ્રતધારી શુદ્ધ શ્રાવક હતા, તેમણે પારકર વિગેરે દેશોમાં થાળી, રૂપીઆ તથા સવાશેરના મોદકની

લ્હાણી કરી ઘણું દ્રવ્ય ખરચ્યું. સંવત ૧૫૪૧ માં ભુજમાં થયેલા ચાંપાસાહે શ્રીજયકેસરિસૂરિના ઉપદેશથી શ્રીકલ્પસૂત્રની ચોર્યાસી પ્રતો લખાવીને સર્વ આચાર્યોને વહોરાવી.

આ વંશમાં વિક્રમ સંવત ૧૨૯૫ માં જાવડના ભાઇ ભાવડ રાધનપુરથી પાટણ પાસે કુણગિરિમાં આવી વસ્યા. તેની ત્રીજી પહેડીએ કુંપાનો રાણા નામે પુત્ર થયો. હવે તે કુણગિરિમાં લઘુસજનીય ઓશવાલ શ્રીપાલની પુત્રી લક્ષ્મીવતી પોતાની સખીઓ સહિત રમતી હતી. તે વખતે તે કુંપાનો મહાસ્વરૂપવંત પુત્ર રાણો ઘોડે ચડી પોતાના સેવકો સહિત રમવામાટે વાડીએ જતો હતો. તેને જોઇ તે લક્ષ્મીવતી તેનાપર મોહિત થઇ, અને સખીઓને કહ્યું કે તમારે મારી માતાને કહેવું કે લક્ષ્મીવતી આ રાણાને પરણશે. માતાપિતાએ પુત્રીને કહ્યું કે રાણો વૃદ્ધસજનીય છે. અને આપણે લઘુસજનીય છીયે માટે તે વીવાહ થશે નહી. પણ કન્યાયે હઠવાદ લીધો કે એમ નહી થાય તો હું અગ્નિમાં બળી મરીશ ત્યારે શ્રીપાલે મહાજન મેળવી રાણાને ઘણી વિનંતિ કરી, પણ રાણાએ માન્યું નહી. એવીરીતે તે કન્યા અઢાર વર્ષોસુધી કુંવારી રહી. પછી તે કન્યા બળી મરવામાટે શહેર બહાર આવી. તે વખતે તે કન્યાની ધારણી નામની ડાહી પોતાના ઘરના ગોખપર ચડી કન્યાને જોવા લાગી. પણ એવામાં તે ત્યાંથી નીચે પડીને મરણ પામી, અને વ્યંતરી દેવી થઇ. નગરના રાજાને તે વાતની ખબર પડવાથી તે લક્ષ્મીવતી કન્યાને પાછી વાળી બળાત્કારે રાણાસાથે પરણાવી, તથા રાજાએ પાંચ ગામ કન્યાદાનમાં તેને આપ્યાં. પછી તે ધારણીદેવીએ પ્રગટ થઇ રાજાને કહ્યું કે હવેથી તમો મને ગોત્રજા થાપજો હું તમારો ઉદય કરીશ. એવી રીતે સંવત ૧૩૩૫ માં વૈસાક સુદી પાંચમ ગુરૂવારે વડેરાની લઘુશાખા રાણાથી નિકલી છે. પાટણમાં વડેરાવંશમાં વિક્રમ સંવત ૧૫૭૮ માં અંચલગચ્છના શ્રી ભાવસાગરસુરિના ઉપદેશથી સુરચંદ તથા સુરદાસે કુટુંબના શ્રેયમાટે શ્રીપાર્શ્વનાથના બિંબની પ્રતિષ્ઠા કરાવી, અને તે કાનજી હંસરાજના ઘરમાં પૂજાય છે.

વિક્રમ સંવત ૧૫૨૫ માં દેવચંદવિગેરે વડેરાના વંશજો વાંકાનેર–માંથી જુનાગઢના નવાબને જોઇતા ઉંચાં વસ્ત્રો આપ્યાં, તથા જુનાગઢમાં વસ્યા, ત્યારથી તેઓ દોશી ઓડકથી ઓળખાવા લાગ્યા. પીપલીમાં

વસનારા પીપલીયા ઓડકવાળા છે, તેમજ ઝાલોર પાસે ભાલણીના રહેવાસી ભીંચાશેઠ પાસે છ કલસી ધન હોવાથી તેના વંશજો છકલસીયા ઓડકથી પ્રસિદ્ધ થયા. વડેરાની ગોત્રજા અણુસા ચાર હાથોવાળી છે, તેઓમાં જન્મે, મુંડણે તથા પરણે સરખા કરે છે. વડો પુત્ર આવે ત્યારે એક તોલાની રૂપાની ગોત્રજાનું ફેરૂં કરાવે બીજા પુત્રને ક્ષૌર ન કરે ત્યાં લગે ચોટી રાખે. જન્મે પુરસેઇના હલ ઘઉંના ચોવીસ પાલીનો કરે, તેમાં દશ શેર ઘી તથા ખાંડ અઢીશેર નાખે, તે હલનો થાલ ભરી ગોત્રજા આગળ મૂકે. પાલી એકની લાપસીનો લોટ ગોળ શેર એક નાખી કરે. બે શ્રીફલ મૂકે. ઘીનો દીવો કરે, તે રાત્રિએ અખંડ રાખે. બાળકના માતપિતા ચોથું વ્રત પાલે, ભૂમિપર સુએ, પ્રભાતે તે દશશેર ઘીમાંથી ઘી લેઇ તે લાપસીના લોટની એક શેર ગોળવાળી લાપસી રાંધે પછી પવિત્ર થઇ ગોત્રજાને પૂજે. તથા તે બે શ્રીફલ વધારે. ભૂમિ લીંપી પાટલાપર કંકુનો સાથીઓ કરી ત્રણ ઢગલી ચોખાની મૂકે. મુંડણે પણ એજ રીતિ જાણવી, તેમાં એટલું વિશેષ કે બાલકને કોરી આંગી અને નવી પગરખી તથા નવી પાઘડી પહેરાવે, રાતિજગો કરે, તંબોલ દેઇ પ્રભાતે ખુંભાનાડાની ચારે દિશાએ તરણી બાંધે, વચ્ચે તે બાળકને બેસાડી પીઠી કરી પછે માથે જડવાશો કરે, ચોટી ઉતારતાં એક ગજનું કપડું લેઇ તેમાં કેશ નાખી ફઇને ( સુહાસણને ) આપે, તથા તે સાથે રૂપાનાણું આપે, પછી તે બાળક ફઇને પગે લાગી ગોત્રજાને પગે લાગે. પછી દેહેરે દર્શન કરી ગુરૂને વાંદી, પુસ્તક પૂજા કરી ગીત ગાતાં ઘરે આવે, તથા જાચકને દાન આપે.

સંવત ૧૪૯૯ માં પારકરમાં થયેલા ઠાકરસીના પુત્ર ખીમસીએ શત્રુંજય તથા ગિરનારનો સંઘ કહાડી ઘણું દ્રવ્ય ખરચ્યું છે. સંવત ૧૫૨૭ માં લોલાડાના રહીસ ભલાશેઠે શ્રીપાર્શ્વનાથજીની પ્રતિમા ભરાવી તેની અંચલગચ્છાધીશ શ્રીજયકેસરિસૂરિજીના ઉપદેશથી પ્રતિષ્ઠા કરાવી છે. સંવત ૧૫૧૫ માં કોટડાના રહીસ ખીમાશેઠના પુત્ર શ્રીકર્ણ, મહીકર્ણ, ડીડા તથા મેઘાએ મળી શ્રીશાંતિનાથજીનો શિખરબંધ પ્રાસાદ કરાવ્યો. પાટણમાં કોકાના પાડાના રહીસ ધનજી તથા મનજી નામના બન્ને ભાઇઓના પરિવારમાં પારેખની ઓડક થઇ છે. તેમના વંશમાં અમદાવાદમાં થયેલા પારેખ લીલાધરે શ્રીક-

લ્યાણસાગરસૂરિજીના ઉપદેશથી શત્રુંજય તથા ગોડીપાર્શ્વનાથઆદિકનો સંઘ કહાડી સંવત ૧૭૧૨ માં ઘણું દ્રવ્ય ધર્મમાર્ગમાં ખરચ્યું છે. એમ વડેરાગોત્રનું વૃત્તાંત કહ્યું.

તે જયપ્રભસૂરિજીની પાટે વિક્રમ સંવત ૧૦૫૧ માં સોમપ્રભસૂરિ થયા. તેમની પાટે વિક્રમ સંવત ૧૦૯૪ માં સૂરપ્રભસૂરિ થયા. તેમની પાટે સંવત ૧૧૪૫ માં ક્ષેમપ્રભસૂરિ થયા. તેમની પાટે સંવત ૧૧૭૭ માં ભાનુપ્રભસૂરિ થયા. તેમની પાટે વિક્રમ સંવત ૧૨૦૭ માં પુણ્યતિલકસૂરિ થયા. આ શ્રીપુણ્યતિલકસૂરિજીએ વિક્રમ સંવત ૧૨૨૧ માં ભિણપનગરમાં ઊડીયા પરમારવંશના રાઉ શ્રીસોમિલને પ્રતિબોધી જૈની કરવાથી "વાહણી" ગોત્ર ઉત્પન્ન થયું.

સોમિલ પોતાના ચાર વહાણથી વેપાર કરતા હતા, તેથી તેના વંશજો વાહણી કહેવાયા. તેની ગોત્રજા ઉચ્છિઆદેવીની મૂર્તિ રૂપાની અશ્વના વાહનવાળી છે. તેના કર જન્મે, મુંડણે, પરણે ત્યારે ઘૃત શેર દશના લાડુ કુટુંબમાં લાહે, તથા ફઈને સહરખી બે આપે. બીજો છોકરો પરણે અને તેને જડવાસે ત્યારે શેર ઘતની લાપશી તથા નાલીયેર એક વધારે, સુહાસણને સાડી તથા કપડું આપે, પહેલો છોકરો જન્મે, પરણે તથા જડવાસે શ્રીફલ એક, કપડું ગજ એક તથા સોપારી સાત પાટલા ઉપર મૂકે, તથા તે શ્રીફલ વધારે. પુરસી ગુજરી માણા પાંચની કરે. છોકરાને પ્રથમ પગમાંડણે નવ હાથ લુગડું પાથરી ઉપર ઘઉંના માંડા પાથરે. અને તે પર બાળકને પગ મંડાવે માણા પાંચ ગુજરીના માંડા કરી ગોત્રી કુટુંબને જમાડે, સવાસેર ઘૃત અને સવાસેર ગોળની લાપસીનું નિવેદ કરી શ્રીફલ એક વધારે, સોપારી સાત તથા પગમાંડણીની પછેડી સુહાસણને આપે.

આ ગોત્રના વંશજો નરતા, સરથલા, ભિન્નમાલ, સાચોરા, રાડદ્રહ, સીધાસુઇ, વાઘોડી, સેલી, ખંભાત, દાસપ, સુગાલી, ઝાલોર, મૂલી, થાવર, ઘણેરા, તથા દીતાઆદિક ગામોમાં વસતા હતા.

આ વંશમાં થયેલા સોમિલશેઠે ચાર લાખ પીરોજી ખરચીને શ્રીશત્રુંજય તથા ગિરનારની યાત્રા કરી, બે લાખ પીરોજી ખરચી દાનશાળા મંડાવી. વિક્રમ સંવત ૧૫૦૫ માં બીજરોલમાં થયેલા ભીમા તથા રામાએ શ્રીપાર્શ્વનાથજીની પ્રતિમા કરાવી ઘણું દ્રવ્ય

ખરચ્યું. સંવત ૧૬૨૭ માં વરજાંગે ઘણું દ્રવ્ય ખરચી ઝાલોરી, સાચોરી, રાડદ્રહી અને સીરોહી, એ ચાર દેશ જમાડ્યા. ઝાલોરમાં થયેલા કમાએ ઘણાં ધર્મકાર્યો દ્રવ્ય ખરચી કર્યાં છે. મૂળીમાં થયેલા નોડાશાહે ત્રણ હજાર માણસોનો સંઘ કહાડી ઘણું દ્રવ્ય ખરચી શ્રીશત્રુંજયની યાત્રા સંવત ૧૬૧૧ તથા ૧૬૧૫ માં કરી. સંવત ૧૬૧૩ માં સીહાઆદિક ભાઇઓએ શ્રીધર્મમૂર્ત્તિસૂરીશ્વરના ઉપદેશથી શ્રીસુમતિનાથના બિંબની ઘણું દ્રવ્ય ખરચીને પ્રતિષ્ઠા કરાવી.

વળી વિક્રમ સંવત ૧૨૨૬ માં આ શ્રીપુણ્યતિલકસુરિજીએ નગરપારકરના રહેવાસી ઉદ્દપાલક્ષત્રીયને પ્રતિબોધી જૈની કરી "બોરીચા" ગોત્ર સ્થાપ્યું. તેનું વિશેષ વૃત્તાંત નીચે મુજબ છે—

તેની ગોત્રજા અંબિકાદેવી છે. તેના કર—માહા. ચૈત્ર, વૈસાક તથા કાર્તિકની પુનમે ખીચ, પુડલા તથા ઘૃત શેર સવાથી ગોત્રજા જુહારે, તથા જમણીનું કપડું ગજ સવા અને શ્રીફલ એક ફઇને આપે. પુત્રના જન્મે, મુંડણે તથા પરણે ત્યારે ચાર માણાની લાપશી તથા ઘૃત શેર સવાત્રણનું નિવેદ કરી ગોત્રજા જુહારે, પુત્રી જન્મે તો તેથી અર્દ્ધ કર કરે. નવી સાડી પહેરે ત્યારે નણંદને કપડું આપે.

આ ગોત્રના વંશજો નગરપારકર, તેજપુર, તરધરી, રાણપુર, મજોઠ, અમરકોટ, માલીયા, ફલા, કર્ણપુર, દેપાહાડી, બેડ, ખાવડી, હાથીની નાંડરી, ખડબા, રામની નાંડરી, કાનમેર, વડોજા, વણસોલ, ગેહડી, ઉદવાહ, સેવલ, બતહોઠા, ખાખરેચી, થલ, મુલીપાસે રાણપુર, સિહપુર, ચોટીલા, જસદણ, ખંભાત, સરવા, સિદ્ધસર હલવદ, ચિડાસ, સુરત, દાણાવાડ, લખતર, હડાલી, દસાડા, વણોદ, લીલાપુર, મોરબી, ચાચવાડી, ગુજડી, આમરણ, સરધાર, પંચાસી, ઝીંઝુ, બગથલ, ભોરારા વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં દેકાવાડાના રહીસ જગરાજથી લઘુસજનીયની (દશાની) શાખા નિકળી છે. અને તેના વંશજો જમલા નાગને પૂજી તેના કર કરે છે.

વળી વિક્રમ સંવત ૧૨૪૪ માં આ શ્રીપુણ્યતિલકસુરિજીએ ચહુઆણવંશના રાઉ શ્રીવણવીરને પ્રતિબોધી જૈની કરવાથી "જાસલ" ગોત્ર ઉત્પન્ન થયું. તેનું વિશેષ વૃત્તાંત નીચે મુજમ છે.

વિક્રમ સંવત ૧૨૪૪ માં હસ્તિતુંડનગરમાં ચહુઆણવંશના શ્રીવણવીર નામે રાજા હતા, તેના પુત્ર શ્રીમાલદેવકુમારને વનમાં ક્રીડા કરતાં વ્યંતરે છલ્યો, રાજાએ ઘણા ઉપાય કર્યા, પણ કુંવરને સમાધિ થઇ નહીં, પણ મરવા પડ્યો. એવામાં શ્રીઅંચલગચ્છની વલ્લભીશાખાના મહાપ્રભાવિક આચાર્ય શ્રીપુણ્યતિલકસૂરિ ત્યાં પધાર્યા, તેમને પ્રભાવિક જાણી વણવીર રાજા તેમને વાંદવા આવ્યા, તથા પુત્રની હકીકત કહી. ગુરૂએ કહ્યું, તમો જિનધર્મ સ્વીકારો તો તમારા પુત્રને સમાધિ થઇ જશે. રાજાએ તેમ કરવાની કબુલાત આપવાથી આચાર્યશ્રી તેમને ઘેર પધાર્યા તેમને જોઇ તે વ્યંતર કુમારના શરીરમાંથી નિકળી ગયો, અને કુમારને સમાધિ થઇ. વ્યંતર પ્રગટ થઇ ગુરૂને નમ્યો, અને કહ્યું કે હવે આ વણવીરરાજાને મારા નામથી ગોત્રજા સ્થાપવાનું કહો, હું તેમનું સાન્નિધ્ય કરીશ. ગુરૂના વચનથી રાજાએ તેમ કર્યું, તે વ્યંતરનું નામ જાસલ હતું, અને તેથી તે વણવીરના વંશજો જાસલગોત્રથી પ્રસિદ્ધ થયા. જાસા (જાપા) દેવી નામની ગોત્રજા સ્થાપી. તેના કર–જન્મે, મુંડણે, પરણે ત્યારે શાળ પાલીના લાડુ કરે, લણવાલ રૂપાની વારી ચડાવે, તથા કપડું ગજ અઢી, શ્રીફલ બે અને ઘૃત શેર અઢીની માત્ર કરી ગોત્રજા જુહારે, તેમાંથી અર્ધ સુહાસણીને આપે, બાકીનું ઘરમાં વાપરે, ગાય ભેંસ વીઆય ત્યારે પ્રથમ વલોણાના ઘૃતનું નીવેદ કરી ગોત્રજા જુહારે. ગુરૂના ઉપદેશથી વણવીરને ઓશવાળની પંક્તિમાં દાખલ કર્યા.

આ જાસલગોત્રના વંશજો દાંતીવાડા, મંડાહડ, ઉંડ, ફીચાલી, મંડપાચલ, અહ્મદપુર, પાટણ, સાચોર, રાધનપુર, કુણગિરિ, સંઘાણા, ભીલડી, વડનગર, સહસ્રપુર, ઇડર, ડડાહડ વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં ઉંડના રહેવાસી વનાશેઠથી લઘુસજનીય શાખા નિકળેલી છે.

આ શ્રીપુણ્યતિલકસૂરિજીના ઉપદેશથી વિક્રમ સંવત ૧૨૨૨ માં કાત્યાયનગોત્રવાલા જીરાલીગામના રહેવાસી મુંજા નામના શ્રાવકે શ્રીઆદિનાથજીની પ્રતિમા ભરાવી છે.

આ વલ્લભીશાખામાં થયેલા શાખાચાર્ય શ્રીજયાનંદસૂરિજીએ વિક્રમ સંવત ૧૩૮૨ માં બાહડમેરમાં પરમારવંશના ડાંગરશાખાના સમરથ નામના ક્ષત્રીયને પ્રતિબોધી જૈની કરવાથી " મહાજની " ગોત્ર થયું છે. તેનું વિશેષ વૃત્તાંત નીચે મુજબ છે—

તેની અંબાઇદેવી ગોત્રજા સ્થાપી. તેના કર—જન્મે, મુંડણે. પરણે ત્યારે એક સેઇની બાટની લાપસી કરી જુહારે. દીવાળીએ એક માણાનું ઘઉંનું દળ કરી જુહારે.

આ ગોત્રના વંશજો થવા, ભુઆદ્ર, ગુડલા, કુપાઉત, માડણની વસહી, ભુઆદ્રિ, ખાંડપ, વીસલપુર ડેરા, સિણધરી, ચડદ્રહ, ગોધાવી, બાહડમેર, પારકરમાં સુરલા, પોટોથી, કાચ, કચ્છમાં લોદ્રાણી, ભાદ્રેસી, વીલાડા, વિશાલ, મેહવેચી, કકરી વિગેરે ગામોમાં વસે છે.

આ વંશમાં સામંતના વંશના મહાજનો નાત્રેચી નામની ગોત્રજાને માને છે. તે દેવીનું સ્થાન છેવટણપાસે નાથરા ગામમાં છે. પ્રથમ તે નાત્રેચી નામની જોગણી હતી, તે સામંત મોહોતાને ઘેર ભિક્ષા માગવા આવી, તે વખતે ઘરમાં કોઇ ન હોવાથી તેણીએ તે સામંતના બાળક છોકરાને મારી આભૂષણ ઉતારી લીધું, તેની ખબર પડવાથી તે નાત્રેચીને પકડીને હાટમાં પૂરી, ત્યાં મરીને તે વ્યંતરી થઇ. સામંતના કુટુંબને પીડવા લાગી, અને કહેવા લાગી કે મને ગોત્રજા કરી સ્થાપો, તો હું તમોને સહાય કરીશ, પછી તેને ગોત્રજા કરી સ્થાપી. અને તેના વંશજો નાત્રેચા કહેવાવા લાગ્યા. તેના કર-જન્મે, મુંડણે, પરણે ત્યારે તથા હોળી અને દીવાળીએ એક પાલી ઘઉંની લાપસી, શ્રીફલ એક, પડાઇ એક તથા એક પાલીની ગુવરી તથા છકડી એક મૂકી જુહારે. સામંતના પુત્ર પૂદાકે સંવત ૧૪૬૮ માં શ્રીશીતલનાથજીનું તથા પંચતીર્થના બિંબ ભરાવ્યાં, તથા તેની શ્રીઅંચલગચ્છીય શ્રી-મેરૂતુંગસૂરિજીએ પ્રતિષ્ઠા કરી. આ વંશમાં પારકરા, જેસલમેરા વિગેરે ઓડકો છે, જેસલમેરા પરણે ત્યારે ડમરાના ફૂલ તથા તેલથી ખેત્રપાલને પણ પૂજે છે.

આ વલ્લભીશાખામાં થયેલા પંદર આચાર્યોની પાટપરંપરાનું કોષ્ટક સાલવાર નીચે મુજબ છે.

| આચાર્યનું નામ. | સૂરિપદનો વિક્રમ સંવત |
|---|---|
| ૧ વલ્લભસૂરિ | ૮૩૨ |
| ૨ ધર્મચંદ્રસૂરિ | ૮૩૭ |
| ૩ ગુણચંદ્રસૂરિ | ૮૬૯ |
| ૪ દેવચંદ્રસૂરિ | ૮૯૯ |
| ૫ સુમતિચંદ્રસૂરિ | ૯૨૫ |
| ૬ હરિચંદ્રસૂરિ | ૯૫૪ |
| ૭ રત્નસિંહસૂરિ | ૯૭૦ |
| ૮ જયપ્રભસૂરિ | ૧૦૦૬ |
| ૯ સોમપ્રભસૂરિ | ૧૦૫૧ |
| ૧૦ સૂરપ્રભસૂરિ | ૧૦૯૪ |
| ૧૧ ક્ષેમપ્રભસૂરિ | ૧૧૪૫ |
| ૧૨ ભાનુપ્રભસૂરિ | ૧૧૭૭ |
| ૧૩ પુણ્યતિલકસૂરિ | ૧૨૦૭ |
| ૧૪ ગુણપ્રભસૂરિ | ૧૨૫૯ |
| ૧૫ સિંહપ્રભસૂરિ | ૧૩૦૯ |

આ શ્રીમહેંદ્રસિંહસૂરિજીએ સઘળા જૈનતીર્થોની યાત્રા ઉગ્રવિહારથી કરેલી છે, અને તેથી તે સઘળા તીર્થોનું " તીર્થમાલા" નામનું પ્રાકૃતભાષામાં ગાથાબદ્ધ સ્તવન તેમણે રચેલું છે. તથા તે સ્તવનપર ત્રણ હજાર શ્લોકોના પ્રમાણવાળી ટીકા પણ તેમણેજ રચેલી છે. તે ટીકામાં તે તે તીર્થોની ઉત્પત્તિ, તથા તેઓનાં માહાત્મ્યઆદિકનું પ્રમાણોસહિત વર્ણન કરેલું છે. વળી તેમણે પોતાના ગુરૂજીએ રચેલા શતપદી નામના ગ્રંથપર વિવરણ રચેલું છે. તથા "ગુરૂગુણષટ્ત્રિંશિકા" નામનું મનોહર સ્તોત્ર પણ તેમણે રચેલું છે.

# ॥૫૧॥ શ્રીસિંહપ્રભસૂરિ ॥

તેમનું વૃત્તાંત નીચે મુજબ છે—

ગુજરાતદેશની અંદર વિજાપુર નામનું નગર છે. તે નગરમાં પોરવાડજ્ઞાતિનો એક અરિસિંહ નામનો શેઠ વસતો હતો, અને તેને પ્રીતિમતી નામની સ્ત્રી હતી. તે બન્ને સ્ત્રીભર્તાર જૈનધર્મના ધ્યાનમાં રક્ત થયાથકા પોતાનો સમય વ્યતીત કરતા હતા. સાંસારિક સુખ ભોગવતાંથકાં તેઓને વિક્રમ સંવત ૧૨૮૩ માં એક પુત્ર થયો, અને તેનું તેઓએ સિંહજી નામ પાડયું. હવે દૈવયોગે પાંચ વર્ષોની વયનાજ તે પુત્રને છોડીને તેના માતાપિતા મારીરોગથી મરણ પામીને દેવલોકમાં ગયા. એ રીતે નિરાધાર થયેલા તે સિંહજીને તેના હરાક નામના કાકાએ પોતાની પાસે રાખ્યો, એવામાં એક સમયે તે ગામમાં શ્રીવલ્લભીશાખાના ગુણપ્રભસૂરિ નામના આચાર્ય પધાર્યા. તેમનો સોનારૂપાની પાલખીઆદિકનો મહોટો આડંબર જોઈને તે હરાકે વિચાર્યું કે, આ સિંહજીને આ ગુરૂમહારાજને સોંપી દઉં, કે જેથી તેની ઘરઆદિક સઘલી મીલ્કત મારે સ્વાધીન થાય. એમ વિચારી તે હરાક એક દિવસે તે સિંહજીબાળકને પોતાની સાથે લેઇને તે શ્રીગુણપ્રભસૂરિજીને વાંદવામાટે તેમને ઉપાશ્રયે ગયો. પછી ગુરૂમહારાજે પૂછવાથી તે હરાકે તે સિંહજીનો વૃત્તાંત તેમને નિવેદન કર્યો. ત્યારે ગુરૂજીએ પણ તે હરાકને એકસો સોનામોહોરો આપીને તે સિંહજીને લેઇ લીધો. પછી જ્યારે તે આઠ વર્ષોનો ઉમરનો થયો, ત્યારે ગુરૂમહારાજે તે સિંહજીને વિક્રમ સંવત ૧૨૯૧ માં દીક્ષા આપી, તથા તેનું સિંહપ્રભ નામ પાડયું. અનુક્રમે શાસ્ત્રોનો અભ્યાસ કરીને તે શ્રીસિંહપ્રભયતિ ન્યાયશાસ્ત્રોમાં પારંગામી થયા. પછી તે સિંહપ્રભયતિજીએ પાટણઆદિક નગરોમાં મિથિલઆદિક શૈવમતને માનનારા અનેક વાદિઓને વાદમાં જીત્યા. પછી અનુક્રમે વિક્રમ સંવત ૧૩૦૯ માં ખંભાતમાં સંઘે મળીને તેમને સૂરિપદ આપ્યું, તથા શ્રીમહેંદ્રસિંહસૂરિજીની પાટે સ્થાપ્યા, પછી તેઓ યૌવન તથા અધિકારઆદિકના મદમાં આવી જઇ સંયમગુણને વિસારી મૂકીને ચૈત્યવાસ કરી પરિગ્રહ ધારણ કરવામાં મૂર્છિત થયા. પછી તેઓ વિક્રમ સંવત ૧૩૧૩ માં પોતાની પાટે શ્રીઅજિતસિંહસૂરિજીને સ્થાપીને યૌવનવયમાંજ દેવલોકે ગયા.

———(૦)———

# ॥ ૫૨ ॥ શ્રીઅજિતસિંહસૂરિ ॥

તેમનું વૃત્તાંત નીચે મુજબ છે—

ડોડ નામના ગામમાં શ્રીમાલીજ્ઞાતિનો જિનદેવ નામનો એક ભાવિક શ્રાવક વસતો હતો. તેને શીલઆદિક અનેક ગુણોથી શોભિતી જિનદેવી નામની સ્ત્રી હતી. તેઓને વિક્રમ સંવત ૧૨૮૩ માં સારંગ નામનો પુત્ર થયો. જૈનધર્મમાં દૃઢ મનવાળા તે બન્ને સ્ત્રીભરતાર એક વખતે પોતાના તે સારંગપુત્રસહિત તીર્થયાત્રા કરવામાટે ચાલ્યા. શત્રુંજય, ગિરનાર તથા આબુઆદિક તીર્થોની યાત્રા કરતાથકા અનુક્રમે તેઓ સ્તંભનપાર્શ્વપ્રભુના દર્શન કરવામાટે સ્તંભતીર્થમાં ( ખંભાતનગરમાં ) આવ્યા. દૈવયોગે ત્યાં તે બન્ને સ્ત્રીભર્તાર જ્વરના વ્યાધિથી મરણ પામ્યા. તેથી તેઓના તે નિરાધાર તથા સાત વર્ષોની વયના સારંગ નામના બાળકને ત્યાં પધારેલા વલ્લભીશાખાના શ્રીગુણપ્રભસૂરિને ત્યાંના સંઘે સોંપ્યો. પછી તે સારંગકુમાર પણ ગુરૂમહારાજની પાસે વસતોથકો વિનયઆદિક ગુણોવાળો થયો. પછી ગુરૂમહારાજે વિક્રમ સંવત ૧૨૯૧ માં તે સારંગકુમારને દીક્ષા આપી તેનું અજિતસિંહમુનિ નામ આપ્યું. પછી અનુક્રમે શાસ્ત્રોનો અભ્યાસ કરીને તે શ્રીઅજિતસિંહમુનિ પણ પાટણમાં આવ્યા, તથા ત્યાં શ્રીસિંહપ્રભસૂરિજીની સાથે ચૈત્યવાસ કરીને તે પણ ત્યાંજ રહ્યા. ત્યાં વસતા સઘળા સાલવીઓ પણ તેમની ઘણીજ ભક્તિ કરવા લાગ્યા. ત્યાં અનુક્રમે તે શ્રીસિંહપ્રભસૂરિજી સ્વર્ગે ગયાબાદ તે શ્રીઅજિતસિંહમુનિને સૂરિપદ આપીને તે સાલવીઆદિક શ્રાવકોએ તેમની પાટે સ્થાપ્યા. હવે એક વખતે તેમના ઉપદેશથી પૂરણચંદ્ર નામના એક ધનવાન સાલવીએ સંઘસહિત શ્રીશત્રુંજયતીર્થની યાત્રા કરવાનો મનોરથ કર્યો. પછી તે પુરણચંદ્રની પ્રાર્થનાથી તે શ્રીઅજિતસિંહસૂરિજી પણ તે સંઘની સાથે મહોટા આડંબરથી સોનારૂપાની બનાવેલી પાલખીમાં બેસીને ચાલ્યા. તેમના મસ્તકપર લાલરંગના રેશમી કાપડનું બનાવેલું તથા મનોહર ભરતકામવાળું છત્ર ધારણ કરવામાં આવ્યું હતું, બન્ને બાજુએ શ્વેત ચામરો વિંઝાતા હતાં. આગલા ભાગમાં છડીદારઆદિક હથીયારબંધ પચીસ સુભટો ચાલતા હતા. શ્રાવકશ્રાવિકાનો સમુદાયો તેમને જયજયનાદથી વધાવતા હતા.

વળી તેમણે એક હજાર ટંકના મૂલ્યવાળો મનોહર જરીયન કપડો શરીરપર ઓઢયો હતો. તેમનું અતિશય લાવણ્યવાળું તથા પુર્ણિમાના ચંદ્રસરખું મુખ જોઇને રસ્તે ચાલતા સઘળા લોકો મનમાં આશ્ચર્ય પામીને તેમને કોઇક રાજા અથવા રાજકુમાર માનીને નમસ્કાર કરતા હતા. તેમની મુખમુદ્રા જોઇને, તથા તેમના તેજથી હૃદયમાં આશ્ચર્ય પામીને અન્યદર્શનીઓ પણ તેમને ચરણે પડતા હતા. એવીરીતે પાંચસો માણસોનો તે સંઘ અનુક્રમે ચાલતોથકો એક ગામથી બીજે ગામ મુકામ કરતો સોનપુર નામના ગામની બહાર તળાવને કિનારે તંબુઓ નાખી રહ્યો હતો. હવે ચાવડાજાતિના ક્ષત્રીયવંશમાં ઉત્પન્ન થયેલો સમરસિંહનામે તે ગામનો અધિપતિ હતો, તે સ્વભાવથીજ ક્રૂર હતો, તથા પોતાના પૂર્વજોને અનુસરી પોતાના બસો હથીયારબંધ સુભટોસહિત હમેશાં વટેમાર્ગુઓનો વધબંધનઆદિક કરી તેઓનું દ્રવ્યઆદિક લુંટી લેતો હતો. એવામાં તેના સુભટોના મુખથી તેણે આ સંઘનું ત્યાં આવવાનું જાણ્યું. તે જાણીને વાઘની પેઠે ક્રૂર એવો તે દુષ્ટ સમરસિંહ પોતાનું સૈન્ય એકઠું કરી રાત્રિએ તે તળાવને કિનારે આવ્યો. ત્યારે હથીયારબંધ થયેલા તે સઘળા સુભટોને જોઇને ભય પામેલા સંઘના લોકો મૌન ધારીનેજ ત્યાં સ્થિર થઇ ગયા. પછી તે સુભટોએ સંઘના લોકોનાં વસ્ત્રો, આભૂષણો તથા દ્રવ્યઆદિક સઘળું સુખે સમાધે લુંટી લીધું. તેમજ ગુરૂમહારાજ શ્રીઅજિતસિંહસૂરિજીનો પણ પાલખી, છત્ર તથા ચામરઆદિક સઘળો માલ લુંટી લીધો.

એવીરીતનો તેઓનો અનાચાર જોઇને ક્રોધ પામેલા એવા તે ગુરૂમહારાજે ગચ્છની અધિષ્ઠાયિકા શ્રીમહાકાલીદેવીનું સ્મરણ કરીને સ્તંભનમંત્રના પ્રયોગથી સમરસિંહસહિત તે સઘળા સુભટોને ત્યાંજ તળાવને કિનારે સ્તંભી રાખ્યા. તેથી અંધ થયેલા તે સઘળા સુભટો ત્યાંથી પગલું ઉંચકવાને પણ અસમર્થ થયા. હવે પ્રભાત થયાબાદ એવીરીતે તેઓ સઘલાઓને પત્થરના ઘડેલાની પેઠે નિશ્ચલ જોઇને આશ્ચર્ય પામેલા સંઘના લોકો તેવીજરીતે ત્યાં રહેલી પોતાની આભૂષણઆદિક વસ્તુઓ લેઇને ત્યાં નિશ્ચલ થઇ રહેલા તે રાજાના સુભટોને લાકડીઓ, મૂઠીઓ તથા લાતોના પ્રહારોઆદિકથી ખૂબ મારવા લાગ્યા. ત્યારે ગુરૂમહારાજે સંઘના લોકોને તેવીરીતના

અનાચારથી અટકાવ્યા. હવે ત્યાં નજીકમાં રહેલા સોનપુરના લોકો આ વૃત્તાંત જાણીને તે આશ્ચર્ય જોવામાટે તે તળાવને કિનારે આવ્યા, તથા ત્યાં પોતાના રાજાઆદિક સઘલા સુભટોને પત્થરની મૂર્તિઓની પેઠે નિશ્ચલ તથા દુઃખથી પોકાર કરતા જોઇને તે સર્વ લોકોના હૃદયમાં અનુકંપા થઇ. એવામાં તે સમરસિંહની માતાએ તે વૃત્તાંત જાણીને, તથા તુરત કુટુંબસહિત ત્યાં આવીને કરૂણસ્વરથી રૂદન કરવા માંડયું. ત્યારે ગુરૂમહારાજે તેણીને કહ્યું કે, હે સુલોચને! જો તમો જીવહિંસાનો ત્યાગ કરીને જૈનધર્મનો સ્વીકાર કરો, તો હું સર્વને સ્તંભનમુક્ત કરૂં. ત્યારે તેણીએ પણ ગુરૂમહારાજને પગે પડીને તેમ કરવાનું સ્વીકાર્યું. ત્યારે દયાળુ ગુરૂમહારાજે પણ જલ મંત્રીને તેઓ સર્વને તે જલનો છંટકાવ કર્યો. તેજ વખતે તેઓ સર્વે સ્તંભનમુક્ત થઇ ગુરૂમહારાજને પગે પડ્યા. ત્યારથી માંડીને તે સમરસિંહે પણ કુટુંબસહિત ગુરૂમહારાજના વચનથી જીવહિંસા તથા લોકોને લુંટવાઆદિક અનાચારને તજીને જૈનધર્મ સ્વીકાર્યો. પછી ખુશી થયેલો તે સંઘ પણ ત્યાંથી પ્રયાણ કરીને ગુરૂસહિત શત્રુંજયતીર્થમાં આવ્યો, તથા ત્યાં આઠ દિવસોસુધી પ્રભુપૂજાઆદિક ધર્મકાર્યો કરીને પાછા વળી સંઘસહિત ગુરૂમહારાજ પણ પાટણમાં પધાર્યા. ત્યારે સંઘે પણ મહોટા આડંબરથી તેમનો પ્રવેશ મહોત્સવ કર્યો. પછી સંઘે મળીને વિક્રમ સંવત ૧૩૧૬ માં ઝાલોરનગરમાં તેમને ગચ્છનાયકની પદવી આપી. અને સંઘના આગ્રહથી ત્યાં ચતુર્માસ કરીને પાછા તેઓ પાટણમાં પધાર્યા, અને ત્યાં તેમણે પોતાના પંદર શિષ્યોને ઉપાધ્યાયપદ આપ્યાં. પછી વિક્રમ સંવત ૧૩૩૯ માં પોતાની પાટે શ્રીદેવેંદ્રસિંહસૂરિજીને સ્થાપીને સ્વર્ગે ગયા. આ શ્રીઅજિતસિંહસૂરિજીના ઉપદેશથી વિક્રમ સંવત ૧૩૧૬ માં ભાદરાયણગોત્રવાળા મૂલાઆદિક શ્રાવકોએ નરેલી આદિક ગામોમાં આદિનાથજીઆદિકની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરેલી છે.

## ॥ ૫૩ ॥ શ્રીદેવેંદ્રસિંહસૂરિ ॥

તેમનો વૃત્તાંત નીચે મુજબ છે—

પાલણપુર નામના નગરમાં શ્રીમાલીજ્ઞાતિના સાંતુ નામના શેઠ વસતા હતા. તેમને સંતોષશ્રી નામની સ્રી હતી. તેમને વિક્રમ

સંવત ૧૨૯૯ માં દેવચંદ્રનામે પુત્ર થયો. એવામાં એક વખતે શ્રીઅજિતસિંહસૂરિજી વિહાર કરતાથકા ત્યાં પાલણપુરમાં પધાર્યા. તેમની ધર્મદેશના સાંભળીને તે દેવચંદ્રે પોતાના માતાપિતાની આજ્ઞાથી તે શ્રીઅજિતસિંહસૂરિજીની પાસે વૈરાગ્યથી દીક્ષા લીધી. એવીરીતે વિક્રમ સંવત ૧૩૧૬ માં દીક્ષા અવસરે ગુરૂમહારાજે તેનું "દેવેંદ્ર" નામ આપ્યું. અનુક્રમે શાસ્ત્રાભ્યાસ કરતાંથકાં તે શ્રીદેવેંદ્રમુનિ ઉત્તમ કવિ થયા, અને તેમણે અનેક પ્રકારના ચિત્રબદ્ધ કાવ્યોવાળી શ્રીજિનેશ્વરપ્રભુની સ્તુતિઓ કરેલી છે. પછી તેમને યોગ્ય જાણીને વિક્રમ સંવત ૧૩૨૩ માં ગુરૂમહારાજે તિમિરપુર નામના નગરમાં આચાર્યપદવી આપી. એવીરીતે આ શ્રીદેવેંદ્રસિંહસૂરિજી પણ વિહાર કરતાથકા અનુક્રમે પાટણમાં પધાર્યા. તેમણે રચેલાં કાવ્યોનો ચમત્કાર સાંભળીને ઘણા પંડિતો તેમના કાવ્યો સાંભળવાને તેમની વ્યાખ્યાનસભામાં આવતા હતા, તથા તેમના કાવ્યો સાંભળીને તેઓ પોતાના મનમાં ઘણો ચમત્કાર પામતા હતા. પછી અનુક્રમે તે શ્રીદેવેંદ્રસિંહસૂરિજી પણ વિક્રમ સંવત ૧૩૭૧ માં શ્રીધર્મપ્રભસૂરિજીને પોતાની પાટે સ્થાપીને માગશર શુદી તેરસને દિવસે સ્વર્ગે ગયા. તથા ત્યાંના સંઘે ત્યાં સરોવરને કિનારે સ્તૂપ બંધાવીને તેપર તેમના ચરણોની સ્થાપના કરી.

# ॥ ૫૪ ॥ શ્રીધર્મપ્રભસૂરિ ॥

મારવાડદેશમાં આવેલા ભિન્નમાલ નામના નગરમાં પોરવાડજ્ઞાતિના લીંબા નામના શેઠ વસતા હતા, અને તેને વીજલદે નામની સ્ત્રી હતી. તે બન્ને સ્ત્રીભર્તાર જૈનધર્મમાં દૃઢ ચિત્તવાળા હતા. તેઓને વિક્રમ સંવત ૧૩૩૧ માં ધર્મચંદ્રનામે પુત્ર થયો. પછી એક વખતે તે લીંબા નામનો શ્રાવક વ્યાપાર કરવામાટે પોતાના કુટુંબસહિત ઝાલોરનગરમાં જઈને વસ્યો. પછી એક સમયે શ્રીદેવેંદ્રસૂરિજી વિહાર કરતાથકા મુનિઓના પરિવારસહિત તે ઝાલોરનગરમાં પધાર્યા. ત્યારે તે નગરના રાજાના લાલણગોત્રવાલા સેવાજી નામના મંત્રિએ મહોટા આડંબરથી તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. એવી-

रीते विक्रम संवत १३५१ मां ते श्रीदेवेंद्रसिंहसूरिजी त्यांना संघना आग्रहथी ते झालोरनगरमांज चतुर्मास रह्या. तेमनी वैराग्यरसवाळी मनोहर धर्मदेशना सांभळीने ते धर्मचंद्रे पोताना मातपितानी आज्ञाथी तेमनी पासे तेज झालोरनगरमां दीक्षा लीधी. अनुक्रमे शास्त्रोनो अभ्यास कर्याबाद ते श्रीधर्मप्रभमुनिजीने गुरुमहाराजे विक्रम संवत १३५९ मां आचार्यपदवी आपी. पछी ते श्रीधर्मप्रभसूरिजी विहार करताथका अनुक्रमे नगरपारकर नामना नगरमां पधार्या, अने त्यां तेमणे परमारक्षत्रीओनां नव कुटुंबोने प्रतिबोधीने जीवहिंसानां प्रत्याख्यान कराव्यां. पछी त्यांथी गामोगाम विहार करताथका तेओ विक्रम संवत १३९३ मां आसोटी नामना गाममां पधार्या, अने त्यां पोतानुं त्रेसठ वर्षोनुं आयु संपूर्ण करीने तथा पोतानी पाटे श्रीसिंहतिलकसूरिजीने स्थापीने महासुदी दशमने दिवसे समाधिपूर्वक देवलोके गया.

---

# ॥ ५५ ॥ श्रीसिंहतिलकसूरि ॥

तेमनुं वृत्तांत नीचे मुजब छे—

मारवाडदेशमां आवेला एरयपुर ( आदित्यपुर ) नामना नगरमां ओशवाळज्ञातिना शंखगोलवाळो आशाधर नामनो श्रावक वसतो हतो. तेने चांपलदे नामनी स्त्री हती. तेओने विक्रम संवत १३४५ मां एक पुत्र थयो, तथा तेओए तेनुं तिलकचंद नाम पाड्युं. एक वखते ते आशाधरशेठ पोताना कुटुंबसहित आबुपर्वतपर यात्रामाटे गया. ते वखते श्रीधर्मप्रभसूरिजी पण त्यांज यात्रा करवामाटे पधार्या हता. हवे ते आशाधरशेठनो कर्मचंद नामनो बीजो पुत्र तेना पूर्वसंचित कर्मोना योगथी जन्मथीज बहेरो अने मुंगो हतो. हवे एक समये त्यां पधारेला ते श्रीधर्मप्रभसूरिजीने जोइने तेमने वांदवामाटे ते आशाधरशेठ पोताना कुटुंबसहित आव्यो, तथा गुरुमहाराजने वांदीने ते त्यां बेठो. पछी ते आशाधरशेठे पोताना ते कर्मचंदनामना पुत्रनो वृत्तांत गुरुमहाराजने कही संभळाव्यो. त्यारे गुरुमहाराजे कह्युं के, हे

આશાધર ! જો તમો તમારા બન્ને પુત્રોમાંથી એક અમોને આપો, તો ખરેખર તમારા આ કર્મચંદ્રપુત્રને અમો રોગરહિત કરીશું. તે સાંભળી તે બન્ને સ્ત્રીભર્તારે તેમ કરવાનું સ્વીકાર્યું, ત્યારે ગુરૂમહારાજે પણ મંત્રના પ્રયોગથી તે કર્મચંદ્રને રોગરહિત કર્યો, અને તેથી તે તેજ વખતે સાંભળવા તથા બોલવા લાગ્યો. પછી ખુશી થયેલા તે બન્ને સ્ત્રીભર્તારે પોતે આપેલાં વચનને અનુસરીને પોતાનો તે તિલકચંદ્ર નામનો પુત્ર ગુરૂમહારાજને અર્પણ કર્યો. ગુરૂમહારાજ પણ તેને લેઇને અનુક્રમે શીરોહીનગરમાં પધાર્યા, તથા ત્યાં વિક્રમ સંવત ૧૩૬૧ માં ગુરૂમહારાજે તે તિલકચંદ્રને દીક્ષા આપીને તેનું સિંહતિલક નામ આપ્યું. પછી અનુક્રમે શાસ્ત્રાભ્યાસ કરાવ્યાબાદ ગુરૂમહારાજે વિક્રમ સંવત ૧૩૭૧ માં આનંદપુરમાં તેમને આચાર્યપદ આપ્યું. અને વિક્રમ સંવત ૧૩૯૩ માં પાટણમાં તેઓ ગચ્છનાયક થયા. પછી વિક્રમ સંવત ૧૩૯૫ માં તેઓ પોતાની પાટે શ્રીમહેંદ્રપ્રભસૂરિજીને સ્થાપીને પોતાનું પચાસ વર્ષોનું આયુ સંપૂર્ણ કરીને ચૈત્ર સુદી નોમને દિવસે સ્વર્ગે ગયા.

આ શ્રીસિંહતિલકસૂરિજીના ઉપદેશથી અનેક જિનમંદિરો થયાં છે, તથા તેમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ થયેલી છે. એટલે કે વિક્રમ સંવત ૧૩૭૧ માં ખંભાતના રહેવાસી જાજ્ઞગોત્રવાળા છાહડ નામના શેઠે તેમના ઉપદેશથી સંઘ કહાડી યાત્રા કરી હતી, તથા ખંભાતમાં શ્રીમહાવીરપ્રભુનો જિનપ્રાસાદ બંધાવ્યો હતો. તેમજ તેમના ઉપદેશથી વિક્રમ સંવત ૧૩૭૯માં જાજાગોત્રવાળા તથા ખંભાતના રહેવાસી મોહણ નામના શ્રાવકે જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.

## ॥ ૫૬ ॥ શ્રીમહેંદ્રપ્રભસૂરિ ॥

તેમનું વૃત્તાંત નીચે મુજબ છે—

વટગ્રામ નામના ગામમાં શ્રીમાલીજ્ઞાતિનો આસુનામે એક શ્રાવક વસતો હતો, તથા તેને જીવનદેવી અથવા ( લીંબિણી )

નામની સ્ત્રી હતી. તેઓને વિક્રમ સંવત ૧૩૬૩ માં મહેંદ્ર નામનો પુત્ર થયો. તેના માતાપિતા તેની બાલ્યાવસ્થામાંજ મૃત્યુ પામ્યા હતા, તેથી તેના મામાએ તે મહેંદ્રકુમારને એક સમયે ત્યાં પધારેલા શ્રીસિંહતિલકસૂરિજીને સમર્પણ કર્યો. ગુરૂમહારાજે પણ તે મહેંદ્રકુમારને વિક્રમ સંવત ૧૩૭૫ માં ઓરવાનગરીમાં દીક્ષા આપી, અને તેમનું મહેંદ્રપ્રભ નામ આપ્યું. અનુક્રમે શ્રુતસાગરનો પાર પામેલા એવા તે મહેંદ્રપ્રભમુનિજીને ગુરૂમહારાજે વિક્રમ સં. ૧૩૯૩ માં પાટણમાં આચાર્યપદવી આપી, અને વિક્રમ સંવત ૧૩૯૫ માં ખંભાતમાં તેઓ ગચ્છનાયક થયા. હવે એક વખતે તે શ્રીમહેંદ્રપ્રભસૂરિજી વિહાર કરતાથકા મારવાડદેશમાં આવેલા રાણી ( નાણી ) નામના ગામમાં પધાર્યા, અને ત્યાંના સંઘે તેમનો મહોત્સવથી પ્રવેશ કરાવ્યો, તથા સંઘના આગ્રહથી તેઓ ત્યાં ચતુર્માસ રહ્યા. ત્યાં વિક્રમ સંવત ૧૪૦૯ માં વર્ષાઋતુ આવ્યા છતાં પણ વરસાદ ન થવાથી તેમણે પોતાના જ્યોતિર્જ્ઞાનના માહાત્મ્યથી ચાલીસ દિવસોનું વિઘ્ન જાણી ધ્યાનનો પ્રારંભ કર્યો, અને તેથી ઘણી સારી જલવૃષ્ટિ થઇ.

હવે એક વખતે આસુ સુદી આઠમને દિવસે ત્યાં રાત્રિએ તેઓ કાયોત્સર્ગધ્યાનમાં બેઠેલા હતા. એવામાં ત્યાં આવેલા કોઇ એક સર્પે તેમના ડાબા પગના અંગુઠાપર દંશ કર્યો, પરંતુ નિશ્ચલ મનવાળા તે ગુરૂમહારાજ ત્યાંજ આઠ પહોરસુધી પાર્શ્વનાથપ્રભુના ધ્યાનમાં લીન થયાથકા એવીજરીતે કાયોત્સર્ગમાં રહ્યા. એવીરીતે આઠ પોહોર વીત્યાબાદ તેજ સર્પે ત્યાં આવી સર્વ માણસોના દેખતાં દંશની જગોએ લાગીને પોતાનું વિષ પાછું ખેંચી લીધું.* ત્યારબાદ તે સર્પ પણ મૂર્છા ખાઇને ત્યાંજ પડી રહ્યો. ત્યારે તે દયાળુ ગુરૂમહારાજે મંત્રેલું જલ છાંટવાથી તે સર્પ પાછો સચેતન થયો. ત્યારબાદ તે સર્પ સર્વ મનુષ્યોના દેખતાં તે ગુરૂમહારાજને ત્રણ પ્રદક્ષિણા દેઇને પોતાને સ્થાનકે ગયો. પછી સંઘે પણ એકઠા થઇ ત્યાં અઠાઇ મહોત્સવ કર્યો. એક વખતે વિહાર કરતાથકા તે ગુરૂમહારાજ સાદરીગામમાં પધાર્યા. ત્યાં તેમના ઉપદેશથી વિક્રમ સંવત

* બીજી જગોએ એવો વૃત્તાંત છે કે, તે જાપના પ્રભાવથી તે વિષ પોતાના મુખદ્વારા વમાઇ ગયું.

૧૪૭૭ માં જાસલગોત્રવાળા કર્માનામના શ્રાવકે શ્રીશાંતિનાથપ્રભુની રૂપાની પ્રતિમા ભરાવી. એવીરીતે પ્રભાવિક એવા આ શ્રીમહેંદ્રપ્રભસૂરિજી વિક્રમ સંવત ૧૪૪૪ માં પોતાનું એકયાસી વર્ષોનું આયુ સંપૂર્ણ કરીને, તથા પોતાની પાટે શ્રીમેરૂતુંગસૂરિજીને સ્થાપીને પાંચ દિવસોનું અનશન કરી, શુભ ધ્યાન ધ્યાતાથકા માગશીર વદી અગ્યારસને દિવસે તીર્થાધિરાજ શ્રીશત્રુંજયપર્વતના શિખરપર દેવલોકે પધાર્યા.

આ શ્રીમહેંદ્રપ્રભસૂરિજીના ઉપદેશથી નીચે મુજબ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ થયેલી જાણવામાં આવેલી છે.

વિક્રમ સંવત ૧૩૮૫માં અસાડ વદી બારસને દિવસે ઓશવાળજ્ઞાતિના પુનસી નામના શ્રાવકે શ્રીશાંતિનાથપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવેલી છે.

વિક્રમ સંવત ૧૪૨૨ માં અચવાડીગામમાં હરિયાગોત્રવાળા પદ્મસિંહશાહે શ્રીઆદિનાથપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવેલી છે.

વિક્રમ સંવત ૧૪૩૫ માં તેજ પદ્મસિંહશાહે વીછીવાડીયા ગામમાં શ્રીમુનિસુવ્રતસ્વામીજીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવેલી છે. અને તેજ શ્રાવકના વંશજો વિક્રમ સંવત ૧૪૩૯ થી વીંછીવાડીયાની ઓડકથી ઓળખાય છે.

એવીરીતે શ્રીવિધિપક્ષગચ્છ, કે જેનું બીજું નામ શ્રીઅંચલગચ્છ છે, તેમના આચાર્યોની વિક્રમ સંવત ૧૪૩૮માં મેરૂતુંગસૂરિજીએ રચેલી મ્હોટી પટ્ટાવલી સમાપ્ત થઈ.

---

હવે શ્રીધર્મમૂર્તિસૂરિજીએ રચેલી તે પછીના બાકીના શ્રીઅંચલગચ્છના આચાર્યોની પટ્ટાવલીનો પ્રારંભ થાય છે.

શ્રીમહેંદ્રપ્રભસૂરિજીએ પોતાના શિષ્યોમાંથી શ્રીમુનિશેખરસૂરિ, શ્રીજયશેખરસૂરિ, તથા શ્રીમેરૂતુંગસૂરિ નામના ત્રણે શિષ્યોને સૂરિમંત્ર આપવાપૂર્વક આચાર્યપદો આપ્યાં. અને તેથી શ્રીમુનિશેખરસૂરિજીના પરિવારમાં "શેખરશાખાના" શાખાચાર્યો થયા, અને તેઓની પાટપરંપરા તેઓની (જુદી) પટ્ટાવલિથી જાણી લેવી. અને ચાલતી મુખ્ય પટ્ટપરંપરામાં આવેલા તો શ્રીમેરૂતુંગસૂરિજિ મુખ્ય પટ્ટધર છે.

# ॥ ૫૭ ॥ શ્રીમેરૂતુંગસૂરિજી ॥

તેમનો વૃત્તાંત નીચે મુજબ છે—

મારવાડદેશમાં આવેલા નાના નામના ગામમાં મીઠડીયા-ગોત્રની વહોરા નામની શાખામાં વૈરિસિંહ નામનો એક ઉત્તમ શ્રાવક હતો. તેને નાહુણદેવી નામની સ્ત્રી હતી. તેઓને વિક્રમ સંવત ૧૪૦૩ માં ભાલણનામે પુત્ર થયો. અને તેણે વૈરાગ્યથી શ્રી-મહેંદ્રપ્રભસૂરિજીની પાસે વિક્રમ સંવત ૧૪૧૮ માં દીક્ષા લીધી. તથા તેમનું મેરૂતુંગ નામ રાખ્યું. તથા વિક્રમ સંવત ૧૪૨૬ માં તેમને યોગ્ય જાણીને આચાર્યમહારાજે સૂરિપદ આપ્યું. હવે એક વખતે વિહાર કરતા તે શ્રીમેરૂતુંગસૂરિજી વઢીયારદેશમાં આવેલા લોલાડા નામના ગામમાં પધાર્યા, તથા ત્યાંના સંઘે તેમને મહોત્સવપૂર્વક ગામમાં પ્રવેશ કરાવ્યો. પછી ત્યાંના સંઘના આગ્રહથી તેઓ તેજ લોલાડાગામમાં ચતુર્માસ રહ્યા. એવામાં ગુજરાતના અધિપતિ મહમ્મદશાહ નામના બાદશાહનું સૈન્ય તે ગામની નજ-દીકમાં આવ્યું. તે સમયે તે ગામના ઘણા માણસો વિવાહના પ્રસં-ગમાં પાટણઆદિક જુદા જુદા ગામોમાં ગયા હતા. તેથી તે અસુ-રોનાં સૈન્યના આવવાથી ડરેલા શ્રાવકોએ ત્યાં રહેલા શ્રીમેરૂતુંગસૂ-રિજીને તે વૃત્તાંત કહી સંભળાવ્યો. ત્યારે તે ગુરૂમહારાજે તે શ્રાવ-કોને કહ્યું કે, તમો સવા મણ ચોખા ( ચાવલ ) અહીં મારી પાસે લાવો? પછી તે શ્રાવકોએ તેમ કરવાથી તુરતજ ગુરૂમહારાજે તે ચોખા મંત્રીને તેમને પાછા આપ્યા. અને કહ્યું કે, તમોએ ભયનો ત્યાગ કરીને તે અસુરોના સૈન્યની સન્મુખ આ ચોખા ઉડાડવા, કે જેથી કરીને આ સઘળા ચોખા શસ્ત્રધારી ઘોડેસ્વાર થઇને તે અસુ-રોનાં સૈન્યની પાછળ દોડશે, અને તેથી અસુરોનું તે સઘળું સૈન્ય દૂર થઇ ભયને લીધે અહીંથી નાશી જશે.

એવીરીતનાં તે ગુરૂમહારાજનાં વચનો સાંભળીને તે શ્રાવકોએ પણ તેમ કરવાથી અસુરોનું તે સઘળું સૈન્ય ભયભીત થઇ ત્યાંથી નાશી ગયું. એવામાં વિવાહપ્રસંગપર પૂર્વે બહારગામ ગયેલા ગા-મના સઘળા લોકો પણ પાછા ત્યાં આવ્યા, તથા આ વૃત્તાંત સાંભ-

ળીને મનમાં આશ્ચર્ય પામી ગુરૂમહારાજને વંદન કરી કહેવા લા-ગ્યા કે, હે ભગવન્ ! હવેથી આપના શિષ્યોમાંથી કોઇ પણ એક ઉત્તમ મુનિ અહીં હમેશાં ચતુર્માસ રહે, એવું કરો ? આપ અમારાપર કૃપા કરીને આ બાબતની જરૂર અમોને વ્યવસ્થા કરી આપો ? એવી રીતનો તેમનો ભક્તિભાવ જોઇને તે શ્રીમેરૂતુંગસૂરિજીએ પણ તેમ કરવાનું સ્વીકાર્યું. હવે તે ગામના એક દરવાજાપાસે મકોટા બિલમાં તેર હાથ પ્રમાણનો લાંબો અત્યંત ભયંકર એક અજગર વસતો હતો, અને તે અ-જગર વારંવાર પોતાના બિલમાંથી બહાર નિકળીને તથા રાત્રિએ ગામમાં આવીને લોકોનાં નાના વાછરડાંઆદિક પંચેંદ્રિય જીવોને ગળી જતો હતો. હવે તેથી ઉદ્વેગ પામેલા એવા તે ગામના લોકોની વિનંતિ સાંભળીને આ શ્રીમેરૂતુંગસૂરિજીએ જીરિકાપલ્લીપાર્શ્વનાથ-પ્રભુના સ્તોત્રવડે તે અજગરનો ઉપસર્ગ દૂર કર્યો. પછી એક સમયે વિહાર કરતા તે શ્રીમેરૂતુંગસૂરિજી વડનગરનામના નગરમાં પધાર્યા, અને ત્યાં તળાવને કિનારે પોતાના પરિવાર સહિત તેમણે નિવાસ કર્યો. હવે તે નગરમાં નાગરબ્રાહ્મણોનાં ત્રણસો ઘરો વસતાં હતાં. પછી ગુરૂમહારાજની આજ્ઞાથી તેમના શિષ્યો ગોચરીમાટે તે નગરની અંદર ગયા, પરંતુ તે નાગરબ્રાહ્મણોમાના કોઇએ પણ તેમને આહાર આપ્યો નહીં. એવીરીતે આહારની પ્રાપ્તિવિનાજ પાછા ફરેલા પો-તાના તે શિષ્યોને ગુરૂમહારાજે કહ્યું કે, હે મહાનુભાવો ! આથી તો આપણા તપમાં વૃદ્ધિ થઇ. એવામાં ત્યાં નગરશેઠના પુત્રને સર્પે દંશ કર્યો, અને તેથી તે મૂર્છા પામ્યો, છે અને તેથી તેના સં-બંધિઓએ તે મૃત્યુ પામ્યો છે, એમ પોતાના મનમાં નિશ્ચય કરી લીધો. પછી લોકોનો ( વિલાપનો ) કોલાહલ સાંભળીને ગુરૂમહા-રાજના આદેશથી તેમના શિષ્યો તે મૂર્છા પામેલા નગરશેઠના પુત્રને તેમના સગાંસંબંધિઓ સહિત ગુરૂમહારાજપાસે લાવ્યા. ત્યારે જૈનશાસનની પ્રભાવના કરવામાટે ગુરૂમહારાજે "ૐ નમો દેવદેવાય" એ સ્તોત્રનો પાઠ કરીને ગારૂડીમંત્રથી તે સર્પને ત્યાં બોલાવ્યો. તેજ વખતે તે સર્પે પણ ત્યાં આવીને તેના શરીરમાંથી પોતાનું વિષ ચુસીને પાછું ખેંચી લીધું. તેજ સમયે તે નગરશેઠનો પુત્ર સચેતન થઇને બેઠો થયો. એવીરીતનો તે શ્રીમેરૂતુંગસૂરિજીનો પ્રભાવ જાણીને તે સઘળા નાગરબ્રાહ્મણોએ પણ જૈનધર્મનો સ્વીકાર કર્યો. પછી તે નાગ-રબ્રાહ્મણોએ તે ગુરૂમહારાજનો નગરમાં પ્રવેશમહોત્સવ કર્યો, અને ગુરૂમહારાજ પણ તેમના આગ્રહથી તે વડનગરમાંજ ચતુર્માસ

રહ્યા. પછી ગુરૂમહારાજના ઉપદેશથી તે નાગરવણિકોએ ત્યાં એક જિનપ્રાસાદ બંધાવ્યો, તથા ત્યારબાદ તેમનાજ ઉપદેશથી તેઓએ ત્યાં ઉપાશ્રય પણ બંધાવ્યો. ત્યારબાદ વિહાર કરતાથકા તે શ્રીમેરૂતુંગસૂરિજી એક વખતે પારકર દેશમાં આવેલા ઉમરકોટ નામના નગરમાં પધાર્યા. ત્યાં ક્રોડો ગમે દ્રવ્યના માલિક, અને ઝાલણ ગોત્રવાલા વેલાજીના જેસાજી નામના પુત્રે તે ગુરૂમહારાજનો મહોટા આડંબરથી નગરમાં પ્રવેશમહોત્સવ કર્યો, તથા તે જેસાજીની વિનંતિથી તે ગુરૂમહારાજ ત્યાં ચતુર્માસ રહ્યા. વળી તેમના ઉપદેશથી તે જેસાજીએ ત્યાં બહોતેર દેરીઓથી શોભિતો શ્રીશાંતિનાથપ્રભુનો મહોટો જિનપ્રાસાદ બંધાવ્યો. પછી ચતુર્માસ બાદ તે ગુરૂમહારાજના ઉપદેશથી તે જેસાજીએ મહોટા આડંબરથી સંઘસહિત શત્રુંજય આદિક તીર્થોની યાત્રા કરી, અને તે વખતે તે જેસાજીએ તેંત્રીસ લાખ સોનામોહોરોનો ખર્ચ કર્યો. તે જેસાજીના દાનઆદિક સર્વ ધર્મકાર્યોનું વિસ્તારયુક્ત વર્ણન શ્રી મેરૂતુંગસૂરિજીએ રચેલા " જેસાજી પ્રબંધ " નામના ગ્રંથથી જાણી લેવું. અહીં ગ્રંથવિસ્તારના ભયથી તે વર્ણન લખ્યું નથી.

હવે એક વખતે તે મહાપ્રભાવિક એવા શ્રીમેરૂતુંગસૂરિજીએ ખંભાતશહેરમાં વ્યાખ્યાનની સભામાં પોતાની મુહપત્તીનું પોતાના બન્ને હાથોવડે મર્દન કર્યું. તે જોઇ સભામાં બેઠેલા શ્રાવકોએ તેનું કારણ પુછ્યું, ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, આ સમયે શ્રીશત્રુંજયપર્વતપર શ્રીયુગાદિદેવના પ્રાસાદમાં દીપકની જ્વાલાથી ચંદ્રવો ( ઉપરના ભાગમાં બાંધેલા ઉલેચ) બળતો હતો, તે અગ્નિને મેં બુઝાવ્યો. તે સાંભળી ત્યાંના સંઘે ત્યાં શત્રુંજયતીર્થમાં પોતાના માણસોને મોકલીને તપાસ કરાવી તો તે વૃત્તાંત સત્ય માલમ પડ્યો. હમેશાં રાત્રિએ શ્રીમેરૂતુંગાચાર્ય ધ્યાન કરતા હતા, ત્યારે હમેશાં ચક્રેશ્વરી તથા પદ્માવતી નામની દેવીઓ તેમની પાસે આવી બેસતી હતી. એવામાં કોઇક શ્રાવકે ત્યાં રાત્રિએ એકાંતમાં તે ગુરૂમહારાજની પાસે બેઠેલી તે બન્ને દેવીઓને દીઠી; ત્યારે તે શ્રાવકના મનમાં સંદેહ ઉપજ્યો, તે ગુરૂમહારાજે જાણીને તે શ્રાવકની શંકાનું નિવારણ કર્યું. એવી રીતે શ્રી મેરૂતુંગસૂરિજીએ અનેક પ્રકારની શ્રીજૈનશાસનની પ્રભાવના કરેલી છે. તેમના ઉપદેશથી ઘણા ગામોમાં ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ થયેલી છે. આ શ્રીમેરૂતુંગસૂરિજીના સમયમાં

**શ્રીગોડીપાર્શ્વનાથજીની મહાપ્રભાવિક પ્રતિમાઓ પ્રકટ થયેલી છે, તેનું વૃત્તાંત નીચે મુજબ છે.**

મીઠડીયાગોત્રમાં પારકર દેશની અંદર ખેતરશાહની ખેતલદે નામની સ્ત્રીથી મેઘાશાહ નામના પુત્રનો જન્મ થયો હતો. તે વખતે આ શ્રીગોડીપાર્શ્વનાથજીની મહાપ્રભાવિક પ્રાચીન પ્રતિમા પાટણની અંદર રહેલા મહાન્ જિનમંદિરમાં બિરાજેલી હતી. એવામાં વિક્રમ સંવત ૧૪૪૫ માં તે પાટણ શહેરમાં યવનોનો ભય ઉત્પન્ન થયો. તેથી તે પ્રભાવિક જિનપ્રતિમાને ત્યાં જમીનની અંદર ભંડારવામાં આવી હતી. ત્યારબાદ વિક્રમ સંવત ૧૪૬૫માં તે પાટણના હસનખાન નામના સુબાની ઘોડાસારમાં ખીલો ખોડવામાટે જમીન ખોદતાં તેમાંથી તે મહાપ્રભાવિક પ્રતિમા પ્રકટ થઇ. તે પ્રતિમાને જોઇ તે હસનખાન ખુશી થયા. તે હસનખાનની સ્ત્રી જાતની જૈન વણિકની દીકરી હતી, તેથી હમેશાં તે પ્રતિમાની પૂજા કરવા લાગી. એવામાં પારકર દેશમાંથી તે મેઘાશાહ વ્યાપાર કરવા માટે પાટણમાં આવ્યો, તેને શ્રીપાર્શ્વનાથજીના અધિષ્ટાયકે સ્વપ્નમાં કહ્યું કે, અહીંના સુબા હસનખાનના ઘરમાં શ્રી ગોડીપાર્શ્વનાથજીની મહાપ્રભાવિક પ્રતિમા છે, તે પ્રતિમા તારે તે હસનખાનને સવાસો દામ આપીને તારા પારકર દેશમાં લેઇ જવી. વળી તે અધિષ્ઠાયકદેવે તે હસનખાનને પણ સ્વપ્નમાં કહ્યું કે, તારે તે પ્રતિમા સવાસો દામ લેઇને મેઘાશાહને આપવી. પછી પ્રભાતમાં તે મેઘાશાહે હસનખાનને સવાસો દામ આપીને તે પ્રતિમા લીધી. તથા તે વખતે ત્યાં બિરાજેલા શ્રીમેરૂતુંગસૂરિજીને તે પ્રતિમા મેઘાશાહે બતાવીને સઘળી હકીકત કહી સંભળાવી. ત્યારે તે આચાર્યમહારાજે મેઘાશાહને કહ્યું કે, આ શ્રીગોડીપાર્શ્વનાથજીની મહાપ્રભાવિક પ્રાચીન પ્રતિમા છે. તે પ્રતિમાને તમો તમારા પારકરદેશમાં લેઇ જાઓ ? અને ત્યાં પ્રાસાદ બંધાવી સ્થાપન કરવાથી તે પ્રતિમા અતિશયવંત મહાન્ તીર્થરૂપ થશે. એવી રીતે તે મેઘાશાહ વિક્રમ સંવત ૧૪૭૦ માં તે પ્રતિમાને પોતાના પારકરદેશમાં લાવ્યો, તથા પોતાના ઘરમાં રાખી તેનું ભાવપૂર્વક પૂજન કરવા લાગ્યો. પછી તે મેઘાશાહે ત્યાં જિનપ્રાસાદ બંધાવી વિક્રમ સંવત ૧૪૮૨ માં તે પ્રતિમાજીની તેમાં પ્રતિષ્ઠા કરી, તે પ્રાસાદને ફરતી ચોવીસ દેરીઓ ત્યાંના સંઘે કરાવી. તે મેઘાશાહના વંશજો ગોઠી ઓડકથી ઓળ-

ખાવા લાગ્યા. વળી તે જિનપ્રાસાદના આગળના ભાગનો રંગમંડપ વોરા ગોત્રવાળા કાજલશાહે કરાવ્યો છે.

વળી આ શ્રીમેરૂતુંગસૂરિજીના ઉપદેશથી વિક્રમ સંવત ૧૪૨૯ માં લોલાડાગામમાં શ્રીમાલી જ્ઞાતિના ધંધશેઠના પુત્ર આસાકે, સં. ૧૪૩૮ માં તેજ ગામમાં તેજુનામની શ્રાવિકાએ, ૧૪૪૬ માં મહા સુદ તેરસ રવિવારે રાજનગરમાં પોરવાડજ્ઞાતિના કોલ્હા તથા આલાનામના શેઠે, ૧૪૬૮ માં કાર્તિકવદી બીજ સોમવારે શંખેશ્વરમાં કડુઆ નામના શેઠે જીન પ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ કરાવેલી છે. તે શિવાય નીચે મુજબ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ તેમના ઉપદેશથી થયેલી જાણવામાં આવેલી છે.

વિક્રમ સંવત ૧૪૪૫ ના કાર્તિક વદી ૧૧ રવિવારે પોરવાડ જ્ઞાતિના ભાદા નામના શ્રાવકે શ્રી પાર્શ્વનાથ આદિક ત્રેવીસ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવેલી છે.

વિક્રમ સંવત ૧૪૫૬ ના જેઠ વદી ૧૩ શનિવારે શ્રીમાલી જ્ઞાતિના શા. મહુનનામના શેઠે શ્રીચંદ્રપ્રભપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

વિક્રમ સવંત ૧૪૬૮માં કાર્તિકવદી બીજ સોમવારે શ્રીમાળી જ્ઞાતિના કડુક નામના શેઠે ત્રેવીસ જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. તેમજ સવત ૧૪૬૮ના વૈશાક સુદી ત્રીજ ગુરૂવારે પોરવાડ જ્ઞાતિના રાઉલ નામના શેઠે શાંતિનાથજી આદિક પંચતીર્થીની પ્રતિષ્ઠા કરાવી.

સવંત ૧૪૭૦ના ચૈત્ર સુદી આઠમ ગુરૂવારે શ્રીમાળીજ્ઞાતિના સાંસણ નામના શેઠે વિમલનાથપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

સંવત ૧૪૪૫માં પારકરદેશમાં નાગડા ગોત્રવાળા મુજા નામના શેઠે શ્રીપાર્શ્વનાથજીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

સંવત ૧૪૬૮માં આ શ્રીમેરૂતુંગસૂરિજીના ઉપદેશથી સલખણપુરના રહેવાસી હરિયાણ ગોત્રવાળા સાંગશાહ નામના શેઠે તે નગરમાં એક મનોહર જિનમંદિર બંધાવ્યું. સંવત ૧૪૩૯માં તેમના ઉપદેશથી બીડીવાડાના રહેવાસી પદ્મસિંહશાહે શ્રીમુનિસુવ્રતસ્વામિજીનો વિશાલ જિનપ્રાસાદ બંધાવ્યો, તથા એક દાનશાળા પણ કરાવી.

સંવત ૧૪૪૫ માંભાદરાયણ ગોત્રવાળા મોઢેરાના રહેવાસી ભાવડ નામના શેઠે તેમના ઉપદેશથી મહોત્સવપૂર્વક ચોવીસીની પ્રતિષ્ઠા કરાવી.

સંવત ૧૪૫૬માં સિંહવાડામાં થયેલા પાતાશાહ નામના શેઠે તેમના ઉપદેશથી શ્રીઆદિનાથજીનું જિનમંદિર બંધાવ્યું.

સંવત ૧૪૭૫માં વારધ ગોત્રવાળા દેવર નામના શેઠે કુઆરોડી નામના ગામમાં ઘણું દ્રવ્ય ખરચી એક જિનમંદિર તથા પૌષધશાળા બંધાવી.

તેમના સમયમાં થયેલા શાખાચાર્ય શ્રીજયતિલકસૂરિ મહાપ્રભાવિક થયા, તેના ઉપદેશથી સંવત ૧૪૭૧ના અસાડ સુદ બીજ રવિવારે શ્રીમાલજ્ઞાતિના ભોજણ નામનાં શ્રાવકે સતર જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી.

વળી તેમના સમયમાં થયેલા શાખાચાર્ય શ્રીમહીતિલકસૂરિજીના ઉપદેશથી પણ સંવત ૧૪૭૧ના મહાસુદિ ૧૦ શનિવારે જાંબટનામના વીસા પોરવાડજ્ઞાતિના શેઠે ચોવીસી આદિક વીસ પ્રતિમાઓની, તથા શ્રીમાળી જ્ઞાતિના હાંસાશેઠે બે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી છે.

સંવત ૧૪૪૭ના ફાગણ સુદી ૬ સોમે શાનાપતિ જ્ઞાતિના મારૂ શેઠ હરિપાલની પત્ની સૂહવના પુત્ર દેપાલે શ્રીમહાવીરપ્રભુની પ્રતિમા ભરાવી.

સંવત ૧૪૪૯ ના અસાડ સુદ ૨ ગુરૂવારે ઉકેશવંશના, તથા ગોખરૂ ગોત્રના શાં. નાલુણની સ્ત્રી તિહુણસિરી, તથા તેના પુત્ર શા. નાગરાજે પોતાના પિતાના કલ્યાણમાટે શાંતિનાથની પ્રતિમા ભરાવી.

સંવત ૧૪૬૯ના મહા સુદી ૬ રવિવારે પોરવાડજ્ઞાતિના ઉદાની ભાર્યા, તથા તેના પુત્ર જોલા, અને તેની સ્ત્રી ડમણાદે, અને તેના પુત્ર સુડને શ્રીપાર્શ્વનાથની પ્રતિમા ભરાવી.

એવી રીતે મહા પ્રભાવિક એવા આ શ્રી મેરૂતુંગસૂરિજીના ઉપદેશથી અનેક જિનમંદિરો બંધાયાં છે, અને અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા આદિક જૈનશાસનની ઉન્નતિ કરનારાં અનેક ધર્મકાર્યો થયેલાં છે.

આ મહાવિદ્વાન્ એવા શ્રી મેરૂતુંગઆચાર્યજીએ બાલબોધવ્યાકરણ, ભાવકર્મપ્રક્રિયા, શતકભાષ્ય, જૈન મેઘદૂતકાવ્ય, નમુત્થુણંની ટીકા, સુશ્રાદ્ધકથા, તથા ઉપદેશમાલાની ટીકા આદિક અનેક ગ્રંથો રચેલા છે.

તેમના ગુરૂભાઇ મહાકવિ શાખાચાર્ય શ્રીજયશેખરસૂરિજીએ પણ ખંભાતમાં તેમને મળેલાં શ્રીસરસ્વતીદેવીના વરદાનથી નલ-દમયંતીચંપૂ, [1]જૈનકુમારસંભવ આદિક પંચમહાકાવ્યો, [2]સટીક ઉ-પદેશચિંતામણિ, કલ્પસૂત્રપરનું સુખાવબોધ નામનું વિવરણ, પ્રબોધ-ચિંતામણિ તથા [3]ધમ્મિલચરિત્ર અને ન્યાયમંજરી આદિક અનેક મ્હોટા ગ્રંથો રચેલા છે.

એવીરીતે કરેલ છે ક્રિયોદ્ધાર જેમણે એવા આ શ્રીમેરૂતુંગા-ચાર્ય વિક્રમ સંવત ૧૪૭૩ માં પોતાની પાટે શ્રીજયકીર્તિસૂરિજીને બેસાડીને જીર્ણદુર્ગમાં ( જુનાગઢમાં ) સ્વર્ગવાસ પામ્યા. તેમના ઉપાધ્યાયજી શ્રીભુવનતુંગસૂરિજી પણ "મહાપ્રભાવિક થયેલ છે, અને તેમના પરિવારમાં અંચલગચ્છમાં " તુંગશાખા " નિકળેલી છે.

## ॥ ૫૮ ॥ શ્રીજયકીર્તિસૂરિઃ ॥

( તેમનો વૃત્તાંત નીચેમુજબ છે. )

તિમિરપુર નામના નગરમાં શ્રીમાલીજ્ઞાતિના ભૂપાલનામના શેઠની ભ્રમરાદે નામની સ્ત્રી હતી. તેઓને વિક્રમ સંવત ૧૪૨૩માં જયંતનામે પુત્ર થયો તે જયંતકુમારે વિક્રમ સંવત ૧૪૪૪માં શ્રીમેરૂતુંગસૂરિજીનીપાસે વૈરા-

---

૧ આમાંનું શ્રી જૈનકુમારસંભવમહાકાવ્ય જામનગર નિવાસી પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજે કરેલા તેના ગુજરાતી ભાષાંતર સહિત છપાઇ પ્રસિદ્ધ થયેલ છે.

૨ આ સટીક ઉપદેશચિંતામણિ નામનો મહાન્ ગ્રંથ તેની ટીકા તથા ગુજ-રાતી ભાષાંતર સહિત " શ્રીઅંચલગચ્છીય શ્રી આર્યરક્ષિતસૂરિજી પુસ્તકોદ્ધાર " ખાતાં તરફથી છપાઈ પ્રસિદ્ધ થયેલ છે. તેમજ તે મૂલગ્રંથ તેની સંસ્કૃત ટીકા સહિત જામનગરનિવાસી પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજ તરફથી છપાઇ પ્રસિદ્ધ થયેલ છે.

૩ આ શ્રી ધમ્મિલચરિત્ર નામનો ઉત્તમ કાવ્યબદ્ધ ગ્રંથ, મૂલ, તેમજ તેના ગુજરાતી ભાષાંતર સહિત, જામનગરનિવાસી પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજ તરફથી છપાઇ પ્રસિદ્ધ થયેલ છે.

ગ્યથી દીક્ષા લીધી. અને તેમનું જયકીર્તિનામ રાખવામાં આવ્યું. પછી ત્યાંથી વિહાર કરતા એકવખતે વિક્રમ સંવત ૧૪૪૭માં તે શ્રીજયકીર્તિમુનિજી કંટલીનામના ગામમાં પધાર્યા. તે ગામમાં ઓશવાલજ્ઞાતિનો એક સહુસાકનામનો શેઠ વસતો હતો. એક વખતે તે શેઠને ઘેર પકવાન્ન કરાતો હતો, તે વખતે અકસ્માત્ ઉપરના ભાગમાં રહેલા એક સર્પનું વિષ તે પકવાન્નમાં પડયું, પરંતુ તે બાબતની કુટુંબના કોઇ પણ માણસને ખબર પડી નહીં. તે દિવસે તે સહુસાકશેઠ તથા તેની સ્ત્રીએ ઉપવાસ કરેલો હોવાથી, તે બંને માણસો શિવાયના તેના પુત્રોઆદિક કુટુંબના સઘળા માણસોએ તે પકવાન્નનું ભોજન કર્યું, અને તેથી તેઓ સઘળા મૂર્છિત થઇને મૃતકોની પેઠે પડ્યા. તે વખતે તે સહુસાક શેઠ આદિક સકલ સંઘે વિનંતિ કરવાથી ત્યાં માસક્ષપણ રહેલા તે શ્રીજયકીર્તિમુનિજીએ વિષાપહારમંત્રના પ્રયોગથી તે સઘળા માણસોને સચેતન કર્યાં, અને ત્યારથી તે સઘળું કુટુંબ વિષાપહારગોત્રના નામથી પ્રસિદ્ધ થયું. આ ગોત્રની અધિષ્ઠાયક દેવી છે.

આ ગોત્રના વંશજો સઇલિવાડા, કુંઆરડા, કોટડા, અમરકોટ, પોકારણ, ફલોધી પાસે આઉ, ઝુંઝાણી, સાચોર, રાડદ્રહ, મોરસ્તમ, સીરોહી વિગેરે ગામોમાં વસે છે. અને તેના વંશજો અંચલગચ્છની સામાચારી પાળે છે. પછી સેલવાટ નામના ગામમાં વસનારા, અને તે સહુસાક શેઠના કુટુંબી એવા સાલિગ નામના એક ધનવાન શેઠે તે શ્રીજયકીર્તિમુનિજીના ઉપદેશથી શ્રીશાંતિનાથ આદિક તીર્થંકરોની પચીસ નવી પ્રતિમાઓ ભરાવી. પછી તેજ સાલિગશેઠે સત્યપુરમાં આવીને તેમનાજ ઉપદેશથી શ્રીમહાવીરપ્રભુનો પ્રાસાદ બંધાવ્યો. અને પચીસ હજાર પીરોજી ખરચી તેમના હાથે પ્રતિષ્ઠા કરાવી. એમ વિષાપહાર ગોત્રનું વૃત્તાંત કહ્યું.

પછી તેમને યોગ્ય જાણીને શ્રીમેરૂતુંગસૂરિજીએ વિક્રમ સંવત ૧૪૬૭ માં સ્તંભનપુરમાં ( ખંભાતમાં ) મહોત્સવપૂર્વક સૂરિપદ આપ્યું. અને સંવત ૧૪૭૩ માં તેઓ ગચ્છનાયકની પદવી પામ્યા.

આ શ્રીજયકીર્તિસૂરિજીના ઉપદેશથી અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ થયેલી છે, તથા અનેક નવાં જિનમંદિરો બંધાયાં છે. તેમાની નીચે મુજબ હકીકત હાલમાં જાણવામાં આવી છે.

| સંવત. | તિથિ | પ્રતિષ્ઠા કરાવનારની જ્ઞાતિ આદિક | પ્રતિષ્ઠા કરાવનારનું નામ. | પ્રતિમાઓની સંખ્યા. |
|---|---|---|---|---|
| ૧૪૭૩ | વૈશાખ વદ ૭ શનિવાર | શ્રીમાલી | ખીમાશેઠ | ૧૫ |
| ૧૪૭૯ | પોષવદ ૫ | શ્રીમાલી | પરિખ કાનજી સુત હીરા | |
| ૧૪૮૧ | વૈશાખ વદ ૮ શુક્રવાર | ઉકેશવંશી મણિઆર | શાહુ શીવરાજ | આદિનાથ. |
| ૧૪૮૧ | ફાગણ વદ ૬ | વીજાપુર ગામ | મેરાક આદિક ત્રણ ભાઇઓ | |
| ૧૪૮૧ | વૈશાખ વદ ૮ | વડનગરના ઉકેશવંશી | પાસડસુત સીવાક | |
| ૧૪૮૧ | મહાસુદ ૫ સોમે | ૦ | શામલશેઠ | ૫ |
| ૧૪૮૩ | ૦ | પાટણવાસી મીઠડીઆગોત્રી તેજસિંહસુત ડીડાદિએ સીરોહી નગરમાં જીરાવલાપાર્શ્વનાથના પ્રસાદમાં ત્રણ દેરીઓ બંધાવી. | | |
| ૧૪૮૪ | વૈશાખસુદ ૨ શનિ | શ્રીમાલી | વાછાશેઠ | ૭ |
| ૧૪૮૭ | મહાસુદ ૫ | ખેરાલુગામના શ્રીમાલી | ડામરશેઠ | |
| ૧૪૮૭ | મહાસુદ ૫ ગુરૂ | શ્રીમાલી | ડામરશેઠ | ધર્મનાથજી |
| ૧૪૮૭ | મહાસુદ ૫ ગુરૂ | શ્રીમાલી | ભુંભચશેઠ | ૩ |
| ૧૪૮૮ | | વડનગરા નાગર | પરીખ વીરપાલ | |
| ૧૪૮૮ | ફાગણસુદ ૭ | રાજનગરના શ્રીમાલી | દેવસી ભાર્યા હીરાદે આદિ | |
| ૧૪૮૮ | મહાસુદી ૫ ગુરૂ | નાગર | સમધરશેઠ | ૧ સંભવનાથજી |
| ૧૪૯૦ | વૈસાખ સુદ ૩ સોમે | શ્રીશ્રીમાલ | મહીરાજ | ૨૩ |
| ૧૪૯૧ | મહા સુદ ૫ બુધે | ઓશવાલ | ગોપાશેઠ | ૫ |
| ૧૪૯૩ | ફાગણવદ ૧૧ | રાજનગરના પોરવાડ | ભીડાસુત ધનધર | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪૯૩ | ફાગણવદ ૧૧ ગુરૂ | પોરવાડ | ધરણ | ૧૦ |
| ૧૪૯૮ | ફાગણ સુદી ૭ શનિ | શ્રીશ્રીમાલ | દેવસી | ૫ |
| ૧૪૯૯ | વૈશાખ વદી ૫ | શ્રીમાલી | હરપતિ | |
| ૧૪૯૯ | મહા સુદ ૫ | | સોમિલ | |
| ૧૪૯૯ | વૈસાખ વદ ૫ ગુરૂ | શ્રીશ્રીમાલ. | જયસિંહ | શાંતિનાથજી |
| ૧૪૯૯ | કાર્તિકસુદ ૧૨ સોમે | વીસાપોરવાડ | હીરાશેઠ | ૫ |

એવી રીતે તેમના ઉપદેશથી અનેક શ્રાવકોએ અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ કરાવેલી છે. વળી આ શ્રી જયકીર્તિસૂરિજીએ *ઉત્તરાધ્યયનસૂત્રપર ટીકા, ક્ષેત્રસમાસની ટીકા, તથા સંગ્રહણીની ટીકા આદિક અનેક ગ્રંથો રચેલા છે. એવીરીતે મહાપ્રભાવિક એવા આ શ્રી જયકીર્તિસૂરિજી વિક્રમ સંવત ૧૫૦૦ માં ચાંપાનેર નામના નગરમાં પોતાની પાટે શ્રીજયકેસરીસૂરિજીને સ્થાપીને, તથા પોતાનું સડસઠ વર્ષોનું આયુ સંપૂર્ણ કરીને દેવલોકે ગયા. તેમના ઉપાધ્યાયજી શ્રીલાવણ્યકીર્તિથી અંચલગચ્છમાં " કીર્તિશાખા " નિકળેલી છે.

---

* આ શ્રીજયકીર્તિસૂરિજીની રચેલી ઉત્તરાધ્યયનની ટીકા જામનગરનિવાસી પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજ તરફથી છપાઈને પ્રસિદ્ધ થયેલી છે.

# ॥ ૫૯ ॥ શ્રી જયકેસરિસૂરિઃ ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

પાંચાલદેશમાં આવેલા શ્રીથામનામના નગરમાં ઓશવાલજ્ઞાતિનો દેવસિંહનામનો શેઠ વસતો હતો. તેને લાખલણદે નામની સ્ત્રી હતી. તેઓને વિક્રમ સંવત ૧૪૬૧ માં ધનરાજ અથવા કેસર છે બીજું નામ જેનું, એવો પુત્ર થયો. તેણે વૈરાગ્યથી શ્રીજયકીર્તિસૂરિજીની પાસે વિક્રમ સંવત ૧૪૭૫ માં દીક્ષા લીધી, અને તેમનું નામ "શ્રીજયકેસરીમુનિ" રાખવામાં આવ્યું. શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યાબાદ વિક્રમ સંવત ૧૪૯૪ માં ગુરૂમહારાજે તેમને સૂરિપદ પર સ્થાપન કર્યા. પછી એક સમયે વિહાર કરતાં તે શ્રીજયકેસરીસૂરિજી રાજનગરમાં પધાર્યા. ત્યાંના બાદશાહને ઘણોજ ભયાનક તાવ આવતો હતો. તે તાવને દૂર કરવામાટે તે બાદશાહે છ માસ સુધી ઘણા ઉપાયો કર્યા, પરંતુ તેથી તેમને કોઈ પણ પ્રકારનો ફાયદો થયો નહીં, એવામાં ત્યાં પધારેલા આ શ્રીજયકેસરીસૂરિજીનો પ્રભાવ તે બાદશાહે સાંભળ્યો. તેથી ખુશી થયેલા તે બાદશાહે મહોટા આદરમાનપૂર્વક તે શ્રીજયકેસરીસૂરિજીને પોતાની પાસે બોલાવ્યા, અને પોતાનો તાવ દૂર કરવા માટે તેમને વિનંતિ કરી. ત્યારે ગુરૂમહારાજે પણ શાસનની પ્રભાવના કરવા માટે ઘણા લોકોની સમક્ષ "જવરાપહાર" (તાવને દૂર કરનારો) મંત્ર ભણીને, તથા મહાકાલીદેવીનું સ્મરણ કરીને પોતાનો ધર્મધ્વજ (ઓઘો) ત્રણ વખત તેમના મસ્તકપર ભમાવ્યો. તેજ વખતે તે બાદશાહ તાવરહિત થયો. પછી તે ગુરૂમહારાજે પોતાનું તે રજોહરણ તે બાદશાહ આદિક ઘણા લોકોના દેખતાં એક પત્થરની શિલાપર ખંખેર્યું, તેજ વખતે તે પત્થરની શિલાના ફાટીને બે ટુકડા થઈ ગયા. એવી રીતનો આ શ્રીજયકેસરીસૂરિજીનો ચમત્કાર જોઇને અત્યંત ખુશી થયેલા તે બાદશાહે ઘણા સન્માનપૂર્વક તેમને વાંદીને ઉપાશ્રયે મોકલ્યા. પછી તેમના ઉપદેશથી તે બાદશાહે તે રાજનગરમાં (અમદાવાદમાં) ઝવેરીવાડામાં અંચલગચ્છના યતિઓને રહેવામાટે એક ઉપાશ્રય બંધાવી આપ્યો. આ શ્રીજયકેસરીસૂરિજીએ "સ્યાલ" ગોત્રની સ્થાપના કરી છે.

વિક્રમ સંવત ૧૨૫૨ માં પૂર્વદેશમાં આવેલા કાંતિ નામના નગરમાં દહિયા રજપુત જાતિના ખેમરાજ અને હેમરાજ નામે બે

ભાઇઓ હતા. તેઓમાંથી હેમરાજ તે નગરનો રાજા થયો. અને ખેમરાજે ઝાલોરમાં આવી ત્યાંના રાજા કાન્હડદેની મહેરબાનીથી સાયલાઆદિક અડતાલીશ ગામો મેળવ્યાં. તેના વંશમાં સાયલામાં રૂપચંદના પુત્ર સામતસિંહને રાત્રિએ સર્પ કરડયો, જેથી તે મૂર્છિત થઇ બેભાન થયો. તેને મૃત્યુ પામેલો જાણી અગ્નિદાહ માટે લેઇ જતા હતા, એવામાં અંચલગચ્છીય ભટ્ટારક શ્રીજયકેસરીસૂરિ સામા મળ્યા, તેમને તે હકીકત જણાવતાં મંત્રપ્રયોગથી ગુરૂએ તેને સાજો કર્યો. પછી રૂપચંદે પોતાના તાબાના ચાર ગામો ગુરૂને આપવા માંડયાં, પણ નિસ્પૃહી ગુરૂએ તે ન લેતાં તેમને જૈનધર્મ સ્વીકારવા કહ્યું, તેઓએ પણ ખુશી થઇ કુટુંબસહિત જૈનધર્મ સ્વીકાર્યો. તેઓ સાયલાના ઠાકોર હોવાથી તે સામતસિંહના વંશજો સ્યાલ ગોત્રથી પ્રસિદ્ધ થયા. ગુરૂએ તેમને ઓશવાળ જ્ઞાતિમાં ભેળવી દીધા. ત્યાંથી તેના વંશજો કુંભલમેરમાં જઈ વસ્યા. તેમના વંશમાં મહિપાશેઠ મહાભાગ્યશાલી અને ધનવંત થયા, તથા તેમણે ત્યાં વિશાલ જિનપ્રાસાદ બંધાવ્યો. આ વંશની નીચે મુજબ ચાર ઓડકો થઇ. સાયલેચા વહોરા, સ્યાલ, સચીયા અને સાંડ. આ વંશમાં ભુદેસર ક્ષેત્રપાલનું વડાંનું નિવેદ કરે છે. તથા આગાસી નામની ગોત્રજા પૂજે છે.

આ ગોત્રના વંશજો ખેરવા, ખુડ, વગડી, પાલી, ગુજવચી, અઠાણા, હિંગોલ, પીલવણી, સોમેસર, નાડોલ, પનોતી, દેસુરી, પદમસરનાગુઢા, તલાવ, ગુઢલ, ખીપાડા, ખોડ, સોજત, બેવલા, સોજતપાસે રહનડી, સાદરી, મેવાડે પલાસલા, ધાંમલી, બિલસાવાવડી વિગેરે ગામોમાં વસે છે.

સંવત ૧૫૭૪ માં મહા વદી ૧૩ સે આ વંશમાં ઠાકુરના પુત્ર ખરહથ તથા ખીમાએ શ્રી આદિનાથનું બિંબ રણધીરના પુન્યમાટે ભરાવ્યું, અને તેની શ્રીભાવસાગરસૂરિજીએ પ્રતિષ્ઠા કરી. સંવત ૧૬૮૭ માં ખેરવામાં થયેલા ઇશ્વરશેઠે દ્રવ્ય ખરચીને ઘણાં પુન્યકાર્યો કર્યાં છે.

આ મહાપ્રભાવિક એવા શ્રી જયકેસરીસૂરિજીના ઉપદેશથી અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ થયેલી છે, તેઓમાની મુખ્ય પ્રતિષ્ઠાઓ નીચે મુજબ જાણવામાં આવેલી છે.

| સંવત | તિથિ | પ્રતિષ્ઠા કરાવનાર | સ્થાન | પ્રતિમાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧૫૦૩ | જેઠ સુદ ૧૦ ગુરૂ | ઉકેશસાહાજી | ૦ | સંભવનાથજી. |
| ૧૫૦૩ | ૦ | કાશ્યપગોત્રી સારંગ | પાંસુર | ૧ કુંથુનાથજી |
| ૧૫૦૪ | ફાગણ વદી ૯ સોમે | ઓશવાલ ગોપા શેઠ | ૦ | ૧૨ |
| ૧૫૯૪ | વૈશાખ સુદી ૩ શનિ | ઓશવાલ ફાઇઆ શેઠ | ૦ | ૫ |
| ૧૫૦૫ | મહા સુદ ૧૦ | મીઠડીયા મહીરાજ આદિક | ૦ | સુવિધિનાથ |
| ૧૫૦૫ | મહા વદી ૯ | મીઠડીયા તિલાક શેઠ | અમદાવાદ | ૧ પાર્શ્વનાથ |
| ૧૫૦૫ | ૦ | ઉકેશવંશી કેન્હાક | ૦ | આદિનાથજી |
| ૧૫૦૫ | મહા શુદ ૧૦ | વડોરા ખેતાક શેઠ | માણસા | પદ્મપ્રભાદિ ૯ |
| ૧૫૦૫ | મહા વદી ૯ સોમે | ઓશવાલ મીઠડીયા તિલા શેઠ | ૦ | ૨૩ |
| ૧૫૦૫ | મહા સુદ ૧૦ | શ્રીમાલી શ્રી પ્રજા શેઠ | ૦ | ૬ |
| ૧૫૦૭ | મહા સુદ ૧૩ શુક્ર | શ્રીમાલી સારંગ વીકા આદિક | ૦ | શાંતિનાથ |
| ૧૫૦૭ | જેઠ વદ ૫ | ઉકેશવંશીય નેરૂશાહ | વડનગર | પાર્શ્વાદિ ૭ |
| ૧૫૦૭ | જેઠ વદ ૫ | આસાક ભાર્યા કુડસા | અમદાવાદ | ૧ કુંથુનાથ |
| ૧૫૦૭ | આસુ વદ ૫ ગુરૂ | ઓશવાલ આંબાશેઠ | ૦ | ૨૩ પંચતીર્થી |
| ૧૫૦૭ | જેઠ વદી ૫ ગુરૂ | શ્રી શ્રીવંશી વાઘા શેઠ | ૦ | ૧૭ |
| ૧૦૫૮ | જેઠ સુદ ૭ | વીર વંશીય ઠાકુર શેઠ | વીસનગર | પદ્મપ્રભાદિ ૮ |
| ૧૦૫૮ | જેઠ સુદ ૭ બુધે | શ્રીમાલી રાજા શેઠ | ૦ | ૧૫ |
| ૧૫૦૮ | જેઠ સુદ ૧૩ બુધે | શ્રી શ્રીમાલ કેશવ શેઠ | ૦ | ૮ |
| ૧૫૦૮ | વૈશાક વદ ૧૦ રવિ | ઓશવાલ કર્માશાહ | ૦ | ૨૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫૦૯ | વૈશાખ સુદ ૧૩ | શ્રીમાળી બલરાજ | વલાદ | વાસુપૂજ્યાદિ ૧૧ |
| ૧૫૦૯ | વૈશાખ સુદ ૧૩ શુક્ર | શ્રીશ્રીમાલ વીરા | ૦ | ૧૨ |
| ૧૫૦૯ | વૈશાખ સુદ ૧૩ | શ્રીમાલી પંચાયણ | અમદાવાદ | વિમલનાથાદિ ૩ |
| ૧૫૦૯ | આસુ વદ ૩ સોમ | શ્રીમાલી ગોવલ | ૦ | ધર્મનાથજી |
| ૧૫૦૯ | માગસર સુદ ૫ શુક્ર | પોરવાડ ઠાકુ | ૦ | ૧ ચોવીસી |
| ૧૫૦૯ | વૈશાખ સુદ ૧૩ શુક્ર | શ્રીશ્રીમાલ હરીચંદ | ૦ | ૧૩ |
| ૧૫૧૦ | જેઠ સુદ ૩ | વીરવંશીય અજાક | કોલવાડ | વાસુપૂજ્યાદિ ૨ |
| ૧૫૧૦ | મહા સુદ ૫ | શ્રીમાલ સુંટાક | અમદાવાદ | કુંથુજિનાદિ ૫ |
| ૧૫૧૧ | મહા વદ ૫ | વીરવંશીય ભીમ | અમદાવાદ | શીતલાદિ ૧૩ |
| ૧૫૧૨ | ફાગણ સુદી ૮ શનિ | શ્રીમાલી પેથાશેઠ | ૦ | ૧૧ |
| ૧૫૧૩ | વૈશાખ વદ ૫ | ઓશવંશીય સોમસી | અમદાવાદ | શીતલાદિ ૭ |
| ૧૫૧૩ | મહાવદી ૨ શુક્ર | વીરવંશીય ભાણાશેઠ | ૦ | ૫ |
| ૧૫૧૩ | વૈશાખવદી ૫ શનિ | વીરવંશીય જેસાશેઠ | ૦ | ૩ |
| ૧૫૧૫ | પોશવદ ૯ શુક્ર | શ્રીમાલી ધનાશેઠ | ૦ | ૯ |
| ૧૫૧૬ | વૈશાખશુદ ૩ | શ્રીમાલી જગાશેઠ | ખેરાલુ | ધર્મ. ાાદિ ૩ |
| ૧૫૧૬ | વૈશાખસુદ ૩ બુધે | શ્રીશ્રીમાલ દેવરાજ | ૦ | ૧૫ |
| ૧૫૧૭ | વૈશાખસુદ ૯ | પ્રાગ્વાટ શિવદાસ | અમદાવાદ | આદિનાથાદિ ૬ |
| ૧૫૧૭ | મહાસુદ ૧ શુક્ર | શ્રીશ્રીવંશી ગંગદાસ | ૦ | ૩ |
| ૧૫૧૭ | મહાસુદ ૧૦ સોમ | શ્રીશ્રીવંશી લાખાશેઠ | ૦ | ૩ |
| ૧૫૧૯ | મહાસુદી ૫ શુક્ર | ઓશવાલ વસ્તા | ૦ | શ્રીવિમલનાથ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫૨૦ | માગસરસુદ ૯ શનિ | પોરવાડ ત્ર્ંબકદાસ | ० | ૫ |
| ૧૫૨૦ | મહાસુદ ૧૩ | સહુસાસ્ત્રી કરમાણી | અમદાવાદ | નમિનાથ |
| ૧૫૨૦ | મહાસુદ ૫ શુક્ર | શ્રીશ્રીમાલ તેજપાર | ० | ૧ |
| ૧૫૨૦ | મહા શુદ ૧૩ | ઓશવાલ સહુસા | ० | ૨૧ |
| ૧૫૨૦ | માગસર સુદ ૯ શનિ | ઓશવાલ સહુસકરણુ | ખંભાત | ૧૧ |
| ૧૫૨૧ | ० | ચમકુપુલ સંઘાશ્રાવક | મોરબી | આદિનાથજી |
| ૧૫૨૧ | અસાડ સુદ ૩ ગુરૂ | ઓશવાલ શ્રીવંત | ० | ૨ |
| ૧૫૨૧ | વૈસાક સુદ ૬ બુધે | પોરવાડ ચાંદાશેઠ | ० | ૩ |
| ૧૫૨૧ | અશાડ સુદ ૧૦ ગુરૂ | શ્રીશ્રીવંશે સોજાશેઠ | સીગીવાડા | ૨ |
| ૧૫૨૨ | ફાગણ સુદ ૨ | પોરવાડ શૃંગારદે | માંડવદુર્ગ | કુંથુનાથાદિ ૫ |
| ૧૫૨૨ | મહા વદ ૧ ગુરૂ | શ્રીશ્રીમાલ કાલાશેઠ | જંબૂનગર | ૧૦ |
| ૧૫૨૨ | કાર્તક વદ ૫ ગુરૂ | ઉકેશવંશી એતાકાદિ | કચ્છમાં ધમડકા | શ્રીચંદ્રપ્રભ |
| ૧૫૨૨ | ફાગણ સુદ ૩ સોમે | ચાંગાશેઠ | ડહુરવાલા | ૫ |
| ૧૫૨૨ | ફાગણ સુદ ૩ સોમે | પોરવાડ પાસાશેઠ | મંડપમહાદુર્ગ | ૧૭ |
| ૧૫૨૩ | વૈશાખ સુદ ૧૧ બુધે | પોરવાડ વછરાજ | ખુડાલા | વિમલનાથ |
| ૧૫૨૩ | વૈશાખ વદી ૪ ગુરૂ | ઉકેશવંશી પૂનાઆદિક | ० | સંભવનાથ |
| ૧૫૨૪ | વૈશાખ સુદ ૨ | શ્રીવંશીય સહુસાસ્ત્રીરાંભલ | અમદાવાદ | વાસુપૂજ્યાદિ ૩ |
| ૧૫૨૪ | વૈશાખ સુદ ૨ સોમે | શ્રીમાલી સહુસા | હુડાલા | ૧૨ |
| ૧૫૨૫ | ફાગણ સુદ ૭ શનિ | નાગરજ્ઞાતીય લાકાશેઠ | ० | સંભવનાથાદિચોવીસી |
| ૧૫૨૫ | મહા વદ ૩ સોમે | પોરવાડ હકશેઠ | ० | ૧૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫૨૬ | મહા વદ ૭ સોમે | શ્રીવીરવંશી દેવાશેઠ | સુગાલ | ૧૦ |
| ૧૫૨૬ | વૈશાખ વદ ૫ સોમે | ઓશવાલ ગેગાશેઠ | ૦ | ૧૭ |
| ૧૫૨૬ | મહા વદ ૭ સોમે | ઓશવાલ કાનાશેઠ | ૦ | ૧૧ |
| ૧૫૨૭ | પોષ વદી ૫ શુક્ર | ઓશવાલ ચંદુશેઠ | ૦ | ૧૫ |
| ૧૫૨૭ | અસાડ સુદ ૧૦ બુધે | ઓશવાલ શકલચંદ | ૦ | શીતલનાથ |
| ૧૫૨૮ | ચૈત્ર વદ ૧૦ ગુરૂ | શ્રીશ્રીમાલ કીકાશેઠ | ૦ | ૫ |
| ૧૫૨૮ | પોષ વદી ૫ બુધ | શ્રીશ્રીમાલ નિલકશેઠ | ૦ | ૨૧ |
| ૧૫૨૮ | ચૈત્ર વદ ૧૦ ગુરૂ | શ્રી વીરવંશી દેવસી શેઠ | ૦ | ૨૨ |
| ૧૫૨૮ | મહાવદ ૫ ગુરૂ | શ્રીશ્રીવંશી સોનાશેઠ | ગુંદી | ૧૫ |
| ૧૫૨૯ | જેઠવદ ૭ ગુરૂ | શ્રીશ્રીવંશી આસાશેઠ | ૦ | ૧ |
| ૧૫૨૯ | જેઠવદ ૭ | ઓશવાલ પોમહણુદ્ધસિંહ | ૦ | શાંતિનાથજી |
| ૧૫૨૯ | ફાગણસુદ ૨ શુક્ર | શ્રીશ્રીવંશી દેધર | પાટણ | ૧૬ |
| ૧૫૨૯ | વૈશાખવદ ૧૧ શુક્ર | ઓશવાલ ધારસી | ૦ | ૧૨ |
| ૧૫૩૦ | ફાગણસુદ ૨ બુધે | ઓશવાલ મદનશેઠ | ૦ | ૧૫ |
| ૧૫૩૧ | મહાસુદ ૩ સોમે | ઉકેશવંશી ભાડ્યાઆદિક | ૦ | અજિતનાથજી |
| ૧૫૩૧ | જેઠસુદ ૨ રવિ | નાગર ગોપાલ | વડનગર | ૧૬ |
| ૧૫૩૧ | મહાવદ ૮ સોમે | ઓશવાલ ભીમાશેઠ | ખંભાત | ૩ |
| ૧૫૩૧ | ૦ | શ્રીમાલી લખાશેઠ | ૦ | શાંતિનાથ |
| ૧૫૩૨ | વૈશાખસુદ ૧૦ શુક્ર | શ્રીશ્રીવંશી પહિરાજ | ૦ | ૧૦ |
| ૧૫૩૨ | વૈશાખસુદ ૧૦ શુક્ર | ઉકેશવંશી સીહા | ભોર | કુંથુનાથ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫૩૬ | પોષવદી ૫ રવિ | શ્રીશ્રીવંશી પીસાશેઠ | ૦ | ૪ |
| ૧૫૩૯ | વૈશાકસુદી ૧૦ ગુરૂ | નાગર હરપતિ તથા ચાંદા | પારકર | અભિનંદન |
| ૧૫૩૯ | વૈશાખસુદ ૧૦ ગુરૂ | શ્રીશ્રીવંશી અમરશા | ૦ | વાસુપૂજ્ય |
| ૧૫૩૪ | જેઠસુદ ૧૦ સોમે | ગોરીશ્રાવિકા | લીંબડી | કુંથુનાથ |
| ૧૫૩૦ | મહાસુદી ૧૩ | શ્રીશ્રીવંશી મહીરાજ | ૦ | સુમતિનાથ |

એવીરીતે આ શ્રીજયકેસરીસુરિજીના ઉપદેશથી વિવિધ નગરોમાં તથા ગામોમાં બીજી સેંકડોગમે જિનપતિમાઓની પ્રતિષ્ઠાઓ થયેલી છે. ગ્રંથવિસ્તારના ભયથી તે અહીં લખી નથી. એવીરીતે પ્રભાવિક એવા આ શ્રીજયકેસરીસુરિજી વિક્રમસંવત ૧૫૪૨ માં પોતાની પાટે શ્રીસિદ્ધાંતસાગરસૂરિજીને સ્થાપીને રાજનગરમાં (અમદાવાદમાં) સ્વર્ગે પધાર્યા.

# ॥ ૬૦ ॥ શ્રી સિદ્ધાંતસાગરસૂરિઃ ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

પાટણનામના નગરમાં સોનગિરા ગોત્રવાળો જાવડ નામનો શેઠ વસતો હતો, તેને પૂરલદે નામની સ્ત્રી હતી. તેઓને વિક્રમસંવત ૧૫૦૬ માં સાગરચંદ્ર નામનો પુત્ર થયો, વળી તેનું સોનપાલ એવું બીજું પણ નામ હતું. તે સોનપાલે એક સમયે શ્રીજયકેસરીસુરિજીના ઉપદેશથી વૈરાગ્ય થવાને લીધે પોતાના માતા પિતાની આજ્ઞાથી સંવત ૧૫૨૨ માં દીક્ષા લીધી. પછી સંવત ૧૫૪૧ માં તે આચાર્યપદ પામ્યા, અને સંવત ૧૫૪૨ માં તે ગચ્છનાયકની પદવી પામ્યા. તેઓએ પણ ( પોતાના ગુરૂનીપેઠે ) જુદાં જુદાં ગામો તથા નગરોમાં પોતાના ઉપદેશથી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ કરાવી છે. તેમાની કેટલીક નીચેમુજબ જાણવામાં આવેલ છે.

| સંવત | તિથિ | પ્રતિષ્ઠા કરાવનાર | સ્થાન | પ્રાતમાની સખ્યાં. |
|---|---|---|---|---|
| ૧૫૪૨ | વૈશાખસુદ ૧૦ ગુરૂ | શ્રીશ્રીમાલી ધનાશેઠ | ગંધારમંદિરે | ૧૦ |
| ૧૫૪૫ | જેઠસુદી ૧૦ | શ્રીશ્રીવંશી લવરાજ | અમદાવાદ | ૧૬ |
| ૧૫૪૭ | મહાસુદ ૧૩ | ગુર્જરજ્ઞાતીય શિવદાસાદય: | સુરત | પાર્શ્વાદિ ૬ |
| ૧૫૪૭ | મહાસુદ ૧૩ | શ્રીમાલી કાલીદાસ શ્રેષ્ઠી | અમદાવાદ | સુવિધિનાથાદિ ૩ |
| ૧૫૪૮ | મહાસુદ ૪ | શ્રીવંશીય સિંઘરાજ | મંડપદુર્ગ | ચંદ્રપ્રભાદિ ૨૪ |
| ૧૫૪૮ | મહાસુદ ૫ સોમ | ઓશવાલ રત્નકર | મોરબી | ૧૭ |
| ૧૫૪૮ | મહા સુદ ૫ સોમ | શ્રીમાલી પરબત | ૦ | ૧ ચોવીસી |
| ૧૫૪૯ | અશાડ સુદ ૧ સોમ | પોરવાડ આશધીર | ૦ | ૧૨ |
| ૧૫૫૧ | પોસ સુદ ૧૩ શુક્ર | શ્રીવંશી લીલાદેશ્રાવિકા | પાટણ | શાંતિનાથ |
| ૧૫૫૧ | પોષ સુદ ૧૩ | શ્રીવંશી યવનાક | પાટણ | સુવિધિનાથાદિ ૧૧ |
| ૧૫૫૧ | પોસ સુદ ૧૩ શુક્ર | શ્રીવંશીય વસ્તાદય | પાટણ | શાંતિનાથાદિ ૭ |
| ૧૫૫૧ | પોસ સુદ ૧૩ શુક્ર | શ્રીશ્રીવંશી મહુણ | ૦ | પંચતીર્થી |
| ૧૫૫૧ | વૈશાખ સુદ ૧૩ ગુરૂ | ઓશવાલ શહજા | ખંભાત | ૩ |
| ૧૫૫૧ | વૈશાખ સુદ ૧૩ ગુરૂ | શ્રીશ્રીમાલી થાવર | ધંધુકા | ૯ |
| ૧૫૫૨ | મહા સુદ ૧ બુધે | ઓશવાલ શા. લખા | ૦ | ૧ |
| ૧૫૫૩ | મહા સુદ ૫ | શ્રીમાલીય મેઘાક | અમદાવાદ | સંભવનાથાદિ ૧૩ |
| ૧૫૫૩ | જેઠ સુદ ૧૦ | મીઠડીયા અમરાક | નગરપારકર | વાસુપૂજ્યાદિ ૭ |
| ૧૫૫૩ | માગસર સુદ ૫ રવિ | શ્રીશ્રીમાલી મેઘાશેઠ | ૦ | ૩ |
| ૧૫૫૩ | જેઠ સુદ ૧૦ ગુરૂ | ઓશવાલ વીપ્રાશેઠ | નગરપારકર | ૧૨ |
| ૧૫૫૩ | મહા સુદ ૧ બુધ | પોરવાડ માણેકચંદ | ૦ | ૮ |

| સંવત. | તિથિ | પ્રતિષ્ઠા કરાવનાર | સ્થાન | પ્રતિમાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧૫૫૩ | વૈશાક વદ ૧૧ શુક્ર | ઓસવાલ શાંતિદાસ | ૦ | ૯ |
| ૧૫૫૫ | માગસર સુદ ૧૩ | પોરવાડ વેલાજિત | વડનગર | પાર્શ્વાદિ ૩ |
| ૧૫૫૬ | ચૈત્ર સુદ ૭ | પોરવાડ લોલા ખીમા | વડાદરા | સુવિધ્યાદિ ૯ |
| ૧૫૫૭ | ફાગણ સુદ ૮ શનિ | શ્રીમાલી પેથાશેઠ | ૦ | ૧૧ |
| ૧૫૬૦ | મહાસુદ ૧૩ સોમે | શ્રીશ્રીમાલ લટકણ | ખંભાત | ૩ |
| ૧૫૫૭ | ફાગણ સુદ ૮ | લાલણગોત્રી નેમાશેઠ | પીલુડા | જિનપ્રાસાદ બંધાવ્યો |

એવીરીતે તેમના ઉપદેશથી જિનપ્રતિમાઓની બીજી પણ ઘણી પ્રતિષ્ઠાઓ થયેલી છે. તેમના ઉપાધ્યાયજી શ્રી ભાવવર્ધનથી અંચલગચ્છમાં વર્ધનશાખા, કમલરૂપથી રૂપશાખા, તથા ધનલાભથી લાભશાખા નિકળેલી છે. એવીરીતે આ શ્રીસિદ્ધાંતસાગરસૂરિજી મહાપ્રભાવિક થયેલા છે. તેમની સમીપે ઘણી વખત ચક્રેશ્વરીદેવી પ્રત્યક્ષ થયેલાં છે. ત્યારબાદ તે દેવીનું આગમન દુર્લભ થયેલું છે. આ શ્રીસિદ્ધાંતસાગરસૂરિજી વિક્રમ સંવત ૧૫૬૦ માં માંડલ નામના નગરમાં પોતાની પાટે શ્રીભાવસાગરસૂરિજીને સ્થાપીને દેવલોકે પધાર્યા.

## ॥ ૬૧ ॥ શ્રીભાવસાગરસૂરિ ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

મારવાડદેશમાં આવેલા તરસાની નામના ગામમાં વહોરા કુટુંબમાં સાંગાક નામનો એક શેઠ વસતો હતો, અને તેને સિંગારદે નામની સ્ત્રી હતી. તેઓને વિક્રમ સંવત ૧૫૧૦ માં ભાવડ નામનો પુત્ર થયો, તેણે વિક્રમ સંવત ૧૫૨૪ માં ખંભાતમાં શ્રીજયકેસરિસૂરિજીની પાસે દીક્ષા લીધી હતી. તથા ભાવસાગરમુનિ

એવું તેમનું નામ રાખ્યું. વિક્રમસંવત ૧૫૬૦ માં તેમને માંડલનગરમાં ગચ્છનાયકની પદવી મળી હતી. અને તેમના ઉપદેશથી પણ જુદા જુદા ઘણા ગામોમાં અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ થયેલી છે. તેમાની નીચે જણાવ્યાંમુજબ જાણવામાં આવેલી છે.

| સંવત | તિથિ | પ્રતિષ્ઠા કરાવનાર | સ્થાન | પ્રતિમાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧૫૬૦ | વૈષાખ સુદ ૩ | શ્રીવંશીય વાઘાક | માંડલ | શીતલનાથાદિ ૭ |
| ૧૫૬૦ | વૈષાખ વદ ૦)) | વીરવંશીય સમધર | પાટણ | કુંથુનાથાદિ ૩ |
| ૧૫૬૦ | વૈષાખ સુદ ૧૫ શનિ | વીરવંશીય વીરા | પાટણ | ૧૭ |
| ૧૫૬૦ | વૈષાખ સુદ ૩ બુધે | શ્રીશ્રીવંશીય શ્રીવંત | માંડલ | ૧૦ |
| ૧૫૬૦ | જેઠ વદ ૭ બુધે | ઓશવાલ સહસકરણ | ૦ | ૩ |
| ૧૫૬૧ | પોષ વદ ૫ સોમે | ઓશવંશીલોઢાગોત્રીતેજપાલાદિક | ૦ | આદિનાથ |
| ૧૫૬૧ | વૈષાખ વદ ૫ બુધે | ઓશવાલ હેમરાજ | પાટણ | ૫ |
| ૧૫૬૩ | વૈષાખ સુદ ૬ શનિ | શ્રીશ્રીમાલી નાકર | ૦ | ૧૭ |
| ૧૫૬૪ | વૈષાખ વદ ૧૨ | શ્રીશ્રીમાલી શ્રીરાજ | અમદાવાદ | અજિતાદિ ૬ |
| ૧૫૬૪ | વૈષાખ વદ ૧૨ | શ્રીવંશી મેઘાક | અમદાવાદ | વિમલનાથાદિ ૪ |
| ૧૫૬૪ | વૈષાખ સુદ ૧૨ | શ્રીવંશી રાજસી | અમદાવાદ | ચંદ્રપ્રભાદિ ૩ |
| ૧૫૬૪ | વૈષાખ વદ ૧૨ બુધે | શ્રીશ્રીવંશી નાકર | અમદાવાદ | ૨ |
| ૧૫૬૪ | વૈષાખ વદ ૧૨ બુધે | શ્રીશ્રીવંશી ધના | અમદાવાદ | ૮ |
| ૧૫૬૫ | વૈષાખ વદ ૧૩ | ઉકેશવંશી તોલાક | દેઠીયાગામે | અજીતાદિ ૨ |
| ૧૫૬૫ | વૈષાખ વદ ૧૩ | શ્રીમાલી ઠાકરસી | અમદાવાદ | આદિનાથાદિ ૩ |

| સંવત | તિથિ | પ્રતિષ્ઠા કરાવનાર | સ્થાન | પ્રતિમાની સંખ્યા |
| --- | --- | --- | --- | --- |
| ૧૫૬૫ | વૈશાખ સુદ ૧૩ રવિ | ઉકેશવંશી આશા આદિક | ૦ | અજિતનાથાદિ ચોવીસી. |
| ૧૫૬૫ | વૈશાખ વદ ૧૦ રવિ | શ્રીશ્રીમાલી હેમરાજ | અમદાવાદ | આદિનાથ |
| ૧૫૬૬ | વૈશાખ વદ ૧૧ | શ્રીમાલી હીરૂ | અમદાવાદ | ચંદ્રપ્રભાદિ ૫ |
| ૧૫૬૬ | મહા વદ ૨ | ઉકેશ નાથાક | પાટણ | ધર્મનાથાદિ ૬ |
| ૧૫૬૬ | વૈશાખ વદ ૧૧ | શ્રીશ્રીમાલ વદા | ૦ | ૮ |
| ૧૫૬૭ | વૈશાખ વદ ૧૦ | શ્રીમાલી શિંઘરાજ | કડીગામે | પદ્મપ્રભાદિ ૪ |
| ૧૫૬૮ | મહા સુદ ૫ | શ્રીવંશીય લાલાક | અમદાવાદ | સુપાર્શ્વાદિ ૭ |
| ૧૫૬૮ | મહા સુદ ૫ | મીઠડીયા ઉદાક | અમદાવાદ | સુવિધિનાથાદિ ૩ |
| ૧૫૬૮ | માગસર સુદ ૫ ગુરૂ | ઓશવાલ નારિંગ | ૦ | સુવિધિનાથ |
| ૧૫૬૯ | મહાસુદ ૫ ગુરૂ | શ્રીશ્રીવંશી વાછા | અમદાવાદ | ૭ |
| ૧૫૭૩ | પોષ સુદ ૨ | શ્રીવંશીય શ્રીકર્ણ | વડનગર | ચંદ્રપ્રભાદિ ૧૧ |
| ૧૫૭૩ | ફાગણ સુદ ૨ | શ્રીશ્રીમાલી દિનકર | ૦ | શ્રીચંદ્રપ્રભ |
| ૧૫૭૪ | મહાસુદ ૧૩ | પરમાર પતેલ | અમદાવાદ | શાંતિનાથાદિ ૨ |
| ૧૫૭૬ | વૈશાખ સુદ ૩ | શ્રીવંશીય જાવડ | અમદાવાદ | આદિનાથાદિ ૩ |
| ૧૫૭૬ | ચૈતર વદ ૫ | પોરવાડ સહુજાક | વડનગર | સુવિધ્યાદિ ૫ |
| ૧૫૭૬ | ચૈતર વદ ૬ | પોરવાડ ગદા | ૦ | ચોવીસી |
| ૧૫૭૯ | વૈશાખ વદ ૧ | શ્રીમાલી કર્મા | વડનગર | નમિનાથાદિ ૨ |
| ૧૫૭૯ | પોષ સુદ ૫ | વડોરા દેરાજ | અમદાવાદ | નેમિનાથાદિ ૩ |

| સંવત | તિથિ | પ્રતિષ્ઠા કરાવનાર | સ્થાન | પ્રતિમાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧૫૭૯ | વૈશાખ વદ ૧ ગુરૂ | શ્રીશ્રીમાલી ભીમા | ૦ | નમિનાથ |
| ૧૫૮૧ | મહા સુદ ૧૩ રવિ | શ્રીશ્રીમાલી ડાયા | ૦ | ૧૬ |

આ ગચ્છનાયક શ્રી ભાવસાગરસૂરિજીના સમયમાં અંચલગચ્છના બીજા શાખાચાર્યોએ પણ નીચે મુજબ પ્રતિષ્ઠાઓ કરાવેલી જાણવામાં આવી છે.

| આચાર્યનું નામ | સંવત | તિથિ | પ્રતિષ્ઠા કરાવનાર | ગામ | પ્રતિમા. |
|---|---|---|---|---|---|
| સુવિહિતસૂરિ | ૧૫૭૩ | ફાગણ સુદ ૨ રવિ | જસરાજ | ખંભાત | ૧ |
| સુમતિરત્નસૂરિ | ૧૫૭૩ | વૈશાખ શુદ ૩ શુક્ર | શ્રીશ્રીમાલી રાયમલ | અમદાવાદ | ૧૩ પંચતીર્થી |
| સહગુરૂશાખાચાર્ય | ૧૫૬૪ | વૈશાખ વદ ૧૨ બુધ | શ્રીશ્રીમાલી હરીચંદ | ચંપકપુર | ૧૦ |
| ” | ૧૫૬૭ | પોષ વદ ૬ ગુરૂ | ઓશવાલ હમીર | અમરકોટડા | ૨૩ |
| ” | ૧૫૬૭ | મહા સુદ ૫ ગુરૂ | શ્રીશ્રીમાલી વછા | અહમદનગર | ૧૦ |
| ” | ૧૫૭૦ | પોષ વદ ૨ ગુરૂ | શ્રી શ્રીમાલી જાવડ | અમદાવાદ | ૨૩ |

એવીરીતે આ શ્રીભાવસાગરસૂરિજીએ પોતાના ઉપદેશથી બીજી પણ ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ કરાવેલી છે. એવીરીતે આ શ્રીભાવસાગરસૂરિજી વિક્રમ સંવત ૧૫૮૩ માં શ્રીગુણનિધાનસૂરિજીને પોતાની પાટે સ્થાપીને ખંભાતમાં સ્વર્ગે પધાર્યા.

## ॥ ૬૨ ॥ શ્રીગુણનિધાનસૂરિ ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે, )

પાટણનામના નગરમાં શ્રીમાલીજ્ઞાતિમાં શિરોમણિ સમાન નગરાજ નામે શેઠ વસતા હતા, તેમને શીલ આદિક ગુણોના સમૂહોથી શોભિતી થયેલી લીલાદે નામની સ્ત્રી હતી; તેઓને વિક્રમ સંવત ૧૫૪૮ માં સોનપાલ નામે પુત્ર થયો. અને તે સોનપાલે વિક્રમ સંવત ૧૫૬૦માં શ્રીસિદ્ધાંતસાગરસૂરિજીની પાસે દીક્ષા લીધી હતી, તથા તેમનું ગુણનિધાનમુનિ એવું નામ રાખવામાં આવ્યું હતું. પછી વિક્રમ સંવત ૧૫૮૪ માં તેઓ સ્તંભતીર્થમાં ( ખંભાત નગરમાં ) સૂરિપદની પ્રસિદ્ધિસહિત ગચ્છનાયકની પદવી પામ્યા. તેઓએ પણ પોતાના ઉપદેશથી અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ કરાવેલી છે, તેમાંની નીચે જણાવ્યામુજબ જાણવામાં આવેલી છે.

| સંવત | તિથિ | પ્રતિષ્ઠા કરાવનાર | સ્થાન | પ્રતિમાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧૫૮૧ | પોસ વદ ૧૧ ગુરૂ | ઓશવાલ લકા | પાટણ | ૧૭ |
| ૧૫૮૪ | મહા સુદી ૧ | ઉપકેશીય સદયવત્સ | અમદાવાદ | શાંતિનાથાદિ ૭ |
| ૧૫૮૪ | ચૈતર વદ ૫ ગુરૂ | નાગરજ્ઞાતીય માંગા | વીસનગર | ૧ |
| ૧૫૮૫ | જેઠ સુદ ૧૦ | શ્રીવંશીય લખરાજ | અમદાવાદ | શાંતિનાથાદિ ૫ |
| ૧૫૮૭ | વૈશાખ વદ ૭ | ઓશવાલ નરપાલ | અમદાવાદ | ચંદ્રપ્રભાદિ ૯ |
| ૧૫૮૭ | વૈશાખ વદ ૭ સોમે | ઓશવાલ પાસવીર | ૦ | ૮ |
| ૧૫૮૭ | વૈશાખ વદ ૭ સોમ | શ્રીશ્રીવંશી મઘા | અહમદનગર | ૧૨ |
| ૧૫૮૭ | મહા સુદ ૫ રવિ | શ્રીશ્રીમાલી લહુઆ | ૦ | ૭ |
| ૧૫૮૭ | વૈશાખ વદ ૭ સોમે | શ્રીશ્રીમાલી ઠાકુર | ચંપકગઢ | ૧ |
| ૧૫૯૧ | પોષ વદ ૧૧ | વીરપાલ તથા અમીપાલ | પાટણ | કુંથુનાથાદિ ૭ |
| ૧૫૯૧ | વૈશાખ વદ ૬ શુક્ર | પોરવાડ પરબત | શ્રીગંધાર | ૧૪ |
| ૧૬૦૦ | જેઠ સુદ ૩ શનિ | શ્રીમાલી મનાઇ | ૦ | ૫ |

એવીરીતે આ શ્રીગુણનિધાનસૂરિજીએ પોતાના ઉપદેશથી બીજી પણ ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ કરાવેલી છે, તે સઘળું વૃત્તાંત ગ્રંથવિસ્તારના ભયથી અહીં લખ્યું નથી. હવે આ પ્રભાવિક એવા શ્રીગુણનિધાનસૂરિજી વિક્રમસંવત ૧૬૦૨ માં પોતાની પાટે શ્રીધર્મમૂર્તિસૂરિજીને સ્થાપીને રાજનગરમાં ( અમદાવાદમાં ) સ્વર્ગલોકે પધાર્યા.

એવીરીતે શ્રીધર્મમૂર્તિસૂરિજીએ રચેલી, કે જે પૂર્વે શ્રીમેરૂતુંગસૂરિજીએ રચેલી પટ્ટાવલીના અનુસંધાનરૂપ છે, એવી આ શ્રીઅંચલગચ્છની મ્હોટી પટ્ટાવલી વિક્રમસંવત ૧૬૧૭ માં રચીને સમાપ્ત કરેલી છે.

---

હવે ઉપર વર્ણવેલી તે પટ્ટાવલિના અનુસંધાનરૂપ શ્રીમાન્ શ્રીઅમરસાગરસૂરિજીએ રચેલી શ્રીઅચલગચ્છની પટ્ટાવલિનો પ્રારંભ કરે છે.

# ॥ ૬૩ ॥ શ્રીધર્મમૂર્તિસૂરિ ॥

( તેમનું વૃત્તાંત નીચે જણાવ્યા મુજબ છે. )

ગુજરાતદેશની અંદર તીર્થંકરોના અનેક મંદિરોપર રહેલી ધ્વજાઓની શ્રેણિઓથી નાશ થયેલ છે પાપ જેમાંથી, તથા વિવિધ પ્રકારની અનેક જાતિઓવાળા ધનવાન્ નાગરિકોના સમૂહોથી શોભિતી થયેલી, એવી ત્રંબાવતી નગરી, કે જેનું બીજું નામ સ્તંભપુરી ( ખંભાતનગરી ) છે, તે નગરીની અંદર પાંચ અણુવ્રતોને પાલનારો, તથા શ્રીઅરિહંતપ્રભુની પૂજા આદિક ધર્મકાર્યોમાં રક્ત થયેલો, તથા ઓશવાલજ્ઞાતિના લોકોના સમૂહમાં મુકુટસમાન, અને નાગડાગોત્રમાં આભૂષણસરિખો હંસરાજ નામે શેઠ વસતો હતો. તે શેઠને શીલઆદિક અનેક ગુણોના સમૂહથી વિસ્તાર પામેલા યશના સમૂહવાળી, અને ઉત્તમ રૂપ તથા સૌભાગ્યથી શોભિતી થયેલી હાંસલદે નામની સ્ત્રી હતી. હવે તે હાંસલદે એક સમયે રાત્રિએ પોતાના બિછાનામાં સુખેથી સૂતી હતી, તે વખતે અર્ધરાત્રિને સમયે સ્વપ્નની અંદર તેણીએ પોતાને જિનેશ્વરપ્રભુની પૂજા કરતી જોઇ, પછી પ્રભાત સમયે સૂર્યના કિરણોના સમૂહથી જ્યારે સર્વ પ્રાણીઓ ઉલ્લાસ પામ્યાં, ત્યારે તે હાંસલદેવીએ સ્નાન કરી સ્વચ્છ નિર્મલ વસ્ત્રોને ધારણ કર્યાં, અને તેણીનું મુખકમલ પણ વિકસ્વર થયું હતું. પછી મંદમંદ હાસ્યયુક્ત

મુખવાળી એવી તે હાંસલદેવીએ પોતાના સ્વામીપાસે આવીને અમૃત સરખાં મધુર વચનોથી પોતે રાત્રિએ જોએલા સ્વપ્નનો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળીને વિકસ્વર થયેલા મુખકમલવાળા તે હંસરાજ શેઠ પોતાના હૃદયમાં ઉત્પન્ન થયેલા, અને તેમાં નહી સમાતા, એવા અત્યંત હર્ષને જાણે પ્રકટ કરતા હોય નહી? તેમ, અને જેની પાસે સાકર પણ કાંકરા સરખી લાગે, એવી અત્યંત મધુરવાણીથી તેણીને કહેવા લાગ્યા કે, હે પ્રિયે! તેં આજે અત્યંત મનોહર સ્વપ્ન જોયેલું છે. અને તે સ્વપ્નને અનુસારે તું થોડા સમયમાંજ જૈનધર્મની ઘણીજ પ્રભાવનાના સ્થાનભૂત એવા એક પુત્રને જન્મ આપીશ. એવીરીતે પોતાના સ્વામિના મુખરૂપી આકાશમાંથી પડેલી મેઘધારા સરખી વચનોની રચનાથી કદંબવૃક્ષના પુષ્પોની માલાની પેઠે રોમાંચિત શરીરવાળી, તથા હાસ્યયુક્ત મુખવાળી, અને લજ્જાથી જરા નમેલાં અંગવાળી તે હાંસલદે અમૃતને પણ વિસારી મૂકાવતી વાણીવડે પોતાના સ્વામીને કહેવા લાગી કે. હે સ્વામિન્! આપે કહેલું વચન મુકુટની પેઠે મેં મારા શિરપર ધારણ કર્યું છે, એટલે આપનું વચન હું મુકુટનીપેઠે મારા મસ્તકપર ચડાવું છું. એમ કહી તે હાંસલદે પોતાનાં શરીરપર સર્વ શૃંગારોને ધારણ કરીને, તથા પોતાનાં લલાટપટ્ટપર કુંકુમનું તિલક કરીને જિનેશ્વરપ્રભુનાં દર્શન કરવામાટે પોતાના જિનપ્રાસાદમાં ગઇ. હર્ષથી ઉલ્લસિત હૃદયવાળા, તથા ધનવાન્ એવા તે હંસરાજશેઠે પણ દીન તથા નિરાધાર આદિક લોકોને ભોજન તથા વસ્ત્રો આદિક દાન દઇને તે નગરમાના સઘળાં જિનમંદિરોમાં જિનપૂજા ભણાવી. પછી અનુક્રમે જેમ જેમ તે હાંસલદેવીનો ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો તેમ તેમ તે પણ દાન, જિનપૂજા તથા ગુરૂપૂજા આદિક વિવિધપ્રકારનાં ધર્મકાર્યોમાં અત્યંત પ્રફુલ્લિત થયેલા હૃદયકમલવાળી થઇ. પછી નવ માસ ઉપર નવ દિવસો સુખે સુખે વ્યતીત થયાબાદ વિક્રમ સંવત ૧૫૮૫ ના પોષ સુદની આઠમને દિવસે તેણીએ એક પુત્રને જન્મ આપ્યો. પછી પિતાએ મહોત્સવપૂર્વક તેમનું "ધર્મદાસ" નામ પાડયું. પછી તે ધર્મદાસ અનુક્રમે વૃદ્ધિ પામતો થકો, અને માતપિતાને હર્ષ ઉપજાવતો થકો બાલ્યકાલ ઓલંગ્યાબાદ સર્વકલાઓના સમૂહોથી યુકત થયો. હવે એક વખતે શ્રીગુણનિધાનસૂરિજી વિહાર કરતાથકા ત્યાં પધાર્યા. તેમની ધર્મદેશના સાંભળીને વૈરાગ્ય પ્રાપ્ત થવાથી તે ધર્મદાસે પોતાના માતાપિતાની આજ્ઞા લઇને

વિક્રમ સંવત ૧૫૯૯ માં દીક્ષા લીધી. પછી અનુક્રમે શાસ્ત્રોનો અભ્યાસ કરતાથકા તે શ્રીધર્મદાસમુનિ સઘળા આગમો આદિકના પારગામી થયા. એવી રીતે તે ધર્મદાસમુનિજીને શાસ્ત્રોના પારંગામી જાણીને ગુરૂમહારાજે ઉપસ્થાપના સમયે ( વડી દીક્ષા દેતી વેળાએ ) તેમનું " ધર્મમૂર્તિ " નામ આપ્યું. પછી તે શ્રીધર્મમૂર્તિમુનિજી વિક્રમ-સંવત ૧૬૦૨ માં રાજનગરમાં ( અમદાવાદમાં ) સૂરિપદની પ્રાપ્તિ પૂર્વક ગચ્છનાયકની પદવી પામ્યા. પછી એક વખતે તે શ્રીધર્મમૂર્તિ-સૂરિ વિહાર કરતાથકા યાત્રા કરવામાટે આબુપર્વતપર પધાર્યા. ત્યાં નિવાસ કરનારી અર્બુદાદેવી રાત્રિએ અત્યંત લાવણ્યવાળું, તથા શોળે શૃંગારથી યુક્ત થયેલું, એવું સ્ત્રીનું રૂપ સજીને પરીક્ષા કરવા માટે તેમની પાસે આવ્યાં. પછી તેણીએ ભોગવિલાસ ભોગવવામાટે ઘણીવાર તેમની પ્રાર્થના કર્યા છતાં પણ આ શ્રીધર્મમૂર્તિસૂરિજી તેમાટે તેણીની અવગણના કરીને પોતે નિશ્ચલજ રહ્યા. પછી તેમને નિશ્ચલ બ્રહ્મચર્યવ્રતને ધારણ કરનારા જાણીને તે દેવીએ પોતાનું સત્ય સ્વરૂપ પ્રકટ કરીને કહ્યું કે, હે મુનીંદ્ર ! હું અર્બુદાદેવી આપનાપર પ્રસન્ન થયેલી છું. એમ કહી તે દેવીએ તેમને અદૃશ્ય રૂપ કરનારી, તથા આકાશગામિની નામની બે વિદ્યાઓ સમર્પણ કરી. પછી તે શ્રી-ધર્મમૂર્તિસૂરિજી તે આબુપર્વતપરથી ઉતરીને શીરોહી નગરમાં આવી ત્યાં ચતુર્માસ રહ્યા. ચતુર્માસબાદ તેઓ વિહાર કરતાથકા અનુક્રમે વિક્રમ સંવત ૧૬૧૩ માં નવાનગરમાં પધાર્યા. ત્યારે ત્યાં વસતા નાગડાગોત્રવાળા તેજસિંહનામના શ્રાવકે મહોટા આડંબરપૂર્વક તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. પછી તે તેજસીશાહના આગ્રહથી તે શ્રીધર્મમૂર્તિસૂરિજી પણ ત્યાં નવાનગરમાંજ ચતુર્માસ રહ્યા. તે વખતે તેમની ધર્મદેશના સાંભળીને તેજસીશાહે ત્યાં નવાનગરમાંજ એક જિનમંદિર બંધા-વવાનો પ્રારંભ કર્યો. પછી ચતુર્માસબાદ તે શ્રીધર્મમૂર્તિસૂરિજી પણ ત્યાંથી અન્ય જગોએ વિહાર કરી ગયા. પછી વિક્રમ સંવત ૧૬૧૪ માં તેમણે શ્રીશત્રુંજયતીર્થપર આવી ક્રિયોદ્ધાર કર્યો, તથા પોતાના પરિવારસહિત તેઓ ચતુર્માસ પણ ત્યાંજ પાલીતાણા નામના નગરમાં રહ્યા. ત્યાંથી વિહાર કરી તે અમદાવાદ નામના નગરમાં પધાર્યા, તથા વિક્રમ સંવત ૧૬૧૫ માં ત્યાં અમદાવાદમાંજ ચતુર્માસ રહ્યા. ત્યાંથી વિહાર કરી તેઓ ઉદયપુર નામના નગરમાં ચતુર્માસ રહી વિક્રમ સંવત ૧૬૧૭ માં આગ્રા નામના નગરમાં

પધાર્યા. ત્યાં અકબરબાદશાહની પ્રીતિવાળો, તથા લોઢાગોત્રમાં ઉત્પન્ન થયેલો ઋષભદાસ નામે એક ધનવાન શેઠ વસતો હતો. તે ઋષભદાસે પોતાના ભાઇ પ્રેમનસહિત મહોટા આડંબરપૂર્વક તે આચાર્યમહારાજનો આગ્રાનગરમાં પ્રવેશમહોત્સવ કર્યો. પછી ત્યાંના સંઘના આગ્રહથી તે શ્રીધર્મમૂર્તિસૂરિજી ત્યાં આગ્રાનગરમાંજ ચતુર્માસ રહ્યા. ત્યાં ધનવાન્ એવા તે બન્ને ભાઇઓએ પણ ચતુર્માસની અંદર તે શ્રીધર્મમૂર્તિસૂરિજીની મહોટા આદરમાનપૂર્વક ભક્તિ કરી. પછી એક વખતે તે શ્રીધર્મમૂર્તિસૂરિજીની અમૃત સરખી મધુર ધર્મદેશના સાંભળીને પોતાના બંધવ પ્રેમન સહિત તે શ્રીઋષભદાસશેઠે સંઘસહિત શ્રીસમ્મેતશિખરજીની યાત્રા કરવામાટે મનોરથ કર્યો. પછી ચતુર્માસ સંપૂર્ણ થયાબાદ બેહજાર માણસોના સંઘસહિત તે બન્ને ભાઇઓએ શ્રીસમ્મેતશિખરતીર્થની યાત્રા કરી, તે વખતે શ્રી ધર્મમૂર્તિસૂરિજી પણ પોતાના પરિવારસહિત યાત્રા કરવામાટે તે બન્ને ભાઈઓની વિનંતિથી તે સંઘની સાથે સમ્મેતશિખર ગયા હતા. પછીથી તે શ્રીઆચાર્યમહારાજ ત્યાંથી વિહાર કરીને વાણારસીનગરીમાં પધાર્યા, અને ત્યાં ચતુર્માસ રહ્યા. પછી એવી રીતે વિહાર કરતાથકા તેઓ અનુક્રમે વિક્રમ સંવત ૧૬૨૪ માં નાગડાગોત્રવાળા તેજસીશાહની વિનંતિથી ફરીને નવાનગરમાં પધાર્યા, અને તે વખતે પણ તે તેજસીશાહે મહોટા આડંબરથી તેમનો નગરમાં પ્રવેશમહોત્સવ કર્યો. પૂર્વે તેજ આચાર્યશ્રીના ઉપદેશથી તે તેજસીશાહે પ્રારંભેલાં જિનમંદિરનું કાર્ય પણ બે લાખ મુદ્રિકાના ખરચથી સંપૂર્ણ થયું હતું; પછી તે તેજસીશાહના આગ્રહથી ત્યાં ચતુર્માસ રહેલા તેજ આચાર્યશ્રીના ઉપદેશથી તે નવીન તૈયાર થયેલાં જિનમંદિરમાં વિક્રમ સંવત ૧૬૨૪ ના પોષ સુદ આઠમને દિવસે એકાવન જિનપ્રતિમાઓની તેજસીશાહે પ્રતિષ્ઠા કરી. તે શિખરબંધ જિનમંદિરમાં મૂલનાયકજી તરીકે શ્રીશાંતિનાથપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા થઇ તે સમયે તે તેજસીશાહે પોતાની જ્ઞાતિના માણસોને મિષ્ટાન્ન ભોજન કરાવ્યું, તથા અંચલગચ્છના સઘળા યતિઓનો ઘણો આદરસત્કાર કર્યો. પછી ચતુર્માસબાદ તે શ્રીધર્મમૂર્તિસૂરિજી પણ બીજી જગોએ વિહાર કરી ગયા. એવીરીતે વિહાર કરતાથકા તે શ્રીધર્મમૂર્તિસૂરિજી અનેક ગામો તથા નગરોને પવિત્ર કરતાથકા અનુક્રમે આગ્રાના રહેવાસી, તથા પૂર્વે વર્ણવેલા લોઢા-

ગોત્રવાળા ઋષભદાસશેઠના કુરપાલ અને સોનપાલ નામના બન્ને પુત્રોએ બોલાવવાથી તેમની વિનતિ ધ્યાનમાં લેઇને ફરીને તે આગ્રાનગરમાં વિક્રમ સંવત ૧૬૨૮ માં પધાર્યા. તે સમયે તે બન્ને ભાઇઓએ પણ મહોટા આડંબરથી ત્યાં તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. પછી તેઓના આગ્રહથી તે શ્રીધર્મમૂર્તિસૂરિજી પણ ત્યાં આગ્રામાંજ ચતુર્માસ રહ્યા. તથા ત્યાંના સંઘે ચતુર્માસની અંદર તેમનું ઘણું સન્માન કર્યું. વળી તે આચાર્યમહારાજના ઉપદેશથી તે કુરપાલ તથા સોનપાલે મળીને તે આગ્રાનગરમાં અંચલગચ્છના યતિઓને રહેવામાટે એક ઉપાશ્રય બંધાવ્યો, વળી તે બન્ને ભાઇઓએ ત્યાં બે મહોટાં જિનમંદિરો બંધાવવાનાં કાર્યનો પણ પ્રારંભ કર્યો. પછી ચતુર્માસબાદ તે શ્રીધર્મમૂર્તિસૂરિજીએ ત્યાંથી વિહાર કરીને પાવાપુરી આદિક તીર્થભૂમિઓની યાત્રા કરી. ત્યાંથી અત્યંત વિકટ વિહાર કરીને આ શ્રીધર્મમૂર્તિસૂરિજી પોતાના પરિવારસહિત વિક્રમ સંવત ૧૬૨૯ માં રાજનગર (અમદાવાદ) નામના નગરમાં પધાર્યા. હવે તે નગરમાં શ્રીમાલી વંશમાં ઉત્પન્ન થયેલો એક આભા નામે શેઠ વસતો હતો, અને તે શ્રીધર્મમૂર્તિસૂરિજીપર અત્યંત અનુરાગ ધારણ કરતો હતો. તેના આગ્રહથી તે શ્રીધર્મમૂર્તિસૂરિજી ત્યાં અમદાવાદમાંજ ચતુર્માસ રહ્યા. પછી ત્યાં આ શ્રીધર્મમૂર્તિસૂરિજીના ત્યાગ, તથા વૈરાગ્ય આદિક અનુપમ ગુણોના સમૂહને જોઇને ત્યાંના એટલે અમદાવાદના સંઘે મળીને તે આચાર્યમહારાજને યુગપ્રધાનની પદવી આપી. વળી તે આભાશેઠે તે શ્રીધર્મમૂર્તિસૂરિજીના ઉપદેશથી ત્યાં એક જિનમંદિર બંધાવ્યું. વળી તે જિનમંદિરમાં તેમનાજ ઉપદેશને અનુસારે તે શેઠે વિક્રમ સંવત ૧૬૨૯ ના મહા સુદ તેરસને દિવસે શ્રીપાર્શ્વનાથજી આદિક તેર જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. એવીરીતે મહાપ્રભાવિક એવા આ શ્રીધર્મમૂર્તિસૂરિજી અનુક્રમે માંડલ, ખંભાત, સુરત, રાણપુર તથા વઢવાણ આદિક નગરોમાં ચતુર્માસો કરીને વિક્રમ સંવત ૧૬૪૪ માં પાલીતાણા નામના નગરમાં ચતુર્માસ રહ્યા. ત્યાં યાત્રા કરવામાટે આવેલા તેજસીશાહની વિનતિ સ્વીકારીને ચતુર્માસબાદ તે શ્રીધર્મમૂર્તિસૂરિજી નવાનગરમાં પધાર્યા, તથા તે તેજસિંહ આદિક સંઘના આગ્રહથી ત્યાં નવાનગરમાં તેઓ ચતુર્માસ રહ્યા. એવીરીતે ત્યાં ચતુર્માસ રહેલા તે સૂરિજીના ઉપદેશથી તે તેજસીશાહે પાંચલાખ

મુદ્રિકાઓ ખરચીને સંઘસહિત શ્રીશત્રુંજયતીર્થની યાત્રા કરી. પછી ત્યાંથી વિહાર કરીને તે ગુરૂમહારાજ દીવનામના બંદરમાં પધાર્યા. અને ત્યાં ભણસાલીગોત્રવાળા નાનચંદ આદિક સઘળા સંઘે મળીને મહોટા આડંબરથી તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. વળી તેમના ઉપદેશથી તે નાનચંદશેઠે ત્યાં શ્રીશીતલનાથપ્રભુની પુખરાજનામના રત્નની જિનપ્રતિમા કરાવી. વળી તે શેઠની રત્નાદેનામની સ્ત્રીએ તે ગુરૂમહારાજના મુખથી શ્રાવકનાં બારે વ્રતોનો સ્વીકાર કર્યો. પછી ત્યાંથી વિહાર કરી તે ગુરૂમહારાજ પ્રભાસપાટણમાં પધાર્યા, તથા તે વખતે ત્યાંના સંઘે મહોટા આડંબરથી તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. ત્યાંથી વિહાર કરીને તે ગુરૂમહારાજ વિક્રમ સંવત ૧૬૪૭ માં પોરબંદરનામના નગરમાં પધાર્યા. ત્યાં નાગડાગોત્રવાળા ધર્મસિંહનામના ઉત્તમ શ્રાવકે સંઘસહિત મહોત્સવપૂર્વક તેમનો નગરમાં પ્રવેશ કરાવ્યો. પછી ત્યાંના સંઘના આગ્રહથી તે ગુરૂમહારાજ ત્યાં પોરબંદરમાંજ ચતુર્માસ રહ્યા. ત્યાં તે ધર્મસિંહશેઠે તેમના ઉપદેશથી શ્રીશાંતિનાથપ્રભુની એક પ્રતિમા ભરાવી, અને મહોટા ઉત્સવથી તેની પ્રતિષ્ઠા કરાવી. તે અવસરે તે ધર્મસિંહશેઠે ઘણું દ્રવ્ય ખરચીને સ્વામિવાત્સલ્યઆદિક ઘણાં ધર્મકાર્યો કર્યાં. ત્યાંથી વિહાર કરીને તે શ્રીધર્મમૂર્તિસૂરીશ્વરજી કચ્છદેશમાં આવેલા માંડવીબંદરમાં પધાર્યા.

એવામાં નવાનગરમાં અસુરોનું ( મુસલમાનોનું ) સૈન્ય આવ્યું, અને તે સૈન્યે તે નવાનગરશહેરમાં ઘણો ઉપદ્રવ કર્યો, તે વખતે ભયભીત થયેલા ઘણા લોકો ત્યાંથી નાશીને અન્ય જગોએ ચાલ્યા ગયા. તે અસુરોના સૈન્યે ત્યાં પૂર્વે તેજસીશાહે બંધાવેલું જિનમંદિર ખંડિત કર્યું, તથા તેમાં મૂલનાયકપણે સ્થાપેલી શ્રીશાંતિનાથપ્રભુની પ્રતિમા પણ તોડી નાખી. ત્યારે તે તેજસીશાહ પણ ભયભીત થયાથકા ત્યાંથી ( નવાનગરમાંથી ) નાશીને કચ્છદેશમાં આવેલા માંડવીબંદરમાં આવ્યા. ત્યાં આવી મનમાં ખેદ પામતાથકા તે તેજસીશાહ ત્યાં રહેલા શ્રીધર્મમૂર્તિસૂરીશ્વરજીની પાસે આવ્યા, તથા ગુરૂમહારાજને વાંદીને પોતાની આંખોમાં આંસુ લાવી તે તેજસીશાહે નવાનગરમાં અસુરોના સૈન્યનું આવવું, તથા પોતે કરાવેલા જિનમંદિરનો તેણે કરેલો ભંગ ઇત્યાદિક વૃત્તાંત ગુરૂમહારાજને કહી સંભળાવ્યો. તે સાંભળી દૂભાયેલા ગુરૂમહારાજે પણ તેમને આશ્વાસન આપી કહ્યું કે, હે ઉત્તમ શ્રાવક ! ભાવિભાવ જે બનનાર હોય છે, તે બને છેજ, તેને

દૂર કરવાને અહીં કોઇ પણ સમર્થ નથી. હવે ફરીને પણ જ્યારે અવસર મળે ત્યારે તે જિનમંદિરનો જીર્ણોદ્ધાર આદિક કરીને તમારા જેવા ઉત્તમ શ્રાવકે હંમેશાં ધર્મકાર્યોમાંજ ઉદ્યમ કરવો યોગ્ય છે. ધર્મકાર્યથીજ પ્રાણીઓ આલોક અને પરલોકમાં સુખી થાય છે. એવી રીતે ગુરૂમહારાજે આશ્વાસન દેવાથી તે તેજસિંહ પણ ખેદનો ત્યાગ કરી પોતાના પૂર્વજોના નિવાસસ્થાનરૂપ કચ્છદેશમાં આવેલા આરિખાણા નામના ગામમાં કુટુંબસહિત રહ્યો. એવામાં નવાનગરમાંથી અસુરોનું તે સૈન્ય ચાલી ગયાબાદ તે તેજસિંહશાહ ફરીને પાછા નવાનગરમાં આવ્યા, તથા ત્યાં તેમણે પોતાના કરેલા તે ખંડિત જિનમંદિરનો પુનરૂદ્ધાર કર્યો. ત્યારબાદ ફરીને તેમાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા આદિક કાર્ય કરવામાટે તે તેજસીશાહે વિનંતિ લખીને ત્યાં શ્રીધર્મમૂર્તિ-સૂરિજીને બોલાવ્યા. ધર્મકાર્યમાં ઉદ્યમવંત થયેલા તે ગુરૂમહારાજ પણ યતિઓના સમૂહના પરિવારસહિત ત્યાં નવાનગરમાં પધાર્યા. ત્યારે તેજસીશાહ આદિક સકલ સંઘે મહોત્સવપૂર્વક તેમનો નગરમાં પ્રવેશ કરાવ્યો. પછી ફરીને જીર્ણોદ્ધાર કરેલા તે જિનમંદિરમાં પ્રતિષ્ઠિત કરવા માટે તે તેજસીશાહે શ્રીધર્મમૂર્તિસૂરિજીના ઉપદેશ પ્રમાણે સૌરાષ્ટ્ર-દેશમાંથી શ્રીશાંતિનાથપ્રભુની મનોહર પ્રતિમા મગાવી. ત્યારપછી વિક્રમ સંવત ૧૬૪૮ ના માગસર સુદ ચોથને દિવસે મહોત્સવપૂર્વક તે જિનમંદિરમાં ફરીને જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા થઇ. તે શુભ અવસરસમયે તે તેજસીશાહે સ્વામિવાત્સલ્ય આદિક ધર્મકાર્યોમાં ઘણું દ્રવ્ય ખરચ્યું.

હવે તેજ નવાનગર નામના નગરમાં ઓશવાલજ્ઞાતિમાં ઉત્પન્ન થયેલો, તથા મીઠડીયાવહોરા ગોત્રવાળો મુહણસિંહ નામનો શેઠ વસતો હતો. તે હમેશાં વ્યાપારમાટે જલમાર્ગે પોતાના વહાણમાં બેશીને જૂદાં જૂદાં બંદરોમાં આવજાવ કરતો હતો. એવીરીતે હમેશાં જલ-માર્ગના વ્યાપારથી તેણે ઘણું ધન મેળવ્યું હતું. એવીરીતે એક સમયે તે પોતાના વહાણમાં બેસીને દ્વારિકાનગરીમાં ગયો ત્યાં પોતાના વહાણને નાંગરીને, તથા તેમાંથી ઘઉં આદિક કરીયાણાં ઉતારીને, તથા તે દ્વારિકાનગરીમાં ઘણો લાભ મળવાથી તેણે તે વેંચી નાખ્યાં. ત્યાર-બાદ તેણે તે નગરીમાંથી ઘણું રૂ ખરીદીને પોતાના વહાણમાં ભર્યું. પછી ત્યાંથી પ્રયાણ કરવામાટે મંગલીક કર્યાબાદ તેણે ખલાસીઓને પોતાના તે વહાણનું નાંગર ઉપાડવામાટે હુકમ કર્યો. એવામાં તે

મહાસાગરમાંથી કુક્ષિના ભાગમાં નાંગરનું એક પાંખડું ચોટી રહ્યું છે, એવી જિનેશ્વરપ્રભુની પ્રતિમા તે નાંગરસાથે વહાણ ઉપર આવી; તે પ્રતિમાને જોઇને આશ્ચર્ય પામેલા એવા તે ખલાસીઓએ પોતાના શેઠ મુહણસિંહને તે દેખાડી. ત્યારે રાત્રિનો સમય હોવાથી તે પ્રતિમાના આકાર આદિકથી આ કોઇક જિનેશ્વરપ્રભુની પ્રતિમા છે, એમ તે શેઠે પોતાના મનમાં નિશ્ચય કર્યો. પછી પ્રભાતે તેણે સારીરીતે તે પ્રતિમાને જોઇને પોતાના મનમાં નિશ્ચય કર્યો કે, ખરેખર આ શ્રીનેમિનાથ નામના બાવીસમા તીર્થંકરની જિનપ્રતિમા છે. પછી તે પ્રતિમાનું પૂજન કરીને તેણે પોતાના વહાણમાં ભરેલાં રૂની અંદર તે પ્રતિમાને સારીરીતે ગોઠવીને રાખી પછી પોતાના નગરમાં આવવાને ઉત્સુક થયેલો તે મુહણસિંહ શેઠ ત્યાંથી પ્રયાણ કરીને અનુકૂલ વાયુએ વહાણને ચલાવવાથી નવાનગરમાં આવ્યો. પછી તે પોતાના વહાણમાંથી રૂ ઉતારીને તે જિનપ્રતિમાને મહોત્સવપૂર્વક પોતાને ઘેર લાવ્યો, તથા હમેશાં ભક્તિભાવથી ભરેલાં હૃદયવાળો થયોથકો તે જિનપ્રતિમાનું પૂજન કરવા લાગ્યો. પછી એક વખતે તે મુહણસીશેઠે તે પ્રતિમાને સ્થાપવામાટે એક શિખરબંધ જિનમંદિર બંધાવવાનો પ્રારંભ કર્યો. પરંતુ તે જિનમંદિરનું દિવસે કરેલું સઘળું બાંધકામ રાત્રિએ પડી જવા લાગ્યું. પરંતુ તેથી ન કંટાળતાં તે ઉદ્યમી શેઠે સાતવાર તે કાર્ય પ્રારંભ્યું, અને પડી ગયું. તેથી અત્યંત કંટાળેલો તે મુહણસી શેઠ યોગી, તથા ભરડા આદિક અનેક લિંગધારીઓને તેનું કારણ પૂછવા લાગ્યો, અને તેઓએ કહેલા ઉપાયો વિગેરે પણ કરવા લાગ્યો, પરંતુ તેમાના કોઇ પણ ઉપાયથી તેનું કાર્ય સિદ્ધ થયું નહીં.

એવામાં તેજસીશાહની વિનંતિથી ત્યાં પધારેલા આ શ્રીધર્મમૂર્તિસૂરીશ્વરજીનો મહોટો પ્રભાવ સાંભળીને તે મુહણસી ત્યાં તે આચાર્યમહારાજ પાસે આવ્યો. પછી ગુરૂમહારાજને વંદન કરીને તેણે પ્રથમથી માંડીને તે પ્રતિમા સ્થાપન કરવામાટે જિનપ્રાસાદનું પોતે બંધાવવું તથા તેના પડીજવા આદિકનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી ગુરૂમહારાજે વિચાર્યું કે, ખરેખર તે જિનપ્રતિમા કોઇ દેવતાથી અધિષ્ઠિત થયેલી અને તેથી ચમત્કારવાળી સંભવે છે. એમ વિચારી તેમણે તે મુહણસીને આશ્વાસન આપી કહ્યું કે, હે ઉત્તમ શ્રાવક ! આ માટે તમો હવે મનમાં ખેદ કરો નહી. આ જિનપ્રાસાદ પડી જવાનું કારણ કોઇ પણ ઉપાયથી શોધીને આપણે

તેનો નિશ્ચય કરશું. એવીરીતે ગુરૂમહારાજે આશ્વાસન આપવાથી તે મુહણસી પણ ખેદનો ત્યાગ કરી, તથા ગુરૂમહારાજને વાંદીને પોતાને ઘેર ગયો. પછી રાત્રિએ યોગધ્યાનમાં રહીને તે શ્રીધર્મમૂર્તિસૂરિજીએ પોતાના અંચલગચ્છની અધિષ્ઠાયિકા એવી શ્રીમહાકાલીદેવીનું સ્મરણ કર્યું. તેજ ક્ષણે તે દેવીએ પણ ત્યાં આવી ગુરૂમહારાજને વાંદીને કહ્યું કે, હે પૂજ્ય! આ સમયે આપે મને શામાટે યાદ કરી છે? ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, હે માતાજી! તમો તમારાં જ્ઞાનના ઉપયોગથી જો કે મારો સઘળો વિચાર જાણો છો, તો પણ આપને હું કહું છું કે, આ મુહણસીશેઠનો જિનમંદિર બંધાવવાનો મનોરથ તમો સંપૂર્ણ કરો? એવીરીતનું ગુરૂમહારાજનું વચન સાંભળીને તે દેવીએ કહ્યું કે, હે પૂજ્ય! આપ પ્રથમ તો મહાપ્રભાવવાળી આ શ્રીનેમિનાથપ્રભુની પ્રતિમાનો વૃત્તાંત સાંભળો?

પૂર્વે શ્રીનેમિનાથપ્રભુના શાસન સમયે શ્રીકૃષ્ણ અને બલદેવ નામના વાસુદેવ તથા બલભદ્ર હતા. તે બન્ને ભાઇયોમાના બલભદ્રજીએ હમેશાં પોતાને પૂજન કરવામાટે શ્રીજીવંતસ્વામી એવા તે શ્રીનેમિનાથજીની આ પ્રતિમા ભરાવી, અને તે શ્રીનેમિનાથજીનાજ ગણધરે ઘરદેરાસરની વિધિથી આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. એવીરીતે મહાપ્રભાવિક એવી આ શ્રીનેમિનાથપ્રભુની પ્રતિમાને પોતાના ઘરમાં સ્થાપન કરીને બલદેવજી હમેશાં તેનું પૂજન કરતા હતા. ત્યારબાદ કેટલેક કાળે તે દ્વારિકાનગરીમાં અગ્નિનો દાવાનલ પ્રગટ્યો, અને છેવટે સમુદ્રના મોજાંઓથી તે નગરીનો વિનાશ થયો. તે સમયે આ પ્રતિમા પણ જલકલ્લોલોથી તણાઇને સમુદ્રમાં ગઇ. ત્યારબાદ ત્યાં સમુદ્રની અંદર તે પ્રતિમાનું સુસ્થિતદેવે પૂજન કર્યું. હવે પુણ્યના પ્રતાપથી તે પ્રભાવિક પ્રતિમા આ મુહણસીશેઠને પાસે થઇ છે. વળી આ પ્રભાવિક પ્રતિમા પ્રથમથીજ ઘરદેરાસરની વિધિથી પ્રતિષ્ઠિત થયેલી છે, તથા આ પ્રતિમાની અંબાદેવી અધિષ્ઠાત્રી છે. અને તે કારણથી આ પ્રતિમા ઘરદેરાસરના આકાર સરખા જિનમંદિરમાં રહેશે, પરંતુ શિખરબંધ જિનમંદિરમાં રહેશે નહી. એમ કહીને તે મહાકાલીદેવી અદૃશ્ય થઇ ગયાં. પછી પ્રભાતે ગુરૂમહારાજે પણ તે મુહણસીશેઠને બોલાવીને મહાકાલીમાતાએ કહેલો તે પ્રતિમાનો વૃત્તાંત કહી સંભળાવ્યો. ત્યારબાદ પોતાના મનમાં ખુશી થયેલા તે મુહણસીશેઠે તે શ્રીમાન્ ધર્મમૂર્તિસૂરિજીના ઉપદેશથી શિખરવિનાજ

નવાનગરમાં ઘરદેરાસર સરખું જિનમંદિર બંધાવ્યું. અને તે ઘરદેરાસરમાં તે પ્રભાવિક પ્રતિમાને તેજ ગુરૂમહારાજના ઉપદેશથી વિક્રમસંવત ૧૬૪૮ ના મહાસુદ પાંચમને દિવસે તે મુહણસીશેઠે મહોત્સવપૂર્વક સ્થાપન કરી. તે સમયે તે મુહણસીશેઠે ઘણું દ્રવ્ય ખરચ્યું. પછી ચતુર્માસબાદ ગુરૂમહારાજે ત્યાંથી વિહાર કરીને માંડલ, ખંભાત, સુરત, વઢવાણ, બાહડમેર, તથા જેસલમેર આદિક નગરોમાં ઘણા કાલ સુધી વિહાર કર્યો. પછી એક સમયે તે શ્રીધર્મમૂર્તિસૂરિજી વિક્રમ સંવત ૧૬૫૬ માં બાહડમેર નામના નગરમાં પધાર્યા. ત્યારે ત્યાં રાઠોડ વંશનો ઉદયસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. વળી તે નગરમાં કુંપા નામનો એક ઉત્તમ શેઠ વસતો હતો, અને તે રાજાનો મંત્રી તથા જૈનધર્મમાં દૃઢ મનવાળો હતો. તે ઉત્તમ શ્રાવકે મહોટા આડંબરથી તે શ્રીધર્મમૂર્તિસૂરિજીનો તે નગરમાં પ્રવેશમહોત્સવ કર્યો. પછી ગુરૂમહારાજ પણ ત્યાંના સંઘના આગ્રહથી પરિવારસહિત તે બાહડમેરનગરમાંજ રહ્યા. પછી તેમના ઉપદેશથી તે કુંપાશેઠે ત્યાં એક જિનપ્રાસાદ બંધાવ્યો. તથા તે જિનપ્રાસાદમાં તે કુંપાશેઠે તેજ ગુરૂમહારાજના ઉપદેશથી શ્રીપાર્શ્વનાથઆદિક ત્રણ પ્રતિમાઓની મહાસુદ ૫ સોમવારે પ્રતિષ્ઠા કરાવી. પછી ચતુર્માસબાદ તે કુંપાશેઠે તે ગુરૂમહારાજના ઉપદેશથી સંઘ સહિત શ્રીગોડીપાર્શ્વનાથ નામના ઉત્તમ તીર્થની યાત્રા કરી, અને તે યાત્રામાં તેણે પંદર હજાર જેટલું દ્રવ્ય ખરચ્યું. પછી ત્યાંથી વિહાર કરી તે શ્રીધર્મમૂર્તિજી મહારાજ જેસલમેર નામના નગરમાં પધાર્યા. તથા ત્યાં લાલણગોત્રવાળા ઋષભદાસશેઠે ઘણાજ સન્માનપૂર્વક તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. પછી ત્યાંના સંઘના આગ્રહથી ગુરૂમહારાજ વિક્રમસંવત ૧૬૫૭ માં ત્યાં જેસલમેરમાંજ ચતુર્માસ રહ્યા, તથા તેમના ઉપદેશથી વડેરાગોત્રવાળા ધનપાલ, તથા લાલણગોત્રવાળા ઋષભદાસ, એમ બન્ને શેઠોએ મળીને પચીસ હજાર ટંકોનું ખરચ કરી જૈનોનાં આગમોઆદિક અનેક શાસ્ત્રો લખાવ્યાં, તથા તે સઘળાં શાસ્ત્રો તેઓએ ગુરૂમહારાજને ભેટ કર્યાં. ગુરૂમહારાજે પણ ત્યાં જેસલમેરમાંજ અંચલગચ્છના ઉપાશ્રયમાં ભંડાર કરાવી પત્થરોના બનાવેલા કબાટો સારીરીતે રક્ષણથી સ્થાપન કર્યાં. વળી તે બન્ને શ્રાવકોએ પૂર્વે શ્રીજયશેખરસૂરિજીએ રચેલી કલ્પસૂત્રની સુખાવબોધ નામની ટીકાનાં બે પુસ્તકો સુવર્ણની શાહીથી લખાવ્યાં. એવીરીતે ત્યાં સારીરીતનાં રક્ષણવાળો પુસ્તકોનો ભંડાર

કરીને ચતુર્માસબાદ તે શ્રીધર્મમૂર્તિસૂરિજી લોદ્રવાપુરમાં રહેલાં અત્યંત પ્રાચીન એવાં શ્રીપાર્શ્વનાથપ્રભુના જિનમંદિરની યાત્રા કરવા માટે જેસલમેરના સંઘસહિત પધાર્યા. પછી ત્યાંથી પાછા વળી પારકરદેશમાં વિહાર કરતા એવા તે શ્રીધર્મમૂર્તિસૂરિજીને માર્ગમાં મ્હોટી જટાને ધારણ કરનારો, કંથાથી ઢંકાયેલાં શરીરવાળો, તથા ભયંકર મુખવાળો એક યોગી મલ્યો. તે યોગી આ શ્રીધર્મમૂર્તિસૂરિજીને જોઇને પોતાના મનમાં વિચારવા લાગ્યો કે, વિશાલ લલાટવાળો ખરેખર આ કોઇ પણ બત્રીસલક્ષણો પુરુષ જણાય છે. હવે કોઇ પણ પ્રકારે આ પુરુષને ઠગીને જો તેનું જોગણીઓને બલિદાન આપું, તો ખરેખર તે જોગણીઓ મને મારી ઇચ્છિત વસ્તુ આપશે. એમ વિચારી તે યોગી તે શ્રી ધર્મમૂર્તિસૂરિજીની પાછળ પાછળ ચાલવા લાગ્યો. તેને પાછળ આવતો જોઇને તે આચાર્યમહારાજ પણ પોતાના મનમાં શંકા પામીને વિચારવા લાગ્યા કે, ખરેખર આ કોઇક પણ યોગીવેશધારી દુષ્ટ કાપાલિક છે, માટે હવે આપણે બહુ સાવચેતીથીજ રહેવું; એવામાં તે શ્રી ધર્મમૂર્તિસૂરિજી પોતાના યતિપરિવાર સહિત સાવધાન રહ્યાથકા એક વડના વૃક્ષની નીચે વિશ્રામ લેવામાટે બેઠા; એવામાં અવસર મળવાથી તે કાપાલિક પણ ત્યાંજ તે વડના વૃક્ષની નીચે આવીને પોતાના કમંડલમાં રહેલા મંત્રેલા જલના છટકાવથી તે સઘળા યતિઓને મૂર્છિત કરવાને તૈયારી કરવા લાગ્યો. એવામાં જાણેલો છે તે યોગીનો અભિપ્રાય જેમણે એવા, તે શ્રીધર્મમૂર્તિસૂરિજીએ મંત્રના પ્રયોગથી તે કાપાલીને ત્યાંજ સ્તંભી રાખ્યો, પછી તેજ ક્ષણે તે ગુરૂમહારાજે બીજા મંત્રના પ્રયોગથી તે યોગીને ત્યાંજ પત્થરમય અને ચેષ્ટારહિત કર્યો. એવામાં ત્યાં નજીકના ગામમાં રહેનારા ઘણા લોકો વિવાહના પ્રસંગમાં જતાથકા તેજ વડના વૃક્ષની નીચે આવી પહોંચ્યા. તેઓ તે દુષ્ટ કાપાલીને ચેષ્ટારહિત પત્થરમય થયેલો જોઇને ખુશી થયાથકા આચાર્યમહારાજને વંદન કરી કહેવા લાગ્યા કે, હે ભગવન્! આ દુષ્ટ કાપાલીએ આસપાસના ગામોમાંથી અનેક લોકોનાં બાળકોનું હરણ કરેલું છે. સારૂં થયું કે, આપે તે દુષ્ટને પત્થરમય બનાવી દીધો છે. એમ કહી ગુરૂમહારાજને વાંદીને તે સઘળા લોકો પોતાના ઇચ્છિત સ્થાનકે ગયા. પછી તે ગુરૂમહારાજ પણ તે કાપાલિકની એવા પ્રકારની દુષ્ટતાને જાણીને, તેને તેવો પત્થરમયજ ત્યાં ઉભેલો મૂકીને, તથા ત્યાંથી વિહાર કરીને નજદીકના એક ગામમાં ગયા, અને ત્યાં

તે ગામના ચોરામાં રાત્રિએ નિવાસ કરી રહ્યા. એવામાં વિવાહમાટે ગયેલા તે લોકો પણ નજીકના ગામમાં પોતાનું કાર્ય કરીને પ્રભાતે ફરીને તે ગામમાં આવ્યા, અને તે દુષ્ટ કાપાલીનો વૃત્તાંત તેગામના લોકોને કહેવા લાગ્યા. તે સાંભળી ખુશી થયેલા તે ગામના લોકો એકઠા થઈ, ગુરુમહારાજ પાસે આવીને વંદન કરી કહેવા લાગ્યા કે, હે પૂજ્ય ! તે દુષ્ટ કાપાલીએ અમારાં બાલકોનું હરણ કરી અમોને ઘણા કાલસુધી દુઃખ આપેલું છે. હવે આ સમયે તેને પત્થરમય બનાવીને આપે અમારાપર મહોટો ઉપકાર કરેલો છે. પછી તે ગામના લોકોએ તે શ્રીધર્મમૂર્તિસૂરિજીનાં તે ચોરામાં મહોત્સવપૂર્વક પગલાં સ્થાપ્યાં. પછી ગુરુમહારાજ પણ તે લોકોના આગ્રહથી તે ગામમાં ચારદિવસોસુધી રહ્યા. પછી તેમના ઉપદેશથી તે ગામના ઘણા લોકોએ જીવહિંસાનાં પ્રત્યાખ્યાન કર્યાં. પછી ત્યાંથી વિહાર કરી તે ગુરુમહારાજ નગરપારકરનામના નગરમાં પધાર્યા, તથા સંઘના આગ્રહથી ત્યાંજ ચતુર્માસ રહ્યા. ત્યાંથી વિહાર કરી તે ગુરુમહારાજ પાછા બાહડમેરનગરમાં પધાર્યા, તથા સંઘના આગ્રહથી વિક્રમ સંવત ૧૬૫૯ માં ત્યાંજ ચતુર્માસ રહ્યા. ત્યાં વડેરગોત્રના સાગરમલ્લનામના શેઠે તે ગુરુમહારાજના મુખથી શ્રાવકનાં બારે વ્રતો ગ્રહણ કર્યાં. વળી તે ગુરુમહારાજના ઉપદેશથી તે શેઠે ત્યાં સ્વામિવાત્સલ્યઆદિક ધર્મકાર્યોમાં ઘણું દ્રવ્ય ખરચ્યું. પછી ચતુર્માસબાદ ત્યાંથી વિહાર કરીને તે શ્રીધર્મમૂર્તિસૂરિજી અનેક ગામો તથા નગરો આદિકમાં ભવ્યલોકોના સમૂહોને પ્રતિબોધતાથકા અનુક્રમે આગ્રાનિવાસી, તથા પૂર્વ વર્ણવેલા એવા કુરપાલ અને સોનપાલ નામના બે ભાઈયોની વિનંતિથી વિક્રમ સંવત ૧૬૬૫ માં આગરાનામના નગરમાં પધાર્યા. ત્યારે સકલસંઘસહિત તે બન્ને ભાઈઓએ પરિવારયુક્ત એવા તે આચાર્ય મ.જીના મહોટા આડંબરથી તે આગરાનગરમાં પ્રવેશમહોત્સવ કર્યો,

એવીરીતે માર્ગમાં લોકોના સમુહોથી નમસ્કાર કરાતા એવા તે આચાર્યમહારાજ પણ પોતાના પરિવારસહિત નગરીની અંદર પ્રવેશ કરીને ઉપાશ્રયમાં પધાર્યા. ત્યારબાદ તે કુરપાલ અને સોનપાલ નામના બન્ને ભાઈઓએ આચાર્યમહારાજને વિનંતિ કરી કે, હે ભગવન્ ! પૂર્વે આપ સાહેબે આપેલા ઉપદેશને અનુસારે અમોએ તે બન્ને જિનમંદિરો બંધાવવામાટે જમીનમાં પાયો ખોદાવવાનો પ્રા-

રંભ કર્યો, પરંતુ તે ભૂમિમાં જેમ જેમ ખોદવામાં આવ્યું, તેમ તેમ તેમાંથી કોલસાનો સમૂહ નિકળવા લાગ્યો. અને તેથી તે જિનમંદિર બંધાવવાનું કાર્ય અમોએ જેમનું તેમ અધુરૂં છોડી દીધું છે. તે સાંભળી ગુરૂમહારાજે કહ્યું કે, હવે તમો તે માટે ફિકર ન કરો? દેવગુરૂની કૃપાથી આપણે તેનું કારણ શોધી કહાડીશું. એવીરીતે ગુરૂમહારાજે આશ્વાસન દેવાથી તે બન્ને ભાઇઓ ખુશી થઇ, ગુરૂમહારાજને વાંદી પોતાને ઘેર ગયા. પછી સંધ્યાકાળે પ્રતિક્રમણ કર્યા બાદ રાત્રિએ ગુરૂમહારાજે ગચ્છની અધિષ્ઠાત્રી એવી મહાકાલીદેવીનું સ્મરણ કર્યું. તેજ ક્ષણે તે દેવી પણ પ્રગટ થઇને ગુરૂમહારાજને વાંદીને કહેવા લાગી કે, હે ભગવન! આપે શામાટે મારૂં સ્મરણ કર્યું છે? ત્યારે ગુરૂમહારાજે પણ તે બન્ને ભાઇઓએ કહેલો વૃત્તાંત તે દેવીને કહી સંભળાવ્યો. તે સાંભળી દેવીએ કહ્યું કે, હે ભગવન્! તે સ્થાન આગામીકાળમાં નદીમાં આવેલા મ્હોટા જલપ્રવાહથી તણાઇને નાશ પામનારૂં છે, અને તેથી ત્યાં જિનમંદિર નહિ બંધાવવામાટે મેંજ ત્યાં જમીનમાં કોલસાનો સમુદાય વિકુર્વ્યો છે, તે સાંભળી ગુરૂમહારાજે કહ્યું કે, ત્યારે હે માતાજી! આ શહેરમાં બીજું કોઇ નિર્ભય સ્થાન તે કાર્યમાટે દેખાડીને કૃપા કરી તે બન્ને ભાઇઓનાં મનોરથોને તમો સફલ કરો? ત્યારે દેવીએ કહ્યું કે, તેઓના ઘર પાસે રહેલી હસ્તિશાલાની ભૂમિમાં જિનમંદિર બંધાવવાનું કાર્ય વિઘ્ન રહિત થશે. એમ કહી તે મહાકાલીદેવી ગુરૂમહારાજને વાંદીને પોતાને સ્થાનકે ગઇ. પછી પ્રભાતે વાંદવામાટે આવેલા તે બન્ને ભાઇઓને ગુરૂમહારાજે કહ્યું કે, હે ઉત્તમ શ્રાવકો! જિનમંદિર બંધાવવા માટે તમોએ હાલમાં જે સ્થાન નિશ્ચય કર્યું છે, તે સ્થાન આગામિકાળમાં નદીમાં આવનારા મ્હોટા જલપ્રવાહથી તણાઇને નાશ પામવાનું છે, માટે તે સ્થાનને તજીને તમારી હસ્તિશાળામાંજ તે કાર્ય કરવું ઉચિત છે. પછી તે બન્ને ભાઇઓએ પણ ગુરૂમહારાજના ઉપદેશને અનુસારે પોતાના હાથીઓને બાંધવાની ગજશાલાની ભૂમિમાંજ ફરીને જિનમંદિર બંધાવવામાટે વિક્રમ સંવત ૧૬૬૫ના મહાસુદ ત્રીજને દિવસે મહોત્સવપૂર્વક પાયો નખાવ્યો. તે સમયે તે બન્ને ભાઇઓએ ત્યાંના સઘળા યાચકોને ભોજન, વસ્ત્રો, તથા દ્રવ્યઆદિકના ઘણાં દાનથી સંતુષ્ટ કર્યા. તેમજ ઘણું ધન ખર્ચી પોતાના સાધર્મિકોનું પણ સ્વામિવાત્સલ્ય કર્યું. પછી ચતુર્માસબાદ તે બન્ને ભાઇઓ પોતાના

કુટુંબ સહિત પરિવારથી વીંટાયેલા એવા તે શ્રીધર્મમૂર્તિસૂરિજીની સાથેજ સમ્મેતશિખરજીતીર્થની યાત્રા કરવામાટે ચાલ્યા. ત્યાં માર્ગમાં યાચકલોકોને દાન આપતા, તથા ગુરૂમહારાજના ઉપદેશથી પોતાના સાધર્મિકોનો ઉદ્ધાર કરતાથકા અનુક્રમે તેઓ સમ્મેતશિખર નામના તીર્થમાં આવ્યા. પછી તેઓ ગુરૂમહારાજે બતાવેલી વિધિથી તે ગિરિરાજનું પૂજન કરીને ગુરૂમહારાજની સાથેજ ઉપર ચડયા; ત્યાં જિનેશ્વરપ્રભુની પ્રતિમા, તથા ચરણોની દ્રવ્યથી તથા ભાવથી પૂજા કરીને પોતાના આત્માને કૃતાર્થ માનતાથકા તે બન્ને બાંધવો તે પર્વતપરથી ઉતરીને ગુરૂમહારાજની સાથે નીચેના ભાગમાં ( પર્વતની તલેટીમાં ) ઉભા કરેલા પોતાના તંબુઓમાં આવ્યા. વળી તેઓએ ગુરૂમહારાજના ઉપદેશથી ત્યાં અઠ્ઠાઇમહોત્સવ કર્યો. તેમજ વળી તે બન્ને ભાઇઓએ તે પર્વતપર રહેલી જિનપાદુકાઓથી પવિત્ર થયેલી સઘળી દેરીઓનો જીર્ણોદ્ધાર કરાવ્યો. એવીરીતે તે યાત્રાથી ખુશી થયેલા તે બન્ને ભાઇઓ પોતાના કુટુંબસહિત ગુરૂમહારાજની સાથે ત્યાંથી પાછા વળી, તથા નિર્વિઘ્ને પોતાના નગરમાં આવી બન્ને જિનમંદિરોનું પ્રારંભેલું કાર્ય વિલંબરહિત કરાવવા લાગ્યા. પછી તે શ્રીધર્મમૂર્તિસૂરિજી પણ ત્યાંથી વિહાર કરી પોતાના ચરણકમલોથી ગામોગામને પવિત્ર કરતાથકા પોતાના પરિવારસહિત જયપુરનામના નગરમાં પધાર્યા, તથા ત્યાંના સંઘે મહોત્સવસહિત તેમનો નગરમાં પ્રવેશ કરાવ્યો. અને સંઘના આગ્રહથી તેઓ ત્યાં ચતુર્માસ રહ્યા. ત્યાંના નાગડાગોત્રવાળા જુહારમલ્લનામના ઉત્તમ શ્રાવકે તે આચાર્યમહારાજના ઉપદેશથી શ્રીશાંતિનાથપ્રભુની એક સુવર્ણમય પ્રતિમા ભરાવી, અને તેજ ગુરૂમહારાજે બતાવેલી વિધિથી વિક્રમસંવત ૧૬૬૬ ના પોષ સુદ પાંચમે ત્યાંના એક જિનમંદિરમાં પ્રતિષ્ઠિત થઇ. પછી તે ઉત્તમ શ્રાવકે પોતાની સ્ત્રી રમાદેવીસહિત શ્રાવકનાં બારે વ્રતો તે ગુરૂમહારાજના મુખથી અંગીકાર કર્યાં. વળી ઘણું દ્રવ્ય ખરચીને તે શ્રાવકે ત્યાં સ્વામીવાત્સલ્યઆદિક ધર્મનાં કાર્યો કર્યાં. વળી જૈનશાસ્ત્રોનાં બાર ગ્રંથો લખાવીને તે સ્ત્રીભર્તારે ગુરુમહારાજને ભેટ ધર્યાં. પછી ચતુર્માસબાદ ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરીને અનુક્રમે સાદરીનામના ગામમાં પધાર્યા, તથા ત્યાંના સંઘે મહોટા આડંબરથી તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. ગુરુમહારાજ પણ પોતાના પરિવારસહિત તે સાદરીગામમાં પ્રવેશ કરી

ઉપાશ્રયમાં રહ્યા. પછી તીર્થોનાં માહાત્મ્યનાં વર્ણનવાળી, અને અમૃતધારાની નીકસરિખી તે શ્રીધર્મમૂર્તિસૂરિજીની ધર્મદેશના સાંભળીને સમરસિંહનામના એક ઉત્તમ શ્રાવકે ત્યાં નજીકમાં રહેલી પંચતીર્થીની સંઘસહિત યાત્રા કરવામાટે મનોરથ કર્યો. પછી તે શ્રાવકે ઉભા થઇ સભામાં હાથ જોડી સંઘને તથા ગુરૂમહારાજને યાત્રા કરવાને આવવામાટે નિમંત્રણ કર્યું. પછી શુભદિવસે સંઘના ખસો માણસોસહિત તે સમરસિંહ શ્રાવકે પરિવારયુક્ત થયેલા એવા તે ગુરૂમહારાજની સાથે યાત્રા કરવામાટે ત્યાંથી પ્રયાણ કર્યું. એવીરીતે ગુરૂમહારાજ સંઘસહિત પ્રથમ રાણકપુરમાં પધાર્યા. ત્યાં પૂર્વે પોરવાડવંશમાં મુકુટસરખા ધન્નાશાહ નામના ઉત્તમ શ્રાવકે ઘણું દ્રવ્ય ખરચીને જૈનશાસ્ત્રોમાં વર્ણવેલા નલિનીગુલ્મ નામના વિમાનની તુલના કરનારા ત્રૈલોક્યદીપક નામના શ્રીયુગાદિદેવનાં વિશાલ જિનપ્રાસાદને જોઇને તે આચાર્યમહારાજ ખુશી થયાથકા પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યા. પછી ગુરૂમહારાજના ઉપદેશથી તેજ ધન્નાશાહ નામના ઉત્તમ શ્રાવકના વંશમાં થયેલા તે ધનવાન સમરસિંહે તે જિનપ્રાસાદના જીર્ણોદ્ધારનું કાર્ય પ્રારંભ્યું. એવીરીતે તે રાણકપુરતીર્થની યાત્રા કર્યાબાદ ગુરૂમહારાજ પણ સંઘસહિત નાડોલ નામના ગામમાં પધાર્યા. ત્યારે તે ગામના સંઘે સંઘસહિત તે ગુરૂમહારાજનો મહોટા આડંબરથી પ્રવેશમહોત્સવ કર્યો. અને ગુરૂમહારાજ પણ સંઘસહિત ત્યાં બે દિવસોસુધી રહ્યા. એવીરીતે ત્યાંના પ્રાચીન જિનમંદિરોની યાત્રા કરીને તે સઘળો સંઘ નાડુલાઇ નામના ગામમાં આવ્યો. અને ત્યાં પણ પ્રાચીન જિનમંદિરોની યાત્રા કરીને સંઘસહિત ગુરૂમહારાજ વરકાણા નામના ગામમાં આવ્યા, તથા તે વધારે પ્રાચીન તીર્થમાં ત્રણ દિવસોસુધી ગુરૂમહારાજ સંઘસહિત રહ્યા. ત્યાં શ્રીપાર્શ્વપ્રભુના જિનમંદિરને કંઇક જીર્ણ થયેલું જોઇને ગુરૂમહારાજના ઉપદેશથી તે સંઘપતિ સમરસિંહે તે તીર્થના જીર્ણોદ્ધારનું કાર્ય પ્રારંભ્યું. ત્યારપછી તે સંઘ ગુરૂમહારાજસહિત ઘાણેરા નામના ગામમાં આવ્યો, અને ત્યાંના જિનમંદિરોની યાત્રા કરીને ગુરૂમહારાજ પણ પાછા તે સાદરીગામમાં આવ્યા. ત્યારપછી ગુરૂમહારાજના ઉપદેશથી તે સમરસિંહે ત્યાં તેમના મુખથી બાર વ્રતો અંગીકાર કર્યાં. તે વખતે તે સમરસિંહે સ્વામિવાત્સલ્યઆદિક ધર્મકાર્યોમાં ઘણાં ધનનો ખરચ કર્યો. પછી તેમનાજ ઉપદેશથી તે સમરસિંહે ત્યાં શ્રીયુગાદિપ્રભુની રૂપાની પ્રતિમા ભ-

રાવી. અને તે ગુરૂમહારાજના ઉપદેશથી ત્યાંના એક જિનમંદિરમાં વિક્રમ સંવત ૧૬૬૬ ના વૈશાખસુદ તેરસે મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી સ્થાપન કરી. પછી વૈરાગ્યયુક્ત ચિત્તવાળા તે સમરસિંહે બાકી રહેલું પોતાનું સઘળું ધન ધર્મકાર્યોમાં વાપરીને તે શ્રીધર્મમૂર્તિસૂરિજીની પાસે દીક્ષા લીધી, અને ગુરૂમહારાજે પણ તેમનું "સૌભાગ્યસાગરજી" એવું ગુણનિષ્પન્ન નામ રાખ્યું. એવીરીતે વિક્રમસંવત ૧૬૬૬ ના વૈશાખ વદ નોમને દિવસે તેમની દીક્ષા વેળાયે તેના ગુણસિંહઆદિક ત્રણ પુત્રોએ મહોટા આડંબરથી મહોત્સવ કર્યો. હવે એવીરીતે તે શ્રીસૌભાગ્યસાગરઆદિક મુનિઓના સમૂહથી શોભતા એવા તે શ્રીધર્મમૂર્તિસૂરીશ્વરજી ત્યાંથી વિહાર કરીને પાલી નામના નગરમાં પધાર્યા, અને ત્યાંના સંઘે પણ અત્યંત આદરમાનથી તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. ગુરૂમહારાજ પણ શિષ્યોના પરિવારસહિત તે નગરમાં પ્રવેશ કરી ઉપાશ્રયમાં રહ્યા. તે પાલીનગરમાં નથમલ્લ નામનો સાચીહરજ્ઞાતિનો એક બ્રાહ્મણ વસતો હતો, અને તે ત્યાં પુસ્તકો લખી પોતાની આજીવિકા ચલાવતો હતો. તે બ્રાહ્મણ એક સમયે પુસ્તકો લખવાનું કામ લેવામાટે શ્રીધર્મમૂર્તિસૂરિજીની પાસે આવ્યો, અને પોતાના અક્ષરો તેણે ગુરૂમહારાજને બતાવ્યા. હવે તેનાં તે અત્યંત મનોહર અક્ષરો જોઇને ગુરૂમહારાજ પણ પોતાના હૃદયમાં ખુશી થયા. વળી તે બ્રાહ્મણે વ્યાકરણનો અભ્યાસ કર્યો હતો, અને તેથી તે સંસ્કૃત ભાષામાં પણ નિપુણ હતો. વળી તેની સ્ત્રી મૃત્યુ પામેલી હોવાથી તે પોતાના ઘરમાં પણ એકાકીજ હતો. પછી ગુરૂમહારાજે પણ તેને લાયક તથા વિદ્વાન્ જાણીને વૈરાગ્ય ઉત્પન્ન કરનારો ધર્મનો ઉપદેશ આપ્યો. એવીરીતે તે શ્રીમાન્ ગુરૂમહારાજની અમૃત સરખી મધુર ધર્મદેશના સાંભળીને વૈરાગ્ય થવાથી તે નથમલ્લ બ્રાહ્મણે ગુરૂમહારાજ પાસે દીક્ષા લીધી. તથા ગુરૂમહારાજે પણ "નાથાગણી" એવું તેનું નામ પાડયું. પછી તે નાથાગણીજીએ ત્યારથી માંડીને છેક જીવિતપર્યંત શ્રીમાન્ જયસિંહસૂરિઆદિક અંચલગચ્છના આચાર્યોએ રચેલા અનેક ગ્રંથોનું મનોહર અક્ષરોવડે લખવાનું કાર્ય કર્યું. પછી તે ગુરૂમહારાજ પણ ત્યાંના સંઘના આગ્રહથી તે પાલીનગરમાંજ ચતુર્માસ રહ્યા, અને તે ચતુર્માસની અંદર ત્યાંના રહેવાસી મહિરાજ નામના શેઠે ભાવથી તે ગુરૂમહારાજની ઘણીજ ભક્તિ કરી. વળી ગુરૂમહારાજનો ઉપદેશ સાંભળીને તે મહિરાજશેઠે ત્યાં એક મનોહર ઉપાશ્રય બંધાવ્યો.

પછી ચતુર્માસબાદ તે શ્રીધર્મમૂર્તિસૂરિજી ત્યાંથી વિહાર કરીને યતિઓના સમુદાયથી પરવર્યાથિકા જોધપુર નામના નગરમાં પધાર્યા. ત્યાં શ્રાવકોમાં ઉત્તમ એવા સહસ્ત્રમલ્લઆદિક શ્રાવકોના સમૂહોએ તેમનો મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો. પછી ત્યાંના સંઘના આગ્રહથી તે આચાર્યમહારાજ તે જોધપુરનગરમાંજ ચતુર્માસ રહ્યા. પછી તે ગુરૂમહારાજના ઉપદેશથી તે ધનવાન સહસ્ત્રમલ્લે નાગોર નામના નગરથી દશ લહીયાઓને ( હાથથી પુસ્તક લખનારાઓને ) બોલાવ્યા, અને ઘણા જૈનગ્રંથો લખાવ્યા. તથા ત્યાં ભંડાર કરાવીને તે ગ્રંથો તેમાંજ સ્થાપન કર્યા. ચતુર્માસબાદ ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરીને અનુક્રમે પાલણપુરમાં પધાર્યા. તે વખતે ત્યાંના સંઘે મહોટા આડંબરથી મહોત્સવપૂર્વક તેમનો તે નગરમાં પ્રવેશ કરાવ્યો. ગુરુમહારાજ પણ એકવીશ મુનિવરોના પરિવારસહિત તે નગરમાં પ્રવેશ કરીને ઉપાશ્રયમાં પધાર્યા, તથા અમૃતની ધારાના વરસાદસરખી ધર્મદેશના આપીને તેમણે સભામાં આવેલા લોકોનાં મનને આનંદ પમાડ્યો. હવે તે પાલણપુરનગરમાં વડોરાગોત્રવાળો રવિચંદ્રનામે ઉત્તમ શ્રાવક વસતો હતો. તેણે એક વખતે ત્યાં રહેલા આ શ્રીધર્મમૂર્તિસુરિજીને વિનંતિ કરી કે, હે પૂજ્ય! મેં પૂર્વે પંચમીતપનો પ્રારંભ કર્યો હતો, અને તે તપ આ વર્ષે સંપૂર્ણ થયો છે. હવે તે તપનું ઉદ્યાપન ( ઉજમણું ) કરવાની મારી ઇચ્છા છે, માટે આપસાહેબે મારાપર કૃપા કરીને ત્યાંસુધી અહીં રહેવું. પછી તે રવિચંદ્રશ્રાવકે તે ગુરૂમહારાજના ઉપદેશને અનુસારે મહોટા આડંબરથી મહોત્સવપૂર્વક તે પંચમીતપનું ઉદ્યાપન કર્યું. તે સમયે તેણે ઘણું દ્રવ્ય ખરચીને વિવિધ પ્રકારની જ્ઞાનની ભક્તિ કરી. વળી તે વખતે તે ઉત્તમ શ્રાવકે સ્વામિવાત્સલ્ય આદિક વિવિધ પ્રકારનાં ધર્મકાર્યો કર્યાં. પછી તે શ્રાવકે ગુરુમહારાજના ઉપદેશથી કસોટીના પાષાણમાંથી શ્રીનેમિનાથજિનેશ્વરની અતિમનોહર મૂર્તિ ભરાવી. પછી એક સમયે ત્યાંના સકલસંઘે મળી ગુરૂમહારાજને વિનંતિ કરી કે, હે ભગવન્! હવે આપસાહેબનું શરીર જરાથી ( વૃદ્ધાવસ્થાથી ) જર્જરિત થઇ ગયું છે, અને તેથી હવે તે શરીર વિહાર કરવાને સમર્થ નથી. માટે આપ અહીંજ સ્થિરવાસ કરો ? ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, હે ઉત્તમ શ્રાવકો ! સંઘની આજ્ઞા તો શ્રીતીર્થંકરમહારાજને પણ માન્ય કરવી પડે છે. પરંતુ આજદિનસુધી ચતુર્માસવિના હું કયાંય પણ સ્થિરવાસ કરીને રહેલ

નથી તો પણ વર્તમાનયોગે હું તમારી વિનંતી મારા ધ્યાનમાં લઈશ. ગુરૂમહારાજે એમ કહેવાથી તે સકલ સંઘે ત્યાં ચતુર્માસ કરવામાટે વિનંતી કરી. એવીરીતના તેઓના આગ્રહથી તે ગુરૂમહારાજ પોતાના પરિવારસહિત વિક્રમસંવત ૧૬૬૯ માં તે પાલણપુર નગરમાંજ ચતુર્માસ રહ્યા. હવે ત્યાંના નવાબની કરિમા નામની એક પ્રાણપ્રિય બેગમ છ માસથી એકાંતરીયા તાવથી પીડાતી હતી. નવાબસાહેબે તેણીનો તે તાવ દૂર કરવામાટે ઘણા ઘણા ઉપાયો કર્યા, તથા તે માટે ઘણા ઘણા વૈદ્યો તથા હકીમોને બોલાવ્યા. અને તેઓએ ઘણાઘણા પ્રકારનાં ઔષધો કર્યાં, તો પણ તે બેગમસાહિબાને કોઇ પણ પ્રકારનો ફાયદો થયો નહી. તથા તે તાવથી ધીમે ધીમે તેણીનું શરીર અત્યંત ખિન્ન અને દુર્બલ થઇ ગયું. તે જોઈને નવાબ અત્યંત ચિંતાતુર થઇ પોતાના હૃદયમાં ખેદ પામવા લાગ્યો. પછી એક સમયે તે નવાબની પાસે રાજ્યના કોઈએક મંત્રિએ કહ્યું કે, સાહેબ ! અહીં જૈનશ્રાવકોના એક વૃદ્ધ યતિ આવેલા છે, અને તે મહા ઇલમવાળા સંભળાય છે. તેમને બોલાવીને આપણાં બેગમસાહેબને નજરે કરો ? ખરેખર તે મહાઇલમવાળા યતિ કોઇ પણ ઉપાયથી બેગમસાહેબના તાવને દૂર કરશે. એવીરીતનાં તેનાં વચનો સાંભળીને અત્યંત ખુશી થયેલા તે નવાબસાહેબ પોતેજ ઉત્સુક થયાથકા થોડા પરિવારસહિત અકસ્માતથીજ ગુરૂમહારાજને ઉપાશ્રયે આવ્યા તે અવસરે ગુરૂમહારાજ તો ત્યાં એકઠી થયેલી સભાપાસે વ્યાખ્યાન વાંચતા હતા. પછી તે નવાબસાહેબ પણ ગુરૂમહારાજને નમસ્કાર કરીને તે સભામાંજ બેસી ગયા. તે વખતે તે શ્રાવકો અને શ્રાવિકાઓ આદિની એકઠી થયેલી સર્વ સભા તો તે નવાબસાહેબને ત્યાં આવેલા જોઇને આશ્ચર્ય પામતીથકી પોતાના હૃદયમાં વિવિધપ્રકારના તર્કવિતર્કો કરવા લાગી. પછી તે નવાબસાહેબને ત્યાં બેઠેલા શ્રાવક શેઠીયાઓએ ઘણા સન્માનપૂર્વક સર્વની આગળ ગુરૂમહારાજની પાટ પાસે બેસાડયા. નમસ્કાર કરતા એવા તે નવાબસાહેબને ગુરૂમહારાજે પણ મહોટા સ્વરથી ધર્મલાભ આપ્યો. પછી અવસર જાણનારા ગુરૂમહારાજે પણ તુરતજ પોતાનું વ્યાખ્યાન સંપૂર્ણ કર્યું. તેવારપછી તે નવાબસાહેબે ઉભા થઇ હાથ જોડી ગુરૂમહારાજને પોતાની બેગમનો વૃત્તાંત કહી વિનંતિ કરી કે, હે પૂજ્ય ! મારાપર કૃપા કરીને આપસાહેબ તેણીની તાવની બિમારી દૂર કરો ? ત્યારે ગુરૂમહારાજે પણ જિનશાસનની પ્રભાવના કરવામાટે શ્રીમાન્

રત્નસાગરજી નામના પોતાના ઉપાધ્યાયજીને ત્યાં જવાનો હુકમ કર્યો. એવીરીતે ગુરૂમહારાજે હુકમ કરેલા એવા તે શ્રીરત્નસાગરજી ઉપાધ્યાય પણ ત્યાં નવાબસાહેબના જનાનખાનામાં તે બેગમની પાસે જવાને તૈયાર થયા. ત્યારે તે નવાબસાહેબે પણ તેમને બેસવામાટે પોતાની પાલખી આપવા માંડી. ત્યારે ઉપાધ્યાયજીએ કહ્યું કે, હે નરેંદ્ર! અમો મુનીઓ વાહનપર બેસીએ નહી. પગે ચાલીનેજ અમો ત્યાં આપના અંતઃપુરમાં આવીશું. તે સાંભળી આશ્ચર્ય પામેલા તે નવાબસાહેબ પણ તે ઉપાધ્યાયજીમહારાજની સાથેજ પોતાના પરિવારસહિત પગે ચાલીનેજ પોતાના અંતઃપુરમાં આવ્યા. ગુરૂમહારાજ પણ ઇર્યાવહી પડિક્કમીને એક બાલસાધુસહિત તે નવાબસાહેબની સાથે જનાનખાનામાં તે બેગમપાસે આવ્યા. તે સમયે ત્યાં તે બેગમ પણ શીતયુક્ત તાવથી પીડાતીથકી, તથા જેના શરીરમાં ફક્ત હાડકાં અને ચામડીજ રહેલી છે એવી થઇથકી, પલંગપર સુતી સુતી રૂદન કરતી હતી, તથા મૃત્યુની ઇચ્છા કરતી હતી.

પછી ગુરુમહારાજ પણ નવાબની આજ્ઞા લેઇને તે બેગમના પલંગપાસે સ્થાપન કરેલી એક પાટને પોતાના ઓઘાથી પ્રમાર્જન કરી તેપર બેઠા. નવાબસાહેબ પણ ત્યાં એક ખુરસીપર બેઠા. પછી તે શ્રીમાન્ રત્નસાગરજી ઉપાધ્યાયજીની આજ્ઞાથી એક દાસીએ ધોયેલી સફેદ સાડી લાવીને ઉપાધ્યાયજીને આપી, પછી ઉપાધ્યાયજી મહારાજે પણ મહાકાલીદેવીનું ધ્યાન ધરીને, તથા તે કપડાની સફેદ સાડીને જવરાપહારમંત્રથી મંત્રીને તે સાડી પાછી દાસીને આપી. પછી ગુરુમહારાજે આજ્ઞા કરવાથી તે દાસીએ તે સાડીવડે બેગમસાહેબનું સમસ્ત શરીર ઢાંકી દીધું. પછી ગુરુમહારાજે ઉઠીને પોતાનો ઓઘો તેણીના પલંગપર અધર આકાશમાં ફેરવ્યો, તથા પોતાના મનમાં જવરાપહારમંત્રનો પાઠ કર્યો. થોડા વખત પછી ગુરુમહારાજે હુકમ કરવાથી તે દાસીએ તે સાડીને બેગમના શરીરપરથી ઉતારીને એક પાટલાપર રાખી. તે વખતે તે નવાબસાહેબ તો એક મુંગા માણસનીપેઠે મૌનજ ધારી બેઠા હતા, તે તે સઘળી ક્રિયા જોતા હતા. તેજ ક્ષણે તે બેગમસાહેબ પણ તાવ ઉતરી જવાથી બીછાનાપરથી ઉઠીને લજ્જાથી નીચું મુખ રાખી બેઠી, તથા હાથ જોડીને તેણીએ ઉપાધ્યાયજીમહારાજને નમસ્કાર કર્યો. એવીરીતે પોતાની તે બેગમને તાવરહિત થયેલી જાણીને નવાબસાહેબે પણ ખુશી થઇ એકહજાર અસરફી ( સુવર્ણના સિક્કા )

તે ઉપાધ્યાયજીના ચરણોમાં મૂકીને નમસ્કાર કર્યો. ત્યારે ઉપાધ્યાયજીએ કહ્યું કે, હે રાજન્! અમો નિસ્પૃહી મુનિઓ દ્રવ્યને સ્પર્શ પણ કરીયે નહી. આ દ્રવ્યને તો કાળા નાગસરખું ભયંકર જાણીને અમોએ તેનો ત્યાગ કરી આ સાધુપણું અંગીકાર કર્યું છે. એવીરીતે તેમનું નિસ્પૃહીપણું જાણીને નવાબસાહેબ તો પોતાના મનમાં ઘણુંજ આશ્ચર્ય પામ્યા. એવામાં પાટલાપર પડેલી કપડાની તે સાડીને કંપતી જોઇને ભય પામેલા નવાબસાહેબે ગુરૂમહારાજને તેનું કારણ પૂછયું. ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, બેગમસાહેબના શરીરમાં છમાસ થયાં જે શીતજ્વર રહેલો હતો, તે આ સાડીની અંદર દાખલ થયેલો છે, અને તેથી આ સાડી કંપી રહેલી છે. વળી આ સાડી આવીજ રીતે છમાસસુધી કંપ્યા કરશે. હવે આ સાડી કોઇયે પણ પોતાના શરીરપર ધારણ કરવી નહી. જમીનની અંદર પાંચહાથ ઉંડા ખાડો ખોદીને તેમાં આ સાડીને દાટી દેવી, તથા તેપર ધુલિઆદિક નાખીને તે ખાડો પૂરીને સરખી જમીન કરી લેવી, તથા તેપર કાંટાઆદિક પાથરી દેવા. એવીરીતે ત્યાં નાખેલા તે કાંટાઆદિક પણ વાયુવિના છમાસસુધી કંપ્યા કરશે. એમ કહીને બેગમ તથા નવાબસાહેબથી નમસ્કાર કરાયેલા તે શ્રીરત્નસાગરજી ઉપાધ્યાય પણ બાલસાધુસહિત ઉપાશ્રયે આવ્યા, તથા ત્યાં ગુરૂમહારાજને વંદન કરીને, તે સઘળો વૃતાંત નિવેદન કરી આહારપાણી કર્યાં. પછી ભય પામેલા તે નવાબે તો તુરતજ તે સાડીને પોતાના નોકરો મારફતે વનની અંદર ગુરૂમહારાજે કહેલી વિધિમુજબ જમીનમાં દટાવી દીધી. પછી પોતાની તે બેગમને તાવરહિત થયેલી, તથા આનંદ કરતી જોઇને અત્યંત ખુશી થયેલા નવાબસાહેબ ભોજન કર્યાબાદ બેહજાર અસરફીઓ સાથે લેઇને પરિવારસહિત ગુરૂમહારાજ પાસે આવ્યા. તથા ત્યાં ગુરૂમહારાજને નમસ્કાર કરી તે નવાબસાહેબે બેહજાર અસરફીઓ તેમના આગળ ભેટ ધરી. ત્યારે ગુરૂમહારાજે તેમને કહ્યું કે, હે રાજન્! અમો હમેશાં દ્રવ્યઆદિક પરિગ્રહને તજીને નિસ્પૃહીજ રહીયે છીયે. કેવળ અમારા આત્માનો અને પરનો ઉપકાર કરવામાંજ તત્પર રહી દયામય ચિત્તવાળા થયાથકા આ પૃથ્વીપર વિચરીયે છીયે. પછી તે નવાબસાહેબના અત્યંત આગ્રહથી ગુરૂમહારાજે હુકમ કરેલા શ્રાવકોએ તે દ્રવ્યવડે ત્યાં એક મનોહર ઉપાશ્રય કરાવ્યો. પછી ગુરૂમહારાજના ઉપદેશથી તે નવાબે તથા તેની

તે બેગમે માંસમદિરા ત્યાગ કરવાનાં પચ્ચખાણ કર્યાં. પછી અનુક્રમે શરીર સુધરી ગયાબાદ તે બેગમ ચતુર્માસની અંદર હમેશાં ગુરુમહારાજને વાંદવામાટે આવતી, તથા ત્યાં ( શ્રાવકશ્રાવિકાઓને ) શ્રીફલઆદિકની પ્રભાવના આપતીથકી પુણ્ય ઉપાર્જન કરતી હતી. હવે ચતુર્માસ સંપૂર્ણ થયાબાદ ગુરુમહારાજ ત્યાંથી વિહાર કરી પોતાના પરિવારસહિત વૃદ્ધપણાથી ધીમે ધીમે ગિરનારપર્વતપાસેના જીર્ણદુર્ગ ( જુનાગઢ ) નામના નગરમાં પધાર્યા. તથા ત્યાં ગિરનારપર્વતપર ચડીને શ્રીનેમિનાથપ્રભુનાં દર્શન કરી તેઓ પોતાના આત્માને સફલ માનવા લાગ્યા. પછી તે પર્વતપરથી ઉતરીને તથા સેસાવનમાં યાત્રા કરીને, યતિઓના સમૂહથી વીંટાયાથકા તેઓ જુનાગઢનગરમાં પધાર્યા. ત્યાં ગાંધીગોત્રવાળા લક્ષ્મીચંદ્રઆદિક સકલસંઘે મળીને તેમનો ઘણા સન્માનપૂર્વક પ્રવેશમહોત્સવ કર્યો. હવે તે શ્રીધર્મમૂર્તિસૂરિજીનું વૃદ્ધાવસ્થાથી જર્જરિત થયેલું શરીર જોઇને ત્યાંના સંઘે ત્યાં નિવાસ કરવામાટે આગ્રહથી વિનંતિ કરી. પરંતુ ઉગ્ર વિહાર કરનારા તે ગુરુમહારાજે ત્યાં માસક્ષમણજ કર્યું. તેવારપછી ત્યાંથી વિહાર કરીને તેઓ પ્રભાસપાટણનામના નગરમાં પધાર્યા, તથા ત્યાંના સંઘે મહોત્સવપૂર્વક તેમનો નગરમાં પ્રવેશ કરાવ્યો. હવે ત્યાં તેમણે એક વખતે પોતાના સઘળા મુનિઓના પરિવારને એકઠો કર્યો. પછી એકવખતે તે શ્રીધર્મમૂર્તિસૂરીશ્વરજીએ મધ્યરાત્રિએ ગચ્છની અધિષ્ઠાયિકા એવી શ્રીમહાકાલીદેવીનું સ્મરણ કર્યું. ત્યારે તે દેવી પણ તેજ સમયે ત્યાં તેમની પાસે પ્રકટ થયાં, તોપણ ગુરુમહારાજે તેણીને દીઠી નહી. દેવીએ પોતાના દિવ્ય પ્રભાવથી ઉદ્યોત કર્યો, તોપણ ગુરૂમહારાજે તેમને જોયાં નહી. એવીરીતે તેણીના ન દેખાવાથી જેવામાં ગુરૂમહારાજ ચિંતાતુર થાય છે, તેવામાં ઉપયોગ દેવાથી તે દેવીએ તે ગુરૂમહારાજનું આયુ હવે બાકી પાંચ દિવસોનું છે એમ જાણ્યું, અને તેથીજ ગુરૂમહારાજે તે દેવીને જોયાં નહી. ત્યારે તુરતજ તે દેવીએ ગુરૂમહારાજને કહ્યું કે, હે પૂજ્ય! આજે આપે મારૂં શામાટે સ્મરણ કર્યું છે? એવીરીતની તે દેવીની વાણી સાંભલીને આશ્ચર્ય પામેલા ગુરૂમહારાજે કહ્યું કે, હે માતાજી! આજે હું આપને કેમ જોઇ શકતો નથી? ત્યારે તે દેવીએ કહ્યું કે, હે પૂજ્ય! સ્વલ્પ આયુવાળા માણસોને પ્રાયે કરીને પ્રત્યક્ષ દેવોનું દર્શન દુર્લભ હોય છે. પછી ગુરુમહારાજે કહ્યું કે, હે માતાજી! આજે કોઇ મહાન્

કાર્યમાટે મેં આપનું સ્મરણ કરેલું છે, તેમાંથી એક તો તમો મારાં આયુનું પ્રમાણ કહો? તથા બીજું હવે ગચ્છેશનું પદ મારે કોને દેવું? અને ત્રીજું એ કે અર્બુદાદેવીએ આપેલી વિદ્યા મારે કોને આપવી? ત્યારે તે દેવીએ કહ્યું કે, હે પૂજ્ય! હવે આપનું આયુ ફક્ત પાંચ દિવસોનું બાકી છે. વળી દીક્ષાપર્યાયથી જોતાંજો કે લઘુ છે, છતાં પણ મહાન્ એવા શ્રીકલ્યાણસાગરસૂરિજીને તમારે ગચ્છેશની પદવી આપવી, કેમકે આજે પણ તે જિનશાસનનો ઉદ્યોત કરનારા દેખાયછે, અને આગામિકાળમાં પણ તે તેવાજ નિવડશે. તેમ તે વિદ્યાઓ પણ તેમનેજ આપવી. કેમકે હું પણ તેમને સાંનિધ્ય કરું છું, અને હવે પછી પણ કરીશ. એમ કહી તે દેવી પોતાના સ્થાનકે ગઇ. પછી પ્રભાતે શ્રીધર્મમૂર્તિસૂરિજીએ શ્રીકલ્યાણસાગરસૂરિજીને એકાંતમ બોલાવીને સૂરિમંત્રપૂર્વક આકાશગામિની તથા અદૃશ્યકારિણીઆદિક વિદ્યાઓ આપી. ત્યારબાદ તેમણે તેમને કહ્યું કે, હે વત્સ! હવે તમારે ગચ્છનો ભાર ઉપાડીને જિનશાસનની પ્રભાવના કરવી. તેમજ વળી કંઈ પ્રયોજન આવી પડયે તમારે ગચ્છનાં અધિષ્ઠાયિકા એવાં શ્રી-મહાકાલીદેવીજીનું સ્મરણ કરવું. તેમજ યોગ્ય પટ્ટધરને જોઇને, તથા તેની પરીક્ષા કરીને તેને આ વિદ્યાઓ આપવી. એમ કહીને તે શ્રીધર્મમૂર્તિસૂરિજીએ બીજા પણ કેટલાક મંત્રોની આમ્નાયો તેમને આપી. પછી શ્રીરત્નસાગરઉપાધ્યાયજી આદિક સઘળા પરિવારને એકઠો કરીને તેમણે તેઓને કહ્યું કે, હવેથી તમો સઘળાઓએ આ શ્રીમાન્ કલ્યાણસાગરસૂરિજીની આજ્ઞામાં રહેવું. ત્યારે તેઓ સર્વેએ એવીરીતનું ગુરૂમહારાજનું વચન પ્રમાણ કર્યું. પછી નિશ્ચિત થયેલા તે શ્રીધર્મમૂર્તિસૂરિજી પાંચ દિવસોનું અનશન કરીને સમાધિમાં ત-ત્પર થયાથકા, તથા પંચપરમેષ્ટિના નમસ્કારનું ધ્યાન ધરતાથકા, કોઇ પણ જાતની વ્યાધિવિનાજ વિક્રમ સંવત ૧૬૭૦ ના ચૈત્રસુદ પુનમને દિવસે સૂર્યોદયસમયે સ્વર્ગલોકમાં ગયા. પછી શ્રાવકોએ મળીને મનોહર માંડવીમાં તેવીજરીતે પદ્માસને રહેલું તેમનું શરીર સ્થાપન કર્યું. પછી ત્રીવેણીના સંગમપર આવેલાં પ્રભાસતીર્થમાં ચંદનઆ-દિક ઉત્તમ કાષ્ટોવડે તેમનાં શરીરનો અગ્નિસંસ્કાર કર્યો. પછી સંઘે તે સ્થાનકે એક દેરી બંધાવીને તેમાં તેમનાં ચરણોની સ્થાપના કરી. પછી ત્યાંના સંઘે મળીને વિક્રમસંવત ૧૬૭૦ના ચૈત્રવદ ત્રીજને દિ-વસે શ્રીમાન્ કલ્યાણસાગરસૂરિજીને મહોત્સવપૂર્વક ગચ્છેશની પદવી

આપી. એવીરીતે મહાપ્રભાવિક એવા આ શ્રીધર્મમૂર્તિસૂરિજીએ "ષડાવશ્યકવૃત્તિ" તથા "ગુણસ્થાનક્રમારોહબૃહદ્વૃત્તિ" નામના બે ગ્રંથો રચેલા છે.

તેમના પરિવારમાં સાત મહોપાધ્યાયો, પાંચ ઉપાધ્યાયો, નવ પ્રવર્તકપદને ધરનારા, તથા ક્યાસી બીજા યતિઓ હતા. સાધ્વીઓના પરિવારમાં પાંચ મહત્તરા, અગ્યાર પ્રવર્તિનીઓ, તથા સતાવન બીજી સાધ્વીઓ હતી. તેઓમાના સાત મહોપાધ્યાયો નીચે મુજબ હતા—૧ શ્રીરત્નસાગરજી, ૨ શ્રીવિનયસાગરજી, ૩ શ્રીઉદયસાગરજી, ૪ શ્રીદેવસાગરજી, ૫ શ્રીસૌભાગ્યસાગરજી, ૬ શ્રીલબ્ધિસાગરજી, તથા ૭ શ્રીસુરસાગરજી. વળી પાંચ ઉપાધ્યાયોનાં નામો નીચે મુજબ હતાં—૧ સકલમૂર્તિ, ૨ નાથાચંદ્રગણી, ૩ માણિક્યચંદ્રગણી, ૪ રાજમૂર્તિ, તથા ૫ સકલકીર્તિ. કેટલાક મહોપાધ્યાયોના પરિવારમાં સાગરસાખા નિકળી. અને ઉપાધ્યાયોના પરિવારમાં મૂર્તિશાખા, ચંદ્રશાખા તથા કીર્તિશાખા ચાલુ થઈ. જ્ઞાનવર્ધન આદિક પ્રવર્તકપદના ધારનારાઓના પરિવારમાં વર્ધન આદિક અનેક શાખાઓ નિકલી છે. તે તે શાખાઓમાં થયેલા યતિઓએ પોતપોતાની પટ્ટાવલી જૂદીજૂદી લખેલી છે. તે જાણવાના અર્થીઓએ તે તે પટ્ટાવલીઓ જોઇ લેવી, કેમકે તે તે પટ્ટાવલીઓમાં તેઓનો વિસ્તારસહિત વૃત્તાંત લખેલો છે, ગ્રંથવિસ્તારના ભયથી તે વૃત્તાંત મેં અહીં લખ્યો નથી.

એ સર્વ યતિવર્ગમાં વય, દીક્ષા, તથા જ્ઞાનપર્યાયથી મહોટા, એવા શ્રીરત્નસાગરજી ઉપાધ્યાય રાજાના મંત્રીનીપેઠે શ્રીમાન્ કલ્યાણસાગરસૂરિજીની સેવા કરતાથકા, તથા સઘળા યતિસમુદાયને તુલ્ય દૃષ્ટિથી જોતાથકા, તેમજ સર્વને ગ્રહણા, આસેવનાઆદિકની શિક્ષા દેવાને તત્પર, તેમજ આગમ, ન્યાયશાસ્ત્ર, કાવ્ય, તથા સાહિત્યશાસ્ત્રઆદિકમાં નિપુણ, તેમજ સ્વભાવથીજ અમૃતસરખી મધુરવાણીવાળા થયાથકા સમસ્ત ગચ્છની સારસંભાળ કરતા હતા. વળી તેઓએ પણ જુદાંજુદાં ગામો તથા નગરોમાં ઘણા શ્રાવકોને પ્રતિબોધ્યા છે. તેમજ તેમના ઉપદેશથી અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ થયેલી છે. ઇત્યાદિક તેમના પરિવારનું વર્ણન તેમના પ્રશિષ્ય શ્રીવૃદ્ધિસાગરજીએ રચેલા ચોઢાલીયાથી જાણી લેવું ગ્રંથવિસ્તારના ભયથી અહીં લખ્યું નથી.

આ શ્રીધર્મમૂર્તિસૂરિજીના ઉપદેશથી થયેલી બીજી કેટલીક જૈનપ્રતિમાઓની પ્રતિષ્ઠા નીચે જણાવ્યા મુજબ જાણવામાં આવેલી છે.




जन्म—गाम लोलाडा.
वि. सं. १६३३ असाड सुद २

स्वर्गगमन-कच्छ-भुज.
वि. सं. १७१८ वैशाक शुद ३

| સંવત. | તિથિ | પ્રતિષ્ઠાકરાવનારની જ્ઞાતિવિગેરે. | પ્રતિષ્ઠાકરાવનારનું નામ. | ગામ | મૂર્તિનીસંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧૬૨૯ | મહાસુદ ૧૩ બુધ | શ્રીશ્રીમાલી | રામલશા | ૦ | ૨૩ |
| ૧૬૬૮ | પોષવદ ૮ રવિ | ઓશવાળ મીઠડીયા | વાઘજી | રાજનગર | |
| ૧૬૪૪ | ફાગણસુદ ૨ રવિ | શ્રી શ્રીમાલી | નાકર | અમદાવાદ | ૫ |
| ૧૬૫૪ | મહાવદ ૯ રવિ | શ્રી શ્રીમાલી | ભીમજી | ૦ | " ૧૧ |
| ૧૬૫૪ | માગસરવદ૯રવિ | ૦ | ડુંગર | ગંધાર | ૭ |
| ૧૬૫૯ | મહા સુદ ૫ શુક્ર | ૦ | કુંપા | વાકૂપત્રાકા (બાહુડમેર) | પાર્શ્વનાથજી નોમાસાદ |

## ॥ ૬૪ ॥ શ્રીકલ્યાણસાગરસૂરિ ॥

( તેમનું વૃત્તાંત નીચે મુજબ છે. )

વઢીયારનામના મનોહર દેશમાં ફરતી અનેક વાડીઓથી મનોહર એવું લોલાડાનામે એક ગામ છે. તે ગામમાં શ્રીમાલીજ્ઞાતિનો તથા કોઠારીવંશમાં મુક્તાફલસરખો, અને જૈનધર્મમાં રક્ત થયેલો, તથા દેવગુરૂની ભક્તિ કરવામાં તત્પર " નાનિગ " નામે એક શ્રાવક વસતો હતો. તેને રૂપ, સૌભાગ્ય તથા શીલઆદિક અનેક ગુણોના સમૂહથી શોભાયમાન થયેલી નામિલદે નામની સ્ત્રી હતી. હવે એક સમયે તે નામિલદેએ સુખે સુતાં-થકાં રાત્રિના અંત સમયે સ્વપ્નમાં આકાશમાં પૂર્વદિશામાં ઉગતો સૂર્ય જોયો. તે સ્વપ્ન જોઇને તે તેજ સમયે જાગી ઉઠી, તથા રાત્રિના બાકી રહેલા ભાગને તેણીએ જિનેશ્વરપ્રભુની સ્તુતિઆદિકથી વ્યતીત કર્યો. પછી પ્રભાતે તેણીએ પોતાના તે સ્વપ્નનો વૃત્તાંત પોતાના સ્વામિને કહી સંભળાવ્યો. ત્યારે ભદ્રિક પરિણામવાળા તે નાનિગશેઠે તેણીને કહ્યું, હે પ્રિયે! એવાં સ્વપ્નો તો માણસોને હમેશાં આવ્યાજ કરે છે. તોપણ

આપણા કુલગુરૂ ( ગોર ) શ્રીધરમહારાજ હમણાજ અહીં ભિક્ષા માગવામાટે આવશે, તેને તારે આ સ્વપ્નના ફલસંબંધી પૂછી જોવું. કેમકે તે જ્યોતિષશાસ્ત્ર જાણે છે, તેથી તારાં મનનું તે સમાધાન કરશે. એમ કહી તે નાભિગશેઠ તો કુંચી લેઈને પોતાની દુકાને ગયા. પછી તે નાભિલદેવી સ્નાન કરીને, તથા નિર્મલ શ્વેત સાડી પહેરીને, અને ગાય દોહીને, હાથમાં દાતણ લેઈ પોતાના ઘરના આંગણામાં રહેલી એક પાટપર બેઠી, એવામાં તે શ્રીધરનામનો તેમનો ગોરબ્રાહ્મણ પણ ફરતો ફરતો ભિક્ષા લેવામાટે મુખથી મહોટા સ્વરવડે આશીર્વાદ બોલતોથકો, તથા વૃદ્ધાવસ્થાને લીધે હાથમાં રાખેલી લાકડીને ભૂમિપર અફાળતોથકો તેણીના ઘરના આંગણાંમાં આવ્યો. ત્યારે તે નાભિલદેવીએ પણ ઉઠીને હમેશના નિયમમુજબ તે બ્રાહ્મણને મૂઠી ભરી ઘઉંનો આટો આપ્યો. પછી તે નાભિલદેવીએ તેને કહ્યું કે, હે મહારાજ! આજતો મારે તમોને એક પ્રશ્ન પૂછવો છે. તે સાંભળી મહાચતુર એવો તે બ્રાહ્મણ પણ વિશેષ લાભની ઇચ્છાથી મનમાં આનંદ પામતોથકો પાસે પડેલા એક ખાટલાપર બેઠો, તથા મહોટા સ્વરથી આશીર્વાદના શ્લોકો બોલતાંથકાં તેણે પ્રાયેં જીર્ણતાનેલીધે ફાટી તુટી ગયેલા ચીંથરીયા દુપટ્ટાને છેડે બાંધેલું એક ટીપણું કહાડ્યું. એવામાં તે નાભિલદેવી પણ ઘરમાં જઇ, ઘૃત, ગોળ, ઘઉંનો આટો, તથા ખીચડીઆદિકથી ભરેલો થાળ પોતાના હાથમાં લેઈને પોતાની સોમાદેનામની સાતવર્ષની વયવાળી પુત્રીસહિત ત્યાં આવી, તથા તે બ્રાહ્મણની સામે કાષ્ટની પાટપર બેઠી. પછી તે વૃદ્ધ બ્રાહ્મણ તો તે ઘૃતગોળ આદિકથી ભરેલો થાળ જોઇને પોતાના મનમાં અત્યંત ખુશી થયોથકો " કલ્યાણમસ્તુ ધનધાન્યસમૃદ્ધિરસ્તુ " ( તમારૂં કલ્યાણ થાઓ? તમારા ઘરમાં ધનધાન્યની વૃદ્ધિ થાઓ ? ) ઇત્યાદિક કાવ્યો મહોટા સ્વરથી ભણવા લાગ્યો, તથા પોતાનું તે મહોટું ટીપણું આખુંયે ઉખેડીને તેણે તે ખાટલાપર પાથરી દીધું. પછી તે નાભિલદેવીએ લજ્જાથી જરા પોતાનું મુખ નીચું નમાવીને, તથા તે વૃદ્ધ બ્રાહ્મણનીપાસે તે થાળ મૂકીને, તથા તેપર અખંડિત નવ સોપારી મૂકીને તેને પૂછ્યું કે, હે મહારાજ ! આજે મેં રાત્રિના અંતસમયે સ્વપ્નની અંદર આકાશમંડલમાં પૂર્વદિશામાં સૂર્યને ઉદય પામતો જોયો છે, તે સ્વપ્નનું મને શું ફલ થશે ? તે સાંભળી મનમાં આશ્ચર્ય પામેલા તે બહુશ્રુત વૃદ્ધ બ્રાહ્મણે પોતાની બુદ્ધિના પ્રભાવથી


જાણીને કહ્યું કે, હે પુત્રિ! તમોને એક મહાભાગ્યશાલી પુત્ર થશે, ખરેખર આ શુભ સ્વપ્નનું તમોને તેવું ફલ પ્રાપ્ત થશે. તે સાંભળી મનમાં હર્ષ પામેલી તે નામિલદેવીએ તે થાળમાં રહેલું ઘૃત, ગોળઆદિક સઘળું તે વૃદ્ધ બ્રાહ્મણને સમર્પણ કર્યું. તે વખતે વાચાલ એવી તે સોમાદેવીબાલિકાએ તે બ્રાહ્મણને કહ્યું કે, મહારાજ! આજે તો આના લાડુ બનાવીને ખુબ ભોજન કરજો? એવીરીતનાં તે બાલિકાનાં વચનો સાંભળીને (જાતિસ્વભાવથી) જેની તૃષ્ણા તૃપ્ત થયેલી નથી, એવા તે વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું કે, પુત્રિ! અમો ઘરમાં ચાર મનુષ્યો (જમનારા) છીયે, અને આ ઘૃતગોળઆદિક તો ફક્ત બે માણસોનાં ભોજનપૂરતાં છે! તે સાંભળી તે નામિલદેવીએ તેને સંતુષ્ટ કરવામાટે કહ્યું કે, મહારાજ! આજે તો તમારે તમારાં તે કુટુંબસહિત અહીં મારાં ઘરનાં આંગણામાંજ રસોઈ કરીને મોદકઆદિનું ધરાઈને ભોજન કરવું, અને આજે અમો પણ તમોએ બનાવેલી રસોઇનો સ્વાદ લેઈશું. એમ કહી તેણીએ બીજી પણ રસોઇની સામગ્રી તે બ્રાહ્મણને આપી. ત્યારે તે બ્રાહ્મણ પણ પોતાના જાતિસ્વભાવથી વિચારવા લાગ્યો કે, સારું થયું કે, પાણી, બળતણવિગેરેના ખરચનો લાભ થયો! પછી તે બ્રાહ્મણ ઘેર જઇ અને પુત્રોસહિત પોતાની સ્ત્રીને પણ ત્યાં લાવ્યો. પછી ખુશી થયેલું એવું તે બ્રાહ્મણનું કુટુંબ ત્યાં ઘરના આંગણામાં અગ્નિ સળગાવી રસોઈ કરવા લાગ્યું. હવે તે નામિલદેવી પોતાની પુત્રી સોમાદેવીને ત્યાં મુકીને પોતે જિનેશ્વરપ્રભુની પૂજા કરવામાટે ગઇ.

પછી તે શ્રીધરમહારાજ પણ પાટપર બેઠેલી તે મધુરભાષિણી સોમાદેવીને રમાડતોથકો પોતાની સ્ત્રીસહિત તુરત રસોઇનું કાર્ય કરવા લાગ્યો. હવે જિનેશ્વરપ્રભુની પૂજા કર્યાબાદ તે નામિલદેવી પણ ઘેર આવીને બેઠી. એવામાં તે ભોજન સમયે ત્યાં પોતાને ઘેર આવેલો તે નાગિલશેઠ પણ ઘરના આંગણામાં કુટુંબસહિત રસોઇ કરતા એવા તે શ્રીધરભટ્ટને જોઇને ક્ષણવાર વિસ્મય પામ્યો. પછી તેને તે સ્વપ્નનું વૃત્તાંત યાદ આવવાથી તેણે પોતાના મનમાં તેના કારણસંબંધી નિશ્ચય કરી લીધો. પછી તે શ્રીધરભટ્ટ પણ નાગિલશેઠને ત્યાં આવેલા જોઇને હર્ષથી કુટુંબસહિત પૂર્વે કહેલાં આશીર્વાદનાં કાવ્યો મહોટા સ્વરથી ભણવા લાગ્યો. એવામાં તે સોમાદેવીએ પોતાના બાલ્યપણાના ચપલ:

સ્વભાવથી તે સઘળો વૃત્તાંત મધુર બાલ્યવાણીથી પોતાના પિતાને કહી સંભળાવ્યો. નાનિગશેઠ પણ ખુશી થયાથકા પોતાની તે બાલકીને પોતાના ખોળામાં બેસાડીને ત્યાં ઘરના આંગણામાંજ બેસીને તે શ્રીધરભટ્ટની સાથે વિવિધપ્રકારનો વાર્તાલાપ કરવા લાગ્યા. એવામાં તે નામિલદેવી પણ ઘરમાંથી ત્યાં આવ્યાં, ત્યારે તે શ્રીધરભટ્ટે નાનિગશેઠને કહ્યું કે, હે શેઠજી! આજે આ નામિલદેવીએ જે સ્વપ્ન જોયું છે, તેને અનુસારે તેણીને એક ભાગ્યશાલી પુત્ર થશે. તે સાંભળી તે નાનિગશેઠ પણ પોતાના મનમાં ખુશી થયા. પછી ભોજન કર્યાબાદ સંતુષ્ટ થયેલો તે શ્રીધરભટ્ટ પણ દક્ષિણા લેઇને તથા આશીર્વાદ દેઇને પોતાના કુટુંબસહિત ઘેર ગયો. હવે તે નામિલદેવી પણ સુખે સમાધે ગર્ભને ધારણ કરવા લાગ્યાં. પછી અનુક્રમે નવ માસ ઉપરાંત સાત દિવસો ગયે છતે નામિલદેવીયે સૂર્યસરખા એક મહાતેજસ્વી પુત્રને જન્મ આપ્યો. પછી માતાપિતાએ તે બાળકનું " કોડીન " નામ પાડ્યું. એવીરીતે તે ભાગ્યશાલી કોડીનનો જન્મ અસાડસુદ બીજને દિવસે થયો હતો. તેની જન્મકુંડલી નીચે મુજબ હતી.

સંવત ૧૬૩૩ ના પ્રવર્તમાને સાકે ૧૪૯૯ પ્રવર્તમાને આષાઢ માસે શુકલપક્ષે તિથી ૨ વાર ગુરૌ સૂર્યોદિ ઘટી ૩૯ પ. ૫૦ સમયે આદ્રાનક્ષત્રે જન્મ.

॥ જન્મ કુંડલી ॥






અનુક્રમે બાલક્રીડા કરતોથકો તે કોડીન પોતાના માતાપિતાના મનમાં આનંદ ઉપજાવવા લાગ્યો. હવે એક સમયે તે નાનિગશેઠ વ્યાપાર કરવામાટે પરદેશમાં ગયા હવે અહિં તે કોડનકુમાર પણ અનુક્રમે જ્યારે પાંચ વર્ષનો થયો, ત્યારે તેની માતાએ વિદ્યાભ્યાસ કરવામાટે તેને પાઠશાળામાં અધ્યાપકપાસે મેલ્યો. એવામાં શ્રીધર્મમૂર્તિસૂરિજી વિચરતાથકા પોતાના પરિવારસહિત તે લોલાડાગામમાં પધાર્યા, ત્યારે સંઘ એકઠા થઇને મહોત્સવપૂર્વક તેમનો ગામમાં પ્રવેશ કરાવ્યો. તે સમયે તે નામિલદેવી પણ પોતાના પુત્ર તે કોડનસહિત ગુરૂમહારાજને વાંદવામાટે ઉપાશ્રયે આવી. તે અવસરે પાંચ વર્ષની ઉમરનો તે કોડન પણ ક્રીડા કરતોથકો ત્યાં બેઠેલા ગુરૂમહારાજ સાથે જાણે ઘણા કાળથી પરિચયવાળો હોય નહી.! તેમ ત્યાં જઇ તેમના ખોળામાં બેસી તથા તેમની મુહપત્તી લેઇ હસતોથકો રમવા લાગ્યો. પછી તે કોડને તે મુહપત્તી પોતાના મસ્તકપર સ્થાપન કરી. તે જોઇ તે આચાર્યમહારાજ પણ આશ્ચર્ય પામ્યા, તથા તેનાપર સ્નેહ ધારણ કરતાથકા તેના હાથની રેખાઓ જોવા લાગ્યા. તે રેખાઓ જોઇ ગુરૂમહારાજે પોતાના હૃદયમાં નિશ્ચય કર્યો કે, ખરેખર આ બાળક આગામીકાળમાં જૈનશાસનનો ઉદ્યોત કરનાર થવાનો છે. પછી તેની માતાએ બોલાવ્યા છતાં પણ તે કોડનકુમારે ગુરૂમહારાજના ખોળાનો ત્યાગ કર્યો નહી ત્યારે ગુરૂમહારાજે અત્યંત મધુર વચનોવડે તે નામિલદેવીને કહ્યું કે, હે સુલોચને! આ બાળકને તમો અમોને આપી દ્યો? કેમકે આગામીકાળમાં તે જૈનશાસનનો ઉદ્યોત કરનારો થશે. તે સાંભળી તેણીએ કહ્યું કે, હે ભગવન! આ બાળકના પિતા પરદેશમાં ગયેલા છે. વળી અમોને આ એકજ પુત્ર છે માટે મારા સ્વામિની આજ્ઞાવિના મારા આ પુત્રને હું આપને કેમ આપી શકું? તે સાંભળી ગુરૂમહારાજે વિચાર્યું કે, આ બાઇનાં વચનો વ્યાજબી યુકિતવાળાં છે, તેમ હજુ આ કોડન પણ બાળક છે, અને તેથી સંયમમાર્ગમાં વિચરતા એવા અમોને પણ આ બાળકને ઉછેરવામાં હજુ મુશ્કેલી આવશે. એમ વિચારી, ગુરૂમહારાજ મૌન રહ્યા. પછી તે નામીલદેવી પણ ગુરૂમહારાજને વંદન કરી કેટલીક મુશ્કેલીએ એટલે પરાણે પોતાના પુત્ર કોડનને લેઇ પોતાને ઘેર આવી. ગુરૂમહારાજ પણ તે બાળકને મેળવવામાટે યોગ્ય અવસરની રાહ જોતાથકા ત્યાંથી વિહાર કરી બીજે સ્થાનકે ગયા.

૩૫ શ્રી જૈન ભા. પ્રેસ—જામનગર.

હવે તે કોડન પણ પાઠશાલામાં અભ્યાસ કરતોથકો પોતાની બુદ્ધિના અધિકપણાથી અધ્યાપકના હૃદયમાં પણ આશ્ચર્ય પમાડવા લાગ્યો. અને હમેશાં પોતાની માતા સાથે તે જિનમંદિરમાં જાય છે. એવીરીતે ત્રણ વર્ષો ગયાબાદ તે નાનિગશેઠ પણ પરદેશથી પોતાને ઘેર આવ્યા, ત્યારે શિખેલા વિનયવાળો તે કોડન પણ પોતાના પિતાના ચરણોમાં પડયો, તેના પિતાએ પણ તેને પોતાના ખોળામાં બેસાડીને ચુંબનઆદિકથી આનંદ ઉપજાવ્યો. પછી તે નામિલદેવીએ ગુરૂમહારાજે કહેલો વૃત્તાંત પોતાના સ્વામિને કહી સંભળાવ્યો. તે સાંભળી તે નાનિગશેઠ પણ મનમાં આશ્ચર્ય પામી વિચારવા લાગ્યા કે, ખરેખર આ કોડન બાળક છે, છતાં પણ ધર્મકાર્યોમાં ઉત્સાહવાળો તથા બુદ્ધિવાન્ છે, માટે ખરેખર તે મહાપ્રભાવિક એવા શ્રીધર્મમૂર્તિ-સૂરિજીએ કહેલું વચન સત્ય થશે. એમ વિચારી તેણે પોતાની પત્નીને પૂછ્યું કે, હે પ્રિયે! તે બાબતના સંબંધમાં તારા મનમાં શો વિચાર આવે છે? ત્યારે મોહમુગ્ધ થયેલી તે નામિલદેવીએ કહ્યું કે, હે સ્વામી! હું તો મારા આ વહાલા તથા આધારરૂપ પુત્રને કોઇ પણ પ્રકારે ગુરૂ-મહારાજને આપવાની નથી. તે સાંભળી તે નાનિગશેઠે પણ તેણીને ખુશી કરવાને તેના વચનોને અનુમોદન આપ્યું.

હવે એવીરીતે અનુક્રમે પાઠશાલામાં અભ્યાસ કરતો તે કોડન પણ નવવર્ષોની ઉમરનો થયો. એવામાં તે શ્રીધર્મમૂર્તિસૂરિજી પણ વિચરતાથકા એક વખતે ફરીને પોતાના પરિવારસહિત તેજ લોલાડાના-મના ગામમાં પધાર્યા. ત્યારે સંઘે મહોત્સવસહિત તેમનો આદરસતકાર કર્યો, પછી ઉપાશ્રયમાં પધારી તે ગુરૂમહારાજ વરસાદની ગર્જનાસરખી ગંભીર વાણીથી ભવ્યજનોના મનમાં અત્યંત આનંદ ઉપજાવનારી તથા વૈરાગ્યરસથી ઘણા લોકોને સંવેગ ઉપજાવનારી ધર્મદેશના દેવા લાગ્યા. તે વખતે તે ધર્મદેશના સાંભળવામાટે કોડન પણ ત્યાં પો-તાના માતાપિતા સહિત આવ્યો. એવીરીતની ગુરૂમહારાજના મુખની ધર્મદેશના સાંભળીને જેના મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થયેલો છે, એવો તે કોડન સંસારનું અસારપણું જાણીને દેશનાને અંતે હાથ જોડીને ગુરૂમહારાજને કહેવા લાગ્યો કે, હે ભગવન્ હું આ નીરસ સંસારથી ઉદ્વેગ પામેલો છું, માટે તમો કૃપા કરીને મને દીક્ષા આપી આ ભયંકર સંસારસમુદ્રથી તારો? એવીરીતની તેની મનોહર વાણી સાંભળીને ગુરૂમહારાજે કહ્યું કે, હે વત્સ! હવે તું આ વિષયમાં પ્રમાદ ન કરજે.

પછી તે કોડન પણ પોતાના માતપિતાની સાથે ગુરૂમહારાજને વાંદીને પોતાને ઘેર આવ્યો. પછી તે બાલક છતાં પણ મહાબુદ્ધિવાન્ એવો તે કોડન પણ કેટલાક પ્રયાસે પોતાના માતાપિતાની આજ્ઞા લેઇ દીક્ષા લેવાની ઇચ્છાથી ગુરૂમહારાજ પાસે આવ્યો. ગુરૂમહારાજ પણ ત્યાંથી વિહાર કરી તે કોડનને સાથે લઇ પોતાના પરિવારસહિત ધવલપુરમાં ( ધોળકામાં ) પધાર્યા, ત્યારે ત્યાંના સંઘે પણ હર્ષસહિત તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. પછી ત્યાં તે શ્રીધર્મમૂર્તિસૂરિજીએ તે કોડનને વિક્રમસંવત ૧૬૪૨ ના વૈશાખસુદ ત્રીજને દીવસે દીક્ષા આપી, તથા તેમનું " શુભસાગર " નામ પાડયું. તે અવસરે ત્યાં વસતા નાગડાગોત્રવાળા માણિક નામના એક ધનવાન્ શેઠે પાંચહજાર ટંકોના ખરચથી તેમનો દીક્ષામહોત્સવ કર્યો.

પછી તે શુભસાગરમુનિ ગુરૂમહારાજ પાસે શાસ્ત્રોનો અભ્યાસ કરવા લાગ્યા. પછી વિક્રમ સંવત ૧૬૪૪ ના મહાસુદ પાંચમને દિવસે પાલીતાણામાં ગુરૂમહારાજે તે શુભસાગરમુનિવરજીને વડીદીક્ષા આપવાપૂર્વક તેમનું " કલ્યાણસાગરજી " નામ પાડયું. એવીરીતે તે શ્રીકલ્યાણસાગરજી મુનિવર, કે જે અપાર બુદ્ધિના ભંડાર હતા, તેમણે ગુરૂમહારાજની પાસે રહીને શાસ્ત્રાભ્યાસ કર્યો, અને તેથી તે વ્યાકરણ, કોષ, અલંકારશાસ્ત્ર, તથા ન્યાયશાસ્ત્રઆદિકરૂપ સમુદ્રનો પાર પામ્યા. તથા અનુક્રમે તેઓ જૈનસિદ્ધાંતોના પણ પારગામી થયા. એવીરીતે સર્વ શાસ્ત્રોરૂપી સમુદ્રના પારને પહોંચેલા એવા તે શ્રીકલ્યાણસાગરજીમુનિવરને જોઇને પોતાના હૃદયમાં અત્યંત હર્ષ પામેલા શ્રીધર્મમૂર્તિસૂરિજી અનુક્રમે વિહાર કરતાથકા અમદાવાદનામના નગરમાં પધાર્યા, ત્યાં સકલસંઘની સમક્ષ ગુરૂમહારાજે તે શ્રીકલ્યાણસાગરમુનિવરજીને વિક્રમસંવત ૧૬૪૯ ના વૈશાખસુદ ત્રીજને દિવસે આચાર્યપદવી આપી. તે અવસરે કાંટીયાગોત્રવાળા ઝવેરી મંગલસીંહે દશ હજાર દ્રમ્મ ખરચી શ્રીધર્મમૂર્તિસૂરિજીના ઉપદેશથી મહોત્સવ કર્યો, તથા અંચલગચ્છના શ્રાવકોનું સ્વામિવાત્સલ્ય પણ કર્યું. પછી ગુરૂમહારાજે તે શ્રીકલ્યાણસાગરસૂરિજીને થોડા યતિસમુદાય સોંપીને પોતાથી જૂદો વિહાર કરાવ્યો. તે અવસરે વાદીઓના સમૂહરૂપી હાથીઓને ( ભય પમાડવા માટે ) કેસરીસિંહસરખા શ્રીરત્નસાગરજી તથા શ્રીવિનયસાગરજી ઉપાધ્યાયજીએ પણ ગુરૂમહારાજની આજ્ઞાથી તે શ્રીકલ્યાણસાગરસૂરિજીની સાથે વિહાર કર્યો. તે વખતે શ્રીધર્મમૂ-

ર્તિસૂરિજીએ તે બન્ને ઉપાધ્યાયોને એકાંતમાં લેઇ જઈ શિખામણ આપી કે, આ શ્રીકલ્યાણસાગરસૂરિ હજુ ન્હાની વયના છે, પરંતુ બુદ્ધિ અને જ્ઞાનઆદિકથી તે વૃદ્ધ સરખા છે. તોપણ તમારે સાવધાન રહી તેમની સાથે વિનયથી વિહાર કરવો. એમ શિખામણ આપીને ગુરૂમહારાજે તેઓને પણ કોઇક કારણ પડયે વાપરવામાટે કેટલાક મંત્રો આપ્યા.

હવે શ્રીકચ્છદેશમાં આરિખાણા નામનું એક ગામ છે. તે ગામમાં પૂર્વે વર્ણવેલા લાલણગોત્રના, તથા ઓશવાલજ્ઞાતિમાં ઉત્પન્ન થયેલા એક *અમરસિંહ નામના શ્રાવક વસતા હતા. તે અમરસિંહને વૈજયંતી નામની, કે જેણીનું બીજું નામ લિંગાદેવી હતું, એ નામની સ્ત્રી હતી. તે વૈજયંતીએ એકદિવસે સુખે સુતાંથકાં સ્વપ્નની અંદર વૃદ્ધિ પામતી એવી સમુદ્રની વેળાનું પાન કર્યું. પછી તેણીએ ગર્ભને ધારણ કર્યાબાદ સંપૂર્ણસમયે વિક્રમસંવત ૧૬૦૬ ના શ્રાવણસુદ પાંચમને દિવસે એક મનોહર પુત્રને જન્મ આપ્યો. પછી તેના પિતાએ સ્વપ્નને અનુસારે તેમનું "વર્દ્ધમાન" નામ આપ્યું. પછી તેઓને વિક્રમસંવત ૧૬૧૭ માં પદ્મના સ્વપ્નથી સૂચિત થયેલા "પદ્મસિંહ" નામે બીજા પુત્ર થયા. તે પદ્મસિંહની પહેલાં એક "ચાંપસી" નામે પણ તેમના ત્રીજા પુત્ર થયા. અનુક્રમે તે અમરસિંહ અને વૈજયંતીના સ્વર્ગે ગયાબાદ વર્દ્ધમાન અને પદ્મસિંહ નામના તે બન્ને ભાઇઓ પરસ્પર અત્યંત સ્નેહ ધારણ કરતાથકા સાથેજ ઘરની અંદર રહેવા લાગ્યા.

હવે એક દિવસે પૂર્વે તેના પૂર્વજ લાલણજીને આપેલું છે વરદાન જેણીએ, એવી તેમની ગોત્રજા મહાકાલીદેવી ( અંબાદેવી ) પોતાનું વચન પાલવામાટે વૃદ્ધાવસ્થાથી જર્જરિત થયેલા શરીરવાળા યોગિનું રૂપ ધારણ કરીને તે બન્ને ભાઇઓના આંગણામાં આવી. તે વખતે તે વર્દ્ધમાનશેઠ પોતાના ભાઇ પદ્મસિંહસહિત પોતાના આંગ-

* આ "અમરસિંહ" લાલણગોત્રના સ્થાપક "લાલણજી" થી પંદરમી પેહેડીએ થયેલા છે. તે પંદર પેહેડીનો અનુક્રમ શ્રીઅમરસાગરસૂરિજીએ રચેલા "વર્દ્ધમાન પદ્મસિંહ ચરિત્ર" સંસ્કૃત કાવ્યગ્રંથમાં નીચે મુજબ છે—૧ લાલણજી, ૨ માણેકજી, ૩ મેધાજી, ૪ લુંભાજી, ૫ સહદેવજી, ૬ ટેકાજી, ૭ ઢુંઢાજી, ૮ લૂણાજી, ૯ સેવાજી, ૧૦ સીહાજી, ૧૧ હરપાલજી, ૧૨ દેવનંદજી, ૧૩ પર્વતજી, ૧૪ વત્સરાજજી, ૧૫ અમરસિંહજી.

ણામાં દાતણ કરતાથકા બેઠા હતા. તે વખતે ફાટીતુટી જીર્ણ કંથાથી ઢંકાએલા શરીરવાળા, ફક્ત હાડકાં અને ચામડી જેમાં બાકી રહેલ છે એવા દેહવાળા, ભસ્મવડે લેપન કરેલા લલાટવાળા, જેના એક હાથમાં તુંબડું રહેલું છે એવા, મસ્તકપર કેશોની જટાને ધારણ કરનારા, કંઠમાં પેહેરેલી છે લાંબી રુદ્રમાલા જેણે એવા, તે યોગીએ તે બન્ને ભાઇઓને આશીર્વાદ આપી ભોજનની માગણી કરી. ત્યારે દયાળુ હૃદયવાળા એવા તે બન્ને ભાઈઓએ તે યોગીને ઘૃતયુક્ત મિષ્ટાન્નનું ભોજન આપ્યું. તે ભોજન લેઇને તે યોગિરાજ પણ પોતાના મુખથી આશીર્વાદનાં વાક્યો ઉચ્ચારતોથકો ડેહેલીમાં બેશીને ભોજન કરવા લાગ્યો. એવામાં તે બન્ને ભાઇઓ પણ દાતણ કર્યાબાદ જિનેશ્વરપ્રભુની પૂજા કરવામાટે ગયા. પછી તે યોગિરાજ પણ અવસર મળવાથી ઉંચે રહેલા તે ડેહેલીના આડસરમાં સિદ્ધરસથી ભરેલું પોતાનું તુંબડું લટકાવીને કોઇને પણ દૃષ્ટિગોચર થયા વિનાજ ત્યાંથી ચાલ્યો ગયો. હવે જિનપૂજા કર્યાબાદ તે બન્ને ભાઇઓ પણ પાછા પોતાને ઘેર આવ્યા, પરંતુ ત્યાં તે યોગીરાજને નહી જોવાથી તેઓએ તેનાવિષે પોતાના ઘરના કુટુંબીઓને પૂછ્યું, ત્યારે તેઓએ કહ્યું કે, અમોએ તે યોગીરાજને ડેહેલીમાં બેસીને ભોજન કરતો જોયો હતો, પરંતુ ત્યારબાદ તે અહીંથી ક્યારે ગયો? તે સંબંધી અમો ઘરકામમાં પડેલા હોવાથી અમોને ખબર રહી નથી. તે સાંભળી તે બન્ને ભાઇઓએ વિચાર્યું કે, ભોજનથી તૃપ્ત થઇને તે યોગીરાજ અહીંથી ક્યાંક ચાલ્યો ગયો હશે, એમ તે સંબંધી ઉપેક્ષા કરી તેઓ બન્ને પોતાના ખેતર આદિકનું કાર્ય કરવામાં લાગી ગયા.

એવીરીતે છ માસ ચાલ્યા ગયા, પરંતુ ભવિતવ્યતાને લીધે ડેહેલીના આડસરમાં ઉંચે લટકાવેલું તે સિદ્ધરસથી ભરેલું તુંબડું કુટુંબના માણસોમાંથી કોઇની પણ દૃષ્ટિએ પડયું નહિ. એવામાં એકસમયે રાત્રિએ સડીજવાથી જીર્ણથયેલી દોરીના બંધનવાળું તે સિદ્ધરસથી ભરેલું તુંબડું ત્રુટી ગયું, અને નીચે પડેલી એક ત્રાંબાની કડાઈમાં પડયું, અને તેના ભાંગીને અનેક ટુકડા થઇ ગયા, અને તેથી તેમાં ભરેલો સિદ્ધરસ તે ત્રાંબાની કડાઇમાં પડયો, તથા તેથી તે ત્રાંબાની કડાઈ તે દિવ્યરસનાં પ્રભાવથી સુવર્ણમય થઈ ગઇ. એવામાં પ્રભાતે ઉઠેલા તે બન્ને ભાઇઓ ડેહેલીમાં પડેલી પોતાની તે ત્રાંબાની કડાઇને પણ સુવર્ણમય થયેલી જોઇને પોતાના મનમાં આશ્ચર્ય પા-

મ્યા, તથા તે કડાહમાં તેઓએ તે સિદ્ધરસથી ખરડાયેલા તુંબડાંના ટુકડા વિખરાયેલા જોયા. ત્યારે તે બન્ને ભાઈઓએ વિચાર્યું કે, ખરેખર આ સિદ્ધરસના સ્પર્શથી આ ત્રાંબાની કડાઈ પણ સ્વર્ણમય થઇ ગયેલી છે. એમ વિચાર કરતાં તેઓના મનમાં તે યોગિરાજના સમાગમની વાત યાદ આવી ગઇ. ત્યારે વર્ધમાનશાહે પોતાના ભાઇ પદ્મસિંહશાહને કહ્યું કે, હે પ્રિયબંધુ! ખરેખર મેં તે યોગિરાજના હાથમાં તુંબડું જોયું હતું, તથા ભોજન કરતી વેળાએ તેણે તે આ આડસરમાં લટકાવ્યું હશે. પછી વિસરીજવાથી તે અહીંજ લટકેલું તે તુંબડું છોડીને કયાંક ચાલ્યો ગયો છે. વળી યોગીઓની આવી કથાઓ મેં પૂર્વે પણ શાસ્ત્રોમાં ગુરૂમુખથી સાંભળેલી છે. અને એવીજરીતે આપણા ભાગ્યને લીધે તે યોગીરાજ પણ આ તુંબડુ અહીંજ વિસરી ગયેલો લાગે છે. પછી તે બંને ભાઈઓએ હર્ષથી તેમના બાકી રહેલા તે સિદ્ધરસવડે કરીને બીજાં ન્હાના ન્હાનાં ત્રાંબાના વાસણોને લેપ કર્યો, અને તેથી તેજ ક્ષણે તે દિવ્યરસના પ્રભાવથી તે સઘળાં વાસણો પણ સુવર્ણમય થઇ ગયાં. પછી તે સુવર્ણની કડાઈ, તથા બીજાં તે વાસણો તેઓએ પોતાના ઘરની અંદર ગુપ્તસ્થાનકે રાખી મેલ્યાં. પછી ભોજન કર્યાબાદ તે બંને ભાઇઓ વ્યાપાર કરવામાટે *ભદ્રાવતીનગરીમાં જવાને ઉત્સુક થયા. પછી તે બંને ભાઈઓ પોતાનાં તે આરીખાણા ગામની સીમમાં રહેલાં પોતાનાં ખેતરો તથા વાડીઓની ( ખેડવવા આદિકની ) સારીરીતે વ્યવસ્થા કરીને તે સઘળું સુવર્ણ સાથે લેઇ પોતાનાં કુટુંબસહિત ભદ્રાવતીનગરીમાં આવ્યા. અને તે સુવર્ણ ત્યાં વેચવાથી તેઓને એક લાખ કોરીની પ્રાપ્તિ થઇ. ત્યારપછી તેઓએ તેમાંથી બેહજાર કોરી ખરચીને ત્યાં રહેવામાટે એક મનોહર ઘર ખરીદ કર્યું. પછી સુખેસમાધે ત્યાં રહેલા તે બંને ભાઇઓ ત્યાંના સમુદ્રકિનારાપર નાંગરેલાં ઘણા પરદેશી વ્યાપારીઓનાં અનેક વહાણોને જોઇને, તથા વ્યાપારીઓની દુકાનોમાં અનેક પ્રકારની પરદેશી કાપડઆદિક વસ્તુઓને જોતાથકા પોતાના હૃદયમાં આશ્ચર્ય પામ્યા.

પછી એક દિવસે વ્યાપાર કરવામાટે ઉત્સુક થયેલા તેઓમાના ન્હાના ભાઇ પદ્મસિંહે પોતાના મ્હોટા ભાઇ વર્ધમાનશાહને કહ્યું કે,

---

* આ ભદ્રાવતી નગરી તે સમયે કચ્છદેશનું પ્રખ્યાત મ્હોટું વ્યાપારી બંદર હતું, કે જ્યાં હાલ ભદ્રેસર નામનું ગામ વસેલું છે.

હે બંધુ ! આપની આશીષથી ઉલ્લસાયમાન હૃદયવાળો એવો હું વ્યાપાર કરવામાટે ચીનદેશમાં જવાની ઇચ્છા કરૂં છું. તે સાંભળી વર્દ્ધમાનશાહે તેને કહ્યું કે હે બંધુ ! તમારો તે વિચાર તો ઉત્તમ છે, પરંતુ એવા અજાણ્યા દૂર દેશમાં જવાની તારી ઇચ્છાથી તારો વિરહ થવાને લીધે મારૂં મન દુભાય છે, માટે અહીં રહીનેજ આપણે વ્યાપાર કરીયે. ત્યારે પદ્મસિંહે કહ્યું કે, હે બંધુ ! આપનાં વચનો સત્ય છે, પરંતુ પુરૂષાર્થ કરનારા પુરૂષોનેજ લક્ષ્મી સામી ચાલીને આવે છે, માટે એક વખત તો આપ મને આનંદથી ત્યાં જવામાટે આદેશ ફરમાવો ? એવીરીતના તેના ઘણાજ આગ્રહથી વર્દ્ધમાનશાહે પણ કેટલીક મહેનતે તેને ત્યાં જવામાટે આદેશ આપ્યો. પછી તે બંને ભાઇઓએ ત્યાં દશહજાર કોરી ખરચીને એક મહોટું મનોહર વહાણ ખરીદ કર્યું. પછી તે વહાણમાં તે બંને ભાઇઓએ અર્દ્ધલાખ કોરીની કિંમતનાં ઘહું આદિક અનેક કરીયાણાંઓ ભર્યાં. પછી શુભ દિવસે પોતાના વડિલ બંધુ વર્દ્ધમાનશાહને નમસ્કાર કરીને, તથા તેમનો આશીર્વાદ મેળવીને, પ્રયાણમંગલ કર્યાબાદ તે પદ્મસિંહશાહ તે મહોટા વહાણમાં બેઠા. પછી ખલાસીઓએ હંકારેલું તે વહાણ પણ મહાસાગરનાં ઉછળતાં મોજાંઓથી તથા અનુકૂલ વાયુથી પ્રેરાતુંથકું સમુદ્રમાં ચાલવા લાગ્યું. એવીરીતે મહાસાગરને ઓળંગીને તે પદ્મસિંહશાહ પોતાના મનોરથોસહિત ત્રણ માસબાદ કુશલક્ષેમે ચીન દેશના કંતાનનામના બંદરમાં આવી પહોંચ્યા. તથા ત્યાં તેમણે પોતાના વહાણમાં ભરેલાં સઘળાં કરીયાણાં ઉતારીને, મહોટા નફાથી વહેંચી નાખ્યાં. વળી ત્યાં તે પદ્મસિંહશાહને તે કંતાનબંદરના રહેવાસી યૂલનચંગ નામના એક કરોડાધિપતિ વ્યાપારીની સાથે માલની લેવડદેવ કરતાં ઘણો પરિચય થયો. પછી અનુક્રમે તે પદ્મસિંહશાહનું સત્યયુક્ત પ્રમાણિકપણું જોઇને આશ્ચર્ય પામેલા તે યૂલનચંગ વ્યાપારીએ તેની સાથે દૃઢ મિત્રાઇ બાંધી. પછી તે યૂલનચંગે પણ વ્યાપારની વ્યવસ્થા જોવામાટે ઉત્સુક થઇને તે પદ્મસિંહશાહની સાથે ભરતખંડમાં ( હિંદુસ્થાનમાં ) આવવાની ઇચ્છા કરી, અને પદ્મસિંહશાહે પણ અમૃતસરખાં મધુર વચનોથી પોતાની સાથે આવવા માટે તેને ઉત્સાહિત કર્યો. પછી રેશમ, સાકર આદિક કરીયાણાં પોતાનાં વહાણમાં ભરીને તે પદ્મસિંહશાહે તે યૂલનચંગનામના ચીનના વ્યાપારીસહિત વહાણમાં બેસીને પ્રયાણ કર્યું, એવીરીતે તે

વહાણ પણ અનુકૂલ વાયુથી પ્રેરાયુંથકું ત્રણ મહીને ત્યાંથી કુશલક્ષેમે ભદ્રાવતીનગરીના કિનારે આવી પહોંચ્યું.

હવે અહીં વર્દ્ધમાનશાહ પણ ભદ્રાવતીનગરીમાં રહીને મલબારઆદિક દેશના વ્યાપારીઓ સાથે ઘણો વ્યાપાર કરતા હતા. હવે પોતાના લઘુ બાંધવ પદ્મસિંહને કુશલક્ષેમે ચીનદેશથી આવેલા જાણીને વર્ધમાનશાહ પણ હર્ષથી કુટુંબ સહિત બંદરપર તેની સામે ગયા, તથા ત્યાં તે બન્ને ભાઈઓ હર્ષથી એક બીજાને મળ્યા. પછી તે પદ્મસિંહ પણ પોતાના મિત્ર યૂલનચંગસહિત પોતાને ઘેર આવ્યા. ખલાસીઓએ પણ સઘળાં કરીયાણાં વહાણમાંથી ઉતારીને કોઠારમાં ( ગોદામમાં ) ભર્યાં. પછી તે કરિયાણાં વેચવાથી તે બન્ને ભાઇઓને ઘણો લાભ થયો, હવે ચીનનો વ્યાપારી તે યૂલનચંગ પણ એક માસ સુધી ત્યાં રહીને તે બન્ને ભાઇઓની પ્રમાણિકતા જોઇ આશ્ચર્ય પામી પોતાના હૃદયમાં સંતોષ પામ્યો. પછી તે યૂલનચંગે એક દિવસે તે બન્ને ભાઇઓને નિવેદન કર્યું કે, હવે હું મારાં રેશમ, તથા સાકર આદિક ઘણાં કરિયાણાંઓનો મહોટો સમૂહ અહીં વેચવામાટે તમોને મોકલાવીશ, તેનું તમારે અહીં નફાથી વેચાણ કરવું, અને તમારે તે વેચાણ પર તમારી યોગ્ય હકશી ગ્રહણ કરવી. એવીરીતે તે બન્ને ભાઇઓ સાથે ઠરાવ કરીને તે યૂલનચંગ પણ વહાણમાં બેસી પોતાના ચીનદેશમાં ગયો. પછી તેણે પોતાના ચીનદેશમાંથી રેશમ, તથા સાકરઆદિક જત્થાબંધ કરીયાણાંઓ ( વેચવામાટે ) ભદ્રાવતીનગરીમાં તે બન્ને ભાઇઓપર મોકલ્યાં. વળી તે બન્ને ભાઈઓ પણ તે યૂલનચંગની લખાવટ મુજબ અહીંથી ( ભદ્રાવતીથી ) અફીણ, રૂ વિગેરે અનેક પ્રકારનાં જત્થાબંધ કરીયાણાંઓ તેને ચીન મોકલવા લાગ્યા. એવીરીતે વ્યાપાર કરતાંથકાં તે બન્ને ભાઈઓએ ત્યાં ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું.

એવામાં આરિખાણામાં રહેલો તેમનો ત્રીજો ચાંપસિંહનામનો ભાઈ પણ પોતાના વેવાઇ નાગડાગોત્રવાળા રાજસીની સાથે વ્યાપાર કરવામાટે તેજ ભદ્રાવતીનગરીમાં આવ્યો. ત્યાં તે ચાંપસી તથા રાજસી બન્ને સાથે મળીને વ્યાપાર કરવા લાગ્યા.

એવામાં શ્રીકલ્યાણસાગરસૂરિજી પણ વિહાર કરતાથકા પોતાના પરિવારસહિત એક સમયે તે ભદ્રાવતીનગરીમાં પધાર્યા. ત્યારે વર્ધમાનશાહ તથા પદ્મસિંહશાહે ઘણાજ સન્માનપૂર્વક મહોટા આડંબરથી

તે ગુરૂમહારાજનો તે નગરીમાં પ્રવેશમહોત્સવ કર્યો. ગુરૂમહારાજે પણ નગરીમાં પ્રવેશ કરી ઉપાશ્રયમાં આવી અમૃતસરખી મધુર વાણીથી ધર્મોપદેશ આપતાંથકાં શ્રીશત્રુંજયમહાતીર્થના મહિમાનું વર્ણન કર્યું; તેમાં પણ તે તીર્થની સંઘસહિત યાત્રા કરનારા સંઘપતિનું માહાત્મ્ય તેમણે વિશેષ પ્રકારે વર્ણવ્યું. એવીરીતની દેશના સાંભળ્યાબાદ ઉલ્લસાયમાન હૃદયવાળા વર્ધમાનશાહે હાથ જોડીને, તથા ગુરૂમહારાજને નમસ્કાર કરીને ગંભીર વાણીથી કહ્યું કે, હે ભગવન્! આપસાહેબે અહીં જે તીર્થાધિરાજનું માહાત્મ્ય વર્ણવ્યું, તે શ્રીશત્રુંજયતીર્થની સંઘસહિત યાત્રા કરવામાટે આજે મારા મનમાં મનોરથ ઉત્પન્ન થયો છે. તે સાંભળી ગુરૂમહારાજે કહ્યું કે, હે ઉત્તમ શ્રાવક! તે કાર્ય કરવામાટે હવે તમારે જરા પણ પ્રમાદ કરવો નહીં, કેમકે આપસરખા ભાગ્યશાલી પુરૂષો ખરેખર પોતાની લક્ષ્મીને ધર્મકાર્યોમાં વાપરીને પોતાનો મનુષ્યજન્મ સફલ કરે છે. પછી પોતાના વડિલબંધુની આજ્ઞાથી પદ્મસિંહશાહે ઉભા થઇ હાથ જોડી તે સભામાં શ્રીશત્રુંજયતીર્થની યાત્રા કરવાને આવવામાટે શ્રીસંઘને નિમંત્રણ કર્યું. પછી તે બન્ને ભાઇઓએ સાથે મળીને તે સંઘની સાથે યાત્રા કરવાને આવવામાટે શ્રીકલ્યાણસાગરસૂરિજીને પણ નિમંત્રણ કર્યું. ત્યારે ગુરૂમહારાજે પણ "વર્તમાનયોગ" કહિને તેમના તે નિમંત્રણનો સ્વીકાર કર્યો. પછી તે બન્ને ભાઇઓ હર્ષથી ગુરૂમહારાજને વાંદીને પોતાને ઘેર આવ્યા. પછી ભોજન કર્યાબાદ તે બન્ને ભાઇઓએ કંકોત્રીઓ લખીને, તથા તે કંકોત્રીઓને પોતાના નોકરો મારફતે દેશાંતરમાં રહેલા જૈનસંઘના લોકોને મોકલાવીને, તેઓને યાત્રા કરવામાટે બોલાવ્યા. વળી પોતાના ગોત્રીઓને ( લાલણગોત્રવાળાઓને ) બોલાવવામાટે જુદાં જુદાં ગામો તથા નગરોમાં પોતાના દૂતો મોકલ્યા. એવીરીતે કેટલાક દિવસો ગયાબાદ વિક્રમસંવત ૧૬૫૦ મા ભદ્રાવતીથી પ્રયાણ કરીને તે બન્નેબાંધવો સંઘસહિત સર્વ સામગ્રીસહિત વહાણમાં બેસીને નાગનાનામના બંદરમાં આવ્યા. ત્યાં સંઘના લોકો વહાણોમાંથી ઉતરીને ઉભા કરેલા તંબુઓમાં રહ્યા.

હવે શ્રીમાન્ કલ્યાણસાગરસૂરિજી પણ પોતાના સઘળા પરિવારસહિત પગે ચાલી રણ ઓળંગીને ત્યાં નાગનાબંદરમાં આવ્યા. ત્યાં તે બન્ને ભાઇઓથી વંદન કરાયેલા તે ગુરુમહારાજ ચોતરફ વિસ્તાર

પામેલી સંઘની સામગ્રી જોઇને હૃદયમાં ખુશી થયા થકા તેની અનુમોદના કરવા લાગ્યા.

હવે ત્યાં નવાનગરના મહારાજા જામશ્રીજસવંતસિંહજીએ તે બન્ને બાંધવોને ઘણું સન્માન આપ્યું. ત્યારે વર્ધમાનશાહશેઠે પણ તે મહારાજાના ચરણોમાં રેશમી પોશાક, તથા આભૂષણોઆદિકની ભેટ ધરીને માર્ગમાં સંઘના રક્ષણમાટે એકસો હથીયારબંધ સુભટોની માગણી કરી, ત્યારે તે મહારાજાએ પણ ખુશી થઇને તે બન્ને ભાઇઓને પોતાના એકસો શૂરવીર હથીયારબંધ સુભટો આપ્યા. પછી પોતાના મંત્રીની પ્રેરણાથી તે મહારાજાએ તે બન્ને ભાઈઓને કહ્યું કે, યાત્રા કરીને આવ્યાબાદ તમો બન્નેએ અહીં નવાનગરમાંજ નિવાસ કરીને વ્યાપાર કરવો. અહીં હું તમારી પાસેથી કચ્છના રાજાથી ફકત અર્ધ જગાત તમારા માલની લેઇશ. તે સાંભળી તે બન્ને ભાઈઓએ પણ રાજાનું તે વચન અંગીકાર કર્યું. હવે મહોટા આડંબરથી પ્રયાણ કરીને તે સંઘ ત્યાંથી ચાલવા લાગ્યો. સર્વથી આગળ સર્વ વિઘ્નોને દૂર કરનારી શ્રીશાંતિનાથપ્રભુની પ્રતિમાથી યુકત થયેલો રૂપાનો રથ ચાલતો હતો. તે રથમાં શોળે શૃંગારને ધારણ કરીને વર્ધમાનશેઠની નવી પરણેલી નવરંગદેનામની સ્ત્રી હાથમાં લીધેલા સુવર્ણના થાળમાં નવ આંગુલના પ્રમાણવાળી શ્રીશાંતિનાથજીની સુવર્ણની મૂર્તિ રાખીને બેઠેલી હતી. તેણીની સામે કમલાદેવી, કે જેણીનું બીજું નામ સુજાણદેવી હતું, એવી પદ્મસિંહશાહની સ્ત્રી પણ સમયને ઉચિત પોષાકવિગેરે પહેરીને તે રથમાં બેઠી હતી. એવીરીતે તેમાં બેઠેલી તે બન્ને શેઠાણીઓ જિનેશ્વરપ્રભુના ગુણોનાં સ્તવનો ગાતી હતી, કમલાદેવીએ પોતાના હાથમાં મણિઓથી જડેલો સુવર્ણનો લામણદીવડો ધારણ કર્યો હતો, તે રથને ઝાંઝરઆદિક આભૂષણોના સમૂહથી શણગારેલા બે ઉત્તમ ઘોડાઓ જાણે નાચતા હોય નહી ? તેમ ખેંચતા હતા. તે રથની આગળ નાનાપ્રકારનાં શસ્ત્રોને ધારણ કરનારા પચાસ સુભટો ચાલતા હતા. તે રથની પાછળ અત્યંત મનોહર, પુષ્ટ, તથા વિવિધપ્રકારના આભૂષણોથી શણગારેલા એવા બે બળદોવડે જોડેલો એક મનોહર રથ ચાલતો હતો. તે રથમાં નાના પ્રકારના આભૂષણો તથા મનોહર વસ્ત્રોથી સજ્જ થયેલી તે શેઠના ચાર પુત્રોની ચાર વહુઓ બેઠેલી હતી. તેની પાછળ એક ઘોડેસ્વાર લાંબા રણશીંગાંના નાદથી સમસ્ત વનને ગજાવતો-

થકો ચાલતો હતો. તેની પાછળ વર્ધમાનશેઠની પહેલી વજાદેવી નામની સ્ત્રીથી ઉત્પન્ન થયેલા વીરપાલ તથા વીજપાલનામના બે પુત્ર વિવિધ પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત થયાથકા ઘોડાઓપર બેસી ચાલતા હતા. તેમની પાછળ મનોહર અલંકારોથી અલંકૃત થયેલા શ્રીપાલ અને કુરપાલનામના પદ્મસિંહશેઠના બે પુત્રો ઉત્તમ ઘોડાપર બેસી ચાલતા હતા. તે ચારે પુત્રોએ ઢાલતલવારઆદિક વિવિધ પ્રકારનાં શસ્ત્રો પણ ધારણ કર્યાં હતાં.

પછી તે બન્ને બાંધવોએ એક સુવર્ણની પાલખી શ્રીકલ્યાણસાગરજી ગુરુમહારાજ પાસે લાવીને તેમને વિનંતિ કરી કે, હે ભગવન્! આપ આ સુખપાલમાં બિરાજો! ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, હે ઉત્તમ શ્રાવકો! અમો સંયમધારી મુનિઓ કદાપિ પણ વાહનમાં બેસીએ નહીં. તોપણ તમોને ખુશી કરવામાટે અમો આ સુવર્ણમય સુખપાલમાં અમારૂં જ્ઞાન-પુસ્તક ધારણ કરીશું, એમ કહી ગુરૂમહારાજે પોતાની એક પોથી તે સુખપાલમાં મૂકી. એવીરીતે જેમાં જ્ઞાનનું પુસ્તક રાખેલું છે, એવા તે સુવર્ણમય સુખપાલને નોકરો ઉંચકીને ચાલતા હતા. તે સુખપાલની પાછળ ઝરતા મદથી લીંપાયેલા કપોલસ્થલવાળા, સુવર્ણના વલયોથી શણગારેલા દંતુશલવાળા, ઘંટાઓના નાદોથી દિગ્મંડલને પણ બેહેરૂં કરનારા, જરીથી ભરેલી રેશમી ઝુલોથી આચ્છાદિત થયેલા પૃષ્ઠભાગવાળા, કંઠમાં ધારણ કરેલી ચળકતી સુવર્ણની સાંકળોવાળા, ઝણઝણતી ઘુઘરીઓથી જડેલા રૂપાના ઝાંઝરોથી શોભિતા ચરણોવાળા, હાથમાં રાખેલા અંકુશોસહિત સ્કંધપર બેઠેલા માવતોવાળા નવ હાથીઓ ચાલતા હતા. તેઓમાના એક ઉંચા હાથીપર બે મહોટા નગારાંઓ મૂકેલા હતા, નવા મેઘના ગર્જારવસરખો તે બન્ને નગારાંઓનો અત્યંત ગંભીર અવાજ ચોતરફથી આકાશમંડલને પૂરતો હતો. બાકીના આઠ હાથીઓની પીઠપર રંગબેરંગી મનોહર પતાકાઓ શોભતી હતી. એવીરીતે તે હાથીઓની પાછળ પીઠપર રાખેલાં નગારાંઓના શબ્દોથી દિશાઓના સમૂહને ગજાવતા આઠ ઘોડેસ્વારો ચાલતા હતા. એવી રીતે આ સંઘમાં નવ હાથીઓ, નાના પ્રકારના વાજિંત્રો (બેંડવાજાં) વગાડનારા વીસ માણસો, પાંચસો રથો, સાતસો ગાડાં, પાંચસો ઉંટ, એકસો પચાસ તંબુ ઉભા કરનારા, એકસો ૧૨ ખચરો, બસો રસોઇયા, એકસો કંદોઇ (સુખડી કરનારા), નવસો ઘોડા, એકસો

નાપિત, પચાસ નૃત્ય કરનારા નાટકીયા, પચીસ કાંસીઆ ( ઝાંઝ ) સહિત તાલથી ભાવના ભાવનારા, એકસો બિરૂદાવલી બોલનારા ચારણો ( ભાટો ), પચાસ સુતાર, પચાસ લુહાર, પચાસ દરજીઓ, બસો મુનિઓ તથા ત્રણસો સાધ્વીઓ, એમ સર્વ મળીને પંદર હજાર માણસો આ સંઘમાં હતાં. તે વખતે સંઘપતિ એવા તે વર્દ્ધમાનશેઠ તથા પદ્મસિંહશેઠ મ્હોટા ઉંચા હાથીની પીઠપર સ્થાપન કરેલા રત્નજડિત સુવર્ણના ઝરૂખામાં બેઠા હતા, તથા તેઓ બન્ને ઇંદ્ર તથા ઉપેંદ્રનીપેઠે શોભતા હતા. આ સંઘનું વિસ્તારવાળું વર્ણન સુંદરરૂપજીએ રચેલા ભાષાબદ્ધ વર્દ્ધમાન પ્રબંધથી તથા મેરૂજી ચારણે રચેલા ભાષાબદ્ધ કવિત્તોના સમુદાયથી જાણી લેવું. અહીં ગ્રંથવિસ્તારના ભયથી તે વર્ણન સંક્ષેપથીજ કહ્યું છે. એવીરીતે નવાનગરમાંથી માંગલ્ય પ્રયાણ કરીને તે સંઘ પહેલું બે કોશનું પ્રયાણ કરીને એક નદીના કિનારાપર ઉભા કરેલા તબુઓમાં રહ્યો. સઘળા માણસો પોતપોતાના વિવિધ કાર્યોમાં લાગી ગયા. તે બન્ને સંઘપતિ ભાઇઓ જિનપુજા આદિક કાર્ય કરીને સંઘના લોકોસહિત ત્યાં એક તંબુમાં બિરાજેલા શ્રીમાન્ કલ્યાણસાગરસૂરિજીની પાસે આવ્યા. ત્યાં ગુરૂમહારાજને વંદન કરીને તે બન્ને ભાઇઓ વિનયથી હાથ જોડી ગુરૂમહારાજ પાસે બેઠા. તે વખતે અવસરને જાણનારા ગુરૂમહારાજે પણ સંઘપતિને કરવાના કાર્યસંબંધી ( નીચે મુજબ ) ધર્મદેશના આપવાનો પ્રારંભ કર્યો.

હે ભવ્યલોકો ! આ દુર્લભ મનુષ્યજન્મ પામીને સર્વલોકોએ સાવધાનપણે ધર્મકાર્યોમાં ઉદ્યમવંત થવું જોઇયે. ધર્મકાર્ય કરનારા મનુષ્યો આ લોક અને પરલોકમાં પણ પરમ સુખ ભોગવનારા થાય છે. એવીરીતે ધર્મકાર્યોમાં ઉદ્યમવંત થયેલા મનુષ્યોએ તીર્થંકરોના ચરણન્યાસોથી પવિત્ર થયેલ છે પૃથ્વીતલ જેના, એવાં તીર્થોની યાત્રા કરીને જઘન્યથી પોતાની જીંદગીમાં એક વખત તો અવશ્ય પોતાના આત્માને નિર્મલ કરી પવિત્ર કરવો જોઇયે. તીર્થંકરપ્રભુએ પ્રરૂપેલા ચતુર્વિધસંઘની સાથે તીર્થયાત્રા કરનારા સંઘનાયકો ભરતચક્રીઆદિકનીપેઠે શાશ્વતાં સુખવાળાં મોક્ષસુખને ભોગવનારા થાય છે. તીર્થયાત્રા કરનારા મનુષ્યોનાં પગલાંઓથી પવિત્ર થયેલી રજ પણ અનેક ભવોમાં બાંધેલાં પાપોનો નાશ કરે છે. વળી સંઘસહિત તીર્થયાત્રા

માટે જેઓએ માંગલીક પ્રયાણ કરેલું છે, એવા સંઘપતિઓ માર્ગે ચાલતાથકા પોતાના આત્માને ધન્ય માનીને ગામો તથા નગરઆદિકોમાં દીન તથા દુઃખી પ્રાણીઓને ભોજન, પાન, વસ્ત્રો, તથા ઔષધો અને દ્રવ્યઆદિક આપીને તેઓનો ઉદ્ધાર કરે છે. વળી જૈનશાસનની ઉન્નતિ કરવામાટે તેઓ પોતાના સાધર્મિકોનું વિવિધ પ્રકારે સ્વામિવાત્સલ્ય પણ કરે છે તથા નવાં જિનમંદિરો પણ બંધાવે છે, અને જીર્ણ જિનમંદિરોનો પુનરૂદ્ધાર પણ કરે છે. વળી જગોજગોએ તેઓ જિનમંદિરોમાં નાનાપ્રકારની પૂજાઓ ભણાવવાપૂર્વક જિનેશ્વરપ્રભુની પ્રતિમાઓની પ્રતિષ્ઠા પણ કરે છે, તેમજ જિનમંદિરોપર મનોહર ધ્વજાઓ મહોત્સવપૂર્વક તેઓ ચડાવે છે. એવીરીતે પોતાની શક્તિમુજબ વિવિધ પ્રકારનાં ધાર્મિક કાર્યો કરતાથકા સંઘપતિઓ આ લોકમાં પોતાના અખંડિત અને લાંબા કાળસુધી સ્થિર રહેનારા યશોવાદને પૃથ્વીમંડલપર ચોતરફ વિસ્તારે છે. વળી તેઓ પરલોકમાં સ્વર્ગઆદિનાં સુખો ભોગવીને છેવટે જગતને આશ્ચર્ય કરનારી એવી શ્રીતીર્થંકરપ્રભુની પદવીને પણ પ્રાપ્ત થાય છે. એવીરીતની ગુરૂમહારાજની દેશના સાંભળ્યાબાદ તે વર્દ્ધમાનશેઠ ઉભા થઈ હાથ જોડી કહેવા લાગ્યા કે, હે ભગવન ! આપ સાહેબની આ ધર્મદેશના મારા હૃદયરૂપી ક્યારામાં વાવેલા શુભભાવરૂપી વૃક્ષના અંકુરાપર અમૃતના વરસાદસરખી થઈ પડી છે. માટે હું પણ આપ સાહેબે ઉપદેશેલા સંઘપતિને કરવાલાયક કાર્યો મારી શક્તિમુજબ કરીશ. તેણે એમ કહ્યાબાદ ગુરૂમહારાજે કહ્યું કે, હે ઉત્તમ શ્રાવકો ! તમો બન્ને ભાઈઓ લાલણવંશમાં મુક્તાફલસરખા મહાભાગ્યશાલી છો, માટે હવે તે તે કાર્યોમાં તમારે પ્રમાદ કરવો નહી. પછી તે બન્ને ભાઈઓ ગુરૂમહારાજને વંદના કરીને પોતાના તંબુમાં આવ્યા. સંઘના લોકો પણ પોતાના હૃદયમાં ધર્મની ભાવના ભાવતાથકા પોતપોતાના તંબુઓમાં ગયા. આ સંઘમાં સર્વ લોકોમાટે ભોજનની વ્યવસ્થાના અધિકારી નાગડાગોત્રવાળા રાજસીશાહ પણ પોતાના મિત્ર અને સેવક એવા ચાંપસીશાહસહિત ભોજન તૈયાર કરવામાટે કંદોઈઆદિકોને ઉતાવળ કરવા લાગ્યા. પછી પકવાન્નઆદિક સઘળું ભોજન તૈયાર થયાબાદ તે મહાબુદ્ધિવાન્ રાજસીશાહે ઉત્તમ પ્રકારની વ્યવસ્થાથી તે સર્વ સંઘને ભોજન કરાવ્યું. એવીરીતે હમેશાં ધીમેધીમે પ્રયાણ કરતો, તથા માર્ગમાં અત્યંત આનંદ મેળવતો, અને

જગોજગોએ રાજાઓ તથા નાગરિકોથી સત્કાર કરાતો અનુક્રમે તે સંઘ કુશલક્ષેમે ભાદરનામની નદીના કિનારાપર આવી પહોંચ્યો. તંબુ ખોડનારા નોકરોએ તે નદીના બન્ને કિનારાઓપર મનોહર તંબુઓ ઉભા કરી દીધા. હાથી, ઘોડા, ખચરો અને ઉંટો નદીના જલમાં પડીને ઇચ્છા મુજબ ક્રીડા કરતાથકા નદીના નિર્મલ જલને પણ ડોળી નાખીને મલીન કરવા લાગ્યા. સંઘના લોકો પણ તે નદીમાં સ્નાન કરતાથકા વિવિધપ્રકારની જલક્રીડા કરવા લાગ્યા. પછી ભોજન કર્યાબાદ સંઘના સઘળા મનુષ્યો વિવિધપ્રકારની ધર્મક્રિયા, તથા વાર્તાવિનોદ આદિક કરતાથકા રાત્રિએ નિદ્રાદેવીને આધીન થયા, તથા લોકોનો સઘળો કોલાહલ શાંત થયો, સાધુસાધ્વીઓનો સમુદાય પણ પૌરૂષીપાઠ કર્યાબાદ નિદ્રાધીન થયો. તે સમયે કેવલ ચોકીમાટે જાગતા શસ્ત્રધારી સુભટરખેવાળોના શબ્દો, ઘોડાઆદિકોના હેષારવાદિકનાં શબ્દો સંભળાતા હતા. એવામાં મધ્યરાત્રિના સમયે શ્રીમાન્ શ્રીકલ્યાણસાગરસૂરિજી પોતાના તંબુમાં નિદ્રારહિત થઇ જાગી ઉઠયા. તે સમયે તેઓએ નજદીકના વડવૃક્ષના કોટરમાં રહેલા ભૈરવનામના પક્ષિયુગલનો ભયાનક કિલકિલારાવ સાંભળ્યો. તે સાંભળી વિસ્મય પામેલા ગુરૂમહારાજ પોતાના તંબુના દરવાજા પાસે આવ્યા. એવામાં તે પક્ષિનું જોડલું તે વડના વૃક્ષપરથી ઉડીને સંઘપતિના તંબુપર જઇ બેઠું, અને ત્યાં બેસી અત્યંત નિષ્ઠુર શબ્દથી કિલકિલારાવ કરવા લાગ્યું. ત્યારે શકુન તથા નિમિત્તજ્ઞાનમાં નિપુણ એવા તે ગુરૂમહારાજે વિચાર્યું કે, અરે !! આ કાળચોઘડીયાવખતે સંઘપતિનાં તંબુપર બેઠેલું આ પક્ષિનું જોડલું નિષ્ઠુરશબ્દોથી કિલકિલારાવ કરતુંથકું ખરેખર કંઇક વિઘ્નને સૂચવે છે. એમ વિચારી તે આચાર્યમહારાજે તુરત પોતાના તંબુમાં પોતાના આસનપર બેસી ગચ્છાધિષ્ઠાયિકા મહાકાલીદેવીનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં તેજ ક્ષણે તે દેવી ત્યાં પ્રકટ થઇ કહેવા લાગ્યાં કે, હે પૂજ્ય! આ સમયે આપે મારૂં શામાટે સ્મરણ કર્યું છે? ત્યારે આચાર્યમહારાજે કહ્યું કે, હે માતાજી! આ ભૈરવપક્ષીનું જોડલું સંઘપતિના તંબુપર બેસીને આ સમયે નિષ્ઠુર શબ્દ કરતુંથકું કયા ભયને સૂચવે છે? ત્યારે તે દેવીએ કહ્યું કે પ્રભાતે તે સંઘપતિના મરણાંત ભયને સૂચવે છે. માટે પુણ્યશાલી એવા આપે તે બન્ને સંઘપતિબાંધવોને તમારીસાથે લેઇને, તથા તે બન્નેના તમારે હાથ ઝાલીને પ્રભાતે ચાલવું. આપના પુણ્યપ્રભાવથી

એક પોહોર દિવસ ચડ્યાબાદ તે વિઘ્નનો નાશ થશે. એમ કહી તે મહાકાલીદેવી પોતાને સ્થાનકે ગયાં. પછી પ્રતિક્રમણ કર્યાબાદ ગુરુમહારાજ તે વિઘ્નને દૂર કરવાની ચિંતાથી ઘણાજ ઉત્સુક થયા. પછી થોડી રાત્રિ બાકી હતી ત્યારે ગુરૂમહારાજે ધૈર્યનો ત્યાગ કરી શ્રીવિનયસાગરજીઉપાધ્યાયજીને જગાડ્યા. તેઓ જાગ્યાબાદ ગુરૂમહારાજે તેમને કહ્યું કે, તમો હમણાજ સંઘપતિના તંબુમાં જઇને તે બન્ને ભાઇઓને અહીં મારીપાસે લાવો? આ કાર્યમાં તમારે જરા પણ વિલંબ કરવો નહી. પ્રતિક્રમણ પણ તમારે ત્યાંથી અહીં પાછા આવ્યાબાદજ કરવું.

હવે એવીરીતે ગુરૂમહારાજે આદેશ આપવાથી તે શ્રીવિનયસાગરજીઉપાધ્યાયજી પણ ગુરૂમહારાજની આજ્ઞાને મસ્તકે ચડાવીને તેજ ક્ષણે રાત્રિ હજુ બાકી હોવા છતાં પણ સંઘપતિના તંબુમાં ગયા. મુનિઓમાટે ચોકીદારોનો પણ અટકાવ ન હોવાથી તેઓએ ત્યાં જઇ સુતેલા વર્ધમાનશાહને તુરત જગાડી ગુરૂમહારાજે કહેલો સંદેશો કહી સંભળાવ્યો. તે સાંભળી તે વર્ધમાનશાહે પણ પોતાના હૃદયમાં આશ્ચર્ય પામી પોતાના બાંધવ પદ્મસિંહને જગાડી ગુરૂમહારાજે કહેવરાવેલો સંદેશો કહ્યો. પછી તે બન્ને ભાઇઓ વસ્ત્રો પહેરીને તુરત તે શ્રીવિનયસાગરજીઉપાધ્યાયજીની સાથેજ ગુરૂમહારાજ પાસે આવ્યા, તથા ગુરૂમહારાજને વાંદીને તેઓ તેમની પાસે બેઠા, એવામાં પ્રાયે કરીને રાત્રિ પણ સંપૂર્ણ થવાથી પ્રભાત થવા લાગ્યો હતો. પછી તે ગુરૂમહારાજે તે બન્ને સંઘપતિઓને કહ્યું કે, હે ઉત્તમ શ્રાવકો ! આજે અષ્ટમીની પર્વતિથિ છે, માટે તમો બન્નેએ આજે એકાશનપૂર્વક પૌષધવ્રત લેઇને અમારીસાથે પગે ચાલીનેજ ગમન કરવું. તે સાંભળી પોતાના હૃદયમા અત્યંત ચકિત થયેલા તે બન્ને ભાઇઓ ગુરૂમહારાજના વચનને પ્રમાણભૂત ગણીને, તથા પૌષધવ્રત આચરવાના ઉપકરણો મગાવી ત્યાંજ ગુરૂમહારાજની પાસે બેઠા. પછી ગુરૂમહારાજે કહેલી વિધિમુજબ પૌષધવ્રત આચરીને તેઓ બન્ને ત્યાં રહ્યા. એવામાં સુર્યોદય થયો, અને તેથી હમેશના નિયમ મુજબ સકલસંઘે ત્યાંથી પ્રયાણ કરવા માંડ્યું. એવામાં શેઠને બેસવાના હાથીનો માવત તેમના તંબુમાં તેઓ ન મલવાથી ગુરૂમહારાજ પાસે બેઠેલા એવા તે બન્ને ભાઇઓ પાસે તુરત આવી કહેવા લાગ્યો કે, હે બાપજી ! સઘળો સંઘ ચાલતો થઇ ગયો છે. આપના

હાથીને પણ શણગારીને હું અહીં લાવેલો છું, માટે તેપર આપ સ્વાર થઇ જાઓ? એવીરીતે તે માવતે કહેવાથી તે બન્ને ભાઈઓએ તેને કહ્યું કે, હે માવત! આજે તો અમો ગુરૂમહારાજની સાથે પગે ચાલીનેજ ગમન કરશું. ત્યારે આંખના ઇસારાથી ગુરૂમહારાજે આદેશ કરેલા શ્રીરત્નસાગરજીઉપાધ્યાયજીએ તે બન્ને ભાઇઓને કહ્યું કે, હે ઉત્તમ શ્રાવકો! પૌષધવ્રતની અંદર સુકોમલ શરીરવાળા શ્રાવકો પોતાના પગોમાં વસ્ત્રોનાં મોજાં પહેરીને પણ ચાલી શકે છે. પછી તેઓએ જાડાં કંતાનના મોજાં મગાવીને પોતાના પગોમાં પહેર્યાં. હવે તે બન્ને સંઘપતિઓને પગે ચાલતા જાણીને આખા સંઘમાં તે સંબંધિ નાનાપ્રકારની ચર્ચા થવા લાગી. બન્ને શેઠાણીઓ તથા તેઓના પુત્રો પણ મનમાં ચિંતાતુર થયા. પરંતુ પરોપકાર કરવામાંજ એક નિષ્ઠાવાલા ગુરૂને જાણીને સર્વસંઘ ચિંતા રહિત થયો. પછી તે માવત પણ પોતાના હૃદયમાં અનેક પ્રકારના વિકલ્પો કરતોથકો શેઠના તે હાથીને આગળ ચલાવવા લાગ્યો.

એવામાં મોંજલનામના કોઇ કાઠીરાજકુમારની એક હાથણી ત્યાં વનમાં ચરતીથકી પાણી પીવામાટે તે ભાદરનદીમાં આવી. તે હાથણીને જોઇને શેઠને બેસવાનો તે હાથી, કે જેના ગંડસ્થલોમાંથી મદ ઝરી રહેલો છે, તે કામાતુર થયો, અને તે હાથણીપર અનુરાગ ધારણ કરતોથકો તેનાતરફ દોડયો. વળી અંકુશને પણ નહી ગણકારીને તે હાથીએ પોતાના માવતને સ્કંધપરથી નીચે પાડી નાખ્યો. હવે એવીરીતે સામે આવતા તે હાથીને જોઇને તે હાથણી ભય પામીને ત્યાંથી વનની ઝાડીમાં નાશી ગઇ. ત્યારે તે હાથી પણ તેણીની પાછળ દોડતોથકો માર્ગમાં એક મ્હોટાં વડના વૃક્ષની નીચે આવી પહોંચ્યો. એવામાં તેની પીઠપર બાંધેલો સુવર્ણનો ઝરૂખો (બેસવાનો કઠેડો ) તે વડની એક મ્હોટી શાખામાં અથડાઇને ભાંગી જઇ નીચે ત્રુટી પડ્યો, અને તે ઝરૂખાના બંધનની (લોખંડની ) સાંકળ તે વડવૃક્ષની શાખામાં મજબૂત વીંટાઇ ગઇ. પછી તે ઉન્મત્ત હાથી જેમ જેમ તે લોખંડની સાંકળને તોડવામાટે ચોતરફ ભમવા લાગ્યો, તેમ તેમ તે લાંબી લોખંડની સાંકળ તે વડવૃક્ષના થડને વીંટાવા લાગી. અને તેથી કેટલેક વખતે તે ઉન્મત્ત હાથી પણ નિર્બલ થઇને તેવીજ રીતે ત્યાં અટકાઇ ઉભો થઈ રહ્યો. ત્યારે લાગ જોઇને ત્યાં

એકઠા થયેલા સઘળા માવતોમાંથી એકે તે હાથીના બન્ને પાછલા પગોમાં તીક્ષ્ણ અણીદાર ખીલાઓના સમૂહથી જડેલાં જંજીરનામનાં વલયો પહેરાવી દીધાં, અને તેથી તેના અણીદાર ખીલાઓ તે હાથીના પગોમાં પેસી ગયા. તે ખીલાઓનાં દુઃખથી પીડિત થયેલો તે હાથી નિર્બલ થઇને મદરહિત થઇ ગયો. હવે એવીરીતનો તે હાથીનો ઉત્પાત જાણીને ચાલતો થયેલો તે સમસ્ત સંઘ પણ માર્ગમાંજ અટકાઇ ઉભો રહી ગયો. અને ભયભીત થયેલા સંઘના સઘળા લોકો ચિંતાતુર થયા. પછી ખરી હકીકત જણાયાબાદ (વર્ધમાનશાહના વડિલપુત્ર) વીરપાલે હુકમ કરવાથી ત્યાંથી તે સંઘ આગળ ચાલવા લાગ્યો. હવે તે બન્ને શેઠાણીઓ, તેમના ચારે પુત્રો. અને સંઘના સર્વ લોકો તે શ્રીમાન્ કલ્યાણસાગરસૂરિજીનો મહાન્ પ્રભાવ જાણીને પોતાના મનમાં આશ્ચર્ય પામ્યા. પછી ત્યાંથી કેટલેક દૂર જઇને તે સકલ સંઘે વિજપાલની (વર્ધમાનશાહના બીજાપુત્રની) આજ્ઞાથી મુકામ કર્યો. અને તંબુઓ ઉભા કરવામાં આવ્યા. તથા સંઘના સઘળા લોકો વિવિધપ્રકારના તર્કવિતર્કો કરતાથકા તંબુઓમાં ઠરીઠામ થયા. ત્યારપછી બન્ને શેઠાણીઓ. તથા શેઠના પુત્રોએ ગુરૂમહારાજપાસે આવી, તથા તેમને મોતીઓવડે વધાવી તેમની સ્તુતિ કરવા લાગ્યા. પછી પોતાના બન્ને હાથ જોડી કમલાદેવીના પૂછવાથી શ્રીકલ્યાણસાગરજી ગુરૂમહારાજે ભૈરવપક્ષીના શબ્દઆદિકનો સઘળો વૃત્તાંત તેઓને કહી સંભળાવ્યો. તે સાંભળી ખુશી થયેલા સંઘના સઘળા માણસો તે પ્રભાવિક ગુરૂમહારાજનો મહિમા વર્ણવવા લાગ્યા.

હવે એવીરીતે એક માસબાદ તે સકલ સંઘ ક્ષેમકુશલે શ્રીશત્રુંજયગિરિરાજની તલેટીમાં આવી પહોંચ્યો. ત્યાં શત્રુંજયીનદીના કિનારાપર તંબુઓ ઉભા કરવામાં આવ્યા, અને સંઘના લોકોએ પણ તેમાં સુખેથી નિવાસ કર્યો, પછી તે બન્ને સંઘપતિઓએ ગિરિપૂજન કરાવવામાટે ગુરૂમહારાજને વિનંતિ કરવાથી તેમણે કહ્યું કે, હે ઉત્તમ શ્રાવકો ! સચિત્તઆદિ વસ્તુઓનો ત્યાગ કરનારા અમો મુનિઓ પોતાને હાથે તે કાર્ય કરી શકીયે નહી, તે ગિરિપૂજન કરાવવાનું કાર્ય કુલગુરૂઓનું છે, પછી તે બન્ને સંઘપતિઓએ બોલાવેલા કુલગુરૂઓએ પણ હર્ષથી તુરત ત્યાં આવીને વિધિપૂર્વક અષ્ટપ્રકારી પૂજાવડે મહોત્સવથી તેઓ પાસે ગિરિપૂજન કરાવ્યું. તે વખતે (તે કુલગુરૂઓએ


બજાવેલા) તાલ, કંસાલઆદિક વિવિધપ્રકારના વાજિત્રોના નાદો સાથે ગુરૂમહારાજે મધુર સ્વરથી ગિરિપૂજા ભણાવી. અત્યંત ખુશી થયેલા તે બન્ને સંઘપતિઓએ પણ તે કુલગુરૂઓને એટલું તો દાન આપ્યું કે જેવડે તેઓની જીવિતપર્યંત આજીવિકા ચાલી. પછી બીજે દિવસે સંઘસહિત તે બન્ને સંઘપતિઓ ગુરૂમહારાજની સાથે તે ગિરિરાજપર ચડવા લાગ્યા. ગુરૂમહારાજ પણ તેઓની પાસે તે તીર્થનું માહાત્મ્ય વર્ણવતાથકા ધીમેધીમે ચડવા લાગ્યા. એવીરીતે ચાલતાથકા તેઓ સઘળા તે ગિરિરાજના મુખ્ય શિખરપાસે આવી પહોંચ્યા. ત્યારે ત્યાં ઘણાં જિનમંદિરોની શ્રેણિ જોઇને તે બન્ને સંઘપતિઓ ઘણો આનંદ પામ્યા. પછી તેઓએ શ્રીઋષભદેવપ્રભુના પ્રાસાદપાસે આવીને હર્ષના ઉભરાથી રોમાંચિત થઈ મોતીઓના સમૂહથી શ્રીઋષભદેવપ્રભુજીને વધાવ્યા, ત્યારબાદ તેઓએ સોનારૂપાના ફુલોના સમૂહથી પ્રભુને વધાવ્યા. ત્યારપછી એવીજ રીતે તેમના સકલ કુટુંબે પણ તે જિનેશ્વરપ્રભુને વધાવ્યા. વળી તે સમયે તેઓએ ત્યાં યાચકોને ઘણું દાન આપ્યું. પછી તેઓ પ્રભુનું દર્શન કરીને પોતાના હૃદયમાં અત્યંત આનંદ પામ્યા. પછી સંઘના સઘળા લોકો તે શ્રીઋષભદેવપ્રભુનાં દર્શન કરીને પોતાનો જન્મ સફલ માનવા લાગ્યા. પછી તે બન્ને સંઘપતિઓએ સંઘસહિત ગુરૂમહારાજે ભણાવેલું ચૈત્યવંદન ત્યાં બેસીને સાંભળ્યું. પછી તેઓ બન્નેએ સ્નાન કરીને તથા ધોયેલાં શ્વેત વસ્ત્રો પહેરીને, અને મોતીઓની માલાઓઆદિક અનેક આભૂષણો પહેરીને પુષ્પ, ધુપ, તથા દીપકઆદિક સતર ભેદોથી પ્રભુની પૂજા કરી. પછી તેઓએ દેવદ્રવ્યના ચડાવાપૂર્વક આરાત્રિક તથા ધ્વજારોપણઆદિક કર્યાં. એવીરીતે અનુક્રમે સંઘના લોકોએ પણ પ્રભુપૂજા કરી. પછી તે બન્ને ભાઇઓએ ગુરૂમહારાજની સાથે ચાલીને રાયણવૃક્ષ નીચે આવી પ્રભુના ચરણોની પૂજા કરી. ત્યારે ગુરૂમહારાજે પણ શાસ્ત્રોમાં કહેલું તે રાયણવૃક્ષનું માહાત્મ્ય તેઓને કહી સંભળાવ્યું. એવામાં તે રાયણવૃક્ષને જાણે સંજ્ઞા થઇ હોય નહી તેમ, તે વૃક્ષે તે બન્ને સંઘપતિઓના મસ્તકપર ક્ષીરની ધારા વરસાવી. તે જોઈ આશ્ચર્ય પામેલા તે બન્ને સંઘપતિઓને ગુરૂમહારાજે કહ્યું કે, જે કોઇ સંઘપતિ થોડા સમયમાંજ મોક્ષે જવાનો હોય તેના મસ્તકપર આ ઉત્તમ વૃક્ષ ક્ષીરની ધારા વરસાવે છે, એમ શ્રીતીર્થંકરપ્રભુઓએ કહેલું છે. પછી તે બન્ને સંઘપતિઓએ ત્યાં મહોટા આડંબરથી સતર પ્રકારે જિનપૂજન કરીને

યાચકોને ઘણું દાન આપ્યું. પછી તે સંઘપતિઓએ ત્યાં જિનમંદિરોની રિદ્ધિ જોઇને હર્ષિત થઇ ગુરૂમહારાજને પૂછ્યું કે, હે ભગવન્! આ આવાં મનોહર જિનમંદિરો કયા કયા પુણ્યશાલી માણસોએ અહીં કરાવેલાં છે? ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, પૂર્વે થયેલા શ્રીમાન સંપ્રતિરાજા કુમારપાલરાજા, વિમલમંત્રીશ્વર, તથા વસ્તુપાલ તેજપાલ મંત્રીશ્વરઆદિક અનેક ભાગ્યશાલી ઉત્તમ શ્રાવકોએ આ જિનમંદિરો અહીં બંધાવ્યાં છે, અને તે આ મંદિરો અહીં તેઓના કીર્તિસ્તંભોનીપેઠે શોભે છે. વળી પરલોકમાં પણ તે ભાગ્યશાલી પુરૂષો સ્વર્ગઆદિકનાં સુખો ભોગવીને છેવટે મોક્ષસુખને ભજનારા થશે. તે સાંભળી પોતાના હૃદયનો ભાવ ઉલ્લસાયમાન થવાથી વર્ધમાનશાહે કહ્યું કે, હે ભગવન્! આ મહાન્ તીર્થમાં જિનમંદિર બંધાવવામાટે હમણા મારા મનમાં પણ મનોરથ ઉત્પન્ન થયો છે. તે સાભળી ગુરૂમહારાજે પણ તેમના તે મનોરથની ઘણીજ અનુમોદના કરી. પછી તે બન્ને ભાઇઓએ તે તીર્થાધિરાજમાં વિક્રમ સંવત ૧૬૫૦ ના માગશરવદ નોમને દિવસે બે જિનમંદિરો બંધાવવામાટે મહોત્સવપૂર્વક પાયો નાખ્યો.

એવામાં નાગડાગોત્રવાળા રાજસીશાહે પણ ગુરૂમહારાજના ઉપદેશથી ત્યાં જિનમંદિર બંધાવવામાટે તેજ વર્ષે માગસર વદ તેરસને દિવસે પાયો નાખ્યો. પછી તે ગુરૂમહારાજના ઉપદેશથી તે બન્ને સંઘપતિઓએ ત્યાં અઠ્ઠાઇમહોત્સવનો પ્રારંભ કર્યો. પછી તેઓએ તેમના ઉપદેશ મુજબ તે ગિરિરાજની પ્રદક્ષિણા કરી. તે સમયે તે સકલ સંઘ તે તીર્થાધિરાજની પ્રદક્ષિણા કરી પોતાના મનમાં ઘણો આનંદ પામ્યો. ત્યાં તે ગુરૂમહારાજે હસ્તિગિરિ, કદમ્બગિરિ, તથા ચિલ્લણસરોવરઆદિક તીર્થભૂમિઓનું માહાત્મ્ય તે બન્ને ભાઇઓને કહી સંભળાવ્યું. પછી તે સકલસંઘે ત્યાં અત્યંત પવિત્ર એવી શત્રુંજયીનદીમાં સ્નાન કરીને પોતાના આત્માને પવિત્ર કર્યો. એવીરીતે તે સંઘસહિત તે બન્ને સંઘપતિઓ તે તીર્થાધિરાજમાં પંદર દિવસો સુધી રહ્યા. તે સમયે તેઓએ ત્યાં સ્વામિવાત્સલ્યઆદિક ધર્મકાર્યોમાં ઘણું દ્રવ્ય ખરચ્યું. પછી ત્યાંથી પ્રયાણ કરીને તેઓ તે સંઘસહિત કુશલક્ષેમે નવાનગરમાં આવ્યા. તે વખતે ત્યાંના રાજા જામશ્રીજસવંતસિંહજીએ મહોટા આડંબરથી તે સકલસંઘનો પ્રવેશમહોત્સવ

કર્યો. ત્યારે તે સંઘપતિઓએ પણ તે રાજાને સોનામહોરોથી ભરેલો થાળ ભેટ ધર્યો. રાજાએ પણ હર્ષથી તેઓને વસ્ત્રો તથા આભૂષણોઆદિકની પહેરામણી આપી. પછી ખુશી થયેલા તે બન્ને સંઘપતિભાઇઓએ ત્યાં વસ્ત્રો તથા આભૂષણોઆદિકની પહેરામણી આપી તે સકલસંઘને વિસર્જન કર્યો, અને પોતે ત્યાંના તે રાજાના આગ્રહથી પોતાના કુટુંબસહિત ત્યાં નવાનગરમાંજ વ્યાપાર કરવામાટે રહ્યા. તે સમયે તેઓની સાથે ત્યાં નવાનગરમાંજ તેઓની નોકરીમાં રહેલા ઓશવાલજ્ઞાતિના પાંચ હજાર માણસો પણ વસ્યાં. નાગડાગોત્રવાળા રાજસીશાહ પણ પોતાના મિત્ર ચાંપસીશાહસહિત વ્યાપાર કરવામાટે ત્યાં નવાનગરમાંજ રહ્યા. એવીરીતે તે શ્રીવર્દ્ધમાનશાહ તથા પદ્મસિંહશાહનામના બન્ને ભાઈઓએ તે સંઘની અંદર સર્વ મળી બત્રીસ લાખ કોરીનો ખર્ચ કર્યો. તેનું વિસ્તારયુક્ત વર્ણન તો સુંદરરૂપજીએ ( લાલણગોત્રના વહીવંચાએ ) રચેલા ભાષાબદ્ધ "વર્ધમાનપ્રબંધ" નામના ગ્રંથથી જાણી લેવું. એવીરીતે નવાનગરમાંજ વસેલા તે બન્ને શાહુકારો સુખે સમાધે ધર્મકાર્યો કરતાથકા ત્યાં પોતાનો વ્યાપાર કરવા લાગ્યા. ત્યારબાદ શ્રીકલ્યાણસાગરજી સૂરીશ્વર પણ ત્યાંથી વિહાર કરી કચ્છદેશમાં ગયા, તથા વિક્રમસંવત ૧૬૫૧ માં તેઓ જખ્ખૌનામના બંદરમાં ચતુર્માસ રહ્યા. અને ત્યાં શ્રીમાન્ રત્નસાગરજી ઉપાધ્યાયજીના સંસારપક્ષના કાકા નાગડાગોત્રવાળા રણસિંહનામના શ્રાવકે તેઓનો ઘણો આદરસત્કાર કર્યો. તથા તેમના ઉપદેશથી તે શ્રાવકે શ્રાવકનાં બારે વ્રતોનો સ્વીકાર કર્યો.

હવે અહીં નવાનગરમાં પુત્રરહિત નાગડાગોત્રવાળા રાજસીશાહે પોતાના મિત્ર ચાંપસીશાહની પ્રેરણાથી પૂર્વે પોતાના પિતા તેજસીશાહે બંધાવેલાં શ્રીશાંતિનાથપ્રભુના પ્રાસાદને ફરતી દેરીઓ બંધાવી તથા મૂલનાયકજીની શિખરના પાછલા ભાગમાં તે દેરીઓની હારમાં મધ્યભાગે એક મનોહર ચોમુખ જિનપ્રાસાદ બંધાવ્યો, તથા તેના ખરચમાં તેના મિત્ર ચાંપસીશાહે ત્રીજો ભાગ આપ્યો. પછી તે રાજસીશાહે નવાનગરરાજ્યની હદમાં આવેલા માંઢા તથા ભલસાણનામના ગામોમાં બે જિનમંદિરો બંધાવ્યાં, તથા મયાંતરા અને કાલાવડનામના ગામોમાં તેણે બે ઉપાશ્રયો બંધાવ્યાં. વળી પુત્ર થવાની લાલસાથી તેણે મહાદેવ તથા શ્રીકૃષ્ણઆદિકનાં પણ કેટલાંક મંદિરો બંધાવ્યાં,



શેઠ રાયસી તેજસિંહશાહનું ( ચોરીવાળું ) દેરાસર
જામનગર.

પછી તે રાજસીશાહે વિક્રમસંવત ૧૬૫૨ માં વિનંતિ લખીને શ્રીકલ્યાણસાગરજીસૂરીશ્વરજીને નવાનગરમાં બોલાવ્યા, ત્યારે તે આચાર્યજી પણ તેના આગ્રહથી તે નવાનગરમાં આવ્યા, તથા ત્યાં તે રાજસીશાહે મ્હોટા આડંબરથી તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. ત્યારબાદ તે રાજસીશાહે પણ આચાર્યમહારાજના ઉપદેશથી મ્હોટા આડંબરપૂર્વક સંઘસહિત શ્રીશત્રુંજયતીર્થની યાત્રા કરી, અને તેમાં તેણે બેલાખ કોરીનું ખર્ચ કર્યું. ગુરૂમહારાજ પણ તેના આગ્રહથી ત્યાં નવાનગરમાંજ ચતુર્માસ રહ્યા. ચતુર્માસબાદ ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરીને સૌરાષ્ટ્રદેશમાં આવ્યા, તથા ત્યાં ગિરનારતીર્થની યાત્રા કરીને તેઓ વણથલીમાં આવ્યા. ત્યાં એક શ્રીનાલીજ્ઞાતિનો સુંદરજી નામે શ્રાવક વસતો હતો. તેણે ગુરૂમહારાજના ઉપદેશથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી, તથા ગુરૂમહારાજે તેમનું " સુંદરસાગરજી " નામ પાડયું. ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજ પ્રભાસપાટણ નામના નગરમાં પધાર્યા, તે નગરમાં પોરવાડજ્ઞાતિનો તથા શુદ્ધરીતે શ્રાવકોના બારે વ્રતોને ધારણ કરનારો એક મેઘજીનામે શ્રાવક વસતો હતો. તેણે ત્યાં ગુરૂમહારાજના ઉપદેશથી વૈરાગ્યપૂર્વક દીક્ષા ગ્રહણ કરી. ગુરૂમહારાજે પણ તેમનું "મેઘસાગરજી" નામ પાડીને વડીદીક્ષા દેતીવેળાએ શ્રીમાન્ રત્નસાગરજી ઉપાધ્યાયજીના શિષ્યતરિકે તેમને સ્થાપ્યા. અને પોતાની બુદ્ધિથી બૃહસ્પતિને પણ જીતનારા એવા. તે શ્રીમેઘસાગરજીમુનિ થોડા કાળમાંજ આગમોઆદિક સઘળાં શાસ્ત્રોમાં પારગામી થયા. ગુરૂમહારાજ પણ ત્યાંના સંઘના આગ્રહથી વિક્રમસંવત ૧૬૫૩ માં તે પ્રભાસપાટણનગરમાંજ ચતુર્માસ રહ્યા. ચતુર્માસબાદ ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરીને કચ્છદેશમાં વિચરતાથકા ખાખરનામના ગામમાં પધાર્યા, ત્યાં ગાલ્હાગોત્રવાળા વીરચોલનામના શ્રાવકે ગુરૂમહારાજના ઉપદેશથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી, તથા તેમનું " મનમોહનસાગરજી " નામ રાખ્યું, તથા તેને પણ વડીદીક્ષા દેતીવેળાએ ગુરૂમહારાજે શ્રીરત્નસાગરજી ઉપાધ્યાયજીના શિષ્યરૂપે સ્થાપ્યા. પછી ત્યાંથી વિહાર કરી ગામોગામ વિચરતાથકા ગુરૂમહારાજ વાગડદેશમાં આવેલા આધોઇનામના ગામમાં પધાર્યા. ત્યાં મહોતાગોત્રના સોમચંદ્રનામના શ્રાવકે ગુરૂમહારાજના ઉપદેશથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી, ત્યારે તેમનું "સોમસાગરજી" નામ પાડીને ગુરૂમહારાજે વિનયસાગરજી ઉપાધ્યાયજીના શિષ્ય તરિકે તેમને સોંપ્યા. હવે ત્યાંથી શ્રીરત્નસાગરજી ઉપાધ્યાય

ગુરૂમહારાજની આજ્ઞાથી પોતાના શિષ્યોસહિત જૂદા વિહાર કરવા લાગ્યા, પછી શ્રીકલ્યાણસાગરજી સૂરીશ્વર ત્યાંથી વિહાર કરી ભુજનગરમાં પધાર્યા, ત્યારે સંઘે મલી મહોત્સવપૂર્વક તેમનો નગરમાં પ્રવેશ કરાવ્યો. પછી ત્યાંના સંઘના આગ્રહથી વિક્રમ સંવત ૧૬૫૪ માં તેઓ ત્યાં ભુજનગરમાંજ ચતુર્માસ રહ્યા.

હવે તે સમયે તે ભુજનગરમાં સર્વધર્મોપર સરખી દૃષ્ટિ રાખનારો, અને પુત્રનીપેઠે પ્રજાનું પાલન કરવામાં તત્પર " રા ભારમલ્લજી " નામના રાજા રાજ્ય કરતા હતા. હવે એક સમયે પૂર્વકર્મોના ઉદયથી તે રાજાના શરીરમાં વાનો રોગ ઉત્પન્ન થયો, અને તેથી તેના શરીરમાં રહેલા હાડકાંઓના સઘળા સાંધાઓમાં તેને મહોટી વેદના થવા લાગી. ઘણા ઘણા વૈદ્યોએ બહુ બહુ પ્રકારના ઉપચારો કર્યા, પરંતુ તેથી તે રાજાને જરા પણ શાંતિ થઈ નહી, દિવસે દિવસે તેની પીડા વૃદ્ધિ પામવા લાગી. તે જોઇને અંતઃપુરની રાણીઓ આદિક સઘળો પરિવાર ઘણોજ ચિંતાતુર થયો. એવામાં ત્યાં પોતાના ભુજનગરમાં તે મહાપ્રભાવિક એવા શ્રીમાન્ કલ્યાણસાગરજીસૂરીશ્વરજીનું આગમન જાણીને વિનંતિથી તે રાજાએ તેમને પોતાની પાસે બોલાવ્યા. ગુરૂમહારાજ પણ શાસનની પ્રભાવના કરવામાટે તે રાજા પાસે ગયા. ત્યારે ગુરૂમહારાજને ત્યાં પોતાની પાસે આવેલા જાણીને અત્યંત ખુશી થયેલા એવા તે રાજાએ ઉઠવામાટે પોતાની શક્તિ ન હોવાથી પલંગમાં બેઠા બેઠાંજ ગુરૂમહારાજને નમસ્કાર કર્યો. પછી રાજાના આદેશથી ગુરૂમહારાજ ત્યાં રાખેલી કાષ્ટની પાટપર પ્રમાર્જન કરી તેની પાસે બેઠા. પછી તે રાજાએ પોતાની આંખોમાં આંસુઓ લાવીને ગુરુમહારાજને પોતાની વાતરોગની વ્યાધિનું સ્વરૂપ કહી સંભળાવ્યું, અને કહ્યું કે, શ્રીમહાવીરપ્રભુના સંઘમાં મેં આપસાહેબનો પ્રભાવ સાંભળ્યો છે, માટે હવે મારા પર કૃપા કરીને મારો રોગ જેથી દૂર થાય એવો કંઇક ઉપાય આપ સુચવો? રાતદિવસમાં નિદ્રા ન આવવાથી હું બહુ પીડા પામું છું. એવીરીતનાં તે રાજાનાં વચનો સાંભળીને ગુરૂમહારાજે કહ્યું કે, હે રાજન્! હવે આપ ચિંતા ન કરો? ખરેખર પ્રાણીઓ આ જગત્માં કર્મોને લીધે સુખદુઃખોને મેળવે છે. હવે દેવગુરૂની કૃપાથી આપના રોગની થોડીજ મુદતમાં શાંતિ થઇ જશે. એમ કહી ગુરૂમહારાજે પ્રાસુક ( ઉકાળેલું ) જલ મંત્રીને તેમને આપ્યું, અને કહ્યું કે, આ જલનું શરીરે લેપન કરવાથી આપના

શરીરમાંથી તેજ ક્ષણે આ વાયુનો રોગ દૂર થશે. ત્યારબાદ તેજ વખતે રાજાના નોકરોએ તે મંત્રેલાં જલવડે તેમનાં શરીરપર લેપન કર્યું. ત્યારે તે માંત્રત જલના પ્રભાવથી તેજ ક્ષણે તે રાજાના વાયુરોગની શાંતિ થઇ. તેજ ક્ષણે રોગરહિત થયેલો તે રાજા ઉઠીને ગુરૂમહારાજના ચરણોમાં પડ્યો. તે જોઈ આશ્ચર્ય પામેલી તે રાજાની સઘળી રાણીઓએ પણ ત્યાં આવી ગુરૂમહારાજને મોતીઓવડે વધાવ્યા. ત્યારબાદ તે રા ભારમલ્લરાજા ગુરૂમહારાજના ચરણોમાં એકહજાર મુદ્રિકાઓ ભેટ ધરીને કહેવા લાગ્યો કે, હે પૂજ્ય! મારાપર કૃપા કરીને આપસાહેબ આ દ્રવ્ય ગ્રહણ કરો? તે સાંભળી ગુરૂમહારાજે કહ્યું કે, હે રાજન્! અમો નિઃસ્પૃહી અણગારી મુનિઓ આ દ્રવ્યનો સ્પર્શ પણ કરીયે નહીં, તે સાંભળી આશ્ચર્ય પામેલા તે રાજાએ તેમના પરોપકાર કરવામાં તત્પરતા જોઇ પ્રશંસા કરી. ત્યારબાદ તે રાજાએ ગુરૂમહારાજને કહ્યું કે, હે પૂજ્ય! ત્યારે આપસાહેબ મારા યોગ્ય કંઇ પણ કાર્ય ફરમાવો? ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, હે રાજન! આ લોક અને પરલોકમાં પણ કેવલ જીવો પ્રતે રાખેલી દયાજ પ્રાણીઓને ઘણું સુખ આપનારી થાય છે, માટે તમો તે જીવોપ્રતે દયા રાખવાનોજ સ્વીકાર કરો? એમ કહેવાથી તે રા ભારમલ્લરાજાએ માંસાહારનાં પ્રત્યાખ્યાન કર્યાં, તેમજ પર્યુષણાપર્વમાં પોતાના દેશની અંદર આઠ દિવસોસુધી અમારીપટહ વગડાવવાનું તેણે સ્વીકાર્યું. પછી ગુરૂમહારાજના ઉપદેશથી તે રાભારમલ્લરાજાએ ત્યાં ભુજનગરમાં "રાજવિહાર" નામનો એક જિનપ્રાસાદ બંધાવ્યો. એવીરીતે તે ગુરૂમહારાજનો તે ભુજનગરમાં મ્હોટો યશોવાદ પ્રકટ થયો, અને જિનશાસનની પણ ઘણીજ પ્રભાવના થઇ. હવે તે વખતે તે રાજાના મેહેલમાં કાષ્ટની જે પાટપર ગુરૂમહારાજ બેઠા હતા, તે પાટ પણ રાજાએ ગુરૂમહારાજને ઉપાશ્રયે મોકલી આપી. પછી ચતુર્માસબાદ ગુરુમહારાજ ત્યાંથી વિહાર કરીને ગામો તથા નગરોઆદિકમાં વિહાર કરતાથકા વિક્રમસંવત ૧૬૫૫ માં વાગડદેશમાં આવેલા દુધઇગામમાં, ૧૬૫૬ માં આસંબીયા નામના ગામમાં, ૧૬૫૭ માં રોણુ નામના ગામમાં, ૧૬૫૮ મ ગોધરા નામના ગામમાં, ૧૬૫૯ માં ડુમરા નામના ગામમાં, ૧૬૬૦ માં ભદ્રાવતીમાં, ૧૬૬૧માં માલીયા નામના ગામમાં, ૧૬૬૨ માં સુંદરાનગરમાં, ૧૬૬૩માં અંજારનગરમાં, ૧૬૬૪ માં ભુજપુર નામના ગામમાં, ૧૬૬૫ માં જખૌનામના બંદરમાં, ૧૬૬૬માં નલીયાગામમાં, તથા ૧૬૬૭ માં

મેરાઉનામના ગામમાં ચતુર્માસ રહ્યા. અને તેટલાં ચોમાસાઓમાં તેમણે પીચોતેર સાધુઓને, તથા એકસો સતાવીસ સાધ્વીઓને દીક્ષા આપી. તથા (તે મુદતમાં) તેમના ઉપદેશથી તેર જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ થઇ. ગ્રંથગૌરવના ભયથી તે સંબંધી સઘળું વર્ણન અહીં લખ્યું નથી.

હવે નવાનગરની અંદર વર્ધમાન અને પદ્મસિંહ નામના તે બન્ને ભાઇઓને ત્યાંના રાજાએ પોતાના મંત્રિપદપર સ્થાપિત કર્યા. તથા ત્યાં રહી તેઓ સુખે સમાધે પોતાનો વ્યાપાર કરતા હતા, અને તેથી ત્યાં તેઓએ ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું. હવે એક વખતે અત્યંત વિચક્ષણ એવી પદ્મસિંહની સ્ત્રી કમલાદેવીએ ભોજન કર્યાબાદ પોતાના જેઠ સાથે બેઠેલા પોતાના સ્વામી એવા પદ્મસિંહશાહને કહ્યું કે આ જગત્માં દ્રવ્ય ઉપાર્જન કરવાનું કાર્ય તો અનેક મનુષ્યો કરે છે, તથા તેમના પુણ્યના સંયોગથી તેમને ઘણું દ્રવ્ય મળે છે પરંતુ જે માણસો તે ઉપાર્જન કરેલી લક્ષ્મીને ધર્મકાર્યોમાં વાપરે છે, તેઓજ આ જગત્માં વિસ્તીર્ણ કીર્તિ મેળવીને, વળી પાછા આગામીજન્મમાં પણ લક્ષ્મી મેળવે છે, અને જેઓ તેમ કરતા નથી, તેઓ તો ભાર ઉપાડનારા મજુરનીપેઠે આ જગત્માં પોતાનો જન્મ વૃથા ગુમાવે છે. વળી આ લક્ષ્મીને વિદ્વાન્ મનુષ્યોએ ચપલા એટલે ચંચલસ્વભાવનીજ કહેલી છે. માટે લાંબાવખતસુધી તેણીનો વિશ્વાસ કરવો પણ યોગ્ય નથી. માટે આપ તે લક્ષ્મીને ધર્મકાર્યોમાં વાપરીને આપની કીર્તિને ચિરસ્થાયી કરો? એવીરીતનાં તેણીનાં વચનો સાંભળીને વર્ધમાનશાહે કહ્યું કે, ખરેખર તમો અમારા ઘરમાં યથાર્થ નામને ધારણ કરનારાં દેહધારી કમલાદેવીજ ( સાક્ષાત્ લક્ષ્મીજ ) છો, હવે અમો તમારી સમ્મતિમુજબ આ લક્ષ્મીને ધર્મકાર્યોમાં વાપરશું. એમ કહી તે બન્ને બાંધવોએ ત્યાં નવાનગરમાં તે કમલાદેવીની સમ્મતિપૂર્વક એક વિશાલ જિનપ્રાસાદ બંધાવવાનો મનોરથ કર્યો. પછી તેનો પાયો નાખવાનું મુહૂર્ત જોવામાટે તેઓએ વિનંતિ લખીને શ્રીકલ્યાણસાગરસૂરીશ્વરજીને ત્યાં બોલાવ્યા. તેમની વિનંતિ વાંચીને તે સૂરીશ્વરજી પણ હર્ષિત થયાથકા પોતાના પરિવારસહિત ત્યાં નવાનગરમાં પધાર્યા ત્યારે તે બન્ને ભાઇઓએ પણ સકલ સંઘસહિત ઘણાજ સન્માનપૂર્વક મહોત્સવથી તેમને નગરની અંદર પ્રવેશ કરાવ્યો. પછી તે બન્ને બાંધવોએ ગુરૂમહારાજે દેખાડેલા મુહૂર્તને અનુસારે

ત્યાં નવાનગરમાં વિક્રમ સંવત ૧૬૬૮ ના શ્રાવણ સુદ પાંચમને દિવસે તે જિનપ્રાસાદ બંધાવવાનો પાયો નાખ્યો. તે સમયે તે બન્ને ભાઇઓએ ઘણું દ્રવ્ય ખરચી સ્વામિવાત્સલ્ય કર્યું, તથા યાચકોને પણ ઘણું દાન આપ્યું તે જિનપ્રાસાદ બાંધવાની ભૂમિ લેવાના બદલામાં તેઓએ દશહજાર સોનામહોરો ત્યાંના રાજાને ભેટ ધરી. તે જિનમંદિર બાંધવા પાછળ તેઓએ સર્વ મળી છસો માણસોને રોકેલા હતા.

હવે ગુરૂમહારાજ પણ ત્યાં ચતુર્માસ રહીને, ત્યાંથી વિહાર કરી ગામોગામ વિચરતાથકા પાલણપુરમાં બિરાજેલા પોતાના ગુરૂમહારાજ શ્રીધર્મમૂર્તિસૂરીશ્વરજીને જઇ મળ્યા. તથા વિક્રમ સંવત ૧૬૬૯ માં ત્યાંજ ગુરૂમહારાજની સાથે ચતુર્માસ રહ્યા. ત્યાંથી વિહાર કરી તેઓ પોતાના તે ગુરૂમહારાજનીસાથે પ્રભાસપાટણમાં પધાર્યા. ત્યાં ગુરૂમહારાજના ( શ્રીધર્મમૂર્તિસૂરિજીના ) દેવલોક ગયાબાદ ત્યાંજ તેમને ગચ્છેશની પદવી મળી. તથા વિક્રમ સંવત ૧૬૭૦ માં તેઓ ત્યાંજ ચતુર્માસ રહ્યા.

એવામાં જેમનું પૂર્વે વર્ણન કરવામાં આવેલું છે, એવા આગરાનગરના નિવાસી કુરપાલ અને સોનપાલનામના બન્ને ભાઇઓ ત્યાં પ્રભાસપાટણમાં આવી શ્રીકલ્યાણસાગરજીમહારાજને વિનંતિ કરવા લાગ્યા કે, હે ભગવન્! આપના ગુરૂમહારાજ શ્રીમાન્ ધર્મમૂર્તિસૂરિજીના ઉપદેશથી અમોએ ત્યાં આગરાનગરમાં બંધાવેલા બન્ને જિનપ્રાસાદો હવે સંપૂર્ણ થઇ ગયા છે, તેથી હવે તેમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવાની છે, માટે આપ સાહેબ અમારાપર કૃપા કરીને તે આગરાનગરમાં પધારો? એવીરીતની તેઓની વિનંતિથી ગુરૂમહારાજ ચતુર્માસબાદ ત્યાંથી વિહાર કરીને ઘણાજ ઉગ્રવિહારથી તે આગરાનગરમાં પધાર્યા. તે વખતે ત્યાંના સંઘસહિત તે બન્ને બાંધવોએ મહોટા આડંબરથી તે ગુરૂમહારાજનો નગરમાં પ્રવેશમહોત્સવ કર્યો. પછી ગુરૂમહારાજના ઉપદેશથી તે બન્ને ભાઇઓએ તે બન્ને જિનમંદિરોમાં સર્વ મળી ૪૫૦ ( ચારસો પચાસ ) જિનપ્રતિમાઓની વિક્રમ સંવત ૧૬૭૧ ના વૈશાખ સુદ ત્રીજને દિવસે પ્રતિષ્ઠા કરી. તેઓમાના એક જિનમંદિરમાં શ્રીશ્રેયાંસપ્રભુની મૂર્તિનું મૂળનાયકજી-

પણ સ્થાપન કર્યું; અને બીજા જિનમંદિરમાં શ્રીમહાવીરપ્રભુની મૂર્તિ મૂલનાયકજીતરીકે સ્થાપી. તે અવસરે તે બન્ને ભાઇઓએ ઘણું દ્રવ્ય ખરચી સ્વામિવાત્સલ્ય આદિક ધર્મકાર્યો કર્યાં. પછી ગુરૂમહારાજ પણ ત્યાંના સંઘના આગ્રહથી તે આગરાનગરમાંજ સંવત ૧૬૭૧ માં ચતુર્માસ રહ્યા. તે સમયે તે બન્ને ભાઇઓએ તે શ્રીગુરૂમહારાજના ઉપદેશથી તે આગરાનગરમાં એક મહોટો મનોહર ઉપાશ્રય બંધાવ્યો. પછી ચતુર્માસબાદ તે બન્ને બાંધવો જિનેશ્વરપ્રભુઓની ( સમેતશિખર પાવાપુરી આદિક ) કલ્યાણક ભૂમિઓમાં ગુરૂમહારાજની સાથે પોતાના કુટુંબસહિત યાત્રા કરવામાટે આવ્યા, તથા ગુરૂમહારાજના ઉપદેશથી તેઓએ તે કલ્યાણક ભૂમિઓનો જીર્ણોદ્ધાર કરાવ્યો. એવીરીતે તે બન્ને ભાઇઓએ તે શ્રીમાન્ કલ્યાણસાગરજીસૂરીશ્વરજીના ઉપદેશથી સાતે ક્ષેત્રોમાં સાત લાખ પીરોજીઓ ( તે વખતમાં ચાલતા દીલ્હીના બાદશાહના સોનાના સિક્કા ) ખરચી. પછી ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરીને પોતાના ચરણન્યાસોથી ગામો તથા નગરોને પવિત્ર કરતાથકા અનુક્રમે વાણારસી ( કાશી ) નગરીમાં પધાર્યા, અને ત્યાં માસકલ્પ રહ્યા, તથા પોતાના અમૃતસરખા મધુર ઉપદેશથી લોકોના હૃદયમાં આનંદ પમાડવા લાગ્યા.

એવામાં દિલ્હીનગરનો જહાંગીરનામનો મુગલ બાદશાહ તે આગરાનગરમાં આવ્યો, ત્યારે કોઇક દુર્જન માણસની પ્રેરણાથી તે બાદશાહ પોતાના તહેસીલદાર એવા તે કુરપાલ સોનપાલે બંધાવેલા કે જેનું આગળ વર્ણન કરવામાં આવ્યું છે, એવા તે બન્ને જિનમંદિરોને જોઇને, તે બન્ને ભાઇઓને પોતાની પાસે બોલાવીને ઇર્ષ્યાથી કહેવા લાગ્યો કે, આ બન્ને મંદિરોમાં તમોએ પથરની કોની મૂર્તિઓ સ્થાપન કરી છે? ત્યારે તે બન્ને ભાઇઓએ તે બાદશાહને કહ્યું કે, સાહેબ ! અમોએ અમારા દેવની મૂર્તિઓ તેમાં સ્થાપન કરેલી છે. ત્યારે બાદશાહે કહ્યું કે, તે તમારો પથરનો બનાવેલો દેવ આજથી દસદિવસોની અંદર મને પોતાનો કંઇક પણ ચમત્કાર દેખાડે, નહિતર હું આ તમારા દેવના બન્ને મંદિરો તોડી પડાવીશ. તે સાંભળી તે બન્ને ભાઇઓ પોતાના મનમાં ઘણોજ ખેદ પામતાથકા પોતાને ઘેર આવ્યા. પછી તે બન્ને ભાઇઓએ વિચાર્યું કે, હાલમાં તે શ્રીમાન્ કલ્યાણસાગરસૂરિજીને વાણારસીનગરીમાં માસકલ્પ અથવા ચતુર્માસ રહેલા સાંભળ્યા

છે. વળી તેઓ આ કાળમાં મંત્રવિદ્યા આદિકના પારંગામી તથા મહાપ્રભાવિક છે. માટે આ વિપત્તિના સંબંધમાં તેઓ આપણને કંઈક પણ ઉપાય દેખાડશે. એમ વિચારીને સોનપાલ ઘણી ઉતાવળી ચાલના ઉંટપર બેસીને ચોથે દિવસે વાણારસીનગરીમાં આવ્યો. તથા ત્યાં તુરત ગુરૂમહારાજની પાસે આવી વંદન કરી તેણે આંખોમાં આંસુ લાવી તે સઘળો વૃત્તાંત નિવેદન કર્યો. ત્યારે ગુરૂમહારાજે તેને આશ્વાસન આપી કહ્યું કે, હે સોનપાલ! તમો તમારા મનમાં ખેદ ન કરો? હું પોતેજ ત્યાં આગરાનગરમાં આવીશ, અને સઘળું સારૂં થઇ રહેશે. એવીરીતના ગુરૂમહારાજના વચનો સાંભળીને તેમનાપર શ્રદ્ધા હોવા છતાં પણ તે સોનપાલ વિચારવા લાગ્યો કે, આગરાનગર તો અહીંથી ઘણું દુર છે. અને તેથી આ ગુરૂમહારાજ પગે ચાલીને હવે પાંચ દિવસોની અંદર ત્યાં આવવાને શી રીતે સમર્થ થઇ શકશે? પરંતુ હવે તેમાટે ચિંતા કરવાની જરૂર નથી. ખરેખર આ ગુરૂમહારાજ કોઇક મંત્રઆદિકના પ્રયોગથી ત્યાં પધારી આ વિઘ્નને દૂર કરશે. એમ વિચારતોથકો તે સોનપાલ ગુરૂમહારાજને વાંદીને ત્યાંથી ઉઠી તેજ ક્ષણે ઉંટપર સ્વાર થઇ આગરાનગર તરફ ચાલવા લાગ્યો. હવે ગુરૂમહારાજ પણ જિનશાસનની રક્ષામાટે તુરત પગે લેપ કરીને આકાશગામિની વિદ્યાથી બીજે દિવસેજ આગરાનગરમાં પધાર્યા, અને સોનપાલ તો હજુ ત્યાં આવી પહોંચ્યો નહોતો. એવામાં ત્યાં ઉપાશ્રયમાં બિરાજેલા ગુરૂમહારાજ શ્રીકલ્યાણસાગરસૂરિજીને જોઇને કુરપાલ તો પોતાના હૃદયમાં અત્યંત આશ્ચર્ય પામ્યો. એવામાં આઠમે દિવસે ત્યાં આવેલા સોનપાલે પણ ત્યાં પોતાની પહેલાંજ પધારેલા, તથા ઉપાશ્રયમાં બિરાજેલા ગુરૂમહારાજને જોઇને આશ્ચર્ય પામી પોતાના હૃદયમાં નિશ્ચય કર્યો કે, ખરેખર આ અચિંત્ય મહિમાવાળા ગુરૂમહારાજ અહીં આકાશગામિની વિદ્યાથીજ પધારેલા છે. એવીરીતના મહાપ્રભાવિક એવા આ ગુરૂમહારાજ ખરેખર આ આવી પડેલા વિઘ્નને દૂર કરશેજ; એમ વિચારી તે નિશ્ચિંત થયો.

એવામાં તે જહાંગીર બાદશાહે સોનપાલને બોલાવી કહ્યું કે, અરે! સોનપાલ! તારા પત્થરના દેવે હજુસુધી મને કંઇ પણ ચમત્કાર દેખાડ્યો નહી, માટે હવે હું આ તારાં બન્ને દેવમંદિરો પડાવી નાખીશ, ત્યારે ગુરૂમહારાજે પ્રથમથી સમજાવી રાખેલા

સોનપાલે તે બાદશાહને કહ્યું કે, આપસાહેબ પ્રથમ ત્યાં અમારા તે દેવનીપાસે પધારો ? કે જેથી અમારા તે દેવ આપસાહેબને ચમત્કાર દેખાડશે. ત્યારે તે કૌતુક જોવામાટે ઉત્સુક થયેલો તે બાદશાહ પણ પોતાના પરિવારસહિત શ્રીમાન્ મહાવીરપ્રભુના જિનમંદિરમાં આવ્યો; ત્યારે ત્યાં પ્રથમથીજ આવીને બેઠેલા શ્રીમાન્ કલ્યાણસાગરસૂરિજીએ તે બાદશાહને કહ્યું કે, આપસાહેબ અહીં આ પાષાણમય એવા પણ અમારા દેવને નમસ્કાર કરો ? કે જેથી તે દેવ આપને પોતાનો ચમત્કાર દેખાડશે. તે સાંભળી કૌતુક જોવાની ઇચ્છાવાળા બાદશાહે પણ પોતાના બન્ને હાથ જોડી તે જિનેશ્વરપ્રભુની પ્રતિમાને ભાવ વિનાજ નમસ્કાર કર્યો. તેજ ક્ષણે હૃદયમાં ધારેલું છે મહાકાલીદેવીનું ધ્યાન જેમણે એવા તે શ્રીમાન્ કલ્યાણસાગરસૂરિજીએ પોતાનો ( ધર્મધ્વજ ) ઓઘો ઉંચો કરી કહ્યું કે, હે દેવાધિદેવ ! આપને નમસ્કાર કરતા એવા આ બાદશાહને આપ ધર્મલાભ આપો ? તેજ સમયે તે મહાકાલીદેવીએ તે જિનપ્રતિમામાં સંક્રમણ કરીને, તથા પ્રતિમાનો એક હાથ ઉંચો કરીને તે પ્રતિમાનાજ મુખથી તે બાદશાહને મહોટા શબ્દથી ધર્મલાભ આપ્યો. તે જોઇ પોતાના મનમાં અત્યંત આશ્ચર્ય પામેલો તથા આચાર્યમહારાજથી ડરેલો તે જહાંગીર બાદશાહ ત્યાંથી તુરત રવાના થઇ પોતાના સ્થાનકે ગયો. પછી અત્યંત ડરેલા એવા તે બાદશાહે દશહજાર સોનામોહોરો ગુરૂમહારાજને મોકલી, પરંતુ નિસ્પૃહી એવા તે શ્રીકલ્યાણસાગરજી મહારાજે તે સોનામોહોરો સોનપાલને સમર્પણ કરી, અને કહ્યું કે આ સોનામોહોરો તમારે ધર્મકાર્યોમાં વાપરવી.

ઉપર જણાવ્યા મુજબ તે આગ્રાશેહેરમાં લોઢાગોત્રવાળા તે કુરપાલ તથા સોનપાલે બંધાવેલાં બન્ને જિનાલયોનાં શિલાલેખની નકલ નીચે મુજબ છે—

पातसाहि श्रीजहांगीरराज्ये

॥ ॐ ॥ श्रीसिद्धेभ्यो नमः ॥

स्वस्ति श्रीविष्णुपुत्रो निखिलगुणयुतः पारगो वीतरागः ।
पापाद्वः क्षीणकर्मा सुरशिखरिसमः कल्पतीर्थप्रदाने ॥

श्रीश्रेयान् धर्ममूर्तिर्भविकजनमनःपंकजे बिम्बभानुः ।
कल्याणांभोधिचंद्रः सुरनरनिकरैः सेव्यमानः कृपालुः ॥ १ ॥

અર્થ:—સર્વ ગુણોવડે યુક્ત થયેલા, સંસારનો પાર પામેલા, રાગરહિત ક્ષીણ થયેલ છે કર્મો જેમના એવા, કલ્પવૃક્ષસરખા તીર્થને આપવામાં મેરૂપર્વતસમાન, લક્ષ્મી તથા કલ્યાણ કરનારા ધર્મની મૂર્તિસમાન[1], ભવ્યલોકોના મનરૂપી કમલને વિકસ્વર કરવામાં સૂર્યબિંબસરખા, કલ્યાણરૂપી સાગરની[2] વૃદ્ધિ કરવામાં ચંદ્રસમાન, દેવો તથા મનુષ્યોના સમૂહોથી સેવાતા, અને દયાળુ, એવા કલ્યાણયુક્ત મોક્ષલક્ષ્મીવાળા વિષ્ણુરાજાના પુત્ર શ્રીશ્રેયાંસનાથ પ્રભુ તમારૂં રક્ષણ કરો ? ॥ १ ॥

ऋषभप्रमुखाः सार्वा । गौतमाद्या मुनीश्वराः ॥
पापकर्मविनिर्मुक्ताः । क्षेमं कुर्वंतु सर्वदा ॥ २ ॥

અર્થ:—ઋષભદેવપ્રભુ આદિક સર્વજ્ઞ તીર્થંકરો તથા ગૌતમ સ્વામીઆદિક મુનીશ્વરો, કે જેઓ પાપકાર્યોથી સર્વથાપ્રકારે મુક્ત થયેલા છે, તેઓ હમેશાં તમારૂં કલ્યાણ કરો ? ॥ २ ॥

कुंरपालस्वर्णपालौ । धर्मकृत्यपरायणौ ॥
स्ववंशकुजमार्तंडौ । प्रशस्तिर्लिख्यते तयोः ॥ ३ ॥

અર્થ:—કુંરપાલ અને સ્વર્ણપાલ નામના બન્ને શ્રાવક ભાઇઓ, કે જેઓ ધર્મકાર્યોમાં તત્પર હતા, તથા પોતાના વંશરૂપી કમલને પ્રફુલ્લિત કરવામાં સૂર્યસમાન હતા, તેઓની આ પ્રશસ્તિ લખાય છે.

श्रीमति हायने रम्ये । चंद्रर्षिरसभूमिते ॥
षट्त्रिंशत्तिथिशाके । विक्रमादित्यभूपतेः ॥ ४ ॥

અર્થ:—વિક્રમાદિત્યરાજાના શ્રીમાન્ તથા મનોહર એવા શો-

---

૧ ધ્વનિમાં " ધર્મમૂર્તિસૂરિજીનું " નામ સૂચવ્યું છે.
૨ ધ્વનિમાં " કલ્યાણસાગરસૂરિજીનું " નામ સૂચવ્યું છે.

ળસો એકોતેર ( ૧૬૭૧ ) ના વર્ષમાં, તેમજ પંદરસો છત્રીશના ( ૧૫૩૬ ) શક સંવત્સરમાં, ॥ ४ ॥

राधमासे वसंतर्त्तौ । शुक्लायां तृतीयातिथौ ॥
युक्ते तु रोहिणीभेन । निर्दोषे गुरुवासरे ॥ ५ ॥

અર્થ:—વૈશાખમાસમાં, વસંતઋતુમાં, શુકલપક્ષની ત્રીજની તિથિને દિવસે, રોહિણીનક્ષત્રથી યુક્ત થયેલા, અનેદોષવિનાના એવા ગુરૂવારને દિવસે, ॥ ૫ ॥

श्रीमदंचलगच्छाख्ये । सर्वगच्छावतंसके ॥
सिद्धांताख्यातमार्गेण । राजिते विश्वविस्तृते ॥ ६ ॥

અર્થ:—સર્વ ગચ્છોમાં મુકુટસમાન, તથા આગમોમાં કહેલા માર્ગને અનુસરવાથી શોભતા, તથા જગતમાં ફેલાયેલા એવા શ્રીમાન અંચલગચ્છમાં, ॥ ૬ ॥

उग्रसेनपुरे रम्ये । निरातंकरसाश्रये ॥
प्रासादमंदिराकीर्णे । सद्ज्ञातौ ह्युपकेशके ॥ ७ ॥

અર્થ:—ભયરહિત તથા નવે રસોના સ્થાનકસમાન, અને મેહેલો તથા દેવમંદિરોથી ભરેલા મનોહર ઉગ્રસેન નામના ( આગ્રા નામના ) નગરમાં, " ઓશવાલ " નામની ઉત્તમ જ્ઞાતિમાં, ॥ ૭ ॥

लोढागोत्रे विवस्वाँस्त्रिजगति सुयशा ब्रह्मचर्यादियुक्तः ।
श्रीशृंगख्यातनामा गुरुवचनयुतः कामदेवादितुल्यः ॥
जीवाजीवादितत्त्वे परुचिरमतिर्लोकवर्गेषु याव-
ज्जीयाचंद्रार्कबिंबं परिकरभूतकैः सेवितस्त्वं मुदा हि ॥ ८ ॥

અર્થ:—લોઢાનામના ગોત્રમાં સૂર્યસરખા, ત્રણે જગતમાં ઉત્તમ યશવાળા, બ્રહ્મચર્યઆદિકથી યુક્ત થયેલા, ગુરૂમહારાજના વચનોપર શ્રદ્ધાવાલા, ( રૂપઆદિકમાં ) કામદેવઆદિકસરખા, જીવ અજીવઆ-

દિક નવે તત્વોમાં પરમ રૂચિર બુદ્ધિવાળા, પરિવાર તથા નોકરોથી સેવાએલા એવા "શ્રીશૃંગનામના" શેઠ, તમો જ્યાંસુધી સૂર્ય અને ચંદ્રના બિંબ કાયમ રહે, ત્યાંસુધી લોકોના સમૂહોમાં હર્ષથી જયવંતા વર્તો ! ॥ ૮ ॥

लोढासंतानविज्ञातो । धनराजो गुणान्वितः ॥
द्वादशव्रतधारी च । शुभकर्मणि तत्परः ॥ ९ ॥
तत्पुत्रो वेसराजश्च । दयावान् सुजनप्रियः ॥
तुर्यव्रतधरः श्रीमान् । चातुर्यादिगुणैर्युतः ॥ १० ॥

અર્થ:—તે શ્રીશૃંગશેઠના "ધનરાજ" નામે પુત્ર થયા, કે જે લોઢાવંશમાં પ્રખ્યાત, ગુણવાન્ અને શુભકાર્યોમાં તત્પર બાર વ્રતધારી શ્રાવક હતા. ॥ ૯ ॥ તેમના "વેસરાજ" નામે પુત્ર થયા, કે જે દયાવાન્, સજ્જનોને પ્રિય થઇ પડેલા, ચોથું બ્રહ્મચર્યવ્રત ધરનારા, લક્ષ્મીવાન્, તથા ચતુરાઇઆદિક ગુણોથી યુક્ત થયેલા હતા.

तत्पुत्रौ द्वावभूतां च । सुराऽगावर्धितौ सदा ॥
जेठूश्रीरंगगोत्रौ च । जिनाज्ञापालनोत्सुकौ ॥ ११ ॥

અર્થ:—તે વેસરાજના હમેશાં કલ્પવૃક્ષનીપેઠે વૃદ્ધિ પામેલા, તથા જિનેશ્વરપ્રભુની આજ્ઞા પાલવામાં ઉત્સુક એવા "જેઠુ" અને "શ્રીરંગગોત્ર" નામના બે પુત્રો થયા. ॥ ૧૧ ॥

तौ जीणासीहमल्लाख्यौ । जेठ्वात्मजौ बभूवतुः ॥
धर्मविदौ च दक्षौ च । महापूज्यौ यशोधनौ ॥ १२ ॥

અર્થ:—તેઓ બન્નેમાંથી જેઠુના "જીણાસીહ" અને "મલ્લ" નામે બે પુત્રો થયા, કે જેઓ ધર્મને જાણનારા, ડહાપણવાળા, મહાન્ જનોને પૂજવાલાયક, તથા યશરૂપી ધનવાળા હતા. ॥ ૧૨ ॥

आसीच्छ्रीरंगजो नूनं । जिनपादार्चने रतः ॥
मनीषी सुमना भव्यो । राजपाल उदारधीः ॥ १३ ॥

અર્થ:—ઉપર જણાવેલા શ્રીરંગશેઠને "રાજપાલ" નામે પુત્ર હતો, કે જે ખરેખર જિનેશ્વરપ્રભુના ચરણોની સેવા કરવામાં તત્પર બુદ્ધિવાન, ઉત્તમ હૃદયવાળો, ભવ્ય, તથા ઉદાર બુદ્ધિવાળો હતો.

आर्या—धनदौ च र्षभदास-पेमाख्यौ विविधसौख्यधनयुक्तौ ॥
आस्तां प्राज्ञौ द्वौ च । तत्त्वज्ञौ तौ तु तत्पुत्रौ ॥ १४ ॥

અર્થ:—તે રાજપાલના "ઋષભદાસ" અને "પેમન" નામે બે પુત્રો હતા, કે જેઓ કુબેરસરખા દાનેશ્વરી, નાનાપ્રકારનાં સુખો તથા ધનવાળા, વિદ્વાન્ તથા તત્વોને જાણનારા હતા. ॥ ૧૪ ॥

रेषाभिधस्तयोर्ज्येष्ठः । कल्पद्रुरिव सर्वदः ॥
राजमान्यः कुलाधारो । दयालुर्धर्मकर्मठः ॥ १५ ॥

અર્થ:—તેઓ બન્નેમાંથી "રેષ" એટલે તે "ઋષભદાસ" નામના જ્યેષ્ટ પુત્ર કલ્પવૃક્ષનીપેઠે સર્વ વાંછિત પદાર્થ આપનારા, રાજાથી (દિલ્હીના બાદશાહથી) સન્માન પામેલા, કુટુંબના આધારભૂત, દયાવાન્, તથા ધર્મકાર્યોમાં તત્પર હતા. ॥ ૧૫ ॥

रेषश्रीस्तत्प्रिया भव्या । शीलालंकारधारिणी ॥
पतिव्रता पत्यौ रक्ता । सुलसारेवतीनिभा ॥ १६ ॥

અર્થ:—તે ઋષભદાસશેઠની "રેષશ્રી" નામે સ્ત્રી હતી, કે જે મનોહર, શીલરૂપી આભૂષણને ધારણ કરનારી, પતિવ્રતા, પોતાના સ્વામિપર પરમ સ્નેહ રાખનારી, તથા સુલસા અને રેવતીનીપેઠે સતીઓમાં શિરોમણિ હતી. ॥ ૧૬ ॥

श्रीपद्मप्रभबिंबस्य । नवीनस्य जिनालये ॥
प्रतिष्ठा कारिता येन । सत्श्राद्धगुणशालिना ॥ १७ ॥
ललौ तुर्यव्रतं यस्तु । श्रुत्वा कल्याणदेशनां ॥
राजश्रीनंदनः श्रेष्ठ । आनंदश्रावकोपमः ॥ १८ ॥ युग्मं ॥

અર્થ:—શ્રાવકોના ઉત્તમ ગુણોથી શોભતા એવા જે ઋષભ-

દાસ શેઠે ત્યાંના એક જિનમંદિરમાં શ્રીપદ્મપ્રભજિનેશ્વરની નવીન પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. ॥ ૧૭ ॥ તથા શ્રીકલ્યાણસાગરસૂરિશ્વરજીની ધર્મદેશના સાંભળીને જેમણે ચોથા વ્રતનો સ્વીકાર કર્યો હતો, એવા રાજશ્રીના શ્રેષ્ઠ પુત્ર તે ઋષભદાસશેઠ આણંદશ્રાવક જેવા હતા. ॥ ૧૮ ॥

तत्सूनुः कुंरपालः किल विमलमतिः स्वर्णपालो द्वितीय-
भ्रातुर्यौदार्यधैर्यप्रमुखगुणनिधिर्भाग्यसौभाग्यशाली ॥
तौ द्वौ रूपाभिरामौ विविधजिनवृषध्यानकृत्यैकनिष्ठौ ।
त्यागैः कर्णावतारौ निजकुलतिलकौ वस्तुपालोपमार्हौं ॥ १९ ॥

અર્થ:—તે ઋષભદાસશેઠને એક " કુંરપાલ " અને બીજા " સ્વર્ણપાલ " ( સોનપાલ, ) એમ બે પુત્રો હતા. કે જેઓ નિર્મલ બુદ્ધિવાળા, ચતુરાઇ, ઉદારતા, તથા ધૈર્યતા આદિક ગુણોના ભંડાર સરખા, ભાગ્ય તથા સૌભાગ્યથી મનોહર થયેલા, સુંદર રૂપવાળા, નાના પ્રકારના જિનેશ્વરપ્રભુના ધર્મધ્યાન તથા ધર્મકાર્યોમાંજ તત્પર, દાન દેવામાં કર્ણરાજાના અવતાર સરખા, પોતાના કુલમાં તિલકસમાન, તથા વસ્તુપાલની ઉપમા દેવા લાયક હતા. ॥ ૧૯ ॥

श्रीजहांगीरभूपाला—मात्यौ धर्मधुरंधरौ ॥
धनिनौ पुण्यकर्तारौ । विख्यातौ भ्रातरौ भुवि ॥ २० ॥

અર્થ:— વળી તે બન્ને ભાઇઓ જહાંગીરબાદશાહના મંત્રી ( તેડેસીલદાર ) ધર્મના ધુરંધર, ધનવાન, પુણ્ય કરનારા, તથા પૃથ્વીપર પ્રખ્યાત હતા. ॥ ૨૦ ॥

याभ्यामुप्तं नवक्षेत्रे । वित्तबीजमनुत्तरं ॥
तौ धन्यौ कामदौ लोके । लोढागोत्रावतंसकौ ॥ २१ ॥

અર્થ:—વળી જેઓએ પોતાનું દ્રવ્યરૂપી અનુપમ બીજ નવે ક્ષેત્રોમાં વાવેલું છે એવા, તથા જગતમાં ( મનુષ્યોને ) વાંછિત પદાર્થો આપનારા, તેમજ લોઢાગોત્રમાં મુકુટસમાન એવા તે બન્ને ભાઇઓ ધન્યવાદને પાત્ર હતા. ॥ ૨૧ ॥

अवाप्य शासनं चारु । जहांगीरपतेर्ननु ॥
कारयामासतुर्धर्म-क्रिया सर्वे सहोदरौ ॥ २२ ॥

અર્થ:—તે બન્ને સહોદર ભાઇઓ ખરેખર જહાંગીર બાદશાહની ઉત્તમ આજ્ઞા મેળવીને સર્વ પ્રકારની ધર્મક્રિયાઓ કરતા હતા. ॥૨૨॥

शाला पौषधपूर्वा वै । यकाभ्यां सा विनिर्मिता ॥
अधित्यकात्रिकं यत्र । राजते चित्तरंजकं ॥ २३ ॥

અર્થ:—વળી તે બન્ને ભાઇઓએ એક એવી પૌષધશાળા બનાવી હતી કે જેમાં હૃદયને આનંદ ઉપજાવનારા ત્રણ માળો ( મજલા ) શોભતા હતા. ॥ ૨૩ ॥

सम्मेतशिखरे भव्ये । शत्रुंजयेऽर्बुदाचले ॥
अन्येष्वपि च तीर्थेषु । गिरिनारगिरौ तथा ॥ २४ ॥
संघाधिपत्यमासाद्य । ताभ्यां यात्रा कृता मुदा ॥
महद्ध्यां सर्वसामग्र्या । शुद्धसम्यक्त्वहेतवे ॥ २५ ॥ युग्मं ॥

અર્થ:—વળી જેઓએ પોતાનાં સમ્યકત્વની શુદ્ધિ કરવામાટે સંઘપતિપણું મેળવીને મ્હોટી સમૃદ્ધિપૂર્વક સર્વ પ્રકારની સામગ્રી-સહિત મનોહર સમ્મેતશિખરની, શત્રુંજયતીર્થની, આબુગિરિરાજની, ગિરનારપર્વતની, તથા બીજાં તીર્થોની પણ હર્ષથી યાત્રા કરેલી હતી. ॥ ૨૪ ॥ ૨૫ ॥

तुरंगाणां शतं कांतं । पंचविंशतिपूर्वकं ॥
दत्तं तु तीर्थयात्रायां । गजानां पंचविंशतिः ॥ २६ ॥
अन्यदपि घनं वित्तं । दत्तं संख्यातिगं खलु ॥
अर्जयामासतुः कीर्ति-मित्थं तौ वसुधातले ॥ २७ ॥

અર્થ:—વળી તે બન્ને ભાઇઓએ તીર્થયાત્રામાં એકસોપચીસ સુંદર ઘોડા, પચીસ હાથી, તથા બીજું પણ અસંખ્ય દ્રવ્ય દાનતરીકે આપ્યું, ખરેખર એવીરીતે તેઓએ આ પૃથ્વીતલપર કીર્તિ ઉપાર્જન કરી. ॥ ૨૬ ॥ ૨૭ ॥

उत्तुंगं गगनालंबि । सचित्रं सध्वजं परं ॥
नेत्रासेचनकं ताभ्यां । युग्मं चैत्यस्य कारितं ॥ २८ ॥

અર્થઃ—વળી તે બન્ને ભાઈઓએ ઉંચાં આકાશને અડકે એવાં, ઉત્તમ નકશીદાર ચિત્રોવાળાં, ધ્વજદંડવાળાં, આંખોને આનંદ આપનારાં બે વિશાલ જિનમંદિરો બંધાવ્યાં. ॥ ૨૮ ॥

अथ गद्यं—श्रीअंचलगच्छे श्रीवीरादष्टचत्वारिंशत्तमे पट्टे श्रीपावकगिरौ श्रीसीमंधरजिनवचसा श्रीचक्रेश्वर्या दत्तवराः सिद्धांतोक्तमार्गप्ररूपकाः श्रीविधिपक्षगच्छसंस्थापकाः श्रीआर्यरक्षितसूरयः ॥

અર્થઃ-શ્રીમાન્ અંચલગચ્છમાં શ્રીમહાવીરપ્રભુથી અડતાલીસમી પાટે શ્રીપાવાગઢપર શ્રીમાન્ સીમંધરજિનેશ્વરના કહેવાથી શ્રીચક્રેશ્વરીદેવીએ જેમને વરદાન આપેલું છે એવા, આગમમાં કહેલા ધર્મમાર્ગનું પ્રરૂપણ કરનારા, તથા શ્રીવિધિપક્ષગચ્છનું સ્થાપન કરનારા શ્રીઆર્યરક્ષિતસૂરિ નામના આચાર્યમહારાજ થયા. ॥ ૧ ॥

तत्पट्टे श्रीजयसिंहसूरि २ श्रीधर्मघोषसूरि ३ श्रीमहेंद्रसिंहसूरि ४ श्रीसिंहप्रभसूरि ५ श्रीअजितसिंहसूरि ६ श्रीदेवेंद्रसिंहसूरि ७ श्रीधर्मप्रभसूरि ८ श्रीसिंहतिलकसूरि ९ श्रीमहेंद्रप्रभसूरि १० श्रीमेरुतुंगसूरि ११ श्रीजयकीर्तिसूरि १२ श्रीजयकेसरिसूरि १३ श्रीसिद्धांतसागरसूरि १४ श्रीभावसागरसूरि १५ श्रीगुणनिधानसूरि १६ श्रीधर्ममूर्तिसूरयः १७ तत्पट्टे सम्प्रति विराजमानाः श्रीभट्टारकपुरंदराः सकलसूरिशिरोमणयः श्रीयुगप्रधानाः पूज्यभट्टारकश्री ५ श्रीकल्याणसागरसूरयः ॥ तेषामुपदेशेन श्रीश्रेयांसजिनबिंबादीनां संघाधिपाभ्यां कुरपालसोनपालाभ्यां प्रतिष्ठा कारापिता ॥

અર્થઃ—તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીની પાટે જયસિંહસૂરિ ૨, તેમનીપાટે શ્રીધર્મઘોષસૂરિ ૩, તેમની પાટે શ્રીમહેંદ્રસિંહસૂરિ ૪, તેમની પાટે શ્રીસિંહપ્રભસૂરિ ૫, તેમની પાટે શ્રીઅજિતસિંહસૂરિ ૬, તેમની પાટે શ્રીદેવેંદ્રસિંહસૂરિ ૭, તેમની પાટે શ્રીધર્મપ્રભસૂરિ ૮, તેમની પાટે

શ્રીસિંહતિલકસૂરિ ૯, તેમની પાટે શ્રીમહેંદ્રપ્રભસૂરિ ૧૦, તેમની પાટે શ્રીમેરૂતુંગસૂરિ ૧૧, તેમની પાટે શ્રીજયકીર્તિસૂરિ ૧૨, તેમની પાટે શ્રીજયકેસરીસૂરિ ૧૩, તેમની પાટે શ્રીસિદ્ધાંતસાગરસૂરિ ૧૪, તેમની પાટે શ્રીભાવસાગરસૂરિ ૧૫, તેમની પાટે શ્રીગુણનિધાનસૂરિ ૧૬, તેમની પાટે શ્રીધર્મમૂર્તિસૂરિજી થયા ૧૭. તેમની પાટે હાલ સાંપ્રત કાલમાં ( આ શિલાલેખ લખાયો તે સમયે ) બિરાજતા શ્રીભટ્ટારક-પુરંદર તથા સર્વ આચાર્યોમાં શિરોમણિસરખા શ્રીયુગપ્રધાન પૂજ્ય ભટ્ટારક શ્રી ૫ શ્રીકલ્યાણસાગરસૂરિજી છે. તેમના ઉપદેશથી શ્રીશ્રેયાંસપ્રભુઆદિકની પ્રતિમાઓની સંઘાધિપતિ એવા કુરપાલ અને સોનપાલ નામના બન્ને ભાઇઓએ પ્રતિષ્ઠા કરાવેલી છે.

पुनः श्लोकाः—श्रीश्रेयांसजिनेशस्य । बिंबं स्थापितमुत्तमं ॥
प्रतिष्ठितं तु संघेन । गुरूणामुपदेशतः ॥ २९ ॥

અર્થ:—( તે બન્ને જિનમંદિરોમાના એકમાં ) તેઓએ શ્રીશ્રેયાંસપ્રભુનું ઉત્તમ બિંબ સ્થાપન કર્યું, તથા ગુરૂમહારાજ શ્રીકલ્યાણસાગરસૂરિજીના ઉપદેશથી આગ્રાના સંઘે મળીને તેની પ્રતિષ્ઠા કરી, એટલે તે સંબંધિ મહોત્સવ કર્યો. ॥ ૨૯ ॥

चत्वारि शतमानानि । सार्धान्युपरि तत्क्षणे ॥
प्रतिष्ठितानि बिंबानि । जिनानां सौख्यकारिणां ॥ ३० ॥

અર્થ:—તે સમયે સુખ કરનારા એવા જિનેશ્વરપ્રભુઓનાં સાડાચારસો બિંબોની પ્રતિષ્ઠા ( તે બન્ને જિનાલયોમાં ) કરવામાં આવી હતી. ॥ ૩૦ ॥

ख्यातिं सर्वत्र लेभाते । प्राज्यपुण्यप्रभावतः ॥
देवगुर्वोः सदा भक्तौ । शश्वत्तौ नंदतां चिरं ॥ ३१ ॥

અર્થ:—દેવ તથા ગુરૂપ્રતે હમેશાં ભક્તિવંત એવા તે બન્ને ભાઇઓએ ( પોતાના ) ઉત્કૃષ્ટ પુણ્યના પ્રભાવથી સર્વ જગોએ પ્રખ્યાતિ મેળવી હતી, એવા તે બન્ને ભાઇઓ ઘણા લાંબા કાલસુધી સમૃદ્ધિ પામો! ॥ ૩૧ ॥

अथ तयोः परिवारः

હવે તેઓના પરિવારનું વર્ણન કરે છે,

संघराजो दुर्गदासो । धनपालस्त्रयोऽप्यमी ॥
नंदनाः कुरपालस्य । पुत्री द्वयं त्वनोपमं ॥ ३२ ॥

અર્થ:—કુરપાલના સંઘરાજ ૧, દુર્ગદાસ ૨, તથા ધનપાલ ૩, નામના ત્રણ પુત્રો હતા, તથા બે અનુપમ પુત્રીઓ હતી. ॥ ૩૨ ॥

सूनवः स्वर्णपालस्य । रूपचंद्रश्चतुर्भुजः ॥
तुलसीदाससंज्ञश्च । पुत्रीयुगलमुत्तमं ॥ ३३ ॥

અર્થ:—સોનપાલના રૂપચંદ્ર ૧, ચતુર્ભુજ ૨, તથા તુલસીદાસ ૩, નામના ત્રણ પુત્રો હતા, તથા મનોહર બે પુત્રીઓ હતી. ॥ ૩૩ ॥

प्रेमनस्य त्रयः पुत्रा । भैरव खेतसी तथा ॥
नेतसी विद्यमानस्तु । सच्छीलेन सुदर्शनः ॥ ३४ ॥

અર્થ:—પ્રેમનના ભૈરવ ૧, ખેતસી ૨, તથા નેતસી ૩, નામના ત્રણ પુત્રો હતા, તેઓમાંથી નેતસી વિદ્યમાન હતા, તથા તે પોતાના ઉત્તમ શીલથી સુદર્શનશેઠ સમાન હતા. ॥ ૩૪ ॥

धीमतः संघराजस्य । तेजस्विनो यशस्विनः ॥
चत्वारस्तनुजन्मानः । सूरदासादयो मताः ॥ ३५ ॥

અર્થ:—બુદ્ધિવાન, તેજસ્વી તથા યશસ્વી એવા સંઘરાજના સૂરદાસ આદિક ચાર પુત્રો હતા. ॥ ૩૫ ॥

कुंरपालस्य सद्भार्या–ऽमृतदे शीलशालिनी ॥
पत्नी तु सोनपालस्य । कश्मीरदे पतिप्रिया ॥ ३६ ॥

અર્થ:—કુરપાલની ( પોતાના ) શીયલના ગુણથી શોભિતી

" અમૃતદે " નામની ઉત્તમ સ્ત્રી હતી. તથા સોનપાલની ( પોતાના ) પતિને પ્રિય એવી " કશ્મીરદે " નામની સ્ત્રી હતી. ॥ ૩૬ ॥

तदंगजा सुगंभीरा । जादोनाम्नी मनोहरा ॥
तन्नंदनो महाप्राज्ञो । ज्येष्टमल्लो गुणाश्रयः ॥ ३७ ॥

અર્થ:—તે કશ્મીરદેની ( બે પુત્રીઓમાંથી ) એક " જાદો " નામની પુત્રી અત્યંત ગંભીર તથા મનોહર હતી, અને તેણીનો " જયેષ્ટમલ્લ " નામનો પુત્ર અતિચતુર તથા ગુણવાન્ હતો. ॥ ૩૭ ॥

संघश्रीतुलसश्रीश्री–दुर्गश्रीप्रमुखैर्निजैः
वधूजनैर्युतौ भातां । रेखश्रीनंदनौ सदा ॥ ३८॥

અર્થ:—રેખશ્રીના તે કુરપાલ અને સોનપાલ નામના બન્ને પુત્રો સંઘશ્રી, તુલસશ્રી, તથા દુર્ગશ્રી આદિક નામોવાળી પોતાના પુત્રોની વહુઓસહિત હમેશાં શોભતા હતા. ॥ ૩૮ ॥

भूमंडलं ससारंग–मिंद्वर्कयुक्तमंबरं ॥
प्रशस्तिरेतयोस्तात्र–च्चिरं विजयतां मुदा ॥ ३९ ॥

અર્થ:—આ પૃથ્વીમંડલપર જયાંસુધી હરિણો ( વિચરતા રહે ) તથા આકાશમંડલમાં જયાસુધી ચંદ્ર અને સૂર્ય ( પ્રકાશિત ) રહે, ત્યાંસુધી હર્ષવડે તે ( કુરપાલ અને સોનપાલ નામના ) બન્ને ભાઇઓની આ પ્રશસ્તિ ચિરકાળસુધી જયવંતી વર્તો ? ॥ ૩૯ ॥

ઉપર જણાવેલો શિલાલેખ લગભગ બે ફીટ લાંબી અને બે ફીટ પહોળી લાલરંગના પત્થરની શિલાપર કોતરેલો છે. તે શિલાની ચારે બાજુએ આશરે બબે ઇંચનો હાંસીયો રાખી લેખ કોતરવામાં આવેલો છે. સર્વ મળી આ શિલાલેખની ૩૮ લીંટીઓ છે. તથા તે શુદ્ધ જૈની લીપીથી લખાયેલો છે.

પછી ત્યાંથી વિહાર કરી તે ગુરૂમહારાજ ગામોગામ વિચરતાથકા અનુક્રમે ઉદયપુરનામના નગરમાં પધાર્યા. અને ત્યાંના સંઘના આગ્રહથી તેઓ વિક્રમ સંવત ૧૬૭૨ માં ત્યાં ચતુર્માસ રહ્યા. પછી તે ગુરૂમહારાજના અતિશયો જાણીને ત્યાંના સંઘે એકઠા થઇ તેમને શ્રાવણસુદ બીજને દિવસે "યુગપ્રધાનપદવી" આપી. પછી ચતુર્માસબાદ ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરી અનુક્રમે અમદાવાદ નામના નગરમાં પધાર્યા, તથા ત્યાંના સંઘે તેમનું ઘણું સન્માન કર્યું. ત્યાં શ્રીમાલીજ્ઞાતિમાં મુકુટસરખા ખીમજી અને સૂપજી નામના બન્ને ગુણવાન બંધુઓએ ગુરૂમહારાજની ઘણી ભક્તિ કરી. પછી ચતુર્માસબાદ ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરી અનુક્રમે વર્દ્ધમાન ( વઢવાણ ) નામના નગરમાં પધાર્યા, તથા સંઘના આગ્રહથી વિક્રમસંવત ૧૬૭૪ માં ત્યાં ચતુર્માસ રહ્યા. પછી ચતુર્માસબાદ ત્યાંથી તેઓ વિહાર કરીને શ્રીશત્રુંજયતીર્થની યાત્રા કરવામાટે પાલીતાણાનામના નગરમાં પધાર્યા, તથા ત્યાં તેમના ઉપદેશને અનુસરીને ( નવાનગરવાળા ) વર્દ્ધમાનશાહે, પદ્મસીશાહે તથા રાજસીશાહે પોતપોતાના સંપૂર્ણ થયેલા જિનપ્રાસાદોમાં અંજનશિલાકાસહિત વિક્રમસંવત ૧૬૭૫ માં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. એવીરીતે શ્રીકલ્યાણસાગરજી ગુરૂમહારાજ ત્યાં પાલીતાણામાં પંદર દિવસોસુધી રહ્યા. વળી ત્યાં પદ્મસીશાહે પોતાના જિનપ્રાસાદમાં તે સમયે મુલનાયકજીવિના ( મુલશિખર અપૂર્ણ હોવાથી ) બીજી પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. ત્યારબાદ વિક્રમ સંવત ૧૬૭૬ ના ફાગણસુદ બીજે તેમણે તે જિનપ્રાસાદમાં મુલનાયકજીતરીકે શ્રીશ્રેયાંસપ્રભુના પ્રતિમાનું સ્થાપન કર્યું, એવીરીતે વર્દ્ધમાનશાહે પોતાના જિનપ્રાસાદમાં શ્રીશાંતિનાથજીની જિનપ્રતિમા મૂળનાયકજી તરીકે સ્થાપી હતી, તેમજ રાયસીશાહે પણ પોતાના જિનપ્રાસાદમાં શ્રીશાંતિનાથપ્રભુની જિનપ્રતિમા મૂળનાયકજીતરીકે સ્થાપી હતી.

એવીરીતે વર્દ્ધમાનશાહે તથા પદ્મસીશાહે ત્યાં શત્રુંજયપર્વતપર બંધાવેલાં પોતાનાં બન્ને જિનપ્રાસાદોમાં સર્વ મળી ત્રણલાખ વીસહજાર મુદ્રિકાઓનો ખર્ચ થયો હતો. તથા રાયસીશાહે બંધાવેલાં જિનમંદિરમાં દોઢલાખ મુદ્રિકાઓનો ખર્ચ થયો હતો.

તે ત્રણ જિનપ્રાસાદોમાંથી ફક્ત પદ્મસીશાહે શત્રુંજયગિરિપર બંધાવેલા તે જિનપ્રાસાદનો શિલાલેખ હાલમાં જોવામાં આવે છે, તથા તે શિલાલેખની નકલ નીચે પ્રમાણે છે.

॥ ॐ ॥

स्वस्तिश्रीवत्समर्तापि । न विष्णुश्चतुराननः ॥
न ब्रह्मा यो वृषांकोऽपि । न रुद्रः स जिनः श्रिये ॥ १ ॥

અર્થ:—કલ્યાણકારી શ્રીવત્સચિહ્નને ધારણ કરતાં છતાં પણ જે વિષ્ણુ નથી, ( સમવસરણમાં ) ચારમુખવાળા હોવા છતાં પણ જે બ્રહ્મા નથી, તથા વૃષભના ચિન્હવાળા છતાં પણ જે રૂદ્ર ( શીવ ) નથી, એવા તે શ્રીજિનેશ્વરપ્રભુ લક્ષ્મીને માટે થાઓ? ॥ ૧ ॥

संवत् १६७५ वर्षे, शाके १५४१ प्रवर्तमाने

અર્થ:—વિક્રમ સંવત ૧૬૭૫ ના વર્ષમાં, તથા શક સંવત્સર ૧૫૪૧ નું વર્ષ પ્રવર્તતે છતે—

समग्रदेशशृंगार—हाल्लारतिलकोपमं ॥
अनेकेभ्यगृहाकीर्णं । नवीनपुरमुत्तमं ॥ २ ॥

અર્થ:—સઘળા દેશોના આભુષણસમાન એવા હાલ્લારનામના દેશમાં તિલકસમાન, તથા અનેક લક્ષાધિપતિ શાહુકારોના મકાનોથી ભરેલું " નવિનપુર " ( નવાનગર—જામનગર ) નામનું ઉત્તમ નગર છે. ॥ ૨ ॥

अभ्रंलिहविहाराग्र—ध्वजांशुकहृतातपं ॥
रूप्यस्वर्णमणिव्याप्त—चतुष्पथविराजितं ॥ ३ ॥

અર્થ:—વળી તે નવાનગર શેહેર છેક આકાશને અડકતા એવા દેવમંદીરોના અગ્રભાગમાં રહેલી ધ્વજાઓના વસ્ત્રોથી સૂર્યના તાપને દૂર કરનારૂં છે. તથા રૂપું, સુવર્ણ અને મણિઓથી ભરેલી બજારોથી શોભીતું થયેલું છે. ॥ ૩ ॥

तत्र राजा प्रशास्ति श्री—जसवंताभिधो नृपः ॥
जामश्रीशत्रुशल्याह्व—कुलांबरनभोमणिः ॥ ४ ॥

અર્થ:—તે નવાનગર શેહેરમાં શ્રી જસવંતનામના ( જસાજી-નામના ) રાજા રાજ કરે છે, કે જે જામશ્રી શત્રુસલ્ય ( સતાજી ) નામના રાજાના કુલરૂપી આકાશમાં સૂર્યસમાન (દીપી રહેલા છે.) ॥૪॥

यत्प्रतापाग्निसंताप–संतप्त इव तापनः ॥
निर्माति जलधौ नित्य–मुन्मज्जननिमज्जने ॥ ५ ॥

અર્થ:—જે શ્રીજસવંતસિંહજીના પ્રતાપરૂપી અગ્નિના તાપથી જાણે તપી ગયો હોય નહિ! એવો સૂર્ય હમેશાં સમુદ્રમાં ડુબકીઓ મારે છે. ॥ ૫ ॥

बभूवुः श्रीमहावीर–पट्टानुक्रमभूषणाः ॥
श्रीअंचलगणाधीशा । आर्यरक्षितसूरयः ॥ ६ ॥

અર્થ:—શ્રીમહાવીરપ્રભુની પાટાનુપાટમાં અલંકારસરખા, તથા શ્રીઅંચલગચ્છના નાયક, એવા “શ્રીઆર્યરક્ષિતસૂરિજી” નામના આચાર્ય થયા. ॥ ૬ ॥

तत्पट्टपंकजादित्याः । सूरिश्रीजयसिंहकाः ॥
श्रीधर्मघोषसूरींद्रा । महेंद्रात्सिंहसूरयः ॥ ७ ॥

અર્થ:—તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીની પાટરૂપી કમલને વિકસ્વર કરવામાં સૂર્યસરખા “ શ્રીજયસિંહસૂરિજી ” થયા, તેમની પાટે “ શ્રીધર્મઘોષસૂરિજી ” થયા. અને તેમની પાટે “ શ્રીમહેંદ્રસિંહ-સૂરિજી ” થયા. ॥ ૭ ॥

श्रीसिंहप्रभसूरीशाः । सूरयोऽजितसिंहकाः ॥
श्रीमद्देवेंद्रसूरीशाः । श्रीधर्मप्रभसूरयः ॥ ८ ॥

અર્થ:—તેમની પાટે “ શ્રીસિંહપ્રભસૂરિજી ” થયા. તેમની પાટે “ શ્રીઅજીતસિંહસૂરિજી ” થયા, તેમની પાટે “ શ્રીદેવેંદ્રસૂરિજી ” થયા. તથા તેમની પાટે “ શ્રીધર્મપ્રભસૂરિજી ” થયા. ॥ ૮ ॥

श्रीसिंहतिलकाह्वाश्च । श्रीमहेंद्रप्रभाभिधाः ॥
श्रीमंतो मेरुतुंगाख्या । बभूवुः सूरयस्ततः ॥ ९ ॥

અર્થ:—તેમની પાટે " શ્રીસિંહતિલકસૂરિજી " થયા. તેમની પાટે " શ્રીમહેંદ્રપ્રભસૂરિજી " થયા. તથા ત્યારપછી તેમની પાટે શ્રીમાન્ " મેરૂતુંગસૂરિજી " નામના આચાર્ય થયા. ॥ ૯ ॥

समग्रगुणसंपूर्णाः । सूरिश्रीजयकीर्तयः ॥
तत्पट्टेऽथ सुसाधु श्री–जयकेसरिसूरयः ॥ १० ॥

અર્થ:—તે શ્રીમેરૂતુંગસૂરિજીની પાટે સર્વ ગુણોવડે કરીને યુક્ત એવા " શ્રીજયકીર્તિસૂરિજી " નામના આચાર્ય થયા, તથા તેમની પાટે " શ્રીજયકેસરિસૂરિજી " નામના ઉત્તમ મુનિરાજ થયા. ॥ ૧૦ ॥

श्रीसिद्धांतसमुद्राख्य—सूरयो भूरिकीर्तयः ॥
भावसागरसूरींद्रा—स्ततोऽभूवन् गणाधिपाः ॥ ११ ॥

અર્થ:—તેમની પાટે ઘણી કીર્તિવાળા " શ્રીસિદ્ધાંતસાગરસૂરિજી " નામના આચાર્ય થયા, અને ત્યારપછી તેમની પાટે " ભાવસાગરસૂરિ " નામના ગચ્છનાયક થયા. ॥ ૧૧ ॥

श्रीमद्गुणनिधानाख्य—सूरयस्तत्पट्टेऽभवन् ॥
युगप्रधानाः श्रीमंतः । सूरिश्रीधर्ममूर्तयः ॥ १२ ॥

અર્થ:—તેમની પાટે શ્રીમાન્ " ગુણનિધાનસૂરિજી " નામના આચાર્ય થયા. તથા તેમની પાટે યુગપ્રધાન તથા શ્રીમાન્ એવા " શ્રીધર્મમૂર્તિસૂરિજી " નામના આચાર્ય થયા. ॥ ૧૨ ॥

तत्पट्टोदयशैलाग्र–प्रोद्यत्तरणिसंनिभाः ॥
जयंति सूरिराजः श्री–युजः कल्याणसागराः ॥ १३ ॥

અર્થ:—તેમની પાટરૂપી ઉદયાચલના શિખરપર ઉદય પામતા સૂર્યસરખા શ્રીમાન્ " શ્રીકલ્યાણસાગરજી " નામના સૂરિરાજ ( સાંપ્રતકાલે ) જયવંતા વર્તે છે. ॥ ૧૩ ॥

श्रीनव्यनगरे वास्तु–पकेशज्ञातिभूषणः ॥
इभ्यः श्रीहरपालाह्व । आसील्लालणगोत्रकः ॥ १४ ॥

અર્થઃ—શ્રીનવાનગરના રહેવાસી, તથા ઓશવાલજ્ઞાતિમાં અલંકારસમાન, અને લાલણગોત્રમાં જન્મેલા " શ્રીહરપાલ " નામના એક ધનવાન્ શેઠ હતા. ॥ ૧૪ ॥

हरीयाख्योऽथ तत्पुत्रः । सिंहनामा तदंगजः ॥
उदेसीत्यथ तत्पुत्रः । पर्वताह्वस्ततोऽभवत् ॥ १५ ॥

અર્થઃ—પછી તેમના " હરીયા " નામે પુત્ર થયા. અને તેમના પુત્ર " સિંહ " " ( સીહાજી ) " નામે થયા. પછી તેમના પુત્ર " ઉદેસી " નામે થયા, અને તે પછી તેમના પુત્ર " પર્વત " નામના થયા. ॥ ૧૫ ॥

वच्छुनामाथ तत्पत्नी । चाभूद्वाछलदेविका ॥
तत्कुक्षिमानसे हंस–तुल्योऽथामरसंज्ञकः ॥ १६ ॥

અર્થઃ—તેમના "વચ્છરાજ" નામે પુત્ર થયા, તથા તેમની "વાછલદેવી" નામની સ્ત્રી હતી. તેણીની કુક્ષિરૂપી માનસસરોવરમાં હંસસમાન "અમરસી" નામે પુત્ર થયા. ॥ ૧૬ ॥

लिंगदेवीति तत्पत्नी । तदौरस्यास्त्रयो वराः ॥
जयंति श्रीवर्धमान–चांपसीपद्मसिंहकाः ॥ १७ ॥*

અર્થઃ—તે અમરસિંહની " લિંગદેવી " ( વૈજયંતી ) નામે સ્ત્રી હતી. તથા તેણીના ઉદરથી જન્મેલા " શ્રીવર્ધમાન " " ચાંપસી " તથા " પદ્મસિંહ " નામના ત્રણ ઉત્તમ પુત્રો જયવંતા વર્તે છે. ॥ ૧૭ ॥

---

* આ શિલાલેખમાં આ વર્ધમાનશાહના પૂર્વજોની " હરપાલથી " માંડીને જે વંશાવલી લખવામાં આવી છે, તેમાં કંઈક પ્રશસ્તિકારના પ્રમાદને લીધે ભૂલ થયેલી છે, કેમકે આજ વર્ધમાનશાહના નવાનગરમાં બંધાવેલાં વિશાલ

**अतः परं विशेषतः साहिवर्धमानसाहिपद्मसिंहयोर्वर्णनम् ॥**

અર્થઃ—હવે તે શ્રી વર્ધમાનશાહ તથા પદ્મસિંહશાહનું વિશેષ પ્રકારે વર્ણન કરે છે.

**गांभीर्येण समुद्राभौ । दानेन धनदोपमौ ॥**
**श्रद्धालुगुणसंपूर्णौ । बोधिना श्रेणिकोपमौ ॥ १८ ॥**

---

જિનપ્રાસાદના શિલાલેખમાં તેની વંશાવલી નીચે મુજબ આપી છે. કે જે શિલાલેખની નકલ આજ પુસ્તકમાં તેના ગુજરાતી ભાષાંતરસહિત છાપેલી છે.

**સીહાજી, હરપાલ,** દેવનંદ, પર્વત, વચ્છરાજ, અને તેના પુત્ર **અમરસી,** અને તેના વર્ધમાન, **ચાંપશી,** અને **પદ્મસિંહ** નામે ત્રણ પુત્રો થયા.

વળી આ વર્ધમાનશાહના પ્રતિબોધક ધર્મગુરૂ અંચલગચ્છાધીશ **શ્રીકલ્યાણસાગરસૂરિજીની** પાટે થયેલા **શ્રીઅમરસાગરસૂરિજીએ** વિક્રમસંવત ૧૬૯૧ માં આજ વર્ધમાનશાહના લઘુપુત્ર જગડુશાહની પ્રેરણાથી સંસ્કૃત ભાષામાં કાવ્યબદ્ધ રચેલા " **વર્ધમાનપદ્મસિંહચરિત્ર** " નામના ગ્રંથમાં તેના બીજા સર્ગની આદિમાં વર્ધમાનશાહના પૂર્વજ તથા લાલણગોત્રના સ્થાપક છેક " **લાલણજી** " નામના પુરૂષથી જે વંશાવલી આપેલી છે તે પણ નવાનગરમાંના શિલાલેખને તદ્દન મળતી આવે છે અને તે નીચે મુજબ છે.

**लालणस्याथ तस्य द्वा—वभूतां तनयौ शुभौ ॥**
**माणिकाख्यस्तयोर्ज्येष्ठो । लघुस्तु मनुजित्स्मृतः ॥ १ ॥**
**माणिकस्याभवन्मेघ—स्ततो लुंभोऽभवत्सुतः ॥**
**ततश्च सहदेवोऽभूत् । टेडाख्यश्च ततोऽभवत् ॥ २ ॥**
**ततो लुंढोऽभवत्पुत्र—स्ततो लूणाह्वयोऽजनि ॥**
**सेवाख्यश्च ततो जातः । सिंहजित्तत्सुतोऽभवत् ॥ ३ ॥**
**हरपालः सुतस्तस्य । देवनंदोऽभवत्ततः ॥**
**तनुजः पर्वतस्तस्य । वत्सराजस्ततोऽभवत् ॥ ४ ॥**
**तस्याभूद्वत्सराजस्या—ऽमरसिंहाभिधः सुतः ॥**
**आरिषाणभिधग्राम—वासी कच्छे सुबुद्धिमान् ॥ ५ ॥**

**અર્થઃ—તે બન્ને ભાઇઓ ગંભીરતાવડે કરીને સમુદ્રસરખા, દાનવડે કરીને કુબેરસરખા, જૈનધર્મપર દઢ શ્રદ્ધાવાલા, શ્રાવકોને યોગ્ય ગુણોવડે સંપૂર્ણ, તથા સમ્યક્ત્વવડે કરીને શ્રેણિકરાજાસરખા હતા. ॥ ૧૮ ॥**

ભાવાર્થઃ—તે " **લાલણજીના** " બે ઉત્તમ પુત્રો થયા, તેઓમાં " **માણિકજી** " મ્હોટા અને " **મનુજી** " નામના ન્હાના હતા ॥ ૧ ॥ તે માણિકજીના પુત્ર " **મેઘાજી** " થયા, તેમના પુત્ર " **લુંભાજી** " થયા. તેમના પુત્ર " **સહદેવજી** " થયા. અને તેમના પુત્ર " **ટેડાજી** " થયા. ॥ ૨ ॥ તેમના પુત્ર " **લુંઢાજી** " થયા, તથા તેમના પુત્ર " **લુણાજી** " થયા, તેમના પુત્ર " **સેવાજી** " થયા, અને તેમના પુત્ર " **સિંહજી** " થયા, ॥ ૩ ॥ તેમના પુત્ર " **હરપાલ** " થયા, અને તેમના પુત્ર " **દેવનંદ** " થયા, તેમના પુત્ર " **પરવત** " થયા, તથા તેમના પુત્ર " **વત્સરાજ** " થયા, ॥ ૪ ॥ તે વત્સરાજના પુત્ર આ " **અમરસિંહ** " ( વર્ધમાનશાહના પિતાજી ) થયા, કે જેઓ બુદ્ધિવાન્ હતા, તથા કચ્છદેશમાં આવેલા આરિખાણા નામના ( સુથરી પાસે આવેલા ) ગામમાં વસતા હતા. ॥ ૫ ॥

એ રીતે શત્રુંજયપર્વતપરના પદ્મસિંહશાહે બંધાવેલાં જિનમંદિરમાના શિલાલેખને અનુસારે તેમની વંશાવલી નીચે મુજબ થાય છે, કે જે પ્રમાદને લીધે ભૂલભરેલી સંભવે છે.

હરપાલ
|
હરીયા
|
સિંહજી
|
ઉદેસી
|
પર્વત
|
વછરાજ
|
અમરસિંહ
|
વર્ધમાન, ચાંપસી, પદમસી,

નવાનગરમાં તેઓએ બંધાવેલાં વિશાલ જિનપ્રાસાદમાંના શિલાલેખને અનુસારે, તેમજ " વર્ધમાનપદ્મસિંહ ચરિત્ર " નામનાં તેમના ઐતિહાસિક ગ્રંથને અનુસારે તેમની વંશાવલિ નીચે મુજબ થાય છે, અને તે સત્ય સંભવે છે.

प्राप्तश्रीयामभूपाल–समाजबहुलादरौ ॥
मंत्रिश्रीवर्धमानश्री–पद्मसिंहौ सहोदरौ ॥ १९ ॥

અર્થ:—વળી તે શ્રીવર્ધમાનશાહ તથા પદ્મસિંહશાહ, બન્ને સગા ભાઇઓ હતા, અને તે નવાનગરશહેરના રાજા જામશ્રી જસવંતસિંહજીના મંત્રીઓ હતા. તેમજ તે મહારાજા શ્રીજામસાહેબ તરફથી, તેમજ પોતાની ઓશવાળ જ્ઞાતિઆદિક શહેરના જનસમાજ તરફથી તેઓ બન્નેને ઘણુંજ સન્માન મળતું હતું. ॥ ૧૯ ॥

महेला वर्धमानस्य । वन्नादेवीति विश्रुता ॥
तदंगजावुभौ ख्यातौ । वीराख्यविजपालकौ ॥ २० ॥

અર્થ:—તે વર્ધમાનશાહશેઠની " વન્નાદેવી "* નામની સ્ત્રી હતી, તથા તેણીથી ઉત્પન્ન થયેલા " વીરપાલ " તથા " વિજપાલ " નામના બે પુત્રો હતા ॥ ૨૦ ॥

---

સિંહજી
|
હરપાલ
|
દેવનંદ
|
પર્વત
|
વચ્છરાજ
|
અમરસિંહ
|
વર્ધમાન, ચાંપસી, પદમસી,

* આ વન્નાદેવીના સ્વર્ગે ગયાબાદ વર્ધમાનશાહે બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યાં હતાં, તથા તેણીનું નામ " **નવરંગદે** " હતું. અને તે સ્ત્રીથી પણ " **જગડુશાહ** " તથા " **રણમલશાહ** " નામના બે પુત્રો તેમને થયા હતા.

वर्णिनी पद्मसिंहस्य । रत्नगर्भा सुजाणदे ॥
श्रीपालकुंरपालाह्व—रणमल्लास्तदंगजाः ॥ २१ ॥

અર્થ:—પદ્મસિંહશાહની " સુજાણદે "+ નામની સ્ત્રી પુત્રોરૂપી રત્નોને ગર્ભમાં ધારણ કરનારી હતી, તથા તેણીથી " શ્રીપાલ, " " કુંરપાલ, " અને " રણમલ્લ " નામના પુત્રોનો જન્મ થયો હતો. ॥ ૨૧ ॥

एवं स्वतंत्रयुक्ताभ्या—मनल्पोत्सवपूर्वकं ॥
साहिश्रीवर्धमानश्री—पद्मसीभ्यां प्रथादरात् ॥ २२ ॥
प्रागुक्तवत्सरे रम्ये । माधवार्जुनपक्षके ॥
रोहिणीभतृतीयायां । बुधवासरसंयुजि ॥ २३ ॥
श्रीशांतिनाथमुख्यानां । जिनानां चतुरूत्तरा ॥
द्विशतीप्रतिमा हृद्या । भारिताश्च प्रतिष्ठिताः ॥ २४ ॥

અર્થ:—એવીરીતે પોતાના કુટુંબપરિવાર સહિત તે શ્રીવર્ધમાનશાહ તથા પદ્મસીશાહે ઘણા મહોત્સવપૂર્વક મહોટા આદરમાનથી ॥ ૨૨ ॥ પૂર્વે કહેલા એટલે વિક્રમ સંવત ૧૬૭૫ ના મનોહર વર્ષમાં વૈશાખમાસના શુક્લપક્ષમાં, રોહિણીનક્ષત્ર સાથેની તથા બુધવારના સંયોગવાળી ત્રીજની તિથિને દિવસે, એટલે વૈશાખ સુદ ત્રીજને બુધવારના દિવસે ॥ ૨૩ ॥ શ્રીશાંતિનાથજી આદિક* જિનેશ્વરોની બસો ચાર મનોહર પ્રતિમાઓ ભરાવી, તથા ( તે શત્રુંજયપર્વતપરના ) પોતાના બન્ને જિનપ્રાસાદોમાં પ્રતિષ્ઠિત કરી. ॥ ૨૪ ॥

---

+ " સુજાણદે " એ તેણીના પીયરનું નામ હતું, તથા " કમલાદેવી " એ તેણીના સાસરીયામાં નામ હતું, એમ કલ્યાણસાગરજીસૂરીશ્વરજીના રાસમાં જણાવેલું છે.

* આ બન્ને ભાઈઓએ શત્રુંજયપર્વતપર બે જીનપ્રાસાદો બંધાવ્યા, તેમાં શ્રીવર્ધમાનશાહે પોતાના જિનપ્રાસાદમાં આ શ્રીશાંતિનાથજીની પ્રતિમા મૂળનાયકજી તરીકે સ્થાપી હતી.

पुनर्निजबहुद्रव्य–सफलीकरणकृते ॥
श्रीनव्यनगरेऽकारि । प्रासादः शैलसन्निभः ॥ २५ ॥
द्वासप्ततिजिनौकोभि—र्वेष्टितश्च चतुर्मुखैः ॥
कैलासपर्वतोत्तुंगै—रष्टाभिः शोभितोऽभितः ॥ २६ ॥ युग्मं ॥

અર્થ:—વળી તે બન્ને ભાઇઓએ પોતાનું ઘણું દ્રવ્ય સફલ કરવામાટે શ્રીનવાનગરમાં ( જામનગરમાં ) એક પર્વતસમાન ઉંચા શિખરવાળો વિશાળ જિનપ્રાસાદ બંધાવ્યો ॥ ૨૫ ॥ તે જિનપ્રાસાદ તેઓએ તેને ફરતી બંધાવેલી બહોતેર ઉંચી દેરીઓ, તથા આઠ ઉંચા શિખરોવાળી ચોમુખોવડે શોભિતો થયેલો છે. ॥ ૨૬ ॥

साहिश्रीपद्मसिंहेना–ऽकारि शत्रुंजयोपरि ॥
उत्तुंगतोरणः श्रीमान् । प्रासादः शिखरोन्नतः ॥ २७ ॥

અર્થ:—તે બન્ને ભાઇઓમાના શ્રીપદ્મસીશાહે શત્રુંજયપર્વતપર ઉંચા તોરણોવાળો, તથા પર્વતસરખો ઉંચો આ શોભાવાળો જિનપ્રાસાદ બંધાવેલો છે. ॥ ૨૭ ॥ ( આ શિલાલેખ શત્રુંજયપર્વતપર બંધાવેલા પદ્મસીશાહના જિનપ્રાસાદનો છે, અને તેની આ નકલ અત્રે આપેલી છે, કે જેમાં મૂલનાયકજી તરીકે " શ્રીશ્રેયાંસનાથપ્રભુના " પ્રતિમા સ્થાપેલી છે. વર્ધમાનશાહે શત્રુંજયપર્વતપર બંધાવેલા તેવાજ જિનપ્રાસાદમાં " શ્રીશાંતિનાથજીની " પ્રતિમા મૂલનાયકતરીકે સ્થાપેલી છે, પરંતુ તે જિનપ્રાસાદના શિલાલેખની નકલ મળી શકી નથી, તેથી અહીં આપી નથી. )

यं दृष्ट्वा भविकाः सर्वे । चिंतयंति स्वचेतसि ॥
उच्चैर्भूतः किमेषोऽद्रि—र्दृश्यतेऽभ्रंलिहो यतः ॥ २८ ॥

અર્થ:—જે આ જિનપ્રાસાદને જોઇને સઘળા ભવિકલોકો પોતાના હૃદયમાં એમ વિચારે છે કે, શું આ શત્રુંજયપર્વત ઉંચો થઇ ગયો ? કેમકે તે આ ( જિનપ્રાસાદના ઉંચા શિખરવડે ) આકાશને સ્પર્શ કરતો જોવામાં આવે છે. ॥ ૨૮ ॥

येन श्रीतीर्थराजोऽयं । राजते सावतंसकः ॥
प्रतिमाः स्थापितास्तत्र । श्रीश्रेयांसमुखार्हतां ॥ २९ ॥

અર્થ:—જે આ જિનપ્રાસાદવડે કરીને આ શત્રુંજય નામનો તીર્થાધિરાજ મુકુટયુક્ત થયેલો શોભી રહેલો છે, તે આ જિનપ્રાસાદમાં " શ્રી શ્રેયાંસનાથજી " આદિક તીર્થંકરોની પ્રતિમાઓ સ્થાપન કરવામાં આવેલી છે. ॥ ૨૯ ॥

तथा च—संवत १६७६ वर्षे फाल्गुनसितद्वितीयायां तिथौ दैत्यगुरुवासरे रेवतीनक्षत्रे श्रीमतो नव्यनगरात् साहिश्रीपद्मसीकेन श्रीभरतचक्रवर्तिनिर्मितसंघसदृशं महासंघं कृत्वा श्रीअंचलगणाधीश्वर भट्टारक पुरंदर युगप्रधान पूज्यराजश्री ५ श्रीकल्याणसागरसूरीश्वरैः सार्धं श्रीविमलगिरितीर्थवरे समेत्य स्वयं कारितश्रीशत्रुंजयगिरिशिरः प्रासादे समहोत्सवं श्रीश्रेयांसमुखजिनेश्वराणां संति बिंबानि स्थापितानि । सद्भिः पूज्यमानानि चिरं नंदंतु ।

અર્થ:—વળી વિક્રમસંવત ૧૬૭૬ ના વર્ષમાં ફાગુણ સુદી બીજની તિથિએ, તથા શુક્રવારે અને રેવતીનક્ષત્રે શ્રીમાન્ નવાનગરથી શ્રીપદ્મસીશાહે ભરતચક્રવર્તિએ કઢાવેલા સંઘસરખો મહોટો સંઘ કઢાડીને, એટલે ઘણા શ્રાવકો, શ્રાવિકાઓ, સાધુઓ, તથા સાધ્વીઓના મહોટા સમુદાયને સાથે લેઈને, શ્રીઅંચલગચ્છના નાયક, ભટ્ટારકોમાં ઈંદ્રસમાન, તથા યુગપ્રધાન, પૂજ્યરાજ શ્રી ૫ " શ્રીકલ્યાણસાગરજી " સૂરીશ્વરજીની સાથે શ્રીવિમળગિરિ ( શત્રુંજયપર્વત ) નામના ઉત્તમ તીર્થસ્થાનમાં આવીને તે શ્રીશત્રુંજયગિરિવરના શિખરપર પોતે બંધાવેલા જિનપ્રાસાદમાં મહોટા ઉત્સવસહિત " શ્રી શ્રેયાંસનાથજી " આદિક જિનેશ્વરપ્રભુઓની પ્રતિમાઓને સ્થાપન કરી. તે જિનપ્રતિમાઓ ઉત્તમ જનોથી પૂજાતી થકી ઘણા કાળસુધી સમૃદ્ધિ પામો ?

यावद्दिवाकरनिशाकरभूधरार्य-
रत्नाकरध्रुवधराः किल जाग्रतीह ॥

श्रेयांसनाथजिनमंदिरमत्र ताव-
न्नंदत्वनेकभविकौघनिषेव्यमानं ॥ ३० ॥

અર્થ:—જ્યાંસુધી આ જગતમાં સૂર્ય, ચંદ્ર, પર્વતો, સમુદ્રો, ધ્રુવો, તથા પૃથ્વી ખરેખર હયાતી ભોગવે, એટલે વિદ્યમાન રહે, ત્યાંસુધી આ શત્રુંજયનામના તીર્થાધિરાજપર રહેલું, તથા અનેક ભવ્યમનુષ્યોના સમૂહોવડે સેવાતું, એવું આ શ્રીશ્રેયાંસનાથપ્રભુનું જિનમંદિર સમૃદ્ધિ પામો ? ॥ ૩૦ ॥

वाचकविनयचंद्रगणिनां शिष्यमुख्यदेवसागरेण विहितेयं प्रशस्तिः ॥

અર્થ:—વાચક શ્રીવિનયચંદ્રગણિજીના મુખ્ય શિષ્ય શ્રીદેવસાગરજીએ* આ શિલાલેખની પ્રશસ્તિ રચેલી છે.

પછી ત્યારબાદ શ્રીકલ્યાણસાગરજી ગુરુમહારાજ રાયસીશાહની વિનંતિથી ત્યાંથી વિહાર કરી નવાનગરમાં પધાર્યા, તથા ત્યાં તેમણે તે રાયસીશાહે ભરાવેલી પાંચસોએકાવન જિનપ્રતિમાઓની અંજનશિલાકા કરી, તથા પોતાના પિતા તેજસીશાહે પ્રથમ કરાવેલા જિનમંદિરની આસપાસ ચારે બાજુ તે રાયસીશાહે બંધાવેલી દેરીઓમાં વિક્રમસંવત ૧૬૭૫ ના વૈશાક સુદી આઠમને દિવસે તે શ્રીકલ્યાણસાગરજીગુરુમહારાજના ઉપદેશને અનુસારે તે પ્રતિમાઓની પ્રતિષ્ટા કરાવી. એવીરીતે તે કાર્યમાં તે રાયસીશાહે ત્રણ લાખ મુદ્રિકાઓનો ખરચ કર્યો. વળી તે અવસરે તે નાગડાગોત્રવાળા રાયસીશાહે સ્વામિવાત્સલ્ય કરવાપૂર્વક પોતાની ઓશવાળજ્ઞાતિના માણસોને સાકરથી ભરેલી પિત્તળની થાલીઓની પ્રભાવના કરી.

એવામાં વર્ધમાનશાહના ત્રીજા ભાઇ ચાંપસીશાહે પણ ત્યાં નવાનગરમાં એક જિનમંદિર બંધાવવાના કાર્યનો પ્રારંભ કર્યો, પરંતુ દૈવયોગે તેનું તે કાર્ય સંપૂર્ણ થયું નહીં.

---

* આ શ્રીદેવસાગરજી ઉપાધ્યાયજી અંચલગચ્છમાં ઉત્તમ પંક્તિના વિદ્વાન હતા. તેમણે શ્રીહેમચંદ્રાચાર્યજીએ રચેલા “ અભિધાનચિંતામણી ” નામના સંસ્કૃતભાષાના કોષપર “ વ્યુત્પત્તિરત્નાકર ” નામની વીસ હજાર શ્લોકોના પ્રમાણવાળી મ્હોટી ટીકા રચેલી છે.

પછી વર્ધમાનશાહુની વિનંતિથી ગુરૂમહારાજ વિક્રમસંવત ૧૬૭૫ માં ત્યાં નવાનગરમાંજ ચતુર્માસ રહ્યા. પછી ચતુર્માસબાદ તે વર્ધમાનશાહ તથા પદ્મસીશાહે ચાર લાખ મુદ્રિકાઓના ખરચથી સંઘસહિત ગુરૂમહારાજની સાથે શ્રીશત્રુંજયતીર્થની યાત્રા કરી. ત્યારબાદ ગુરૂમહારાજ તે સંઘસહિત પાછા નવાનગરમાં પધાર્યા, તથા પદ્મસીશાહના આગ્રહથી વિક્રમસંવત ૧૬૭૬ માં પણ ત્યાં નવાનગરમાંજ ચતુર્માસ રહ્યા. પછી ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજ વિક્રમસંવત ૧૬૭૭ માં પાલીતાણાનગરમાં ચતુર્માસ રહ્યા. ચતુર્માસ બાદ વર્ધમાનશાહની વિનંતિથી ગુરૂમહારાજ પાછા નવાનગરમાં પધાર્યા, તથા ત્યાં વિક્રમસંવત ૧૬૭૮ માં વૈશાક સુદ પાંચમને શુક્રવારના દિવસે વર્ધમાનશાહના વિશાલ જિનપ્રાસાદમાં ફરતી ભમતીમાં બંધાવેલી બહોંતેર દેરીઓમાં તે ગુરૂમહારાજના ઉપદેશ મુજબ જિનેશ્વરપ્રભુઓની પ્રતિમાઓની બીજી પ્રતિષ્ઠા થઇ. કેમકે તે વર્ધમાનશાહ તથા પદ્મસીશાહના જિનપ્રાસાદમાં વિક્રમસંવત ૧૬૭૬ ના વૈશાખ સુદ ત્રીજને બુધવારે તે ગુરૂમહારાજના ઉપદેશથી મૂલગંભારામાં શ્રીશાંતિનાથપ્રભુની સમાન પ્રમાણવાળી ત્રણ પ્રતિમાઓની મૂલનાયકજી તરીકે પહેલી પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. એવીરીતે તે વર્ધમાનશાહ તથા પદ્મસીશાહે તે નવાનગરમાં બંધાવેલા જિનપ્રાસાદમાં સર્વ મળી સાત લાખ મુદ્રિકાઓનો ખર્ચ કર્યો હતો. ગુરૂમહારાજના ઉપદેશથી તેઓએ પાંચસો એક જિનપ્રતિમાઓની અંજનશિલાકા પૂર્વક તે જિનપ્રાસાદમાં પ્રતિષ્ઠાઓ કરી હતી. કોઇ ખલપુરૂષે સલાટોને દ્રવ્યની લાંચ આપવાથી તે દુષ્ટ સલાટોએ વર્ધમાનશાહના તે વિશાલ જિનપ્રાસાદનું શિખર ઉંચું કર્યું નહીં. વળી તે વર્ધમાનશાહના વિશાલ પ્રાસાદમાં ભમતીમાં આવેલા બન્ને બાજુના બે ચોમુખ પ્રાસાદનાં શિખરો, તથા તેની આસપાસના ઉપરના ભાગના ઝરૂખાવાળા રંગમંડપો, તેઓના ઝરૂખા અને શિખરોથી દૈવયોગે અપૂર્ણજ રહ્યા. ( જે હજુસુધી અપૂર્ણ સ્થિતિમાંજ દેખાય છે. ) પછી તે વર્ધમાનશાહ તથા પદ્મસીશાહે શ્રીકરી ( હાલનું છીકારી ) તથા મૌર્યપુરમાં ( હાલનું મોડપર ) બંધાવેલા બે જિનમંદિરોમાં ગુરૂમહારાજના ઉપદેશથી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા થઇ તે અવસરે તે બન્ને ભાઇઓએ તે નવાનગરના સર્વ લોકોને મિષ્ટાન્નનું ભોજન કરાવ્યું, તથા તેઓએ નવે નાતોમાં સાકરથી ભરેલા મહોટા થાલાઓની પ્રભાવના પણ કરી.

વળી નાગડાગોત્રવાળા રાયસીશાહના ભાઇ નેણસીશાહે પણ ત્યાં નવાનગરમાં ગુરૂમહારાજના ઉપદેશથી ઉંચાં શિખરવાળો તથા ઝરૂખાઓની શ્રેણિથી શોભિતો એક ચોમુખ જિનપ્રાસાદ બંધાવ્યો હતો. તે જિનપ્રાસાદમાં પણ તેજ શ્રીકલ્યાણસાગરસૂરિજી ગુરૂમહારાજના ઉપદેશથી સમાન પ્રમાણવાળી શ્રીસંભવનાથપ્રભુની ચાર પ્રતિમાઓની પ્રતિષ્ઠા થઇ. અને તે ચોમુખ જિનપ્રાસાદ બંધાવવામાં તે નેણસીશાહે ત્રણ લાખ મુદ્રિકાઓનો ખર્ચ કર્યો હતો. તે જિનપ્રાસાદનું એકજ પ્રવેશદ્વાર કરીને નેણસીશાહે પોતાના ભાઈ રાયસીશાહે પૂર્વે બંધાવેલા જિનપ્રાસાદમાં મેળવી દીધો. એટલે કે બન્ને જિનપ્રાસાદમાં પ્રવેશ કરવા માટેનું જુદું જુદું દ્વાર નહીં રાખતાં એકજ દ્વાર કર્યું. પછી ગુરૂમહારાજ પણ વિક્રમસંવત ૧૬૭૮ માં ત્યાં નવાનગરમાંજ ચતુર્માસ રહ્યા.

વર્ધમાનશાહ તથા પદ્મસીશાહે નવાનગરમાં બંધાવેલા વિશાલ જિનપ્રાસાદમાં જે શિલાલેખ આશરે દોઢ ગજ લાંબી તથા એક ગજ પોહોળી સફેદ આરસની શિલાપર શુદ્ધ સંસ્કૃતભાષામાં ગદ્યપદ્યમાં કોતરવામાં આવેલો છે, તથા તે પ્રાસાદના પ્રવેશદ્વારની ડાબી બાજુએ ભીંતમાં એક આળીયામાં જડવામાં આવ્યો છે, તે શિલાલેખની નકલ ગુજરાતી ભાષાંતર સહિત નીચે પ્રમાણે છે.

॥ जामश्रीलक्षराजराज्ये ॥

श्रीमत्पार्श्वजिनः प्रमोदकरणः कल्याणकन्दाम्बुदो ।
विघ्नव्याधिहरः सुरासुरनरैः संस्तूयमानक्रमः ॥
सर्पाङ्को भविनां मनोरथतरुव्यूहे वसंतोपमः ।
कारुण्यावसथः कलाधरमुखो निलच्छविः पातु वः ॥ १ ॥

અર્થઃ—હર્ષ કરનારા, કલ્યાણરૂપી કંદને અંકુરિત કરવામાં વરસાદ સરખા, વિઘ્નો અને વ્યાધિઓને હરનારા, દેવો અસુરો અને મનુષ્યોવડે સ્તુતિ કરાતા છે. ચરણો જેમના એવા, સર્પના લાંછનવાળા ભવિકજીવોના મનોરથોરૂપી વૃક્ષોના સમૂહને પ્રફુલ્લિત કરવામાં વસંતઋતુ સરખા, દયાના વાસસ્થાન સરખા, ચંદ્રસરખા મુખવાળા,



શાહ વર્ધમાન અમરસિંહશેઠનું ( શાંતિનાથનું ) દેરાસર
જામનગર.

તથા શ્યામ કાંતિવાળા. એવા શ્રીમાન્ પાર્શ્વનાથપ્રભુ તમારૂં રક્ષણ કરો ! ॥ ૧ ॥

क्रीडां करोत्यविरतं कमला विलास-
स्थानं विचार्य कमनीयमनंतशोभं ॥
श्रीउज्जयंतनिकटे विकटाधिनाथे ।
हाल्लारदेश अवनिप्रमदाललामे ॥ २ ॥

અર્થ:—શ્રીઉજ્જયંતપર્વતની નજીકમાં રહેલા, પરાક્રમી જામ-મહારાજાના અધિકારવાળા, તથા પૃથ્વીરૂપી સ્ત્રીના લલાટસરખા, એવા હાલ્લાર નામના દેશમાં પોતાને મનગમતું તથા અનંતી શોભાવાળું વિલાસ કરવાનું તે સ્થાન જાણીને લક્ષ્મીદેવી નિરંતર ત્યાં ક્રીડા કરી રહી છે. ॥ ૨ ॥

उत्तुंगतोरणमनोहरवीतराग-
प्रासादपंक्तिरचनारुचिरीकृतोर्वी ॥
नंद्यान्नवीननगरी क्षितिसुंदरीणां ।
वक्षःस्थले ललति सा हि ललंतिकेव ॥ ३ ॥

અર્થ:—ઉંચાં તોરણોવાળા અને મનોહર એવા શ્રીવીતરાગ-પ્રભુઓના મંદિરોની શ્રેણિઓની રચનાથી શોભાયમાન કરેલી છે જમીન જેની, તથા પૃથ્વીરૂપી સ્ત્રીના હૃદયસ્થલમાં જે ખરેખર હારનીપેઠે શોભી રહેલી છે, એવી "નવીનનગરી" ( હાલનું "નવાનગર-જામનગર" ) જયવંતી વર્તો ! ॥ ૩ ॥

सौराष्ट्रनाथः प्रणतिं विधत्ते ।
कच्छाधिपो यस्य भयाद् बिभेति ॥
अर्धासनं यच्छति मालवेशो ।
जीयाद्यशोजित् स्वकुलावतंसः ॥ ४ ॥

અર્થ:—સૌરાષ્ટ્ર દેશનો રાજા જેમને નમસ્કાર કરે છે, તથા કચ્છનો રાજા જેના ભયથી ડરતો રહે છે, તથા માલવાનો રાજા જેને પોતાનું અર્ધું આસન આપે છે, તથા જે પોતાના કુળમાં મુકુટસમાન છે, એવા જામશ્રી " જસવંતસિંહજી " જયવંતા વર્તો ! ॥ ૪ ॥

श्रीवीरपट्टक्रमसंगतोऽभूद् ।
भाग्याधिकः श्रीविजयेंदुसूरिः ॥
श्रीमंधरैः प्रस्तुतसाधुमार्ग-
श्चक्रेश्वरीदत्तवरप्रसादः ॥ ५ ॥

અર્થ:—શ્રીમંધરસ્વામીએ જેમના સાધુમાર્ગની સ્તુતિ (પ્રશંસા) કરેલી છે, તથા ચક્રેશ્વરીદેવીએ જેમને વરદાન આપવાની કૃપા કરેલી છે, તથા જે અધિક ભાગ્યશાલી છે, એવા " શ્રીવિજયચંદ્રસૂરિ " કે જેમનું બીજું નામ " શ્રીઆર્યરક્ષિતસૂરિજી " હતું, તે શ્રીમહાવીરપ્રભુની પાટપરંપરામાં થયેલા છે. ॥ ૫ ॥

सम्यक्त्वमार्गे हि यशोधनाह्वो ।
दृढीकृतो यत्सपरिच्छदोऽपि ॥
संस्थापितश्रीविधिपक्षगच्छः ।
संघैश्चतुर्धा परिसेव्यमानः ॥ ६ ॥

અર્થ:—તે " શ્રીઆર્યરક્ષિતસૂરિજીએ " ( ભાલેજનગરમાં વસતા ) શ્રીયશોધન નામના ( ભણસાલી ગોત્રના ) શ્રાવકને તેના પરિવાર સહિત સમ્યક્ત્વના માર્ગમાં નિશ્ચલ કર્યો હતો, એટલે તેને પ્રતિબોધીને દૃઢપણે જૈનધર્મી કર્યો હતો તથા તેમણે " શ્રીવિધિપક્ષગચ્છની " સ્થાપના કરેલી છે, અને તેમની ચારે પ્રકારના જૈનસંઘે સેવા કરેલી છે. ॥ ૬ ॥

पट्टे तदीये जयसिंहसूरिः ।
श्रीधर्मघोषः प्रमहेंद्रसिंहः ॥

सिंहप्रभश्चाजितसिंहसूरि–
र्देवेंद्रसिंहः कविचक्रवर्ती ॥ ७ ॥

અર્થ:—તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીની પાટે "શ્રીજયસિંહસૂરિજી" થયા, તેમની પાટે "શ્રીધર્મઘોષસૂરિજી" થયા, તેમની પાટે "શ્રીમહેંદ્રસિંહસૂરિજી" થયા, તેમની પાટે "શ્રીસિંહપ્રભસૂરિજી" થયા, તેમની પાટે "શ્રીઅજીતસિંહસૂરિજી" થયા, તથા તેમની પાટે કવિઓમાં ચક્રવર્તી સમાન "શ્રીદેવેંદ્રસિંહસૂરિજી" થયા. ॥ ૭ ॥

धर्मप्रभः सिंहतिलकाह्वः ।
श्रीमान् महेंद्रप्रभसूरिरार्यः ॥
श्रीमेरुतुंगोऽमितशक्तिमांश्च ।
कीर्त्यद्भुतः श्रीजयकीर्तिसूरिः ॥ ८ ॥

અર્થ:—તેમની પાટે "ધર્મપ્રભસૂરિ" થયા, તેમની પાટે "સિંહતિલકસૂરિ" થયા, તેમની પાટે શ્રીમાન્ "મહેંદ્રપ્રભસૂરિ" થયા, તેમની પાટે અત્યંત શક્તિવાળા "શ્રીમેરૂતુંગસૂરિજી" થયા, તથા તેમની પાટે આશ્ચર્યકારક કીર્તિવાળા "શ્રીજયકીર્તિસૂરિજી" થયા. ॥ ૮ ॥

वादिद्विपौघे जयकेशरीशः ।
सिद्धांतसिंधुर्भुवि भावसिंधुः ॥
सूरीश्वरः श्रीगुणसेवधिश्च ।
श्रीधर्ममूर्तिर्मधुदीपमूर्तिः ॥ ९ ॥

અર્થ:— તેમની પાટે વાદિઓરૂપી હાથીઓના સમૂહને જીતવામાં કેસરીસિંહ સરખા "શ્રીજયકેસરીસૂરિજી" થયા. તેમની પાટે "શ્રીસિદ્ધાંતસાગરસૂરિજી" થયા. તેમની પાટે "શ્રીભાવસાગરસૂરિજી" થયા. તેમની પાટે "શ્રીગુણનિધાનસૂરીશ્વરજી" થયા. અને તેમની પાટે સુવર્ણસરખી કાંતિવાળા "શ્રીધર્મમૂર્તિસૂરિજી" થયા. ॥ ૯ ॥

यस्यांघ्रिपंकजनिरंतरसुप्रसादात् ।
सम्यक् फलंति सुमनोरथवृक्षमालाः ॥
श्रीधर्ममूर्तिपदपद्ममनोज्ञहंसः ।
कल्याणसागरगुरुर्जयताद्धरित्र्यां ॥ १० ॥

અર્થઃ—જેમના ચરણકમલની નિરંતર કૃપાથી ઉત્તમ મનોરથોરૂપી વૃક્ષની શ્રેણિઓ સારીરીતે ફલરૂપ થાય છે, તથા જે શ્રીધર્મમૂર્તિસૂરિજીના ચરણકમલોપ્રતે મનોહર હંસસરખા શોભી રહેલા છે, એવા "શ્રીકલ્યાણસાગરસૂરિજી" આ પૃથ્વીમાં જયવંતા વર્તો. ॥ ૧૦ ॥

पंचाणुव्रतपालकः सकरुणः कल्पद्रुमाभः सतां ।
गांभीर्यादिगुणोज्ज्वलः शुभवतां श्रीजैनधर्मे मतिः ॥
द्वे काल्ये समतादरः क्षितितले श्रीओशवंशे विभुः ।
श्रीमल्लालणगोत्रजो वरतरोऽभूत् साहिसिंहाभिधः ॥ ११ ॥

અર્થઃ—શ્રાવકના પાંચ અણુવ્રતો પાલનારા, દયાવંત, ભાગ્યશાલી સજ્જનોપ્રતે કલ્પવૃક્ષસમાન, ગંભીરતાઆદિક ગુણોથી ઉજ્જ્વલ, શ્રીજૈનધર્મમાંજ મતિ રાખનારા, સુખદુઃખઆદિકમાં સરખો આદર ધરનારા, આ પૃથ્વીપીઠપર શ્રીઓશવાળની જ્ઞાતિમાં અગ્રેસર, તથા શ્રીમાન્ લાલણગોત્રમાં ઉત્પન્ન થયેલા, એવા "શ્રીસિંહજીશાહ" ( સીહાજી ) નામના ઉત્તમ શ્રાવક થયા. ॥ ૧૧ ॥

तदीयपुत्रो हरपालनामा ।
देवाच्च नंदोऽथ स पर्वतोऽभूत् ॥
वच्छस्ततः श्रीअमरात्तु सिंहो ।
भाग्याधिकः कोटिकलाप्रवीणः ॥ १२ ॥

અર્થઃ—તે સિંહજીશાહના "હરપાલ" નામે પુત્ર થયા, તથા તેમના "દેવનંદ" નામે પુત્ર થયા, તેમના "પર્વત" નામે પુત્ર થયા, તેમના "વચ્છુ" ( વચ્છરાજ ) નામે પુત્ર થયા, અને તેમના

" અમરસિંહ " નામે પુત્ર થયા, કે જે અધિક ભાગ્યશાલી, તથા કોડાગામે કલાઓના પારંગામી હતા. ॥ ૧૨ ॥

श्रीमतोऽमरसिंहस्य । पुत्रा मुक्ताफलोपमाः ॥
वर्धमानचांपसिंह–पद्मसिंहा अमी त्रयः ॥ १३ ॥

અર્થ:—તે શ્રીમાન્ અમરસિંહના મુક્તાફલસરખા " વર્ધમાન " " ચાંપસિંહ " અને " પદ્મસિંહ " નામના ત્રણ પુત્રો હતા. ॥ ૧૩ ॥

साहिश्रीवर्धमानस्य । नंदनाश्चंदनोपमाः ॥
वीराह्वो विजपालाख्यो । भामो हि जगडुस्तथा ॥ १४ ॥

અર્થ:—તેઓમાના શ્રી વર્ધમાનશાહના ચંદનસરખા ( વિસ્તાર પામેલી કીર્તિવાળા ) * " વીરપાલ " " વિજપાલ " " ભારમલ્લ " અને " જગડુ " નામે ચાર પુત્રો હતા. આ શ્લોકમાં વર્ધમાનશાહના પુત્રોને કવિએ જે ચંદનની ઉપમા આપેલી છે, તેનું કારણ એ કે, તેઓ તેમના પિતા વર્ધમાનશાહની પેઠે મહાદાનેશ્વરી હતા. અને તેથી ચંદનની સુગંધ જેમ ચોતરફ ફેલાય છે, તેમ તેઓની કીર્તિ તેઓના દાનેશ્વરીપણાથી ચોતરફ ફેલાયેલી હતી. તે માટે વિક્રમ સંવત ૧૬૯૧ માં મહાકવિ શ્રીઅમરસાગરસૂરિજીએ સંસ્કૃત કાવ્યબદ્ધ રચેલા " વર્ધમાનપદ્મસિંહચરિત્ર " નામના ગ્રંથમાં આ ચાર પુત્રોમાના સર્વથી ન્હાના " જગડુશાહ " નામના પુત્રના સંબંધમાં લખ્યું છે કે,

औदार्यं च निरीक्ष्य यस्य जगडोरार्थिव्रजप्रीणनं ।
दुष्कालोद्धरणप्रसिद्धजगडोः पूर्वं श्रुतस्याथ तत् ॥
नामापीह जगज्जनस्मृतिपथं नागादतीवश्रुतं ।
जीयादेष जनप्रियश्च जगडुः श्रीवर्धमानांगजः ॥ १ ॥

---

* વર્ધમાનશાહની પેહેલી સ્ત્રી વજાદેવીના વીરપાલ અને વીજપાલ નામે બે પુત્રો હતા. તથા તે પછીની બીજી સ્ત્રી નવરંગદેના ભારમલ્લ અને જગડુશાહ નામના બે પુત્રો હતા.

लालणाद्योशगोत्रिणां । सर्वेषां सुखकारकं ॥
धनदं ह्यपरं चैनं । जगडुं जगदुर्बुधाः ॥ २ ॥
न च कोऽपि गतो ह्यर्थी । दूनस्तस्य गृहांगणात् ॥
जगडोर्भोजनादीनां । दानं च ददतोऽनिशं ॥ ३ ॥
जगडोरस्य कीर्तिश्च । विस्तृता भारतेऽखिले ॥
चारणैः कविभिर्गीय-माना नित्यं पदे पदे ॥ ४ ॥
जगडुर्जगडुरेव । वर्धमानांगसंभवः ॥
अपरो धनदो जीयात् । सर्वदा कविभिः स्तुतः ॥ ५ ॥
तस्य गेहांगणं नित्य-मर्थिसार्थसमाकुलं ॥
विलोक्य जगदुर्लोका । जगडोः श्रीनिकेतनं ॥ ६ ॥

અર્થ:—જે આ જગડુશાહનું યાચકોના સમૂહને ખુશી કરનારૂં ઉદારપણું જોઇને દુષ્કાલમાંથી ( લોકોને ) ઉગારનારા પૂર્વે થયેલા પ્રસિદ્ધ એવા જગડુશાહનું અત્યંત પ્રસિદ્ધ એવું નામ પણ જગતના લોકોને સ્મરણમાં આવ્યું નહી. એવા આ શ્રીમાન્ વર્ધમાનશાહના લોકપ્રિય પુત્ર "જગડુશાહ" જયવંતા વર્તો ! ॥ ૧ ॥ લાલણ આદિક ગોત્રોવાળા સર્વ ઓશવાલોને સુખ આપનારા એવા આ "જગડુશાહને" ડાહ્યા માણસો ખરેખર બીજા કુબેર ( ઇંદ્રના ભંડારી ) સરખા કહેવા લાગ્યા. ॥ ૨ ॥ વળી હમેશાં ભોજન-આદિકનું દાન દેતા એવા તે "જગડુશાહના" ઘરના આંગણામાંથી કોઇપણ યાચક ખરેખર દુભાઇને ગયો નહોતો. ॥ ૩ ॥ વળી આ "જગડુશાહની" કીર્તિ ચારણોઆદિક કવિઓવડે હમેશાં પગલે પગલે ગવાતી થકી સમસ્ત ભરતખંડમાં વિસ્તાર પામી હતી. ॥ ૪ ॥ વર્ધમાનશાહના આ જગડુનામના પુત્ર તો "જગડુજ" થયા છે, કારણકે કવીશ્વરો હમેશાં તેમની સ્તુતિ કરતા હતા, એવા બીજા કુબેર ભંડારીસરખા આ "જગડુશાહ" જયવંતા વર્તો ? ॥ ૫ ॥ તે "જગડુશાહના" ઘરના આંગણાને યાચકોના સમૂહોથી હમેશાં ભરેલું જોઇને લોકો તેના તે ઘરને લક્ષ્મીનું ઘર કહેવા લાગ્યા. ॥ ૬ ॥ ( એવીરીતે વર્ધમાનશાહના આ "જગડુશાહ" નામના લઘુ પુત્રની કીર્તિ તાત્કાલીન કવિઓએ વર્ણવેલી છે. )

साहिश्रीचांपसिंहस्य । पुत्रः श्रीअमीयाभिधः ॥
तदंगजौ शुद्धमती । रामभीमावुभावपि ॥ १५ ॥

અર્થ:—( વર્ધમાનશાહના બીજા ભાઇ ) ચાંપસીશાહને અમીશાહ નામના પુત્ર હતા, તથા તે અમીશાહના શુદ્ધબુદ્ધિવાળા રામજીશાહ તથા ભીમજીશાહ નામના બે પુત્રો હતા. ॥ ૧૫ ॥

मंत्रीशपद्मसिंहस्य । पुत्रा रत्नोपमास्त्रयः ॥
श्रीश्रीपालकुंरपाल-रणमल्ला वरा इमे ॥ १६ ॥

અર્થ:—મંત્રીશ્વર શ્રીપદ્મસિંહશાહના શ્રીપાલ, કુંરપાલ, તથા રણમલ્લ નામના રત્નસરખા ત્રણ પુત્રો હતા, તથા તેઓ ઘણા ઉત્તમ હતા. ॥ ૧૬ ॥

श्रीश्रीपालांगजो जीया-न्नारायणो मनोहरः ॥
तदंगजः कामरूपः । कृष्णदासो महोदयः ॥ १७ ॥

અર્થ:—તેઓમાના શ્રીશ્રીપાલના નારાયણજીશાહ નામના મનોહર પુત્ર જયવંતા વર્તો? તથા તે નારાયણજીશાહના કૃષ્ણદાસનામે પુત્ર હતા, કે જે કામદેવસરખા રૂપવાળા તથા મહાન્ ઉદયવાળા હતા. ॥ ૧૭ ॥

साहिश्रीकुंरपालस्य । वर्तेतेऽन्वयदीपकौ ॥
सुशीलः स्थावराख्यश्च । वाघजिद्भाग्यसुंदरः ॥ १८ ॥

અર્થ:—શ્રીકુંરપાલશાહના ( પોતાના ) વંશને દીપાવનારા બે પુત્રો હતા. તેઓમાના સ્થાવરશાહનામના પુત્ર ઉત્તમ શીલવાળા, તથા વાઘજીશાહનામના પુત્ર સુંદર ભાગ્યશાલી હતા. ॥ ૧૮ ॥

स्वपरिकरयुताभ्याममात्यशिरोरत्नाभ्यां साहिश्रीवर्धमानपद्मसिंहाभ्यां हालारदेशे नव्यनगरे जामश्रीशत्रुशल्यात्मजश्रीजसवंतजीविजयराज्ये श्रीअंचलगच्छेशश्रीकल्याणसागरसूरीश्वराणामुपदेशेनात्र श्रीशांतिनाथप्रासादादिपुण्यकृत्यं कृतं. श्रीशांतिनाथप्रभृत्येकाधि ॰

पंचशतप्रतिमाप्रतिष्ठायुगं कारापितं । तत्राद्या संवत १६७६ वैशाखशुक्ल ३ बुधवासरे, द्वितीया संवत १६७८ वैशाखशुक्ल ५ शुक्रवासरे. एवं तदा मंत्रीश्वरश्रीवर्धमानपद्मसिंहाभ्यां सप्तलक्षरूप्यमुद्रिका व्ययीकृता नवक्षेत्रेषु. संवत १६९७ मार्गशीर्षशुक्ल २ गुरुवासरे उपाध्यायश्रीविनयसागरगणेः शिष्यसौभाग्यसागरैरलेखीयं प्रशस्तिर्मनमोहनसागरप्रसादात् ॥

અર્થ:—પોતાના પરિવારસહિત, અમાત્યોમાં શિરોમણિસરખા "શ્રીવર્દ્ધમાનશાહ" તથા "પદ્મસિંહશાહે" હાલ્લારદેશમાં આવેલા નવાનગર (જામનગર) માં જામશ્રીશત્રુશલ્યજીના પુત્ર મહારાજા "જામશ્રીજસવંતસિંહજીના" રાજ્યમાં, શ્રીઅંચલગચ્છના નાયક શ્રીમાન્ શ્રીકલ્યાણસાગરજીસુરીશ્વરજીના ઉપદેશથી શ્રીશાંતિનાથજીપ્રભુના પ્રાસાદ આદિક પુણ્યનાં કાર્યો કર્યાં. શ્રીશાંતિનાથજી આદિક પાંચસો એક પ્રતિમાઓની બેવાર પ્રતિષ્ઠા કરાવી. તેમાની પહેલી પ્રતિષ્ઠા વિક્રમ સંવત ૧૬૭૬ ના વૈશાખ સુદ ૩ બુધવારે તથા બીજી પ્રતિષ્ઠા સંવત ૧૬૭૮ ના વૈશાખ સુદ ૫ શુક્રવારે કરાવી. એવીરીતે તે વખતે મંત્રીશ્વર શ્રીવર્દ્ધમાનશાહ તથા પદ્મસિંહશાહે સાતલાખ રૂપામહોરો નવક્ષેત્રોમાં ખરચી. સંવત ૧૬૯૭ ના માગશરસુદ ૨ ગુરૂવારે આ શિલાલેખની પ્રશસ્તિ ઉપાધ્યાયશ્રીવિનયસાગરગણિજીના શિષ્ય શ્રીસૌભાગ્યસાગરજીએ મનમોહનસાગરજીના પ્રસાદથી લખી છે. ॥

પછી ચતુર્માસબાદ તે શ્રીકલ્યાણસાગરજી ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરીને કચ્છદેશમાં આવેલા માંડવીનામના બંદરમાં પધાર્યાં. અને ત્યાંના સંઘે તેમને મહોત્સવપૂર્વક તે નગરમાં પ્રવેશ કરાવ્યો. એવીરીતે વિક્રમસંવત ૧૬૭૯ માં તે શ્રીગુરૂમહારાજ ત્યાં માંડવીબંદરમાંજ ચતુર્માસ રહ્યા. ત્યાંથી વિહાર કરી તેઓ ભુજનગરમાં પધાર્યાં, અને ત્યાંના મહારાજા શ્રીરાવભારમલ્લજીએ તેમને મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો. પછી ત્યાંથી વિહાર કરી તેઓ સંવત ૧૬૮૦ માં કોઠારાનામના ગામમાં ચતુર્માસ રહ્યા. ત્યાંથી વિહાર કરી ખિદડાનામના ગામમાં માસક્ષમણ કરી અને સંવત ૧૬૮૧ માં અંજારનગરમાં તેઓ ચતુર્માસ રહ્યા.

હવે નવાનગરમાં ત્યાંના રાજાનો એક હર્મજિત( હડમતઠક્કર) નામનો ( લુહાણા જ્ઞાતિનો ) કોષાધિકારી એટલે ખજાનચી હતો. તે ખજાનચી તે વર્ધમાનશાહ તથા પદ્મસિંહશાહપર દ્વેષ ધારણ કરતોથકો કંઇક છલ શોધવા લાગ્યો. એક વખતે તે ખજાનચીએ કંઇક રાજ્યકાર્યમાટે ત્યાંના રાજાપાસેથી નવ હજાર મુદ્રિકાઓની એક ચીઠ્ઠી વર્ધમાનશાહપર લખાવી. પછી તે ચીઠ્ઠીની રકમપર બે મીંડીઓ પોતે વધારીને તે ચીઠ્ઠી તેણે નવલાખ મુદ્રિકાઓની કરી, તથા તે ચીઠ્ઠી તેણે સંધ્યાકાળે વર્ધમાનશાહના હાથમાં આપી. ત્યારે વર્ધમાનશાહે પણ તે ચીઠ્ઠી વાંચી આશ્ચર્ય પામી પદ્મસિંહને બોલાવ્યા. પદ્મસિંહ પણ તે ચીઠ્ઠી વાંચી આશ્ચર્ય પામી વિચારવા લાગ્યા કે, કોઇ પણ દુષ્ટ માણસની પ્રેરણાથી ખરેખર રાજા અમારી પાસેથી નવલાખ મુદ્રિકાઓની માગણી કરે છે. વળી આજે તો ભંડારમાં પણ કેવલ નવહજાર મુદ્રિકાઓજ સીલકમાં છે. માટે હું આના સંબંધમાં હમણાજ રાજાપાસે જઇ તેની તપાસ કરૂં. એમ વિચારી તેણે પોતાના મ્હોટા ભાઇને કહ્યું કે, હે બાંધવ ! આપ હમણા આ હડમતઠક્કરને લઇને વખારે પધારો, અને હું પણ હમણાજ ત્યાં વખારે આવી પહોંચું છું. એમ કહી તે પદ્મસિંહશાહ રાજાને મલવામાટે તુરત તેમના મેહેલમાં ગયા. પરંતુ ભાવીભાવના યોગે અંતઃપુરમાં પધારેલા રાજા પણ તેમને મળી શક્યા નહી પછી હવે શું કરવું ? એરીતે દિગ્મૂઢ થયેલા તે પદ્મસિંહશાહ જ્યારે ત્યાંથી પાછા વળી ચાલવા લાગ્યા, ત્યારે માર્ગમાં તેમને ઘડપણથી જર્જરિત શરીરવાળો એક યોગી મળ્યો, અને તે યોગીએ તે પદ્મસિંહશાહ પાસે ભોજન અપાવવાની યાચના કરી. તે વખતે ચિંતાતુર હૃદયવાળા એવા પણ તે પદ્મસિંહશાહે પોતાના ઉદાર સ્વભાવથી તે યોગીરાજને કંદોઇની દુકાનેથી ઘેવરનું ભોજન અપાવ્યું. તેથી સંતુષ્ટ ચિત્તવાળા તે યોગીરાજે પદ્મસિંહશાહને કહ્યું કે, હે વત્સ ! આજે તું ચિંતાતુર જેવો કેમ દેખાય છે? ત્યારે તે પદ્મસિંહશાહે પણ દુકાણમાંજ તે યોગીરાજને પોતાની ચિંતાનો વૃત્તાંત કહી સંભળાવ્યો. તેજ ક્ષણે તે યોગીરાજે પોતાની જટામાંથી એક જડીબુટી કહાડીને તે પદ્મસિંહના હાથમાં આપી. ત્યારબાદ તે પદ્મસિંહશાહ જેટલામાં તે જડીબુટીને જુએ છે, તેટલામાં તે યોગીરાજ અદૃશ્ય થઇ ગયો. પદ્મસિંહશાહે આમતેમ આસપાસ ઘણી તપાસ કરી, પરંતુ તે યોગીરાજ નજરે આવ્યો નહી. ત્યારબાદ તે આશ્ચર્ય પામેલા પદ્મસિંહશાહને યાદ આવ્યું કે, ખરેખર આ તેજ

યોગીરાજ હતો, કે જે પૂર્વે અમારા ઘરની ડહેલીના આડસરમ સિદ્ધરસનું તુંબડું લટકાવીને ગયો હતો, ઇત્યાદિક વિચારતા તે પદ્મસિંહશાહ પોતાની વખારે આવ્યા, અને ત્યાં પોતાના મ્હોટા ભાઇ વર્ધમાનશાહને એકાંતમાં બોલાવી તેમણે તે સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. ત્યારે તે બુદ્ધિવાન્ વર્ધમાનશાહે પદ્મસિંહને કહ્યું કે, હે બંધુ! ખરેખર અક્ષય દ્રવ્યભંડાર કરનારી આ ચિત્રાવેલીની જડીબુટી છે. આપણાપર તુષ્ટમાન થયેલી આપણી ગોત્રદેવીએ ખરેખર આવીરીતે યોગીરાજના વેષમાં આપણને બે વાર મદદ કરેલી છે. પછી તે બન્ને ભાઈઓએ ચિત્રાવેલની તે જડીબુટીને પોતાના ભંડારમાં મુકીને તેની પરીક્ષા કરી. પછી તે બન્ને ભાઇઓએ તે જડીના પ્રભાવથી નવલાખ મુદ્રિકાઓ તોલીને તે હુડમતઠક્કરને આપી દીધી. ત્યારથી માંડીને તેમની વખારનું તે મકાન નવાનગરમાં " નવલખા " ના નામથી પ્રસિદ્ધ થયું. તે હુડમતઠક્કર પણ તે વખતે એકી સમયે આશ્ચર્ય તથા ભયથી ગભરાયોથકો તુરતજ તે નવલાખ મુદ્રિકાઓ એક ગાડામાં ભરીને ત્યાંથી નિકળી પોતાને સ્થાનકે ગયો. ત્યારબાદ તે બન્ને ભાઇઓએ ત્યાં નવાનગરમાં રહેવું ભયાનક જાણીને પ્રભાતમાંજ પોતાની સારસાર વસ્તુઓ લેઇને ત્યાંથી પ્રયાણ કર્યું, તથા પોતાના કુટુંબસહિત તેઓ બન્ને વહાણમાં બેસી ત્યાંથી કચ્છદેશમાં આવેલી ભદ્રાવતીનગરીમાં આવ્યા. તે સમયે પોતાની આજીવિકામાટે તે બન્ને ભાઇઓની નોકરી કરનારા ઓશવાલજ્ઞાતિના ચારહજાર માણસો પણ ધીમેધીમે નવાનગર છોડીને ભદ્રાવતીનગરીમાં આવી વસ્યા. વળી તે વખતે તે કચ્છદેશના રાજા રાભારમલ્લજીએ તે બન્ને ભાઈઓને ઘણું સન્માન આપ્યું. પછી ત્યાં નવાનગરમાં આ સર્વ વૃત્તાંતની જાણ થવાથી ક્રોધ પામેલા તે નવાનગરના રાજાએ તે હુડમતઠક્કરને પોતાને હાથે તલવારથી મારી નાખ્યો. પછી તે રાજાએ પોતાના હજુરીઆઓને ભદ્રાવતીમાં મોકલીને તે વર્ધમાનશાહ તથા પદ્મસિંહશાહને પાછા આવી નવાનગરમાં વસવામાટે બોલાવ્યા, પરંતુ તે બન્ને ભાઇઓ ફરીને ત્યાં પાછા આવ્યા નહી. હવે એવીરીતે તે બન્ને ભાઇઓ તે ચિત્રાવેલીની જડીના પ્રભાવથી ઘણો વ્યાપાર કરતાથકા ત્યાં ભદ્રાવતીનગરીમાંજ નિવાસ કરીને રહ્યા.

પછી એક સમયે વિહાર કરતાથકા તે શ્રીકલ્યાણસાગરસૂરિજી પણ ત્યાં ભદ્રાવતીનગરીમાં પધાર્યા. ત્યારે તે બન્ને ભાઈઓએ મહોટ

ઉત્સવપૂર્વક તેમને નગરમાં પ્રવેશ કરાવ્યો. ત્યારબાદ એક વખતે વર્ધમાનશાહે તેમને નવાનગરનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો પછી તેમણે ગુરૂમહારાજને પુછ્યું કે, હે ભગવન્! તે યોગીરાજ કોણ છે? કે, જેમણે અમોને આવીરીતે બેવાર મદદ કરી! તેજ વખતે ગુરૂમહારાજે સ્મરણ કરવાથી મહાકાલીદેવીએ તે વર્ધમાનશાહના પૂર્વજોને ( લાલણને ) પોતે આપેલાં વરદાનઆદિકનો પૂર્વનો સઘળો વૃત્તાંત ગુરૂમહારાજને કહી સંભળાવ્યો, તથા ગુરૂમહારાજે પણ દેવીએ કહેલો તે સર્વ વૃત્તાંત વર્ધમાનશાહને કહી સંભળાવ્યો, ત્યારબાદ હર્ષ પામેલા તે બન્ને ભાઈઓ ગુરૂમહારાજના ઉપદેશથી પોતાના કુટુંબસહિત પાવાગઢપર ગયા, તથા ત્યાં પોતાની ગોત્રજા એવી તે મહાકાલીદેવીનાં તેઓએ દર્શન કર્યાં. પછી રાત્રીએ સ્વપ્નની અંદર તે દેવીએ તે બન્ને ભાઇઓને પોતાનું વૃત્તાંત કહી સંભળાવ્યું, તથા કહ્યું કે, પૂર્વે તમારા પૂર્વજ લાલણજીને મેં આપેલાં વચનથી બંધાઇને તમોને યોગીનું રૂપ કરી બે વખત સહાય કરેલી છે. પછી પ્રભાતે તે બન્ને ભાઈઓએ તે દેવીના મંદિરના જીર્ણોદ્ધારના કાર્યનો પ્રારંભ કર્યો. પછી સંપૂર્ણ થયાબાદ તે બન્ને ભાઈઓ ત્યાંથી નિકળી કુશલક્ષેમે પોતાના કુટુંબસહિત પાછા ભદ્રાવતીમાં આવ્યા. હવે એવીરીતે તે વર્ધમાનશાહના આગ્રહથી ગુરુમહારાજ પણ વિક્રમસંવત ૧૬૮૨ માં ત્યાં ભદ્રાવતીમાંજ ચતુર્માસ રહ્યા. ત્યારબાદ ત્યાં ગુરૂમહારાજના ઉપદેશથી વર્ધમાનશાહે નવ હજાર મુદ્રિકાઓ ખરચીને અરિષ્ટરત્નની શ્રીનેમિનાથપ્રભુની પ્રતિમા કરાવી. તથા પદ્મસિંહશાહે પણ તેટલાજ ખરચથી માણિક્યરત્નની શ્રીવાસુપૂજ્યપ્રભુની પ્રતિમા ભરાવી. વર્ધમાનશાહની સ્ત્રી નવરંગદેવીએ દશહજાર મુદ્રિકાઓ ખરચીને નીલમરત્નની શ્રીપાર્શ્વનાથજીની પ્રતિમા ભરાવી. તેમજ પદ્મસિંહશાહની સ્ત્રી કમલાદેવીએ પણ તેટલાજ ખરચથી નીલમરત્નની શ્રીમલ્લિનાથજીપ્રભુની પ્રતિમા ભરાવી. પછી નવરંગદેવીએ ગુરૂમહારાજના ઉપદેશથી બેલાખ મુદ્રિકાઓ ખરચીને નવપદજીનું ઉજમણું કર્યું. તથા કમલાદેવીએ પણ તેટલુંજ દ્રવ્ય ખરચીને પંચમીતપનું ઉજમણું કરી જૈનઆગમના ગ્રંથો લખાવ્યા. વળી તે અવસરે વર્ધમાનશાહે પોતાના "જગડુ" નામના સર્વથી ન્હાના પુત્રના લગ્નપ્રસંગમાં પણ ત્રણ લાખ મુદ્રિકાઓનું ખર્ચ કર્યું. વળી તે વિવાહના અવસરે કુલગુરુ ( ગોર ) ના કંઇક વક્રતા ભરેલાં વચનથી પણ ખુશી થયેલા વર્ધમાનશાહે તે વખતે ત્યાં આવેલા સઘળા કુલગુરુઓને ચાર હજાર ઉંટોનું

દાન આપ્યું. તે માટે એવી દંતકથા છે કે, જગડુશાહના વિવાહમાં કન્યાદાન અપાતી વેળાએ તેની વિધિ કરાવવામાટે વર્ધમાનશાહનો મુનિમ ગોરને ( કુલગુરૂને ) બોલાવવામાટે જ્યારે તેને ઘેર ગયો, ત્યારે તે ગોરે હાંસી કરી તે મુનિમને કહ્યું કે, શું તારા શેઠ અમોને ઉંટબુંટનું દાન આપવાના છે? કે જેથી તું આટલી ઉતાવળ કરે છે? તે હકીકત મુનિમે આવી વર્ધમાનશાહશેઠને કહેવાથી પોતાની કીર્તિ વધારવામાટે તેમણે તે પ્રસંગે એકઠા થયેલા ચાર હજાર ગોરોને ( ભોજકોને–કુલગુરૂઓને ) દરેકને એકેક ઉંટની કિમ્મત આપી ખુશી કર્યા. એવી દંતકથા પ્રસિદ્ધ છે. વળી તેમાટે કવિવર શ્રીઅમરસાગરસૂરિજીએ " વર્ધમાન પદ્મસિંહ ચરિત્ર " નામના ગ્રંથમાં આઠમા સર્ગમાં પણ લખ્યું છે કે—

जगडोर्निजपुत्रस्य । विवाहः श्रेष्टिना कृतः ॥
लघोर्हि वर्धमानेन । त्रिलक्षमुद्रिकाव्ययात् ॥ १ ॥
उष्ट्रकाणां सहस्राणि । चारणेभ्यस्तदा ददौ ॥
चत्वारि चतुरः श्रेष्ठि—वर्योऽसौ वर्धमानकः ॥ २ ॥

અર્થ:—પોતાના ન્હાનાપુત્ર જગડુનો વિવાહ તે વર્ધમાનશેઠે ત્રણ લાખ મુદ્રિકાઓ ખરચીને કર્યો, અને તે સમયે તે ઉત્તમ અને ચતુર એવા વર્ધમાનશેઠે ચારણોને ( કુલગુરુઓને ) ચાર હજાર ઉંટ દાનમાં આપ્યા. ॥ ૧ ॥ ॥ ૨ ॥

વળી કવિવર્ય શ્રીઉદયસાગરસૂરિજીએ રચેલા શ્રીકલ્યાણસાગર-સૂરિજીના રાસમાં પણ પાંત્રીસમી ઢાલના દુહામાં કહ્યું છે કે,

જગડુના વિવાહમાં । વર્ધમાન ત્રણ લાખ ॥
ખરચી નિજ અભિધાનને । જગમાં કાયમ રાખ ॥ ૧ ॥
તે વખતે ભોજક તણું । સુણી વાંકડુ વેણ ॥
ચાર હજાર ઉંટો દીયા । નોક રાખવા તેણ ॥ ૨ ॥

પદ્મસિંહશાહે પણ તે વખતે પોતાના ન્હાના પુત્ર રણમલ્લના વિવાહમાં ત્રણ લાખ મુદ્રિકાઓનો ખર્ચ કર્યું. પછી એક સમયે તેજ શ્રીકલ્યાણસાગરસૂરિજી ગુરુમહારાજના ઉપદેશથી તે બન્ને ભાઈઓએ સાત લાખ મુદ્રિકાઓ ખરચીને પોતાના સાધર્મિઓનો ઉદ્ધાર કર્યો.

પછી તેજ ભદ્રાવતીનગરીમાં તેઓએ દોઢલાખ મુદ્રિકાઓ ખરચીને ત્યાંના અત્યંત પ્રાચીન શ્રીપાર્શ્વપ્રભુના જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કર્યો. ત્યારબાદ તે બન્ને ભાઇઓ તેજ ગુરૂમહારાજના ઉપદેશથી પોતાના કુટુંબસહિત તીર્થોની યાત્રા કરવામાટે ભદ્રાવતીમાંથી નિકળ્યા. ત્યાંથી પ્રથમ તેઓ ગિરનારપર્વતપર આવ્યા, તથા ત્યાંની યાત્રા કરીને બેલાખ મુદ્રિકાઓ ખરચી તેઓએ ત્યાંના શ્રીનેમિનાથપ્રભુના જિનમંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. પછી તેઓએ તારિંગાતીર્થપર જઇ, તથા ત્યાં યાત્રા કરી ત્યાંના શ્રીઅજિતનાથજીના પ્રાસાદના જીર્ણોદ્ધારમાટે અઢી લાખ મુદ્રિકાઓ આપી. ત્યાંથી તેઓએ આબુપર્વતપર જઇ, તથા ત્યાંની યાત્રા કરીને વિમલવસતિનો ( પૂર્વે વિમલશાહના બંધાવેલાં જિનમંદિરનો ) તથા લુણિગવસતિના ( પૂર્વે વસ્તુપાલ તેજપાલે બંધાવેલાં જિનમંદિરનો ) જીર્ણોદ્ધાર કરવામાટે પાંચલાખ મુદ્રિકાઓ સમર્પણ કરી. ત્યાંથી શ્રીસમ્મેતશિખરજીનામના તીર્થપર જઇને ત્યાંની પાવડીઓ ( પગથીઆઓ ) બંધાવવામાટે તેઓએ અઢીલાખ મુદ્રિકાઓ આપી. પછી તેઓએ વૈભારગિરિ, ચંપાપુરી, પાવાપુરી, કાકંદી, રાજગૃહી, વાણારસી, તથા હસ્તિનાપુરઆદિક જિનેશ્વરપ્રભુઓની કલ્યાણકભૂમિઓની યાત્રાઓ કરીને ત્યાં તેઓએ ઘણું ધન ખરચ્યું. પછી ત્યાંથી શ્રીશત્રુંજયતીર્થપર આવીને, તથા ત્યાંની યાત્રા કરીને તેઓએ બેલાખ મુદ્રિકાઓ ખર્ચી ત્યાં ધ્વજારોપણ કર્યું. એવીરીતે બીજાં પણ ઘણાં તીર્થોની યાત્રા કરીને તેઓ બેવર્ષે કુશલક્ષેમે પોતાના કુટુંબસહિત ભદ્રાવતીનગરીમાં પાછા આવ્યા. એવીરીતે તે બન્ને ભાઇઓએ યાત્રાઆદિક શુભ કાર્યો કરી પોતાની કીર્તિને વિસ્તારી, તથા પોતાનું જીવિત સફલ કર્યું. વળી નવાનગરમાં પૂર્વે પોતે બંધાવેલાં વિશાલ જિનમંદિરનું થોડું અપૂર્ણ રહેલું કાર્ય સંપૂર્ણ કરવામાટે ત્યાં રહેતા એવા પોતાના ભાઇ ચાંપસીશાહપર બેલાખ મુદ્રિકાઓ તેઓએ મોકલાવી આપી. પરંતુ ભાવિભાવના યોગથી તે કાર્ય સંપૂર્ણ થયું નહી. વળી ત્યાંના જિનમંદિરમાં પૂજા, જીર્ણોદ્ધાર આદિકના હમેશના ખર્ચના નિભાવમાટે તેઓએ નવ વાડીઓ, ચાર ક્ષેત્રો, તથા દુકાનોની શ્રેણિ પણ પ્રથમજ ગુરુમહારાજના ઉપદેશથી સમર્પણ કર્યાં હતાં.

હવે ગુરુમહારાજ પણ ત્યાંથી વિહાર કરીને વિક્રમ સંવત ૧૬૮૩ માં સુંદરા નામના નગરમાં ચતુર્માસ રહ્યા. તથા ત્યાંથી વિહાર કરી

વિક્રમ સંવત ૧૬૮૪ માં વાગડદેશમાં આવેલા આધોઇ નામના ગામમાં ચતુર્માસ રહ્યા. પછી વિક્રમ સંવત ૧૬૮૫ માં વર્ધમાનશાહની વિનંતિથી ગુરૂમહારાજ ભદ્રાવતીનગરીમાં પધાર્યા, તથા ત્યાં સંઘના આગ્રહથી ગુરૂમહારાજે મહોત્સવપૂર્વક શ્રીઅમરસાગરજીમુનિરાજને આચાર્યપદવી આપી. તે અવસરે તે વર્ધમાનશાહ તથા પદ્મસિંહશાહ નામના બન્ને ભાઇઓએ ગુરૂમહારાજના ઉપદેશથી પોતાના સાધર્મિકોના ઉદ્ધારઆદિક કાર્યોમાં બેલાખ મુદ્રિકાઓ ખર્ચી.

હવે તે વર્ધમાનશાહની વન્નાદેવીનામની પહેલી સ્રીથી વીરપાલ અને વિજપાલનામના બે પુત્રો થયા હતા. તથા ત્યારપછીની બ.જી સ્રી નવરંગદેવીથી ભારમલ્લ અને જગડુનામના બે પુત્રો થયા હતા. અને પદ્મસિંહશાહને તેમની કમલાદેવીનામની સ્રીથી શ્રીપાલ, કુરપાલ તથા રણમલ્લનામના ત્રણ પુત્રો થયા હતા. વિક્રમસંવત ૧૬૮૬ ના શ્રાવણસુદ બીજને દિવસે તે કમલાદેવી શુભધ્યાનથી કાલ કરી દેવલોકમાં ગયાં. પછી સંવત ૧૬૮૭ ના આસુ સુદ પુનેમને દિવસે નવરંગદેવી પણ શુભધ્યાનથી કાલ કરીને દેવલોકમાં ગયાં. તેઓનાં કારજ અવસરમાં તે બન્ને ભાઇઓએ એંસી હજાર મુદ્રિકાઓ ખર્ચીને નવે જ્ઞાતિઓનાં માણસોને વિવિધપ્રકારનાં પકવાન્નોથી ભોજન કરાવ્યું.

ત્યારબાદ શ્રીકલ્યાણસાગરસૂરિજી વિક્રમ સંવત ૧૬૮૬ માં વિસલનગરમાં, તથા વિક્રમ સંવત ૧૬૮૭ માં કોડાઇનામના ગામમાં ચતુર્માસ રહ્યા. ત્યારબાદ વિક્રમ સંવત ૧૬૮૮ માં તેઓ વર્ધમાનશાહની વિનંતિથી પાછા ભદ્રાવતીનગરીમાં પધાર્યા. તથા તેમના આગ્રહથી ત્યાંજ ચતુર્માસ રહ્યા. પછી એક સમયે વર્ધમાનશાહે ગુરૂમહારાજને વાંદીને એકાંતમાં જઇ કહ્યું કે, હે ભગવન્! આજે પ્રભાતસમયે મેં એવું સ્વપ્ન જોયું કે, જાણે નવરંગદેવી મને સ્વર્ગમાં લેઇ જવામાટે મારીપાસે આવ્યાં. તેમ આજે મારૂં મન પણ કંઇક વ્યાકુલ થયેલું છે. તે સાંભળી શ્રીમાનબહુશ્રુતગુરૂમહારાજે વિચાર્યું કે, ખરેખર સ્વપ્નનાં આ લક્ષણથી આ વર્ધમાનશાહનું સ્વર્ગગમન હવે થોડા સમયમાંજ છે. એમ વિચારી ગુરૂમહારાજે વર્ધમાનશાહને કહ્યું કે, હે ઉત્તમ શ્રાવકજી! આ સ્વપ્નથી આવતા ભવમાં તમારી શુભ ગતિ થવાની છે એમ જણાય છે; માટે તમારે ધર્મકાર્યોમાં સાવધાન થવું. પૂર્વે પણ તમારાજ લાલણગોત્રના અને નગરપારકર શે-

હેરમાં વસનારા મહાભાગ્યશાલી " જેસાજી "* નામના ઉત્તમ શ્રાવકે પણ આવુંજ સ્વપ્ન જોયું હતું. ઇત્યાદિક કહીને ગુરૂમહારાજે તે જેસાજી શ્રાવકનું વૃત્તાંત તેમને કહી સંભળાવ્યું.

પછી ગુરૂમહારાજે વર્ધમાનશાહને કહ્યું કે, આવતીકાલે કાર્તિકીપુનમની પર્વતિથિ છે. માટે તમારે પૌષધવ્રતસહિત ઉપવાસ કરવો. પછી ગુરૂમહારાજને વાંદીને વર્ધમાનશાહ પોતાને ઘેર આવ્યા. પછી ગુરૂમહારાજે શ્રીમાન્ રત્નસાગરજી ઉપાધ્યાયજીને બોલાવીને કહ્યું કે, તમારે આવતીકાલે પ્રભાતમાં વર્ધમાનશાહશેઠની પૌષધશાળામાં એક બાલસાધુને સાથે લેઇને જવું. તથા ત્યાં તેમને આરાધના કરાવવી. એક પહોર દિવસ ચડ્યાબાદ તે વર્ધમાનશાહશેઠનું સ્વર્ગગમન થશે. એવીરીતનાં ગુરૂમહારાજનાં વચનને પ્રમાણભૂત ગણીને તે શ્રીરત્નસાગરજી ઉપાધ્યાયજી પણ પ્રભાતમાં એક બાલ-

---

* આ જેસાજીશેઠના સંબંધમાં શ્રીઉદયસાગરજીએ રચેલા કલ્યાણસાગરસૂરિજીના રાસમાં, છત્રીસમી ઢાલમાં કહ્યું છે કે,

( કલ્યાણસાગરસૂરિજી વર્ધમાનશાહને કહે છે કે )

પૂર્વે પણ તુમ સરિખા પૂર્વજ । નગરપારકરપુરમાં ॥
સંવત બાંદસો સાઠની સાલે । લાલણવંશે હુરમાં ॥ ભવિયાં૦ ॥ ૧ ॥

જેસાજીનામે તે સોહે । ભાગ્યવંત સરદાર ॥
જેને ઘેર રહ્યાં મહાકાલી । નિશ લખમીરૂપધાર ॥ ભવિયાં૦ ॥ ૨ ॥

શિખરબંધ ઉમરકોટમાંહે । જિનમંદિર સુવિશાલ ॥
બાંધ્યું મેરૂતુંગ ગુરૂવરનો । સુણી ઉપદેશ રસાલ ॥ ભવિયાં૦ ॥ ૩ ॥

તમારીપેઠે બહુ ધન ખરચી । તિણે બહુ દાનો દીધ ॥
જિનશાસનમાં અંચલગચ્છનો । મહિમા અધિકો કીધ ॥ ભવિયાં૦ ॥ ૪ ॥

મેરૂતુંગસૂરિએ રચિઓ । તેહતણો અધિકાર ॥
મહાદાનથી અહીં ગવાયો । જેસો જગદાતાર ॥ ભવિયાં૦ ॥ ૫ ॥

આથી જણાય છે કે, તે જેસાજીશેઠ ઘણા દ્રવ્યવાન હતા, તથા મહાદાનેશ્વરી હતા, અને તેથી " જગદાતાર " એવું તેને લોકો તરફથી બિરૂદ મળ્યું હતું. અંચલગચ્છના આચાર્ય શ્રીમેરૂતુંગસૂરિજીએ " જેસાજીપ્રબંધ " નામનો તેના ઇતિહાસનો ગ્રંથ પણ રચેલો જણાય છે.

સાધુને સાથે લેઇને વર્ધમાનશાહની પૌષધશાળામાં આવ્યા, એવામાં વર્ધમાનશાહ પણ પૌષધ કરવામાટે ત્યાં આવ્યા, તથા ત્યાં પધારેલા બે મુનિરાજોને જોઇને પોતાના મનમાં ઘણોજ આનંદ પામ્યા. પછી ગુરૂના મુખથી પૌષધ લેઇને વર્ધમાનશાહ શ્રીરત્નસાગરઉપાધ્યાયજીએ વાંચેલા અતિચારોની આલોચના પૂર્વક શ્રાવકના બારે વ્રતોનું વિવરણ સાંભળવા લાગ્યા.

એવામાં પ્રભાતમાં શ્રીકલ્યાણસાગરસૂરિજીએ પદ્મસિંહશાહને બોલાવીને વર્ધમાનશાહનું વૃત્તાંત કહી સંભળાવ્યું. તે સાંભળી વ્યાકુલ થયેલા પદ્મસિંહ પણ પોતાનું સઘળું કુટુંબ એકઠું કરીને ગાદીતકીયાસહિત તે પૌષધશાળામાં આવ્યા. એવીરીતે સૂર્યોદય પછી છવડી દિવસ ચડ્યાબાદ જીવરાશિઓને ખમાવતાંથકાં વર્ધમાનશાહનું મસ્તક કંપવા લાગ્યું. તેજ વખતે પદ્મસિંહે તેમને ઉંચકીને ગાદીપર તકીયે આઢીને બેસાડ્યા. પછી વર્ધમાનશાહે પોતાના સર્વ કુટુંબને ત્યાં બેઠેલું જોઇને ખુશી થઇ તેઓ સર્વને બોલાવ્યા. પછી તેમણે સર્વ કુટુંબનું સારીરીતે રક્ષણ કરવામાટે પદ્મસિંહને ભલામણ કરી. ત્યારબાદ તે ગદ્‌ગદિત કંઠથી કહેવા લાગ્યા કે, અરે! આજે મેં મારા અનુપમ ઉપકારી એવા આચાર્યમહારાજ શ્રીકલ્યાણસાગરસૂરિજીનાં દર્શન કર્યાં નહી. એવામાં જાણે તેમના પુણ્યથી ખેંચાઇને પધાર્યા હોય નહી ? એમ તેજ અવસરે શ્રીકલ્યાણસાગરસૂરિજી પણ ત્યાં તે વર્ધમાનશાહશેઠની પાસે આવ્યા. આચાર્યમહારાજને પોતાનીપાસે આવેલા જોઇ હર્ષથી રોમાંચિત થઇ વર્ધમાનશાહે તેમને વાંદીને કહ્યું કે, અહો ! મારાં ભાગ્યનો કેવો ઉદય છે !! કે, ચિંતવતાંજ મને ગુરૂમહારાજનાં દર્શન થયાં !! મારા ઉપકારી એવા આપનુંજ આ સમયે પણ મને શરણું થાઓ ? પછી અવસરના જાણ એવા ગુરૂમહારાજે પણ તે વર્ધમાનશાહશેઠને ચારે શરણાં સંભળાવ્યાં. ત્યારે તે વર્ધમાનશાહશેઠ પણ એવીરીતે છેલ્લું શરણું મુખથી ઉચ્ચારતાથકા પ્રાણરહિત થઇ દેવલોકે ગયા. તે સમયે વર્ધમાનશાહઉપરના મોહને લીધે તે શ્રીકલ્યાણસાગરસૂરિજીમહારાજના નેત્રોમાંથી પણ અશ્રુઓની ધારા વહેવા લાગી. પછી ગુરૂમહારાજ ઉપાધ્યાયજી આદિકસહિત વર્ધમાનશાહના ગુણોને યાદ કરતાથકા પોતાને ઉપાશ્રયે આવ્યા. પછી સ્વજનો તથા જ્ઞાતિજનોએ મળીને એક અત્યંત મનોહર ( રંગબેરંગી

કિનખાબ તથા જરીયન કાપડની ) માંડવી કરી, અને તેની અંદર વર્ધમાનશાહશેઠનું પદ્માસને બેહેલું શબ મૂક્યું, તથા સોનેરી તંતુઓથી વણેલી ઘણીજ કિમતી શાલથી તેમના શરીરને આચ્છાદિત કર્યું. તે વર્ધમાનશાહનું બ્યાસી વર્ષોનું આયુષ્ થવાથી સુગંધી ચૂર્ણો મેળવેલાં ઘૃતની બ્યાસી દીવીઓ પ્રકટાવી. રૂપામોહોરોથી ભરેલી બ્યાસી થાળીઓ હાથમાં લેઈને નોકરો તે માંડવીની આગળ ચાલવા લાગ્યા. ઢોલ, મૃદંગ, તાલ, કંસાલઆદિક વાજિંત્રો પોતાના ગંભીર સ્વરોથી આકાશમંડલને પૂરવા લાગ્યાં. તે શોકના મેલાવડામાં નજદીકના ગામોમાંથી ચારણોઆદિક ઘણા લોકો ત્યાં આવી પહોંચ્યા. પછી સઘળા સ્વજન આદિક માણસો તે માંડવીને ઉંચકીને ધીમેધીમે મધ્યાહ્નસમયે સમુદ્રકિનારે આવ્યા, તથા ત્યાં તેઓએ ચંદનના કાષ્ઠોવડે ચિતા બનાવી અને તે ચિતામાં તે વર્ધમાનશાહશેઠના શરીરનો અગ્નિસંસ્કાર કર્યો. ( આ સમયના બનાવનું વિસ્તારવાળું હૃદયભેદક વર્ણન શ્રીઉદયસાગરજીએ કલ્યાણસાગરસૂરિજીના રાસમાં કરેલું છે. ગ્રંથ મહોટો થવાના ભયથી તે અહીં લખ્યું નથી. )

એવીરીતે ત્યારપછી સતર દિવસો ગયાબાદ પદ્મસિંહ આદિક કુટુંબના માણસોએ મળીને સમસ્ત કચ્છદેશ તથા હાલારદેશમાં વસતા સર્વ લોકોને પકવાન્નઆદિકનું ભોજન કરાવ્યું, અને એવીરીતનાં તે વર્ધમાનશાહશેઠના કારજનાં સર્વ મળી બારલાખ મુદ્રિકાઓનું ખર્ચ થયું. પછી તેમના અગ્નિસંસ્કારની ભૂમિકાપર પદ્મસિંહે ત્રણલાખ મુદ્રિકાઓ ખર્ચીને એક વિશાલ વાવ બંધાવી. તથા તે વાવની નજદીકમાંજ છત્રિકાજેવા આકારવાળી એક દેરી બંધાવીને તેમાં શ્રીશાંતિનાથપ્રભુના ચરણોની સ્થાપના કરી. પછી વર્ધમાનશાહનું અવસાન થયેલું સાંભળીને તે કચ્છદેશના મહારાજા રાવશ્રી ભારમલ્લજીએ બે દિવસોસુધી પોતાના રાજ્યમાં શોક પાલ્યો. તે અવસરે પણ પદ્મશિંહશાહે ચારણોને પણ ઘણું દ્રવ્યદાન કર્યું. પછી તે અવસરે ત્યાં આવેલા સુંદરરૂપજીનામના પોતાના કુલગુરૂને ( વહીવંચાને ) પદ્મસિંહશાહે સાત સુવર્ણની જીભીઓ તથા સુવર્ણનાં કડાં અને હાર આદિક આભૂષણો અને પાંચસો સોનામોહોરો આપી. તે સુંદરરૂપજીનામના કુલગુરૂએ ( પોતાની ) મારવાડી ભાષામાં " વર્ધમાનપ્રબંધ " નામનો વિસ્તારવાળો ગ્રંથ રચેલો છે. અને મેરૂજીનામના ચારણકવિએ પણ પોતાની ભાષામાં વર્ધમાનશાહના જીવનવૃત્તાંતનાં

સાતસો કાવ્યો રચેલાં છે. તે મેરૂજીનામના કવિને પણ પદ્મસિંહે સાતસો સોનામોહોરો આપી પછી કેટલેક કાળે પોતાના કુટુંબમાં વહુરુઓમાં કંઇક કલેશનો અંકુરો ઉત્પન્ન થયેલો જોઇને ખેદ પામેલા પદ્મસીશાહે દ્રવ્ય આદિકનો ભાગ પાડીને સઘળા ભાઇઓને સરખા પ્રમાણમાં વહેંચી આપ્યું. ત્યારબાદ દેવીથી અધિષ્ઠિત થયેલી તે ચિત્રાવેલની જડીબૂટી પણ અદૃશ્ય થઇ ગઇ. ત્યારબાદ વિક્રમ સંવત ૧૬૮૯ની સાલમાં તે ભદ્રાવતીનગરી પણ મરકી, વાયુ, તથા જલપ્રવાહ આદિક દૈવિક કોપથી ઉજ્જડ થઇ ગઇ. ત્યારે પદ્મસિંહશાહ પોતાના પુત્ર આદિક કુટુંબ સહિત માંડવીબંદરમાં આવી વસ્યા, અને વર્ધમાનશાહના ચારે પુત્રો તેમના મામાએ તેડાવવાથી ભુજનગરમાં જઇને વસ્યા.

હવે ગુરૂમહારાજ શ્રીકલ્યાણસાગરસૂરિજી પણ ત્યાંથી વિહાર કરી વિક્રમ સંવત ૧૬૮૯ માં પાલણપુરમાં આવી ચતુર્માસ રહ્યા. ત્યાં જાસલગોત્રના શુભચંદ્ર નામના શ્રાવકે પોતાની સ્ત્રી વીજલદે સહિત ગુરૂમહારાજના ઉપદેશથી શ્રાવકનાં બારે વ્રતો અંગીકાર કર્યાં, પાર્શ્વનાથપ્રભુની પ્રતિમા ભરાવી, અને જૈનશાસ્ત્રો લખાવી ગુરૂમહારાજને ભેટ આપ્યાં. વળી તેણે સ્વામિવાત્સલ્ય આદિક ધર્મનાં કાર્યો કર્યાં. પછી ત્યાંથી વિહાર કરી સંવત ૧૬૯૦ ની સાલમાં ગુરૂમહારાજ અમદાવાદ શેહેરમાં ચતુર્માસ રહ્યા. ત્યાં વડેરાગોત્રવાળા પારિખ લીલાધરનામના શેઠે ગુરૂમહારાજના ઉપદેશથી શ્રીમહાવીરપ્રભુની સુવર્ણમય પ્રતિમા ભરાવી. વળી તેણે શ્રીજયશેખરસૂરિજીએ રચેલા સુખાવબોધનામના કલ્પસૂત્રના વિવરણની એક પ્રતિ સોનેરી અક્ષરોથી લખાવીને ગુરૂમહારાજને વહોરાવી. અને તેણે પૂર્વે શ્રી મેરૂતુંગ સૂરિજીએ રચેલી અંચલગચ્છની પટ્ટાવલીને પણ લખાવી ગુરૂમહારાજને આપી. વળી ત્યાં ગુરૂમહારાજે વ્યાખ્યાનની અંદર શ્રાવકોને ભગવતીસૂત્ર સંભળાવ્યું. ત્યારબાદ વર્ધમાનશાહના ન્હાના પુત્ર જગડુશાહે વિનંતિ લખી બોલાવવાથી ગુરૂમહારાજે ભુજનગર તરફ જવાને વિહાર કર્યો. ત્યાં માર્ગમાં ગોસલગોત્રવાળા દેરાજનામના એક ઉત્તમ શ્રાવકની વિનંતિથી ગુરૂમહારાજ માલીયાનામના ગામમાં માસક્ષમણ રહ્યા. ત્યાં તે દેરાજે ગુરૂમહારાજના મુખથી ચોથું વ્રત અંગીકાર કરીને સ્વામિવાત્સલ્યઆદિક ધર્મકાર્યો કર્યાં. ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજ ભુજનગરમાં પધાર્યા. તે સમયે વર્ધમાન

શાહના પુત્ર જગડુશાહે મહોટા આડંબરથી તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. વળી તે જગડુશાહના આગ્રહથી ગુરૂમહારાજ પણ ત્યાં ભુજનગરમાં ચતુર્માસ રહ્યા. ત્યારે અત્યંત શુભ પરિણામવાળા તે જગડુશાહે તેમની ઘણાઘણા પ્રકારની ભક્તિ કરી. તેથી પ્રસન્ન થયેલા ગુરૂમહારાજે પણ એક દિવસે તેમના પિતા વર્દ્ધમાનશાહનો સઘળો વૃત્તાંત જગડુશાહને કહી સંભળાવ્યો. ત્યારે હર્ષથી રોમાંચિત થયેલા તે જગડુશાહે પોતાના પિતાજીનું ચરિત્ર ( સંસ્કૃત કાવ્યોમાં ) રચવા માટે ગુરૂમહારાજને વિનંતિ કરી. ત્યારે તે શ્રીકલ્યાણસાગરજી ગુરૂમહારાજે આજ્ઞા કરવાથી મેં ( એટલે આ પટાવલિના અનુસંધાન કર્તા શ્રીઅમરસાગરસૂરિજીએ ) " વર્દ્ધમાનપદ્મસિંહ ચરિત્ર " નામનો સંસ્કૃત કાવ્યબદ્ધ ગ્રંથ રચ્યો, અને તે ગ્રંથ મેં વિક્રમ સંવત ૧૬૯૧ ના શ્રાવણ સુદ સાતમે સંપૂર્ણ કર્યો. અને વર્દ્ધમાનશાહના તે જગડુશાહનામના પુત્ર મહાદાનેશ્વરી થયા છે, કચ્છદેશના સઘળા લોકો પ્રભાતમાં ઉઠીને પોતાના મુખથી તે જગડુશાહનુંજ નામ લેતા હતા. તેના ઘરને આંગણેથી કોઇ પણ યાચક કોઇ પણ દિવસે નિરાશ થઇને ગયો નથી. પછી ચતુર્માસબાદ ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરી ખાખરનામના ગામમાં પધાર્યા. ત્યાં ગાલ્હાગોત્રવાળા મારણનામના શેઠે ગુરૂમહારાજના ઉપદેશથી દશહજાર મુદ્રિકાઓ ખર્ચીને ઉજમણા આદિક ધર્મનાં કાર્યો કર્યાં. તથા તેણે હાથની લખેલી ઠાણાંગસૂત્રની પ્રત ગુરૂમહારાજને વહોરાવી. વળી તેની બીમાદેનામની સ્ત્રીએ ગુરૂમહારાજના મુખથી બાર વ્રતો અંગીકાર કર્યા. વળી તેમના આગ્રહથી ગુરૂમહારાજ સંવત ૧૬૯૨ માં તે ખાખરગામમાંજ ચતુર્માસ રહ્યા. ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજ સુંદરાનામના ગામમાં પધાર્યા. ત્યા વડોરાગોત્રવાળા સંઘવી માલસીનામના શ્રાવકે ગુરૂમહારાજના ઉપદેશથી ત્રીસહજાર મુદ્રિકાઓ ખર્ચીને શ્રીધર્મનાથજીપ્રભુની સુવર્ણમય પ્રતિમા ભરાવી. તે માલસીશેઠની રાજલદેનામની સ્ત્રી ઘણી ગુણવાન્ હતી. પછી તે બન્ને સ્ત્રીભરતારે ગુરૂમહારાજના મુખથી ચોથું વ્રત અંગીકાર કર્યું, તથા શાસ્ત્રો લખાવી ગુરૂમહારાજને વહોરાવ્યાં. એવીરીતે ગુરૂમહારાજ પણ તેમના આગ્રહથી વિક્રમસંવત ૧૬૯૩ માં ત્યાં સુંદરાનગરમાંજ ચતુર્માસ રહ્યા. પછી ગુરૂમહારાજ પદ્મસિંહશાહની વિનંતિથી માંડવીબંદરનામના નગરમાં પધાર્યા, અને તેના આગ્રહથી સંવત ૧૬૯૪ માં તેઓ માંડવીબંદરનામના નગરમાં ચતુર્માસ રહ્યા.

પછી એક સમયે ગુરૂમહારાજના પૂછવાથી પદ્મસિંહશાહે ખેદસહિત પોતાના કુટુંબનો વૃત્તાંત તેમને કહી સંભળાવ્યો. ત્યારે ગુરૂમહારાજે તેને આશ્વાસન આપી કહ્યું કે, આ સંસારની સ્થિતિ એવીજ છે. પછી ગુરૂમહારાજે તેમને કહ્યું કે, વર્ધમાનશાહના પુત્ર જગડુશાહના આગ્રહથી શ્રીમાન્ અમરસાગરસૂરિજીએ તમો બન્ને ભાઇઓનું સંસ્કૃત કાવ્યબદ્ધ ચરિત્ર રચેલું છે. તે સાંભળી અત્યંત ખુશી થયેલા એવા તે પદ્મસિંહશાહને ગુરૂમહારાજની આજ્ઞાથી પંડિતવર્ય એવા શ્રીસુંદરસાગરજીએ તે સમસ્ત ચરિત્ર તેના અર્થ સહિત કહી સંભળાવ્યું. તે સાંભળી ખુશી થયેલા તે પદ્મસિંહશાહે ( પોતાના ભત્રીજા ) જગડુશાહની ઘણીજ પ્રશંસા કરી. ત્યારબાદ તે પદ્મસિંહશાહ વિક્રમ સંવત ૧૬૯૪ માં પોષ સુદ દશમને દિવસે શુભધ્યાનપૂર્વક કાલ કરી દેવલોકે ગયા. વળી ત્યાં મીઠડીયાગોત્રવાળા માણિક્યચંદ્રનામના શેઠે ગુરૂમહારાજના ઉપદેશથી શ્રીપાર્શ્વનાથજીની એક પ્રતિમા ભરાવી. ત્યારબાદ સંવત ૧૬૯૫ માં ગુરૂમહારાજ રાધનપુરમાં ચતુર્માસ રહ્યા. ત્યાંના ઉજમસીનામના કોઠારીએ ગુરૂમહારાજના ઉપદેશથી સંઘસહિત તારંગાજીતીર્થની યાત્રા કરી, તથા તેણે શ્રીજયકીર્તિસૂરિજીએ રચેલી ઉત્તરાધ્યયનસૂત્રની ટીકાની પ્રતિ લખાવીને ગુરૂમહારાજને વહોરાવી. પછી ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજ આબુજી તથા પંચતીર્થી આદિકની યાત્રા કરીને ઋષભદાસનામના એક ઉત્તમ શ્રાવકની વિનંતિથી સાદડીનામના નગરમાં માસકલ્પ રહ્યા.

હવે ખેરવાનામના ગામમાં સ્યાલગોત્રવાળા એક ઇશ્વર નામના શ્રાવક વસતા હતા. તેની વિનંતિથી વિક્રમ સંવત ૧૬૯૬ માં ગુરૂમહારાજ તે ખેરવાગામમાં ચતુર્માસ રહ્યા. ત્યાં તે ઇશ્વરશેઠે તેમના ઉપદેશથી શ્રીસુમતિનાથપ્રભુની એક પ્રતિમા ભરાવી, તથા ચતુર્માસબાદ તેણે ગુરૂમહારાજના ઉપદેશથી સંઘ સહિત ગોડીચા પાર્શ્વનાથના તીર્થની યાત્રા કરી. ત્યાં ગુરૂમહારાજે એક હજાર નામોવાળી સ્તુતિઓ રચીને શ્રીપાર્શ્વપ્રભુની સ્તવના કરી. ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજે ઓશ્યાનગરીમાં પણ તીર્થયાત્રા કરી. પછી ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજ સંવત ૧૬૯૭ માં બિકાનેર નામના નગરમાં ચતુર્માસ રહ્યા, અને ત્યાં સાગરમલ્લજીનામના શેઠે તેમની ઘણી ભક્તિ કરી. ત્યાં ગાંધીગોત્રવાળા ખેતદાસનામના એક શેઠે ગુરૂમહારાજના ઉપદેશથી વૈરાગ્ય પામી નેવુ હજાર પીરોજી ધર્મમાર્ગમાં ખર્ચીને દીક્ષા ગ્રહણ કરી. ત્યારે ગુરૂમહારાજે તેમનું "ખેમસાગરજી"

નામ રાખ્યું. ચતુર્માસબાદ ગુરૂમહારાજ સાગરમલ્લજી આદિક શ્રાવકો સહિત યાત્રા કરવામાટે જેસલમેરનામના નગરમાં પધાર્યાં. ત્યાં લાલણગોત્રવાળા, ધનવાન તથા શુદ્ધ સમ્યક્‌ત્વને ધરનારા સ્વરૂપચંદ્રજીનામના ઉત્તમ શ્રાવકે ગુરૂમહારાજની ઘણાઘણા પ્રકારથી ભક્તિ કરી. ગુરૂમહારાજ પણ ત્યાંના સંઘના આગ્રહથી સંવત ૧૬૯૮ માં ત્યાં ચતુર્માસ રહ્યા. ચતુર્માસબાદ તેમના ઉપદેશથી તે સ્વરૂપચંદ્રજી શ્રાવક સંઘસહિત શ્રીલોદ્રપુરતીર્થની યાત્રા કરી. પછી ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજ નગરપારકરનામના નગરમાં પધાર્યાં. ત્યાં લાલણગોત્રવાળા તથા પૂર્વે થયેલા પ્રસિદ્ધ એવા જેસાજીના વંશમાં થયેલા જેમલજીનામના ઉત્તમ શ્રાવકના આગ્રહથી સંવત ૧૬૯૯ માં તે નગરપારકરમાંજ ચતુર્માસ રહ્યા. ત્યાં તે ગુરૂમહારાજના ઉપદેશથી તે જેમલજીએ શ્રીશાંતિનાથજીની પ્રતિમા ભરાવી. વળી ત્યાંના ગાંધીગોત્રવાળા તિલાજીનામના ઉત્તમ શ્રાવકે ગુરૂમહારાજના ઉપદેશથી પચીસહજાર પીરોજીઓ ખરચીને જૈનશાસ્ત્રોનો એક ભંડાર ત્યાં સ્થાપ્યો. પછી ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજ અનુક્રમે ઝાલોરનામના નગરમાં પધાર્યાં. ત્યાં ચંડીસરગોત્રવાળો સેલોત જોગાનામનો મંત્રીશ્વર ગુરૂમહારાજની ભક્તિમાં તત્પર થયો હતો. તેણે મહોત્સવપૂર્વક ગુરૂમહારાજને નગરમાં પ્રવેશ કરાવ્યો.

પછી ત્યાંના સંઘની વિનંતિથી ગુરૂમહારાજે મંત્ર આદિકના પ્રયોગથી ત્યાંના લોકોને ઉપદ્રવ કરનારા મહામારી નામના રોગને દૂર કર્યો, અને તેથી તે નગરમાં જિનશાસનનો ઘણોજ ઉદ્યોત થયો, તથા ઘણા અન્યદર્શની લોકોએ પણ ગુરૂમહારાજના ઉપદેશથી સમ્યક્‌ત્વ સ્વીકાર્યું. પછી ગુરૂમહારાજ પણ શ્રાવકો આદિક નગરલોકોના આગ્રહથી સંવત ૧૭૦૦ માં તે ઝાલોરનગરમાં ચતુર્માસ રહ્યા. ત્યાંથી વિહાર કરી અનુક્રમે તેઓ જોધપુરનામના નગરમાં પધાર્યાં. તથા ત્યાં કઠારીયાગોત્રવાળા બાગમલ્લજીનામના ઉત્તમ શ્રાવકે ગુરૂમહારાજની ઘણી ભક્તિ કરી. વળી ત્યાંના સંઘના આગ્રહથી ગુરૂમહારાજ પણ સંવત ૧૭૦૧ માં ત્યાં જોધપુરનગરમાંજ ચતુર્માસ રહ્યા. ત્યાં તે બાગમલ્લજીશેઠે ઘણાં જૈનશાસ્ત્રો લખાવીને ગુરૂમહારાજને વહોરાવ્યાં, તથા કલ્પસૂત્રની એક પ્રતિ સોનેરી સાહીથી લખાવીને તેણે ગુરૂમહારાજને વહોરાવી. ચતુર્માસબાદ તે બાગમલ્લજીશેઠ પણ ગુરૂમહારાજની સાથે ધુલેવાનામના નગરમાં આવ્યા. ત્યાં શ્રીઋષભદેવપ્રભુની યાત્રા

કરીને તે બાગમલ્લજીશેઠે સર્વ પરિગ્રહ તજી ગુરૂમહારાજ પાસે દીક્ષા લીધી, તથા ગુરૂમહારાજે તેમનું "સમયસાગરજી" નામ રાખ્યું. પછી ત્યાંથી વિહાર કરી તે શ્રીકલ્યાણસાગરસૂરિજી અનુક્રમે ઉદયપુરનામના નગરમાં પધાર્યા. ત્યાં બોહડગોત્રવાળા ગંભીરમલ્લજીનામના ઉત્તમ શ્રાવકે ગુરૂમહારાજની ઘણી ભક્તિ કરી, તથા તેમના ઉપદેશથી તેણે પોતાના સાધર્મિકોના ઉદ્ધારમાટે ઘણું ધન ખર્ચ્યું. એવીરીતે સંવત ૧૭૦૨ માં ગુરૂમહારાજ તે ઉદયપુરનગરમાંજ ચતુર્માસ રહ્યા. પછી ત્યાંથી વિહાર કરી સંવત ૧૭૦૩ માં તેઓ જેરાણાનામના ગામમાં ચતુર્માસ રહ્યા. ત્યાં પોરવાડવંશના મણોરસીનામના ઉત્તમ શ્રાવકે ઘણું ધન ખર્ચી તેમની ભક્તિ કરી. વળી ગુરૂમહારાજના ઉપદેશથી તેણે પ્રભાવનાઆદિક કરી જિનશાસનની ઘણી ઉન્નતિ કરી. ચતુર્માસબાદ ગુરૂમહારાજના ઉપદેશથી તે મણોરસીશેઠે ગુરૂમહારાજની સાથે સાતસો માણસોના સંઘસહિત શ્રીશત્રુંજયતીર્થની યાત્રા કરી, તથા તે તીર્થમાં તે ગુરૂજીના ઉપદેશથી તેણે ઘણું દ્રવ્ય ખર્ચ્યું, તથા સાધર્મિઓ અને મુનિઓને ત્યાં ઘણાં ભોજન તથા વસ્ત્રો આદિકનું દાન દેઇને તેણે ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. પછી ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરી સંવત ૧૭૦૪ માં માંડલનામના નગરમાં ચતુર્માસ રહ્યા. ત્યાં મહોતાગોત્રવાળા ઉજમસી આદિક અંચલગચ્છના શ્રાવકોએ તેમની ઘણીજ ભક્તિ કરી. પછી ત્યાંથી વિહાર કરી ગામોગામ વિચરતાથકા ગુરૂમાહારાજ સ્તંભતીર્થમાં ( ખંભાતમાં ) પધાર્યા. ત્યારે ત્યાંના સંઘે મ્હોટા આડંબરથી તેમનો પ્રવેશમહોત્સવ કર્યો. વળી ત્યાં મીઠડીયાગોત્રવાળા અભેચંદનામના ભક્તિવાન્ શ્રાવકના આગ્રહથી વિક્રમ સંવત ૧૭૦૫ માં તે સ્તંભતીર્થમાંજ ( ખંભાતમાંજ ) તેઓ ચતુર્માસ રહ્યા. ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજ સુરતનામના નગરમાં પધાર્યા. ત્યારે ત્યાંના સંઘે મહોત્સવપૂર્વક તેમનો નગરમાં પ્રવેશ કરાવ્યો. પછી ત્યાં મીઠડીયાગોત્રના મનુષ્યોમાં મુકુટ સરખા તથા ઘણાજ ધનવાન્ એવા નેમચંદનામના શેઠે ઘણું દ્રવ્ય ખરચીને ગુરૂમહારાજની આશ્ચર્યકારક ભક્તિ કરી. પછી તેમના આગ્રહથી સંવત ૧૭૦૬ માં ગુરૂમહારાજ તે સુરતનગરમાં ચતુર્માસ રહ્યા. ત્યાં તે નેમચંદશેઠે ગુરૂમાહારાજના ઉપદેશથી અનેક જૈનશાસ્ત્રો લખાવીને તેનો ભંડાર સ્થાપ્યો. પછી તે શેઠે ગુરૂમહારાજના મુખથી ચોથા વ્રતનું પચ્ચખાણ કરીને સ્વામિવાત્સલ્ય આદિક ધર્મકાર્યો કર્યાં

પછી ત્યાંથી વિહાર કરીને સંવત ૧૭૦૭ માં તેમણે નવસારીનામના નગરમાં ચતુર્માસ કર્યું. અને સંવત ૧૭૦૮ માં તેઓ જંબુસરનામના નગરમાં ચતુર્માસ રહ્યા. ત્યાં પોરવાડવંશના સાકરચંદનામના ઉત્તમ શ્રાવકે ગુરૂમહારાજની ઘણી ભક્તિ કરી. ચતુર્માસબાદ તેમના ઉપદેશથી તે સાકરચંદશેઠ સંઘસહિત યાત્રા કરવામાટે ભૃગુકચ્છ (ભરૂચ) નગરમાં આવ્યા, અને ત્યાં તેણે ઘણું દ્રવ્ય ખરચી યાત્રા કરી. પછી ત્યાંથી ગુરૂમહારાજ તે ભરૂચનગરના વેજલપુરનામના પરાંમાં પધાર્યા. ત્યાં તેમના ઉપદેશથી લાડવાશ્રીમાલીજ્ઞાતિના ઉમેદચંદ-નામના ઉત્તમ શ્રાવકે તેર હજાર મામુદી ખરચીને શ્રીચંદ્રપ્રભપ્રભુની પ્રતિમા ભરાવી. ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજ સંવત ૧૭૦૯ માં ભરૂચનગરમાં ચતુર્માસ રહ્યા. પછી ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજ પાવાગઢપર ગયા, તથા ત્યાં ગચ્છની અધિષ્ઠાયિકા મહાકાલીનામની દેવીની સ્તુતિ કરીને સંવત ૧૭૧૦ માં ગોધરાનામના ગામમાં ચતુ-ર્માસ રહ્યા. પછી ત્યાંથી વિહાર કરી સંવત ૧૭૧૧ માં તેઓ વડન-ગરમાં ચતુર્માસ રહ્યા. પછી ત્યાંથી વિહાર કરી પૂર્વે વર્ણવેલા લીલા-ધરપારિખની વિનંતિથી ગુરૂમહારાજ અમદાવાદનગરમાં પધાર્યા, તથા તેના આગ્રહથી સંવત ૧૭૧૨ માં ત્યાં અમદાવાદમાંજ ચતુર્માસ રહ્યા, પછી ચતુર્માસબાદ તેમના ઉપદેશથી તે લીલાધરશેઠે ચારસો માણસોના સંઘસહિત શ્રીશત્રુંજયતીર્થની યાત્રા કરી. ત્યાંથી વિહાર કરી ગુરૂમહા-રાજ સંવત ૧૭૧૩ માં મારવાડદેશમાં આવેલા સાદરીનામના નગરમાં ચતુર્માસ રહ્યા. પછી ત્યાંથી વિહાર કરીને તથા ત્યાંની પંચતીર્થીની યાત્રા કરીને તેઓ સંવત ૧૭૧૪ માં નાંદલાઇનામના ગામમાં ચતુર્માસ રહ્યા. પછી પાટણનગરના સંઘની વિનંતિથી ગુરૂમહારાજ (ગુજરાતના) પાટણમાં પધાર્યા, અને સંઘના આગ્રહથી સંવત ૧૭૧૫ માં ત્યાં પાટણનગરમાંજ ચતુર્માસ રહ્યા. પછી ત્યાંના ભક્તિવંત સંઘે મળીને તે શ્રીકલ્યાણસાગરસૂરિજીના ચરણોની શ્રીનેમિનાથપ્રભુના પ્રાસાદમાં સ્થાપના કરી. પછી ચતુર્માસબાદ પણ ત્યાંના સંઘના ઘણા આગ્રહથી ઘડપણવડે જર્જરિત શરીરવાળા તે શ્રીકલ્યાણસાગરસુરિજી સંવત ૧૭૧૬ માં પણ તેજ પાટણનામના નગરમાં બીજું ચોમાસું રહ્યા. ત્યારબાદ ત્યાંના સંઘે ઘણી વિનંતિ કર્યાછતાં પણ ગુરૂમહારાજ ઘડપણથી જર્જરિત શરીરવાળા હોવા છતાં પણ ઉગ્રવિહારીપણાથી ત્યાંથી વિહાર કરી ધીમે ધીમે કચ્છદેશમાં પધાર્યા. તે સમયે પાટણના કેટ-

લાક શ્રાવકો કચ્છના રણસુધી ગુરૂમહારાજની સાથે ચાલતા આવ્યા. પછી ગુરૂમહારાજ પણ રણ ઉતરીને ધીમે ધીમે ગામોગામ વિચરતાથકા અનુક્રમે ભુજનગરમાં પધાર્યા. તે વખતે ત્યાંના શ્રાવકોએ મ્હોટા આડંબરથી મહોત્સવપૂર્વક તેમને નગરમાં પ્રવેશ કરાવ્યો. હવે વૃદ્ધાવસ્થાથી જર્જરિત થયેલાં શરીરવાળા એવા તે શ્રીકલ્યાણસાગરસુરિજીની ( વર્ધમાનશાહના લઘુ પુત્ર ) જગડુશાહ આદિક શ્રાવકોએ ત્યાં ઘણી ભક્તિ કરી. હવે ત્યાં મેઘના ગર્જારવ સરખી ગંભીરધ્વનિવાળા શ્રીમાન્ રત્નસાગરજી મહોપાધ્યાય પણ વૃદ્ધાવસ્થાવાળા હોવા છતાં અમૃતસરખી મધુર વાણીથી વ્યાખ્યાન વાંચતા હતા. એવીરીતે વિક્રમ સંવત ૧૭૧૭ માં તે શ્રીકલ્યાણસાગરસૂરિજી ત્યાં ભુજનગરમાંજ ચતુર્માસ રહ્યા. પછી ક્ષીણ શરીરવાલા ગુરૂમહારાજ વિહાર કરવાને અસમર્થ હોવાથી સંઘના આગ્રહથી ત્યાંજ ભુજનગરમાં રહ્યા. હવે નિરંતર પોતાની સેવા કરનારા, તથા વિનય આદિક ગુણોના સમૂહોવડે શોભતા એવા મહોપાધ્યાય શ્રીરત્નસાગરજીને ગુરૂમહારાજે વિવિધપ્રકારના કલ્પો તથા મંત્ર આદિક આપ્યા. પછી અંજાર નામના નગરથી મને (એટલે આ અનુસંધાનરૂપ પટ્ટાવલીના કર્તા શ્રીઅમરસાગરસુરિજીને ) બોલાવીને ગુરૂમહારાજે કેટલીક પાઠસિદ્ધ વિદ્યાઓ આપી, પરંતુ અદૃશ્ય કરનારી વિદ્યા, અને આકાશગામિની વિદ્યાના પાદલેપની વિધિ તેઓએ મને ફક્ત પાઠમાત્રજ આપી (એટલે કે તે બન્ને વિદ્યાઓને સિદ્ધ કરવાની આમ્નાય મને આપી નહીં) પછી વિક્રમ સંવત ૧૭૧૮ના વૈશાખ સુદ ત્રીજને દિવસે સૂર્યોદયવેળાએ શુભધ્યાનને ધ્યાવતાથકા તે શ્રીકલ્યાણસાગરસૂરિજી કાળ કરીને દેવલોકમાં દેવસમૃદ્ધિને પામ્યા. તે વખતે ત્યાંના એટલે તે ભુજનગરના સંઘે એકઠા થઈને ઘણી કિમ્મતવાળી એક માંડવી બનાવી, તથા તે માંડવીમાં ગુરૂમહારાજના શરીરને પદ્માસને સ્થાપ્યું. તે વખતે વર્ધમાનશાહના પુત્ર જગડુશાહે સોનેરી તારથી વણેલો શ્વેત કપડો તેમના શરીરપર ઓઢાડ્યો. પછી શ્રાવકો એકઠા થઇ તે માંડવીને સ્મશાનમાં લાવ્યા. ત્યારે વર્ધમાનશાહના પુત્ર એવા તે જગડુશાહે ગુરૂભક્તિના રાગથી પાંચ હજાર મુદ્રિકાઓ ઉછાળીને યાચકોને આપી. પછી ત્યાં ચંદન આદિક ઉત્તમ કાષ્ઠોવડે તેમના શરીરનો અગ્નિસંસ્કાર કર્યો. પછી ત્યાં તે જગડુશાહ આદિક શ્રાવકોએ મલીને અઠ્ઠાઇ મહોત્સવ કર્યો, તથા મને (એટલે અમરસાગરસૂરિજીને) ગચ્છનાયકની પદવી આપી. પછી વિક્રમ સંવત

૧૭૨૧ માં મારા ઉપદેશથી ત્યાંના સંઘે તે ભુજનગરમાં તે શ્રીકલ્યાણ-સાગરસુરિજીનો સ્તૂપ બંધાવીને તેપર તેમના પગલાં સ્થાપ્યાં અને તે ઉપરે શિખર કરાવી.

( તે સ્તૂપપરના શિલાલેખની નકલ નીચે મુજબ છે. )

विक्रम संवत १७१८ वर्षे माघसुदि ६ बुधे श्रीअंचलगच्छेश-भट्टारक श्रीअमरसागरसूरीणामुपदेशेन श्रीभुजनगरवास्तव्यदेवगुरु-भक्तिवता श्रीसंघेन प्रतिष्ठिता ॥ श्रीमदंचलगच्छेशपूज्यश्रीकल्या-णसागरसूरीणां पादुका ॥

श्रीविधिपक्षगच्छेश श्रीआर्यरक्षितसूरि ॥ १ ॥ श्रीजयसिंहसूरि ॥ २ ॥ श्रीधर्मघोषसूरि ॥ ३ ॥ श्रीमहेंद्रसिंहसूरि ॥ ४ ॥ श्रीसिंह-प्रभसूरि ॥ ५ ॥ श्रीअजितसिंहसूरि ॥ ६ ॥ श्रीदेवेंद्रसिंहसूरि ॥७॥ श्रीधर्मप्रभसूरि ॥ ८ ॥ श्रीसिंहतिलकसूरि ॥ ९ ॥ श्रीमहेंद्रप्रभसूरि ॥ १० ॥ श्रीमेरुतुंगसूरि ॥ ११ ॥ श्रीजयकीर्तिसूरि ॥ १२ ॥ श्री-जयकेसरीसूरि ॥ १३ ॥ श्रीसिद्धांतसागरसूरि ॥ १४ ॥ श्रीभाव-सागरसूरि ॥ १५ ॥ श्रीगुणनिधानसूरि ॥ १६ ॥ श्रीधर्ममूर्तिसूरि ॥ १७ ॥ श्रीकल्याणसागरसूरीणां ( स्तूपोऽयं ) श्रीकच्छभुजन-गरवास्तव्यसंघेन कारितः. विक्रम संवत १७२१ वर्षे वैशाख वदि ५ गुरौ श्रीगुरुपादुका लालण रहीया भार्या जीवाकया प्रतिष्ठापिता, श्रीसंघस्य श्रेयसे भवतु ॥

वीर संवत २४३४ विक्रम संवत १९६४ वर्षे मागसर विद ५ भोमे श्रीकल्याणसागरसूरि तत् शिष्य महोपाध्याय रत्नसागरजी तत् शिष्य मेघसागरजी–शि–वृद्धिसागरजी–शि-हीरसागरजी–शि–सहेजसागरजी–शि-मानसागरजी–शि–रंगसागरजी-शि-नेमसागरजी-भ्रा–फतेसागरजी-शि–देवसागरजी-शि–सरूपसागरजी–शि–संविज्ञ-पक्षीयश्रीगौतमसागरजी—उपदेशात् जीर्णोद्धारः श्रीविधिपक्षगच्छे श्रीसंघेन कारितः ॥ श्री ॥ तथा विक्रमसंवत १९९३ वर्षे

**माघ वदि ८ गुरौ अष्टाह्निकामहोत्सवेन सहितः श्रीकल्याणसागरसूरीणां प्रतिमा श्रीविधिपक्षगच्छे श्रीसंघेन प्रतिष्ठापिताऽस्ति. ॥**

( આ ઉપર જણાવેલા શિલાલેખોનો ભાવાર્થ નીચે મુજબ છે. )

વિક્રમ સંવત ૧૭૧૮ના મહા સુદ ૬ બુધવારે શ્રી અંચલગચ્છના નાયક ભટ્ટારક શ્રીઅમરસાગરસૂરિજીના ઉપદેશથી શ્રીભુજનગર નિવાસી અને દેવગુરૂપ્રતે ભક્તિવાળા એવા શ્રીસંઘે અંચલગચ્છના નાયક શ્રાપૂજ્ય શ્રીકલ્યાણસાગરસૂરિજીના ચરણોની સ્થાપના કરી છે.

શ્રીવિધિપક્ષગચ્છના નાયક શ્રીઆર્યરક્ષિતસૂરિ ૧, પછી શ્રી જયસિંહસૂરિ ૨, પછી શ્રીધર્મઘોષસૂરિ ૩, પછી શ્રીમહેંદ્રસિંહસૂરિ ૪, પછી શ્રીસિંહપ્રભસૂરિ ૫, પછી શ્રીઅજીતસિંહસૂરિ ૬, પછી શ્રીદેવેંદ્રસિંહસૂરિ ૭, પછી શ્રીધર્મપ્રભસૂરિ ૮, પછી શ્રી સિંહતિલકસૂરિ ૯, પછી શ્રીમહેંદ્રપ્રભસૂરિ ૧૦, પછી શ્રી મેરૂતુંગસૂરિ ૧૧ પછી શ્રીજયકીર્તિસૂરિ ૧૨, પછી શ્રી જયકેસરીસૂરિ ૧૩, પછી શ્રીસિદ્ધાંતસાગરસૂરિ ૧૪, પછી શ્રીભાવસાગરસૂરિ ૧૫, પછી શ્રીગુણનિધાનસૂરિ ૧૬, પછી શ્રીધર્મમૂર્તિસૂરિ ૧૭, અને તેમની પાટે થએલા શ્રીકલ્યાણસાગરસૂરિજીનો આ સ્તૂપ શ્રીકચ્છદેશમાં આવેલા ભુજનગરમાં વસનારા સંઘે કરાવ્યો છે. અને તેમાં વિક્રમ સંવત ૧૭૨૧ના વૈશાખ વદ પાંચમ અને ગુરૂવારે લાલણગોત્રના રહીયાશેઠની સ્ત્રી જીવાએ ગુરૂમહારાજના ચરણોની સ્થાપના કરેલી છે, તે શ્રીસંઘને કલ્યાણકારી થાઓ!

મહાવીર સંવત ૨૪૩૪ અને વિક્રમ સંવત ૧૯૬૪ ના માગસર વદ પાંચમ સોમવારે શ્રીકલ્યાણસાગરજી, તેમના શિષ્ય મહોપાધ્યાય શ્રીરત્નસાગરજી, તેમના શિષ્ય મેઘસાગરજી, તેમના શિષ્ય વૃદ્ધિસાગરજી, તેમના શિષ્ય હીરસાગરજી, તેમના શિષ્ય સહેજસાગરજી, તેમના શિષ્ય માનસાગરજી, તેમના શિષ્ય રંગસાગરજી, તેમના શિષ્ય નેમસાગરજી, તેમના ગુરૂભાઇ ફતેસાગરજી, તેમના શિષ્ય દેવસાગરજી, તેમના શિષ્ય સરૂપસાગરજી. અને તેમના શિષ્ય સંવેગપક્ષીય શ્રી ગૌતમસાગરજીમહારાજના ઉપદેશથી શ્રીવિધિપક્ષગચ્છના સંઘે (આ સ્તૂપનો) જીર્ણોદ્ધાર કરાવ્યો. તથા સંવત ૧૯૭૩ના મહા વદ ૮ ગરેઉના અઠ્ઠાઇ મહોત્સવ કરી તેમની પ્રતિમા વિધિપક્ષગચ્છના સંઘે સ્થાપી છે.

( આ શિલાલેખોથી એમ જણાય છે કે, પ્રથમ સંવત ૧૭૧૮ માં આ સ્તૂપ કરાવી તેનાપર શ્રીકલ્યાણસાગરસૂરિજીના ચરણોની

સ્થાપના થઇ. ત્યારપછી સંવત ૧૭૨૧માં શિખર બંધાવી તે સ્તૂપ પર તેમના ચરણોની બીજી સ્થાપના થઇ. અને સંવત ૧૯૬૪ માં તે સ્તૂપનો ફરીને જીર્ણોદ્ધાર થયો. વલી સંવત ૧૯૭૩ માં મહા વદ ૮ ગરેઉના સૂર્ય ઘડી બાર પછી વૃષભ લગ્નમાં તેમની પ્રતિમા સ્થાપેલી છે. આ સ્તૂપ ભુજશાહેરની અંદર મજબૂત શિખરબંધ બાંધેલો આજે મોજુદ છે. )

આ મહાપ્રભાવિક એવા શ્રીકલ્યાણસાગરસૂરિજીએ શાંતિનાથચરિત્ર, સુરપ્રિયચરિત્ર, તથા વિવિધ છંદોના ચિત્રબદ્ધ કાવ્યોવાળાં જિનસ્તોત્રો રચેલાં છે. તેમના શિષ્યસમુદાયમાં અગ્યાર મહોપાધ્યાયો હતા. તેઓમાંથી પ્રથમ શ્રીધર્મમૂર્તિસૂરિજીના પરિવારમાં વર્તેલા સાત મહોપાધ્યાયોએ પહેલાં શ્રીધર્મમૂર્તિસૂરિજીની પાસે દીક્ષા લીધી હતી. પરંતુ વડી દીક્ષા દેતી વેળાએ ગુરૂમહારાજની આજ્ઞાથી શ્રીકલ્યાણસાગરસૂરિજીએ તેઓના મસ્તકોપર વાસક્ષેપ કર્યો હતો, અને ત્યારથી તે ઉપાધ્યાયો શ્રીમાન્ કલ્યાણસાગરસૂરિજીના શિષ્યો તરીકે પ્રસિદ્ધ થયા; તેમજ બીજા સહજસાગરજી ૧, કમલસાગરજી ૨, સમયસાગરજી ૩, તથા ચંદ્રસાગરજી ૪, નામના ચાર મહોપાધ્યાયો પણ તે શ્રીકલ્યાણસાગરસૂરિજીના શિષ્યો થયા હતા. તે સઘળાઓના પરિવારનું વર્ણન ગ્રંથ વધી જવાના ભયથી અહીં આપ્યું નથી. તે શ્રીમાન્ કલ્યાણસાગરસૂરિજીના પરિવારમાં સર્વે મળી એકસો તેર મુનિઓ, તથા બસો અઠ્ઠાવીસ સાધ્વીઓ હતી.

આ શ્રીમાન્ કલ્યાણસાગરસૂરિજીના ઉપદેશથી બીજાં પણ જે જે ધર્મનાં શુભકાર્યો થયેલાં જાણવામાં આવ્યાં છે, તેની નોંધ નીચે મુજબ છે.

વિક્રમસંવત ૧૬૬૩ માં શ્રીકચ્છદેશમધ્યે ભુજનગરમાં અંચલગચ્છના સંઘે ચિંતામણિપાર્શ્વનાથજીનું દેરાસર પહેલા રા. ભારમલ્લજીના રાજ્યમાં બંધાવ્યું, તેના ખરચમાં રાજ્યાધિકારી વોરા ધારશીએ ચોથો ભાગ આપ્યો. તે દેરાસરમાં એક ત્રાંબાના પત્રપર જે લેખ કોતરેલો છે, તેની નકલ નીચે મુજબ છે.

શાં. ૧૬૬૩ ના શ્રીચિંતામણીપાર્શ્વનાથજીનો દેરાસર શ્રીભુજનગરે અંચલગચ્છે સંઘસમસ્તેન શ્રીકલ્યાણસાગરસૂરિ ઉપદેશે કરેઉ. તે

દેરો જીરણ થયો તેવારે શાં. ૧૮૪૯ મધે ભંડારમાંથી શમો કરાવેઉ. તે દેરો શાં. ૧૮૭૫ ના જેઠ વીદ ૯ બુધેનો ક્રુશ ( ધરતીકંપ ) થઇ. તે દેરો ખરખરી રુહો તે શાં. ૧૮૭૬ મધે શંવેગી સાધુ શ્રી આણંદશેખરજી ઉપદેશે દેરો નવો કમઠાણ શાં. પ્રાગજી ભવાનજી તથા આંશકરણ રામજી તથા અંચલગછ શંગ શમસ્ત દેરો નવો કરાવીઉ છે તેની પ્રતિષ્ઠા શાં. ૧૮૭૭ ના માઘ વીદ ૫ ગુરૌની કીધી છે તે ઉપરે ખરજાત પ્રતિષ્ઠા સુધી કોરી ૬૫૦૦૦ હજાર બેઠી છે પૂજ્ય ભટારક શ્રી ૧૦૮ રાજેંદ્રસાગરસૂરીસ્વરજીને વારે કીધી છે.

વળી આ શ્રીકલ્યાણસાગરસૂરિજીના ઉપદેશથી સંવત ૧૬૭૫ ના વૈશાખ સુદ તેરસ શુક્રવારે અમદાવાદ નિવાસી શ્રીમાલીજ્ઞાતિના શા. ખીમજી તથા સૂપજી નામના બે ભાઈઓએ શ્રીશત્રુંજય પર્વતપર શ્રીઆદીશ્વરપ્રભુના મ્હોટા મંદિરના ઇશાનખૂણા તરફ એક ચતુર્મુખ દેરી બંધાવીને તેમાં જિનપ્રતિમાઓની સ્થાપના કરેલી છે. તેના શિલાલેખની નકલ નીચે પ્રમાણે છે.

**संवत १६७५ वर्षे वैशाख शुदि १३ तिथौ शुक्रवासरे श्रीमदंचलगच्छाधिराज पूज्य श्रीधर्ममूर्तिसूरिः, तत्पट्टालंकारसूरिप्रधाने युगप्रधानपूज्य श्रीकल्याणसागरसूरि विजयराज्ये श्रीश्रीमाली ज्ञातीय अहमदावादवास्तव्य साह भवान, भार्या राजलदे पुत्र साह षीमजी सूपजी, द्वाभ्यामेका देहरी कारापिता विमलाचले चतुर्मुखे॥**

અર્થ:—સંવત ૧૬૭૫ ના વૈશાખ સુદ ૧૩ શુક્રવારે શ્રીમાન અંચલગચ્છના નાયક પૂજ્ય શ્રીધર્મમુર્તિસુરિ, તેમની પાટને શોભાવનાર મુખ્ય આચાર્ય યુગપ્રધાન પૂજ્ય શ્રીકલ્યાણસાગરસુરિરાજના વિજયવંત સમયમાં શ્રીશ્રીમાલીજ્ઞાતિના અમદાવાદનિવાસી શા. ભવાન, સ્ત્રી રાજલદેના પુત્ર શાં ખીમજી તથા સુપજી નામે થયા તેઓ બન્નેએ શ્રીશત્રુંજયપર્વતપર ચોમુખની અંદર એક દેહેરી કરાવી.

વિક્રમ સંવત ૧૬૭૬માં મીઠડીઆગોત્રના શા. શાંતિદાશ નામના શેઠે છીકારીમાં શ્રીશાંતિનાથપ્રભુનું દેરાસર બંધાવ્યું.

વિક્રમ સંવત ૧૬૭૭ માં રા. પ્રથમ ભારમલ્લજીના રાજ્યાધિકારી વોરા ધારશીએ તેમના ઉપદેશથી ભુજનગરમાં અંચલગચ્છનો ઉપાશ્રય બંધાવ્યો. તથા પોતાના દાદા વીરજીશાહની દેહેરી કરાવી તેમાં પગલાં સ્થાપ્યાં, અને ધર્મકાર્યોમાં ઘણું દ્રવ્ય ખરચ્યું.

આ શ્રી કલ્યાણસાગરસૂરિજીના ઉપદેશથી નીચે મુજબ જિનપ્રતિમાઓ વિગેરેની બીજી પ્રતિષ્ઠાઓ પણ થયેલી જાણવામાં આવી છે.

| સંવત | માસ વિગેરે. | જ્ઞાતિ. | શ્રાવક. | ગામ. | પ્રતિમાની સંખ્યા. |
|---|---|---|---|---|---|
| ૧૬૬૭ | શ્રાવણ સુદ ૨ બુધ | શ્રીશ્રીમાલ. | સોની દેવકરણ | ખંભાત | એક ચોવીસી |
| ૧૬૭૦ | વૈશાક સુદ ૫ | ૦ | તેજબાઈ | ૦ | શ્રીપાર્શ્વનાથ. |
| ૧૬૭૧ | વૈશાક શુદ ૩ શનિ | ઓશવાલ | ખેતશી તથા નેતશી વિગેરે. | આગરા | આદિનાથવિગેરે |
| ૧૬૮૧ | અસાડ સુદ ૭ રવિ | ઓશવાલ | તેજપાલ | દીવબંદર | શાંતિનાથજી |
| ૧૬૮૨ | જેઠ સુદ ૬ ગુરૂ | ૦ | પદ્મસીમાતા શોભાગદે | મોરબી | પદ્મપ્રભપ્રભુ |
| ૧૬૮૩ | જેઠ સુદ ૬ ગુરૂ | શ્રીશ્રીમાલ | સોનજી | ૦ | સુવિધિનાથજી |
| ૧૬૮૩ | મહા સુદ ૧૩ સોમે | શ્રીમાલી | ગોડીદાસ | અમદાવાદ | ચંદ્રપ્રભપ્રભુ |
| ૧૬૯૬ | ૦ | ૦ | શાહજીવાકે | માડી | શિખરબંધ પ્રાસાદ |

વળી આ શ્રીકલ્યાણસાગરસૂરિજીના ઉપદેશથી વિક્રમસંવત ૧૬૮૩નામહાસુદ ૧૩ અને સોમવારે શત્રુંજયપર પૂર્વે શ્રીમાલજ્ઞાતિના તથા અમદાવાદના રહેવાશી મંત્રીશ્વર શ્રીભંડારીજીએ બંધાવેલા શ્રીચંદ્રપ્રભપ્રભુના જિનમંદિરનો જીર્ણોદ્ધાર, તે ભંડારીજીના વંશમાં છઠ્ઠી પેઢીએ થયેલી બાઇ હીરબાઇએ કરાવ્યો છે. તેનો શિલાલેખ શત્રુંજયપર્વતપર હાથીપોળ અને વાઘણપોળની વચ્ચે આવેલી વિમલવસહીટુંકમાં ડાબા હાથપર આવેલા તે જિનમંદિરના એક ગોખલામાં ચમાલીસ લીંટીઓમાં કોતરેલો છે. તે શિલાલેખની નકલ નીચે મુજબ

છે. આ શિલાલેખમાં પ્રથમ થોડાક ભાગ ગદ્યમાં છે. પછી પદ્યમાં તેર કાવ્યો છે. અને બાકીનો પાછળનો ગદ્યભાગ પ્રાચીન ગુજરાતીથી મિશ્રિત થયેલી સંસ્કૃતભાષામાં છે.

( શિલાલેખની નકલ )

संवत् १६८३ वर्षे पातिसाह जिहांगिर श्रीसलेमसाहभूमंडलाखंडलविजयराज्ये । श्रीचक्रेश्वर्यै नमः ॥ ॐ ॥ महोपाध्यायश्री ५ हेममूर्तिगणिसद्गुरुभ्यो नमः ॥ श्री ॥ ॐ ॥

અર્થ:—સંવત ૧૬૮૩ના વર્ષમાં પૃથ્વીમંડલપર ઇંદ્રનીપેઠે વિજયવાળા એવા બાદશાહ શ્રીસલીમ જહાંગીરના રાજ્યમાં શ્રીચક્રેશ્વરીદેવીને નમસ્કાર થાઓ. ૐ. મહોપાધ્યાય શ્રી ૫ શ્રીહેમમૂર્તિગણિનામના સદ્‌ગુરૂને નમસ્કાર થાઓ. શ્રી. ૐ.

॥ ॐ नमः ॥

स्वस्तिश्रीशिवशंकरोऽपि गणमान् सर्वज्ञशत्रुंजयः ।
शर्वः शंभुरधीश्वरश्च भगवान् गौरो वृषांको मृडः ॥
गंगोमापतिरस्तकामविकृतिः सिद्धैः कृतातिस्तुती ।
रुद्रो यो न परं श्रिये स जिनपः श्रीनाभिभूरस्तु मे ॥ १ ॥

અર્થ:—કલ્યાણ, લક્ષ્મી, શુભ અને સુખ કરનારા, ગણધરોવાળા, સર્વજ્ઞ અને કષાયોરૂપી શત્રુઓને જીતનારા, જ્ઞાનવડે સર્વવ્યાપક, શંભુ, અધીશ્વર, ભગવાન, ગૌર શરીરવાળા, વૃષભના લાંછનવાળા, આનંદ આપનારા, ગંગા ( સુનંદા ) તથા ઉમાના ( સુમંગલાના ) સ્વામી, નષ્ટ થયેલ કામવિકારવાળા, સિદ્ધોએ જેમની ઘણી સ્તુતિ કરેલી છે એવા, છતાં પણ જે " રૂદ્ર " એટલે ભયંકર નથી, એવા શ્રીનાભિરાજાના પુત્ર ઋષભજિનેશ્વર મારી લક્ષ્મીમાટે થાઓ? ॥ ૧ ॥

उद्यच्छ्रीरजडः कलंकरहितः संतापदोषापहः ।
सौम्यः प्राप्तसदोदयामितकलः सुश्रीमृगांकोऽव्ययः ॥

गौरांगोऽमृतसूरपास्तकलुषो जैवातृकः प्राणिनां ।
चंद्रं तं नु जयत्यहो जिनपतिः श्रीवैश्वसेनिर्महान् ॥ २ ॥

અર્થ.—ઉદય પામતી શોભાવાળા, જડતા વિનાના, કલંકરહિત, સંતાપના દોષને હરનારા, શાંતિ આપનારા, હમેશાં ઉદય પામતી અગણિત કલાઓવાળા, ઉત્તમ શોભાવાળા, મૃગના લાંછનવાળા, અવિનશ્વર, ગૌર શરીરવાળા, અમૃતને ( મોક્ષને ) ઉત્પન્ન કરનારા, કલુષતા વિનાના, તથા પ્રાણીઓને જીવિતદાન આપનારા એવા વિશ્વસેન રાજાના પુત્ર શ્રીશાંતિનાથજી જીનેશ્વરરૂપી મહાન્ ચંદ્ર અહો ! ખરેખર તે પ્રસિદ્ધ ચંદ્રપર વિજય મેળવી રહ્યા છે. ॥ ૨ ॥

त्यक्त्वा राजीमतीं यः स्वनिहितहृदयामेकपत्नीं सुरूपां ।
सिद्धिस्त्रीं भूरिरक्तामपि बहु चकमेऽनेकपत्नीमपीशः ॥
लोके ख्यातस्तथापि स्फुरदतिशयवान् ब्रह्मचारीति नाम्ना ।
स श्रीनेमिजिनेंद्रो दिशतु शिवसुखं सात्वतां योगिनाथः ॥ ३ ॥

અર્થ:—પોતામાંજ ધારણ કરેલા હૃદયવાળી, એકપતિને ઇચ્છનારી તથા મનોહર રૂપવાળી એવી પણ રાજીમતીને તજીને, ઘણા પુરૂષોમાં આસક્ત, અને અનેક પતિઓ કરનારી એવી પણ મુક્તિરૂપી સ્ત્રીની જે પ્રભુએ અત્યંત ચાહના કરેલી છે, તોપણ સ્ફુરાયમાન અતિશયોવાળા જે પ્રભુ જગતમાં " બ્રહ્મચારીના " નામથી પ્રસિદ્ધ થયેલા છે, તથા યોગીઓના સ્વામી એવા તે શ્રીનેમિનાથજિનેશ્વર સજ્જનોને મોક્ષસુખ આપો ? ॥ ૩ ॥

चंचच्छारदचंद्रचारुवदनश्रेयोविनिर्यद्वचः–
पीयूषौघनिषेकतो विषधरेणापि प्रपेदे द्रुतं ॥
देवत्वं सुकृतैकलभ्यमतुलं यस्यानुकंपानिधेः ।
स श्रीपार्श्वजिनेशितास्तु सततं विघ्नच्छिदे सात्वतां ॥ ४ ॥

અર્થ:—દયાના સાગર એવા જે પ્રભુના શરદઋતુના ચળકતા ચંદ્રસરખા મનોહર મુખમાંથી નિકળેલાં કલ્યાણકારી વચનોરૂપી

અમૃતના સમૂહવડે સીંચાવાથી વિષ ધારણ કરનારા સર્પે પણ ફક્ત પુણ્યોથીજ મળે એવું અનુપમ દેવપણું (ધરણેંદ્રપણું) તુરતજ પ્રાપ્ત કર્યું છે, એવા તે શ્રીપાર્શ્વનાથપ્રભુ હમેશાં સજ્જનોના વિઘ્નોને છેદનારા થાઓ ? ॥ ૪ ॥

यस्य श्रीवरशासनं क्षितितले मार्तंडबिंबायते ।
यद्वाक्यं भवसिंधुतारणविधौ पोतायते देहिनां ॥
यध्ध्यानं भुवि पापपंकदलने गंगांबुधारायते ।
श्रीसिद्धार्थनरेंद्रनंदनजिनः सोऽस्तु श्रिये सर्वदा ॥ ५ ॥

અર્થઃ—જેમનું ઉત્તમ શોભાવાળું શાસન પૃથ્વીમંડલપર સૂર્યના બિંબનીપેઠે દીપી રહેલું છે, જેમનું વચન સંસારસમુદ્ર તરવામાં પ્રાણીઓને વહાણસમાન છે, તથા જેમનું ધ્યાન આ પૃથ્વીપર પાપરૂપી કાદવને ધોઇ નાખવાને ગંગાજલની ધારાસરખું છે, એવા શ્રીસિદ્ધાર્થરાજાના પુત્ર તે શ્રીમહાવીરપ્રભુ હમેશાં લક્ષ્મીમાટે થાઓ ? ॥ ૫ ॥

## ॥ अथ पट्टावली ॥

( હવે પટ્ટાવલી કહે છે. )

श्रीवर्धमानजिनराजपदक्रमेण । श्रीआर्यरक्षितमुनीश्वरसूरिराजाः ॥
विद्यापगाजलधयो विधिपक्षगच्छ-संस्थापका यतिवरा गुरवो बभूवुः ।६।

અર્થઃ—શ્રીમહાવીરસ્વામી જિનેશ્વરની પાટપરંપરામાં વિદ્યાઓરૂપી નદીઓને ખાલી થવામાટે મહાસાગરસરખા, વિધિપક્ષગચ્છને સ્થાપનારા, અને મુનિઓમાં શ્રેષ્ઠ એવા શ્રીઆર્યરક્ષિતમુનિરાજ નામના આચાર્ય ગુરૂમહારાજ થયા. ॥ ૬ ॥

तच्चारुपट्टकमलामलराजहंसा-
श्चारित्रमंजुकमलाश्रवणावतंसाः ॥
गच्छाधिपा बुधवरा जयसिंहसूरि-
नामान उद्यदमलोरुगुणावदाताः ॥ ७ ॥

અર્થઃ—તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીની મનોહર પાટરૂપી કમલને શોભાવવામાટે નિર્મલ રાજહંસસરખા, તથા ચારિત્રરૂપી સુંદર લક્ષ્મીના કર્ણોને શોભાવવામાટે કુંડલસરખા, પંડિતોમાં શ્રેષ્ઠ, તેમજ ઉદય પામતા નિર્મલ અને ઉત્તમ ગુણોથી ઉજ્જવલ થયેલા શ્રી-જયસિંહસૂરિજી નામના ગચ્છનાયક થયા. ॥૭॥

श्रीधर्मघोषगुरवो वरकीर्तिभाजः ।
सूरीश्वरास्तदनु पूज्यमहेंद्रसिंहाः ॥
आसंस्ततः सकलसूरिशिरोऽवतंसाः ।
सिंहप्रभाभिधसुसाधुगुणप्रसिद्धाः ॥ ८ ॥

અર્થઃ—તેમની પાટે ઉત્તમ કીર્તિવાળા શ્રીધર્મઘોષસૂરિ થયા, અને ત્યારપછી પૂજ્ય એવા શ્રીમહેંદ્રસિંહનામના સૂરીશ્વર થયા. ત્યારબાદ સર્વ આચાર્યોમાં મુકુટસરખા તથા સાધુના ઉત્તમ ગુણોથી પ્રસિદ્ધ એવા શ્રીસિંહપ્રભસૂરિ નામના આચાર્ય થયા. ॥૮॥

तेभ्यः क्रमेण गुरवोऽजितसिंहसूरि-
गोत्रा बभूवुरथ पूज्यतमा गणेशाः ॥
देवेंद्रसिंहगुरवोऽखिललोकमान्या,
धर्मप्रभा मुनिवरा विधिपक्षनाथाः ॥ ९ ॥

અર્થઃ—ત્યારપછી અનુક્રમે શ્રીઅજીતસિંહસૂરીશ્વરજી થયા, અને ત્યારપછી અતિશય પૂજનીક એવા શ્રીદેવેંદ્રસિંહ નામના ગચ્છનાયક સૂરીશ્વર થયા. પછી સર્વ લોકોને માનવા લાયક, તથા વિધિપક્ષગચ્છના નાયક એવા શ્રીધર્મપ્રભસૂરીશ્વર થયા. ॥૯॥

पूज्याश्च सिंहतिलकास्तदनु प्रभूत-
भाग्या महेंद्रविभवो गुरवो बभूवुः ॥
चक्रेश्वरीभगवतीविहितप्रसादाः ।
श्रीमेरुतुंगगुरवो नरदेववंद्याः ॥ १० ॥

અર્થઃ—ત્યારપછી ઘણા ભાગ્યશાળી તથા પૂજવાલાયક શ્રી-

સિંહતિલકસૂરીશ્વરજી થયા, અને ત્યારપછી શ્રીમહેંદ્રસૂરીજી નામના સૂરીશ્વર થયા. તથા ત્યારબાદ ચક્રેશ્વરીદેવી જેમનાપર પ્રસન્ન થયાં હતાં, તથા મનુષ્યો અને દેવોને વાંદવા લાયક એવા શ્રીમેરૂતુંગસૂરીશ્વરજી થયા. ॥ ૧૦ ॥

तेभ्योऽभवन् गणधरा जयकीर्तिसूरि-
मुख्यास्ततश्च जयकेसरिसूरिराजः ॥
सिद्धांतसागरगणाधिभुवस्ततोऽनु ।
श्रीभावसागरगुरूरुगुणा बभूवुः ॥ ११ ॥

અર્થ:—ત્યારપછી શ્રીજયકીર્તિનામના સૂરીશ્વરજી ગચ્છનાયક થયા. અને ત્યારપછી શ્રીજયકેસરી નામના સૂરીશ્વરજી થયા. ત્યારબાદ શ્રીસિદ્ધાંતસાગરજી નામના ગચ્છનાયક થયા, અને ત્યારપછી ઉત્તમ ગુણોવાળા શ્રીભાવસાગરસૂરીશ્વરજી થયા. ॥ ૧૧ ॥

तद्वंशपुष्करविभासनभानुरूपाः ।
सूरीश्वराः सुगुणसेवधयो बभूवुः ॥ षट्पदी ॥

અર્થ:—તેમની પાટરૂપી કમલને વિકસ્વર કરવામાં સૂર્ય સમાન શ્રીગુણનિધાનસૂરીશ્વર થયા. ॥

तत्पट्टोदयशैलशृंगकिरणाः शास्त्रांबुधेः पारगा ।
भव्यस्वांतचकोरलासनलसत्पूर्णाभचंद्राननाः ॥
श्रीमंतो विधिपक्षगच्छतिलका वादीभपंचानना ।
आसन् श्रीगुरुधर्ममूर्तिगुरवः सूरींद्रवंद्यांह्रयः ॥ १२ ॥

અર્થ:—તેમની પાટરૂપી ઉદયાચલના શિખરપર સૂર્યસરખા, તથા શાસ્ત્રોરૂપી સમુદ્રના પારગામી, ભવ્યોના હૃદયરૂપી ચકોરને ખુશી કરવામાં ઉલ્લસાયમાન સંપૂર્ણ ચંદ્રસરખા મુખવાળા, વિધિપક્ષગચ્છના તિલકસરખા, વાદીઓરૂપી હાથીઓપ્રતે સિંહસરખા, અને સૂરીંદ્રોને વંદન કરવા યોગ્ય ચરણોવાળા એવા શ્રીમાન્ શ્રીધર્મમૂર્તિ નામના સૂરિરાજ થયા. ॥ ૧૨ ॥

तत्पट्टेऽथ जयंति मन्मथभटाहंकारशर्वोपमाः ।
श्रीकल्याणसमुद्रसूरिगुरवः कल्याणकंदांबुदाः ॥
भव्यांभोजविबोधनैककिरणाः सद्ज्ञानपाथोधयः ।
श्रीमंतोऽत्र जयंति सूरिविभुभिः सेव्याः प्रभावोद्यताः ॥१३॥

અર્થ:—ત્યારપછી તે શ્રીધર્મમૂર્તિસૂરીશ્વરજીની પાટે કામદેવના અહંકારને તોડવામાં મહાદેવ સરખા, તથા કલ્યાણરૂપી કંદને વૃદ્ધિ કરવામાં વરસાદ સરખા, ભવ્યોરૂપી કમલોને વિકસ્વર કરવામાં સૂર્યસમાન, ઉત્તમ જ્ઞાનના મહાસાગરસરખા, સૂરીશ્વરોથી સેવાયેલા અને પ્રભાવશાલી એવા શ્રીમાન્ શ્રીકલ્યાણસાગરસૂરીશ્વરજી અહીં જયવંતા વર્તે છે. ॥૧૩॥

श्रीश्रीमालज्ञातीय मंत्रीश्वर श्रीभंडारी, तत्पुत्र महं श्रीअमरसी, सुत महं श्रीकरण, तत्पुत्र सा श्रीधन्ना, तत्पुत्र साह श्रीसोपा, तत्पुत्र सा. श्रीवंत, तद्भार्या उभयकुलानंददायिनी बाइ श्रीसोभागदे, तत्कुक्षिसरोजहंस साह श्रीरूप, तद्भगिनी उभयकुलानंददायिनी परमश्राविका हीरबाई, पुत्र पारीक्ष श्रीसोमचंद्रप्रभृतिपरिकरयुतया,

અર્થ:—શ્રીશ્રીમાલીજ્ઞાતિના મંત્રીશ્વર શ્રીભંડારી થયા, તેના પુત્ર મહં શ્રીઅમરસી, તેના પુત્ર મહં શ્રીકરણ, તેના પુત્ર સાશ્રી ધન્ના, તેના પુત્ર સાહ શ્રીસોપા, તેના પુત્ર સા શ્રીવંત થયા. તે શ્રીવંતશેઠની શ્વશુરપક્ષ તથા પીયરપક્ષ, એમ બન્ને કુલોમાં આનંદ આપનારી બાઇ શ્રીસોભાગદે નામની સ્ત્રી હતી. તેણીની કુક્ષિરૂપી કમલમાં હંસસરખા સાહ શ્રીરૂપનામના પુત્ર થયા. તે શ્રીરૂપની "હીરબાઇ" નામે બેહેન હતી, કે જે બન્ને કુલોમાં આનંદ આપનારી પરમશ્રાવિકા હતી. તેણીએ પોતાના પુત્ર પારીખ શ્રીસોમચંદ્રઆદિક પરિવારસહિત,

संवत् १६८३ वर्षे माघसुदि त्रयोदशीतिथौ सोमवासरे श्रीचंद्रप्रभस्वामिजिनमंदिरजीर्णोद्धारः कारितः । श्रीराजनगरवास्तव्य महं भंडारीएं प्रासाद कराविउ हुतु, तेहनइ छठीपेढीइं बाइ श्रीहीरबाइ हुई, तेणीइ पहिलउ उद्धार कराविउ ॥

અર્થ:—વિક્રમસંવત ૧૬૮૩ ના મહાસુદિ તેરસ અને સોમવારે શ્રીચંદ્રપ્રભસ્વામિના જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. શ્રીરાજનગરના ( અમદાવાદના ) રહેવાસી મહં શ્રીભંડારીજીએ પ્રથમ આ જિન-પ્રાસાદ બંધાવ્યો હતો, તે ભંડારીજીની છઠ્ઠી પેઢીએ આ બાઈ " શ્રીહીરબાઇ " થઇ, તેણીએ આ જિનપ્રાસાદનો પહેલો જીર્ણોદ્ધાર કરાવ્યો. ॥

संघसहित ९९ वार यात्रा कीधी। स्वसुरपक्षे पारिख श्रीगंगदास, भार्या बाई गुरदे, पुत्र पारिष श्रीकुंयरजी, भार्या बाई कमल्यदे, कुक्षिसरोजहंसोपमौ पारिष श्रीवीरजी पारिष श्रीरहीयाभिधानौ ।

અર્થ:—વળી તે શ્રીહીરબાઈએ નવાણુંવાર સંઘસહિત ( આ શ્રીશત્રુંજયતીર્થની ) યાત્રા કરી. તેણીના શ્વશુરપક્ષમાં પારિખ શ્રી-ગંગદાસ થયા, તેને બાઇ ગુરદેનામે સ્ત્રી હતી. તેના પુત્ર પારિખ શ્રીકુંયરજી થયા, અને તેને બાઇ કમલ્યદેનામે સ્ત્રી હતી. તેણીની કુક્ષિરૂપી કમલપર હંસસરખા પારિખ શ્રીવીરજી, તથા પારિખ શ્રીર-હીયાનામના બે પુત્રો થયા.

पारिष वीरजीभार्या बाई हीरादे, पुत्र प. सोमचंद्रस्तन्नाम्ना श्रीचंद्रप्रभस्वामिजिनबिंबं कारितं, प्रतिष्ठितं च देशाधीश्वर स्वप्रतापतपनप्रभोद्भासिताखिलभूमंडल श्रीकांधुजी तत्पुत्र राज्यश्रीशिवाजी विजयराज्ये, श्राविका श्रीहीरबाई, पुत्री बाई कीईबाई कल्याणी, भ्राता पारिष रूपजी, तत्पुत्र पारिष गुडीदासयुतेन ॥ संवत् १६८३ वर्षे माघसुदि त्रयोदशी सोमवासरे श्रीचंद्रप्रभस्वामिप्रतिष्ठा कारिता ॥

અર્થ:—તેઓમાંથી પારિખ વીરજીની સ્ત્રી બાઇ " હીરાદે " ( હીરબાઇ, ) તેના પુત્ર પારિખ સોમચંદ્ર થયા. તે સોમચંદ્રના નામથી શ્રીચંદ્રપ્રભસ્વામીનામના જિનેશ્વરપ્રભુનું બિંબ ભરાવ્યું, તથા તે પ્રતિષ્ઠિત કર્યું. તે પ્રતિષ્ઠા તે દેશના રાજા, કે જેમણે પોતાના પ્રતાપરૂપી સૂર્યની કાંતિથી સમસ્ત ભૂમંડલને દીપાવ્યું હતું, એવા શ્રીકાંધુજી, તથા રાજયની શોભાવાળા તેમના પુત્ર શ્રીશિવાજીના વિજયવંત રાજયમાં થઇ. શ્રાવિકા શ્રીહીરબાઇએ, પોતાની ભાગ્યશાલી

પુત્રી બાઇ કોડિબાઇ, તથા ભાઇ પારિખ રૂપજી, અને તેમના પુત્ર પારિખ ગુડીદાસસહિત સંવત્ ૧૬૮૩ ના વર્ષમાં મહાસુદી તેરસ અને સોમવારે શ્રીચંદ્રપ્રભસ્વામિજીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

भट्टारक श्रीकल्याणसागरसूरिभिः प्रतिष्ठितं ॥ वाचकश्रीदेवसागरगणिनां कृतिरियं ॥ पंडितश्रीविजयमूर्तिगणिनाऽलेखि ॥ पं० श्रीविनयशेखरगणिनां शिष्य मु० श्रीरविशेखरगणिना लिखितिरियं ॥ श्रीशत्रुंजयाय नमः, यावत् चंद्रार्कं चिरं नंदतात् श्रीकवडयक्षप्रसादात् ॥

અર્થ:—ભટ્ટારક શ્રીમાન્ " શ્રીકલ્યાણસાગરસૂરીશ્વરજીએ " આ પ્રતિષ્ઠા કરાવી-ઉપાધ્યાય શ્રીદેવસાગરગણીજીએ આ પ્રશસ્તિ રચી. પંડિતશ્રીવિજયમૂર્તિગણિજીએ લખી, પંડિતશ્રીવિનયશેખરગણીના શિષ્ય મુનિ શ્રીરવિશેખરગણિજીએ લખાવી. શ્રીશત્રુંજયતીર્થપ્રતે નમસ્કાર થાઓ! શ્રીકવડયક્ષના પ્રસાદથી જ્યાંસુધી સૂર્યચંદ્ર હયાત રહે, ત્યાંસુધી આ જિનમંદિર, અથવા આ શિલાલેખની પ્રશસ્તિ લાંબા વખતસુધી સમૃદ્ધિ પામો! ( કાયમ રહો! )

એવીરીતે આ મહાપ્રભાવિક યુગપ્રધાન આચાર્યમહારાજ શ્રીકલ્યાણસાગરસૂરીશ્વરજીના ઉપદેશથી અનેક ધર્મકાર્યો થયેલાં છે.

એવીરીતે આચાર્ય શ્રીમાન્ અમરસાગરસૂરિજીએ સંવત ૧૭૪૩ માં રચેલી અનુસંધાનરૂપ શ્રીમાન્ અંચલગચ્છની પટ્ટાવલી સંપૂર્ણ થઇ. ॥ શ્રીરસ્તુ ॥

હવે શ્રીજ્ઞાનસાર ઉપાધ્યાયજીએ રચેલી ઉપરની પટ્ટાવલીના અનુસંધાનરૂપ શ્રીમાન્ અંચલગચ્છની પટ્ટાવલીનો પ્રારંભ કરેછે.

## ॥ ૬૫ ॥ શ્રીઅમરસાગરસૂરિ ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

મેવાડદેશમાં ઉદયપુર નામનું નગર છે, તે નગરમાં શ્રીમાલી

જ્ઞાતિનો, ચોધરીઓના વંશમાં ઉત્પન્ન થયેલો તથા શ્રીજૈનધર્મમાં આદરવાળો ચોથમલ્લનામે શ્રાવક વસતો હતો. અને તેને સોનાનામની ઉત્તમ શીલવાળી સ્ત્રી હતી. તેઓને વિક્રમ સંવત ૧૬૬૪ માં અમરચંદ્રનામે પુત્ર થયો. તે અમરચંદ્રે સંવત ૧૬૭૫ માં વૈરાગ્યથી શ્રીમાન્ કલ્યાણસાગરસૂરિજીપાસે દીક્ષા લીધી. તથા ગુરૂમહારાજે તેમનું અમરસાગરજી નામ પાડયું. અનુક્રમે શાસ્ત્રાભ્યાસ કર્યાબાદ ગુરૂમહારાજે ભદ્રાવતીનગરીમાં સંવત ૧૬૮૪ માં તેમને આચાર્યપદવી આપી. ત્યારબાદ ગુરૂમહારાજની આજ્ઞાથી તે શ્રીમાન્ અમરસાગરસૂરિજી યતિઓના પરિવારસહિત ત્યાંથી જુદા વિહાર કરવા લાગ્યા. તેમણે અમદાવાદ, ભરૂચ, ખંભાત, સુરત, નવાનગર, વણથલી, તથા જોધપુરઆદિક નગરોમાં ચતુર્માસો કર્યા. અને અનુક્રમે તેઓ સંવત ૧૭૧૬ માં દીવબંદરમાં પધાર્યા. ત્યાં પોરવાડવંશમાં અલંકાર સરખા મંત્રીશ્વર જીવણના માલજીનામના પુત્રે તે ગુરૂમહારાજની વિવિધપ્રકારની ઘણી ભક્તિ કરી. વળી તેના આગ્રહથી તે શ્રીઅમરસાગરસૂરિશ્વરજીએ ત્યાં ચતુર્માસ કર્યું. પછી તે માલજીમંત્રીએ ગુરૂમહારાજના ઉપદેશથી ચોથાવ્રતનાં પચ્ચખાણ કર્યાં. તે અવસરે તેણે સ્વામિવાત્સલ્યઆદિક ધર્મકાર્યોમાં ઘણું દ્રવ્ય ખરચ્યું. પછી તેણે તેમનાજ ઉપદેશથી શ્રીશાંતિનાથપ્રભુની એક રૂપાની પ્રતિમા કરાવી. તથા એવીજ રીતે તેણે ઉત્તમ પાષાણની બીજી અગ્યાર જિનપ્રતિમાઓ પણ ભરાવી. પછી તે સઘળી પ્રતિમાઓ તેણે ગુરૂમહારાજના ઉપદેશમુજબ શ્રીશત્રુંજય પર્વતપર સંવત ૧૭૧૭ ના માગસરવદ તેરસને દિવસે એક ન્હાનું જિનમંદિર બંધાવી તેમાં સ્થાપન કરી. પછી ચતુર્માસબાદ તેણે તે ગુરૂમહારાજના ઉપદેશથી સંઘસહિત શ્રીશત્રુંજયતીર્થની યાત્રા કરી. એવીરીતે તે માલજીમંત્રીએ તે શ્રીઅમરસાગરસૂરિજીના ઉપદેશથી એકલાખ દમ્મોનો ધર્મકાર્યોમાં ખર્ચ કર્યો. પછી એવીરીતે વિહાર કરતાથકા તે શ્રીમાન્ અમરસાગરસૂરિજી સંવત ૧૭૨૩ માં મારવાડ દેશમાં આવેલા બાહડમેરનામના નગરમાં પધાર્યા. ત્યાં બોહડગોત્રવાળા જોરાવરમલ્લનામના ઉત્તમ શ્રાવકે તે ગુરૂમહારાજની વિવિધપ્રકારની ભક્તિ કરી. વળી ત્યાંના સંઘના આગ્રહથી તેઓ તે બાહડમેરનગરમાંજ ચતુર્માસ રહ્યા. પછી ત્યાંથી વિહાર કરી તેઓ અનુક્રમે સંવત ૧૭૨૫ માં પાલીતાણાનગરમાં પધાર્યા. એવામાં ત્યાં વર્ધમાનશાહના પુત્ર ભારમલ્લ પોતાના કુટુંબસહિત ત્યાં યાત્રા કરવામાટે આવ્યા હતા. તે ભારમલ્લે તે ગુરૂમહારાજના ઉપદેશથી ત્યાં શ્રીશત્રુંજયપર્વત

પર શ્રીમાન્ કલ્યાણસાગરસૂરિજીનાં પગલાં સ્થાપ્યાં. એવીરીતે અનેક ગામો તથા નગરોઆદિકમાં જૈનશાસનની પ્રભાવના કરીને તે શ્રીમાન્ અમરસાગરસૂરિજી વિક્રમસંવત ૧૭૬૨ માં પોતાની પાટે શ્રીવિદ્યાસાગરસૂરિજીને સ્થાપીને શ્રાવણસુદ સાતમને દિવસે ધોલકાનગરમાં સ્વર્ગે ગયા. આ શ્રીમાન્ અમરસાગરસૂરિજી સંસ્કૃતભાષાના મહાકવિ હતા. તેમણે વિક્રમસંવત ૧૬૯૧ માં વર્ધમાનશાહના ન્હાના પુત્ર જગડુશાહની પ્રેરણાથી " વર્ધમાનપદ્મસિંહચરિત્ર " નામનો સંસ્કૃત કાવ્યબદ્ધ મનોહર ગ્રંથ રચ્યો છે. તે માટે તેમણે પોતેજ તે ગ્રંથના નવમા સર્ગના સાડત્રીસમા કાવ્યમાં કહ્યું છે કે—

> एवं प्रेरणयैव तस्य जगडोर्ग्रंथोऽथ संवत्सरे ।
> एकांकर्तुशशांकसंपरिमिते ह्यादेशतः सूरितः ॥
> शुक्ले श्रावणसप्तमीशुभदिने सूरीश्वरैर्भावितः ।
> श्रीमद्भिरमराग्रसागरवरैः संपूर्णतां प्रापितः ॥ ३७ ॥

અર્થ:—એવીરીતે ( વર્ધમાનશાહના ન્હાના પુત્ર ) તે જગડુશાહની પ્રેરણાથી, તથા આચાર્ય મહારાજ શ્રીકલ્યાણસાગરસૂરીશ્વરજીની આજ્ઞાથી વિક્રમસંવત ૧૬૯૧ ના શ્રાવણસુદી સાતમના શુભ દિવસે શ્રીમાન અમરસાગરસૂરીશ્વરજીએ ભાવપૂર્વક આ " શ્રીવર્ધમાનપદ્મસિંહચરિત્ર " નામનો ગ્રંથ સંપૂર્ણ કર્યો છે.

## ॥ ૬૬ ॥ શ્રીવિદ્યાસાગરસૂરિ ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

કચ્છદેશમાં આવેલા ખીરસરાનામના ગામમાં લઘુનાગાડાગોત્રવાળા કર્મસિંહનામે શ્રાવક વસતા હતા. તેમને કમલાદેનામની સ્ત્રી હતી. તેઓને વિક્રમસંવત ૧૭૩૭ માં વિદ્યાધરનામનો પુત્ર થયો. તે વિદ્યાધરે વૈરાગ્ય પામીને સંવત ૧૭૫૬ માં શ્રીમાન્ અમરસાગરસૂરિજીપાસે દીક્ષા લીધી. એવીરીતે ફાગણસુદી બીજને દિવસે તેમના દીક્ષાઅવસરે ત્યાંના વીરધોલનામના શ્રાવકે મહોત્સવ કર્યો. ગુરૂમહારાજે તેમનું " વિદ્યાસાગરજી " નામ પાડયું. પછી સંવત ૧૭૬૨ માં શ્રાવણસુદ દશમે ધોલકાનગરમાં તેમને આચાર્યપદવી મળી. પછી

સંવત ૧૭૬૨ ના કાર્તકવદી ચોથ બુધવારે મા રનામના ગામમાં તેમને ગચ્છનાયકની પદવી મળી. તે અવસરે તે મારગામમાં ત્યાંના વડોરાગોત્રવાળા સૌભાગ્યચંદનામના ઉત્તમ શ્રાવકે ઘણું દ્રવ્ય ખરચીને અઠ્ઠાઈમહોત્સવ કર્યો. પછી ત્યાંના સંઘના આગ્રહથી તે શ્રીવિદ્યાસાગરસૂરિજી ત્યાં ચતુર્માસ રહ્યા. અને ત્યાં વ્યાખ્યાનમાં તેમણે ટીકાસહિત વિશેષાવશ્યકનામનું જૈનસૂત્ર શ્રાવકોને સંભળાવ્યું. ત્યાંથી વિહાર કરી તેઓ સંવત ૧૭૬૫ માં સુરતનગરમાં ચતુર્માસ રહ્યા. ત્યાં કર્પૂરચંદ્ર સિંઘા નામના ઉત્તમ શ્રાવકે તેમની ઘણી ભક્તિ કરી. પછી તેમના ઉપદેશથી તે ઉત્તમ શ્રાવકે સર્વે ગચ્છના યતિઓને વસ્ત્રો તથા પાત્રોઆદિકનું દાન દીધું, અને સમસ્ત સંઘમાં તેણે સાકરસહીત પિત્તલની થાલીઓની પ્રભાવના કરી. પછી તે શ્રાવકે ત્યાં ચંદ્રપ્રભસ્વામીઆદિક પાંચ જિનપ્રતિમાઓ ભરાવીને તેજ ગુરૂમહારાજના ઉપદેશથી ત્યાં સુરતનગરમાંજ સ્થાપન કરી. પછી સંવત ૧૭૭૩ માં તેઓ અમદાવાદ નગરમાં ચતુર્માસ રહ્યા. ત્યાં તેમના ઉપદેશથી વર્ધમાનપારેખે તથા રૂખમણી નામની શ્રાવિકાએ ઘણું દ્રવ્ય ખરચીને સ્વામીવાત્સલ્ય તથા પ્રભાવનાઓ આદિક ધર્મકાર્યો કર્યાં. વળી તેમના ઉપદેશથી ત્યાં ભગવાનદાસ નામના ઉત્તમ શ્રાવકે શ્રીસંભવનાથજી આદિક સાત જિનપ્રતિમાઓ ભરાવી, તથા તેમના ઉપદેશમુજબ સંવત ૧૭૭૩ ના વૈસાખસુદી પાંચમને દિવસે ત્યાં પ્રતિષ્ઠિત કરી. પછી તે પરિખ ભગવાનદાસે ચતુર્માસબાદ તેમના ઉપદેશથી ઘણું દ્રવ્ય ખરચીને સંઘસહિત શ્રીશત્રુંજયતીર્થની યાત્રા કરી. પછી તે શ્રીવિદ્યાસાગરસૂરિજી વિહાર કરતાથકા એક સમયે પાટણમાં પધાર્યા, તથા ત્યાંના સાલવી જ્ઞાતિના ઉત્તમ શ્રાવકોના આગ્રહથી તેઓ ત્યાં સંવત ૧૭૮૫ માં ચતુર્માસ રહ્યા. ત્યાં પૂર્વે થયેલા વિમલ મંત્રીશ્વરના વંશમાં ઉત્પન્ન થયેલા, તથા પોરવાડજ્ઞાતિના અગ્રેસર વલ્લભદાસનામના ઉત્તમ શ્રાવક વસતા હતા. તે ઉત્તમ શ્રાવકે તે શ્રીવિદ્યાસાગરસૂરિજીની ઘણા પ્રકારની ભક્તિ કરી. તે વલ્લભદાસશેઠના માણિકચંદનામના પુત્રે તે ગુરૂમહારાજના ઉપદેશથી ત્યાં ચોવીસે જિનેશ્વરોની પંચધાતુમય ચોવીસ પ્રતિમાઓ ભરાવી, અને તેમના ઉપદેશમુજબ સંવત ૧૭૮૫ના માગસરસુદી પાંચમને દિવસે તેણે તે પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. એવીરીતે આ શ્રીવિદ્યાસાગરસૂરિજીએ બીજી પણ ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ ઘણાં ગામો અને નગરોમાં ઉપદેશ

દઇને કરાવેલી છે. એવીરીતે ગામોગામ વિચરતા તથા ઘણા ભવ્ય-જીવોને પ્રતિબોધતાથકા તે શ્રીવિદ્યાસાગરસૂરિજી અનુક્રમે સંવત ૧૭૭૭ માં પાછા ગુજરાતદેશના પાટણમાં પધાર્યા. ત્યાં પૂર્વકર્મના સંયોગે તેમના શરીરમાં તાવની વ્યાધી ઉત્પન્ન થઇ. ત્યારે શ્રાવકોએ મલીને તે માટે ઘણા ઉપાયો કર્યા, પરંતુ તેમની તે તાવની વ્યાધિ શાંત થઇ નહીં, પછી તેમણે શ્રીઉદયસાગરજી મુનિરાજને સંઘના આગ્રહથી ત્યાં સવત ૧૭૯૭માં કાર્તિકશુદી બીજને દિવસે આચાર્યપદવી આપી અને પોતે શુભ ધ્યાનથી કાર્તિકસુદી પાંચમને દિવસે કાળ કરી દેવ-લોકે ગયા. તેમની આજ્ઞામુજબ સરસ્વતીનદીને કિનારે તેમનાં શરીરના શ્રાવકોએ અગ્નિસંસ્કાર કર્યો. પછી શ્રીમાન્ ઉદયસાગરજી સૂરિશ્વરજીના ઉપદેશથી ત્યાના સંઘે તેમના શરીરના અગ્નિસંસ્કારની જગોએ એક દેરી બંધાવી, તથા ત્યાં સંવત ૧૭૯૯ માં તેમનાં પગલાં સ્થાપ્યાં. પછી પાટણના સંઘે એકઠા થઇને સંવત ૧૭૯૭ માં કાર્તિક સુદી પુનેમને દિવસે તે શ્રીઉદયસાગરસૂરિજીને ગચ્છનાયકની પદવી આપી. તે સમયે સઘળા સાલવીઓએ મળીને અઠ્ઠાઇમહોત્સવ કર્યો.

## ॥ ૬૭ ॥ શ્રીઉદયસાગરસૂરિ ॥

### ( તેમનું વૃત્તાંત નીચે મુજબ છે. )

હાલારનામના દેશમાં પૂર્વે શ્રીવર્દ્ધમાનશાહઆદિક ઉત્તમ શ્રાવકોએ બંધાવેલાં જિનમંદિરોની શ્રેણિથી શોભિતા થયેલા નવાનગરનામના નગરમાં શ્રીમાલીની જ્ઞાતિમાં બાવરીવાવંશમાં ઉત્પન્ન થયેલા કલ્યા-ણજીનામના શ્રાવક વસતા હતા. તેને રૂપ સૌભાગ્ય તથા શીલઆદિક ગુણોના સમૂહોવડે અલંકૃત થયેલી જયવંતી નામે સ્ત્રી હતી, તેઓને સંવત ૧૭૬૩ માં ચૈત્રસુદ તેરસને દિવસે એક પુત્ર થયો. ત્યારે હર્ષિત થયેલા માતાપિતએ તેનું ઉદયચંદ્ર નામ પાડયું. અનુક્રમે બાલ્યાવસ્થા વીત્યાબાદ પિતાએ તેને પાઠશાલામાં અભ્યાસ કરાવ્યો. એવામાં દેવયોગે તેના પિતા કલ્યાણજી કાલધર્મ પામ્યા. પછી નિરાધાર થયેલી તે જયવંતીએ પોતાના હૃદયમાં અત્યંત ખેદ લાવતાંથકાં કેટલીક મુશીબતે તે ઉદયચંદ્રનું પોષણ કર્યું. પછી એક વખતે શ્રીવિદ્યાસાગર-સૂરીશ્વરજી વિચરતાથકા તે નવાનગરમાં પધાર્યા. તેમની ધર્મદેશના સાંભલીને વૈરાગ્ય પામેલી તે જયવંતીએ પોતાના સાત વર્ષોની

વયવાળા તે ઉદયચંદ્રપુત્રને ગુરૂમહારાજને સમર્પણ કરી દીક્ષા લીધી. ગુરૂમહારાજ પણ તે બાળકને લેઇને ત્યાંથી વિહાર કરી અન્ય સ્થાનકે ગયા. પછી તે બાળક છતાં પણ પુખ્ત બુદ્ધિવાળો તે ઉદયચંદ્ર અભ્યાસ કરતોથકો ગુરૂમહારાજને હર્ષ ઉપજાવવા લાગ્યો. પછી તેને યોગ્ય જાણીને ગુરૂમહારાજે સંવત ૧૭૭૭ માં વૈશાખસુદી સાતમને દિવસે વાગડદેશમાં આવેલા દુર્ગનામના ગામમાં દીક્ષા આપી, તથા તેનું ઉદયસાગરજી નામ રાખ્યું. અનુક્રમે તે શ્રીઉદયસાગરમુનિ ગુરૂમહારાજના ચરણોને સેવતાથકા શાસ્ત્રોરૂપી સમુદ્રના પારગામી થયા. પછી સંવત ૧૭૮૩ માં ગુરૂમહારાજે ભુજનગરમાં તેમને ઉપાધ્યાયજીની પદવી આપી. પછી ગુરૂમહારાજની આજ્ઞાથી કેટલાક મુનિઓસહિત તે શ્રી-ઉદયસાગર ઉપાધ્યાયજી જુદા વિહાર કરવા લાગ્યા. એવીરીતે વિચરતાથકા તે શ્રીઉદયસાગરજી ઉપાધ્યાય અનુક્રમે નવાનગરમાં પધાર્યા.

હવે સંવત ૧૭૨૫ માં તે હાલારદેશમાં પૂર્વે મ્લેચ્છોનું ( મુસલમાનના બાદશાહનું ) સૈન્ય આવ્યું હતું. તે વખતે આશાતના થવાના ભયથી નવાનગરનાં સંઘે ત્યાંના જિનમંદિરોમાં સ્થાપેલી સઘળી જિનપ્રતિમાઓ ભોંયરાઓમાં ભંડારી મૂકી હતી. અને સઘળાં જિનમંદિરોને તાળાંઓ વાસી બંધ કરવામાં આવ્યાં હતાં. પરંતુ ત્યાં આવેલા તે મ્લેચ્છોએ તાળાંઓ તોડીને તે ખાલી કરેલાં જિનમંદિરોમાં ઘાસઆદિક સામગ્રીઓ ભરી. તે વખતે સંઘના ઘણા લોકો પણ તે મ્લેચ્છોના ઉપદ્રવથી ત્યાંથી નાશીને પરદેશોમાં જઇ વસ્યા, ત્યારબાદ તે મ્લેચ્છો ત્યાંથી પાછા ગયાબાદ તે સઘળાં જિનમંદિરો તે વખતના નવાનગરના રાજાએ પોતાને સ્વાધીન કર્યાં. અને તે રાજાના હુકમથી રાજના નોકરોએ તે જિનમંદિરોને તાળાં મારી બંધ કર્યાં. એવીરીતે છેક સંવત્ ૧૭૮૭ સુધી તે સઘળાં જિનમંદિરો તેવીજ રીતે બંધ રહ્યાં. એવામાં લાલણગોત્રના તલકસીનામના એક ઉત્તમ શ્રાવક નવાનગરના રાજાના મંત્રી થયા. તે વખતે ખરતરગચ્છના શ્રીદેવચંદ્રજીનામના મુનિરાજે તે તલકસીમંત્રીની મદદથી તે સઘળાં જિનમંદિરો રાજાને વિનંતિ કરીને જૈન સંઘને સ્વાધીન કરાવ્યાં. પછી તેમણે સંવત ૧૭૮૮ ના શ્રાવણ સુદી સાતમ ગુરૂવારે સઘળી જિનપ્રતિમાઓની તે જિનમંદિરોમાં ફરીને પ્રતિષ્ઠા કરાવી. એવામાં આ શ્રીઉદયસાગરજી પણ વિચરતાથકા નવાનગરમાં પધાર્યા. ત્યાં પૂર્વે મ્લેચ્છોએ ઘણા ભાગોમાં ખંડિત કરેલાં તે જિનમંદિરોને

જોઇને તેમણે તેનો જીર્ણોદ્ધાર કરવામાટે તે તલકસીશાહને ઉપદેશ કર્યો. એવીરીતે તે શ્રીમાન ઉદયસાગરસૂરિજીના ઉપદેશથી તે તલકસીમંત્રીશ્વરે તે જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કાર્ય પ્રારંભ્યું, અને તે કાર્યમાં તેણે પચાસહજાર કોરીઓનું ખર્ચ કર્યું. પછી તેજ શ્રીઉદયસાગરસૂરિજીના ઉપદેશથી પૂર્વે થયેલા વર્દ્ધમાનશાહના પ્રપૌત્ર વલમજીશાહે પણ કચ્છદેશના માંડવીબંદરથી પચાસ હજાર કોરી તે જિનમંદિરોના જીર્ણોદ્ધારમાટે તલકસીશાહપર મોકલાવી. એવીરીતે એક લાખ મુદ્રિકાઓ ખરચવાથી તે સઘળા જિનમંદિરોનો જીર્ણોદ્ધાર થયો. એવીરીતે આ શ્રીઉદયસાગરજીસૂરીશ્વરના ઉપદેશથી સંવત ૧૭૯૦ માં તે જિનમંદિરોનો જીર્ણોદ્ધાર થયો. હવે પૂર્વે વર્દ્ધમાનશાહના ભાઇ ચાંપસીશાહની લાછલદેનામની એક પુત્રી હતી. તેણીને લુંકાગચ્છના એક ઓશવાલ સાથે પરણાવી હતી. પછી તે ચાંપસીશાહ પણ કેટલોક સમય વીત્યાબાદ નવાનગર છોડીને કચ્છદેશના માંડવીશેહેરમાં જઇ વસ્યા. હવે પૂર્વે વર્દ્ધમાનશાહે નવાનગરમાં બંધાવેલી એક વિશાળ પૌષધશાળા તે લાછલદેવીએ પોતાને સ્વાધીન કરી. ત્યારબાદ લુંકાગચ્છના યતિઓ તે પૌષધશાળામાં રહેવા લાગ્યા, અને તેથી અંચલગચ્છના યતિઓ તે પૌષધશાળમાં પગ પણ દેઇ શકતા નહોતા. પછી લુંકાગચ્છના તે યતિઓ સાથે તે માટે ઝઘડો કરવાનું અયોગ્ય જાણીને તે તલકસીમંત્રીએ સંવત ૧૭૯૪ માં આ શ્રીમાન્ ઉદયસાગરસૂરિજીના ઉપદેશથી પાંચ હજાર મુદ્રિકાઓ ખરચીને નવાનગરમાં એક બીજી નવી પૌષધશાલા બંધાવી. તે પૌષધશાળામાં અંચલગચ્છના યતિઓ ચતુર્માસઆદિકમાં નિવાસ કરવા લાગ્યા. પછી એકવખતે તે શ્રીમાન્ ઉદયસાગરસૂરિજી વિચરતાથકા કચ્છદેશના માંડવીબંદરમાં પધાર્યા ત્યાં પૂર્વે વર્ણવેલા લાલણગોત્રના વર્દ્ધમાનશાહના પ્રપૌત્ર વલમજીશાહને કચ્છદેશના રાજાએ કારભારી તરીકે નીમ્યા હતા. તે વલમજીશાહે પોતાના પૂર્વજોને પગલે ચાલીને તે શ્રીમાન્ ઉદયસાગરસુરિજીની ઘણી ભક્તિ કરી. ( આ અનુસંધાનરૂપ પટ્ટાવલીના કર્તા શ્રીજ્ઞાનસાગરજી કહે છે કે,) એક દિવસે મારા મ્હોટા ગુરૂભાઇ શ્રીદર્શનસાગરજીએ તે વલમજીશાહનીપાસે પૂર્વે શ્રીમાન્ અમરસાગરસૂરિજીએ રચેલા " શ્રીવર્દ્ધમાનપદ્મસિંહચરિત્ર " નામના ગ્રંથનો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી હર્ષથી પ્રફુલ્લિત થયેલી આંખોવાળા, તથા રોમાંચિત થયેલાં શરીરવાળા તે વલમજીશાહે કહ્યું કે. હે પૂજ્ય

શ્રીમાન્ વર્દ્ધમાનશાહશેઠ મારા પરદાદા થાય છે, કેમકે હું તેમનો પ્રપૌત્ર છું. માટે હું મારા તે પરદાદાનું ચરિત્ર સાંભળવાને ઇચ્છું છું, કારણકે તે ચરિત્ર સાંભળવાને મારા હૃદયમાં મ્હોટી ઉત્કંઠા થયેલી છે. પછી તે વલમજીમંત્રીએ તે ચરિત્ર સંભળાવવામાટે શ્રીઉદયસાગરજીસૂરીશ્વરજીને વિનંતિ કરી. ત્યારે તે આચાર્યમહારાજે તેના મનને આનંદ પમાડવામાટે કહ્યું કે, હવે આવતીકાલથી વ્યાખ્યાનમાં અમો તેજ શ્રીવર્ધમાનપદ્મસિંહનું ચરિત્ર વાંચીશું. તે સાંભળી ખુશી થયેલા તે વલમજીશાહ પોતાને ઘેર ગયા.

પછી પ્રભાતમાં પોતાની માતા સોહાગદે સહિત તે વલમજીશાહ ગુરૂ મહારાજના મુખથી તે ચરિત્ર સંભળવા માટે ઉપાશ્રયે આવ્યા. તે વલમજીશાહની સ્ત્રી કુંઅરબાઇ, કે જે રૂપ તથા આભૂષણોઆદિકથી શોભિતી થયેલી જાણે બીજી દેવાંગના હોય નહી! એવી તે પોતાના બાલપુત્ર લાલચંદ સહિત ત્યાં તે ચરિત્ર સાંભળવાને હર્ષથી ત્યાં આવ્યાં, તથા રૂપાના તંડુલોથી સાથીઓ પૂરીને તેણીએ ગુરૂ મહારાજને વધાવ્યા. વળી તે વખતે પદ્મસિંહ નામના પ્રપૌત્રો જેઠાશા તથા ગોવિંદજીશાહ આદિક પણ પોતાના પુત્ર ખેંગારશાહ તથા અમરચંદશાહઆદિક સાથે તે ચરિત્ર સાંભળવાને ત્યાં ઉપાશ્રયે આવ્યા. બીજા પણ જયચંદ્રઆદિક લાલણગોત્રના માણસો પોતપોતાના કુટુંબો સહિત, તેમ બીજા પણ સંઘના ઘણા માણસો તે ચરિત્ર સાંભળવાને ત્યાં આવવા લાગ્યા. ગુરૂમહારાજે પણ મધુર સ્વરથી અર્થ સાથે તે ચરિત્ર વાંચવા માંડયું. પછી જેમ જેમ ગુરૂ મહારાજ તે ચરિત્રના કાવ્યોનો અર્થ સંભળાવવા લાગ્યા, તેમ તેમ કુંઅરબાઇ તથા વલમજીશાહના શરીરમાં હર્ષના સમુહથી રોમાંચ ઉલ્લાસ પામવા લાગ્યાં. પદ્મસિહશાહના પ્રપૌત્રો આદિક તથા બીજા પણ લાલણગોત્રના સઘળા મનુષ્યો તે ચરિત્ર સાંભળીને ઘણો હર્ષ પામ્યા. એવીરીતે એક માસસુધી વાચીને ગુરૂમહારાજે તેઓને તે ચરિત્ર સંપૂર્ણ સંભળાવ્યું, તથા વલમજીશાહે પણ એક માસપર્યંત તે વ્યાખ્યાન સાંભળનારા સર્વે લોકોને હમેશાં શ્રીફલ,સુખડીઆદિકની પ્રભાવનાઓ આપી. પછી તે ચરિત્ર સંપૂર્ણ થયાબાદ કુંઅરબાઈએ હાથ જોડીને ગુરૂમહારાજને વિનંતિ કરી કે, હે શ્રીપૂજ્યજી! મારા તે મહાપુણ્યશાલી સસરાઓનું આ ચરિત્ર સાંભળીને હું હર્ષના

સમૂહથી અત્યંત ઉલ્લસાયમાન થયેલી છું. ફક્ત એક પરોપકાર કરવામાંજ તત્પર એવા તે પૂજ્ય શ્રીમાન્ કલ્યાણસાગરસૂરીજીએ અમારાપર મુખથી ન વર્ણવ્યો જાય, એવો ઉપકાર કરેલો છે. વળી આપસાહેબે સંભળાવેલું આ અમારા વડિલોનું ચરિત્ર સંસ્કૃત કાવ્યબદ્ધ છે, અને તેથી સંસ્કૃતભાષાના જ્ઞાનવિના હું તે ચરિત્ર વાંચવાને અસમર્થ છું, માટે મારાપર કૃપા કરીને તે મહાન્ ઉપકારી એવા શ્રીમાન કલ્યાણસાગરસૂરિજીનો આપસાહેબ રાસ રચો ? કે જેથી તે રાસ વાંચીને હું મારો મનોરથ સંપૂર્ણ કરૂં. તે સાંભળી વર્ધમાનશાહે પણ પોતાની સ્ત્રીના તે વિચારને અનુમોદન આપી ગુરૂમહારાજને વિનંતિ કરી કે, હે પૂજ્ય ! આપસાહેબ કૃપા કરીને આપની આ શ્રાવિકાનો મનોરથ સફલ કરો ? એવીરીતે વિનંતિ કરવાથી તે શ્રીઉદયસાગરસૂરિજીમહારાજે વર્ધમાનશાહના આગ્રહથી લાલણવંશના કુલગુરૂ ( વહિવંચા ) મોહનરૂપજીનામના મહાત્માને, તથા કુંનડજીનામના ચારણને બોલાવ્યા. ત્યારે તેઓ બન્ને હુકમ પામીને પોતપોતાના પૂર્વજોએ રચેલા ભાષાબદ્ધ વર્ધમાનપ્રબંધ તથા કાવ્યોની પોથીઓ પોતાની સાથે લઈને ત્યાં (માંડવીબંદરમાં) આવ્યા. ત્યારે વર્ધમાનશાહે પણ હર્ષિત થઈને તેઓ બન્નેને પાંચસો પાંચસો મુદ્રિકાઓ ઇનામમાં આપી. પછી ગુરૂમહારાજ શ્રીઉદયસાગરસૂરિજીએ શ્રીઅમરસાગરસૂરિજીએ રચેલી અનુસંધાનરૂપ અંચલગચ્છની મ્હોટી પટ્ટાવલી, વહિવંચાએ રચેલો વર્ધમાનપ્રબંધ, ચારણે રચેલાં કવિત્તો, તથા તેઓના કાવ્યબદ્ધ સંસ્કૃત ચરિત્રઆદિકનો સાર એકઠો કરીને સંવત ૧૮૦૨ ના શ્રાવણસુદ છઠ્ઠને દિવસે ગુજરાતીભાષામાં દોહાઓ તથા વિવિધ રાગોની ઢાલો રચીને તે શ્રીકલ્યાણસાગરસૂરિજીનો રાસ સંપૂર્ણ કર્યો. પછી તે કુંઅરબાઇ પણ પોતાની સાહેલીઓ સાથે મધુરસ્વરથી તે રાસ વાંચતાંથકાં હમેશાં આનંદનો સમૂહ અનુભવવા લાગ્યા. એવી રીતે મહારા તે પ્રભાવિક ગુરૂમહારાજ શ્રીઉદયસાગરસૂરિજીએ સ્નાત્રપંચાસિકા, કલ્પસૂત્રલઘુવૃત્તિ, તથા શ્રાવકવ્રતકથાઆદિક ગ્રંથો પણ રચેલા છે. એવીરીતે મારા તે ગુરૂમહારાજ શ્રીઉદયસાગરસૂરિજી સાંપ્રતકાલે (આ પટ્ટાવલી રચાણી તે સમયે) પોતાના ચરણોથી પૃથ્વીમંડલને પવિત્ર કરતાથકા વિચરે છે. હવે તે શ્રીમાન્ ઉદયસાગરસૂરિજીના ઉપાધ્યાયપદે સ્થાપેલા ચાર શિષ્યો છે તેઓમાં પહેલા શ્રીકીર્તિસાગરજી, બીજા શ્રીદર્શનસાગરજી, ત્રીજા શ્રીજ્ઞાનસાગરજી,

અને ચોથા શ્રીબુદ્ધિસાગરજી છે. હવે અહીં પ્રસંગોપાત તે ઉપાધ્યાયોનો પણ સંક્ષિપ્ત વૃત્તાંત લખું છું.

ખંભાતમાં શ્રીમાલીજ્ઞાતિનો સોમચંદ નામે એક શ્રાવક વસતો હતો. તેના કીર્તિચંદ નામના પુત્રે વૈરાગ્યથી સંવત ૧૭૯૮ માં શ્રીમાન્ ઉદયસાગરસૂરિજીની પાસે દીક્ષા લીધી. પછી સંવત ૧૮૦૩ માં ગુરુમહારાજે વડીદીક્ષા દેતી વેળાએ તેનું કીર્તિસાગર નામ પાડ્યું. પછી અનુક્રમે શાસ્ત્રોનો અભ્યાસ કર્યાબાદ તે શ્રીકીર્તિસાગરમુનીને ગુરુમહારાજે સંવત ૧૮૦૫માં ઉપાધ્યાયપદ આપ્યું.

હવે કચ્છદેશમાં આવેલા નલીયાનામના ગામમાં દેવશંકરનામે ઔદિચ્યજ્ઞાતિનો એક બ્રાહ્મણ વસતો હતો. તે બ્રાહ્મણ તે ગામના બાળકોને વિદ્યા અભ્યાસ કરાવતોથકો પોતાની આજીવિકા ચલાવતો હતો. તે બ્રાહ્મણ બુદ્ધિવાન્ હોવાથી ગુજરાતી તથા કચ્છી ભાષાની કવિતાઓ રચીને તથા કથા આદિક સંભળાવીને તે ગામના લોકોને ખુશી કરતો હતો. એવામાં એક વખતે તેની યુવતી સ્ત્રી તાવની બિમારીથી મરણ પામી, અને તેથી એકલો થઇ ગયેલો તે બ્રાહ્મણ ગભરાવા લાગ્યો. એવામાં એક સમયે શ્રીમાન્ ઉદયસાગરસૂરિજી વિહાર કરતાથકા તે નલીયાગામમાં પધાર્યા. ત્યારે તે ગામના શ્રાવકોએ સમયને અનુસરી તેમનો ત્યાં પ્રવેશમહોત્સવ કર્યો. પછી ત્યાંના શ્રાવકોના આગ્રહથી તે ગુરુમહારાજ ત્યાં માસક્ષમણ રહ્યા, એવામાં એક વખતે તે દેવશંકર બ્રાહ્મણ પણ ત્યાં ગુરૂમહારાજ પાસે આવી ચડયો, અને પોતાના રચેલાં ભાષાબદ્ધ કાવ્યો તેણે ગુરૂમહારાજને સંભળાવ્યાં. ગુરૂમહારાજે પણ તેને ચાલતી દેશી ભાષાની કવિતાઓ રચવાની શક્તિવાળો તથા બુદ્ધિવાન જોઇને ખુશી થઇ વૈરાગ્યનો ઉપદેશ આપ્યો. એવીરીતે ગુરૂમહારાજે આપેલા વૈરાગ્યવાળા ઉપદેશને સાંભળીને પ્રથમથીજ પોતાની સ્ત્રીના મરણથી ગભરાટમાં પડેલો તે દેવશંકર બ્રાહ્મણ વિશેષ રીતે સંસારથી ઉદ્વિગ્ન થયો, અને તેથી તેણે સંવત્ ૧૮૦૩ ના પોષસુદ તેરસને દિવસે ગુરૂમહારાજપાસે દીક્ષા લીધી, તથા ગુરુમહારાજે તેનું "દર્શનસાગરજી" નામ પાડયું. અનુક્રમે શાસ્ત્રોનો અભ્યાસ કર્યાબાદ તે શ્રીદર્શનસાગરમુનિ પોતાની કવિત્વશક્તિથી લોકોના મનને ખુશી કરતાથકા ગુરૂમહારાજના હૃદયમાં આનંદ ઉપજાવવા લાગ્યા. પછી તે શ્રીદર્શનસાગરમુનિજીને

ગુરૂમહારાજે સંવત્ ૧૮૦૮માં ઉપાધ્યાયજીની પદવી આપી. પછી એક સમયે તે શ્રીદર્શનસાગર ઉપાધ્યાયજી વિચરતાથકા સુરતનગરમાં પધાર્યા. ત્યાં તેમણે ઉત્તમ શ્રાવક એવા ગલાલશાહના પુત્ર સકલચંદ્રની પ્રેરણાથી સંવત ૧૮૨૭ માં "શ્રી આદિનાથજીનો રાસ" નામનો ગુજરાતી ભાષાની મનોહર કવિતાઓવાળો એક ગ્રંથ રચ્યો. હવે પૂર્વે શ્રીરત્નસાગરમહોપાધ્યાયજીના પ્રશિષ્ય વૃદ્ધિસાગરજીના શિષ્ય શ્રીહીરસાગરજી ઉપાધ્યાયજીએ પોતાના દાદા ગુરૂ મેઘસાગરજીની આજ્ઞાથી સાધુપણામા તે શ્રીદર્શનસાગર ઉપાધ્યાયજી પાસે ભાષાપિંગલગ્રંથનો અભ્યાસ કર્યો હતો. તે શ્રીહીરસાગરઉપાધ્યાયજી પ્રથમથીજ ગુજરાતી ભાષાની કવિતાઓ રચવામાં નિપુણ હતા, અને તેઓએ પૂર્વે પોતાના ગુરૂના વર્ણનરૂપ ચોઢાલીયાં રચ્યાં હતા. વળી તે શ્રીદર્શનસાગર ઉપાધ્યાયજીએ ચોવીસે જીનેશ્વરોનાં સ્તવનો આદિક ઘણાં સ્તવનો રચેલાં છે.

હવે કચ્છદેશના વાગડનામના પ્રાંતમાં આવેલાં આધોઇ નામના ગામમાં એક નાનચંદ્રનામનો શ્રાવક વસતો હતો. તેણે સંવત ૧૮૦૭ની સાલમાં શ્રીમાન્ ઉદયસાગરસૂરિજી પાસે દીક્ષા લીધી હતી. ત્યારે ગુરૂમહારાજે તેમનું "જ્ઞાનસાગરજી" નામ રાખ્યું હતું. પછી સંવત ૧૮૧૩ માં ગુરૂમહારાજે તેમને ઉપાધ્યાયજીની પદવી આપી. અનુક્રમે અભ્યાસ કર્યાબાદ તે શ્રીજ્ઞાનસાગરઉપાધ્યાયજી સંસ્કૃતભાષાના વ્યાકરણઆદિક શાસ્ત્રોમાં નિપુણ થયા. અને તેથી સહજસાગરઆદિક અનેક મુનિઓએ તેમની પાસે વ્યાકરણ તથા પિંગલઆદિક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. પછી તે શ્રીસહજસાગરજીએ તે શ્રીજ્ઞાનસાગરઉપાધ્યાયજીની પ્રેરણાથી "ગુર્વાવલીસ્તવન" નામનો ગ્રંથ ગુજરાતી ભાષામાં રચ્યો. એવીરીતે મેં જ્ઞાનસાગરજીએ અનુસંધાનરૂપ શ્રીમાન્ અંચલગચ્છની આ પટ્ટાવલી ગુરૂમહારાજ શ્રીમાન્ ઉદયસાગરસૂરિજીની આજ્ઞાથી સંવત ૧૮૨૮ માં સુરતનામના નગરમાં રચી છે.

હવે કચ્છદેશમાં આવેલા મુંદરાનામના નગરમાં ઓશવાલજ્ઞાતિમાં વડેરાગોત્રનો હરસી નામે શ્રાવક વસતો હતો. પછી એક વખતે તે શ્રીઉદયસાગરસૂરિજી વિહાર કરતાથકા તે મુંદરાનામના નગરમાં પધાર્યા. ત્યારે ત્યાંના સંઘે તેમનો આદરપૂર્વક પ્રવેશમહોત્સવ કર્યો. પછી ગુરૂમહારાજની વૈરાગ્યરસવાળી મધુર દેશના સાંભળીને વૈરાગ્ય ઉત્પન્ન

થવાથી તે હરસી શ્રાવકે સંવત્ ૧૮૧૧ માં દીક્ષા લીધી. તથા સંવત્ ૧૮૧૫ માં તેમને ઉપાધ્યાયજીની પદવી મળી. દીક્ષાવેળાએજ ગુરૂમહારાજે તેમનું "બુદ્ધિસાગરજી" નામ રાખ્યું હતું. હાલમાં (આ અનુસંધાનરૂપ પટાવલીની રચના સમયે) તે શ્રીબુદ્ધિસાગર ઉપાધ્યાયજી શાસ્ત્રોનો અભ્યાસ કરતાથકા વિચરે છે. એવી રીતે અંચલગચ્છની અધિષ્ટાયિકા શ્રીમતી મહાકાલીદેવીની કૃપાથી અનુસંધાનરૂપ આ પટ્ટાવલી સંપૂર્ણ થઇ.

पट्टावलीयं गुरुभक्तिरूपा–चलाख्यगच्छीयमुनींद्रवर्यैः ॥
विवर्ध्यमानाथ परंपरायां। चिरं सदा नंदतु पठयमाना ॥ १ ॥

અર્થ:—( પોતાના ) ગુરૂઓની ભક્તિ દર્શાવવારૂપ આ પટ્ટાવલી અંચલગચ્છના ઉત્તમ મુનીશ્વરોથી હજુ આગળ પણ ગચ્છ પરંપરામાં વૃદ્ધિ પામતીથકી તથા વંચાતીથકી હમેશાં ઘણા કાળસુધી સમૃદ્ધિ પામો ? ॥ ૧ ॥

એવીરીતે શ્રીમાન્ જ્ઞાનસાગરઉપાધ્યાયજી ગુરૂસેવામાં તત્પર થયાથકા આ પૃથ્વીપર વિચરે છે.

॥ એવીરીતે શ્રીમાન્ અંચલગચ્છના નાયક ભટ્ટારક પુરંદર શ્રીમાન્ ઉદયસાગરસૂરીશ્વરજીના શિષ્ય શ્રીજ્ઞાનસાગરઉપાધ્યાયજીએ રચેલી અનુસંધાનરૂપ શ્રીમાન્ અંચલગચ્છની મ્હોટી પટ્ટાવલી સંપૂર્ણ થઇ.

જે પ્રતિપરથી આ પટ્ટાવલીનું આ ગુજરાતી ભાષાંતર કરવામાં આવ્યું છે, તે મૂળપ્રતિ સંવત્ ૧૮૯૩ ના માગસરસુદ નોમને દિવસે નાગોરનગરમાં સાચીહરજ્ઞાતિના બ્રાહ્મણ લઇયા રામચંદ્રે લખેલી છે. તે ઘણા કાળસુધી સમૃદ્ધિ પામો. તે લેખક લઇઓ કહે છે કે—

જેવું પ્રાચીન લખેલી પ્રતિમાં મેં જોયું, તેવું લખ્યું છે. તેમાં જો કંઇ શુદ્ધ અશુદ્ધ હોય, તો તેમાટે મારાપરદોષ દેવો નહીં ॥શ્રીરસ્તુ॥

હવે ઉપર વર્ણવેલી પટ્ટાવલીના અનુસંધાન રૂપ વિક્રમ સંવત ૧૯૮૪ માં મુનિધર્મસાગરજીએ રચેલી શ્રીઅચલગચ્છની પટ્ટાવલીનો પ્રારંભ કરે છે.

## ॥ ૬૮ ॥ શ્રીકીર્તિસાગરસૂરિઃ ॥

( તેમનો વૃત્તાંત નીચે મુજબ છે. )

કચ્છદેશમાં આવેલા દેસલપુર નામના ગામમાં ઓશવાળ જ્ઞાતિના શાહ માલસી નામના શ્રાવક વસતા હતા. તેમને આસબાઇ નામે સ્ત્રી હતી. તેઓને ત્યાં સંવત ૧૭૯૬ માં કુંઅરજી નામના પુત્રનો જન્મ થયો. તે કુંઅરજી સંવત ૧૮૦૪ માં શ્રીઉદયસાગરસૂરિજીના શ્રાવકપણે શિષ્ય થયા. ત્યારપછી સંવત ૧૮૦૯ માં માંડવીબંદરમાં તેમને દીક્ષા આપવામાં આવી, અને તેમનું કીર્તિસાગરજી નામ રાખવામાં આવ્યું. તથા સંવત ૧૮૨૩ માં સુરતનગરમાં તેમને આચાર્યપદવી મળી. તે વખતે ત્યાંના શેઠ ખુશાલચંદ તથા ભુખણદાસે મળીને છ હજાર રૂપિયાનું ખર્ચ કરી મહોત્સવ કર્યો. ત્યારબાદ સંવત ૧૮૩૬ માં આશુ શુદ ૨ ના અંજારનગરમાં તેમને ગચ્છેશની પદવી મળી. તથા સંવત્ ૧૮૪૩ ના ભાદરવા સુદી છઠ્ઠના દિવસે સર્વ મળી ૪૮ વર્ષોનું આયુષ ભોગવી સુરતનગરમાં સ્વર્ગે ગયા.

## ॥ ૬૯ ॥ શ્રીપુણ્યસાગરસૂરિઃ ॥

( તેમનું વૃત્તાંત નીચે મુજબ છે. )

ગુજરાતદેશમાં આવેલા વડોદરા નામના નગરમાં પોરવાડજ્ઞાતિના શા. રામસી નામે શ્રાવક વસતા હતા. તેમને મીઠીબાઇ નામે સ્ત્રી હતી. તેઓને ઘેર સંવત ૧૮૧૭ માં પાનાચંદજી નામના પુત્રનો જન્મ થયો. તે પાનાચંદજી સંવત્ ૧૮૨૪ માં શ્રીકીર્તિસાગરસૂરિજીના શ્રાવકપણે શિષ્ય થયા. પછી સંવત્ ૧૮૩૩ માં કચ્છ ભુજપુર ગામમાં તેમને દીક્ષા આપવામાં આવી, અને તે સમયે તેમનું પુણ્યસાગરજી નામ રાખવામાં આવ્યું. પછી સંવત ૧૮૪૩ માં સુરતશહેરમાં તેમને આચાર્યપદ તથા ગચ્છેશપદ મળ્યાં. તે વખતે ત્યાંના શેઠ લાલચંદે ઘણું દ્રવ્ય ખરચી મહોત્સવ કર્યો. ત્યારબાદ સંવત્ ૧૮૭૦ ના કાર્તિક-

સુદી ૧૩ ના દિવસે સર્વ મળી ત્રેપન વર્ષનું આયુષ ભોગવી પાટણ-નગરમાં સ્વર્ગે ગયા.

## ॥ ૭૦ ॥ શ્રીરાજેંદ્રસાગરસૂરિઃ ॥

આ શ્રીરાજેંદ્રસાગરસુરિજીનો જન્મ સુરતનગરમાં થયો હતો, તથા સંવત્ ૧૮૯૨ માં માંડવીશહેરમાં સ્વર્ગે ગયા.

## ॥ ૭૧ ॥ શ્રીમુક્તિસાગરસૂરિઃ ॥

(તેમનું વૃત્તાંત નીચે મુજબ છે.)

માલવાદેશમાં આવેલી ઉજ્જયની નામની નગરીમાં ઓશવાળ જ્ઞાતિના શા. ખીમચંદ નામે શેઠ વસતા હતા. તેમને ઉમેદબાઇ નામે સ્ત્રી હતી. તેઓને ત્યાં સંવત્ ૧૮૫૭ માં મોતીચંદજી નામના પુત્રનો જન્મ થયો; તેમણે સંવત ૧૮૬૭ ના વૈશાખ સુદી ત્રીજને દિવસે શ્રીરાજેંદ્રસાગરસૂરિજીની પાસે દીક્ષા લીધી, તથા તેમનું મુક્તિસાગરજી નામ રાખ્યું. ત્યારબાદ સંવત્ ૧૮૯૨ ના વૈશાખ સુદી બારસને દિવસે પાટણમાં તેમને આચાર્યની તથા ગચ્છનાયકની પદવી મળી. તે સમયે ત્યાંના શેઠ નથુ ગોકુળજીએ ઘણું દ્રવ્ય ખરચી મહોત્સવ કર્યો. પછી વિહાર કરતાથકા તેઓ સંવત્ ૧૮૯૩ માં પાલીતાણામાં પધાર્યા. ત્યાં શેઠ ખીમચંદ મોતીચંદે શત્રુંજયપર મહોટી ટુંક બંધાવી હતી, તથા સાતસો જિનપ્રતિમાઓ ભરાવી હતી. તે સર્વ પ્રતિમાઓની આચાર્યશ્રીએ અંજનશલાકા કરીને પ્રતિષ્ઠા કરાવી. પછી ત્યાંથી વિહાર કરી તેઓ કચ્છદેશમાં આવેલા નલિનપુર (નલીયા) નામના ગામમાં પધાર્યા. ત્યાં લઘુ ઓશવાળ જ્ઞાતિના નાગડાગોત્રવાળા શેઠ નરસી નાથા નામના ધનાઢય વ્યાપારી વસતા હતા. તે શેઠે ત્યાં શ્રીચંદ્રપ્રભુજીનું જિનમંદિર બંધાવ્યું હતું. તે જિનમંદિરમાં સંવત્ ૧૮૯૭ના મહાસુદી પાંચમને દિવસે આ આચાર્ય મહારાજે મૂલનાયક ચંદ્રપ્રભુ વિગેરે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. વળી તેમના ઉપદેશથી તે ધનાઢય તથા ઉદાર શેઠે સમસ્ત વીસા તથા દશાઓશવાળની જ્ઞાતિમાં દરેક ઘરદીઠ સાકરભરેલી એકેકી થાળી તથા એકેકા રૂપિયાની પ્રભાવના કરી, બે મેળાઓ કરીને બાવન ગામના મહાજનોને જમાડ્યા. વળી તે શેઠે તેમના ઉપદેશથી શત્રું-

જયપર્વતપર મ્હોટી ટુંક બંધાવીને તેમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી, તથા પાલીતાણામાં વિશાલ ધર્મશાળા બંધાવી. નલીયાના દેરાસરમાં રૂપાના કમાડ કરાવ્યાં, તેમજ સુથરી ગામમાં શ્રીઘૃતકલ્લોલ-પાર્શ્વનાથજીના દેરાસરમાં રૂપાના કમાડો ચડાવ્યાં, અને નલીયામાં દાનશાળા સ્થાપી. પછી તે આચાર્યમહારાજ ત્યાંથી વિહાર કરી ભુજપુરમાં પધાર્યા. ત્યાંના વીસાઓશવાળ જ્ઞાતિના ધનાઢ્ય શેઠ શા. ચાંપસી ભીમસીએ સંવત ૧૮૯૭ માં તેમના ઉપદેશથી એક જિન-પ્રાસાદ બંધાવ્યો, અને તેમાં તે સાલના ફાગણસુદી ત્રીજના દિવસ શ્રીચિંતામણીપાર્શ્વનાથજી આદિક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. ત્યાંથી વિહાર કરી તેઓ રાજનગરમાં પધાર્યા, અને ત્યાંથી વિચરી તેઓ ખંભાત પાસે વટાદરા નામના ગામમાં પધાર્યા, અને ત્યાં શ્રીગોડીપાર્શ્વનાથજીના બિંબની પ્રતિષ્ઠા કરાવી. ત્યાંથી વિહાર કરી તેઓ કચ્છદેશમાં આવેલા જખૌબંદરમાં પધાર્યા. ત્યાં તેમના ઉપ-દેશથી શેઠ જીવરાજ રતનસીએ સુંદર જિનપ્રાસાદ બંધાવ્યો હતો. તેમાં સંવત ૧૯૦૫ ના મહાસુદી પાંચમના દિવસે તેમણે શ્રીમહા-વીરપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. વળી તેમના ઉપદેશથી તે શેઠે ત્યાં ત્રણ લાખ કોરી ખરચીને પુસ્તકોનો જ્ઞાનભંડાર કરાવ્યો, અને તેની સન્મુખ શ્રીગૌતમસ્વામીજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી, તથા કચ્છદેશમાં વિચરતા સઘળા યતિઓને કપડા વહોરાવ્યા, અને તે દેરાસરની પાસેજ એક ઉપાશ્રય બંધાવ્યો. વળી તેમના ઉપદેશથી નલિનપુરમાં (નલીયામાં) ત્યાંના શેઠ ભારમલ તેજસીએ એક નવિન જિનમંદિર બંધાવી તેમાં સંવત ૧૯૧૦ માં જિનપ્રતિમાઓની પ્રતિ-ષ્ઠા કરાવી, તેમજ સાંધાણ ગામમાં શેઠ સાકણ તેજસીએ નવો જિન-પ્રાસાદ બંધાવી તેમાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી. એવીરીતે આ શ્રીમુક્તિસાગરસૂરિજીના ઉપદેશથી કચ્છમાં બીજા ગામોમાં પણ ઘણાં જિનમંદિરો બંધાયાં, તથા તેઓમાં જિનબિંબોની પ્રતિષ્ઠાઓ થયેલી છે. એવીરીતે સર્વ મળી સતાવન વર્ષોનું આયુષ્ય ભોગ-વીને તેઓ સંવત્ ૧૯૧૪ માં સ્વર્ગે ગયા.

આ શ્રીમુક્તિસાગરજીના સંબંધમાં શ્રી નવાનગરમાં (જામનગરમાં) લાલણગોત્રવાળા શેઠ તલકસી જેસાણીએ પૂર્વે બંધાવેલા અંચલગચ્છના ઉપાશ્રયની દક્ષિણદિશાતરફની ઓરડીના બારણાપર નીચે મુજબ સવૈયા તથા છત્રાકાર કાવ્ય તે વખતના લખેલા આજે પણ વિદ્યમાન છે.

## ॥ શ્રીપાર્શ્વજિનં પ્રણમ્ય-સવૈયા-

શોભા અજબ અપાર, રવિસમ તેજ વિરાજિત ।
સૌમ્ય વચન સુખકાર, સર્વગુણ ઉત્તમ શોભિત ॥

પૂજ્ય શિરોમણિ સાર, મુક્તિસાગરસૂરિ સોહે ।
અતિશયવંત અપાર, દેખી સુરનર મન મોહે ॥

વિધિપક્ષગચ્છ પ્રતપો, અંચલનામ ગુણ શોભા સદા ।
કવિક્ષમાલાભ સુપસાયથી, સુમતિ લહે સુખસંપદા ॥ ૧ ॥

શ્રીવામેયજિન પ્રણમ્ય, ભગતિ શ્રીસદગુરૂસેવિત ।
પૂજ્ય શ્રીમુક્તિસુરંદ, વિધિગણ સર્વજન ભાવિત ॥

દેશ ગ્રામ સુથાન તીર્થ નમત, મિથ્યાતમ વારિત ।
નૌતનપુરવર આગત, શુભદિન સુમતિમન ધારિત ॥ ૨ ॥

સંવચ્છર દિગ અષ્ટ નંદનગવર જ્યેષ્ટસ્ય માસયુતઃ ।
શુકલપક્ષ તિથિ તૃતીયા રવિસુતવાર પ્રવેશકૃતઃ ॥

શ્રાદ્ધભક્તિવિધાયન બહુપર નિત્યોચ્છવ શોભિતઃ ।
શાસનવીર પ્રભાવક રવિસમ મુક્તિપદ ધારિતઃ ॥ ૩ ॥

સંવત ૧૮૯૯ વર્ષે પોષવદ ૯ ભોમ શ્રીઅંચલગચ્છે પૂજ્ય ભટ્ટારક શ્રી ૧૦૮ શ્રીમુક્તિસાગરસૂરીશ્વરજી વિજયરાજ્યે શ્રીનવાનગરમધ્યે ચતુરમાસ મુનિમહિમારત્નજી, મુનિ સુમતિલાભજી, મુનિ જેસાગરજી પ્રમુખ ઠાણા ૨૫ મુક્તિસાગરજી, તત્ શિષ્ય ધર્મસાગરજી, તત્ ભાઇ ગુલાબચંદજી, તત્ ભાઇ ત્રીકમલાલ-શ્રીરસ્તુ૦ મુનિપ્રતાપસાગર, મુનિ-કુશલસાગર, મુનિ વિનિતસાગર, મુનિભોજસાગરજી, મુનિલક્ષિતસાગર, મુનિજિનેંદ્રસાગર, લાં. મુનિ જેસાગરેણ શ્રીરસ્તુ.

૪૮ શ્રી જૈન ભા. પ્રેસ—જામનગર.

શ્રી
શ્રી મ શ્રી
શ્રી મ દં મ શ્રી
શ્રી મ દં ચ દં મ શ્રી
શ્રી મ દં ચ લ ચ દં મ શ્રી
શ્રી મ દં ચ લ ગ લ ચ દં મ શ્રી
શ્રી મ દં ચ લ ગ ચ્છે ગ લ ચ દં મ શ્રી
શ્રી મ દં ચ લ ગ ચ્છે શ: ચ્છે ગ લ ચ દં મ શ્રી
શ્રી મ દં ચ લ ગ ચ્છે શ: સૂ શ: ચ્છે ગ લ ચ દં મ શ્રી
શ્રી મ દં ચ લ ગ ચ્છે શ: સૂ રિ: સૂ શ: ચ્છે ગ લ ચ દં મ શ્રી
શ્રી મ દં ચ લ ગ ચ્છે શ: સૂ રિ: શ્રી રિ: સૂ શ: ચ્છે ગ લ ચ દં મ શ્રી
શ્રી મ દં ચ લ ગ ચ્છે શ: સૂ રિ: શ્રી મુ શ્રી રિ: સૂ શ: ચ્છે ગ લ ચ દં મ શ્રી
શ્રી મ દં ચ લ ગ ચ્છે શ: સૂ રિ: શ્રી મુ ક્તિ મુ શ્રી રિ: સૂ શ: ચ્છે ગ લ ચ દં મ શ્રી
શ્રી મ દં ચ લ ગ ચ્છે શ: સૂ રિ: શ્રી મુ ક્તિ સા ક્તિ મુ શ્રી રિ: સૂ શ: ચ્છે ગ લ ચ દં મ શ્રી
શ્રી મ દં ચ લ ગ ચ્છે શ: સૂ રિ: શ્રી મુ ક્તિ સા ગ સા ક્તિ મુ શ્રી રિ: સૂ શ: ચ્છે ગ લ ચ દં મ શ્રી
શ્રી મ દં ચ લ ગ ચ્છે શ: સૂ રિ: શ્રી મુ ક્તિ સા ગ ર: ગ સા ક્તિ મુ શ્રી રિ: સૂ શ: ચ્છે ગ લ ચ દં મ શ્રી
ચિ
રં
જ
મ

તુ
મે
હિ
ન્યાં

સં ગ ૧૮૯૯
ના વ ચ્છાં પે શા
કે ૧૭૬૩ પ્ર ભો વ ર્તં મા
ને પૌ ષ મા સે સે કૃ ષ્ણ પ
ક્ષે પ તિ થૌ ભૃ હ ગુ વા સ રે શ્રી
વિ ધિ પ ક્ષ ગ ચ્છ ભા અં ચ લ ગ ણે સુ
નિ સુ મ તિ લા ભે ન સ્ક છ ત્રં કૃ ત મિ દં શ્રી
હા લા ર દે શે શ્રી ન વા ર: ન ગ રે ચ તુ ર્મા સિ ના

## ॥ ૭૨ ॥ શ્રી રત્નસાગરજી સૂરિઃ ॥

(તેમનો વૃત્તાંત નીચે મુજબ છે)

કચ્છદેશમાં આવેલા મોથારાનામના ગામમાં શા. લાડણ પંચાણ નામના એક શ્રાવક વસતા હતા. તેને રુમાબાઇ નામની સ્ત્રી હતી. તેણીની કુક્ષિએ સંવત ૧૮૯૨ માં આ શ્રીરત્નસાગરસૂરિજીનો જન્મ થયો હતો. તેમણે સંવત ૧૯૦૫ માં દીક્ષા લીધી. અને તેઓ સંવત ૧૯૧૪ માં આચાર્યની તથા ગચ્છેશની પદવી પામ્યા. તેમના સમયમાં પણ પૂર્વે વર્ણવેલા શેઠ નરસી નાથાએ તેમના ઉપદેશથી અનેક ધર્મકાર્યો કર્યાં, અને સાતે ક્ષેત્રોમાં પુષ્કલ દ્રવ્ય ખરચ્યું. વળી લઘુ ઓશવંશીયજ્ઞાતિના અને કોઠારાનગરના રહેવાસી શેઠ કેશવજી નાયકે તેમના ઉપદેશથી શ્રીશત્રુંજયપર્વતપર મહોટી ટુંક બંધાવી, તથા છહજાર જિનબિંબો ભરાવીને તેની અંજનશિલાકા કરાવીને પ્રતિષ્ઠા કરાવી, તે સમયે તે શેઠે દશલાખ રૂપીયાનું ખર્ચ કર્યું. અને પાલીતાણામાં એક વિશાલ ધર્મશાળા બંધાવી. સર્વ દેશોના શ્રાવકોને બોલાવી સ્વામિવાત્સલ્ય કર્યાં. વળી તેમના સમયમાં બીજા પણ અનેક કચ્છી દશાઓશવાળજ્ઞાતિના શ્રીમંત શ્રાવકોએ તેમના ઉપદેશથી ઘણું દ્રવ્ય ખરચીને ઉજમણા, સ્વામિવાત્સલ્યો, તથા કચ્છદેશમાં કોઠારા વિગેરે ગામોગામમાં જૈનમંદિરો બંધાવી તેઓમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ કરાવી. તેમના સમયમાં અંચલગચ્છના ઘણા શ્રાવકો પુષ્કલ લક્ષ્મીવાન થયા, અને તેઓએ અનેક પ્રકારના ધર્મકાર્યો કરીને જૈનશાસનનો મહિમા વધાર્યો. આ શ્રી રત્નસાગરસૂરિજી સર્વ મળી છત્રીસ વર્ષોનું આયુષ ભોગવી સંવત્ ૧૯૨૮ના શ્રાવણસુદી બીજને દિવસે કચ્છદેશમાં આવેલા સુથરીનામના ગામમાં સ્વર્ગે ગયા.

આ આચાર્યશ્રીના ઉપદેશથી ગુર્જરદેશમાં બોરશદનગરમાં જિનમંદીરની પ્રતિષ્ટા થઇ તેનો શીલાલેખ નીચે મુજબ છે—

॥ ॐ नमः ॥ अथ प्रशस्तिर्लिख्यते ॥ श्रीवर्धमानजिनराजपट्टक्रमेण । श्रीआर्यरक्षितमुनीश्वरस्य राज्यं ॥ विद्योपगाजलद्वयो विधिपक्षगच्छ–संस्थापका यतिवरा गुरवोऽत्र नंतुः ॥ १ ॥ तत्रासि प-

द्रकमलामलराजहंसः । गच्छाधिपा बुधवरा जयसिंहसूरिः ॥ श्रीधर्मघो-
षगुरवो वरकीर्तिभाजः । सूरीश्वरास्तदनु पूज्यमहिंद्रसिंहाः ॥ २ ॥
सिंहप्रभाभिधः सुसाधु गुणप्रसिद्धा—स्तेभ्यः क्रमेण गुरवोऽजितसिंह-
सूरिः ॥ देवेंद्रसिंह गुरवोऽखिललो कमानाः । धर्म्मप्रभः मुनिवरा विधि-
पक्षनाथाः । ३ । पूज्यश्च सिंहतिलकास्तदनु बभुस्ता। भाग्यां महिंद्रविभवो
गुरवो बभूव ॥ चक्रेश्वरीभगवति वदितः प्रसादाः । श्रीमेरुतुंगगुरवोऽ-
मरदेववंद्याः ॥ ४ ॥ तेभ्योऽभवद्गणधरा जयकीर्तिसूरि—र्मुख्यास्ततश्च ज-
यकेसरसूरिराजः ॥ सिद्धांतसागरगणाधिभुवस्ततोऽनुः । श्रीभावसागर
गुरुः सुगुणी अभूवन ॥ ५ ॥ तद्वंशपुष्करविभासनभानुरूपाः । सूरीश्वरा
गुणनिधान समावभूव ॥ श्रीधर्ममूर्ति तदनु समधर्ममूर्तिः । कल्याण-
सागरगुरुरभवद्गणेशः ॥ ६ ॥ तेभ्योऽभवद्गणधरामरसिंधुनाम्ना । विद्या-
र्णवश्च गणनाथ ततो बभूव ॥ सूरीश्वरा उदयसिंधुमुन्यायदक्षा ।
विद्यानिधिस्तदनु कीर्तिसमुद्रसूरिः ॥ ७ ॥ जज्ञे मुनींद्रवरपुन्यसमु-
द्रसूरिः । संसेवितभ्रमरपंकजचुंबनाभिः ॥ राजेंद्रसागरसूरिवरराा-
जराज्ये । सूरीश्वराः सुरवरा संघश्रेयसे वः ॥ ८ ॥ तत्पट्टांबुजभा-
स्करोपमवराः ख्याताः क्षमार्यगुणा । मुक्तिसागरसूरयो मुनिवराः
संसेविपादांबुजान् ॥ ज्ञाता श्रीजिनमंदिरा सुमहिमां बिंबं प्रतिष्ठां
बहून् । गच्छानां प्रतिपालका हितकराः संघस्य भूयां सदा ॥ ९ ॥
संवत् १९१४ ना वर्षे शाके १७७९ प्रवर्तमाने मासोत्तममासे श्रावण-
मासे शुक्लपक्षे दशम्यां तिथौ भृगुवासरे शुभमुहूर्ते श्रीगुर्जरदेशे श्री-
बोरसदनगरे श्रीओश्ववालज्ञातीयवृद्धशाखायां संघसमस्त तथा शा.
गोधाजी वीरदास तद्भार्या कस्तुरबाइ तत्पुत्र दयालजी तद्भार्या कंकु-
बाइ तत्पुत्र कल्याण जी तद्भार्या तुलसीबाइ दयालजी लघुभ्राता छतरा-
जी भार्या मुलीबाइ तत्पुत्र माणकचंद भार्या अवलबाइ पुत्र येला तथा
भीखा माणकचंद भ्राता जवेर तत् भार्या दीवालीबाई तत्पुत्ररणछोड
तथा हरगोविंद तथा चुनीलाल ओशवाल ज्ञातिसमस्ततथा शा. कल्या-

णजी दयालजी तेन मिलिता श्रीआदिनाथ जिनमासाद नवीन कारिता, प्रतिष्ठा कारापितं ॥ श्रीअंचलगच्छेशः पूज्यभट्टारक श्री श्री श्री १०८श्रीरतनसागरसूरीश्वरजी उपदेशात् प्रतिष्ठा कृता । श्रीऋषभदेवस्वामिना पादुका तथा शासनदेवी चक्रेश्वरीनी मूर्ति नवीन कारिता, तस्य मतिष्ठा शा. घेला माणकचंद भार्या हरकुंवर पुत्र छगन तेन मतिष्ठा कारापितं ॥ गाथा ॥ लाहो लीधो लखमी खरची साह कल्याण सारं । लाधी वेला सुजस लीधो संघमां बहु अपारं ॥ लाखीणो ते रतनसुरिजी सागरभारं । लाभं धर्मशकल तरफि साधु दीधं सुथारं ॥ लिखितं मुनि सुग्यानसागरगणिनी वंदना वांचजोजी ॥ पं. मुक्तिविजय–भीमविजयगणिनां चोमासा मध्ये ॥ शुभं तेनात्र श्रेयस्य ॥ श्री श्री श्री ॥

આ આચાર્યશ્રીના ઉપદેશથી શત્રુંજયપર્વતપર શેઠ કેશવજીનાયકે જે વિશાળ ટુંક બંધાવી છે, તેની અંદરના શિલાલેખની નકલ નીચે મુજબ છે.

॥ श्री ॥ ॐ नमः ॥

बभूवुः श्रीमहावीर—पट्टानुक्रमभूषणाः ॥
श्रीअंचलगणाधीशाः । आर्यरक्षितसूरयः ॥ १ ॥

અર્થ:—શ્રીમહાવીરપ્રભુની પાટ પરંપરામાં આભૂષણ સમાન, અને શ્રીઅંચલગચ્છના નાયક એવા શ્રીઆર્યરક્ષિતસૂરિજી નામના આચાર્ય થયા. ॥ ૧ ॥

तत्पट्टपंकजादित्याः । सूरिश्रीजयसिंहकाः ॥
श्रीधर्मघोषसूरींद्रा । महेंद्रसिंहसूरयः ॥ २ ॥

અર્થ:—તે શ્રીઆર્યરક્ષિતસૂરિજીની પાટરૂપી કમલને વિકસ્વર કરવામાં સૂર્યસરખા શ્રીજયસિંહસૂરિનામના આચાર્ય થયા. તેમની પાટે શ્રીધર્મઘોષસૂરિ, તથા તેપછી શ્રીમહેંદ્રસિંહસૂરિ થયા. ॥ ૨ ॥

श्रीसिंहमभसूरीशाः । सूरयोऽजितसिंहकाः ॥
श्रीमद्देवेंद्रसूरीशाः । श्रीधर्ममभसूरयः ॥ ३ ॥

અર્થ:—ત્યારપછી શ્રીસિંહપ્રભસૂરિજી થયા, ત્યારબાદ શ્રીઅજિ-તસિંહસૂરિજી થયા. પછી શ્રીમાન્ દેવેંદ્રસૂરિજી થયા, અને ત્યારપછી શ્રીધર્મપ્રભસૂરિજી થયા. ॥ ૩ ॥

श्रीसिंहतिलकाह्वाश्च । श्रीमहेंद्रप्रभाभिधाः ॥
श्रीमंतो मेरुतुंगाख्याः । बभूवुः सूरयस्ततः ॥ ४ ॥

અર્થ:—ત્યારબાદ શ્રીસિંહતિલકસૂરિજી થયા, ત્યારપછી શ્રીમહેંદ્ર-પ્રભસૂરિજી થયા, ત્યારબાદ શ્રીમાન્ મેરૂતુંગસૂરિજી થયા. ॥ ૪ ॥

समग्रगुणसंपूर्णाः । सूरिश्रीजयकीर्तयः ॥
तत्पट्टेऽथ सुसाधुश्री–जयकेसरसूरयः ॥ ५ ॥

અર્થ:—ત્યારપછી સમસ્ત ગુણોવડે સંપૂર્ણ થયેલા શ્રીજયકીર્તિ-સૂરિજી થયા. પછી તેમની પાટે મુનિની ઉત્તમ શોભાવાળા શ્રીજયકે-સરીસૂરિ થયા. ॥ ૫ ॥

श्रीसिद्धांतसमुद्राख्याः । सूरयो भूरिकीर्तयः ॥
भावसागरसूरींद्रा—स्ततोऽभूवन् गणाधिपाः ॥ ६ ॥

અર્થ:—ત્યારપછી ઘણી કીર્તિવાળા શ્રીસિદ્ધાંતસાગરસૂરિજી થયા. અને ત્યારપછી શ્રીભાવસાગરસૂરિજી ગચ્છનાયક થયા. ॥ ૬ ॥

श्रीमद्गुणनिधानाख्याः । सूरयस्तत्पदेऽभवन् ॥
युगप्रधानाः श्रीमंतः। सूरिश्रीधर्ममूर्तयः ॥ ७ ॥

અર્થ:—ત્યારપછી તેમની પાટે શ્રીગુણનિધાનસૂરિજી થયા, અને ત્યારબાદ શ્રીમાન્ તથા યુગપ્રધાન એવા શ્રીધર્મમૂર્તિસૂરિજી થયા. ॥ ૭ ॥

तत्पट्टोदयशैलाग्र—मोद्यत्तरणिसन्निभाः ॥
अभवन् सूरिराजश्री—युजः कल्याणसागराः ॥ ८ ॥

અર્થ:—તેમની પાટરૂપી ઉદયાચલના અગ્રભાગમાં ઉગતા સૂર્ય-સરખા શ્રીમાન શ્રીકલ્યાણસાગરજી નામના સૂરીશ્વર થયા. ॥ ૮ ॥

श्रीअमरोदधिसूरींद्रा—स्ततो विद्याब्धिसूरयः ॥
उदयार्णवसूरिश्च । कीर्तिसिंधुमुनिपतिः ॥ ९ ॥

અર્થ:—ત્યારપછી શ્રીઅમરસાગરસૂરિજી થયા, અને ત્યારબાદ શ્રીવિદ્યાસાગરસૂરિજી થયા. પછી શ્રીઉદયસાગરસૂરિજી થયા, અને ત્યા-રપછી શ્રીકીર્તિસાગરસૂરીશ્વરજી થયા. ॥ ૯ ॥

ततः पुण्योदधिसूरी । राजेंद्रार्णवसूरयः ॥
मुक्तिसागरसूरींद्रा । बभूवुर्गुणशालिनः ॥ १० ॥

અર્થ:—ત્યારબાદ શ્રીપુણ્યસાગરસૂરિજી થયા, તેમની પાટે શ્રી રાજેંદ્રસાગરસૂરિજી થયા. અને ત્યારપછી ગુણોવડે શોભતા શ્રીમુક્તિ-સાગરસૂરિજી થયા.। ૧૦ ॥

ततो रत्नोदधिसूरि—र्जयति विचरन् भुवि ॥
शांतदांतक्षमायुक्तो । भव्यान् धर्मोपदेशकः ॥ ११ ॥

અર્થ:—ત્યારપછી શાંત, દાંત, ક્ષમાવાન્ તથા ભવ્યજીવોને ધર્મો-પદેશ આપનારા શ્રીરત્નસાગરસૂરિજી (હાલમાં એટલે આ શિલાલેખ લખાયો ત્યારે) પૃથ્વીપર વિચરતાથકા જયવંતા વર્તે છે. ॥ ૧૧ ॥

॥ इति पट्टावलिः ॥ (એવીરીતે પટ્ટાવલિ જાણવી)

अथ कच्छसुराष्ट्रे च । कोठारानगरे वरे ॥
बभूव लघुशाखायां । मणसीति गुणोज्ज्वलः ॥ १२ ॥

અર્થ:—હવે કચ્છનામના ઉત્તમ દેશમાં આવેલા કોઠારાનામના શ્રેષ્ટ નગરમાં (ઓશવાળજ્ઞાતિની) લઘુશાખામાં ગુણોવડે ઉજ્જવલ એવા મણસીનામના શેઠ થયા. ॥ ૧૨ ॥

तत्पुत्रो नायको जज्ञे । हीरबाइ च तत्प्रिया ॥
पुत्रः केशवजी तस्य । रूपवान् पुण्यमूर्तयः ॥ १३ ॥

અર્થ:—તે મણસી શેઠનો નાયકનામે પુત્ર થયો. અને તે નાયકને હીરબાઇનામે સ્ત્રી હતી, તથા તેમને કેશવજીનામનો રૂપવાન્ તથા પવિત્ર આકારવાળો પુત્ર થયો. ॥ ૧૩ ॥

मातुलेन समं मुंबै–बंदरे तिलकोपमे ॥
अगात्पुण्यप्रभावेन । बहु स्वं समुपार्जितं ॥ १४ ॥

અર્થ:—તે કેશવજી પોતાના મામાની સાથે તિલકસરખા મુંબૈબંદરમાં ગયો, અને ત્યાં પુણ્યપ્રતાપે તેણે ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું. ૧૪

देवे भक्तिर्गुरौ रागी । धर्मश्रद्धाविवेकिनः ॥
दाता भोक्ता यशःकीर्ति । स्ववर्गे विश्रुतो बहु ॥ १५ ॥

અર્થ:—તે કેશવજી જિનદેવપ્રતે ભક્તિવાન્, ગુરૂનો રાગી, ધર્મપર શ્રદ્ધાવાળો, વિવેકી, દાતાર, ભોક્તા, જશ અને કીર્તિવાળો, તથા પોતાની જ્ઞાતિમાં ઘણો પ્રખ્યાત થયો. ॥ ૧૫ ॥

पाबेति तस्य पत्नी च । नरसिंहः सुतोऽजनि ॥
रत्नबाई तस्य भार्या । पतिभक्तिसुशीलवान् ॥ १६ ॥

અર્થ:—તે કેશવજીને પાબાનામની સ્ત્રી, તથા નરસિંહનામનો પુત્ર થયો. તે નરસિંહની પતિપ્રતે ભક્તિવાળી તથા ઉત્તમ શીલવાળી રત્નબાઈનામે સ્ત્રી હતી. ॥ ૧૬ ॥

केशवजीकस्य भार्या । द्वितीया मांकबाइ च ॥
नाम्ना श्रीकमजी तस्य । पुत्रोऽभूत् स्वल्पजीविनः ॥ १७ ॥

અર્થ:—તે કેશવજીને બીજી માંકબાઇનામની સ્ત્રી હતી, અને તેનો શ્રીકમજીનામે પુત્ર થાયો. પરંતુ તે સ્વલ્પ આયુષવાળો થયો. ૧૭

नरसिंहस्य पुत्रोऽभूत् । रूपवान् सुंदराकृतिः ॥
चिरं जय सदा ऋद्धि—र्वृद्धिर्भवतु धर्मतः ॥ १८ ॥

અર્થ:—હવે તે નરસિંહને રૂપવાન્ તથા મનોહર શરીરવાળો પુત્ર થયો, તે સર્વદા જયવંતો વર્તો? તેમજ ધર્મથી સમૃદ્ધિની વૃદ્ધિ થાઓ? ॥ ૧૮ ॥

॥ इति वंशावलिः ॥ ( એવીરીતે વંશાવલી કહી )

गांधीमोहोतागोत्रे सा केसवजी निजभुजोपार्जितवित्तेन धर्मकार्याणि कुरुतेस्म। तद्यथा, निजपरिकरयुक्तो संघसार्धं विमलाद्रितीर्थे समेत्य कच्छसौराष्ट्रगुर्जरमरुधरमेवाडकुंकणादिदेशादागता बहुसंघलोकाः मिलिताः, अंजनशलाकाप्रतिष्ठादिमहोत्सवार्थं विशालमंडपं कारयतिस्म.

અર્થ:—ગાંધીમહોતાગોત્રમાં ઉત્પન્ન થયેલા શા. કેશવજીનામના શેઠ પોતાની ભુજાથી ઉપાર્જન કરેલાં દ્રવ્યવડે ધર્મકાર્યો કર્યાં, તે નીચે મુજબ છે. તે શેઠ પોતાના પરિવારસાથે સંઘસહિત શ્રીશત્રુંજયતીર્થમાં આવ્યા. તે સંઘમાં કચ્છ, સોરઠ, ગુજરાત, મારવાડ, મેવાડ તથા કુંકણઆદિક દેશોમાંથી આવેલા ઘણા લોકો એકઠા થયા હતા. પછી તે શેઠે અંજનશિલાકા તથા પ્રતિષ્ઠા આદિક મહોત્સવમાટે ત્યાં મહોટો મંડપ રચાવ્યો.

तन्मध्ये नवीनजिनबिंबानां रूप्यपाषाणधातूनां बहुसहस्रसंख्यानां सुमुहूर्ते सुलग्ने पीठोपरि संस्थाप्य तस्य विधिना क्रियाकरणार्थं श्रीरत्नसागरसूरिविधिपक्षगच्छपतेरादेशतः मुनिश्रीदेवचंद्रगणिना तथा क्रियाकुशलश्राद्धैःसह शास्त्रोक्तरीत्या शुद्धक्रियां कुर्वन्.

અર્થ:—તે વિશાલ મંડપમાં રૂપાનાં, પાષાણના તથા ધાતુઓનાં હજારોગમે નવિન જિનબિંબોને ઉત્તમ મુહૂર્તે, તથા શુભલગ્ને પીઠિકાપર સ્થાપવામાં આવ્યાં. પછી તેની ક્રિયા કરવામાટે વિધિપક્ષ (અંચલ) ગચ્છના નાયક શ્રીરત્નસાગરસૂરિજીની આાજ્ઞા મુનિશ્રી-

દેવચંદગણિજીએ, ક્રિયા કરાવવામાં કુશલ એવા શ્રાવકોની સાથે મળીને શાસ્ત્રોમાં કહેલી રીતમુજબ શુદ્ધ ક્રિયા કરી.

श्रीवीरविक्रमार्कतः संवत् १९२१ ना वर्षे तस्मिन् श्रीशालिवाहनभूपालकृते शाके १७८६ प्रवर्तमाने मासोत्तमश्रीमाघमासे शुक्लपक्षे तिथौ सप्तम्यां गुरुवासरे मार्तंडोदयवेलायां सुमुहूर्ते सुलग्ने स्वर्णशलाकया जिनमुद्राणां श्रीगुरुभिश्च साधुभिरंजनक्रियां कुरुतेस्म ।

અર્થ.–શ્રીવિક્રમાર્કની સંવત્ ૧૯૨૧ની સાલમાં, તથા શ્રીશાલિવાહન–રાજાના શકની ૧૭૮૬ ની સાલમાં શ્રીમાઘમાસનામના ઉત્તમ માસમાં શુકલપક્ષની સાતમની તિથિએ ગુરૂવારને દિવસે સૂર્યોદયવખતે ઉત્તમ મુહૂર્ત તથા શુભલગ્ન આવ્યે છતે શ્રીગુરૂમહારાજે તથા સાધુઓએ મળીને તે સઘળી જિનપ્રતિમાઓની અંજનશલાકા કરી.

संघलोकान् सुवेषधारीन् बहुऋध्ध्या गीतगानवादित्रपूर्वकं समेत्य जिनपूजनलोंछनादिक्रिया याचकानां दानादिसंघवात्सल्यादिभक्तिर्हर्षतश्चक्रे ।

અર્થ:—તે વખતે સંઘના સઘળા લોકો ઉત્તમ વસ્ત્રો તથા આભૂષણો પહેરીને ગીતો અને ગાયનો ગાતા તથા વાજિંત્રોના નાદો કરતા થકા ત્યાં આવ્યા. અને તે શેઠે પણ મનમાં ઘણો હર્ષ લાવીને તે જિનપ્રતિમાઓનું પૂજન, તથા ન્યુછાવરઆદિકની ક્રિયા કરી, યાચકોને દાન આપ્યાં, તેમજ સંઘની સ્વામિવાત્સલ્યઆદિકથી તેમણે હર્ષથી ભકિત કરી.

पुनः धर्मशालायां आरासोपलनिर्मितं सास्वतऋषभादिजिनानां चतुर्मुखं चैत्यं, पुनः गिरिशिखरोपरि श्रीअभिनंदनजिनस्य विशालमंदिरं, तस्य प्रतिष्ठा माघसित त्रयोदश्यां बुधवासरे शास्त्रोक्तविधिना क्रिया कृता.

વળી (ત્યાં પાલીતાણા શહેરમાં) પોતે બંધાવેલી ધર્મશાલામાં તેમણે આરસપહાણનું શ્રીઋષભાદિ શાશ્વતા જિનેશ્વરોનું એક ચતુર્મુખ જિનમંદિર બંધાવ્યું. તેમજ તે શ્રીશત્રુંજયપર્વતના શિખરપર તેમણે શ્રીઅભિનંદન જિનેશ્વરજીનું વિશાલ જિનમંદિર બંધાવ્યું. તેની પ્રતિષ્ઠાની ક્રિયા શાસ્ત્રોમાં કહેલી વિધિ પ્રમાણે મહાસુદ તેરસ અને બુધવારે કરી.

श्रीरत्नसागरसूरीणामुपदेशतः श्रीसंघपतिना निजपरिवारेण सह श्रीअभिनंदनादिजिनबिंबानि स्थापितानि. ततः गुरुभक्ति-संघभक्ति शक्त्यानुसारेण कृतः । गोहिलवंशविभूषणठाकोरश्री-सूरसंघजीराज्ये पादलिप्तपुरे महतोत्सवमभुत् श्रीसंघस्य भद्रं भूयात्, कल्याणमस्तु ॥ शुभं भवतु ॥

અર્થઃ—શ્રીરત્નસાગરસૂરીશ્વરજીના ઉપદેશથી સંઘપતિએ પોતાના પરિવારસહિત શ્રીઅભિનંદનઆદિ જિનેશ્વરોની પ્રતિમાઓ સ્થાપન કરી. ત્યારબાદ તેમણે પોતાની શકિતઅનુસાર ગુરૂની તથા સંઘની ભકિત કરી. ગોહિલવંશમાં આભૂષણસમાન ઠાકોર શ્રીસૂરસંઘજીના રાજ્યમાં પાલીતાણાશહેરમાં આ મહોત્સવ થયો, શ્રીસંઘનું શ્રેય, કલ્યાણ અને શુભ થાઓ.

माणिक्यसिंधुवरमुख्यमुनिवरेषु ।
तच्छिष्यवाचकवरविनयार्णवेन ॥
एषा प्रशस्तिः श्रवणामृततुल्यरूपा ।
संघस्य शासनसमुन्नतिकार्यलेखि ॥१॥

वाचकविनयसागरेणेयं प्रशस्तिर्लिखिता ।
यावन्मेरुर्महीधरो । यावच्चंद्रदिवाकरौ ॥
यावत्तीर्थं जिनेंद्राणां । तावन्नंदतु मंदिरं ॥२॥
॥ श्रीरस्तु ॥

અર્થઃ—મુનિવરોમાં મુખ્ય એવા શ્રીમાણિકયસાગરજી થયા, તેમના શિષ્ય ઉપાધ્યાય શ્રીવિનયસાગરજીએ શ્રવણોને અમૃતસમાન

લાગનારી, તથા સંઘ અને જૈનશાશનની ઉન્નતિ કરનારી આ પ્રશસ્તિ લખેલી છે. ॥ ૧ ॥ શ્રીવિનયસાગર ઉપાધ્યાયજીએ આ પ્રશસ્તિ લખીછે. ॥ જ્યાંસુધી મેરૂપર્વત રહે, જ્યાંસુધી સૂર્યચંદ્ર રહે, તેમજ જ્યાંસુધી જિનેશ્વરોનું તીર્થ રહે, ત્યાંસુધી આ જિનમંદિર સમૃદ્ધિ પામો ? ॥ ૨ ॥ લક્ષ્મી થાઓ, (આ શિલાલેખની પ્રશસ્તિના રચનારને સંસ્કૃત ભાષાનું સારૂં જ્ઞાન ન હોવાથી તે અપભ્રષ્ટ એટલે તે ભાષાના નિયમોથી વિરૂદ્ધ અશુદ્ધ સંસ્કૃત ભાષામાં રચાયેલી છે. )

## ॥ ૭૩ ॥ શ્રીવિવેકસાગરસૂરિઃ ॥

( તેમનું વૃત્તાંત નીચે મુજબ છે. )

આ શ્રીવિવેકસાગરસુરિજીનો જન્મ સંવત્ ૧૯૧૧ માં કચ્છદેશમાં આવેલા આસંબીયા નામના ગામમાં ઓશવાલજ્ઞાતિના શાં. ટોકરસી નામના શેઠને ઘેર થયો હતો. દીક્ષા લીધાબાદ સંવત્ ૧૯૨૮ માં કચ્છ માંડવીબંદરમાં તેમને આચાર્યની તથા ગચ્છનાયકની પદવી મળી. ત્યારબાદ સંવત્ ૧૯૪૮ ના ફાગણ સુદ ત્રીજ ગુરુવારે મુંબઇશાહેરમાં સર્વ મળી સાડત્રીસ વર્ષોનું આયુષ ભોગવી સ્વર્ગે ગયા.

## ॥ ૭૪ ॥ શ્રીજિનેંદ્રસાગરસૂરિઃ ॥

આ આચાર્ય હાલમાં વિદ્યમાન વિચરે છે.

## ॥ ૬૫ ॥ શ્રીરત્નસાગરમહોપાધ્યાયજી ॥

હવે આ અંચલગચ્છની ચોસઠમી પાટે થયેલા મહાપ્રભાવિક યુગપ્રધાન શ્રીકલ્યાણસાગરજીસૂરીશ્વરના શિષ્ય શ્રીરત્નસાગરજીનામના ઉપાધ્યાયજી થયા. તેમનો વૃત્તાંત નીચે મુજબ છે.

આ શ્રીરત્નસાગરઉપાધ્યાયજીના વૃત્તાંતની એક "ગુરૂગુણચોવીસી" નામની ગહુંલી તે સમયમાં વિચરતાં શ્રીગુણશ્રીજી નામની સાધ્વીએ સંવત ૧૭૨૧ માં કપડવંજમાં ચોમાસું રહીને જે રચેલી છે, તે નીચે મુજબ છે.

### ॥ અથ ગુરૂગુણ ચોવીસી ॥

સરસત દેવી પાય નમીને । ગુરૂગુણ ગાઓ રંગે ॥ હો વાલા મોરા ॥ ગુરુ૦ ॥ મનમાયેં અતિ ઉલટ આણી । રીઝે જે સદ્ગુણસંગે ॥ હો ભવિકાં ॥ ગુરૂ૦ ॥ ૧ ॥ રતનસાગરજી ઉપાધ્યાયના । ગુણ ગાઉં હું ભાવે ॥ હો વાલા૦ ॥ પરભાવક જે જગમાં મોટા । અંચલગચ્છને સોહાવે ॥ હો ભવિકાં ॥ ગુરૂ૦ ॥ ૨ ॥ કચ્છદેસમાં જખ્ખૂ ગામે । ઓસવાલતણી નાતે ॥ હો૦ ॥ લઘુનાગડતણું ગોત્ર સોહાવે ॥ સવિ વણિકતણી જાતે ॥ હો૦ ॥ ૩ ॥ આસુનામે તિહાં શેઠ વસે છે । સાવકમાં સિરદાર ॥ હો૦ ॥ તેહતણી કરમા છે નામે । ભારજા ગુણગણસાર ॥ હો૦ ॥ ૪ ॥ સંવત સોલને છવીસ સાલે । પોસદસમતિથિ સારી ॥ હો૦ ॥ કરમાએ ઈક સુતને આપ્યો । જનમ તિજ મણુહારી ॥ હો૦ ॥ ૫ ॥ રતનસી તસ નામ તે દીધો । માતાપિતાએં સારો ॥ હો૦ ॥ બાલક પિણ તે બાલપણાથી । લાગે જનોને પીયારો ॥હો૦॥ ॥ ૬ ॥ સાત વરિસ ઇમ વીત્યાં તિણના । માતપિતા પરલોકે ॥હો૦॥ દૈવજોગે ગીયા કરમતણી અહીં । કુણ ગતિને રોકે ॥ હો૦ ॥ ૭ ॥ ઇહવે સોલપેંતીસની સાલે । ધરમમૂરતસૂરિરાયા ॥ હો૦ ॥ જખ્ખૂબિંદરમાંઈ પધાર્યા । ભવિજણને સુખદાયા ॥ હો૦ ॥ ૮ ॥ કાકે તે ગુરુવરને આપ્યા । રતનસીને ભાવે ॥ હો૦ ॥ ગુરૂ પિણ તિમને સાથ લેઇને । તિયાંથી વિચરી જાવે ॥ હો૦ ॥ ૯ ॥ પછી સોલ ઇગતાલીસ સાલે । માઘસુકલબીજ સારી ॥ હો૦ ॥ ગુરૂવરજીએ દીક્ષા આપી । દીવબિંદિરે સુખકારી ॥ હો૦ ॥ ૧૦ ॥ રતનસાગરજી નામ દેવીને ।

આગમ ગુરૂજી ભણાવે ॥ હો૦ ॥ સોલચુમાલી વેસાખની તીજે । ચડી દીક્ષા દે ભાવે ॥ હો૦ ॥ ૧૧ ॥ કલ્યાણસાગરજીના થાપે । સીસ કરીને તેને ॥ હો૦ ॥ ગુરૂઆણાએ કલાણસાગરજી । ઠવે છે વાસખેપ જેને ॥ હો૦ ॥ ૧૨ ॥ સાસ્ત્રઅભ્યાસ પછી ગુરૂજી તસ । મહોપાધીયાયપદ આપે ॥ હો૦ ॥ સંવત સોલ અડતાલીસ સાલે । મુનિગણનાયક થાપે ॥ હો૦ ॥ ૧૩ ॥ કલાણસાગરજીસૂરિસાથે । વિચરે દેસવિદેસે ॥ હો૦ ॥ વિધામંત્ર ગુરૂજી આપે । સંજમ પાલે વિસેસે ॥ હો૦ ॥ ૧૪ ॥ સંવત સોલસે ચઉપણ સાલે । ફાગુણસુદ તીજ સારી ॥ હો૦ । સુરતનગરે પ્રતિષ્ટા કરાવી । ભવિજણગણમણહારી ॥ હો૦ ॥ ૧૫ ॥ સેઠ સરૂપચંદ મીઠડીઆએ । પડિમા તેર ભરાવી ॥ હો૦ ॥ દસ સહેસ દમ તિહાં ખરચી । ભવિજણમણમાં ભાવી ॥ હો૦ ॥ ૧૬ ॥ રાંયણપુરનયરે તે આવે । સોલપચાવન સાલે ॥ હો૦ ॥ બુહડગોતરી મેઘણસાવગ । બારે વરત તિયા પાલે ॥ હો૦ ॥ ૧૭ ॥ ઉપાધીયાયજીએ પડિબોહિયા । સંખેસર સુભભાવે ॥ હો૦ ॥ સંઘ લઇ જાતરા કરવાને । ગુરૂ સાથે તિયાં આવે ॥ હો૦ ॥ ૧૮ ॥ જિણપડિમા તિણ તેહ ભરાવે । ગુરૂઉપદેશે ભાવે ॥ હો૦ ॥ ચેતરસુદ તેરસને દિવસે । સંઘ જીમાડીને ઠાવે ॥ હો૦ ॥ ૧૯ ॥ ઇમ થંભણપુર ભરૂચનયરે । સોલપચાવન સાલે ॥ હો૦ ॥ સાવગજણ જિણપડિમા ઠાવે । તસ ઉપદેસે રસાલે ॥ હો૦ ॥ ૨૦ ॥ પાલણપુરનવાબબિગમનો । ખડમાસી જવર ટાલ્યો ॥ હો૦ ॥ રતનસાગરજી ગુરૂવર કેરો । બહુ જસ જગમાં માહ્યો ॥ હો૦ ॥ ૨૧ ॥ પંચાચાર જે સુધા પાલે । પાંચે સમિતિને ધારે ॥ હો૦ ॥ મન વચ કાયા ગોપવી ચાલે । કામ કસાય નિવારે ॥ હો૦ ॥ ૨૨ ॥ સતરસો વીસ સાલે ગુરૂજી । કપડવંજની માંહે ॥ હો૦ ॥ પોસ દસમ દિવસે સુભધ્યાને । પામે સરગ ઉછાંહે ॥ હો૦ ॥ ૨૩ ॥ ઇમ ગુરૂગુણ ગુણસીરીએ ગાયા । સવંત સતર ઇગવીસે ॥ હો૦ ॥ કપડવંજનીમાહે રહીને । ગુરૂભગતી ધરી સીસે ॥ હો૦ ॥ ૨૪ ॥ ઇતિ શ્રીગુરૂગુણચોવીસી સમાપ્તા ॥ ઇતિ શ્રીરતનસાગરજીઉપાધ્યાયજીની ગુહલી સંપૂર્ણ ॥ સંવત ૧૮૩૩ માગસીર વદી ૭ સુરતનગરે સાધ્વી દાનસીરીએ પોતાને ભણવાકાજે પોતે આ ગુંહલી લીખી છઇ ॥ સુભ ભવતુ ॥

(ઉપર કહેલી આ શ્રીગુરૂગુણચોવીસીનો ભાવાર્થ નીચે મુજબ છે.)

સંવત ૧૭૨૦ ની સાલમાં આ ગુરૂગુણચોવીસીની રચનાર

સાધ્વીજી શ્રીગુણશ્રીજી કહે છે કે—સરસ્વતી દેવીના ચરણોમાં નમસ્કાર કરીને, તથા મારા હૃદયમાં હર્ષ લાવીને જે હમેશાં સદ્‌ગુણોનોજ સંગ કરતા હતા, તેવા ગુરૂમહારાજના હું ખુશીથી ગુણ ગાઉં છું, માટે હે ભવ્યજનો! તમો પણ તેવા ગુરૂના ગુણો ગાઓ? ॥ ૧ ॥ જેઓ આ જગતમાં મ્હોટા પ્રભાવિક થયા છે, તથા જેમણે શ્રીઅચલગચ્છને શોભાવ્યો છે, એવા શ્રીરત્નસાગરજી ઉપાધ્યાયજીના ગુણોને હું ભાવથી ગાઉં છું. ॥ ૨ ॥ કચ્છનામના દેશમાં આવેલા જખૌ નામના ગામમાં સર્વજાતના વણિકોની જાતિમાં ઓશવાલનામની જ્ઞાતિમાં "લઘુનાગડા" નામનું ગોત્ર શોભતું હતું. ॥ ૩ ॥ તે ગોત્રના આસુનામના શેઠ તે જખૌગામમાં વસતા હતા, કે જેઓ શ્રાવકોમાં અગ્રેસર હતા. તેમને ગુણોના સમૂહવાળી કરમાનામની સ્ત્રી હતી. ॥ ૪ ॥ તે કરમાશેઠાણીએ સંવત ૧૬૨૬ ના પોસદસમની તિથિએ એક પુત્રને જન્મ આપ્યો, કે જે જન્મથીજ મનોહર હતો. ॥ ૫ ॥ પછી માતાપિતાએ પોતાના તે પુત્રનું રતનસી નામ રાખ્યું, તે રતનસી બાળક છતાં પણ પોતાની બાલચેષ્ટાથી લોકોને પ્યારો લાગવા માંડ્યો. ॥ ૬ ॥ એમ કરતાં જ્યારે તે રતનસી સાત વર્ષોની વયનો થયો, ત્યારે દૈવયોગે તેના માતાપિતા મરણ પામ્યા, કેમકે કર્મોની ગતિને અહીં કોણ રોકનાર છે? ॥ ૭ ॥ એવામાં સંવત ૧૬૩૫ ની સાલમાં ભવ્યજનોને સુખ આપનારા શ્રીધર્મમૂર્તિસુરિજી તે જખૌબંદરમાં પધાર્યા. ॥ ૮ ॥ ત્યારે તે રતનસીના કાકાએ ભાવથી તેને તે ગુરૂમહારાજને વોરાવ્યા, પછી ગુરૂમહારાજ પણ તે રતનસીને સાથે લેઇને ત્યાંથી વિહાર કરી ગયા. ॥ ૯ ॥ પછી સંવત ૧૬૪૧ માં મહાસુદી બીજને દિવસે ગુરૂમહારાજે તે રતનસીને દીવબંદરમાં દીક્ષા આપી. ॥ ૧૦ ॥ તથા તેમનું રતનસાગરજી નામ રાખીને ગુરૂમહારાજે તેને આગમો ભણાવ્યાં. ત્યારપછી સંવત ૧૬૪૪ ના વૈસાખ સુદ ત્રીજે તેમને ભાવથી વડીદીક્ષા આપી. ॥ ૧૧ ॥ પછી ગુરૂજીએ તેમને શ્રીકલ્યાણસાગરજીના શિષ્યતરીકે સ્થાપ્યા, અને તેથી ગુરૂજીની આજ્ઞાથી કલ્યાણસાગરજીએ તેના મસ્તકપર વાસક્ષેપ નાખ્યો. ॥ ૧૨ ॥ પછી શાસ્ત્રાભ્યાસ કરાવ્યાબાદ ગુરૂજીએ તેમને મહોપાધ્યાયજીની પદવી આપી, અને એરીતે સંવત ૧૬૪૮ ની સાલમાં તેમને મુનિમંડલના નાયક સ્થાપ્યા. ॥ ૧૩ ॥ પછી તે શ્રીરત્નસાગરઉપાધ્યાયજી શ્રીકલ્યાણસાગરસૂરિજીની સાથે વિહાર કરવા લાગ્યા. ત્યારે ગુરૂમહારાજે તેમને કેટલાક વિદ્યામંત્રો

આપ્યા, અને તે પણ વિશેષ પ્રકારે પોતાનું ચારિત્ર પાળવા લાગ્યા. ॥ ૧૪ ॥ પછી તે શ્રીરત્નસાગરઉપાધ્યાયજીએ સંવત ૧૬૫૪ ના ફાગણસુદ ત્રીજને દિવસે ભવ્યલોકોના સમુહના મનને હરનારી એવી સુરતનગરમાં પ્રતિષ્ઠા કરાવી. ॥ ૧૫ ॥ તે વખતે ત્યાંના મીઠડીયાગોત્રવાળા સરૂપચંદનામના શેઠે દશહજાર દામ ખરચીને ભવ્યજનોને મનગમતી તેર નવી જિનપ્રતિમાઓ ભરાવી હતી. ॥ ૧૬ ॥ પછી તેઓ સંવત ૧૬૫૫ માં રાધનપુરનગરમાં પધાર્યા. ત્યાં બુહડગોત્રી મેઘણનામના બારવ્રતધારી શ્રાવક વસતા હતા. ॥ ૧૭ ॥ તે મેઘણ શ્રાવક આ ઉપાધ્યાયજીના ઉપદેશથી શુભ ભાવે સંઘને તથા તેમને સાથે લેઇને શ્રીશંખેશ્વરજીની યાત્રા કરવાને આવ્યા. ॥ ૧૮ ॥ પછી તે મેઘણ શ્રાવકે તેમના ઉપદેશથી ભાવપૂર્વક ત્રણ જિનપ્રતિમાઓ ભરાવી. તથા ત્યાં સંઘને ભોજન કરાવીને ચૈતરસુદ તેરસને દિવસે તે પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. ॥ ૧૯ ॥ એવીજરીતે તેમના અમૃત સરખા ઉપદેશથી ખંભાત તથા ભરૂચનગરમાં સંવત્ ૧૬૫૫ની સાલમાં શ્રાવકોએ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. ॥ ૨૦ ॥ વળી તેમણે પાલણપુરના નવાબસાહેબની બેગમનો છમાસનો જીર્ણ જવર દૂર કર્યો, અને તેથી તે શ્રીરત્નસાગરજી ગુરૂમહારાજનો જશ જગત્માં વિસ્તાર પામ્યો ॥ ૨૧ ॥ તે ઉપાધ્યાયજી સાધુના પાંચે આચારો અતિચારરહિત પાલતા હતા, પાંચે સમિતિઓને ધારણ કરતા હતા, મન, વચન અને કાયાને ગોપવીને ચાલતા હતા, તથા કામ અને કષાયોને નિવારતા હતા. ॥ ૨૨ ॥ પછી સંવત ૧૭૨૦ માં તે શ્રીરત્નસાગરઉપાધ્યાયજીએ કપડવંજનામના શહેરમાં પોસસુદી દશમને દિવસે શુભધ્યાનથી કાળ કરીને દેવલોકે ગયા. ॥ ૨૩ ॥ એવીરીતે ગુણશ્રીજીનામની સાધ્વીજીએ સંવત્ ૧૭૨૧માં કપડવંજમાં રહીને ગુરૂમહારાજપરની ભકિતને લીધે તેમના આ ગુરૂગુણો ગાયા છે. ॥ ૨૪ ॥ એવીરીતે આ શ્રીગુરૂગુણચોવીસી સમાપ્ત થઇ. ॥ આ ગુરુગુણચોવીસીનું (ગુહલીનું) પ્રાચીન પાનું સંવત્ ૧૮૩૩ના માગસરવદી સાતમને દિવસે સુરતશહેરમાં સાધ્વીજી શ્રીદાનશ્રીજીએ પોતાને ભણવામાટે પોતેજ હસ્તાક્ષરથી લખ્યું છે (તે પાનાપરથી આ નકલ ઉતારીને અહીં છાપી પ્રગટ કરેલી છે.)

આ શ્રીરત્નસાગરજીઉપાધ્યાયજીનો શિષ્ય પરિવાર નીચે મુજબ હતો.

૧ મેઘસાગરજી, ૨ સુમતિસાગરજી,
૩ વિશુદ્ધસાગરજી, તથા ૪ સુરસાગરજી.

તે ચારે શિષ્યોમાંથી મેઘસાગરજી મુખ્ય હતા.

૫૦ જૈન ભા. પ્રેસ—જામનગર.

## ॥ ૬૬ ॥ શ્રીમેઘસાગરજી ઉપાધ્યાયજી ॥

( તેમનું વૃત્તાંત નીચે મુજબ છે. )

ઉપર જણાવેલા શ્રીરત્નસાગરઉપાધ્યાયજીના મેઘસાગરઉપાધ્યાયજી નામના મુખ્ય શિષ્ય હતા, તેમના સંબંધમાં તે સમયે એટલે સંવત્ ૧૬૭૦માં વિમલશ્રીજીનામની એક સાધ્વીએ મારવાડમાં આવેલા વાલોતરાનામના ગામમાં ચતુર્માસ રહીને પુરાણી મારવાડીભાષામાં એક ગહુંલી રચેલી છે. તેપરથી તેમનો થોડોક ઇતિહાસ મળી આવ્યો છે તે ગહુંલી એક પ્રાચીન પાનામાં જે રીતેની મારવાડીભાષામાં લખેલી છે, તેવીજ અક્ષરશઃ નીચે મુજબ અહીં છાપી પ્રસિદ્ધ કરી છે.

ચાલોરી સઇયાં ગુરૂવંદણરી કાજી । મીં તુ જાયસાંજીરી ॥ ચાલો૦ ॥ મેઘસાગરરી ગુરાંરી વાંદસાંજી ॥ ૧ ॥ ઈ આંકણી ॥ પરભાસીપાટણીરીમાંઇ જણીમીયાંજી । પોરીવારીરી નિરિમિલી જાતીરી ॥ સોરી તિપીણીરી સાલીરીજી । કાતીસુદીદૂજસીકારીજી ॥ ચાલો૦ ॥૨॥ સોરીછાસીઠીરીમીં લીઉજી । સંજમરો તીણી બારીરી ॥ ફાગુણીસુદી તીજી નીકીજી । ગુરાં રતનસાગરાંરી પાસીરી ॥ ચાલો૦ ॥ ૩ ॥ પીછી પદી ઉપાધીયાંરો દીઉજી । વાલુતરીમીં તાસીરી ॥ સોરેસીતીરી માઘચઉથરીજી । તિથ નીકી બણી ખાસીરી ॥ ચાલો૦ ॥ ૪ ॥ લુણુઆ સુરીજમીલીં કીઉજી । મુછવ તીણીરો ભલીભાતીરી ॥ સંઘોરી મણુમેં ભાવીઉજી । લીગાઓ દામ સિયસાતીરી ॥ ચાલો૦ ॥ ૫ ॥ વાણી સુણેવઇ ગુરાંજી નીકીજી । વરીસે અમરીતમીહીરી ॥ અંચલગછરો મહિમાઇ નીકોજી । હુઉ જીકો ચારો દીહીરી ॥ ચાલો૦ ॥ ૬ ॥ ઇમ વિમિલસીરીઈ ગાએઆજી । નિયગુરાંરા ગુણિ મણુહારીરી । વાલુતરીમી ચાઉમાસીઇંજી । સોરીસીતીરી સાલીરી ॥ ચાલો૦ ॥ ૭ ॥ ઉપર છાપેલી ગહુંલીનો ભાવાર્થ નીચે મુજબ છે.

આ ગહુંલીની રચનાર વિમલશ્રીજી સાધ્વીજી કહે છે કે, હે સખીઓ ! તમો ગુરુમહારાજને વાંદવાને ચાલો ? કેમકે હું તો તેમને વાંદવામાટે જવાની છું, અને ત્યાં જઇને શ્રીમેઘસાગરજી ગુરૂજીને વાંદીશ ॥ ૧ ॥ આ શ્રીમેઘસાગરઉપાધ્યાયજી પ્રભાસપાટણનામના નગરમાં

પોરવાડની નિર્મલ જ્ઞાતિમાં સંવત્ ૧૬૫૩માં કાર્તિક સુદી બીજને દિવસે જન્મ્યા હતા. ॥ ૨ ॥ વળી તેમણે સંવત્ ૧૬૬૬ માં ફાગણ સુદી ત્રીજને દિવસે શ્રીરત્નસાગરજી ગુરૂમહારાજપાસે સંજમનો ભાર ગ્રહણ કર્યો હતો. ॥ ૩ ॥ પછી સંવત્ ૧૬૭૦ માં મહાસુદ ચોથને દિવસે વાલોતરાનામના ગામમાં તેમને ઉપાધ્યાયજીની પદવી આપવામાં આવી હતી. ॥ ૪ ॥ તે વખતે લુણીયાગોત્રવાળા સુરજમલજીનામના શ્રાવકે સાતસો દામ ખરચીને તેનો ઠાઠમાઠથી મહોત્સવ કર્યો હતો. ॥ ૫ ॥ પછી તે શ્રીમેઘસાગરઉપાધ્યાયજી જેમ અમૃતનો મેઘ વરસતો હોય, તેમ ઉત્તમ વ્યાખ્યાનવાણી સંભળાવતા હતા, કે જેથી ચોતરફ શ્રીઅંચલગચ્છનો મહિમા સારીરીતે વિસ્તાર પામ્યો હતો. ॥ ૬ ॥ એમ શ્રીવિમલશ્રીજીનામની સાધ્વીજીએ સંવત્ ૧૬૭૦ માં વાલોતરાનામના ગામમાં ચતુર્માસ રહીને પોતાના ગુરૂ એવા આ શ્રીમેઘસાગરજી ગુરૂમહારાજના ગુણો ગાઇ સંભળાવ્યા છે. ॥ ૭ ॥

હવે ઉપર જણાવેલા શ્રીમેઘસાગરજીઉપાધ્યાયજીનો પરિવાર નીચે મુજબ છે. શ્રીવૃદ્ધિસાગરજી ૧, કનકસાગરજી ૨. મનરૂપસાગરજી ૩. આ ત્રણે શિષ્યોમાંથી મુખ્ય શ્રીવૃદ્ધિસાગરજીનામના ઉપાધ્યાયજી હતા. તેમનો વૃત્તાંત નીચે મુજબ છે.

## ॥ ૬૭ ॥ શ્રીવૃદ્ધિસાગરજી ઉપાધ્યાયજી. ॥

(મારવાડમાં આવેલા) કોટડાનામના ગામમાં પોરવાડજ્ઞાતિના જેમલજીનામે એક શ્રાવક વસતા હતા. તેમને સીરીદેનામની સ્ત્રી હતી, તેમને સંવત્ ૧૬૬૩ માં ચૈત્રવદી પાંચમને દિવસે વૃદ્ધિચંદનામનો પુત્ર થયો. તે વૃદ્ધિચંદે સંવત્ ૧૬૮૦માં મહાવદી બીજને દિવસે શ્રીમેઘસાગરજીઉપાધ્યાયજીની પાસે દીક્ષા લીધી. ત્યારે ગુરૂમહારાજે તેમનું વૃદ્ધિસાગરજી નામ રાખ્યું. પછી સંવત્ ૧૬૯૩ ના કાર્તિકસુદી પાંચમને દિવસે મેડતામાં ગુરૂમહારાજે તેમને ઉપાધ્યાયજીની પદવી આપી. પછી સંવત્ ૧૭૩૩ માં જેઠસુદી ત્રીજને દિવસે બાહડમેરનગરમાં શ્રીમેઘસાગરઉપાધ્યાયજીએ કાલ કર્યો. તેથી સંઘે એકઠા થઇ તેમની પાટે શ્રીવૃદ્ધિસાગરઉપાધ્યાયજીને સ્થાપન કર્યા. આ શ્રીવૃદ્ધિસાગરઉપાધ્યાયજીનો પરિવાર નીચે મુજબ હતો.—હીરસાગરજી ૧, પદ્મસાગરજી ૨, અમીસાગરજી ૩, તેઓમાં મુખ્ય શ્રીહીરસાગરઉપાધ્યાયજી હતા. તેમનું વૃત્તાંત નીચે મુજબ છે—

## ॥ ૬૮ ॥ શ્રીહીરસાગરજી ઉપાધ્યાયજી. ॥


( મારવાડમાં આવેલા ) સોજીતરા નામના ગામમાં ઓશવાળ–જ્ઞાતિના ઉત્તમચંદજી નામના શેઠ વસતા હતા. તેમને જસીબાઇ નામની સ્ત્રી હતી. તેણીની કુક્ષીએ સંવત્ ૧૭૦૩ માં કાર્તક સુદી સાતમને દિવસે હીરાચંદજી નામના પુત્રનો જન્મ થયો. તે હીરાચંદજીએ સંવત્ ૧૭૧૫ ના વૈશાખ સુદી ત્રીજને દિવસે શ્રીવૃદ્ધિસાગરજી ગુરુમહારાજ પાસે દીક્ષા લીધી, તથા ગુરુમહારાજે તેમનું હીરસાગરજી નામ રાખ્યું. પછી ત્યાંથી વિહાર કરી ગુરુમહારાજ કચ્છદેશમાં આવ્યા. ત્યાં નલીયા નામના ગામમાં દેવશંકર નામના પંડિતની પાસે શ્રીહીરસાગરજી શાસ્ત્રોનો અભ્યાસ કરવા લાગ્યા, અને સઘળી વિદ્યાઓનો તેમણે અભ્યાસ કર્યો. ત્યારબાદ ગુરુમહારાજે સંવત્ ૧૭૨૭ માં કાર્તિક સુદી પુનમને દિવસે નલીયામાં તેમને ઉપાધ્યાયજીની પદવી આપી. તથા તેમને યોગ્ય જાણીને શ્રીવૃદ્ધિસાગરજી ગુરુમહારાજે મંત્રયંત્રોના કલ્પોની આમ્નાઓ આપી. પછી તે શ્રીવૃદ્ધિસાગરઉપાધ્યાયજીએ સંવત્ ૧૭૭૩ ના અષાડ સુદી સાતમને દિવસે નળીયાગામમાં કાળ કર્યો. પછી તે શ્રીવૃદ્ધિસાગરઉપાધ્યાયજીની પાટે આ શ્રીહીરસાગરઉપાધ્યાયજી સારા પ્રભાવિક થએલા છે. આ શ્રીહીરસાગરઉપાધ્યાયજીએ સંવત્ ૧૭૬૭ ની સાલમાં નગરપારકર નામના શહેરમાં ચતુર્માસ કર્યું હતું. તે વખતે તે શહેરના ઠાકોરે ત્યાં એક તળાવ ખોદાવવાની શિરૂઆત કરી હતી અને નગરના સઘળા લોકોને એવો હુકમ કર્યો હતો કે, દરેક માણસે એક વખત પાંચ પાંચ સુંડલી તળાવની ખોદલી માટી ઉપાડીને તે માટીથી તેની ફરતી પાળ બાંધવી. રાજાના એવા હુકમથી નગરના સઘળા લોકોએ તે હુકમ મુજબ કાર્ય કર્યું. ત્યારે કોઇ ચુગલખોર માણસે તે ઠાકોરને કહ્યું કે, સાહેબ અહીં આપણા નગરમાં જૈનધર્મના જે જતીઓ આવીને રહેલા છે, તેઓએ આપના હુકમનો અનાદર કરીને તળાવની માટી ઉપાડી નથી. તે સાંભળી ક્રોધ પામેલા તે ઠકરાઇએ પોતાના સેવકોને હુકમ કર્યો કે, આપણા આ નગરમાં જૈનના જેટલા જતીઓ રહ્યા હોય, તે સઘળાઓને એક કોટડીમાં પૂરો, અને તેઓને માર મારીને તે કોટડીને તાળું મારી દીઓ ? તે સાંભળી ઠકરાઇના તે સેવકો જતીયોને ઉપાસરે આવ્યા, અને ઠકરાઇનો

હુકમ કહી સંભળાવ્યો. ત્યારે આ શ્રીહીરસાગરજી ગુરૂમહારાજે ઠકરાઇના તે સેવકોને કહ્યું કે, અમો જતિઓ છીયે, માટે તળાવની માટી કોઇપણ રીતે ઉપાડશું નહીં. ખરેખર તમારા ઠકરાઇનો દિવસ ભરાઇ આવ્યો લાગે છે, કે જેથી તે મૂર્ખ જતિઓનીપાસે તળાવની માટી ઉપડાવવાનું કહે છે. તે સાંભળી તે ઠાકોરના સેવકો તે સઘળા જતિઓને બાંધવામાટે હુજત કરવા લાગ્યા, ત્યારે તે શ્રીહીરસાગરજી ગુરૂમહારાજે એક જલનું પાત્ર ભરી તેની અંદર કંઇક ચૂર્ણ મંત્રીને નાખ્યું. તેજ વખતે તે જલના પાત્રમાંથી મુખે ઘુરઘુર શબ્દ કરતો એક વિકરાલ સિંહ પ્રગટ થયો. ત્યારે ઠાકોરના તે સેવકો બીકના માર્યા પોતાનો જીવ બચાવવાને ત્યાંથી નાશી પોતાના ઠાકોરપાસે આવ્યા, અને તે સિંહની વાત સંભળાવી. ત્યારે ભયથી કંપતો તે ઠાકોર તેજ ક્ષણે શ્રીહીરસાગરજી ગુરૂમહારાજપાસે આવ્યો. તથા ત્યાં સિંહને બેઠેલો જોઇને કંપતા શરીરથી હાથ જોડીને ગુરૂમહારાજને પગે પડ્યો, અને પોતાના અપરાધની તેણે ક્ષમા માગી. ત્યારે ગુરૂમહારાજે તેને કહ્યું કે, તેં ઠાકોર થઇને જતિઓને તલાવની માટી ઉપાડવાનું શામાટે કહ્યું ? શું તારૂં મોત આવ્યું છે. ? આ સિંહ તારૂં શરીર અહીંજ તોડીને ખાઇ જશે. તે સાંભળી તે ઠાકોર ધ્રુજવા લાગ્યો. પછી તે ઠાકોરે પોતાની પાઘડી ઉતારીને ગુરૂમહારાજ શ્રીહીરસાગરજીના ચરણોમાં મેલી. ત્યારે ગુરૂમહારાજે પણ તેના અપરાધની ક્ષમા કરી. પછી તે શ્રીહીરસાગરજી ગુરૂમહારાજે એક ફુંક મારીને તે સિંહનું રૂપ સમેટી લીધું. પછી તે ઠાકોરે તે તળાવને કિનારે એક છત્રીવાળો ચોતરો કરાવ્યો, અને તેની અંદર આ શ્રીહીરસાગરજી ગુરૂમહારાજના ચરણોની સ્થાપના કરી; તથા તે ઠકરાઇ હમેશાં ત્યાં ધૂપ દીપક કરવા લાગ્યો, અને સવારમાં ઉઠીને તે હમેશાં ગુરૂમહારાજનાં ચરણોનું દર્શન કરતો હતો. પછી તે ઠાકોરે ગુરૂમહારાજના ઉપદેશથી માંસમદિરાભક્ષણનો ત્યાગ કર્યો. અને નગરના સઘળા લોકોએ ગુરૂમહારાજના તે ચરણોની પૂજા કરી. અને એવીરીતે તેમણે શ્રીજૈનશાસનનો મહિમા કર્યો. પછી ત્યાં વસનારા લાલણગોત્રના જેસાજીના વંશમાં થયેલા ભીમાજીનામના શ્રાવકે તે શ્રીહીરસાગરજી ગુરૂજીના ઉપદેશથી ઘુઘ્રવાજીનો સંઘ કહાડ્યો, કે જે સંઘમાં ચારસો ઉંટો હતા. તે વખતે તે ભીમાજીની વિનંતિથી તે શ્રીહીરસાગરગુરૂજી પણ તે સંઘની સાથે ચાલતા હતા. ચાલતાં ચાલતાં એક દિવસે માર્ગમાં તે સંઘને કયાંય પણ પાણી

મળી શક્યું નહી, તેથી સંઘના સઘળા લોકો પાણીની તરસથી વ્યાકુલ થવા લાગ્યા, ત્યારે તે સંઘવી ભીમાજી ઘણોજ ખેદ કરવા લાગ્યો. પછી તેણે તે શ્રીહીરસાગરજી ગુરૂમહારાજપાસે જઇ પાણીમાટે વિનંતિ કરીને કહ્યું કે, સાહેબ ! અહીં સંઘના લોકોને પાણી મળતું નથી, અને તેથી તેઓ સઘળા તરસે મરે છે, ત્યારે આ શ્રીહીરસાગરજી ગુરૂમહારાજે એક ખીજડાના વૃક્ષની ડાલને જલાકર્ષણ મંત્રથી મંત્રીને તેપર પોતાનો ઓઘો ફેરવ્યો. ત્યારે તે ડાલમાંથી મનોહર નિર્મલ જલની ધારા પ્રગટ થઇ પડવા લાગી, અને તેથી સંઘના સઘળા લોકોએ અમૃતસરખું તે જલ પીધું. અને ગુરૂમહારાજનો તે પ્રભાવ જોઇને સંઘના સઘળા લોકોને આશ્ચર્ય થયું. પછી તે સંઘસાથે ગુરૂમહારાજે શ્રીલુધ્રવાજીતીર્થની યાત્રા કરી. એવારીતે જૈનશાસનની શોભા વધારતાથકા તે મહાપ્રભાવિક એવા શ્રીહીરસાગરજી ગુરૂમહારાજ વિક્રમસંવત્ ૧૭૮૨ના ચૈત્રસુદી ત્રીજને દિવસે] સોજીતરામાં કાલ કરી સ્વર્ગે ગયા. એવીરીતે શ્રીસહજસાગરજીએ પોતાના ગુરૂઓનો આ વૃત્તાંત વિક્રમસંવત્ ૧૮૦૪ના કાર્તકસુદી બીજને દિવસે સોજીતરામાં લખ્યો છે. શ્રીરસ્તુ.

॥ તેમના શિષ્ય ગણિ સહજસાગરજી ॥ ૬૯ ॥ તેના શિષ્ય ગણિ માનસાગરજી ॥ ૭૦ ॥ તેના શિષ્ય ગણિ રંગસાગરજી ॥ ૭૧ ॥ તેના શિષ્ય ગણિ ફતેસાગરજી ॥ ૭૨ ॥ તેના શિષ્ય મુનિ દેવસાગરજી ॥ ૭૩ ॥ તેના શિષ્ય મુનિ શ્રીસ્વરૂપસાગરજી ॥ ૭૪ ॥ તેના શિષ્ય ક્રિયોદ્ધારક મુનિ ગૌતમસાગરજી ॥ ૭૫ ॥

તેમનો જન્મ મારવાડદેશમાં શ્રીપાલીગ્રામમાં બ્રાહ્મણ શ્રીમાલીજ્ઞાતે થિરમલજી તેની ભાર્યા ક્ષેમલદે તેઓના અંગજ (પુત્ર) નામે ગુલાબમલજી સંવત્ ૧૯૨૦ માં તેઓ અનુક્રમે વૃદ્ધિ પામતાં પાંચ વર્ષના થયા, ત્યારે સંવત્ ૧૯૨૫ ની સાલમાં મહાભયંકર દુકાલ પડ્યો કે જે દુકાલમાં કષ્ટથી ત્યાંના (મારવાડના) રહેનારા લોકો પોતાના પરીવારની ઉદરપૂર્ણા પણ કરી ન શકતા, તેથી પોતાના પુત્રોના જીવીતવ્યને બચાવવા માટે મઠધારી બાવાઓને અથવા ગોરજીઓને તે પુત્રો આપી દેતા હતા, એવા અવસરમાં કચ્છદેશના ગુરજી મુનિદેવસાગરજી તથા અભયચંદજી તથા વીરજીજી તથા નાનચંદજી એમ ચાર જણ મલી શિષ્યો-




जन्म—( पाली-मारवाड ) सं. १९२०

दीक्षा-सं. १९४० **मुंबइ-माहिम.** क्रियोद्धार-१९४६ **पाली.**

ની પ્રાપ્તિમાટે કચ્છદેશથી શ્રીપાલી (મારવાડ) માં આવ્યા, ત્યાં રહીને તે પાલીપ્રગણામાં સારા સારા શિષ્યોની તપાસ કરતાં તેઓને ૮ આઠ શિષ્યોની પ્રાપ્તિ થઇ: તેવામાં તે પાલીના નીવાસી શ્રીમાલી- જ્ઞાતીના બ્રાહ્મણ વિરમલજીનો અને ગુરજી મુનિ દેવસાગરજીનો મેલાપ થયો. અને બન્નેમાં પરસ્પર મિત્રાઇપણું થયું, જેથી બ્રાહ્મણ વિરમ- લજીએ પોતાની સ્ત્રી ક્ષેમલદેની સલાહથી પોતાના પુત્ર ગુલાબમલજીને મુનિ દેવસાગરજીને શિષ્યતરીકે ભેટ કરી. પછી મજકુર યતિજીયે તે બાલ શિષ્યના શરીરના લક્ષણો જોઇ ઘણું આનંદ પામ્યા. અને વિચાર્યું કે, આ બાલકથી જૈનધર્મની ઉન્નતિ થાશે, અને આ બાલક સ્વગચ્છ તથા અમારો નામ નિર્મલ દીપાવશે. સ્વગચ્છનો ઊદ્ધાર કરશે, અને દશવિધ યતિધર્મ પાલસે, તથા સાધુસાધ્વીઓના પરીવારની વૃદ્ધિ કરશે. એમ તે બાલકના શરીરના લક્ષણો જોઇને વિચાર્યું અને આનંદ પામ્યા, પછી તે બાલક ગુલાબમલજીને પ્રિયવચને કરી મજકુર યતિજી દેવસાગરજીએ બોલાવ્યો એટલે તે બાલક ગુલાબમલજી તુરત યતિજી દેવસાગરજીના ખોળામાં આવી બેઠો, તેથી મજકુર યતિજી ઘણું આનંદ પામ્યા. તેવારે વિરમલજી જોશી યતિજીપ્રતે બોલ્યા કે, આ બાલકને તમારે તમારો પોતાનો શિષ્ય કરવો, એમ બીજા ત્રણ યતિજી બેઠા છતાં કહ્યું, એટલે મજકુર દેવસાગરજીએ કબુલ કર્યું. પછી તેઓ કેટલોક વખત ત્યાં પાલીમાં રહી અને પછી કચ્છ તરફ તે ચારે યતિજી નવ શિષ્યોને સાથે લઇ નિર્વિઘ્ને ચાલતાં ચાલતાં આવ્યા, અને સંવત્ ૧૯૨૫ ના જેઠમાસમાં કચ્છ બીદડે આવ્યા. એટલે ત્યાં ચારે યતિઓએ સાથે લાવેલા આઠ શિષ્યોની વેચણી કરી તેમાં ચાર શિષ્યો યતિજી અભેચંદજીએ લીધા તેના નામ કાનજી ૧ લાલજી મોટો ૨ લાલજી નાનો ૩ તથા કરમચંદ ૪ એમ ચાર શિષ્યો અભયચં- દજીએ લીધા, અને એક યતિજી દેવસાગરજીએ કલ્યાણજી નામે શિષ્ય લીધો અને યતિજી નાનચંદજીએ નંદુ નામે શિષ્ય લીધો, તથા યતિજી વીરજીજીએ બે શિષ્ય લીધા, તેના નામ સુરચંદજી ૧ તથા બીજો જવેર- ચંદજી એમ બે શિષ્યો લીધા, એટલે બધે આઠ શિષ્યોની વેચણી કરી ચારે યતિજી પોતપોતાના ગામે ગયા. પછી યતિજી દેવસાગરજી પોતાના ગુલાબમલજી (જ્ઞાનચંદજી) તથા કલ્યાણજી એમ બે શિષ્યોને સાથે લઇને કચ્છ નાનાઆશંબીઆ (ભીટ)માં આવ્યા. એટલે ત્યાંના રહેવાસી શા. નથુ ખીઅરાજ બાર વ્રતધારી વીગેરે સંઘ સમસ્ત તે

મજકુર યતિજી દેવસાગરજીના બે શિષ્યોને જોઇ ઘણો આનંદ પામ્યા. તેવારપછી ત્યાંનો સંઘ તે બન્ને શિષ્યોને પોતાના પુત્ર કરતાં પણ અધીક પ્રતિપાલન કરવા લાગ્યા, તે અવસરે મુનિદેવસાગરજીના મુખ્ય શિષ્ય મુનિસ્વરૂપસાગરજી તેમને શ્રીભૂજનગરે પાટીઓ સંભાલવા મુકેલ તેમને બોલાવી અને તે બન્ને શિષ્યો તેમના કરી સ્થાપ્યા. પછી મુનિદેવસાગરજી તે બન્ને શિષ્યોને સાથે લઇ સંવત્ ૧૯૨૬ ની સાલમાં કચ્છની તીર્થજાત્રા કરવા નિકલ્યા, અને ચાલતાં જે જે ગામોમાં ગયા, તે તે ગામોના સંઘ તે બન્ને શિષ્યોને જોઇને ઘણો આનંદ પામતા. એમ યાત્રા કરતાં કરતાં કચ્છ તેરા આવ્યા, ત્યારે ત્યાંના યતિજી તારાચંદજી તે મજકુર દેવસાગરજીની સાથે રહેલા બે શિષ્યોને જોઇ ઘણા પ્રસન્ન થયા, અને યતિજી તારાચંદજીએ યતિજી દેવસાગરજીને કહ્યું કે, હે ભાઇ આ બન્ને શિષ્યોને તમો મને આપો એમ માંગણી કરી ત્યારે યતિજી દેવસાગરજીએ યતિજી તારાચંદજીને તે બન્ને શિષ્યો આપવાની ના પાડી, ત્યારે તારાચંદજીએ છેવટે એક શિષ્ય નામે જ્ઞાનચંદજી આપવાની માંગણી કરી ત્યારે દેવસાગરજીએ કહ્યું તારાચંદજીને કે આ જ્ઞાનચંદજીના માતાપીતાએ આ બાલકને મારી આગલ ભેટ શિષ્યતરિકે મુકેલ છે માટે એને અપાય નહિ પરંતુ જો તમોને શિષ્યોની જરૂરીઆત હોય તો હે ભાઇ તમોને બીજા શિષ્યો હું લાવી આપીશ. એમ દેવસાગરજીએ તારાચંદજીને કહ્યું, એટલે તારાચંદજી કહેવા લાગ્યા કે એ વચનની કબુલાત આપો, એટલે દેવસાગરજી પરઉપકારી જેથી તારાચંદજીને કબુલાત આપી અને કહ્યું કે હું સંવત્ ૧૯૨૭ નું ચોમાસું ઊતરતે મારવાડની તરફ જાઇશ, એમ કહ્યું. તેવારપછી યાત્રા કરી પોતાના સ્થાનકે નાનાઆશંબીએ આવ્યા. એ અવસરમાં મુનિદેવસાગરજી કચ્છનાનાઆશંબીઆના પાટને તથા મુનિસ્વરૂપસાગરજી કચ્છભૂજનગરના પાટને શ્રીપૂજ્ય શ્રીરત્નસાગરસૂરીજીની આજ્ઞાથી સંભાલતા હતા, અને સુખેથી રહેતા, ત્યારપછી સંવત્ ૧૯૨૭ ના આસુ માસ ઉતરતે શ્રીભુજથી મુનિસ્વરૂપસાગરજીને ત્યાં નાનાઆશંબીએ બોલાવીને મુનિદેવસાગરજીએ તે બન્ને શિષ્યોને મુનિસ્વરૂપસાગરજીને સોંપ્યા, અને સોંપીને પછી મુનિદેવસાગરજી કચ્છ તેરે યતિજી તારાચંદજી પાસે ગયા, અને તેને કહ્યું કે હે ભાઇ મેં તમોને કબુલાત આપી છે તેથી હમણા તમારી પાસે આવ્યો છું. માટે હવે તમારી જે ઇચ્છા

હોય તે કહો ત્યારે યતિજી તારાચંદજીએ દેવસાગરજીની શાથે એક અસવાર માણસ અને ઊંટ આપ્યું, તે સાથે લઈને ત્યાંથી ચાલતાં કચ્છ નાનાઆશંબીએ આવ્યા, પછી ત્યાંથી શુભ મુહૂર્ત લઇ ચાલ્યા તે વખતે ત્યાંનો સંઘ વોરાવા સાથે ચાલ્યો આ અવસરે અપશકુનો થયાં, તે જોઈ સકલસંઘ મુનિ દેવસાગરજીને કહેવા લાગ્યો કે, આ હમણાંના મુહૂર્તમાં તમો જવાનું મૂકી દ્યો એમ સંઘે કહ્યું, તો પણ પોતાના સ્નેહીના કાર્યની ઉત્સાહથી પોતાના શિષ્ય મુનિસ્વરૂપ-સાગરજીને તથા પૌત્ર જ્ઞાનચંદજી તથા કલ્યાણજી એમ ત્રણે જણને તે સંઘના મુખ્ય શા. નથુ ખીઅરાજ તથા શા. ગેલા દેશર વીગેરે સંઘને સોંપીને ત્યાંથી ચાલતા થયા. પછી અનુક્રમે ચાલતાં પાવાગઢ આવ્યા, ત્યાં વિધિપક્ષગચ્છની અધિષ્ઠાતા દેવી શ્રીમહાકાલીકાજી છે તેની યાત્રા કરી. પછી ત્યાંથી ચાલતા ચાલતા સંવત્ ૧૯૨૮ ના કારતક સુદમાં શ્રીપાલણપુર પધાર્યા અને ત્યાં રહેતાં તેમને તાપની બીમારી ઉત્પન્ન થઈ ત્યારે તે તાપની બીમારીનો કાગલ કચ્છ નાના-આશંબીએ આવ્યો, જેથી મુનિદેવસાગરજીના શિષ્ય મુનિસ્વરૂપ-સાગરજી તે પોતાના બન્ને શિષ્યોને સાથે લઇ કચ્છસાભરાઇ તેમના કાકા ગુરૂ મુનિ શ્રીહેમસાગરજી પાસે આવ્યા, તેવારે ત્યાં કચ્છ તેરાથી યતિજી તારાચંદજીનો કાગલ આવ્યો તે કાગલમાં લખેલ કે, પાલણ-પુરથી ગુરજી તારાચંદજીને તેમના માણસે લખેલ કાગલ તેમાં લખ્યો છે કે, આપણા પરમ સ્નેહી બંધુ મુનિદેવસાગરજી અત્રે કારતક સુદ ૧૩ ના તાપની બીમારીથી સ્વર્ગવાસ પામ્યા છે એમ લખેલ છે અને અત્રે તારાચંદજી બહુ દીલગીર થયા છે, એમ લખેલ હતું, એટલે મુનિસ્વરૂપસાગરજી પોતાના બે શિષ્યોને સાભરાઇ મૂકીને પછી કચ્છતેરે ગયા અને ત્યા ગુરૂમહારાજનો સ્વર્ગવાસ સાંભલીને બહુ દીલગીર થયા તેવારપછી કચ્છશાભરાઇ આવી પોતાના બન્ને શિષ્યોને સાથે લઇ કચ્છ-નાનાઆસંબીએ આવ્યા, ત્યાં મુનિસ્વરૂપસાગરજી પોતાના બન્ને શિષ્યો-ને સુખે સમાધે બહુ પ્રીતિથી પાલણપોષણ જે માતાપિતા પણ કરી ન શકે તેવી રીતે કરતા હતા, તથા વિદ્યાનો અભ્યાસ પણ કરાવતા હતા, એવીરીતે સુખે રહેતા. જ્ઞાનચંદજી વિનયાદિ ગુણોમાં તથા ત્યાગ-પણાની બુદ્ધિમાં દીવસે દીવસે અનુક્રમે વૃદ્ધિ પામતા તે દેખીને ગુરૂ-મહારાજશ્રીસ્વરૂપસાગરજીની તેમના ઉપરે ઘણી પ્રીતિ વૃદ્ધિ પામતી હતી, તથા બીજા શિષ્ય કલ્યાણજી તે ગુરૂમહારાજની સાથે પ્રાયે

કરીને અવિનય કરતા તો પણ ગુરૂમહારાજ શ્રીસ્વરૂપસાગરજી બન્ને શિષ્યોનું સરખુંજ પાલણપોષણ કરતા હતા, એવીરીતે સુખેથી સંવત્ ૧૯૨૮ ના વર્ષસુધી ભૂજનગર તથા નાનાઆશંબીઆમાંજ નિવાસ કર્યો. તેવારપછી સંવત્ ૧૯૨૮ ના શ્રાવણ શુદ ૨ ના શ્રી-કચ્છસુથરીમાં શ્રીવિધિપક્ષગચ્છના અધિપતિ શ્રીપૂજ્ય ભટ્ટારક શ્રીરત્ન-સાગરસૂરિ સ્વર્ગવાસી થયા, તે અવસરે તેમના શિષ્ય ચિરંજીવી વેલજીભાઇને ત્યાંજ દીક્ષા આપી, અને પછી કચ્છ માંડવીબંદરના સંઘે આચાર્યપદના પાટ મહોત્સવ કરવાની વિનંતિ કરી એટલે ચતુર્માશ પૂર્ણ થએ માંડવી પધાર્યા, ત્યાં સંઘે આચાર્યપદવીનો પાટ મહોત્સવ કરી માગસરસુદ ૫ ના આચાર્યપદ તથા ગચ્છેશપદ સ્થાપન કરીને શ્રી૧૦૮ શ્રીવિવેકસાગરસુરિ એમ નામ સ્થાપન કર્યું. તેવારપછી આચાર્યજીની સિદ્ધગિરીજીની યાત્રા કરવાની ઇચ્છા થઇ, તેવારે સર્વે યતિસમુદાયને આચાર્યજીએ સિદ્ધગિરી જવામાટે આમંત્રણ કર્યું એટલે સર્વે યતિઓ સાથે આચાર્યશ્રીજી વિવેકસાગરસૂરિજી ચાલ્યા, એ અવસરમાં મુનિ શ્રીસ્વરૂપસાગરજીને પણ ઘણા આગ્રહથી સાથે લીધા, તેવારે તેમના બન્ને શિષ્યો પણ સાથે હતા, તેમાં જ્ઞાનચંદ્ર-જીની ઉપરે આચાર્યજીની બહુ પ્રીતિ થતી હતી, અને તેની સાર સંભાલ બહુ કરતા હતા, એમ ચાલતાં ચાલતાં અનુક્રમે શ્રીસિદ્ધ-ગિરીજીને ભેટી ત્યાંની યાત્રા કરીને પછી શ્રીપાવાગઢ ગયા, ત્યાંથી મુંબઇબંદરના સંઘની વિનંતિથી મુંબઇબંદર સર્વ યતિમંડલ સહિત પધાર્યા, ત્યાં સંઘે મોટા ઉત્સવથી સામઇયું કાઢી અને માંડવીબંદરના શ્રીઅનંતનાથજીના દેરાસરજીના ઉપાશ્રયમાં પધરાવ્યા, પછી ત્યાંના સંઘે બહુભાવથી ગુરૂ ભક્તિ કરી. પછી સર્વ યતિમંડલે કચ્છમાં જવાની આજ્ઞા શ્રીઆચાર્યજી પાસેથી માગી એટલે શેઠ નરશી નાથાએ તે યતિમંડલને કચ્છમાં જવામાટે સમુદ્રમાર્ગે તેઓને પોતાને ખરચે વહાણ કરી આપ્યું, એટલે તે યતિમંડલ સર્વ સામગ્રી સહીત સંવત્ ૧૯૨૯ ના વૈશાખમાશમાં મુંબઇબંદરથી સમુદ્રમાર્ગે વહાણમાં બેસીને રવાના થયા, પછી સમુદ્રમાં વહાણ ચાલતાં ચાલતાં કેટલોક સમુદ્રનો માર્ગ ઓલંગ્યા પછી તે વખતે સમુદ્રમાં મહા ભયંકર તોફાન થયું, તે અવસરે મુનિ-સ્વરૂપસાગરજી પોતાના બન્ને જ્ઞાનચંદ્રજી તથા કલ્યાણજી શિષ્ય સં-હીત તેજ વાહાણમાં હતા, તેઓએ તે તોફાન સંબંધીનો ઉપદ્રવ

શાંત કરવામાટે શ્રીકચ્છગોધરામાં બીરાજતા શ્રીરૂષભદેવકેસરીયાજીનું સ્મરણ કરી અને તેઓનું શરણ લીધું, એટલે ક્ષણવારમાં તે ઉપદ્રવ શાંત થયું. તેવારે વાહાણમાં બેઠેલા સર્વ યતિઓનો જાણે નવો જન્મ થયો હોયની એમ ઉપદ્રવ રહીત થયા, અને સુખેથી સમુદ્રનો પાર પામી અઠાવીશ દીવસે કચ્છદેશમાં માંડવીબંદરમાં આવ્યા. પછી સર્વ યતિમંડલ પોતપોતાના સ્થાનકે ગયું, એટલે મુનિસ્વરૂપસાગરજી પોતાના બન્ને શિષ્યો સહીત પોતાના સ્થાનકે આવ્યા. પછી પૂજ્ય આચાર્ય શ્રીવિવેકસાગરસૂરીશ્વરજીની આજ્ઞાથી સંવત્ ૧૯૨૯ તથા સંવત્ ૧૯૩૦ નું ચોમાસું કચ્છશાંધાણમાં કર્યું. તે ચોમાસામાં કલ્યાણજીને એવી ભયંકર જાણે અંત અવસ્થા પામે તેવી બીમારી થઇ, તે વખતે ગુરૂમહારાજ શ્રીસ્વરૂપસાગરજીએ ગચ્છ અધિષ્ઠાયક શ્રીમહાકાલીજીની માનતા કરી કે એને શાંતિ થાય તો મારે મહાકાલીજીના દર્શન કરી પછી સોપારી ખાવી એવી માનતા કરવાથી કલ્યાણજીને શાંતિ થઇ. તેવારપછી સંવત્ ૧૯૩૧ નું ચોમાસું કચ્છસુજપુરમાં કર્યું. સંવત્ ૧૯૩૨ નું ચોમાસું કચ્છ કોઠારામાં કર્યું. સંવત્ ૧૯૩૩ નું ચોમાસું કચ્છ ગોધરામાં કર્યું.

એવીરીતે શ્રીપૂજ્ય શ્રીવિવેકસાગરસૂરીજીની આજ્ઞાથી ચોમાસા કરતા સંવત્ ૧૯૪૦ નું ચોમાસું કચ્છ બાડામાં કર્યું, તે વખતે એક લાલજી નામનો સાત વર્ષની ઉંમરનો શિષ્ય હતો, તેને એકદા એવી માંદગી થઇ કે, જાણે આ અવસરેજ આયુષ પૂર્ણ કરી મૃત્યુ પામશે, એવું થતા તે અવસરેજ ગુરૂમહારાજ શ્રીસ્વરૂપસાગરજીએ પાવાગઢ ઉપરે રહેલી શ્રીઅંચલગચ્છની અધિષ્ઠાતા મહાકાલીજી માતાની માનતા કરી, તેજ વખતે તે માનતા ફળવાથી શિષ્ય લાલજીની માંદગી નાશ પામી, અને જાણે નવો જન્મ થયો હોયની એમ શિષ્ય લાલજી શરીરે નિરોગતાને પામ્યો, પછી તે મહાકાલીકાજીની માનતા ઉતારવામાટે પાવાગઢ જવાની મુનિસ્વરૂપસાગરજીની ઇચ્છા થઇ, એટલે કચ્છથી રવાના થઇ મુંબઇબંદરે ગયા, ત્યાંથી પાવાગઢ ગયા, અને ત્યાં મહાકાલીકાજીની યાત્રા કરી, પાછા વલીને મુંબઇબંદર આવ્યા, તેવારે ત્યાં રહેલા શ્રીપૂજ્ય શ્રીવિવેકસાગરસુરીશ્વરજી તેમને વંદન કરવા ગયા, તે અવસરે આચાર્યશ્રીજી વિવેકસાગરસુરીશ્વરજીએ ગુરૂમહારાજ શ્રીસ્વરૂપસાગરજીને કહ્યું કે, જે આ તમારા શિષ્ય જ્ઞાનચંદ્રજી છે, તેમને દીક્ષા આપો, એમ આચાર્યજીના મુખથકી સાંભલીને

પછી ગુરૂમહારાજે મજકુર શિષ્ય જ્ઞાનચંદ્રજીની ઇચ્છા પ્રમાણે કબુલ કર્યું, અને તે દીક્ષા સંવત્ ૧૯૪૦ ના વૈશાક શુદ ૧૧ના મુંબઇબંદર તાબે માહીમગામમાં જઇ ત્યાં રહેલા જિનમંદીરમાં આચાર્યશ્રી-વિવેકસાગરસૂરીશ્વરજીએ ગુરજીપણાની દીક્ષાની વિધિ કરાવી, અને ત્યારે જ્ઞાનચંદ્રજીનું નામ ગૌતમસાગરજી આપ્યું, તે વખતે ગૌતમ-સાગરજીએ તે આચાર્યજી પાસેથી રાત્રિભોજન કરવું નહી, તથા કંદમુલ ખાવાં નહી એમ બે વ્રત લીધાં, પછી અનુક્રમે ગુરજીપણાની દીક્ષા તથા વ્રત પાલતાં દીવસે દીવસે ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીનું સંજમમાં ચડતું પરીણામ થતું ગયું, અને ગુરૂમહારાજ શ્રીસ્વરૂપ-સાગરજીનાં મુખથી સુત્ર સિદ્ધાંતોના વ્યાખ્યાન સાંભલતા સાંભલતા ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીએ જાણ્યું જે અરિહંતના કહેલા ધ-ર્મના માર્ગ એક સર્વવૃત્તિ તથા બીજુ દેશવૃત્તિ એ બે છે, તો આ ગુરજીપણાનો માર્ગ તો બન્નેથી વિપરીત છે, એમ પોતાના મનમાં જાણીને સત્યમાર્ગમાં વર્તવાની ઇચ્છા ધારી શુભ વૃત્તિમાં વર્તવા લાગ્યા, પછી અનુક્રમે વિચરતા સંવત્ ૧૯૪૧ નું ચોમાસું કચ્છ ગઢ-સીસા પાસે રહેલ દેવપુર ગામે કર્યું, અને ત્યાંના સંઘે ગુરૂમહારાજની ધર્મમાં ઘણી સારી પ્રવૃત્તિ દેખી પ્રશંસા કરતા ઘણા ખુશી થયા. તેવારપછી સંવત્ ૧૯૪૨ નું ચોમાસું કચ્છમુંદ્રાબંદરમા એકાકીપણે કર્યું. તે વર્ષમાં ગુરૂજીએ એક અભિગ્રહ લીધું જે સિદ્ધગીરીજીની જ્યાંસુધી યાત્રા ન થાય ત્યાંસુધી વહાણ, આગબુટ તથા આગગાડી એ ત્રણ શિવાય બીજા કોઇ વહાને બેસવું નહિ એવું અભિગ્રહ લીધું, પછી તેજ વર્ષમાં ગીરનારજી તથા સિદ્ધગીરીની યાત્રા નિર્વિઘ્ન-પણે કરી તેવારપછી સંવત્ ૧૯૪૩ નું ચોમાસું કચ્છગોધરામાં કર્યું. પછી સંવત્ ૧૯૪૪ તથા ૧૯૪૫ એ બે વર્ષના ચોમાસાં કચ્છશેરડી ગામે કર્યાં. વલી પણ તેજ સંવત્ ૧૯૪૫ ની સાલમાં ગુરૂમહારાજ સિદ્ધગિરીની નિર્વિઘ્નપણે નવાણું જાત્રા કરી, પાછા કચ્છમાં આવ્યા. તે વર્ષમાં ભૂમિ ઉપર શયન કરવું, એક વખત આહાર કરવું, પગ-રખા પહેરવા નહીં, ઇત્યાદિક કેટલાક અભિગ્રહો લીધાં, અને મુનિ-પણું પાલન કરવાની કેટલીક શુદ્ધ પ્રવૃત્તિ કરવા લાગ્યા, તેથી કેટલાક ગચ્છના સાધુઓનો સમાગમ થવા લાગ્યો. હવે જે જે સાધુઓનો મેલાપ થાય તે તે સાધુઓ પોતપોતાના ગચ્છમાં મેલવવાને તથા પોતાનો શિષ્ય કરવાનો ઉપદેશ આપે, પણ ગુરૂમહારાજના મનમાં

એવુંજ નિશ્ચય થયું કે, દાદા દેવસાગરજીનો આ મહોટો ઉપકાર છે, જે તેઓ મને મારવાડથી અહીં ન લાવત તો આ જૈનધર્મ હું કયાંથી પામત! વલી ગુરૂજી સ્વરૂપસાગરજીએ પણ બાલ્યાવસ્થાથી માતાપિતા કરતાં અધિક મારા વિષ્ટા મુત્ર ધોઈ મારૂં પાલણપોષણ કર્યું છે, તેમ વિદ્યા ગુરૂ એજ છે, વલી જૈનધર્મની શૈલી તથા સુદેવ, સુગુરૂ, સુધર્મ, એ ત્રણ તત્વરૂપ સમ્યકત્વની પ્રાપ્તિ કરાવનારા પણ એજ ગુરૂ તથા દાદાજી દેવસાગરજી છે, માટે ઉપકારી તથા માતાપિતા તુલ્ય, અને સમકીત દાતા ગુરૂને છોડી બીજા ગુરૂ કરવા એ કૃતઘ્નપણું કર્યું કહેવાય, અને કૃતઘ્નપણું કરવાથી જીવને સંસારમાં રઝડવું પડે છે, એમ નિશ્ચયથી મનમાં જાણી કોઇપણ સાધુના ચલાવ્યા ચલ્યા નહીં અને દ્રઢપણે રહ્યા. ત્યારબાદ સંવત્ ૧૯૪૬ નું ચોમાસું કચ્છ બીદડામાં કર્યું. ત્યાં વૈરાગ્ય પરિણામે વર્તતાં ગુરૂમહારાજે મનમાં વિચાર્યું કે, આ ગુરજીપણાનો માર્ગ તો નહીં જોગી અને નહીં ભોગી માટે અસત્ય માર્ગ છે, તેનો ત્યાગ કરી, પૂર્વાચાર્યોએ સ્વીકારેલ જે શુદ્ધ માર્ગ તે સત્ય છે, તેમાં સ્વ-પરનો હિત વર્તન કરવાથીજ થાશે, એમ નિશ્ચય કરી, વલી વિચાર્યું કે, મારા ઉપરે ગુરૂમહારાજ સ્વરૂપસાગરજીનો મોહ બહુ છે, માટે સાધુપણાનો સ્વીકાર કરવામાં મને ગુરૂમહારાજની આજ્ઞા મલવી મુસકીલ છે, એમ જાણી ગુરૂમહારાજે સંવત્ ૧૯૪૬ ના કારતક સુદ ૧૫ ની શ્રીધૃતકલ્લોલપાર્શ્વનાથજીની જાત્રા કરવામાટે પોતાના ગુરૂને સુથરી જવા તૈયાર કરાવ્યા, અને તે પોતાના ગુરૂજી તથા તેમના નાના શિષ્ય લાલજી એમ બન્નેને સુથરી તરફ રવાના કરીને પોતે ગુરૂમહા-રાજે પોતાના ગુરૂને કહ્યું કે, હું માંડવીબંદરથી કુંવરજી હીરાચંદજીને લખવા આપેલ પુસ્તકની પ્રતો તે લઇને સુથરી આવીશ. એમ તે-ઓને કહી કચ્છમાંડવીબંદર આવીને તેજ વખતે જામનગરની આગ-બોટ તૈયાર હતી, તેમાં બેસી જામનગરનું આવ્યા, ત્યારે ત્યાં જામ-નગરમાં શ્રીપાર્શ્વચંદ્રગચ્છના શ્રીપૂજ્ય શ્રીહરખચંદસૂરીશ્વરજીના શિષ્ય સાધુ મહા મુનિરાજ શ્રીકુશલચંદ્રજી વીશાશ્રીમાલીની ધર્મશાલામાં ચતુર્માસ બિરાજયા હતા, તેમની પાસે જવામાટે ચાલતાં ચાલતાં ગુરૂમહારાજ તે ધર્મસાલાના દરવાજે આવી ઉભા રહ્યા, તેવામાં પોતાના મનમાં વિચાર થયો જે એમની પાસે ક્રીયા ઉદ્ધાર કરીશ તો પછી એમનું કહેવું થાશે કે, "અમારો શિષ્ય થા" એમ કહેશે તો પછી તેમનું વચન માન્ય નહીં કરવાથી કદાચિત્

મને રાખે નહીં અને કાઢી મુકે તો પછી શું કરવું. એમ વિચાર થવાથી કુશલચંદ્રજીને મુખ નહીં બતાવતાંજ પાછા તુરત વલીને તેજ જામનગરશાહેરમાં અંચલગચ્છીય શ્રાવક શા. અજરામલ હરજીની કરાવેલ જૈનશાલામાં તપસ્વીજી શ્રીખાંતીવિજયજી મહારાજને વાંદીને તથા આણદાબાવાના ચકલામાં અંચલગચ્છના ઉપાશ્રયે અંચલગચ્છની સાધ્વીજી શ્રીવનશ્રીજીને વાંદીને તુરત તેજ આગબોટમાં બેશી સમુદ્રમાર્ગે કચ્છમાંડવીબંદર ઉતરીને પછી ત્યાંથી રવાના થઇ પોતાના ગુરૂજીપાસે સુથરીશાહેરમાં પોંચ્યા. પછી પોતાના ગુરૂમહારાજ શ્રીસ્વરૂપસાગરજી કચ્છ અબડાશાજીલ્લાના ગામોમાં કામ પ્રસંગે ગયા, અને પોતે ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજી પોતાના લઘુભાઇ લાલજીને સાથે લેઇ કચ્છ બીદડાગામે આવ્યા. પરંતુ ત્યાં ગુરૂમહારાજનું ચિત્ત ક્રિયા ઉદ્ધાર કરવામાં ઉત્સાહવંત જે કઇ ઘડીએ પરિગ્રહથી મુક્ત થાઉં ! એમ પોતાના ચિત્તમાં ઉત્સાહ થતાં તે વખતે પોતાની પાસે રહેલ ઘરનો કબજો તથા જે ઉઘરાણી વિગેરે બીજાઓ પાસે હતી તે સર્વ લઇ અને સર્વ જોખમ પેટી તથા પટારામાં નાખી બંધ કરીને કુંચી સાથે લઇને તથા પ્રથમ શ્રીવરાડાવાલા કપાર ગુરજી ગુલાબચંદજી પાસેથી વેચાતા લીધેલ પુસ્તકો તેમાંથી પ્રતો બે લખેલ સાથે લેઇ અને બીજી પણ પુસ્તકની પોથી એક સાથે લેઇ, પછી શા. માલશી લાધાની સાથે પોતાને ક્રીયા ઉદ્ધાર કરવા સંબંધીની મસલત ( વાતચીતો ) કરી, અને પોતાના લઘુભાઇ લાલજીને પોતાની પાસે રહેલ ઘરની કુંચી સોંપીને પછી ત્યાંથી નિકલી કચ્છનવાવાસ ( દુરગાપુર ) માં આવ્યા, ત્યાં મુનિમહારાજ શ્રીકુશલચંદ્રજીના શિષ્ય મુનિ મોતીચંદજીને પોતાની પાસે રહેલ લખેલ પ્રતો બે કોરી એકશોથી વેંચાતી આપી, તે વખતે ત્યાંના શા. આશુ વાગજીને સંપૂર્ણ માહિતી હતી જે આ ગુરજી નિશ્ચે સાધુપણે વીચરશે, તેમજ પોતે પણ તે વાત જણાવેલ હતી, તથા મુનિમોતીચંદજીને પણ કહેલ, વલી બીદડાવાલા શા. માલશી લાધાએ પણ ત્યાં ખબર લખેલ, અને પોતાનું પણ વૈરાગ્યપણામાં વર્તન હોવાથી સર્વ લોકોને ખબર હતી, તેથી શા. આશુ વાગજી તથા મુનિમોતીચંદજીએ ગુરૂમહારાજને પુછયું જે તમારો શું નિશ્ચે વિચાર છે, ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, મારે ક્રિયા ઉદ્ધાર નિશ્ચે કરવોજ છે, પરંતુ ગચ્છ તથા ગુરૂનું નામ તેજ રાખવું છે, અને ફક્ત મુનિપણાનું આચાર શિખવામાટે તમારા ગચ્છના મુનિમહા-

રાજ શ્રીભાઈચંદ્રજી પાસે રહેવા વિચાર છે, જો તમો તેમના ઉપરે ભલામણનો કાગલ લખી આપો તો હું જાઉં એમ ગુરૂમહારાજે કહ્યું, ત્યારે મુનિ મોતીચંદજીએ કહ્યું કે, બહુ સારૂં ગચ્છ કે ગુરૂ તારશે નહીં, આત્મા સમપરીણામે તરસે, પછી ગુરૂમહારાજે કહ્યું કે. તમારા મનમાં એમ છે તો મારે ગચ્છ તથા ગુરૂનું નામ બિલકુલ બદલાવવું નથી, પરંતુ જો ભાઇચંદ્રજી મહારાજ પાસે ક્રીયા ઉદ્ધાર કરીશ, તો તેમને હું ઉપગારી માનીસ, એમ કહેવાથી મુનિ મોતીચંદજીએ ભાઇચંદ્રજીમહારાજ ઉપરે ભલામણનો કાગલ લખી આપ્યો અને શા. આશુ વાગજીએ મુનિમોતીચંદજીના કહેવાથી વેંચાણથી આપેલ લખેલ પુસ્તકની પ્રતો બેની કોરી એકશો આપી તે લઇ કચ્છ ગોધરામાં આવ્યા, ત્યાં રૂષભદેવકેસરીયાજીની જાત્રા કરી, અને એક કોરીની કેસર ચડાવી. પછી ત્યાંથી નિકલી પાછા નવાવાસમાં આવીને, આશુભાઇ વાગજી પાસેથી પાત્રાની જોડી એક લઇ, અને બાકીના સ્થાપનાજી વિગેરે સાધુપણાને યોગ્ય સર્વ ઉપકરણો પોતાનાજ લઇને, તે આશુભાઈની સાથે કચ્છ માંડવીબંદર આવ્યા, અને આગબોટમાં ગુરૂમહારાજ ચડયા, પછી આશુભાઇ ત્યાંથી વલી પોતાને સ્થાને ગયા. ત્યારબાદ ગુરૂમહારાજ આગબોટમાં બેસી શ્રીવેરાવલબંદરે આવી ઉતર્યા, અને ત્યાં ગામમાં ગુરજી લક્ષ્મીવિજયજીના ઉપાશ્રયે આવી ઉતારો કર્યો, પછી તે ગુરજી લક્ષ્મીવિજયજીના શિષ્ય મોહનલાલને સાથે લઇ પ્રભાસપાટણમાં રહેલા જૈનદેરાસરોના દર્શન કરી બે દિવસ રહી, પછી ત્યાંથી નિકલી પાલીતાણામાં આવી સિદ્ધગિરિની જાત્રા કરીને, ત્યાંથી નિકલી માંડલ ગામે ગુરૂમહારાજ પધાર્યા. ત્યાં અંચલગચ્છના ઉપાશ્રયે આવીને રહ્યા. હવે ત્યાં મુનિમહારાજ શ્રીભાઇચંદજીના ગુરજીપણાના તેમજ સંસારપણાના બે ભાઈ ૧ મોટા લખમીચંદજી, ૨ નાના કલ્યાણચંદજી એમ તે બન્ને ભાઇઓ મુનિમહારાજશ્રી ભાઇચંદજી દેશ મારવાડમાં પાલીશહેરે બીરાજતા હતા, તેમને વાંદવામાટે ગયેલા હતા, તેઓ બન્ને ત્યાંથી દશથી પંદર દિવસે પાછા આવ્યા, ત્યારે ગુરૂમહારાજે પોતાને ક્રિયા ઉદ્ધાર કરવા સંબંધીની સર્વ હકીકત તેઓ બન્નેની પાસેકહી. તે સાંભળી સરલ સ્વભાવી, ભદ્રિક પરીણામી, અને આનંદી એવા લખમીચંદજીએ કહ્યું કે, અમારા ભાઇચંદજીએ ગુરજીપણામાંથી નિકલીને સાધુપણું લીધું છે, તેજ એક મુક્તિમાં જાય એટલુંજ બશ છે, વલી તમો ત્યાં

જઇ સંકડાશ કરશો, એમ તેમણે કુતુહલથી કહ્યું. પછી કલ્યાણચંદજીએ કહ્યું કે, તમો મહારાજશ્રી ભાઇચંદજીના શિષ્ય થશો ? ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, હું તેમનો શિષ્ય થાઇશ નહીં પણ તેમની પાસે ફક્ત મારે ક્રીયા ઉદ્ધાર કરવો છે, તેમજ ગુરૂનું નામ તથા ગચ્છ અને ગચ્છની ક્રીયા બદલાવવી નથી, કેમકે મહારાજશ્રી ભાઇચંદજીએ પણ પોતે ગુરૂનું નામ તથા ગચ્છ ગુરજીપણામાં જે હતું તેજ રાખેલ છે, તો મારે પણ ગુરજીપણામાંથી નિકલી ક્રીયા ઉદ્ધાર કરી સાધુપણું લેવું છે, માટે ગુરૂનું નામ, ગચ્છ, અને ગચ્છની ક્રીયા કેમ બદલાએ એ તમો પોતેજ વિચારો ? ત્યારે કલ્યાણચંદજીએ કહ્યું કે, એમ કેમ બની શકે, એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહીં તેમ બન્ને ભેગા કેમ રહી શકો, ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, જો એવીરીતે નહીં થાય તો જબરજસ્તીનું કામ નથી, મારે સાધુપણું લેવાની ઇચ્છા હશે તો સંખેશ્વરજી જઇ હું પોતેજ ક્રીયા ઉદ્ધારની જે ક્રીયા આવડશે તે કરી લઇશ, એમ કલ્યાણચંદજીને કહી પછી કચ્છ નવાનારામાં શા. આશુ વાગજીને તે સર્વ હકીકત કાગલમાં લખી, તથા વલી લખ્યું કે, તેમને પણ શિષ્યોની તથા ગચ્છની મમત રહેલી છે, માટે હું કચ્છમાં પાછો આવીશ અથવા સંખેશ્વરજી જઇને પોતે પોતાની મેલેજ ક્રીયા ઉદ્ધાર કરીશ, એમ લખી મોકલ્યું. ત્યારબાદ વલી પણ તે માંડલગામમાં દશ પંદર દીવસો રહ્યા, પછી એક દીવસે તે ગુરજી કલ્યાણચંદજીએ કહ્યું કે, મહારાજશ્રી ભાઇચંદજીનું શરીર સારૂં નથી તેથી મને પોતાની પાસે બોલાવેલ છે માટે હું જાઇશ તમો વાંદવા ચાલશો ? એમ ગુરૂમહારાજને કહ્યું ત્યારે ગુરૂમહારાજશ્રીએ કહ્યું કે, મારી પાસે ફકત કચ્છમાં પહોંચાય તેટલીજ રૂપીયા ચૌદથી પંદરની ખરચી છે, માટે જો મારા ધારવા પ્રમાણે થાય તો ચાલવું સારૂં, નહીંતર તમો ખરચી આપો તો હું ચાલું, ત્યારે કલ્યાણચંદજીએ કહ્યું કે, સારૂં તમો ચાલો એમ કહેવાથી તેમની સાથે ગુરૂમહારાજ સંવત્ ૧૯૪૬ના ફાગણ સુદ ૮ ના મારવાડદેશમાં આવેલા પાલીશહેરમાં પહોંચ્યા, અને મુનિમહારાજશ્રીભાઇચંદજી પાસે ગયા. પછી મુનિમહારાજશ્રીભાઇચંદજીની પાસે ગુરજી કલ્યાણચંદજીએ ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજીમહારાજને ક્રીયા ઉદ્ધાર કરી સાધુપણું લેવા સંબંધીની સર્વ હકીકત કહી સંભલાવી. પછી મુનિમહારાજશ્રીભાઇચંદજીએ ગુરૂમહારાજશ્રીને સર્વ વૃત્તાંત પુછયો, ત્યારે ગુરૂમહારાજશ્રીએ જેમ માંડલગામમાં

કલ્યાણચંદજીને ઉત્તર કહેલ તેજ પ્રમાણે મહારાજશ્રી ભાઇચંદજીને ઉત્તર આપ્યું, તથા વાતચીતો થઇ. ત્યારપછી ગુરુજી કલ્યાણચંદજીએ મુનિમહારાજશ્રીભાઇચંદજીને સમજાવ્યું કે, હમણા તમો એકલા છો તેમજ તમોને ગુજરાતદેશમાં વિચરવું છે, માટે એકજ કરતાં બે સાધુ સાથે રહો તો ઠીક છે, અને એમ કરતા છેવટે સાથે રહેવાના પરિચયથી ગુરૂતરિકે તમોને એ પોતેજ સ્વીકારશે, એવીરીતે ગુરુજી કલ્યાણચંદજીએ મહારાજશ્રીભાઇચંદજીને એકાંતમાં સમજાવી કહ્યું, ત્યારે મહારાજશ્રીભાઇચંદજીએ ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીને કહ્યું કે, તમોને સુખેથી ક્રિયાઉદ્ધાર કરાવશું, ત્યારે ગુરૂમહારાજે શ્રીભાઇચંદજીમહારાજને ખુલાશા પૂર્વક કહ્યું કે, મારા પ્રથમનાજ ગુરૂમહારાજના નામનો વાસક્ષેપ મારા મસ્તકે નાખવો, કેમકે ગુરૂનું નામ તથા અંચલગચ્છ અને અંચલગચ્છની ક્રીયા વિધિ મારે બદલાવવી નથી, પરંતુ ફક્ત તમારી સાથે જ્યાંસુધી હું રહીશ ત્યાંસુધી તમારી સાથેજ ક્રિયા કરીશ. એવીરીતે ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજીએ મુનિમહારાજશ્રીભાઇચંદજીને પોતાની હકીકત કહી, જેથી મુનિમહારાજશ્રીભાઇચંદજીએ કબુલાત આપીને સંવત ૧૯૪૬ ના ફાગણ સુદ ૧૧ ના શ્રીમારવાડદેશમાં આવેલા પાલીશહેરમાં શ્રીનવલખાપાર્શ્વનાથજીના બાવન જિનાલય જિનમંદિરમાં પ્રભુજીની સન્મુખ નાંદ મંડાવીને ક્રિયા ઉદ્ધાર કરાવી, તેમના પરમ ઉપકારી, તથા જ્ઞાનદાતા એવા પ્રથમના ગુરૂ મુનિશ્રીસ્વરૂપસાગરજીના નામથી વાસક્ષેપ તેમના મસ્તકે નાખ્યો. આ પ્રમાણે ગુરૂમહારાજે સર્વવિરતિ પંચમહાવ્રત ત્યાં સ્વીકારીને, પછી તે પાલીશહેરથી મુનિમહારાજ શ્રીભાઇચંદજીની સાથે ગુજરાત દેશ તરફ વિહાર કર્યો. હવે ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીએ પોતાના ગુરૂમહારાજ શ્રીસ્વરૂપસાગરજીને પ્રથમ પાલીતાણાથી તથા માંડલગામથી તે ક્રીયા ઉદ્ધાર કરવા સંબંધીની હકીકત પત્રમાં લખી મુકેલી હતી, તે ફરીને જ્યારે ક્રીયા ઉદ્ધાર કરી પંચ મહાવ્રત સ્વીકાર્યાં ત્યારે સર્વ હકીકત સહિત ખુલાશા પૂર્વક પત્ર લખી મોકલ્યું. ત્યારબાદ ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજી મુનિમહારાજ શ્રીભાઇચંદજીની સાથે વિહાર કરતા કરતા પાલણપુરશહેરમાં આવ્યા, ત્યાં એક વખતે ગુરૂમહારાજે મુનિમહારાજ શ્રીભાઇચંદજીને કહ્યું કે, મારાથી તમારી આહાર પાણી વિગેરેની કોઇપણ પ્રકારે ભક્તિ થતી નથી, ત્યારે મુનિમહારાજ શ્રીભાઇચંદજીએ

કહ્યું કે, યોગવહન કર્યાં વિના તથા મોટી દીક્ષા લીધા વિના તમોએ લાવેલ આહાર પાણી વિગેરે અમોને કલ્પે નહીં, પછી વલી ગુરૂમહારાજે બહુ આગ્રહ પૂર્વક કહ્યું જેથી તેમણે આહાર પાણી લાવવામાટેની આજ્ઞા કરી, ત્યારથી તેમને માટે આહાર પાણી વિગેરે ગુરૂમહારાજ લાવી આપતા હતા. ત્યારબાદ ત્યાંથી વિહાર કરતાં કરતાં મુનિમહારાજ શ્રીભાઇચંદજીની સાથે ગુજરાતદેશમાં આવેલા પાટણનગરમાં પધાર્યા અને ત્યાં મણીયાતીપાડાના તથા કુંભારીઆપાડાના વચ્ચે રહેલ સાગરગચ્છના ઉપાશ્રયમાં આવી ઉતર્યા. પછી ત્યાં મુનિમહારાજ શ્રીભાઇચંદજીએ અસ્ખલિત મેઘની ધારા સરખી અમૃતવાણીની વ્યાખ્યાનધ્વનીથી બહુ વિસ્તારવાલા એવા ઉપાશ્રયની અંદર પણ જે સાંભલનારાઓને બેસવાની ભૂમિ મલતી ન હતી એવી મહોટી શ્રોતાઓની સભાને આનંદ પમાડી. હવે તે વખતે માસકલ્પ પૂર્ણ થવા આવેલો હોવાથી ત્યાંના સંઘે તે મુનિમહારાજ શ્રીભાઇચંદજીને ચોમાસું રહેવાની વિનંતિ કરી, જેથી મુનિમહારાજ શ્રીભાઇચંદજીએ અતિ આગ્રહ જાણી, તેમજ ક્ષેત્રસ્પર્શના ત્યાંની જાણી તે સંઘની વિનંતિ સ્વીકારી. પછી માસકલ્પ બદલાવવામાટે તે પાટણનગરમાં રહેલા ફોફલીયાપાડામાં શ્રીશાંતિનાથજીના જિનમંદીર પાસે અંચલગચ્છના ઉપાશ્રયે આવી રહ્યા, અને ત્યાં પણ મુનિમહારાજ શ્રીભાઇચંદજીની સાથે ગુરૂમહારાજે માસકલ્પ કર્યો, તે અવસરે મેસાણાગામમાં રહેલા સાગરગચ્છના સ્થવીર મુનિમહારાજ શ્રીરવીસાગરજીમહારાજ તેમના શિષ્ય મુનિભાવસાગરજી તે મેસાણાગામથી વિહાર કરી તે મુનિમહારાજ શ્રીભાઇચંદજીની પાસે જ્ઞાન અભ્યાસ કરવામાટે ત્યાં આવ્યા, તે ભાવસાગરજીએ બે ચાર દીવસો સુધી મુનિમહારાજ શ્રીભાઇચંદજીથી જુદો આહાર પાણી કર્યો, પછી તેઓ પણ તેમની સાથે આહાર પાણી કરવા લાગ્યા, ત્યારપછી ત્યાં અંચલગચ્છના ઉપાશ્રયમાં માસકલ્પ સંપૂર્ણ કરી, વલી પણ સાગરગચ્છના ઉપાશ્રયે મુનિમહારાજ શ્રીભાઇચંદજી તથા ભાવસાગરજી અને ગુરૂમહારાજ શ્રીગોતમસાગરજી એમ ત્રણે ઠાણા નિર્વિઘ્ને આવી ચોમાસું રહ્યા. તે વખતે ત્યાં વ્યાખ્યાનનો તથા પોષધ પ્રતિક્રમણાદિનો લાભ સારીરીતે શ્રાવકો લેતા હતા, તેમજ દરરોજ સંધ્યાકાલના અવસરે તે ત્રણે મુનિરાજોની સાથે શ્રાવકો તપગચ્છની સામાચારી પ્રમાણે પ્રતિક્રમણ

કરતા હતા, તથા પ્રભાતકાલના સમયે ત્રણે મુનિરાજો પોત પોતાના ગચ્છની સામાચારી પ્રમાણે પ્રતિક્રમણ કરતા હતા, અને સંતોષથી તે ત્રણે મુનિરાજો સ્વાધ્યાય વિગેરે કાર્યો કરતા હતા. હવે તે અવસરમાં મુંબઈબંદરથી વિધિપક્ષગચ્છાચાર્ય પૂજ્ય ભટ્ટારક શ્રીવિવેકસાગરસૂરિજીએ ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીને મુંબઈબંદરે બોલાવવા-માટેનું પત્ર સામજી નામના ભોજકની સાથે મોકલ્યું, તે પત્રનું પ્રત્યુત્તર ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીએ પત્રમાં લખી મોકલ્યું, જેથી તે શ્રીવિવેકસાગરસૂરીશ્વરજી સંતુષ્ટવાલા એવા શબ્દોથી લખેલ પત્ર વાંચીને શાંત થયા, તથા ખુશી થયા, ત્યારબાદ ત્યાં સુખે રહ્યા થકા પર્યુષણપર્વ આવ્યા, તે વખતે તે વર્ષમાં બે ભાદરવામાસ હોવાથી મુનિમહારાજ શ્રીભાઈચંદજી તપગચ્છની સામાચારી પ્રમાણે બીજા ભાદરવા સુદ ૫ ની સંવત્સરી કરનાર છે, તથા મુનિમહારાજ શ્રીભાવસાગરજી બીજા ભાદરવા સુદ ૪ ની સંવત્સરી કરનાર છે, અને ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજી વિધિપક્ષ (અચલ) ગચ્છની સામાચારી પ્રમાણે પહેલા ભાદરવા સુદ ૫ ની સંવત્સરી કરનાર છે એવી ખબર ત્યાંના શ્રાવકોને પડ-વાથી, પછી તે શ્રાવકો એકઠા મલીને મુનિમહારાજ શ્રીભાઈચંદજીની પાસે આવ્યા, અને અતિઆગ્રહ પૂર્વક તે શ્રાવકોએ બીજા ભાદરવા સુદ ૪ ની સંવત્સરી કરવી એમ મુનિમહારાજ શ્રીભાઈચંદજીને કબુલાત કરાવી. ત્યારપછી એકાંતમાં ગુરૂમહારાજ શ્રીગૌતમ સાગરજી-એ મુનિમહારાજ શ્રીભાઈચંદજીને કહ્યું કે, હું તો પર્યુષણપર્વની સંવત્સરી ચોથના દીવસે બિલકુલ કરનાર નથી, તેમજ તમો જો ચોથની સંવત્સરી કરશો તે પણ તમોને યોગ્ય નથી, અને મારે તમારી સાથે જે બીજા ભાદરવામાસમાં સંવત્સરી કરવી એમ તમોને મેં પ્રથમ કબુલાત આપેલ છે તે પણ પાંચમની સંવત્સરી તમો કરો છો એમ જાણીનેજ જ્યાંસુધી તમારી સાથે રહીશ ત્યાંસુધી તમારી સામાચારી કરીશ એમ કહેલ છે, તેમ છતાં છેવટે તમારા વડીલ મુનિમહારાજ શ્રીકુશલચંદજીની આજ્ઞા મગાવવી જોઇએ; ત્યારે મુનિમહારાજ શ્રીભાઈચંદજીએ ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીને કહ્યું કે, હું કોઇપણ પ્રકારે તેમની આજ્ઞામાં વર્તતો નથી, તેમ મારા તે ગુરૂ પણ નથી, માટે મારે તો સંઘના કહેવા પ્રમાણે કરવું પડશે, કેમકે અહીંજ આ પાટણનગરમાં ખરતરગચ્છના મુનિમહારાજ શ્રી-

મોહનલાલજીએ પણ અહીંના શ્રાવકોના આગ્રહથી તપગચ્છની કેટલીક સામાચારી સ્વીકાર કરેલી હાલ આ ગુજરાતદેશમાં વર્તે છે, માટે મારાથી પણ અહીંના સંઘનું આગ્રહપણું મુકાશે નહીં, તમો મારા શિષ્ય નથી જેથી તમને યોગ્ય લાગે તેમ કરો? એમ પરસ્પર ભિન્નપણું થયું, ત્યારે ગુરૂમહારાજે મુનિમહારાજ શ્રીભાઇચંદજીને કહ્યું કે, તમો ચોથની સંવત્સરી જો કરશો તો તમારી સાથે મેં કરેલ કબુલાત જે જ્યાંસુધી તમારી સાથે વિચરૂં ત્યાંસુધી તમારાજ પ્રતિક્રમણ વિગેરે કરૂં એવી કબુલાત આજથી હું રદ કરૂં છું, ત્યારે મુનિમહારાજ શ્રીભાઇચંદજીએ કહ્યું કે, જેવી તમારી ઇચ્છા. એવી-રીતની તેમની વાણી શ્રાવકોએ સાંભલીને, એકદા અવસરે અંચલ-ગચ્છીય નગીનદાસ આદિ ચાર પાંચ શ્રાવકો ગુરૂમહારાજની પાસે આવી તેમને સમજાવવા લાગ્યા કે, તમો અંચલગચ્છના છો અને છેવટ ભાઇચંદજીમહારાજની સાથે બીજા ભાદરવામાસમાં પર્યુષણ-પર્વની સંવત્સરી પાંચમની કરનારા તો નિશ્ચયથી છો? માટે આપણી અંચલગચ્છની સામાચારી પ્રમાણે તે ચોથના દિવસે પાછલના પહોરમાં સંવત્સરી પ્રતિક્રમણ વખતે ઘડી આઠથી દશ પાંચમ આવે છે, માટે તમારી પાંચમ તેજ દીવસે છે તેમાં કોઇ પ્રકારે ગેરવ્યાજબી નથી, ભાઇચંદજીમહારાજની સામાચારી પ્રમાણે સુર્યના ઉદયથી તપગચ્છની પેઠેજ ચોથ તે દીવસે આવે છે. એ પ્રકારે શ્રાવકોએ હકીકત કહેવાથી ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીમહારાજે પંચાંગ મગાવી તેમાં બીજા ભાદરવા સુદ ૪ સૂર્ય ઉદયથી ઘડી બાવીસ ત્રેવીસ છે, અને તે ઉપરાંત પાંચમ આવતી જોઇને પોતાના મનમાં વિચાર્યું કે, મુનીમહારાજ શ્રીભાઇચંદજીના દાક્ષણ્યતાથી બીજા ભાદરવામાં સંવત્સરી કરવી પડત તો એઓની પાંચમ બીજે દીવસે સૂર્ય ઉદય વખતે હોય પણ પ્રતિક્રમણ અવસરે છઠ્ઠ આવે, માટે તે કરતાં આ શ્રાવકોનું કહેવું ઠીક છે, પાંચમ લોપ થતી નથી એવી-રીતે વિચાર કરીને ગુરૂમહારાજશ્રીએ તે શ્રાવકોનું વચન કબુલ કરી તથા મુનિમહારાજ શ્રીભાઇચંદજીની દાક્ષીણતાથી બીજા ભાદર-વામાં પાંચમની સંવત્સરી કરવાનું કબુલ કર્યું, જેથી તે શ્રાવકો સંતોષ પામી ખુશી થયા, પરંતુ મુનિમહારાજ શ્રીભાઇચંદજીની સાથે ગુરૂમહારાજશ્રી ગૌતમસાગરજીનું મન તેમણે ચોથની સંવત્સરી કેવલ કરી જેથી જુદું પડી ગયું. હવે એકદા અવસરે મુનિશ્રી-

ભાવસાગરજીને ગુરૂમહારાજ પુછવા લાગ્યા કે, તમો જ્યારે મેસાણાથી આવ્યા, ત્યારે બે ચાર દીવસો આહાર પાણી જુદો લાવી અને જુદોજ વાપરતા હતા, અને પાછલથી મહારાજ શ્રીભાઇચંદજી તથા મારી સાથે આહાર પાણી વાપરવા લાગ્યા તેનો હેતુ શું છે. તે મને કહો? એમ ગુરૂમહારાજે પુછવાથી મુનિશ્રીભાવસાગરજીએ પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે, મુનિમહારાજ શ્રીભાઇચંદજીએ તથા તમોએ માંડલીયાયોગ કરેલ નથી, તેમજ મહોટી દીક્ષા પણ લીધેલ નથી, તે હેતુથી આહારપાણી જુદું વાપર્યું. ત્યારે ગુરૂમહારાજે મુનિશ્રીભાવસાગરજીને કહ્યું કે, મહારાજશ્રીભાઇચંદજીએ તો યોગ કરેલ હશે તથા મહોટી દીક્ષા લીધેલ હશે. એમ કહેવાથી ગુરૂમહારાજને મુનિશ્રીભાવસાગરજીએ કહ્યું કે, તમોને એ હકીકત સંબંધમાં શંકા રહેલી છે તો તે શંકા કોઈ અવસરે હું દૂર કરીશ, પરંતુ તમો મહારાજ શ્રીભાઇચંદજી જ્યારે ખુશી આનંદમાં બેઠા હોય તે અવસરે મને એ હકીકત પુછશો, જેથી તમારી શંકા દૂર થશે, એમ મુનિ શ્રીભાવસાગરજીએ કહ્યું. હવે વળી કોઇ વખતે ત્રણે મુનિરાજો આનંદમાં બીરાજેલ હતા, ત્યારે તેમાંથી ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીએ મુનિ શ્રીભાવસાગરજીને પુછ્યું કે, તમો જ્યારે પ્રથમ આવ્યા, ત્યારે બે ચાર દીવસોસુધી આહારપાણી જુદું કરતા હતા, અને પછીથી અમારી સાથે કરવા લાગ્યા, તેનું શું કારણ? ત્યારે મુનિ શ્રીભાવસાગરજીએ મુનિમહારાજ શ્રીભાઇચંદજી સાંભલતાં કહ્યું કે, મુનિમહારાજ શ્રીભાઇચંદજીએ તથા તમોએ માંડલીયાયોગ કર્યા નથી, તથા મહોટી દીક્ષા લીધી નથી, તે કારણે મેં બેચાર દીવસો આહારપાણી જુદું કર્યું, અને પછી મહારાજ શ્રીભાઇચંદજીની પાસે મારે જ્ઞાન અભ્યાસ કરવાનું હોવાથી "વિનય વિના વિદ્યા પ્રાપ્ત થાય નહીં" એમ શાસ્ત્રનું વચન છે, જેથી મેં મારા ગુરૂમહારાજ શ્રીરવીસાગરજીને પત્ર લખી અને તેમની આજ્ઞા મગાવી કરીને પછી તમારી સાથે આહારપાણી વાપર્યો છે, અને જ્યારે ગુરૂમહારાજ શ્રીરવીસાગરજીની પાસે જાઇશ ત્યારે તેઓ સાત માંડલીના યોગ કરાવીને મને ભેલવશે, એમ ભાવસાગરજીએ મુનિમહારાજ શ્રીભાઇચંદજીની સમક્ષ હકીકત કહી, પછી ચોમાસું સંપૂર્ણ થયાબાદ ત્યાંથી વિહાર કરી ત્રણે ઠાણા મેસાણે ગયા, ત્યાં તેમના ગુરૂમહારાજ શ્રીરવીસાગરજીમહારાજે તે મુનિભાવસાગરજીને માંડલાથી બહાર જુદું આહારપાણી કરાવી, અને ફરીથી સાત

માંડલીના યોગ કરાવી પોતાની સાથે માંડલામાં બેસાડ્યા. એવીરીતે ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીએ તે હકીકત જોઇને પોતાના મનમાં વિચાર્યું કે, મુનિમહારાજ શ્રીભાઇચંદજી વિદ્વાન્ છતાં આવીરીતે કપટ કરે છે, એથી સર્યું? મારે શું? મારે તો ગુણવાન્ પુરૂષોના ગુણો ગ્રહણ કરવાના છે, તેમ મને એમણે ઉપકાર કરેલ હોવાથી ઉપકારી મારા છે, એવીરીતે વિચાર કરીને મુનિમહારાજ શ્રીભાઇચંદજીની પોતાથી થતી સેવા ભક્તિ કરવા લાગ્યા, અને તેમની સાથે વિચરતા થકા શ્રીમાંડલગામે આવ્યા, પછી ત્યાં કોઈ અવસરે મુનિમહારાજ શ્રી-ભાઇચંદજીની સાથે આહાર પાણી કર્યાબાદ ગુરૂમહારાજ શ્રીગૌત-મસાગરજીએ પ્રથમ પોતાના પાત્રાઓને લુછી શાફ કરીને, પછી મહા-રાજ શ્રીભાઇચંદજીના પાત્રાઓને લુછી શાફ કરવા માંડ્યા; જેથી મહારાજશ્રીભાઇચંદજી બોલવા લાગ્યા કે, આ તમો શું કરો છો? પ્રથમ પોતાના પાત્રાઓને શાફ કરી પછી મહોટાના પાત્રાઓ શાફ કરો છો? એવીરીતે તેમના વચનો સાંભળીને ગુરૂમહારાજે શ્રી-ભાઇચંદજીમહારાજને કહ્યું કે, એ મારાથી ભુલ થઇ ગઇ! ત્યારે મુનિ-મહારાજશ્રીભાઇચંદજીએ કહ્યું કે, જો એ બાબતમાં તમો ભુલી ગયેલા હો તો તમારા ગુરૂમહારાજના સોગંદ લ્યો? ત્યારે ગુરૂમહારાજે કહ્યું, હે સાહેબજી! ગુરૂના સોગંદ લેવરાવીએ નહીં કેમકે તમો વિદ્વાન્ છો? તમોને હું શું કહું? તે સાંભળી મુનિમહારાજશ્રીભાઇચંદજી અતિ ક્રોધાયમાન થયા, જેથી ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજીએ તેમની પાસેથી ક્ષમા યાચીને કચ્છદેશમાં જવાને માટે આજ્ઞા માગી, ત્યારે મુનિમહારાજશ્રીભાઇચંદજીએ કહ્યું કે, તમો મારી સાથે પાલીતાણા સુધી ચાલો? કેમકે ત્યાં અમારા સાધુ મુનિદેવચંદજી તથા વિજય-ચંદજી નામના બન્ને ઠાણા આવશે, પછી તમો સુખેથી જાજો, એમ મહારાજશ્રીભાઇચંદજીએ કહ્યું. ત્યારે ગુરૂમહારાજે તે વચનો તેમનાં કબુલ કર્યાં. હવે ત્યાં માંડલગામમાં રહેલા મહારાજશ્રીભાઇચંદજીના ગુ-રજીપણાના ગુરૂભાઇ કલ્યાણચંદજીએ ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીને કહ્યું કે, તમારા પ્રથમના રૂપીયા ચૌદ પંદર મારી પાસે પડેલા છે, તેનું શું કરવું? ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, તે રૂપીયાનું મારે કાંઈ કામ નથી, તમોને યોગ્ય લાગે તેમ કરો? જો તમારે પાલીશહેર જવામાટેનું ખર્ચ લેવું નહીં હોય તો મને દશવૈકાલિકસૂત્રની ટબાવાલી પ્રત જોઇએ છીયે તે આપો? તે સાંભળીને ગુરજી કલ્યાણચંદજીએ મુનિ-

મહારાજશ્રીભાઇચંદજીના જ્ઞાનભંડારમાંથી દશવૈકાલીકસૂત્રની ટબા-વાલી પાના ૬૩ ની પ્રત કહાડી ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજીને આપી, ત્યારબાદ ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજી મુનિમહારાજશ્રી-ભાઇચંદજીની સાથે ત્યાંથી વિહાર કરી અનુક્રમે વિચરતા થકા પાલી-તાણાશહેરે આવ્યા, ત્યાં શેઠ કેશવજી નાયકની ધર્મશાલામાં મુનિ-દેવચંદજી તથા વિજયચંદજી તથા તેમની સાથે શ્રાવક ગુણપતભાઈ કે જેમનું હાલમાં નામ મુનિગુણચંદજી છે, એમ તેઓ પ્રથમથી આવીને ઉતર્યા હતા, તેમની સાથે મુનિમહારાજશ્રીભાઈચંદજી તથા ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજી ત્યાં ઉતર્યા.

હવે ત્યારબાદ ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજીએ ત્યાં રહેલ સિદ્ધા-ચલજીતીર્થની ચાર દીવસ યાત્રા કરી, પછી એકાકીપણેજ પોતે ત્યાંથી વિહાર કરી કચ્છ તરફ ચાલ્યા, અને અનુક્રમે વિચરતા થકા કચ્છ નવાવાસ (દુર્ગાપુર) માં સંવત્ ૧૯૪૭ ના ફાલ્ગુન વદી અમા-વાસ્યાના દિવસે પહોંચ્યા. પછી ત્યાં નજદીકમાં રહેલા જુદા જુદા ગામડાઓમાં ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજી પાર્શ્વચંદ્રગચ્છના મુનિ-શ્રીમોતીચંદજી તથા ખીમચંદજી અને પ્રેમચંદજી એમ ઠાણા ત્રણની સાથે તથા કોઇ વખતે તેમના સંઘાડાની સાથે વિહાર કરતા હતા, અને કોઇ વખતે એકાકીપણે જુદા પણ વિહાર કરતા હતા. એવીરીતે વિચરતા થકા તેજ સંવત ૧૯૪૭ ના વૈશાખમાસમાં ગુરૂમહારાજ પોતાના પૂજ્ય ગુરૂમહારાજ શ્રીસ્વરૂપસાગરજીને મલવામાટે નાના આશં-બીએ જતા થકા વચમાં મોટા આશંબીઆમાં આવ્યા, ત્યાં તેમને આવેલા સાંભલીને તેમના ગુરૂમહારાજ શ્રીસ્વરૂપસાગરજી પણ મોટા આશંબીઆમાં આવ્યા, અને તેમણે ગુરૂમહારાજશ્રીને સાધુપણામાં પંચમહાવ્રતધારી જોયા, જેથી તેમના નેત્રોમાંથી મોહને લીધે આં-સુઓ પડવા લાગ્યા; ત્યારે ગુરૂમહારાજશ્રીએ વિનયપૂર્વક પોતાના ગુરૂમહારાજશ્રીસ્વરૂપસાગરજીને કહ્યું કે, તમો શામાટે ખેદ કરો છો? તમોને કોઇપ્રકારે પણ કલંક લાગે તેવું કાર્ય મેં કર્યું નથી, માટે આપ પ્રસન્ન થઇ મને આશીર્વાદ આપો? ત્યારે તેમને ગુરૂમહારાજશ્રીએ કહ્યું, તમો ચારિત્ર સુખેથી પાલો? પરંતુ ગુરૂપણાનું નામ મારૂં રાખશો, બદલાવશો નહીં. અને ગચ્છની પરંપરા ફેરવશો નહીં. એમ પોતાના ગુરૂમહારાજ શ્રીસ્વરૂપસાગરજીએ કહ્યું. ત્યારે ગુરૂમહા-

રાજ શ્રીગૌતમસાગરજીએ કહ્યું કે, હે પૂજ્ય ગુરૂમહારાજ આપ જેવી-રીતે કહો છો તેવીજરીતે મેં પણ આપનું ગુરૂતરીકે નામ તથા ગચ્છની પરંપરા પ્રથમની પેઠેજ સ્વીકારેલ છે, માટે તમો; પ્રસન્ન રહો? એવીરીતના વચનો સાંભલીને તેમના ગુરૂમહારાજશ્રીજીએ તેમની પુંઠ થાપીને કહ્યું કે, તમો ચારિત્રમાં સફલતા મેલવો, પછી તે શાંતસ્વભાવવાળા, દયાલુ, તેમજ ભવભીરૂ હોવાથી તેમણે કયાંય પણ તે ગુરૂમહારાજને ચારિત્રમાં વિઘ્ન પાડયું નહીં. ત્યારબાદ ત્યાંથી સુખે વિહાર કરીને ગામેગામ વિચરતા થકા સંવત્ ૧૯૪૮ નું ચોમાસું કચ્છ કોડાયમાં કર્યું, ત્યાં વિદ્યાભ્યાસ કરતા તથા એકાંતરીયા ઉપવાસની તપસ્યા કરતા થકા ચોમાસું પૂર્ણ કરીને, કચ્છઅબડાશાજીલ્લામાં આવેલા સુથરી નામના શહેરમાં વિચરતા થકા આવ્યા, અને ત્યાં ઘૃતકલ્લોલપાર્શ્વનાથજીની યાત્રા તેમણે કરી. હવે એવા અવસરમાં પાર્શ્વચંદ્રગચ્છના મુનિમહારાજ શ્રીકુશલચંદજી મહારાજ જામનગરમાં ચોમાસું કરીને કચ્છદેશમાં વિચરતા આવ્યા, તે સાંભલી ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજી તેમને વાંદવામાટે ત્યાંથી વિહાર કરી અનુક્રમે કચ્છ બીદડામાં તેમની સાથે મલ્યા, અને તેમને વાંદીને સાથે રહ્યા, તેજ અવસરે ગુરૂમહારાજશ્રીને મુનિમહારાજ શ્રીકુશલચંદજી પુછવા લાગ્યા કે, અમારી સાથે તમારો રહેવાનો શું વિચાર છે? ત્યારે ગુરૂમહારાજશ્રીએ કહ્યું કે, હું તમારી આજ્ઞા પ્રમાણે તમારી સાથે વિચરીશ, પણ જ્યાંસુધી તમારી સાથે હું રહીશ, ત્યાંસુધી તમારી ક્રિયા કરીશ, અને જ્યારે કોઇપણ પ્રસંગવશથી જુદું વિચરીશ ત્યારે હું અમારા ગચ્છની પરંપરા પ્રમાણે ક્રિયા કરીશ. એવીરીતે ગુરૂમહારાજશ્રીજીના વચનો સાંભલી મુનિમહારાજ શ્રીકુશલચંદજીએ કહ્યું કે, એ પ્રકારે તમારો વિચાર હોયતો અમારી સાથે તમારાથી નજ રહેવાય? અમારા શિષ્ય થાઓ? તોજ સર્વે સારૂં થાય? અને તમારી શિષ્ય થવાની જો ઇચ્છા હોય નહીં તો સુખેથી એકાકીપણે વિચરો? ત્યારે ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીએ ત્યાંથી વિહાર કરી એકાકીપણેજ કચ્છનાનાઆશંબીઆમાં આવીને શા. વેરશી નથુ તથા શા. ઉંમરશી કેશવજી નામના બન્ને શ્રાવકો પાસેથી સાધુને એકાકીપણે વિહાર કરવું કે નહીં તે સંબંધની તેઓની સલાહ ગ્રહણ કરવા માટે તેમને પુછ્યું કે સાધુને એકલવિહારીપણે વિચરવું તે યોગ્ય છે કે નહીં? એમ ગુરૂમહારાજશ્રીએ પૂછ્યું, અને પછી તે મુનિમહા-

રાજશ્રીકુશલચંદજીએ કહેલી હકીકત તે બન્ને શ્રાવકોની આગલ કહી, ત્યારપછી તે બન્ને શ્રાવકોએ ગુરૂમહારાજશ્રીને સલાહ આપતા થકા કહ્યું કે, જે કોઇ પણ સાધુ આત્માનું કલ્યાણ ઇચ્છનાર હશે તે એકલવિહારીપણે પૃથ્વી ઉપરે વિચરી પોતાનું ગ્રહણ કરેલ ચારિત્ર પાલશે? તે માટે લૌકીક કહેવત છે કે "રહેશે તે પોતાથી રહેશે, નહીં રહે તે સગા બાપથી નહીં રહે" માટે અમારી એવી સલાહ નથી કે પ્રથમના ગુરૂનું નામ લોપવું, અને બીજા ગુરૂનું નામ ધારણ કરવું, વલી ગુરૂનું નામ લોપનાર તે ગુરૂદ્રોહી કહેવાય છે, તે કારણે તમો સંયમ પાલવાની યતના કરતા થકા એકલાજ વિચરો, અને કુશલચંદજીમહારાજે તો તમોને ઉપકાર કર્યો કે, જો તેમની સાથે વિચરવાનું કરેલ હોત તો તમારો શિષ્ય, શિષ્યણીઓનો પરિવાર થાય નહીં અને તેથી તમારા ગચ્છનું તમો શું ઉદ્ધાર કરી શકો? અને હવે એવીરીતે એકાકીપણે સંયમની સારીરીતે પાલના કરતા થકા વિચરવાથી તમારો સાધુ સાધ્વીઓનો પરિવાર વૃદ્ધિ પામશે, એ પ્રકારની તે બન્ને શ્રાવકોના મુખથી નીકલતી સલાહ સાંભલીને ગુરૂમહારાજશ્રીજીએ શુભશુકનોની પેઠે તે સલાહ હૃદયમાં ધારી, પછી ત્યાંથી વિહાર કરી કચ્છમુંદરાશહેરે પધાર્યા, ત્યાં જૈનપાઠશાલામાં વિદ્યાભ્યાસ કરતા અને એકાંતરીયા ઉપવાસની તપસ્યા કરતા થકા સુખેથી રહ્યા. હવે એવામાં ત્યાં સંવત્ ૧૯૪૮ના ફાલ્ગુન શુકલ પક્ષમાં ખરતરગચ્છના મુનિમહારાજ શ્રીમયાચંદજીમહારાજ વિચરતા કચ્છ મુંદરાશહેરે પધાર્યા, તેમણે ગુરૂમહારાજશ્રીના વિનયાદિ ગુણોને જોઇ, જાણે ગુરૂમહારાજશ્રીના આધીન થયા હોય નહીં તેમ તેમણે પ્રસન્ન થઇને ગુરૂમહારાજશ્રીને કહ્યું કે, તમો હાલમાં તપ કરવાનું મૂકીને વિદ્યાનું અભ્યાસ સારીરીતે કરો? ત્યારે ગુરૂમહારાજે પરિગ્રહ વિગેરેના ત્યાગી, વૈરાગ્યવાન્, ક્રિયાપાત્ર, નિસ્પૃહી, અને મહાત્મા એવા તે મુનિમહારાજ શ્રીમયાચંદજીના વચનો સાંભળી આજ્ઞા પ્રમાણ કરી, કેમકે ગુણવાન્ પુરૂષોને ગુણવાન્ પુરૂષોનુંજ સમાગમ થાય છે. ત્યારબાદ મુનિમહારાજ શ્રીમયાચંદજી ત્યાંથી વિહાર કરી અનુક્રમે વિચરતા કચ્છમાંડવીબંદર થઇને સંવત્ ૧૯૪૮ના વૈશાખ વદીમાં કચ્છભુજનગરે પધાર્યા, ત્યાં સંઘની આગલ તેઓએ યુગપ્રધાન દાદા શ્રીકલ્યાણસાગરસૂરિજીનું મહાત્મ્ય વર્ણન કર્યું, તથા તે દાદાશ્રીજીની સેવા, પૂજા, અને દર્શનનો પ્રચાર વિશેષ પ્રકારે પ્રગટ કર્યો, તેમજ વલી

ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીના ગુણો વિગેરેની પ્રશંસા કરી. ત્યારપછી તે ભૂજનગરના સંઘે ગુરૂમહારાજશ્રીના ગુણો વિગેરે મુનિમહારાજશ્રીમયાચંદજીના મુખથી સાંભળીને ત્યાં ચોમાસું કરવામાટે વિનંતિ પત્ર લખી શા. ગોવિંદજી જેરાજ મપારાની સાથે કચ્છમુંદ્રાશહેરે ગુરૂમહારાજશ્રીને મોકલ્યું. તે વિનંતિ પત્ર ગુરૂમહારાજશ્રીએ વાંચીને ચોમાસું ભુજનગરમાં કરવાનું સ્વીકારી, પછી તે મુંદરાશહેરથી વિહાર કરી અનુક્રમે માનકુવાગામે ગુરૂમહારાજ પધાર્યા, તે સાંભળી ભુજનગરના સંઘે માનકુવામાં મહોટા આડંબરથી આવી જિનમંદિરમાં પ્રભુની સારા ઠાઠથી તથા સારી રાગરાગિણીથી પૂજા ભણાવી, તથા સ્વામિવત્સલ કર્યો, અને સ્વામીભાઇઓને ઘેર ઘેર સાકરની લાણી કરી. ત્યારબાદ ગુરૂમહારાજશ્રી ત્યાંથી વિહાર કરી સંઘની સાથે ભુજનગરે પધાર્યા, ત્યાં મહોટા મહોત્સવ સહિત સંઘે ગુરૂમહારાજશ્રીજીને ભુજનગરમાં પ્રવેશ કરાવ્યો, પછી ગુરૂમહારાજ શ્રીવિધિપક્ષ (અંચલ) ગચ્છીય મહોટા ઉપાશ્રયમાં બિરાજમાન થઇ, તે ભુજનગરના રાવસાહેબ શ્રી પ્રથમ ભારમલ્લજીરાજાએ યુગપ્રધાન દાદા શ્રીકલ્યાણસાગરસૂરીશ્વરજીને વ્યાખ્યાન અવસરે બેસવામાટે પોતાનો હિંડોલા ખાટ તે ઉપાશ્રયમાં વિક્રમ સંવત્ ૧૬૫૪ માં પાટ તરિકે ભેટમાં અર્પણ કરેલો છે તે પાટની ઉપર બેસી સંઘની આગલ ધર્મોપદેશ પ્રકાશવા લાગ્યા, તે ધર્મોપદેશ સાંભલી સંઘ ઘણો આનંદ પામ્યો, અને ઘણા ભવ્યજીવોએ વ્રતોનાં, નિયમોનાં પચ્ચખ્ખાણ કર્યાં. હવે ગુરૂમહારાજ ગૌતમસાગરજી ત્યાં સંવત્ ૧૯૪૯ નું ચોમાસું રહ્યા, તે અવસરે કચ્છસુથરીશહેરના રહેવાસી શ્રાવક શા. ઉભાઇઆભાઇ ઉમર વર્ષ ત્રીશ બત્રીશના તેણે ત્યાં સુથરી શહેરમાં વિધિપક્ષ (અંચલ) ગચ્છીય શ્રીમુક્તિસાગરસૂરીશ્વરજીની શિષ્યણી સાધ્વીજી શ્રીદેવશ્રીજી તેમની શિષ્યણી સાધ્વીજીશ્રીદયાશ્રીજીની પાસે વંદન કરવા અવસરે પોતાની વૈરાગ્યથી દીક્ષા લેવાની ઇચ્છા જણાવી, ત્યારે તે ઉભાઇઆભાઇની દીક્ષા લેવાની ઇચ્છા જાણીને સાધ્વીજી શ્રીદયાશ્રીજીએ કચ્છભુજનગરમાં ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીમહારાજની ઉપરે પત્ર લખી તેમની પાસે તે ઉભાઇઆભાઇને મોકલ્યા, અને તે ઉભાઇઆભાઇ પણ કચ્છભુજનગરે આવી ગુરૂમહારાજશ્રીની પાસે વૈરાગ્યથી રહી તે ચોમાસામાં વિદ્યાભ્યાસ કરવા લાગ્યા. પછી ચોમાસું પૂર્ણ થયાબાદ ગુરૂમહારાજશ્રીજી વિહાર કરવા

તૈયાર થયા, તે વખતે તે ભુજનગરના રહેવાસી શેઠ મૂળચંદ ઓધવજીની સુભાર્યા બાઇ પુત્રીબાઇએ ત્યાંના સંઘના મુખ્ય શ્રાવકોને કહ્યું કે, ગુરૂમહારાજશ્રીજી એકલા છે, અને તેમની પાસે દીક્ષા લેવાની ઇચ્છાવાલા ભાઇ ઉભાઇઆભાઇ વિદ્યાભ્યાસ કરે છે, માટે જો સંઘ તે ઉભાઇઆભાઇની દીક્ષાનું મહોત્સવ કરતો હોય તો મારા તરફથી હું તે મહોત્સવમાં કોરી પાંચસો આપું છું, તે સાંભળીને સંઘે કબુલાત આપી ગુરૂમહારાજશ્રીને વિનંતિ કરી અને બિરજાબાગમાં ચોમાસું બદલાવી ફરી પાછા ભુજનગરમાં પધરાવ્યા, ત્યારબાદ તે ઉભાઇઆભાઇને દીક્ષા દેવાનું મુહૂર્ત્ત સંઘે કઢાવ્યું, તે મુહુર્ત પોષ મહિનામાં આવ્યું, અને ગુરૂમહારાજશ્રીએ કચ્છમાંડવીબંદરે બિરાજતા શાંતમુર્ત્તિ મુનિમહારાજ શ્રીમયાચંદજીમહારાજને વિનંતિ લખીને બોલાવ્યા, જેથી તેઓ ત્યાં ભુજનગરે પધાર્યા, અને તેમણે દીક્ષાનું મુહૂર્ત જોતાં મહા સુદ ૧૦ નું કહાડયું.

ત્યારબાદ મુનિમહારાજ શ્રીમયાચંદજીમહારાજે ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજીમહારાજને કહ્યું કે, તમો યોગવહન કરો તથા મહોટી દીક્ષા લ્યો, કેમકે તમારે તમારા શિષ્યશિષ્યણીઓના પરિવારને યોગવહન કરાવવામાં તથા મહોટી દીક્ષા આપવામાં અનુકુલતા પડશે, ત્યારે ગુરૂમહારાજશ્રીજીએ તે મયાચંદજીમહારાજનું વચન સ્વીકાર કર્યું, અને યોગવહન કરવાની ક્રિયા ચાલુ કરી, માગસર વદી ૧૧ ની મહોટી દીક્ષાની ક્રિયા મહારાજ શ્રીમયાચંદજીએ કરાવી. પછી ઉભાઇઆભાઇની દીક્ષાનું મહોત્સવ ધામધુમથી થવા લાગ્યું, અને મહોટા વરઘોડા સહિત તે ઉભાઇઆભાઇને સંવત્ ૧૯૪૯ ના મહા સુદ ૧૦ ના દીવસે મુનિમહારાજ શ્રીમયાચંદજીમહારાજે ક્રિયા વિધિ કરાવી દીક્ષા આપી, અને ગુરૂમહારાજશ્રીજીના શિષ્ય તરિકે મુનિ ઉત્તમસાગરજી નામ સ્થાપન કર્યું. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીએ શિષ્ય સહિત ત્યાંથી શુભ દિવસે વિહાર કર્યો, તે વખતે યુગપ્રધાન દાદા શ્રીકલ્યાણસાગરસૂરીશ્વરજીના સ્તૂપવાલા દેરાસરજીનો જીર્ણોદ્ધાર કરવામાટે ગામોગામથી ટીપમાં રકમો ભરાવવાને કારણે તે ભુજનગરનાજ શા. માણેકચંદ રંગજી નામના શ્રાવક ગુરૂમહારાજશ્રીજીની સાથે ચાલ્યા, પછી ગુરૂમહારાજશ્રીજી પોતાના શિષ્ય સહિત અનુક્રમે વિહાર કરતા કરતા કચ્છગઢશિશાની પાસે આવેલા શ્રીદેવપુરગામે

આવ્યા, ત્યાં ગુરૂમહારાજશ્રીની ધર્મોપદેશની વાણી સાંભલી ત્યાંના શા. નરશી મેઘરાજની સુપુત્રી અને શા. મુલા તેજાની સુપત્ની બાઇ ઉંમરબાઇને ચારિત્ર ગ્રહણ કરવાનો શુભ ભાવ થયો, જેથી તે વખતે તેણીએ કેટલાક આરંભ નહીં કરવાના પચ્ચખ્ખાણ કર્યા. ત્યારપછી ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરી અનુક્રમે શ્રીચીઆસરગામે પધાર્યા, ત્યાં ગુરૂમહારાજશ્રીજીની ધર્મોપદેશ વાણી સાંભલી ત્યાંના રહીસ શા. ગેલા લખુના સુપુત્ર ભાઇ ગોવરને ચારિત્ર ગ્રહણ કરવાનો શુભ ભાવ થયો, અને તે ગોવરભાઇ ગેલા જ્યારે ગુરૂમહારાજશ્રીજીએ ત્યાંથી વિહાર કર્યો ત્યારે તેમની સાથે અભ્યાસ કરવા માટે ચાલ્યા.

પછી અનુક્રમે વિહાર કરતા કરતા ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજી પોતાના શિષ્ય મુનિ ઉત્તમસાગરજી તથા ભાવચારિત્રીયા ભાઇ ગોવર ગેલા અને ભૂજનગરના શ્રાવક શા. માણકચંદ રંગજીની સાથે કચ્છ સુથરીશહેરે પધાર્યા. હવે યુગપ્રધાન દાદા શ્રીકલ્યાણસાગરસૂરિજીના સ્તૂપવાલા દેરાસરજીના જીર્ણોદ્ધાર કરવામાટેની ગામોગામથી ટીપમાં રકમો ભરવાનું ચાલુ કરેલ તે સુથરીશહેર સુધીની રકમ કોરી આઠસો પચાસની થઇ, જેથી તે જીર્ણોદ્ધારનું કામ ચાલુ કરવાના પ્રસંગથી શા. માણકચંદ રંગજી ત્યાંથી પાછા વલી ભુજનગરે ગયા, અને ત્યાં જઇ જીર્ણોદ્ધારનું કામ ચાલુ કર્યું. હવે ત્યાં સુથરીશહેરમાં શ્રીઘૃતકલ્લોલપાર્શ્વનાથજીની યાત્રા કરવાનો તે સંવત્ ૧૯૪૯ના ચૈત્ર સુદી ૧૫ ના દિવસે મહોટો મેળો ભરાયો, તે વખતે ઘણા ગામોના સંઘો આવ્યા, તેમાં દેવપુરગામના સંઘની સાથે ચારિત્ર લેવાના ભાવવાલી બાઈ ઉંમરબાઇ તે સુથરીશહેરે આવ્યા અને ગુરૂમહારાજ-શ્રીજીની પાસે જ્ઞાનઅભ્યાસ કરવામાટે ત્યાં રહેલા સાધ્વીજી દયા-શ્રીજીની પાસે રહ્યા, તે સંસારીપણાને વિષે કુટુંબમાં કાકાઇ પીતરી-આઇ દાદીજી થતા હોવાથી તે ઉંમરબાઇ ઉપરે પૂર્ણ પ્રેમ રાખવા લાગ્યા. તેવારપછી તે સુથરીશહેરમાં રહેલા ગુરૂમહારાજશ્રીજીને કચ્છભુજનગરથી વરસીતપ ઉપરે વૈશાખ સુદ ૩ ના પધારવામાટે સંઘની વિનંતિ આવવાથી તેઓ પોતાના શિષ્ય તથા ગોવરભાઇની સાથે કચ્છભુજનગરે પધાર્યા. પછી ત્યાં ગુરૂમહારાજશ્રીજીને ગોવરભાઈએ અરજ કરી કે, મને દીક્ષા આપવાનું મુહૂર્ત કહાડાવો, ત્યારે ગુરૂ-મહારાજશ્રીએ તેમને કહ્યું કે, તમારા પિતાશ્રીજીની તથા તમારી

સ્રીની આજ્ઞા લીધા શિવાય દીક્ષા અપાય નહીં, ત્યારે દીક્ષા લેવાની ઇચ્છાવાલા ગોવરભાઇએ કહ્યું કે, હે સાહેબજી! આપશ્રી મારા પિતાશ્રીની તથા મારી સ્રીની આજ્ઞા મલ્યાબાદ મને દીક્ષા આપજો પરંતુ હાલ દીક્ષા આપવાનું મુહૂર્ત તો કહાડાવો, એવીરીતનું ગોવરભાઇનું કહેવું સાંભળી ગુરૂમહારાજશ્રીજીએ તે ભુજનગરમાં રહેતા દામોદર નામના શાસ્રીજીને બોલાવી તેમની પાસે તે ગોવરભાઇની દીક્ષાનું મુહૂર્ત કહાડાવ્યું; અને તે મુહૂર્ત પણ સંવત્ ૧૯૪૯ના જેષ્ટ સુદી ૧૦ મીના દિવસે શુભ ઉત્તમ આવ્યું. ત્યારબાદ ગુરૂમહારાજશ્રી શિષ્ય સહિત ત્યાંથી વિહાર કરી અનુક્રમે કચ્છસાંધાણમાં પધાર્યા, ત્યાં વૈશાખ સુદી ૧૫ ના દીવસે ત્યાંના સા. રામઇયા ભગતની સુપુત્રી, અને કચ્છ કોઠારાના સા. પદ્મામલની વિધવા બાઇ સોનબાઇને ગુરૂમહારાજશ્રીજીએ કહ્યું કે, તમો હવે અમારી પાસે દીક્ષા લ્યો, ત્યારે તે બાઇએ કહ્યું કે, મારી અવસ્થા પચાસ વર્ષની મ્હોટી થયેલી છે, માટે મારા યોગ્ય બીજી કોઇ સાધ્વીની સહાય જોઇએ, અને તે જો આપની કૃપા હોય તો હું તૈયાર છું, એ પ્રમાણે તે બાઇનાં વચનો સાંભળીને ગુરૂમહારાજશ્રીજીએ કહ્યું કે, તમોને સહાય કરવામાટે તમારે યોગ્ય એક બાઇ સુથરીશાહેરમાં સાધ્વીજીની પાસે અભ્યાસમાટે રહેલા છે, માટે તમો આવતી કાલે સુથરીશાહેરે આવો, એવીરીતની ગુરૂમહારાજશ્રીજીની આજ્ઞા સાંભળી તે શોનબાઇએ પ્રમાણ કરી.

તેવારપછી ગુરૂમહારાજશ્રીજી ત્યાંથી વિહાર કરી સુથરીશાહેરે પધાર્યા, અને બીજા દિવસને વિષે તે શોનબાઇ પણ સાંધાણથી સુથરીમાં આવ્યા, પછી તે શોનબાઇનો સાધ્વીજી દયાશ્રીજીની પાસે અભ્યાસ કરવામાટે રહેલા ઉમરબાઇની સાથે સમાગમ થયો, અને તેમની સાથે સમાગમ થવાથી બાઇ શોનબાઇનું મન આનંદ પામ્યું, પછી તે શોનબાઇએ ગુરૂમહારાજશ્રીજીને વંદના કરવા પૂર્વક કહ્યું કે, હું બે ત્રણ દીવસોમાં મારૂં સંસાર સંબંધી લેવ દેવ વિગેરેનું કાર્ય સમાપ્ત કરીને આવું છું, એમ કહી તે શોનબાઇ સાંધાણ ગયા, ત્યારપછી દીક્ષા લેવાની ઇચ્છાવાલા ગોવરભાઇ પણ કચ્છચીઆસરગામે પોતાના ઘેરે જઇ પોતાના પિતાશ્રીજીની તથા પોતાની પત્નીની આજ્ઞા મેળવી અને તેમના પાસેથી પોતાને દીક્ષા લેવા સંબંધીની આજ્ઞાનું પત્ર લખાવી તુરત પાછા સુથરીશાહેરે આવ્યા. પછી તે

શોનબાઈ પણ શાંધાણુથી પોતાનું સર્વ કાર્ય કરી પાછા સુથરીશહેરે આવ્યા. હવે ત્યારબાદ ત્યાં સુથરીશહેરમાં રહેતા શ્રાવક શા. દોશાભાઇ ખીયશી કરમણે ગુરૂમહારાજશ્રીજીના ઉપદેશથી દીક્ષાનું મહોત્સવ પોતાના ખર્ચે કરાવવાનું સ્વીકાર કરવાથી અઠાઇ મહોત્સવ સંઘે ઘણા આનંદથી શિરૂ કર્યું, તે દીક્ષા સંબંધી અઠાઇ મહોત્સવ ચાલુ થયાબાદ એક દિવસે ત્યાંના સંઘના મુખ્ય શેઠ ભવાનજી દામજી તથા ઠક્કરની ઓડકવાલા શેઠ માલજી ફતેચંદ એમ બન્ને શેઠીઆઓએ ગુરૂમહારાજશ્રીજી પાસે આવી વિનંતિ કરી કે, શોનબાઇ તથા ઉંમરબાઇ એ બન્ને બાઇ તો આપશ્રીજીની શિષ્યણીઓ થશે, માટે અત્રેની લાખબાઇને દીક્ષા આપશ્રીજી આપીને શ્રીમુકિતસાગરસૂરિજીની શિષ્યણી દેવશ્રીજીની શિષ્યણી દયાશ્રીજીની શિષ્યણી કરી આપો, તેવારે તેમની તે વિનંતિ ગુરૂમહારાજ શ્રીગૌતમસાગરજીએ કબુલ કરી, અને તે સંવત્ ૧૯૪૯ ના જેષ્ઠ સુદી દશમીના દિવસે શુભ મુહૂર્તે શુભ લગ્ને ગોવરભાઇને તથા તે ત્રણે બાઇઓને દીક્ષા આપી, ગોવરભાઇનું નામ " મુનિ ગુણસાગરજી " સ્થાપી પોતાના શિષ્ય કર્યા, તેમજ શોનબાઇનું નામ " શિવશ્રીજી " તથા ઉંમરબાઇનું નામ " ઉત્તમશ્રીજી " સ્થાપી પોતાની બન્ને શિષ્યણીઓ કરી, અને લાખબાઇનું નામ " લક્ષ્મીશ્રીજી " સ્થાપી સાધ્વીજી દયાશ્રીજીની શિષ્યણી કરી.

હવે તે દીક્ષા મહોત્સવના અવસરે કચ્છનલીયાશહેરનો સંઘ આવેલ તે સંઘે ગુરૂમહારાજશ્રીજીને કચ્છનલીઆશહેરમાં ચોમાસું કરવામાટેની વિનંતિ કરી, તે સાંભળી ગુરૂમહારાજશ્રીએ પણ સંઘનો આગ્રહ હોવાથી ચોમાસું કરવાની વિનંતિ સ્વીકારી. પછી તે સુથરીશહેરે દીક્ષા સંબંધીનું સર્વ કાર્ય સમાપ્ત થયાબાદ ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજશ્રીજી પોતાના બન્ને શિષ્યો તથા સાધ્વીજી દયાશ્રીજી આદિ ઠાણા ચાર સહિત કચ્છનલીઆશહેરે ચોમાસું કરવા પધાર્યા, અને ત્યાં સંવત્ ૧૯૫૦ નું ચોમાસું રહ્યા. બાદ ચોમાસું પૂર્ણ થયાથી પહેલાં ત્યાં નલીયાશહેરમાં રહેતા શા. નરશી સોજપાર તથા ધ્રુમવાલાની પુત્રી ચાંપુબાઇ એમ તે બન્નેએ ગુરૂમહારાજશ્રીને વિનંતિ કરી કે, અત્રે નલીયામાં આપશ્રીજીએ હમેશ ચાલુજ એક સાધુને રાખવા જોઇયે ? એવીરીતે વિનંતિ સાંભળી ગુરૂમહારાજશ્રીએ કહ્યું કે,

જ્યારે મુનિઓનો વધારો થાશે ત્યારે તે સંબંધી વાત, એમ તેઓને કહેવાથી મુનિઉત્તમસાગરજીએ તે સાંભળીને ત્યાં પોતાને એકાકીપણે રહેવામાટે મન કર્યું, ત્યારે ગુરૂમહારાજશ્રીએ તે ઉત્તમસાગરજીને કહ્યું કે, મુનિને એકાકીપણે રહેવું યોગ્ય નથી, એમ ગુરૂમહારાજશ્રીએ કહ્યું છતાં પણ મુનિઉત્તમસાગરજી શા. નરશી શોજપાર તથા ચાંપુબાઇની મદદથી જ્યારે ગુરૂમહારાજશ્રીજીએ શિષ્ય સહિત કચ્છતેરાશહેર તરફ વિહાર કર્યો, અને શ્રાવક શ્રાવીકાઓ વોલાવી પાછા વલ્યા ત્યારે નલીયા તરફ જવાને પાછા વલી જવા લાગ્યા. તે વખતે સુશ્રાવક શા. દેરૂભાઇએ મુનિઉત્તમસાગરજીનો હાથ પકડી તેમને કહ્યું કે, તમો નવીન દીક્ષાવાલા છો, મુનિમાર્ગને બરોબર જાણતા નથી, માટે એકાકીપણે રહેવું નહીં, એમ તેણે કહ્યું. તેમજ બીજા માણશોએ પણ કહ્યું છતાં પણ મુનિઉત્તમસાગરજી નલીયા તરફ ચાલતા થયા, ત્યારે પાછા વલી દેરૂભાઇએ કહ્યું કે, જે કોઇપણ ગુરૂની, તથા સંઘની આજ્ઞાને આદર સહિત ગ્રહણ કરે નહીં, તેને સારૂં થાય નહીં, તેમ તમો પણ ચારિત્રથી શિથીલ થાશો, એમ સર્વેએ કહી ચાલતા થયા. હવે સાધ્વીજી દયાશ્રીજી તથા લક્ષ્મીશ્રીજી નલીયાથી વિહાર કરી સુથરીશહેરે ગયા, અને ગુરૂમહારાજશ્રી ગૌતમસાગરજી પોતાના શિષ્ય મુનિગુણસાગરજી તથા સાધ્વીજીશ્રી શિવશ્રીજી અને ઉત્તમશ્રીજી તેમજ શ્રાવક શ્રાવીકાઓ મલી ચતુર્વિધ સંઘ સહિત કચ્છતેરામાં પધાર્યા, તે વખતે ત્યાંના સંઘે મહોટા મહોત્સવથી ગુરૂમહારાજશ્રીજીને શહેરમાં પધરાવ્યા, અને ગુરૂમહારાજશ્રી પણ ચતુર્વિધ સંઘની આગલ ધર્મોપદેશ આપવા લાગ્યા, તે ધર્મોપદેશનો લાભ સંઘે લેવા માંડયો, હવે ત્યાં મુનિગુણસાગરજીને તથા સાધ્વીજીશ્રી શિવશ્રીજી અને ઉત્તમશ્રીજીને યોગ વેહરાવવાનું કાર્ય ગુરૂમહારાજશ્રીએ મહોટી દીક્ષા આપવા પૂર્વક સંપૂર્ણ કર્યું, અને તે તેરાના સંઘે અઠ્ઠાઇ મહોત્સવ કર્યું. ત્યારબાદ ત્યાંથી વિહાર કરીને ગામોગામ વિચરતા થકા કચ્છ ભદ્રાવતી ( ભદ્રેસર ) નગરીમાં શ્રીમહાવીરપ્રભુની યાત્રાના મેલા ઉપરે યાત્રા કરવામાટે પોતાના પરીવાર સહિત પધાર્યા. અને ત્યારે શ્રીમહાવીરપ્રભુના દર્શન કરી ગુરૂમહારાજશ્રીજીએ પોતાના આત્માને કૃતાર્થ કર્યો. તે અવસરે ત્યાં ગુરૂમહારાજશ્રીજીને ઘણા ગામોના સંઘે ચોમાસું પોતપોતાના ગામમાં કરવામાટે વિનંતિ કરી, જેથી છેવટે ગામશ્રી નવાવાસ ( દુર્ગાપુર )

ના શા. પાસુ વાગજી તથા શા. આશુ વાગજી અને શા. પુનશી આશુ વિગેરેના અતિ આગ્રહથી શ્રીનવાવાસગામે ચોમાસું કરવા ત્યાંથી વિહાર કરી અનુક્રમે પધાર્યા, અને તે નવાવાસગામે સં. ૧૯૫૧ નું ચોમાસું રહ્યા.

હવે ત્યાં શ્રીપર્યુષણપર્વ થયાબાદ કચ્છઉનડોઠગામના રહેવાસી શા. હરગણ ગોવરની પુત્રી જન્મ સંવત્ ૧૯૨૨ અશાડ સુદી ૨ ને ગુરૂવારનો તે શ્રીભોજાયગામના શા. આસુ પાસડની વિધવા કંકુબાઇ તે સાધ્વીજી ઉત્તમશ્રીજીના સંસારીકપણાના સગાં વહાલાંના સંબંધને લીધે વાંદવામાટે આવ્યા, તે કંકુબાઇ સ્થાનકવાસી મહોટી પક્ષ આઠકોટીની શ્રદ્ધાવાળા હતા, પરંતુ ગુરૂમહારાજશ્રીજીની તે અવસરે ધર્મદેશના સાંભલી તથા સાધ્વીજી શિવશ્રીજી અને ઉત્તમશ્રીજી એમ બન્નેમાં પરસ્પર વિનયભાવ જાણીને, તે કંકુબાઇનો તેમની પાસે ચારિત્ર લેવાનો ભાવ થયો, કેમકે પ્રથમથી તેમને વૈરાગ્ય થયેલો હતો, જેથી તે સાધ્વીજીની પાસે જ્ઞાન અભ્યાસ કરવાનો ઉદ્યમ કરવા લાગ્યા, વલી તેવામાં ગામ શ્રીગોધરાના રહેવાસી શા. લાલજી માલાની વિધવા અને શા. માઇયાં લાદણની પુત્રી રત્નબાઇ તથા જેતબાઇ એમ બન્ને બાઇઓ કોઇ કાર્યના પ્રસંગે શ્રીકોડાયગામથી પાછા વલતા માર્ગને વિષે જેતબાઇએ રત્નબાઇને કહ્યું કે, ગુરૂજી જ્ઞાનચંદજીએ જે હાલમાં સાધુપણાની દીક્ષા લીધેલી છે, તેમનું ચોમાસું અત્રે નવાવાસમાં છે, માટે ચાલો આપણે તેઓને વાંદતા જાઇયે, ત્યારે રત્નબાઇએ પહેલેથી શ્રીપાર્શ્વચંદ્રગચ્છના સાધુસાધ્વીઓથી કોઇ કારણે ભય પામેલ હોવાથી કહ્યું કે, જોયા જોયા તારા સાધુ સાધ્વીઓ, એમ તે રત્નબાઇએ કહ્યું છતાં પણ વલી તે જેતબાઇએ પ્રેરણા કરીને તે રત્નબાઇને નવાવાસગામમાં લઇ જઇ, અને ગુરૂમહારાજશ્રીજીને તથા સાધ્વીજીઓને બન્નેએ વાંદ્યા. ત્યારે સાધ્વીજી શિવશ્રીજીએ તે રત્નબાઇને મધુર વચનોથી બોલાવી તથા ગુરૂમહારાજશ્રીજીને વાંદીને સામે જોતાં જયારે રત્નબાઇ બાલપણે હતા ત્યારે ગુરૂમહારાજ ગુરૂજીપણે ચેલા હતા તે વખતે તે બાઇને પાલણામાંથી લઇ રમાડતા. તેથી સ્નેહ ઉલ્લાસ થયો જેથી તે રત્નબાઇ પોતાની સાથે આવેલ જેતબાઇને પોતાના ઘરની કુંચી આપીને કહેવા લાગી કે, હવે હું ઘેરે આવીશ નહિં! અત્રે સાધ્વીજીની પાસે અભ્યાસ કરીશ, એમ તે જેતબાઇને કહી રત્નબાઇએ

જ્ઞાન અભ્યાસ કરવા શિરૂ કર્યો, તેમજ કચ્છકોણગામનાં રહીશ શા. કેસવજી દેસરની વિધવા નાથીબાઈ પણ સાધ્વીજી શિવશ્રીજીની પાસે જ્ઞાન અભ્યાસ કરતા હતા, એવીરીતે કંકુબાઇ, રત્નબાઇ, નાથીબાઈ ત્રણે દીક્ષા લેવાની ઇચ્છાવાલી થકી જ્ઞાન અભ્યાસ કરતાં ચોમાસું પૂર્ણ થયું.

ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજી પોતાના પરિવાર સહિત તે નવાવાસ-ગામથી વિહાર કરી કચ્છગોધરાગામે ગયા, તે વખતે ત્યાંના સંઘે દીક્ષાનું મહોત્સવ પોતાના ગામમાં કરવામાટે ગુરૂમહારાજશ્રીજીને વિનંતિ કરી, જેથી ગુરૂમહારાજશ્રીએ ત્યાંના સંઘને લાભ થાવામાટે દીક્ષા ગોધરામાં કરવાની કબુલાત આપી, અને મુહૂર્ત કહાડાવ્યું, તે મુહૂર્ત સંવત્ ૧૯૫૧ ના મહા સુદી ૫ નું આવ્યું. ત્યારપછી ગુરૂમહારાજશ્રીજી કચ્છ અબડાશા જીલ્લાની પંચતિર્થીની યાત્રા કરવા માટે પોતાના પરીવાર સહિત અબડાશા જીલ્લામાં પધાર્યા, અને ત્યાં પંચતિર્થીની યાત્રા કરી ત્યાંથી પાછા ફરીને શ્રીગોધરાગામે પધાર્યા, હવે ત્યાં કંકુબાઇ તથા રત્નબાઈના માતાપિતાની તથા સાસુસસરાની દીક્ષા આપવા સંબંધીની આજ્ઞા મેલવીને, મહોટા આડંબરથી દીક્ષાનું અઠાઇ મહોત્સવ સંઘે શરૂ કરી બાર દિવસોસુધી અમારી-પડહ વગડાવી, પૂજા, પ્રભાવના, સ્વામિવત્સલ સહિત મહા મંગલિક વર્તાવ્યો, અને ગુરૂમહારાજશ્રીજીએ તે કંકુબાઇને તથા રત્નબાઇને સંવત્ ૧૯૫૧ ના મહા સુદિ ૫ ના દિવસે દીક્ષા આપીને, સાધ્વીજી શિવશ્રીજીની શિષ્યણી કંકુબાઈનું નામ કનકશ્રીજી સ્થાપ્યું, અને સાધ્વીજી ઉત્તમશ્રીજીની શિષ્યણી રત્નબાઇનું નામ રત્નશ્રીજી સ્થાપ્યું. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજી ત્યાંથી વિહાર કરી પરીવાર સહિત નવાવાસગામે આવી તેજ સંવત્ ૧૯૫૧ ના ચૈત્ર સુદી ૧૩ ના દીવસે નાથીબાઇને દીક્ષા આપીને સાધ્વીશિવશ્રીજીની શિષ્યણી 'નિધાનશ્રીજી' નામ સ્થાપ્યું. ત્યાંથી પછી વિહાર કરી શ્રીકચ્છમાંડવીબંદરે શિષ્ય શિષ્યણીઓના પરીવાર સહિત પધાર્યા, અને ત્યાં નવીન સાધ્વીશ્રી-કનકશ્રીજી તથા રત્નશ્રીજી અને નિધાનશ્રીજી એમ ત્રણે સાધ્વીઓને મહોટી દીક્ષા આપવાના યોગની ક્રીયા ચાલુ કરીને સંવત્ ૧૯૫૧ના વૈશાખ સુદી ૧૩ ની મહોટી દીક્ષા ગુરૂમહારાજશ્રીજીએ આપી, તે અવસરે તે કચ્છમાંડવીબંદરના ત્રણ ગચ્છના સંઘે મલી ત્યાં રહેલી

મ્હોટી જુની ધર્મશાલામાં બહુ ઠાઠમાઠથી સમવસરણની રચના કરાવી અઠાઇ મહોત્સવ જલજાત્રા, વરઘોડા આદિક કઢાડવા વિગેરે સહિત કર્યો, પછી તે મહોત્સવ સંપૂર્ણ થયાબાદ તે ત્રણે ગચ્છના સંઘે મલીને ગુરૂમહારાજશ્રીજીને ત્યાં કચ્છમાંડવીબંદરે ચોમાસું કરવામાટેની વિનંતિ કરી, ત્યારે ગુરૂમહારાજશ્રીજીએ પણ તે ત્રણ ગચ્છના સંઘની આગ્રહવાલી વિનંતિ સ્વીકારીને સંવત્ ૧૯૫૨ નું ચોમાસું ત્યાં કચ્છમાંડવીબંદરમાં કર્યું. તે ચોમાસામાં ત્યાં સાધ્વીજીની પાસે શ્રીકચ્છગોધરાના શા. ખેતુ જેસંઘની વિધવા જેતબાઇ તથા સેરડી ગામના બાઇ લીલબાઇ અને કચ્છગોધરાના શા. જેસંગ હરગણની વિધવા લીલબાઇ (ચોથીબાઈ) એમ ત્રણ બાઇઓ જ્ઞાન અભ્યાસ કરતી હતી. હવે જ્યારે ચોમાસું સંપૂર્ણ થવા આવ્યું, ત્યારે શ્રીકચ્છ નારાણપુરના સંઘ તરફથી શા. ઠાકરસિંહભાઇ ડુંગરસિંહની વિનંતિ ગુરૂમહારાજશ્રીને કચ્છમાંડવીબંદરે આવી, તે વિનંતિમાં તેમણે લખ્યું કે, શ્રીનારાણપુરના જિનમંદિરની સંવત્ ૧૯૫૨ ના માગસર સુદમાં પ્રતિષ્ઠા છે, માટે તે પ્રસંગે તમારી સાધ્વીઓની પાસે જ્ઞાન અભ્યાસ કરનારી અને ચારિત્ર લેવાની ઇચ્છાવાલી બાઇઓના દીક્ષા મહોત્સવનો લાભ અહીંના સંઘને આપવા કૃપા કરશો, એવીરીતની વિનંતિ વ્યાખ્યાન અવસરે વંચાઇ, જેથી તે વખતે શ્રીમાંડવીબંદરના સંઘમાં મુખ્ય શેઠ. સંઘજીભાઇ રાયસિંહ અમરચંદના મુનીમ સા. નાથાભાઈ તથા શેઠ પ્રેમચંદ આસકરણ અને શેઠ. પીતાંબર શાંતિદાશના મુનીમ એમ તેઓએ મલીને ગુરૂમહારાજશ્રીજીને વિનંતિ કરી કે, ચારિત્ર લેવાના ભાવવાલી ત્રણ બાઈઓના દીક્ષા મહોત્સવનો લાભ અમોને આપશો, એવી વિનંતિ તેઓની સાંભલી ગુરૂમહારાજશ્રીજીએ સ્વીકારી. પછી તેજ સંવત્ ૧૯૫૨ ના કારતક સુદ ૧૩ ના શ્રીકચ્છ-શાંયાણના રહેવાસી શા. દેવસિંહ ગોવીંદજીની સુપત્ની ચાંપુબાઇ દીક્ષા લેવામાટે મુંબઇબંદરથી ત્યાં શ્રીકચ્છમાંડવીબંદરે આવ્યા, અને તે બાઇએ વ્યાખ્યાન અવસરે ગુરૂમહારાજશ્રીજીને વિનંતિ કરી કે મારે દીક્ષા ગ્રહણ કરવી છે, તે સાંભલી ગુરૂમહારાજશ્રીજીએ કહ્યું કે, તમારા પતિની આજ્ઞા વિના અમારાથી દીક્ષા અપાય નહીં ! ત્યારે તે ચાંપુબાઇએ કહ્યું કે, તમો દીક્ષા આપશો નહીં, તોપણ હું સાધ્વીનો વેષ પહેરી ગુરૂણીજીશ્રી શિવશ્રીજી તથા ઉત્તમશ્રીજીની પાછલ ફરીશ, એવીરીતે બાઇનું દીક્ષા લેવામાટેનું નિશ્ચય ;વિચાર સાંભ-

લીને, ત્યાંના સંઘના મુખ્ય શ્રાવકોએ તે બાઇને ઉતાવલ નહીં કરવાની શીખામણ આપીને, તેઓએ મુંબઇબંદર તેમના પતીને કાગલ લખ્યો, જેથી તે બાઇના પતીએ મુંબઇબંદરથી ઉત્તર આપ્યો કે, શ્રીકચ્છશાંધાણના શા. ગેલા દેશરની આજ્ઞા પ્રમાણે તમો કાર્ય કરશો. એમ ઉત્તર મલ્યાબાદ ગુરૂમહારાજશ્રીજી કચ્છમાંડવીબંદરથી વિહાર કરી અનુક્રમે વિચરતા કચ્છનારાણપુરગામે પધાર્યા, ત્યાં વસતા સુશ્રાવક શા. ઠાકરસિંહભાઇ ડુંગરસિંહે શ્રીકચ્છશાંધાણના રહેવાસી શા. ગેલા દેસરની આજ્ઞા મેલવાને તેજ શાંધાણના રહેવાસી શા. દેવસિંહ ગોવીંદજીની સુપત્ની ચાંપુબાઇને પોતાના શ્રીકચ્છનારાણપુરના જિનમંદિરની પ્રતિષ્ઠાના દીવસે મહોટા ઉત્સવથી ગુરૂમહારાજશ્રીની પાસેથી દીક્ષા અપાવી, અને ગુરૂમહારાજશ્રીજીએ પણ તે ચાંપુબાઇને દીક્ષા આપીને "ચંદનશ્રીજી" નામ નાખી પોતાની શિષ્યણી સાધ્વીશ્રીશિવશ્રીજીની શિષ્યણી તરીકે સ્થાપી.

ત્યારપછી ત્યાંથી ગુરૂમહારાજશ્રીજી વિહાર કરી અનુક્રમે વિચરતા તેજ સંવત્ ૧૯૫૨ ના પોષ માસમાં શ્રીકચ્છમાંડવીબંદરમાં પધાર્યા, હવે ત્યાં ગુરૂમહારાજશ્રીએ ત્યાંના સંઘના આગ્રહથી ત્રણ બાઇઓને દીક્ષા આપવાની પ્રથમ કબુલાત આપેલ હોવાથી તે પ્રસંગમાં ત્યાંના સંઘે મહોટા ઠાઠથી મેરૂપર્વતની રચના કરવા પૂર્વક અઠ્ઠાઇ મહોત્સવ શા. ગુલાલચંદ માનસંઘની ધર્મશાલામાં કર્યો, અને ગુરૂમહારાજશ્રીજીએ મહા સુદી ૫ ની તે ત્રણે બાઇઓને દીક્ષા આપીને જેતબાઇનું નામ "જતનશ્રીજી" તથા લીલબાઇનું નામ "લબ્ધિશ્રીજી" સ્થાપન કરીને સાધ્વીશ્રીઉત્તમશ્રીજીની શિષ્યણીઓ કરી, અને લીલબાઇ (ચોથીબાઇ) નું નામ "લાવણશ્રીજી" સ્થાપીને સાધ્વીશ્રીશિવશ્રીજીની શિષ્યણી સાધ્વીશ્રીકનકશ્રીજીની શિષ્યણી કરી. પછી દીક્ષા મહોત્સવ સંપૂર્ણ થયાબાદ ગુરૂમહારાજશ્રીજી તે શ્રીકચ્છમાંડવીબંદરથી પોતાના શિષ્ય, તથા શિષ્યણીઓના પરીવાર સહીત અને શ્રાવક શ્રાવીકાઓના મહોટા સમુદાયની સાથે વિહાર કરીને શ્રીકચ્છભદ્રાવતીનગરી ( ભદ્રેસર ) માં શ્રીમહાવીરપ્રભુની છરીપાલી યાત્રા કરવામાટે ચાલ્યા. હવે અનુક્રમે ચાલતાં ચાલતાં તે સંઘે શ્રીકચ્છકાંડાગરા નામના ગામમાં આવી પડાવ દીધો, અને ગુરૂમહારાજશ્રીજીને પણ ત્યાં રહેલ ધર્મશાલામાં

પધરાવ્યા, તે અવસરમાં શ્રીકચ્છનાગલપુર ઢીંઢવાલીના નિવાસી શા. કોરશીના પુત્ર પુંજાભાઇ, તે પોતાના ઘેરથીજ સાધુપણાના વેષને ધારણ કરીને ત્યાં આવી પ્રથમથી બેઠેલ હતા, તે પુંજાભાઇએ ગુરૂમહારાજશ્રીજીને કહ્યું કે, આપ સાહેબજી મને દીક્ષા આપવાની ક્રીયા વિધિ કરાવીને આપશ્રીજીના શિષ્ય કરો? તે સાંભલી ગુરૂમહારાજશ્રીજીએ કહ્યું કે, તમારા પિતાની આજ્ઞા વિના દીક્ષા દેવાય નહીં, ત્યારે તે સાધુના વેષ ધરનારા પુંજાભાઇએ ગુરૂમહારાજશ્રીજીને કહ્યું કે, હું પોતાની મેલેજ મારા ઘેરથી સાધુના વેષને પહેરીને અત્રે ચાર પાંચ દીવસો થયાં આવેલો છું, અને તમારી રાહ જોઇને બેઠેલો છું, છતાં પણ મારા પિતા અહિં આવેલા નથી, માટે આપશ્રીજીને કોઇ પ્રકારે હરકત નથી, ત્યારે ગુરૂમહારાજશ્રીજીએ કહ્યું કે, તમો ભદ્રેસર ચાલો, ત્યાં સંઘની આજ્ઞા પ્રમાણે કાર્ય કરશું. એમ ગુરૂમહારાજશ્રીજીએ તેમનેક હીને સાથે લીધા અને સંઘ સહીત ત્યાંથી ચાલતાં અનુક્રમે ભદ્રેસર ( ભદ્રાવતી ) માં આવીને ગુરૂમહારાજશ્રીજીએ શ્રીમહાવીરપ્રભુની યાત્રા કરી. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજીએ ત્યાં ભદ્રેસરમાં સંઘની આજ્ઞા મેલવીને પ્રથમ કહી ગયેલા સાધુવેષધારી પુંજાભાઇને દીક્ષાની ક્રીયા વિધિ કરાવી, અને પોતાના શિષ્ય મુનિગુણસાગરજીના શિષ્ય કરી “ મુનિપ્રમોદસાગરજી ” એવું નામ સ્થાપન કર્યું. પછી ગુરૂમહારાજશ્રીજી તે ભદ્રેસરથી વિહાર કરી અનુક્રમે વિચરતા કચ્છમુંદરાશાહેરે આવ્યા, અને ત્યાં તેમણે સાધુ સાધ્વીઓને યોગવહનની ક્રીયા કરાવી મહોટી દીક્ષા આપી, તે પ્રસંગમાં ગુરૂમહારાજશ્રીજીના ઉપદેશથી તે મુંદરાશાહેરના સંઘે સમવસરણની રચના કરાવી મહોટા ઠાઠથી અઠ્ઠાઇ મહોત્સવ સંવત્ ૧૯૫૨ ના વૈસાખ સુદીમાં કર્યો, અને ગુરૂમહારાજશ્રી ગૌતમસાગરજીએ પોતાના શિષ્ય શિષ્યણીઓના પરીવાર સહિત સંવત્ ૧૯૫૩નું ચોમાસું પણ તે મુંદરાશાહેરના સંઘના આગ્રહથી ત્યાંજ કર્યું, ચોમાસું પૂર્ણ થયાબાદ ત્યાંથી વિહાર કરી અનુક્રમે વિચરતા સંવત્ ૧૯૫૪ નું ચોમાસું કચ્છનાનાઆશંબીઆમાં સંઘના આગ્રહથી કર્યું, પછી ચોમાસાબાદ ગુરૂમહારાજશ્રીજીએ શ્રીસિદ્ધગિરીની યાત્રા કરવામાટે કચ્છદેશથી વિહાર કર્યો, તેમજ સાધ્વીશ્રી રત્નશ્રીજી તથા નિધાનશ્રીજી અને લાવણ્શ્રીજી એમ ત્રણ ઠાણાના એક સંઘાડાએ પણ કચ્છદેશથી સિદ્ધગિરી જવામાટે વિહાર કર્યો, અને ગુરૂમહારાજશ્રીજીએ પોતાના શિષ્ય મુનિ ગુણસાગરજીને

તેમના શિષ્ય મુનિપ્રમોદસાગરજી સહિત કચ્છદેશમાંજ વિચરવાની આજ્ઞા કરી, તથા સાધ્વીશ્રી શિવશ્રીજી અને ઉત્તમશ્રીજી વિગેરેને પણ કચ્છદેશમાંજ વિચરવાની આજ્ઞા આપી. ત્યારબાદ ગુરૂમહારાજ શ્રીગોતમસાગરજી મહારાજ અનુક્રમે વિચરતા સંવત્ ૧૯૫૪ ના ચૈત્ર સુદી ૬ ના દીવસે શ્રીપાલીતાણાનગરે પધાર્યા, અને ચૈત્ર સુદી ૭ ના દીવસે શ્રીસિદ્ધગિરીજીની યાત્રા કરી પોતાના આત્માને સફલ કર્યો.

હવે તે અવસરે કચ્છનાગલપુરથી મુનિ ગુણસાગરજીને થયેલ માંદગીનો કાગલ શ્રીપાલીતાણામાં ગુરૂમહારાજશ્રીજીને આવ્યો, જેથી ગુરૂમહારાજશ્રીજીએ પણ કચ્છદેશમાં સાધ્વીશ્રીશિવશ્રીજી તથા ઉત્તમશ્રીજીને કાગલમાં લખ્યું કે, મુનિ ગુણસાગરજીની તમારા યોગ્ય વૈયાવચ્ચ કરશો? ત્યારબાદ તે મુનિ ગુણસાગરજીની બીમારી દીવસે દીવસે વધતી હોવાથી શ્રીકચ્છનવાવાસમાં (દુર્ગાપુરમાં) પધારેલ હતા, ત્યાં રહેતા શા. પાસુ વાઘજી તથા શા. આસુ વાઘજી વિગેરે શ્રાવકોએ મુનિ ગુણસાગરજીની સંપૂર્ણ સેવા ભકિત કરી છતાં પણ તે મુનિ ગુણસાગરજી સંવત્ ૧૯૫૪ ના જેઠ સુદી ૩ ના સ્વર્ગવાસી થયા, તે ખબર ગુરૂમહારાજ શ્રીગોતમસાગરજીમહારાજને પાલીતાણામાં મલતાં ગુણવાન્ અને વિનયવાલા શિષ્યની ખામી થવાથી અત્યંત દીલગીર થયા. તેવારપછી સંવત્ ૧૯૫૫ નું ચોમાસું ગુરૂમહારાજશ્રીજીએ શ્રીપાલીતાણાશહેરમાં કર્યું. તે ચોમાસું પૂર્ણ થયાબાદ શ્રીકચ્છદેશથી સાધ્વીશ્રી શિવશ્રીજી તથા ઉત્તમશ્રીજી એમ બન્ને પોતાની શિષ્યણીઓ સહીત તથા ચારિત્ર લેવાના ભાવવાલી ત્રણ બાઇઓની સાથે વિહાર કરતા શ્રીપાલીતાણામાં આવ્યા, તે ત્રણ બાઇઓમાં પહેલી શ્રીકચ્છકપાઈઆના રહેવાસી શા. ખીઅશી દાઇઆની વિધવા અને શ્રીકચ્છમોટાઆશંબીઆના શા. હીરા કુરપારની પુત્રી ગંગાબાઇ જન્મ સંવત્ ૧૯૩૫ નો, બીજી શ્રીકચ્છમોટા લાયજાના શા. વશાઇઆ લીલાધરની ભાર્યા સોનબાઇની પુત્રી જન્મ સંવત્ ૧૯૩૮ ના વૈશાખ સુદિ ૩ નો તે શ્રીકચ્છનવાવાસના શા. દેવજી રતનશી પાલણની વિધવા કુંવરબાઇ, ત્રીજી શ્રીકચ્છભોજાયના શા. દેવશી ગોપાની પુત્રી ગંગાબાઇ, એ પ્રમાણે ત્રણે બાઇઓના દીક્ષા ગ્રહણ કરવાના સંપૂર્ણ ભાવ હોવાથી ગુરૂમહારાજશ્રીગોતમસાગરજીમહારાજે તે ત્રણે બાઇઓના માતાપિતાઓના તથા સાસુ-

સસરાઓના આજ્ઞાના કાગલો મગાવીને સંવત્ ૧૯૫૫ ના ફાલ્ગુન સુદી ૧૩ ના દિવસે અઠ્ઠાઇમહોત્સવ સંપૂર્ણ કરી મહોટા વરઘોડાની શોભાથી હાથીની અંબાડીએ બેશાડી તે ત્રણે બાઇઓને સિદ્ધગિરીની તલાટીએ શ્રાવકો લાવ્યા ત્યાં ગુરૂમહારાજશ્રીએ દીક્ષા આપી, અને પહેલી ગંગાબાઇનું નામ "ગુલાબશ્રીજી" આપીને સાધ્વીશ્રી-શિવશ્રીજીની શિષ્યણી સ્થાપી, બીજી કુંવરબાઇનું નામ "કુશલશ્રીજી" આપીને સાધ્વીશ્રીશિવશ્રીજીની શિષ્યણી સાધ્વીશ્રીકનકશ્રીજીની શિષ્યણી સ્થાપી, ત્રીજી ગંગાબાઇનું નામ "જ્ઞાનશ્રીજી" આપીને સાધ્વી-શ્રીશિવશ્રીજીની શિષ્યણી સ્થાપી, એમ ત્રણે બાઇઓને દીક્ષા આપવાના અવસરે મુનિમહારાજશ્રીલબ્ધિવિજયજીમહારાજ વિગેરે પોતાના મુનિમંડલ સહિત પધાર્યા હતા, તથા તેમના સમુદાયના સાધ્વીશ્રી-ગુલાબશ્રીજી પોતાના પરીવાર સહિત અને બીજા પણ ઘણા સાધુ સાધ્વીઓ હાજર હતા. હવે ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજી ગૌતમ-સાગરજી મહારાજ ત્યાંજ પાલીતાણામાં બીરાજમાન હતા, ત્યાં એકદા અવસરે શ્રીજામનગરથી શ્રીમુક્તિસાગરસૂરીશ્વરજીની શિષ્યણી સાધ્વી-શ્રીદેવશ્રીજીની શિષ્યણી સાધ્વી શ્રીધનશ્રીજીએ ગુરૂમહારાજશ્રીને કાગલ લખ્યો, જેમાં "મારી વૃદ્ધ અવસ્થા છે, તેમ હું એકલી છું, અને આપના ગચ્છમાં દયાલુ સાધુ મુનિરાજ તમારા વિના બીજા કોઇપણ નથી, માટે આપ સાહેબજીને વિનંતી પૂર્વક લખું છું કે, મારી છેવટની અવસ્થા સુધારવામાટે સાધ્વીજીનો સંઘાડો મોકલો." એમ લખેલ હોવાથી તે પત્ર વાંચીને, દયાલુ ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજીએ સાધ્વીઓના સમુદાયમાં વૈયાવચ્ચ કરવામાં અપ્રમાદી અને અવસરના જાણકાર એવા સાધ્વીશ્રીકનકશ્રીજી તથા તેમની સાથે સાધ્વીશ્રી-કુશલશ્રીજી અને સાધ્વીશ્રીજ્ઞાનશ્રીજી એમ ત્રણ ઠાણાના સંઘાડાને તુરત શ્રીપાલીતાણાથી વિહાર કરાવીને શ્રીજામનગરમાં સાધ્વીશ્રી-ધનશ્રીજીની વૈયાવચ્ચ કરવામાટે મોકલ્યો. હવે ગુરૂમહારાજશ્રીગૌતમ-સાગરજીમહારાજ પાલીતાણામાં વલી સંવત્ ૧૯૫૬ નું ચોમાસું રહ્યા. તે ચોમાસામાં શ્રીકચ્છશાયરાના રહેવાસી શા. લખમશીની વિધવા હીરબાઇ દીક્ષા લેવાના ભાવ હોવાથી સાધ્વીજીની પાસે જ્ઞાન અભ્યાસ કરવા લાગ્યા, ત્યારબાદ તે હીરબાઇએ સાસુસસરાની તથા માતા-પિતાની આજ્ઞા મેલવીને ગુરૂમહારાજશ્રીજીના ઉપદેશથી પોતે કરેલ વીશ સ્થાનક તપનો ઉજમણો કર્યો, તથા શ્રીસિદ્ધાચલજીની ઉપરે

રહેલ શ્રીદીપાવસઈની ટુંકમાં નવીન એક દેરી કરાવી, અને તેમાં શ્રીજિનરાજની ત્રણ પ્રતિમાઓને પ્રતિષ્ઠા કરાવીને સ્થાપન કરી, તેવારપછી તેજ સંવત્ ૧૯૫૬ ના ફાગણ સુદ ૫ ના દીવસે મહોટા આડંબરથી દીક્ષા સંબંધી વરઘોડો કહાડાવીને તે દીક્ષા લેવાના ભાવવાલી હીરબાઈને હાથીની અંબાડીએ બેશાડી શ્રીસિદ્ધાચલજીની તલેટીએ સંઘ લાવ્યા, અને ત્યાં તલેટી ઉપરે ઘણા મહોત્સવથી ગુરૂમહારાજશ્રીજીએ દીક્ષા આપીને "હેતશ્રીજી" નામ પાડીને સાધ્વી-શ્રીશિવશ્રીજીની શિષ્યણી સાધ્વીશ્રીચંદનશ્રીજીની શિષ્યણી સ્થાપી, તે દીક્ષાના અવસરે તપગચ્છીય શ્રીમાન્ મૂળચંદજીમહારાજશ્રીના શિષ્ય સમુદાય સહિત મુનિશ્રીલબ્ધીવિજયજી તથા શ્રીમાન્ આત્મારામજી-મહારાજશ્રીજીના શિષ્ય સમુદાય સહિત મુનિશ્રીવીરવિજયજી વિગેરે પચાસ સાઠ સાધુ સાધ્વીઓનો સમુદાય એકઠો થયેલ હતો, તથા તે દીક્ષાના અવસરે તે સાધ્વી શ્રીહેતશ્રીજીના માતપિતાએ ગુરૂમહારાજ-શ્રીજીની પાસે ક્રીયા વિધિ સહિત શ્રાવકના ચોથા વ્રતનો સ્વીકાર કર્યો, અને ત્યારે દીક્ષા લેનાર તરફથી સર્વ સંઘને તલેટી ભાતો અપાયો હતો, તેમજ તે પાલીતાણાના અંચલગચ્છના સંઘનો તથા કચ્છી સંઘનો સ્વામીવત્સલ કરવામાં આવેલ હતો. ત્યારબાદ ગુરૂમહારાજ-શ્રીગૌતમસાગરજી શ્રીવીરમગામ પાસે રહેલ શ્રીમાંડલગામના સંઘની ત્યાં ચોમાસું કરવામાટેની વિનંતિ આવવાથી તે પાલીતાણાશહેરથી વિહાર કરીને અનુક્રમે વિચરતા શ્રીમાંડલગામે આવ્યા, અને ત્યાં સંઘે મહોટા સામૈયાથી ગામમાં પધરાવ્યા, ગુરૂમહારાજશ્રીજીએ ત્યાં સંવત્ ૧૯૫૭ નું ચોમાસું કર્યું, તેમજ તેમની શિષ્યણી સાધ્વીશ્રીઉત્તમશ્રીજી વિગેરે ઠાણા સાત પણ ત્યાંજ તે ચોમાસું રહ્યા હતા. પછી ચોમાસું સંપૂર્ણ થયાબાદ ગુરૂમહારાજશ્રીજી ત્યાંથી વિહાર કરીને અનુક્રમે વિચરતા થકા શ્રીભોયણીજી તીર્થમાં શ્રીમલ્લીનાથજી ભગવંતની યાત્રા કરી શ્રીઅમદાવાદ થઇને શ્રીતારંગાજી તીર્થમાં બીજા અજીતનાથ સ્વામીની યાત્રા કરી, ત્યાંથી વિહાર કરી, શ્રીપાલણપુર થઇને શ્રીમઢારગામ તરફથી શ્રીઆબુતીર્થની યાત્રા કરી, પછી નાંદીયાગામમાં શ્રીજીવંતસ્વામી એવા મહાવીરપ્રભુની પ્રતિમાની યાત્રા કરી, તથા લોટાણામાં આદીશ્વરપ્રભુને વાંદીને, ત્યાંથી શ્રીબંભણવારમાં શ્રીજીવંત-સ્વામી એવા મહાવીરપ્રભુની પ્રતિમાની યાત્રા કરી, તેમજ શ્રીશીરોહીમાં બાર તેર જિનમંદિરની યાત્રા કરી, પછી શ્રીશિવગંજ થઇ

કોરટાની યાત્રા કરી, પાછા શ્રીશિવગંજથી શ્રીસાદરી તથા રાણકપુરમાં યાત્રા કરી, શ્રીઘાણેરા પાસે રહેલા મુછાળા મહાવીરપ્રભુની યાત્રા કરીને, નાદલાઇ, નાદોલ, વરકાણાની યાત્રા કરી, અને પછી અનુક્રમે વિહાર કરતા શ્રીસંખેશ્વરપાર્શ્વનાથજીની યાત્રા કરી, ત્યાંથી વિહાર કરી વિચરતા થકા ગુરૂમહારાજશ્રીજી શ્રીજામનગરમાં પધાર્યા, ત્યાં સંવત્ ૧૯૫૮ ના અશાડ સુદ ૭ ના દીવસે એકલ પાત્રીયા સ્થાનકમાંથી એક સાધુ મુહપતિ છોડી ગુરૂમહારાજશ્રીજીની પાસે આવ્યા, અને તેનું નામ "મુનિદયાસાગરજી" આપી પોતાના શિષ્ય કર્યા. અને સંવત્ ૧૯૫૮ નું ચોમાસું તેમણે ત્યાં કર્યું. તેજ સંવત્ ૧૯૫૮ ના કારતક વદી અમાવાસ્યાના દિવસે સાધ્વીશ્રીરત્નશ્રીજી સ્વર્ગવાસી થયા. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજીમહારાજે શ્રીહાલારદેશમાં વિહાર કર્યો, ત્યાં ઘણા લોકોને જૈનધર્મની ઓલખાણ બતાવી, અને શ્રીનવાગામમાં ગુરૂમહારાજશ્રીજીના ઉપદેશથી જિનમંદિર તથા ઉપાશ્રય બાંધવામાટેનું કાર્ય સંઘે સંવત્ ૧૯૫૮ માં ચાલુ કર્યું. ત્યારપછી વિચરતા થકા શ્રીહાલ્લારદેશમાં રહેલ શ્રીમોટીખાવડી નામના ગામમાં પધાર્યા, ત્યાં ગુરૂમહારાજશ્રીજીના સદુપદેશથી શ્રીકચ્છતેરાવાલા શા. મણશી દેવજી તરફથી પટેલ શા. રત્નસિંહ લાધાએ અને ત્યાંના સંઘે મલી સાધ્વી શ્રીચંદનશ્રીજીની શિષ્યણી સાધ્વીશ્રીહેતશ્રીજીને મ્હોટી દીક્ષા આપવાના પ્રસંગમાં સમવસરણની રચના કરવા પૂર્વક ઘણા ઠાઠમાઠથી અઠ્ઠાઇ મહોત્સવ કર્યો, અને ગુરૂમહારાજશ્રીજીએ તેજ સંવત્ ૧૯૫૮ ના ફાગણ સુદ ૪ ગુરૂની મ્હોટી દીક્ષા આપી. તે અવસરે તે સમવસરણનો મ્હોટો ઉત્સવ જોઇને તે શ્રીહાલારદેશમાં વસતા શ્રાવક લોકો ઘણાંજ જૈનધર્મમાં પ્રવૃત્તિવાલા તથા શ્રદ્ધાવાલા થયા, તે કેમકે ત્યાં ઘણા કાલથી સુગુરૂ સાધુ મુનિરાજોનો સમાગમ નહીં થવાથી કેટલાક લોકો પ્રાયે જૈનધર્મમાં શિથિલ થયેલા હતા, તથા મિથ્યાત્વમાં પ્રવૃત્તિ કરતા હતા, તેઓ જૈનધર્મમાં વર્તન કરવા લાગ્યા. હવે શ્રીનવાગામના રહેવાસી શા. દેપાર હીરાના પુત્રની વિધવા સોનબાઇએ શ્રીજામનગરમાં સાધ્વીશ્રીકનકશ્રીજીની પાસે બે વર્ષ સુધી જ્ઞાન અભ્યાસ કર્યો, જેથી તે સોનબાઇને દીક્ષા લેવાના શુભ ભાવ થયા, પછી તે સોનબાઇના દીક્ષા લેવાના પ્રસંગમાં શ્રીદબાસંગ નામના ગામમાં રહેતા તેના ભાઈ શા. રાયસિંહ તથા શા. વીરપાર લાખાણીએ ઘણા આનંદથી દીક્ષાનો મહોત્સવ કર્યો, અને ગુરૂમહારાજ-

શ્રીજીએ તે શ્રીદબાસંગગામમાં સંવત્ ૧૯૫૯ ના વૈશાખ સુદી ૫ ની દીક્ષા આપીને સાધ્વીશ્રીશિવશ્રીજીની શિષ્યણી સાધ્વીશ્રીકનકશ્રીજીની શિષ્યણી કરી " સુમતિશ્રીજી " નામ સ્થાપ્યું. ત્યારપછી ગુરૂમહારાજશ્રીજી તેજ હાલ્લારદેશમાં ભવ્યજીવોને પ્રતિબોધ આપતા થકા સર્વે આઠ માસ વિચરીને સંવત્ ૧૯૫૯નું ચોમાસું શ્રીમોટીખાવડીમાં કર્યું. ચોમાસું સંપૂર્ણ થયાબાદ ત્યાંથી વિહાર કરી શ્રીજામનગરમાં આવ્યા, ત્યાં ગુરૂમહારાજશ્રીજીની શિષ્યણી સાધ્વીશ્રીઉત્તમશ્રીજીની શિષ્યણી સાધ્વીશ્રીરત્નશ્રીજી તાપની માંદગીથી સંવત્ ૧૯૫૯ ના માગસર સુદી ૮ ના સ્વર્ગવાસી થયા. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજીએ શ્રીકચ્છદેશ તરફ વિહાર કર્યો, અને અનુક્રમે વિચરતા થકા શ્રીકચ્છદેશમાં અંજારશાહેરે આવ્યા, ત્યાંથી સંઘના મહોટા સમુદાયની સાથે શ્રીભદ્રાવતીતીર્થ ( ભદ્રેસર ) ની યાત્રા કરવામાટે વિહાર કર્યો, અને સંવત્ ૧૯૫૯ ના ફાલ્ગુન સુદી ૫ ની શ્રીભદ્રેસરમાં શ્રીમહાવીરપ્રભુની યાત્રા કરી. પછી ત્યાંથી વિહાર કરી અનુક્રમે શ્રીકચ્છમુંદરાશાહેરે પધાર્યા, ત્યાં શ્રીકચ્છમોટાઆશંબીઆના સંઘ તરફથી ચાર માણસો શ્રીમોટાઆશંબીઆમાં ચાર બાઇઓને દીક્ષા આપવા સંબંધીના મહોત્સવ કરવાના પ્રસંગે પધારવા માટેની વિનંતિ કરવા આવ્યા, તે વખતે તેઓની વિનંતિ સાંભલીને ગુરૂમહારાજશ્રીજીએ સ્વીકારી, અને તે મુંદરાશાહેરથી વિહાર કરી અનુક્રમે ચૈત્ર સુદીમાં શ્રીકચ્છમોટાઆશંબીઆગામે પધાર્યા, ત્યાં સંઘે મહોટા આડંબરથી સામઇયો કરી ગામમાં પ્રવેશ કરાવ્યું. ત્યારબાદ ત્યાં સંઘે ઘણા આનંદથી અઠ્ઠાઇ મહોત્સવ કર્યો, અને ગુરૂમહારાજશ્રીજીએ સંવત્ ૧૯૬૦ ના ચૈત્ર વદી ૮ ની ચાર બાઇઓને દીક્ષા આપી, તેમાં પહેલી શ્રીકચ્છબાડાના રહેવાસી શા. તેજુ કાનાની સુપત્ની રાણબાઇની પુત્રી જન્મ સંવત્ ૧૯૩૬ નો તે શ્રીકચ્છતલવાણાના રહેવાસી શા. ખેતુ ભારમલ્લ માઇઆંની વિધવા રત્નબાઇ, તથા બીજી શ્રીકચ્છમોટાઆશંબીઆના રહેવાસી શા. આશારીઆ લખુની પુત્રી જેતબાઇ, તથા ત્રીજી શ્રીકચ્છમોટાઆશંબીઆના રહેવાસી શા. રાજુ આશુની પુત્રી પદમાબાઇ, અને ચોથી વેલબાઇ. એમ ચારે બાઇઓને અનુક્રમે રત્નબાઇનું નામ " તિલકશ્રીજી " આપીને સાધ્વીશ્રીશિવશ્રીજીની મુખ્ય શિષ્યણી સાધ્વી શ્રીકનકશ્રીજીની શિષ્યણી સ્થાપી, જેતબાઇનું નામ " જડાવશ્રીજી " તથા પદમાબાઇનું

નામ "પદ્મશ્રીજી" આપીને સાધ્વીશ્રીશિવશ્રીજીની શિષ્યણી ચંદનશ્રીજીની બે શિષ્યણીઓ સ્થાપી, વેલબાઇનું નામ "વિનયશ્રીજી" આપીને સાધ્વીશ્રીશિવશ્રીજીની શિષ્યણી ચંદનશ્રીજીની શિષ્યણી હેતશ્રીજીની શિષ્યણી સ્થાપી. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજી ત્યાંથી વિહાર કરીને શ્રીકચ્છનાનાઆશંબીઆગામે પધાર્યા, ત્યાં શ્રીકચ્છ-કુંઢાના રહેવાસી શા. કચરા ખીમરાજની સુપત્ની જીવીબાઇની પુત્રી જન્મ સંવત્ ૧૯૪૦ નો તે શ્રીનાનાઆશંબીઆના રહેવાસી શા. નરસિંહ દેવરાજ કોરશીની વિધવા લાધીબાઇ સંસારથી વૈરાગ્ય પામી પોતાના માતાપિતા તથા સાસુસસરાની આજ્ઞા મેલવી દીક્ષા લેવાને તૈયાર થઇ, જેથી તે લાધીબાઇના સસરા તરફથી ત્યાં શ્રીનાનાઆશં-બીઆમાં દીક્ષાનો મહોત્સવ સંઘે કર્યો, અને ગુરૂમહારાજશ્રીજીએ સંવત્ ૧૯૬૦ ના વૈશાખ સુદી ૮ ના દીવસે દીક્ષા દેઇને "લાભશ્રીજી" નામ આપી સાધ્વીશ્રીશિવશ્રીજીની શિષ્યણી સાધ્વીશ્રીગુલાબશ્રીજીની શિષ્યણી સ્થાપી. ત્યારબાદ ત્યાં શ્રીકચ્છનાનાઆશંબીઆમાં ગુરૂમહા-રાજશ્રીજીને શ્રીકચ્છજખૌબંદરથી શેઠ ભીમસિંહ રત્નસિંહની વિધવા પુંજાબાઇ શેઠાણીની શ્રીજખૌબંદરમાં ચોમાસું કરવામાટેની બહુ ભક્તિવાલી વિનંતિ આવી, જેથી ગુરૂમહારાજશ્રીજીએ તે વિનંતિને સ્વીકારી ત્યાંથી વિહાર કર્યો, તેમજ સાધ્વીશ્રીશિવશ્રીજી તથા ઉત્તમ-શ્રીજીએ પણ પોતાની શિષ્યણીઓના પરિવાર સહિત ગુરૂમહારાજશ્રી-જીની સાથે વિહાર કર્યો, તે વખતે સાધ્વીશ્રીઉત્તમશ્રીજીને ચાર પાંચ માસથી તાપની બીમારી હોવાથી તેમનું શરીર અત્યંત નિર્બલ થઈ ગયેલ જેથી પુંજાબાઇ શેઠાણીએ ડોલીની સગવડ સાથે રાખેલ પણ સાધ્વીશ્રીઉત્તમશ્રીજી પોતાની આત્મશક્તિથી વિહાર કરતા અનુક્રમે ગુરૂમહારાજશ્રીજીની સાથે શ્રીકચ્છજખૌબંદર પહોંચ્યા, ત્યાં ગુરૂમહારાજશ્રીજીને સાધુ સાધ્વીઓના પરીવાર સહિત શેઠાણી પુંજા-બાઇ આદિ સઘલા સંઘે મહોટા આડંબરવાલા ઓત્સવથી સામઇયો કરી નગરમાં પ્રવેશ કરાવ્યો, અને ગુરૂમહારાજશ્રીજીએ તે અવસરે ચતુર્વિધ સંઘને ધર્મોપદેશ સંભલાવી આનંદ સહિત તૃપ્ત કર્યો, અને ભવ્યલોકોએ યથાશક્તિ વ્રત, નિયમોના કેટલાક પચ્ચખ્ખાણ કર્યાં, ત્યારપછી તે સંવત્ ૧૯૬૦ નું ચોમાસું ગુરૂમહારાજશ્રીજી ત્યાં રહ્યા. તે ચોમાસામાં પર્યુષણપર્વ થયાબાદ ગુરૂમહારાજશ્રીજીની સાધ્વી-ઓના સમુદાયમાં મુખ્ય શિષ્યણી તેમજ સાધ્વીશ્રીશિવશ્રીજીની લઘુ

ગુરૂ બેન સાધ્વીશ્રીઉત્તમશ્રીજી તાપની માંદગી વૃદ્ધિ પામવાથી ભાદરવા સુદી ૧૫ ના દીવસે સ્વર્ગવાસી થયા, તે સાધ્વીઉત્તમશ્રીજીના નામ પ્રમાણે ગુણો હતા. ત્યારબાદ ચોમાસું સંપૂર્ણ કરી ગુરૂમહારાજશ્રીજીએ ત્યાંથી વિહાર કર્યો, અને શ્રીકચ્છજશાપુરગામે પધાર્યા. તે વર્ષમાંજ શ્રીકચ્છનલીયાશાહેરમાં શ્રીવિધિપક્ષ (અચલ) ગચ્છાધિપતિ શ્રીજિનેંદ્રસાગરસૂરિજીનો ચતુર્માસ હતો, તેઓ પણ તે નલીનપુર (નલીયાશહેર) થી ચોમાસું બદલાવવામાટે ત્યાં આવ્યા, ત્યારપછી ગુરૂમહારાજશ્રીજી તથા શ્રીજિનેંદ્રસાગરસુરીશ્વરજી ત્યાંથી વિહાર કરી શ્રીકચ્છનલીનપુર (નલીયાશાહેર) માં પધાર્યા, ત્યાં ગુરૂમહારાજશ્રીજીએ શ્રીવિધિપક્ષ ( અંચલ ) ગચ્છીય સાધુ પંચ પ્રતિક્રમણાદિ દિન ક્રિયા વિધિ વિગેરેનો સંગ્રહ કરી સુધારા વધારા સહિત લખેલ પુસ્તક શ્રીજિનેંદ્રસાગરસૂરીજીને બતાવ્યો, અને ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજીમહારાજે કહ્યું કે, આ સાધુ પંચ પ્રતિક્રમણાદિ દિનક્રિયા વિધિ વિગેરેનો પુસ્તક છપાવવા વિચાર છે, તેવારે શ્રીપૂજ્યજીમહારાજે તે પુસ્તક વાંચીને છપાવવામાટેની આજ્ઞા આપી, જેથી ગુરૂમહારાજશ્રીજીએ તે પુસ્તક છપાવવામાટેની તથા ભુજનગરમાં યુગપ્રધાન દાદાશ્રીકલ્યાણસાગરસૂરીશ્વરના સ્તૂપના દેરાસરજીનો જીર્ણોદ્ધાર કરાવવામાટેની મદત માગી, ત્યારે શ્રીપૂજ્ય શ્રીજિનેંદ્રસાગરસૂરીશ્વરજીએ તેમાં રૂપીયા બેશાની મદત આપી. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજીમહારાજ પોતાના શિષ્ય સહિત અનુક્રમે વિચરતા થકા શ્રીકચ્છભુજનગરે પધાર્યા, ત્યાં માસકલ્પ કરીને ત્યાંથી વિહાર કરી અનુક્રમે ચાલતા થકા શ્રીકચ્છપત્રી નામના ગામે પધાર્યા, ત્યાં શા. દેવજી ધારસિંહની વિધવા કમીબાઈએ ચૈત્ર સુદીમાં આયંબીલની ઓલીનો ઉજમણો ઠાઠમાઠથી કર્યો. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજી શ્રીકચ્છભુજનગરના સંઘની ચોમાસું કરવાની વિનંતિ આવવાથી તે પત્રીગામથી વિહાર કરી શ્રીકચ્છભુજનગરે પધાર્યા, ત્યાં ગુરૂમહારાજશ્રીજીએ મુનિદયાસાગરજીને તથા સાધ્વીઓને મહોટી દીક્ષા આપવા માટેની યોગવહનની ક્રિયા ચાલુ કરાવી, તેમાં એક માસ સુધી આંબીલ, નીવી કરનારી બાઈઓના રશોડાનો ખર્ચ ત્યાંના રહેવાસી વોરા ભગવાનજી નાથાએ આપેલ હતો, અને ગુરૂમહારાજશ્રીજીએ મુનિ દયાસાગરજીને તથા સાધ્વીશ્રીલખમીશ્રીજી, લાભશ્રીજી, સુમતિશ્રીજી, તિલકશ્રીજી, જડાવશ્રીજી, પદ્મશ્રીજી, વિનયશ્રીજી એમ સાધ્વીઓને

જેષ્ટ માસમાં મહોટી દીક્ષા આપી. તથા શ્રીકચ્છદુમરાના રહેવાસી શા. રણસિંહની પુત્રી અને શ્રીકચ્છભોજાયના શા. રવજી માણકની સુપત્ની ખેતબાઇને શ્રીકચ્છદોણગામમાં દીક્ષા દીધેલ, તથા શ્રીજામનગરના રહેવાસી શા. દાયાભાઇ ગોવીંદજીની સુપત્ની કંકરબાઇની પુત્રી અને શ્રીજામનગરના રહેવાસી શા લાલજી ખેતશીની વિધવા જીવીબાઇને શ્રીકચ્છપત્રીગામમાં દીક્ષા દીધેલ. એમ તે બન્ને સાધ્વીઓને ગુરૂમહારાજશ્રીજીએ મહોટી દીક્ષા આપીને પહેલી ખેતબાઇનું નામ " ખંતીશ્રીજી " આપીને સાધ્વીશ્રીશિવશ્રીજીની શિષ્યણી સાધ્વીશ્રીકનકશ્રીજીની શિષ્યણી સ્થાપી, તથા બીજી જીવીબાઇનું નામ " જમનાશ્રીજી " આપીને સાધ્વીશ્રીઉત્તમશ્રીજીની શિષ્યણી જતનશ્રીજીની શિષ્યણી સ્થાપી. તે સંવત્ ૧૯૬૧ નું ચોમાસું શ્રીકચ્છભુજનગરમાં કર્યું. ત્યાંથી વિહાર કરી અનુક્રમે વિચરતા શ્રીકચ્છસોજાયગામમાં આવ્યા, ત્યાં શ્રીકચ્છકોટડાના રહેવાસી શા. દાઇઆ જીવાણીની સુપત્ની ઉમીબાઇની પુત્રી જન્મ સંવત્ ૧૯૩૧ ના કારતક સુદી ૮ નો તે શ્રીકચ્છમોટારતડીઆના રહેવાસી શા. રવજી કેસણ તેજશીની વિધવા કમીબાઇને ગુરૂમહારાજશ્રીજીએ તે સંવત્ ૧૯૬૧ ના મહા સુદી ૫ ની દીક્ષા આપીને કમીબાઇનું નામ " કસ્તુરશ્રીજી " દેઇ સાધ્વીશ્રીકનકશ્રીજીની શિષ્યણી લાવણ્યશ્રીજીની શિષ્યણી સ્થાપી, અને તે દીક્ષા સંબંધી મહોત્સવ ત્યાંના સંઘે ઘણા આનંદથી કર્યો. પછી ત્યાંથી વિહાર કરી વિચરતા થકા શ્રીકચ્છવરાડીઆગામે પધાર્યા, ત્યાં ગુરૂમહારાજશ્રીજીએ સાધ્વીકસ્તુરશ્રીજીને સંવત્ ૧૯૬૨ ના વૈશાખમાસમાં મોટી દીક્ષા આપી. ત્યાંથી વિહાર કરી શ્રીકચ્છસુથરીશાહેરમાં પોતાની મુખ્ય શિષ્યણી સાધ્વીશ્રીશિવશ્રીજીને અતિ માંદગી હોવાથી ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજી પોતાના શિષ્ય સહિત ત્યાં આવ્યા, પછી તે સાધ્વીશ્રીશિવશ્રીજી અતિ માંદગી વૃદ્ધિ પામવાથી અને ગુરૂમહારાજશ્રીજીની સારીરીતે હાજરી હોવાથી સમાધીવડે સંવત ૧૯૬૨ ના જેષ્ટ સુદી ૧૫ ના સ્વર્ગવાસી થયા, તે સાધ્વીશ્રીશિવશ્રીજીએ પોતાની સમગ્ર સાધ્વીઓનો સમુદાય પોતે કાલ કર્યા પહેલાં પોતાની મુખ્ય શિષ્યણી સાધ્વીશ્રીકનકશ્રીજીને પોતાના હાથથી સોંપ્યો. ત્યારબાદ શ્રીકચ્છવરાડીઆગામનો સંઘ ગુરૂમહારાજશ્રીજીને શ્રીવરાડીઆમાં ચોમાસું કરવામાટે વિનંતિ કરવા આવ્યો, પરંતુ તે શ્રીસુથરીશાહેરના રહેવાસી શેઠ દાશાભાઇ ખીયસિંહનો ત્યાં ચોમાસું

કરવામાટેનો અતિ આગ્રહ હોવાથી ગુરૂમહારાજશ્રીજીએ તે સંવત્ ૧૯૬૨ નું ચોમાસું શ્રીકચ્છસુથરીશહેરમાં કર્યું. ત્યારપછી ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજશ્રીજી શ્રીકચ્છમોટીવંઢીમાં ત્યાંના દેરાસરજીની પ્રતિષ્ઠાનો મહોત્સવ હોવાથી પધાર્યા, અને ત્યાં ગુરૂમહારાજશ્રીજીએ પ્રતિષ્ઠાના દીવસે શ્રીકચ્છકોટડીમાહેવપુરીની રહીસ વીલબાઇને દીક્ષા આપી "વિવેકશ્રીજી" નામ દઇને સાધ્વીશ્રીઉત્તમશ્રીજીની શિષ્યણી સાધ્વીશ્રીજતનશ્રીજીની શિષ્યણી સ્થાપી. પછી ત્યાંથી વિહાર કરી અનુક્રમે વિચરતા થકા ગુરૂમહારાજશ્રીજી શ્રીકચ્છશેરડીગામે પધાર્યા, તે અવસરે શ્રીકચ્છદોણુગામમાં મુનિગુણસાગરજીનો શિષ્ય પ્રમોદ-સાગર હતો, તે ગુરૂમહારાજશ્રીજીનો આગમન સાંભલી ત્યાંથી ચાલતો થયો. અને ગુરૂમહારાજશ્રીજીને ત્યારે શ્રીકચ્છમાંડવીબંદરના અંચલ-ગચ્છના સંઘનું કાગલ આવેલ તેમાં સંઘે લખ્યું કે, પ્રમોદસાગરને તમો સંઘાડામાં રાખો છો તે અમોને અનુકુલ નથી જેથી ગુરૂમહા-રાજશ્રીજીએ તે પ્રમોદસાગરને સંઘાડાથી બહાર કર્યો, તેની ખબર પત્રદ્વારાથી કચ્છદેશમાં ગામોગામ સર્વ સંઘને આપી કે, પ્રમોદસાગરને અમારા શિષ્ય તરીકે આદરમાન આપશો નહીં, અમોએ સંઘાડા બહાર કરી વોસરાવેલ છે. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજી-મહારાજ ગ્રામાનુગ્રામ ભવ્યજીવોને ઉપકાર કરતા થકા વિહાર કરીને અનુક્રમે શ્રીકચ્છસુથરીશહેરે આવ્યા, ત્યાં ચોમાસાનો કાલ નજીક આવવાથી શ્રીકચ્છવરાડીઆનો સંઘ શ્રીવરાડીઆમાં ચોમાસું કરાવવા માટે ગુરૂમહારાજશ્રીજીને વિનંતિ કરવા આવ્યો, અને ઘણા આગ્રહ પૂર્વક ગુરૂમહારાજશ્રીજીને સંઘે વિનંતિ કરી, જેથી ગુરૂમહારાજશ્રી-જીએ વિનંતિ સ્વીકારી, પછી તે સુથરીશહેરથી વિહાર કરી સંવત્ ૧૯૬૩ નું ચોમાસું કરવા શ્રીકચ્છવરાડીઆગામે પધાર્યા, ત્યાં સંઘની આગલ શા. ગેલા માણકે તથા શા. કાનજી વીરમે ચોમાસા સંબંધી ખરચ પોતાના તરફથી આપવામાટે માગણી કરી જેથી તેમને સંઘે ખુશી થઇને આજ્ઞા આપી ત્યારે તે બન્ને જણ ઘણા આનંદ પામ્યા, ત્યારબાદ શ્રાવણમાસમાં તે બન્ને જણના શુભ ભાવ થવાથી ઘણા હર્ષવડે ભદ્રાવતી (ભદ્રેસર) થી સમવસરણ મગાવી રચના કરાવી, ઘણા ઠાઠમાઠથી અઠ્ઠાઇ મહોત્સવ પૂજા, પ્રભાવના, સ્વામીવત્સલ, જલજાત્રા, અમારી વિગેરે સહિત તેમણે કર્યો, ત્યારે તે સમવસરણના દર્શન કરવામાટે અબડાશા વિગેરેના ગામોગામથી આવતા સંઘની

શા. ગેલા માણકે તથા શા. કાનજી વીરમે ઘણી પ્રીતિથી ભક્તિ કરી, અને તેઓ બન્ને ઘણા આનંદ પામ્યા, તે વખતે ત્યાંના શ્રાવક શ્રાવીકાઓના મનમાં જાણે વરાડીઆમાં ચોથો આરો વર્તતો હોય નહીં એવો આનંદ થયો, તે સંવત્ ૧૯૬૩ નું ચોમાસું ગુરૂમહારાજશ્રીએ કર્યું. ત્યારે વિધિપક્ષ (અંચલ) ગચ્છીય સાધુની દિનકીયાવિધિ વિગેરે સહીત પંચપ્રતિક્રમણાદિ સુત્રોની ચોપડીઓ છપાવવા જામનગરમાં શા. હીરાલાલ હંસરાજને આપી, તે ચોપડીઓ સંવત્ ૧૯૬૪ માં છપાવી બહાર પાડેલ છે. હવે ચોમાસું પૂર્ણ થયાબાદ ગુરૂમહારાજ વિચરતા થકા કચ્છગઢશીશાના રહેવાસી શા. દેવરાજ ટોકરસિંહે પોતાની વિશાઓસવાલજ્ઞાતિના હાલાઇ બેંતાલીશ ગામોના મહાજનનો સંવત્ ૧૯૬૩ ના પોષમાસમાં મેળો કર્યો, ત્યારે તેમની વિનંતિથી ત્યાં કચ્છગઢશીશામાં પધાર્યા, તે વખતે ગુરૂમહારાજને શા. દેવરાજ ટોકરસિંહે તથા શા. આશુ વાઘજીએ સમેતશિખરજીની યાત્રા કરવામાટે સમગ્ર પ્રકારનો ખર્ચ પોતાના તરફથી આપવા પૂર્વક ઓર્ડર આપ્યો, પરંતુ ગુરૂમહારાજે સમેતશિખરતીર્થે જતાં કેટલાક આરંભના કાર્યો થવાનાં જાણી તથા સ્વતંત્ર વિહાર નહીં થવાનો જાણી તે તરફ વિહાર કર્યો નહીં, અને કચ્છદેશમાંજ ભવ્યજીવોને ઉપદેશ આપતા થકા તેઓ કચ્છસુથરીશહેરે પધાર્યા. ત્યાં સાધ્વીવિવેકશ્રીજીને માંડલીયાયોગની એક મહીનાની ક્રીયા કરાવી, ત્યારબાદ વિચરતા થકા ગુરૂમહારાજે સંવત્ ૧૯૬૪ નું ચોમાસું કચ્છભૂજનગરે કર્યું. એવામાં સાધ્વીહેતશ્રીજીએ પોતાની ગુરાણી ચંદનશ્રીજીનો ગૃહસ્થો સાથે પરીચય તથા સંસારી બહેનની સાથે વર્તન કરવા સંબંધી વૃત્તાંત વારંવાર ગુરૂમહારાજને કહ્યું, જેથી ગુરૂમહારાજે સર્વ સાધ્વીઓના સમુદાયમાટે કેટલાક કાયદાઓ બાંધ્યા, તે કાયદાઓ નહીં સ્વીકારવાથી સાધ્વીચંદનશ્રીજીનો સંઘાડો સાધ્વીઓના સમુદાયથી બહાર કરેલો છે. ત્યારપછી ગુરૂમહારાજ કચ્છભૂજનગરથી વિહાર કરી અનુક્રમે વિચરતા કચ્છવરાડીઆગામે પધાર્યા, ત્યાં શા. ગેલા માણકે ગુરૂમહારાજને મુંબઇબંદરમાં ચોમાસું કરવામાટે વિનંતિ કરી, જેથી ગુરૂમહારાજે મુંબઇબંદર તરફ વિહાર કરવાનો સ્વીકાર્યો, પછી તે શા. ગેલા માણેક મુંબઇબંદરે ગયા. તે વખતે ગુરૂમહારાજે વિધિપક્ષગચ્છીય સાધુના પંચપ્રતિક્રમણાદિ દિન ક્રિયા વિધિ વિગેરે સહિત મૂળ પાઠે છપાવવામાટે મુંબઇબંદરમાં શા. કાનજી વીરમને

લખ્યું, જેથી તે શ્રીકચ્છકોઠારાશહેરના રહેવાસી શા. કાનજી વીરમે શ્રીનિર્ણયસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં તે ચોપડીઓ છપાવી સંવત્ ૧૯૬૭ માં બહાર પાડેલી છે. ત્યારબાદ ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરી અનુક્રમે વિચરતા થકા પોતાના શિષ્ય દયાસાગરજી સહિત તથા સાધ્વીકનકશ્રીજી, ગુલાબશ્રીજી, કુશલશ્રીજી, લાભશ્રીજી, સુમતિશ્રીજી, તિલકશ્રીજી, એમ સાધ્વીઓના ઠાણા ૬ સહિત, તથા કચ્છભૂજનગરના રહેવાસી શા. મોણશી હેમચંદની ભાર્યા રતનબાઇની પુત્રી જન્મ સંવત્ ૧૯૪૦ ના અશાડ સુદ ૭ નો તે કચ્છભૂજનગરના રહેવાસી શા. નેણશી મુરજી રંગજીની વિધવા વેજબાઇ, તથા કચ્છકોટડાના રહેવાસી શા. વરજાંગ કોરશીની ભાર્યા કુંવરબાઇની પુત્રી જન્મ સંવત્ ૧૯૪૪ નો તે કચ્છગઢશીશાના રહેવાસી શા. નરસિંહ આણંદ સોજાણીની વિધવા માલબાઇ, તથા કચ્છભીંસરાગામની રહેવાસી સુંદરબાઇ, અને કચ્છદુમરાગામની રહેવાસી હાંસબાઇ, એમ ચારે બાઇઓ પોતાના કુટુંબના ખુશીથી દીક્ષા લેવામાટેના આજ્ઞાના કાગલો લખાવીને સાથે ચાલેલી, તે સઘલા પરીવાર સહિત ચૈત્ર સુદીમાં કચ્છવાગડમાં આવેલા આધોઇગામે પધાર્યા, અને ત્યાં આંબીલની ઓલી કરીને ત્યાંથી વિહાર કરી અનુક્રમે ચાલતાં રાધણપુરશહેરે વૈશાખ સુદીમાં પધાર્યા. ત્યાં અંચલગચ્છના ગુરજી હીરસાગરજીના નામે ઓલખાતા, અને શેરીના સામે આવેલા અંચલગચ્છના મોટા ઉપાશ્રયમાં આવી ઉતર્યા, અને સાધ્વીકનકશ્રીજી વિગેરે ઠાણા ૭ તથા ચાર શ્રાવિકાઓ અંચલગચ્છના બીજા ઉપાશ્રયમાં ઉતર્યા. ત્યારબાદ તે રાધણપુરનગરમાં રહેલા જિનચૈત્યોની સારીરીતે યાત્રા કરી, પછી ત્યાંના સંઘે ગુરૂમહારાજને ચોમાસું રાધણપુરમાં કરવામાટે વિનંતિ કરી, પણ ગુરૂમહારાજે કહ્યું કે, હમણાં તો સંખેશ્વરજીની યાત્રા કરવાની ઇચ્છા છે, પછી ક્ષેત્ર સ્પર્શના. એમ કહી ગુરૂમહારાજ પોતાના પરીવાર સહિત ત્યાંથી વિહાર કરી અનુક્રમે શ્રીસંખેશ્વરગામે પધાર્યા, ત્યાં શ્રીસંખેશ્વર પાર્શ્વનાથજીની યાત્રા કરી, પછી ત્યાં સાથે આવેલી ચારે બાઇઓને દીક્ષા આપી, તે પ્રથમ ઉપર કહેલી બાઇઓમાંથી પહેલી વેજબાઇનું નામ "વલભશ્રીજી" આપીને સાધ્વીકનકશ્રીજીની શિષ્યણી સાધ્વીકુશલશ્રીજીની શિષ્યણી સ્થાપી, બીજી માલબાઇનું નામ "મગનશ્રીજી" આપીને સાધ્વીકનકશ્રીજીની શિષ્યણી સાધ્વીલાવણ્શ્રીજીની શિષ્યણી સ્થાપી, ત્રીજી સુંદરબાઇનું નામ "શિવ-

કુંવરશ્રીજી" આપીને સાધ્વીકનકશ્રીજીની શિષ્યણી સાધ્વીકુશલશ્રી-જીની શિષ્યણી સ્થાપી, ચોથી હાંસબાઇનું નામ "હર્ષશ્રીજી" આપીને સાધ્વીજતનશ્રીજીની શિષ્યણી સ્થાપી, એમ તે ચારે બાઇઓની દીક્ષાનો મહોત્સવ કચ્છવરાડીઆના રહેવાસી શા. ગેલા માણેકના તરફથી તે સંખેશ્વરગામના સંઘે કર્યો, અને બે નોકારશીનો સ્વામીવત્સલ થયો. તે વખતે શ્રીમાંડલગામમાં અંચલગચ્છના સંઘને ખબર પડી કે, ગુરૂમહારાજને રાધણપુરના સંઘે ત્યાં ચોમાસું કરવામાટે વિનંતિ કરેલી છે, જેથી કદાચિત્ અહીં માંડલગામમાં નહીં આવે, એવી ખબર પડેલી હોવાથી તે માંડલગામના સંઘ તરફથી વીશથી પચીસ માણસોએ ત્યાં સંખેશ્વરગામમાં તુરત આવીને અતિ આગ્રહ પૂર્વક વિનંતિ કરીને ચોમાસું માંડલગામમાં કરવામાટેની કબુલાત કરાવીને ગુરૂમહારાજને શિષ્ય, શિષ્યણીઓના પરીવાર સહિત માંડલગામની તરફ વિહાર કરાવ્યો, અનુક્રમે ગુરૂમહારાજ પણ વિહાર કરતાં માંડલગામે પધાર્યા, ત્યાં સંઘે મહોટા આડંબરથી સામઇયો કરી ગામમાં પ્રવેશ કરાવ્યો, અને ગુરૂમહારાજે ત્યાં સંવત્ ૧૯૬૫ નું ચોમાસું કર્યું, તે ચોમાસામાં સાધ્વીકનકશ્રીજીએ પર્યુષણપર્વની સંવત્સરીના શોલ ઉપવાસો કરેલ હોવાથી તે માંડલગામના અંચલગચ્છના સંઘે મલી તે તપનો અઠ્ઠાઇ મહોત્સવ મહોટો વરઘોડો કાઢવા પૂર્વક કર્યો.

હવે ચોમાસું ઉતર્યાબાદ ગુરૂમહારાજ શ્રીકેસરીયાજીની યાત્રા કરવામાટે પોતાના સાધુ સાધ્વીઓના પરીવાર સહિત ત્યાંથી વિહાર કરીને પ્રથમ ભોયણીગામે જઇ મલ્લીનાથપ્રભુની ઘણા આનંદથી યાત્રા કરી, પછી ત્યાંથી વિહાર કરી મહેસાણાગામમાં યાત્રા કરી અનુક્રમે વિહાર કરતાં વીશનગર તથા વડનગરમાં યાત્રા કરીને ત્યાંથી વિહાર કરી તારંગાજીતીર્થની યાત્રા કરી ઉનડીગામે પધાર્યા, ત્યારે વડનગરના હઠીસંગશેઠે શ્રીકેસરીયાજીની યાત્રા કરવામાટે વડનગરથી સંઘ કહાડેલ તે સંઘ પણ તે ઉનડીગામે આવ્યો, ત્યારે ગુરૂમહારાજ સંઘપતીના આગ્રહથી તે સંઘની સાથે કેસરીયાજીની યાત્રા કરવા ચાલ્યા, જેથી સંઘપતી ઘણો આનંદ પામ્યો અને સંઘપતીએ સર્વ પ્રકારની સગવડતા કરી આપી. પછી સંઘ સહિત તથા પોતાના શિષ્ય શિષ્યણીઓના પરીવાર સહિત ગુરૂમહારાજે અનુક્રમે ચાલતાં

પ્રથમ કડરગઢની યાત્રા કરી, ત્યાંથી ચાલતાં થકાં સંવત ૧૯૬૫ ના પોષ સુદી ૮ ના દીવસે શ્રીકેસરીયાજી રૂષભદેવદાદાની યાત્રા કરી. ત્યારપછી ત્યાંથી ગુરૂમહારાજ પોતાના સાધુ સાધ્વીઓના પરીવાર સહિત વિહાર કરી પોષ સુદી ૧૫ ના મહોટા ઉદેપુરમાં આવ્યા, ત્યાંના જિનમંદિરોની યાત્રા કરી વિહાર કરતા દેલવાડાગામે આવી બે બાવન જિનાલયની યાત્રા કરી, પછી ત્યાંથી વિહાર કરી અનુક્રમે એકલીંગજી તથા શ્રીનાથ અને રાજનગર થઇને દેસુરીનાલ ઉતરીને દેસુરીગામે આવ્યા, ત્યાંથી વિહાર કરી નાદલાઇ તથા નાદોલ, વરકાણાજી, ઘાણેરા, મુછાળામહાવીર, સાદરી, રાણકપુર, વાલી, નાણા, રાતામહાવીર, બેડા, શિવગંજ, કોરટા, શીરોહી, બંભણવાડ, નાંદીયા, લોટાણા વિગેરેની યાત્રા કરી ગુરૂમહારાજ પોતાના સાધુ સાધ્વીઓના પરીવાર સહીત સંવત ૧૯૬૫ ના ફાલ્ગુન સુદી ૨ ના ખરેડીગામે આવ્યા, ત્યાંથી આબુજીની યાત્રા કરી પાછા ખરેડીગામે આવ્યા. ત્યાંથી વિહાર કરી વાડા તથા આબલા, ડાભલા, રોઆ, કીરોત્રા, સીરોત્રા થઇને ચીત્રાસણ ફાલ્ગુન સુદી ૧૫ ના દીવસે આવ્યા, ત્યાંથી વિહાર કરી ખેરાલુના માર્ગથી વડનગર થઇ અમદાવાદ સંવત ૧૯૬૫ ના ચૈત્ર સુદી ૨ ના ગુરૂમહારાજ આવ્યા, ત્યાં હાજાપટેલની પોલમાં શાંતિનાથજીની પોલની અંદર અંચલગચ્છનો ઉપાશ્રય છે, તેમાં તે અવસરે કન્યાઓને ભણવામાટે કન્યાશાલા સ્થાપેલી હતી, તેમજ તે અમદાવાદમાં અંચલગચ્છના સાધુઓને બીજા ગચ્છવાલાઓ ક્યાંય ઉતરવા આપે નહીં, અને સર્વે પોતપોતાના સ્થાનોને સંભાલી બેઠેલા તેથી ગુરૂમહારાજે ઉતરવા સંબંધી તે શાંતિનાથજીની પોલમાં રહેતા શ્રાવકોને કહ્યું, જેથી શ્રાવકોએ તે શાંતિનાથની પોલમાં રહેલો અંચલગચ્છનોજ ઉપાશ્રય ઉઘાડી આપ્યો, ત્યારે ગુરૂમહારાજ તેમાં બિરાજમાન થયા, તે વખતે કન્યાશાળાનો સેક્રેટરી શા. હીરાચંદ કકલભાઇ તપગચ્છીય હોવાથી શ્વેત વસ્ત્રોને ધારણ કરનારા સાધુઓની ઉપરે દ્વેષ ધરનારો ત્યાં ઉપાશ્રયમાં આવી ગુરૂમહારાજને આડાં અવલાં વચનો બોલવા લાગ્યો, તોપણ ગુરૂમહારાજ શાંતપણાથી કહેવા લાગ્યા કે, અમને ઉતરવામાટે બીજા મકાનની સગવડ કરી આપો, અહીં સુખેથી કન્યાઓ ભણે, એમ કહ્યા છતાં પણ ગુરૂમહારાજની સાથે તકરાર કરવાથી ગુરૂમહારાજે મુંબઇબંદરમાં કચ્છીદશાઓસવાલસંઘને કાગળ લખ્યો, જેથી મુંબઇબંદરથી તે સંઘે અમદાવાદમાં આણંદજી

કલ્યાણજીના ઉપરે તાર કરીને જણાવ્યું કે, અમારા અંચલગચ્છના મુનિમંડલમા મુખ્ય મુનિમહારાજ શ્રીગૌતમસાગરજી તમારે ત્યાં અમદાવાદમાં અંચલગચ્છના ઉપાશ્રયમાં ઉતરેલા છે, તેઓને તપગચ્છીવાલા શ્રાવક ઉતરવામાટેની હરકત કરે છે, તેની તપાસ કરવામાટે અત્રેથી સંઘના માણસ આવે છે, એમ આણંદજી કલ્યાણજીને જણાવ્યું, તેમજ ગુરૂમહારાજને પણ તાર કરી જણાવ્યું કે, તમો ઉપાશ્રયમાંથી વિહાર કરશો નહીં અત્રેથી સંઘના માણસ તપાસ કરવા માટે આવે છે, હવે તે મુંબઈબંદરથી સંઘના માણસના આવવા સંબંધીનો વૃત્તાંત સાંભલીને તપગચ્છીય શા. હીરાચંદ કકલભાઈએ ગુરૂમહારાજશ્રીજીની પાસે આવી થયેલ અપરાધની પોતે ક્ષમા માગી, ત્યારે ગુરૂમહારાજે પણ શાંતપણાથી તેને સદુપદેશ કરી, મુનિઓનું પીલાવસ્ત્રોથી મુનિપણું નથી પરંતુ શુદ્ધ આચાર પાલવાથી મુનિપણું છે, એમ મુનિપણાની ઓલખાણ બતાવી ત્યારે તેણે ગુરૂમહારાજના વચનો કબુલ કર્યાં, ત્યારપછી મુંબઈબંદરથી સંઘના બે માણસો ત્યાં આવ્યા. અને તેમણે સંપૂર્ણ તપાસ કરીને જે આણંદજી કલ્યાણજીને કહેવાનું હતું તે કહી તેઓ મુંબઈબંદરે ગયા. ત્યારબાદ મુંબઈબંદરથી શા. ગેલાભાઈ માણેકની વિધવા લીલબાઈએ અમદાવાદમાં આવી ગુરૂમહારાજને મુંબઈ ચોમાસું કરવામાટે વિનંતિ કરી, પરંતુ ગુરૂમહારાજે છેવટ સાધ્વીકનકશ્રીજી વિગેરે ઠાણા સાતને મુંબઈ ચોમાસું કરવામાટે જવાની આજ્ઞા આપી.

હવે ત્યારબાદ કચ્છકોટડીમાદેવપુરીના રહેવાસી શા. તેજપાલ લાલજીની સુપત્ની દેવાંબાઈના પુત્ર નાગજીભાઈ જન્મ સંવત્ ૧૯૪૧ ના શ્રાવણ સુદી ૫ નો, તે નાગજીભાઈ મુંબઈથી અમદાવાદ ગુરૂમહારાજની પાસે દીક્ષા લેવામાટે આવ્યા, પરંતુ પોતાના પિતાની આજ્ઞાનો કાગલ નહીં લાવવાથી ગુરૂમહારાજે દીક્ષા આપવાની મનાઈ કરી, જેથી નાગજીભાઈએ હઠીપુરામાં જઈને પોતાની સાથે મુંબઈથી લાવેલા સાધુના વેષને પોતાની મેલેજ ચૈત્ર સુદિ ૫ ના પહેરીને, ગુરૂમહારાજની પાસે આવી અને વાંદીને પોતાના પિતા તથા દાદા તરિકે શા. સુરજી ગણશીને કચ્છકોટડી ગામમાં કાગલ લખ્યો, તે કાગલનો પ્રત્યુત્તર ગુરૂમહારાજશ્રીજીની ઉપરે શા. સુરજી ગણશીનો ખુશીથી દીક્ષા આપવાનો આવ્યો, પછી ગુરૂમહારાજે અમદાવાદથી વિહાર કર્યો, તે વખતે શાંતિનાથની પોલના શ્રાવકો પણ સાથે ચાલ્યા અને

સરખેદગામે ગુરૂમહારાજ પધાર્યા, ત્યાં ગુરૂમહારાજે સંવત ૧૯૬૫ ના વૈશાખ સુદી ૫ ના દીવસે દીક્ષાની ક્રિયા કરાવીને નાગજીભાઈનું નામ "નિતિસાગરજી" આપી પોતાના શિષ્ય કર્યા. ત્યારબાદ ત્યાંથી વિહાર કરી વીરમગામ તથા માંડલ થઈને ઉપરીયાલાતીર્થની યાત્રા કરી અનુક્રમે વિચરતા થકા શ્રીપાલીતાણાશહેરે પધાર્યા, ત્યાં મુનિનિ-તિસાગરજીને સંવત્ ૧૯૬૫ ના જેષ્ટ સુદી ૩ ની મ્હોટી દીક્ષા આપી, અને તે સંવત ૧૯૬૬ નું ચોમાસું ગુરૂમહારાજે ત્યાં પાલી-તાણામાં કર્યું. તે અવસરમાં ત્યાં પાલીતાણામાં ગુરૂમહારાજશ્રીજીની પાસે કચ્છકોઠડારોહાવાલાના રહેવાસી શા. દેવજી ગુણપત પરબત તથા કચ્છશાભરાઈના રહેવાસી શા. મણશી કોરશી અને કચ્છઉનડોઠના રહેવાસી શા. ઉમરશી ધપુ, એમ ત્રણે દીક્ષા લેવાના ભાવવાલા થકા વિદ્યાભ્યાસ કરતા હતા, ત્યારપછી મુંબઈબંદરથી કચ્છનવાવાસ ( દુર્ગાપુર ) ના રહેવાસી શા. લાલજી પુનશીની તથા કચ્છવરાડીઆના રહેવાસી શા. ગેલાભાઈ માણેકની વિનંતિ ગુરૂમહારાજશ્રીજીને પાલી-તાણામાં આવી કે, તમારી પાસે દીક્ષા લેવાની ઈચ્છાવાલા ત્રણ ભાઈઓ અભ્યાસ કરે છે, તેઓની દીક્ષાનો મહોત્સવ અમો કરશું, માટે તમો અમદાવાદ પધારો અને ત્યાંથી પછી મુંબઈબંદર પધારશો, એમ વિનંતિ આવવાથી ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજીમહારાજે સ્વી-કારી અને તે પાલીતાણાથી વિહાર કરી અનુક્રમે અમદાવાદમાં પધાર્યા, ત્યાં હાજાપટેલની પોલમાં શાંતિનાથજીની પોલમાં અંચલગચ્છના ઉપાશ્રયમાં ઉતર્યા, પછી મુંબઈબંદરથી શા. લાલજી પુનશી તથા શા. ગેલાભાઈ માણેકના તરફથી માણસો ત્યાં અમદાવાદમાં આવ્યા, અને તે શાંતિનાથજીની પોલમાં રહેતા શ્રાવકોની સંપૂર્ણ મદદ લેઈ તે માણસોએ દીક્ષાનો અઠ્ઠાઈ મહોત્સવ ચાલુ કરાવ્યો, અને દીક્ષા સંબંધી ઉત્તમ મંગલીક કાર્યો ચાલુ કર્યા, તે દીક્ષાના મહોત્સવ થયાની ખબર અમદાવાદમાં સર્વ જૈનલોકોને પડવાથી અંચલગચ્છમાં સંવેગી સાધુઓ છે એમ માલુમ પડી, પછી તે અઠ્ઠાઈ મહોત્સવના સંવત્ ૧૯૬૬ ના મહા સુદી ૧૩ સોમવારના આઠમા દીવસે મુંબઈ-બંદરથી શા. લાલજી પુનશી તથા શા. કાનજી વીરમ તથા શા. ગેલાભાઈ માણેકનો પરીવાર અને શા. દેવજીભાઈ માણેક વિગેરે ઘણો સંઘ ત્યાં અમદાવાદમાં આવ્યો, અને તેજ દીવસે બેંડ વાજીંત્રો, સાંબેલાઓ, ઘોડા ગાડીઓ તેમજ પોલીસ પાર્ટી,

અને પાલખીની મ્હોટી ધામધૂમ પૂર્વક દીક્ષાનો વરઘોડો કહાડવામાં આવ્યો, તે વરઘોડામાં આવવામાટે શા. લાલજી પુનશી તથા શા. દેવજી માણેકના તરફથી અમદાવાદના સંઘમાં મુખ્ય શેઠ. મનસુખભાઇ ભગુભાઈ વિગેરે શેઠીઆઓને ઘેરે જઇ આમંત્રણ કરેલ હોવાથી તે સર્વે શેઠીઆઓ પોતાના પરીવાર સહિત આનંદથી વરઘોડામાં આવ્યા, અને તે વરઘોડો માણેકચોકથી માંડીને દિલ્લીદરવાજા સુધી મ્હોટા ઠાઠથી શોભાયમાન થયેલો હોવાથી સર્વે અન્ય લોકો પણ ઘણા ખુશી થયા, ત્યારપછી તે વરઘોડો હઠીપુરામાં જિનમંદિરે ઉતર્યો, ત્યાં ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજીમહારાજે ત્રણે ભાઇઓને દીક્ષા આપી, તેમાં પહેલા દેવજીભાઈનું નામ "દાનસાગરજી" બીજા મણશીભાઈનું નામ "મોહનસાગરજી" ત્રીજા ઉમરશીભાઇનું નામ "ઉમેદસાગરજી" એમ ત્રણેનાં નામો આપી પોતાના શિષ્યો કર્યા, તે દીક્ષા અપાયાબાદ સર્વે સંઘને શ્રીફલની પ્રભાવના આપવામાં આવેલ હતી. હવે તે દીક્ષાનો મહોત્સવ સંપૂર્ણ થયાબાદ ગુરૂમહારાજે પોતાના શિષ્યોના પરીવાર સહિત અમદાવાદથી મુંબઇબંદર જવામાટે વિહાર કર્યો, અને અનુક્રમે ચાલતાં થકાં તેમજ તીર્થોની યાત્રા કરતાં થકાં સંવત્ ૧૯૬૬ ના ચૈત્ર વદી ૫ ના શ્રીઘાટકોપરમાં ગુરૂમહારાજ પોતાના શિષ્યો સહિત પધાર્યા, ત્યાં શિષ્યોને મહોટી દીક્ષા આપી. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજીને મુંબઇબંદરમાં વસતા કચ્છીવીશાઓસવાલજ્ઞાતિના સંઘે મલી ઘાટકોપરમાં આવી ચોમાસું કરવાની વિનંતિ કરી, જેથી ગુરૂમહારાજશ્રીજી પોતાના શિષ્યોના પરીવારથી મુંબઇબંદરમાં પધાર્યા, અને કચ્છીવીશાઓસવાલના સંઘે તથા કચ્છીદશાઓસવાલના સંઘે મહોટા સમુદાયવાલા આડંબર સહિત સામઇયાથી ગુરૂમહારાજને કચ્છીવીશાઓસવાલની મહાજનવાડીના બંગલામાં પધરાવ્યા, ત્યારપછી ગુરૂમહારાજશ્રીજીની ધર્મદેશના સાંભલી કચ્છીવીશાઓસવાલ સંઘ તથા કચ્છીદશાઓશવાલ સંઘ ઘણો આનંદ પામ્યો. તે સંવત્ ૧૯૬૭ નું ચોમાસું ગુરૂમહારાજ ત્યાં રહ્યા, તે અવસરે કચ્છબાયઠના રહેવાસી શા. ગેલા પૂંજાની સુપત્ની ખેતબાઇના પુત્ર ધનજીભાઇનો જન્મ સંવત્ ૧૯૪૭ ના જેષ્ટ સુદી ૨ નો તે કચ્છબાયઠના રહેવાસી શા. ખેરાજ પૂંજાના ભત્રીજા ધનજીભાઇને ગુરૂમહારાજશ્રીજીના મુખથી ઉત્તરાધ્યયનસૂત્રનો તથા મહાબલમલયાસુંદરીના ચરિત્રનો વ્યાખ્યાન સાંભલવાથી સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન

થયો, અને ચારિત્ર ગ્રહણ કરવાની ઇચ્છા થઈ, તેથી સમગ્ર ધંધો રોજગાર છોડીને ગુરૂમહારાજશ્રીજીની પાસે તે સંવત્ ૧૯૬૭ ના શ્રાવણ વદી ૧૩ થી જ્ઞાન અભ્યાસ કરવા ધનજીભાઇએ શિરૂ કર્યો, ત્યારબાદ ચોમાસું સંપૂર્ણ થયેથી કચ્છજખૌબંદરના રહેવાસી મુંબઇબંદરમાં વસતા શેઠ જેઠાભાઇ વર્ધમાનના તરફથી ગુરૂમહારાજશ્રીજીને ચોમાસું બદલાવવામાટે પરેલ સોપારીબાગપાસે પોતાની વાડીમાં પધારવામાટે વિનંતિ આવી, જેથી ગુરૂમહારાજ તે વિનંતિ સ્વીકારીને સંવત્ ૧૯૬૭ ના કારતક વદી ૧ ના દીવસે બેંડ વાજીંત્રો આદિકના મહોટા ઠાઠમાઠથી સંઘ સહિત શેઠ જેઠાભાઈ વર્ધમાનની વાડીમાં પધાર્યા, ત્યાં ગુરૂમહારાજને તેજ દીવસે કચ્છીદશાઓસવાલ સંઘે મલી આવતા સંવત્ ૧૯૬૮ નું ચોમાસું મુંબઇમાંજ કરવામાટે વિનંતિ કરી, જેથી ગુરૂમહારાજે તે સંઘની વિનંતિ સ્વીકારી, ત્યારપછી ત્યાંથી ગુરૂમહારાજને કચ્છીદશાઓસવાલ સંઘે મહોટા સામઇયાની ધામધૂમથી પોતાની બડક ઉપરે આવેલી કચ્છીદશાઓશવાલમહાજનવાડીના બંગલામાં પધરાવ્યા.

હવે ત્યારબાદ ત્યાં કચ્છવરાડીઆના રહેવાસી શા. વાલજી નરસિંહની વિધવા માંકબાઇ ૧, તથા કચ્છવારાપધરના રહેવાસી શા. ખેતશી રામઇઆની સુપત્ની હીરબાઇની પુત્રી જન્મ સંવત્ ૧૯૪૬ નો તે કચ્છજખૌબંદરના રહેવાસી શા. આણંદજી દામજી કાઇઆણીની વિધવા દેમુબાઇ ૨, તથા કચ્છકેરાદીના રહેવાસી શા. ખેતુ રાયશીની સુપત્ની રતનબાઇની પુત્રી જન્મ સંવત્ ૧૯૪૪ નો તે કચ્છનાનાઆશંબીઆના રહેવાસી શા. શવજી માદણ સોજપારની વિધવા પદમાબાઇ ૩, તથા કચ્છકોટડારોહાવાલાના રહેવાસી શા. ગુણપત પરબતની સુપત્ની કુંવરબાઇની પુત્રી જન્મ સંવત્ ૧૯૫૧ નો તે કચ્છસણોસરાના રહેવાસી શા. મુરારજી ગોશર ખેરાજની વિધવા લીલબાઇ ૪, તથા કચ્છનરેડીના રહેવાસી શા. હીરજી કોરશીની સુભાર્યા ધનબાઇની પુત્રી જન્મ સંવત્ ૧૯૪૭ નો તે કચ્છકોટડારોહાવાલાના રહેવાસી શા. વીરજી ગુણપત પરબતની વિધવા પીમીબાઇ ૫, અને કચ્છદેણની રહેવાસી નેણબાઇ ૬, એમ છ બાઇઓની દીક્ષા લેવાની ઇચ્છા હોવાથી સંવત્ ૧૯૬૭ ના મહા સુદી ૩ ના દીવસથી મુંબઇમાં માંડવીખારેકબજારમાં રહેલા અનંતનાથજીના દેહેરાસરમાં તે છ બાઇઓની દીક્ષા સંબંધીમાં સમવસરણની રચના કરવા પૂર્વક

અઠ્ઠાઇ મહોત્સવ ઘણા ઠાઠમાઠથી સંઘે શિરૂ કર્યો, અને તે અઠ્ઠાઇના છેલ્લા મહાસુદી ૧૦ સોમવારના દીવસે દીક્ષા સંબંધી વરઘોડા બેંડ વાજીંત્રો તથા ઘોડા ગાડીઓ આદિક સહિત તેમજ પોલીસ કમીસનરસાહેબ સહિત પોલીસ પલટન સાથે મહોટા સંઘના સમુદાયથી ઘણી ધામધૂમ પૂર્વક બંદર ઉપરથી કહાડીને જવેરીબજાર તેમજ પાયધુની થઇ મહોટા સડકના રસ્તાથી વાજીંત્રોના વાગવા પૂર્વક ( વાજીંત્રો ક્યાંય બંધ નહીં રાખવા પૂર્વક ) ચાલતાં, તથા દીક્ષા લેનારી બાઇઓના હાથથી અગણિત દાન અપાતા થકા, અનુક્રમે વરઘોડા ભાયખલામાં રહેલા શેઠ ખીમચંદ મોતીચંદ શાહના કરાવેલા જિનમંદિરમાં ઉતર્યો, ત્યાંપણ સંઘના તરફથી સમવસરણની રચના પૂર્વક અઠ્ઠાઇમહોત્સવ કરાવેલ હોવાથી દીક્ષા લેનારી છ બાઇઓ ત્યાં આવી, અને ગુરૂમહારાજશ્રીજીએ ભગવંતના દર્શન કરીને પોતાના શિષ્ય મુનિનિતિસાગરજીને તે છ બાઇઓને દીક્ષા આપવામાટે ક્રિયાવિધિ કરાવવાની આજ્ઞા આપી, જેથી મુનિનિતિસાગરજીએ છ બાઇઓને ક્રિયાવિધિ કરાવી અને અનુક્રમે પહેલી માકબાઇનું નામ " મણીશ્રીજી " આપીને સાધ્વીકનકશ્રીજીની શિષ્યણી સ્થાપી, બીજી દેમુબાઇનું નામ " દેવશ્રીજી " આપીને સાધ્વીગુલાબશ્રીજીની શિષ્યણી સ્થાપી, ત્રીજી પદમાબાઇનું નામ " પદ્મશ્રીજી " આપીને સાધ્વીલાવણ્યશ્રીજીની શિષ્યણી સ્થાપી, ચોથી લીલબાઇનું નામ " આણંદશ્રીજી " આપીને સાધ્વીકનકશ્રીજીની શિષ્યણી સાધ્વીકુશલશ્રીજીની શિષ્યણી સ્થાપી, પાંચમી ખીમીબાઇનું નામ " જડાવશ્રીજી " આપીને સાધ્વીકનકશ્રીજીની શિષ્યણી સાધ્વીતલકશ્રીજીની શિષ્યણી સ્થાપી, છઠ્ઠી નેણબાઇનું નામ " નેમશ્રીજી " આપીને સાધ્વીજતનશ્રીજીની શિષ્યણી સાધ્વીવિવેકશ્રીજીની શિષ્યણી સ્થાપી. એમ દીક્ષા અપાયાબાદ ત્યાં ભાયખલામાંજ કચ્છીવીશાઓશવાલસંઘ તથા કચ્છીદશાઓશવાલસંઘ તરફથી ગુજરાતિ, મારવાડી, કાઠીયાવાડી, અને કચ્છી એમ સર્વ જૈનસંઘનો નોકારશીનો સ્વામીવત્સલ કરવામાં આવેલ હતો.

હવે ગુરૂમહારાજશ્રીજીએ સંવત ૧૯૬૮ નું ચોમાસું ત્યાં મુંબઇબંદરમાંજ નિર્વિઘ્નપણે કર્યું, ત્યારપછી ગુરૂમહારાજશ્રીજીને ચોમાસું બદલાવવામાટે શા. ગેલાભાઇ માણેકની વિધવા લીલબાઇએ પોતાની

પરેલમાં રહેલી વાડીમાં પધારવામાટે વિનંતિ કરી, જેથી ગુરૂમહારાજે વિનંતિ સ્વીકારીને પોતાના સાધુસમુદાય સહિત ત્યાં ચોમાસું બદલાવવા વિહાર કર્યો, અને ત્યાં તેમની વાડીમાં સંઘના મહોટા સમુદાય સહિત પધાર્યા. ત્યારે શા. ગેલાભાઇ માણેકની વિધવા લીલબાઇએ સ્વામીવત્સલ કરી સંઘની તેમજ ગુરૂમહારાજશ્રીજીની ઘણી ભક્તિ કરી. ત્યારબાદ ગુરૂમહારાજ ત્યાં ત્રણ દિવસો રહીને ત્યાંથી પોતાના શિષ્યો સહિત પાછા વિહાર કરીને મુંબઇમાં તેજ ખડક ઉપરે આવેલી કચ્છીદશાઓસવાલમહાજનવાડીમાં પધાર્યા, ત્યાં સારીરીતે ધર્મોપદેશ આપતાં થકાં સુખેથી રહ્યા તે અવસરમાં ગુરૂમહારાજશ્રીજીના ઉપદેશથી વિધિપક્ષગચ્છીય સાધુના તથા શ્રાવકના પંચપ્રતિક્રમણસૂત્ર શબ્દાર્થ સહિત તથા બીજા પણ ઉપયોગી ગ્રંથો સહિતની ચોપડીઓ શા. લાલજી પુનશીએ ત્યાં મુંબઇબંદરમાં શ્રીનિર્ણયસાગરપ્રેસમાં છાપવા આપી, તે ચોપડીઓ સંવત્ ૧૯૬૯ માં છપાઇ બહાર પડેલી છે.

ત્યારબાદ ગુરૂમહારાજે ત્યાંથી વિહાર કરવાનો વિચાર કર્યો, તે સાંભલીને કચ્છીદશાઓસવાલસંઘના મુખ્ય શેઠીઆઓ આવીને ગુરૂમહારાજશ્રીજીને વલી પણ એક ચોમાસું ત્યાં રહેવામાટેની અતિ આગ્રહવાલી વિનંતિ કરવા લાગ્યા. જેથી ગુરૂમહારાજે મહા મહેનતે રહેવાનું સ્વીકાર્યું, ત્યારબાદ તે સંવત્ ૧૯૬૮ ના મહા સુદી ૧૧ સોમવારના દિવસે કચ્છબાયડના રહેવાસી શા. ખેરાજ પુંજાના ભત્રીજા જે ગુરૂમહારાજશ્રીજીની પાસે સંવત્ ૧૯૬૭ ના શ્રાવણ વદી ૧૩ થી જ્ઞાન અભ્યાસ કરતા હતા, તે ધનજી ગેલા પુંજાણીને તથા કચ્છમાંડવીબંદર પાસેના નાગલપુરગામની રહેવાસી દેવાંબાઇને મુંબઇબંદર પાસે રહેલા ભાંડુપમાં દીક્ષા આપી, તે દીક્ષા સંબંધીની ક્રિયા વિધિ ભાંડુપમાં રહેલા કચ્છીદશાઓશવાલમહાજનવાડીમાં જિનમંદિરમાં ગુરૂમહારાજશ્રીગૌતમસાગરજીમહારાજે પોતાના હસ્તકમલથી કરાવીને ધનજીભાઇનું નામ "ધર્મસાગરજી" આપીને મુનિનિતિસાગરજીના શિષ્ય સ્થાપ્યા, અને દેવાંબાઇનું નામ "દાનશ્રીજી" આપીને સાધ્વીજતનશ્રીજીની શિષ્યણી સાધ્વીવિવેકશ્રીજીની શિષ્યણી સ્થાપી, તે દીક્ષા સંબંધી મહોત્સવ બેંડ વાજીંત્રો આદિકના વરઘોડા સહિત થયો હતો, તેમજ કચ્છીદશાઓસવાલસંઘના તરફથી સ્વામીવત્સલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ગુરૂમહા-

રાજશ્રીજી પોતાના શિષ્ય પરીવાર સહિત તે ભાંડુપથી વિહાર કરી ઘાટકોપર તથ. કુરલા થઇને મુંબઇબંદરમાંજ ખડક ઉપરે કચ્છીદશા-ઓસવાલની મહાજનવાડીના બંગલામાં પધાર્યા, અને ત્યાં સંવત્ ૧૯૬૯ નું ચોમાસું રહ્યા. તે અવસરમાં ગુરૂમહારાજશ્રીજીના સદુપદેશથી કચ્છબાયઠના રહેવાસી શા. ખેરાજ પુંજાના તરફથી કલ્પસૂત્ર મૂલ સંસ્કૃત શબ્દ અને ગુજરાતિ ભાષાંતર સહિતની પ્રતો પોતાના ભત્રીજા ધનજીભાઇના દીક્ષા મહોત્સવના હર્ષની યાદગિરિ કાયમ રાખવાના હેતુથી મુંબઇબંદરમાંજ શ્રીનિર્ણયસાગરપ્રેસમાં છપાવવા આપેલ, તે પાંચશો પ્રતો છપાઇ સંવત્ ૧૯૭૧ માં બહાર પડેલી છે.

હવે તે સંવત્ ૧૯૬૯ નું ચોમાસું નિર્વિઘ્નપણે આનંદથી સંપૂર્ણ થયાબાદ કચ્છરેલડીઆમંજલના રહેવાસી શા. કુંવરજી આણંદજીએ ગુરૂમહારાજશ્રીજીને ચોમાસું બદલાવવામાટે પોતાની નયગામમાં આવેલી વાડીમાં પધારવાની વિનંતિ કરી, જેથી ગુરૂ-મહારાજશ્રીજીએ તે વિનંતિ સ્વીકારીને પછી પોતાના સાધુ સાધ્વી-ઓના પરીવાર સહિત વિહાર કર્યો, અને મહોટા સામઇયાથી સંઘ સહિત નયગામમાં ગુરૂમહારાજ પધાર્યા, ત્યાં શા. કુંવરજી આણંદજીએ ઘણી શ્રેષ્ટ ભક્તિ કરી. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજીએ કચ્છદેશમાં જવામાટે ત્યાંથી વિહાર કરવાની ઇચ્છા કરી તે શાંભલી કચ્છીદશા-ઓસવાલના સંઘે ગુરૂમહારાજશ્રીજીને મુંબઇબંદરમાં વલીપણ ચોમાસું રાખવામાટે ઘણી મહેનત કરી, પરંતુ ગુરૂમહારાજશ્રીજીએ મનમાં વિચાર કર્યો કે, અત્રે મુંબઇમાં ત્રણ ચોમાસાં થયાં, હવે રહેવું સારૂં નહીં જેથી ત્યાં રહેવાની મનાઇ કરી. ત્યારે કચ્છીદશા-ઓસવાલસંઘે ગુરૂમહારાજને વિનંતિ કરી કે, અત્રે મુંબઇમાં અમારી વાડીમાં વર્ષોવર્ષ સાધુ અથવા સાધ્વીમાંથી કોઇપણ એક સંઘાડાને ચોમાસું કરવા મોકલવો, એમ વિનંતિ કરવાથી ગુરૂમહારાજશ્રીજીએ કહ્યું કે, ચોમાસું ઉતરતા તમારો કાગલ આવવાથી મોકલશું, એ પ્રમાણે વિનંતિ સ્વીકારી. ત્યારપછી ગુરૂમહારાજશ્રીજીને શેઠ ખેતશી ખીયશીએ વિનંતિ કરી કે, અમારે અત્રેથી સિદ્ધાચલજીનો સંઘ કહાડવો છે, અને તે સંઘ સંવત્ ૧૯૬૯ ના પોષ સુદી ૧૫ ના દીવસે પાલીતાણામાં આવશે, માટે આપશ્રીજી કૃપા કરીને તે દીવસે ત્યાં પહોંચો તો અમારા ઉપરે બહુ કૃપા, ત્યારે ગુરૂમહારાજશ્રીજીએ કહ્યું

કે, દેવસ્પર્શના ઉપરે છે. એમ તેઓની વિનંતિ સ્વીકારીને ગુરૂમહારાજશ્રીજીએ સાધુ સાધ્વીઓના પરીવાર સહિત મુંબઇબંદરથી વિહાર કર્યો, અને અનુક્રમે ચાલતાંથકાં સુરત તથા ભરૂચ વિગેરે શહેરો તથા ગામડાઓમાં વિચરતા અને તીર્થયાત્રા કરતા ખંભાતશહેરમાં (સ્તંભનપુરમાં) પધાર્યા, ત્યાં કચ્છવરાડીઆના રહેવાસી શા. ગેલાભાઇ માણેકની વિધવા લીલબાઇ, તથા કચ્છ જખૌબંદરના રહેવાસી શા. દેવશી માવજીની વિધવા ધનબાઇ, એમ બન્ને બાઇઓના તરફથી અંચલગચ્છના સંઘમાં સાકરની લાણી કરવાથી અંચલગચ્છના શ્રાવકોના ઘરો પંચ્યાશી ત્યાં ખંભાતમાં છે, એમ માલમ થઇ. ત્યારબાદ ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજશ્રીજી અનુક્રમે ચાલતાંથકાં સંવત્ ૧૯૬૯ના પોષ વદી ૩ ના દીવસે શ્રીપાલીતાણામાં પધાર્યા, ત્યાં શેઠ ખેતશી ખીઅસિંહે પોતે મુંબઇબંદરથી સિદ્ધાચલજીની; યાત્રા કરવામાટે કહાડેલો સંઘ રેલ્વે દ્વારાએ પ્રથમ આવી ગયેલ હોવાથી, તે સંઘના મહોટા સમુદાય સહિત તેમજ બેન્ડવાજીંત્રો આદિકના ઠાઠવાલા સામઇયાથી ગુરૂમહારાજશ્રીજીને સાધુ સાધ્વીઓના પરીવારસહિત શ્રીપાલીતાણા નગરમાં પ્રવેશ કરાવીને, શેઠ નરસિંહ નાથાની ધર્મશાલાના ઉપાશ્રયમાં પધરાવ્યા. ત્યારબાદ સિદ્ધાચલજીની યાત્રા ગુરૂમહારાજશ્રીજીએ કરી. પછી તેજ સંવત્ ૧૯૬૯ ના પોષ વદી ૯ ના દીવસે કચ્છ દેશથી સાધ્વી લાવણશ્રીજી વિગેરે ઠાણા ત્રણને મુંબઇબંદરમાં ચોમાસું કરવામાટે બોલાવેલ તે પણ ત્યાં આવ્યા. તે સાધ્વીઓને ગુરૂમહારાજશ્રીજીએ મુંબઇબંદર જવામાટે આજ્ઞા કરી, જેથી મુંબઇના સંઘે તેમની સાથે સર્વ સગવડતા કરી આપીને વિહાર કરાવ્યો. હવે મુનિ દયાસાગરજીને ત્યાં સિદ્ધાચલજીની નવાણું યાત્રા કરવાની ઇચ્છા થઇ, જેથી ગુરૂમહારાજશ્રીજીએ ત્યાં રહેવાની તેમને આજ્ઞા આપી તેથી તે ત્યાં રહ્યા.

ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજીએ પાલીતાણાથી પોષ વદી ૧૨ ના દિવસે કચ્છ દેશમાં જવામાટે વિહાર કર્યો, અનુક્રમે ચાલતાંથકાં રણ ઉતરી સંવત્ ૧૯૬૯ ના ફાલ્ગુન સુદી ૭ ના દિવસે કચ્છ વાગડમાં આવેલા ભચાઉગામે આવ્યા, ત્યાં કચ્છ નલીયાશહેરના રહેવાસી શા. હીરજી લીલાધરની સુપત્ની પુરબાઇની પુત્રી જન્મ સંવત્ ૧૯૫૦ના મહા સુદી ૫ નો તે કચ્છ નલીયાશહેરના રહેવાસી શા. આણંદજી

માલશી રાજદેની વિધવા દેવકાંબાઇએ ત્યાં કચ્છ નલીયામાંજ સંવત ૧૯૬૭ ના કારતક વદી ૫ ની તપગચ્છીય મુનિમહારાજશ્રી જીતવિજયજીની પાસે દીક્ષા લીધેલી, અને દેવકાંબાઇનું નામ "દયાશ્રીજી" પાડેલું તે સાધ્વી દયાશ્રીજીને ગુરૂમહારાજશ્રીજીએ પોતાના સમુદાયમાં તપગચ્છીય અને કચ્છ વાગડમાં વિચરતા મુનિમહારાજશ્રી જીતવિજયજીની આજ્ઞાથી ભેળવી, અને સાધ્વી કનકશ્રીજીની શિષ્યણી સ્થાપી. ભવ્યજીવોને દસ દીવસસુધી ધર્મોપદેશ આપીને ત્યાંથી વિહાર કરી અનુક્રમે ફાલ્ગુન વદી ૭ ના દિવસે કચ્છ અંજારશહેરે પધાર્યા, ત્યાં ગુરૂમહારાજશ્રીજીને સાધુ સાધ્વીઓના પરીવાર સહિત સંઘે મહોટા સામગ્રિયાથી શહેરમા પ્રવેશ કરાવીને અંચલગચ્છના ઉપાશ્રયમાં પધરાવ્યા. ત્યારબાદ ત્યાં કચ્છ મુંદરાશહેરના તાલુકાના નવીનારગામના રહેવાસી શા. ભારમલ તેજાની ભાર્યા લીલબાઇના પુત્ર રતનસિંહે સ્થાનકવાસીમાં આઠકોટી મોટીપક્ષના પૂજ્ય વીજપાલજી સ્વામીની પાસે દીક્ષા લીધેલી હતી, અને તે રતનસિંહનું નામ રવીચંદસ્વામી હતું, તે રવીચંદસ્વામીજી સ્થાનકવાસી આઠકોટી મોટી પક્ષમાંથી નિકલીને દેહેરાવાસીમાં મુહપતી છોડીને આવ્યા અને તપગચ્છના મુનિશ્રીધીરવિજયના શિષ્ય નામે રામવિજયજી થયા, ત્યારપછી ત્યાંથી નિકલી છેવટે કચ્છ શાંયાણમાં અંચલગચ્છમાં દાખલ થયા, પછી રવીચંદજીએ કચ્છ ભોજાયના રહેવાસી શા કોરશી પચાણને દીક્ષા આપી પોતાના શિષ્ય કપુરચંદજી નામના કર્યા, તથા કચ્છ શાભરાઇના રહેવાસી ભાણજી કાથડને દીક્ષા આપી પોતાના શિષ્ય ભાઇચંદજી નામના કર્યા, એમ બન્ને શિષ્યો સહિત તે રવીચંદજી કચ્છ અંજારમાં પ્રથમથી આવેલા હોવાથી ગુરૂમહારાજશ્રીજીની પાસે આવી અને તે અંજારના રહેવાસી શા. શામચંદ ધારશી તથા શા. મૂલચંદ અદેકણ વિગેરે સંઘના સમક્ષ તે રવીચંદજીએ ગુરૂમહારાજશ્રી ગૌતમસાગરજીમહારાજને કહ્યું કે, મારા સર્વ અપરાધ ક્ષમા કરી તમો મને આપના શિષ્ય કરો? અને વાસક્ષેપ નાખો? ત્યારે ગુરૂમહારાજશ્રીજીએ રવીચંદજીના તેવાં વચનો સાંભલીને સંઘની સમક્ષ તે રવીચંદજીના સાધ્વી હેતશ્રીજી તથા વિનયશ્રીજીની સાથે શિષ્યણી કરવા આદિકના પરિચય સંબંધી અપરાધો સર્વ ક્ષમા કર્યા, તથા બન્ને શિષ્યો સહિત રવીચંદજીના મસ્તકે વાસક્ષેપ નાખી, અને ગુરૂમહારાજશ્રીજીએ રવીચંદજીનું નામ "રવીસાગરજી" નાખીને પોતાના

શિષ્ય કર્યા, તથા કપુરચંદજીનું નામ 'કપુરસાગરજી' અને ભાઇચંદજીનું નામ "ભક્તિસાગરજી" નાખીને રવીસાગરજીના શિષ્ય કર્યા. પછી તે દિવસે રવીસાગરજીએ તથા કપુરસાગરજીએ ગુરૂમહારાજશ્રીજીની ભક્તિ માટે બે ગહુંલી રચી, તે સંવત્ ૧૯૮૧ માં ગહુંલી સંગ્રહ નામની ચોપડીઓ છપાએલી છે, તેમાં પચાસમી અને એકાવનમી એમ બન્ને ગહુંલીઓ છે. પછી મુનિ રવીસાગરજીના કહેવાથી ગુરૂમહારાજશ્રીજીએ તેમને યોગવહનની ક્રિયા કરાવવા તથા મ્હોટી દીક્ષા આપવા માટે મુહૂર્ત જોવરાવ્યું, તે મુહૂર્ત સંવત્ ૧૯૭૦ ના વૈશાખ સુદી ૩ નું નિકલ્યું, જેથી મ્હોટી દીક્ષા આપવાનો તથા ત્યાં શા. શામચંદ ધારશીના તરફથી સમવસરણની રચના કરવા પૂર્વક અઠ્ઠાઈ મહોત્સવ કરવા માટેનો નિશ્ચય થયો. પરંતુ પાંચ દિવસ ગયા બાદ મુનિ રવીસાગરજીને કચ્છ મોટાઆશંબીઆથી સાધ્વી હેતશ્રીજી તથા વિનયશ્રીજીનો કાગલ આવ્યો, જેથી મુનિ રવીસાગરજી તથા કપુરસાગરજી અને ભક્તિસાગરજી એમ ત્રણે ઠાણાઓ ફાલ્ગુન વદી ૧૪ ના દીવસે શ્રાવકોએ તથા ગુરૂમહારાજશ્રીજીએ ઘણું સમજાવ્યું છતાં પણ વિહાર કરી ગયા, અને ફક્ત સાત દીવસો સાથે રહી જુદા પડ્યા.

હવે ત્યારબાદ ત્યાં કચ્છ અંજારમાં મુનિધર્મસાગરજીને તથા સાધ્વીઓને મ્હોટી દીક્ષા આપવામાટે યોગવહનની ક્રિયા તથા તપ ચાલુ કરાવીને સંવત્ ૧૯૭૦ ના વૈશાખ સુદી ૩ શુકરવારના દિવસે મ્હોટી દીક્ષા ગુરૂમહારાજશ્રીજીએ આપી, તે મ્હોટી દીક્ષા સંબંધી સમવસરણની રચના કરવા પૂર્વક અઠ્ઠાઇ મહોત્સવ પૂજાઓ, પ્રભાવના, જલયાત્રા, વરઘોડા વિગેરેના ઘણા ઠાઠમાઠથી કચ્છ બાયઠના રહેવાસી શા. ખેરાજ પુંજાણીના તરફથી કર્યો હતો, તથા સ્વામીવત્સલ અને લેણી પણ કરેલ હતી. ત્યારબાદ ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજ કચ્છ ભુજનગરે વૈશાખ વદી ૪ શુકરવારના પધાર્યા, ત્યાં સંઘે મ્હોટા સામઈયાથી નગરમાં પ્રવેશ કરાવ્યો, અને અંચલગચ્છના ઉપાશ્રયમાં બીરાજમાન થઇ ગુરૂમહારાજશ્રીજીએ ધર્મોપદેશ આપી સંઘને આનંદ પમાડ્યો. ત્યાં માસકલ્પ કર્યો, તેવામાં કચ્છ માંડવીબંદરના સંઘની ચોમાસું માંડવીબંદરમાં કરવા માટેની વારંવાર વિનંતિ આવવા લાગી, તે સાંભલી ભુજનગરના સંઘે ગુરૂમહારાજશ્રીજીને

ઘણા આગ્રહથી ભુજનગરમાં ચોમાસું કરવા માટે વિનંતિ કરી, જેથી ગુરૂમહારાજે ત્યાં ભુજનગરમાં ચોમાસું કરવા સ્વીકાર્યું, પછી માસકલ્પ બદલાવવા માટે માનકુવાગામે પધાર્યા, ત્યાં સાત દીવસો રહીને પાછા ભુજનગરમાં તે સંવત્ ૧૯૭૦ નું ચોમાસું કરવા માટે જેષ્ટ વદી ૧૧ રવીવારના પધાર્યા, અને તે ચોમાસું ત્યાં રહ્યા. પછી ત્યાં ગુરૂમહારાજશ્રીના ઉપદેશથી યુગપ્રધાન દાદા શ્રીકલ્યાણસાગરસૂરીજીના સ્તૂપનો જીર્ણોદ્ધાર કાર્ય બાકી રહેલો ચાલુ કરાવી સંઘે સંપૂર્ણ કર્યો, અને દાદા શ્રીકલ્યાણસાગરસૂરીજીની પ્રતિમા ભરાવવા માટે ગુરૂશ્રીએ ઉપદેશ આપવાથી સંઘે તે કાર્ય ત્યાંના રહેવાસી સોમપુરા સલાટ લક્ષ્મીશંકર ગેલાભાઇને આપ્યો. ચોમાસું સંપૂર્ણ થયાબાદ ભુજનગરથી વિહાર કરીને અનુક્રમે કચ્છ માંડવીબંદરે ગુરૂમહારાજ પધાર્યા, ત્યાં ગામમાં શા. ગલાલચંદ માનસંઘની ધર્મશાલામાં માસકલ્પ કરીને, પછી કાંઠાઉપરે શેઠ નરશી નાથાની ધર્મશાલામાં સંઘે માસકલ્પ કરવાની વિનંતિ કરવાથી ત્યાં પધાર્યા, ત્યાં કાંઠાઉપરે અજીતનાથજીભગવાનના દેરાસરની મહા સુદી ૫ ની વર્ષગાંઠની ધ્વજા ચડાવવાના પ્રસંગે ગુરૂમહારાજના ઉપદેશથી સંઘે સમવસરણની રચના કરવા પૂર્વક અઠ્ઠાઇ મહોત્સવ પૂજા, પ્રભાવના, સ્વામીવત્સલ આદિકથી કર્યો, અને ધ્વજા દેરાસરની શિખરે ચડાવી.

ત્યારપછી ત્યાંથી વિહાર કરીને વિચરતા થકા કચ્છ ઉનડોઠગામે પધાર્યા, ત્યાં ગુરૂમહારાજને કચ્છ કોટડારોહાવાલાના રહેવાસી શા. કાનજી માલશીએ આવીને કોટડામાં નવપદની ઓલીનો ઉજમણો પોતે કરવા માટેના પ્રસંગમાં પધારવામાટે વિનંતિ કરી, જેથી તે વિનંતિ સ્વીકારી ગુરૂમહારાજ કચ્છ ઉનડોઠગામથી વિહાર કરી અનુક્રમે વિચરતા સંવત્ ૧૯૭૦ ના ફાલ્ગુન વદી ૧૧ રવીવારના દિવસે કચ્છ કોટડાગામે પધાર્યા, ત્યાં ગુરૂમહારાજને સંઘે મહોટા સામઇયાથી ગામમાં પ્રવેશ કરાવ્યો, ત્યાં શા. કાનજી માલશીએ ઉજમણાના પ્રસંગમાં ચૈત્રવદી ૨ ના દિવસે હાલાઇ બહેંતાલીશ ગામોના મહાજનનો મેળો કર્યો, ત્યારે ગુરૂમહારાજના ઉપદેશથી સમવસરણની રચના પૂર્વક મહોટો મહોત્સવ કર્યો, અને તેજ દિવસે ત્યાંના રહેવાસી શા. હરગણ તેજપાલના પુત્રની વિધવા ધનબાઇને દીક્ષા આપી, તેની ક્રિયા ગુરૂમહારાજની આજ્ઞાથી મુનિ નિતિસાગરજીએ

કરાવી, ધનબાઈનું નામ " ધનશ્રીજી " આપ્યું. બાદ કચ્છકોટડાથી વિહાર કરી વિચરતાથકા કચ્છ સુથરી શહેરે ગુરૂમહારાજ પધાર્યા, ત્યાં કચ્છમાંડવીબંદરના સંઘની ત્યા ચોમાસું કરવામાટેની વિનંતિ આવવાથી ત્યાંથી વિહાર કરી કચ્છ શાંધાણગામે આવ્યા, ત્યાં કચ્છ માંડવીબંદરથી સંઘના દશ બાર શ્રાવકોએ આવી આગ્રહ પૂર્વક વિનંતિ કરી, જેથી ગુરૂમહારાજે વિનંતિ સ્વીકારી ત્યાંથી વિહાર કરી અનુક્રમે જેષ્ટ વદી ૧૦ મીના દીવસે કચ્છ માંડવીબંદરે પધાર્યા, ત્યાં સંઘે મહોટા સામઈયાથી શહેરમાં પ્રવેશ કરાવીને શા. ગલાલચંદ માનસંઘની ધર્મશાલામાં પધરાવ્યા, અને ગુરૂમહારાજ પણ તે સંવત્ ૧૯૭૧ નું ચોમાસું ત્યાં રહ્યા. ત્યારપછી ત્યાં કચ્છ માંડવીબંદરમાં તેજ સંવત્ ૧૯૭૧ ના માગશર સુદી ૧૧ ને શુક્રવારના દીવસે ગુરૂમહારાજશ્રીજીએ કચ્છ વાગડના સુઈગામના રહેવાસી શા. કાનજી ભીમજી ૧, તથા કચ્છ કોટડાના રહેવાસી શા. ગેલા ગુણપત પરબત ૨, અને કચ્છ નાનાલાયજાના રહેવાસી શા. શીવજી વેલજી ૩, એમ ત્રણ ભાઈઓને તથા હાલ્લારદેશના ચેલાગામના રહેવાસી શા. મેગણ નથુની સુપત્ની પુરીબાઈની પુત્રી જન્મ સંવત્ ૧૯૪૯ના ભાદરવા વદીનો, તે કચ્છ ગોધરાગામના રહેવાસી શા. દેવજી ભીમા સુરગની વિધવા કુંવરબાઈ ૧, તથા કચ્છ શેરડીગામના રહેવાસી શા. કુરપાર વેરશીની સુપત્ની ખેતબાઈની પુત્રી જન્મ સંવત્ ૧૯૫૩ નો, તે કચ્છ નાનારતડીઆના રહેવાસી શા. ભાણજી દેરાજ ભીમાની વિધવા રતનબાઈ ૨, અને હાલ્લારદેશના ડબાસંગગામની રહેવાસી મોગીબાઈ ૩, એમ ત્રણ બાઈઓને દીક્ષા આપી, અનુક્રમે કાનજીનું નામ " કપુરસાગરજી " પાડીને પોતાના શિષ્ય કર્યો, ગેલાભાઈનું નામ " ગુલાબસાગરજી " પાડીને પોતાના શિષ્ય દાનસાગરજીના શિષ્ય કર્યા, શીવજીનું નામ " સુમતિસાગરજી " પાડીને પોતાના શિષ્ય મુનિ દયાસાગરજીના શિષ્ય કર્યા, કુંવરબાઈનું નામ " કપુરશ્રીજી " પાડીને સાધ્વીશ્રી કસ્તુરશ્રીજીની શિષ્યણી સ્થાપી, રતનબાઈનું નામ " રૂપશ્રીજી " પાડીને સાધ્વીશ્રી કસ્તુરશ્રીજીની શિષ્યણી સ્થાપી, અને મોગીબાઈનું નામ " મુક્તિશ્રીજી " પાડીને સુમતિશ્રીજીની શિષ્યણી સ્થાપી, અને દીક્ષા સંબંધી સમવસરણની રચનાપૂર્વક અઠ્ઠાઈ મહોત્સવ, પૂજાઓ, પ્રભાવના, જલજાત્રા, વરઘોડા આદિક સહિત તે કચ્છ માંડવીબંદરના સંઘે ત્યાં કર્યો હતો, તે વખતે ત્યાં શેઠ રાએશી

અમરચંદની વિધવા તેજબાઇએ ગુરૂમહારાજની પાસેથી ક્રિયાવિધિ સહિત બાર વ્રત અંગીકાર કર્યાં.

ત્યારબાદ ગુરૂમહારાજશ્રી ત્યાંથી વિહાર કરી કચ્છ નાગલપુરમાં પધાર્યાં, ત્યાંના શા. ઉકેડા મુરજીની સુપત્ની દેમતબાઇની પુત્રી જન્મ સંવત્ ૧૯૪૭ ના પોષ સુદી ૧૦ નો, તે ત્યાંનાજ રહેવાસી શા. વીરજી કાનજીની વિધવા દેવકાંબાઇને તેજ સંવત્ ૧૯૭૧ ના માગસર વદી ૫ સોમવારના દિવસે ગુરૂમહાજની આજ્ઞાથી મુનિ નિતિસાગરજીએ ક્રીયા કરાવીને દીક્ષા આપી, અને દેવકાંબાઇનું નામ "દોલતશ્રીજી" પાડીને સાધ્વીશ્રીગુલાબશ્રીજીની શિષ્યણી સ્થાપી. ત્યારબાદ ત્યાંથી વિહાર કરી અનુક્રમે વિચરતાથકા ગુરૂમહારાજ કચ્છ રામાણીઆગામે પધાર્યાં, ત્યાંના શા. મુરજી પાશવીરની સુપત્ની જીવાંબાઇની પુત્રી જન્મ સંવત્ ૧૯૫૬ ના કારતક સુદી ૩ સોમવારનો, તે બાલ બ્રહ્મચારી કંકુબાઇને સંવત્ ૧૯૭૧ ના મહાસુદી ૫ સોમવારના દિવસે ગુરૂમહારાજશ્રીજીએ દીક્ષા આપી, અને કંકુબાઇનું નામ "કેસરશ્રીજી" પાડીને સાધ્વીકનકશ્રીજીની શિષ્યણી સાધ્વી કુશલશ્રીજીની શિષ્યણી સ્થાપી. ત્યારપછી ગુરૂમહારાજને ત્યાં કચ્છ રામાણીઆગામમાં કચ્છ ભુજપુરના રહેવાસી શા. કેશવજી ખીમજી, શા. શ્રીપાલ દીના વિગેરે પાંચ છ શ્રાવકોએ આવીને વિનંતિ કરી કે, સાધ્વી વિમલશ્રીજીએ કોઇકારણે રવીચંદજીના સંઘાડાને મુકીદીધો છે, માટે તમો તમારા સમુદાયમાં ભેલવો, એમ તેઓની અતિ આગ્રહવાલી વિનંતિ થઇ, તેમજ તે વિમલશ્રીજીને સાથે અભ્યાસ કરતી બાઇના પિતાએ દીક્ષા લેવાની આજ્ઞાનો પત્ર લખ્યો કે, ગુરૂ ગૌતમસાગરજી મહારાજની આજ્ઞામાં ભલતા હોય અને તેઓની પાસે દીક્ષા લેતા હોય તો અમારી આજ્ઞા છે, એમ કાગલ પણ આવેલો હોવાથી ગુરૂમહારાજે તે સાધ્વી વિમલશ્રીજીને પોતાના સમુદાયમાં ભેલવવા માટે તે કચ્છ ભુજપુરના શ્રાવકોને કબુલાત આપી, પછી ત્યાંથી વિહાર કરીને ભુજપુર થઇને તેઓ કચ્છ ભદ્રેસર (ભદ્રાવતી) તીર્થમાં પધાર્યા, ત્યાં તેજ સંવત્ ૧૯૭૧ ના ફાલ્ગુન સુદી ૫ ગુરૂવારના દિવસે કચ્છ સણોસરાના રહેવાશી શા. ગોસર વરજાંગની સુપત્ની કુંવરબાઇની પુત્રી, તે કચ્છ મોથારાના રહેવાસી શા. પાલણ દેવજી દેઅશીની વિધવા વેજબાઇએ સંવત્ ૧૯૬૭ ના માગસર સુદી ૫ ની રવીચંદજીની પાસે દીક્ષા લીધેલી તે સાધ્વી વિમલશ્રીજીને ગુરૂમહારાજશ્રીજીએ સાધ્વી કનક-

શ્રીજીની શિષ્યણી કરી પોતાના સમુદાયમાં ભેલવો, અને કચ્છ વરાડીઆના રહેવાસી શા. ચત્રભોજ દેવજીની સુપત્ની વેજબાઇની પુત્રી તે કચ્છ નલીઆશહેરના રહેવાસી શા. શીવજી સોજપાર જેઠાની વિધવા નેણબાઇને તેજ દિવસે ગુરૂમહારાજશ્રીજીની આજ્ઞાથી મુનિ નિતિસાગરજીએ ક્રિયા કરાવીને દીક્ષા આપી, નેણબાઇનું નામ " ન્યાયશ્રીજી " પાડીને સાધ્વી વિમલશ્રીજીની શિષ્યાણી સ્થાપી.

ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજીએ તે ભદ્રેસરતીર્થથી ફાલ્ગુન સુદી ૭ શનીવારનો વિહાર કર્યો, અનુક્રમે વિચરતા થકા કચ્છ નાનાઆશંબીઆમાં આવ્યા, તે અવસરમાં કચ્છ મંજલરેલડીઆના રહેવાસી શા. કાનજી માલશીની સુપત્ની કોરબાઇની પુત્રી જન્મ સંવત્ ૧૯૪૭ નો, તે કચ્છ સુથરીશહેરના રહેવાસી શા. કાનજી મેગણ માલશીની વિધવા વાલબાઇએ સંવત ૧૯૭૦ ના વૈશાખ સુદી ૭ શુકરવારની શ્રીભદ્રેસર (ભદ્રાવતી) તીર્થમાં કચ્છ શાહુરાગામના શા. મેગજી ખેતશીની વિધવા મીઠાંબાઇની સાથે દીક્ષા લીધેલી, અને તેનું નામ " માણકશ્રીજી " પાડેલું, તે સાધ્વી માણકશ્રીજીને મીઠાંબાઇએ સાધ્વીપણાનો ત્યાગ કર્યાબાદ ગુરૂમહારાજશ્રીએ પોતાના સમુદાયમાં ભેલવી, અને સાધ્વી ગુલાબશ્રીજીની શિષ્યણી સાધ્વી દેવશ્રીજીના શિષ્યણી કરી. ત્યારબાદ ત્યાં કચ્છ ગઢશીશાગામના રહેવાસી શા. દેવરાજ ટોકરસિંહની વિધવા રાણબાઇ તથા શા. પાંચુભાઇ ટોકરસિંહ આવીને ગુરૂમહારાજશ્રીની પાસે વિનંતિ કરવા લાગ્યા કે, અમારે ઉજમણો કરવાનો છે, તેના પ્રસંગમાં તમો કૃપા કરીને કચ્છ ગઢશીશાગામે પધારો? એમ તેઓની વિનંતિ સાંભલી ગુરૂમહારાજશ્રીજીએ સ્વીકારી અને ત્યાંથી વિહાર કર્યો, અનુક્રમે વિચરતા સંવત્ ૧૯૭૧ ના ચૈત્ર સુદી ૨ ના કચ્છ ગઢશીશાગામે પધાર્યા, ત્યાં ગુરૂમહારાજના ઉપદેશથી તેમણે સમવસરણની રચના પૂર્વક અઠ્ઠાઇ મહોત્સવ, પૂજાઓ, પ્રભાવના, સ્વામીવત્સલ આદિકથી કર્યો, તે અઠ્ઠાઇ મહોત્સવમાં યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીની પ્રતિમા મગાવીને પૂજન કરી પ્રતિષ્ઠિત ક્રિયા કરાવી, અને ગુરૂમહારાજના ઉપદેશથી તે દાદાશ્રીજીની પ્રતિમા સ્થાપન કરવામાટે દેરી કરાવી, એમ તેમણે ઘણું દ્રવ્ય ધર્મમાર્ગમાં ખરચી લાભ લીધો. ત્યારપછી ત્યાં ગુરૂમહારાજને કચ્છ બાડાગામના રહેવાસી શા. કેશવજી ગેલા તથા શા.

વીરજી નરશી અને શા. જાદવજી ખેરાજ વિગેરે સંઘનો વિનંતિપત્ર આવ્યો કે, તમારા સાધુસાધ્વીઓના સમુદાયમાં જેઓને મ્હોટી દીક્ષા આપવાની હોય, તે સંબંધી મહોત્સવનો લાભ અમોને આપશો. એમ તેઓની વિનંતિ આવવાથી સ્વીકારીને ગુરૂમહારાજશ્રીએ તે કચ્છ ગઢશીશાથી વિહાર કર્યો, અને અનુક્રમે તેજ સંવત્ ૧૯૭૧ ના પ્રથમ વૈશાખ વદી ૫ સોમવારના કચ્છ બાડાગામે પધાર્યા, ત્યાં સંઘે મ્હોટા સામઈઆથી ગુરૂમહારાજને ધર્મશાલામાં પધરાવ્યા, પછી ત્યાં ગુરૂમહારાજના ઉપદેશથી સમવસરણની રચના પૂર્વક અઠ્ઠાઇ મહોત્સવ સંઘે કર્યો, તથા મ્હોટી દીક્ષાના યોગની ક્રિયા તથા તપ સાધુ સાધ્વીઓને ચાલુ કરાવ્યો, અને બીજા વૈશાખ વદી ૧૧ સોમવારના દિવસે પહેલા પહોરમાં મ્હોટી દીક્ષા સાધુ સાધ્વીઓને ગુરૂમહારાજે આપી, તેમજ તે દિવસે કચ્છ ભોજાયના રહેવાસી શા. વેલજી ચાંપશીની વિધવા દેવકાંબાઇને તેના સાસરાની મહા મહેનતે સાધ્વી કનકશ્રીજીના સમજાવવાપૂર્વક દીક્ષા લેવાની આજ્ઞા મલવાથી ગુરૂમહારાજશ્રીજીની આજ્ઞાથી મુનિ નિતિસાગરજીએ ક્રિયા કરાવીને દીક્ષા આપી, તે દેવકાંબાઇનું નામ " દીપશ્રીજી " પાડીને સાધ્વી જતનશ્રીજીની શિષ્યણી સાધ્વી વિવેકશ્રીજીની શિષ્યણી સ્થાપી, એમ તે કચ્છ બાડાગામમાં સઘે મહોત્સવ આઠ દિવસો સુધી સ્વામીવત્સલ પૂર્વક કર્યો.

ત્યારબાદ ત્યાંથી વિહાર કરી અનુક્રમે ગુરૂમહારાજ કચ્છ સુથરીશહેરે પધાર્યા, ત્યાં સંવત્ ૧૯૭૨નું ચોમાસું રહ્યા. ચોમાસું સંપૂર્ણ થયાબાદ ત્યાંથી વિહાર કરી અનુક્રમે વિચરતા કચ્છ માંડવીબંદરમાં પધાર્યા, ત્યાં માસકલ્પ કર્યું. તે વખતે મુનિદયાસાગરજી પોતાના શિષ્ય સુમતિસાગરજીની સાથે પાલીતાણાથી વિહાર કરીને અનુક્રમે આવ્યા, તેવારપછી ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરી પોતાના શિષ્યોના પરીવારસહિત ગામોગામ વિચરતા અને ભવ્યજીવોને ધર્મોપદેશ આપતા થકા તે સંવત્ ૧૯૭૨ના ફાલ્ગુન વદી ૧૨ ગરૂ(?)ના કચ્છ દેઢીઆગામે પધાર્યા, ત્યાં કચ્છ બાડાગામના સંઘના તરફેથી શા. કેશવજી ગેલાએ વિનંતિ લખીને શા. મોણશી થોભણની સાથે મોકલી, જેથી તે શા. મોણશી થોભણે આવી ગુરૂમહારાજને વિનંતિ કરી કે, મારે નવપદજીનો ઉજમણો કરવો છે, તેમ વરશીતપ ઉજવવો છે. માટે કૃપા કરી તમો કચ્છ બાડાગામે પધારો!

ત્યારે ગુરૂમહારાજ તે વિનંતિ સ્વીકારીને કચ્છ દેઢીઆગામથી વિહાર કરી અનુક્રમે કચ્છ બાડાગામે પધાર્યાં, ત્યાં શા. મોણશી થોભણે નવપદજીનો મહોટો મંડપ રચાવીને ઘણો શ્રેષ્ટ મહોત્સવ કર્યો, તેમજ ચરશાંતપનો પણ શ્રેષ્ટ મહોત્સવ કર્યો. ત્યારબાદ ગુરૂમહારાજને કચ્છ ગોધરાગામથી શા. નાગજી વેરશીની વિનંતિ ત્યાં દેરાસરની પ્રતિષ્ઠા ઉપરે પધારવામાટેની આવવાથી તે વિનંતિ સ્વીકારીને કચ્છ બાડાગામથી વિહાર કરી ગુરૂમહારાજશ્રીજી વૈશાખ સુદી ૫ શનિવારના કચ્છ ગોધરાગામે પધાર્યાં, ત્યાં નવીન મહોટા દેરાસરની પાછલ પશ્ચિમ અને દક્ષિણ દિશાના વચ્ચમાં પ્રથમના જુના દેરાસરના પત્થરાઓથીજ કરેલ નવીન નાનાદેરાસરની પ્રતિષ્ટા સંવત્ ૧૯૭૨ ના વૈશાખ સુદી ૧૧ શુક્રવારની કરી અને પ્રભુની પ્રતિમા તથા દાદાશ્રી કલ્યાણસાગરસૂરીજીની પ્રતિમા તે શા. નાગજી વેરશીએ સ્થાપન કરી, તે પ્રતિષ્ટા વિગેરેનું ખરચ સંઘની આજ્ઞાથી શા. નાગજી વેરશીએ આપ્યું હતું. એમ ત્યાં મહોત્સવ સંપૂર્ણ થયાબાદ ગુરૂમહારાજશ્રીજી કચ્છ ગોધરાગામથી વિહાર કરીને, પ્રથમ કચ્છ તેરાશાહેરના રહેવાસી શેઠ રતનશી હીરજીની વિધવા વેજબાઇ શેઠાણીએ તથા પટેલ શા. નારાણજી કેશવજીએ કચ્છ બાડાગામમાં આવીને કચ્છ તેરામાં ચોમાસું કરવામાટે વિનંતિ કરેલ, તે વિનંતિ સ્વીકારેલ હોવાથી કચ્છ તેરાશાહેરમાં અનુક્રમે વિચરતા જેષ્ટ વદી ૧૦ શનીવારના પધાર્યાં, ત્યાં સંઘે મહોટા આડંબરવાલા સામઇયાથી ગુરૂમહારાજને શિષ્યો સહિત શાહેરમાં પ્રવેશ કરાવીને ધર્મશાલામાં પધરાવ્યા, અને ગુરૂમહારાજશ્રીજી તે સંવત્ ૧૯૭૩ નું ચોમાસું ત્યા કચ્છ તેરાશાહેરમાં રહ્યા. પછી ત્યાં ગુરૂમહારાજશ્રીજીનો ધર્મોપદેશ સાંભલીને સંઘ ઘણો આનંદ પામ્યો. ત્યારબાદ ત્યાં ગુરૂમહારાજના શિષ્ય મુનિ દયાસાગરજી દમની બીમારીથી સંવત્ ૧૯૭૩ ના શ્રાવણ સુદી ૫ ના દીવસે સવારના કાલધર્મ પામ્યા, જેથી સંઘે નિર્વાણ કાર્ય કરીને આઠ દિવસો સુધી પ્રભુની પૂજાઓ ભણાવવા પૂર્વક ધર્મના કાર્ય કર્યાં.

ત્યારપછી ગુરૂમહારાજશ્રીના ઉપદેશથી તે કચ્છતેરાના સંઘમાં કુસંપ હતો, તે નાશ થયો અને શેઠ રતનશી હીરજીની વિધવા શેઠાણી વેજબાઇએ ભાદરવા સુદી ૮ ના દિવસે સંઘને બોલાવીને જિનમંદિર વિગેરેનો સર્વ કબજો સોંપ્યું, જેથી સંઘે પણ ટ્રષ્ટીઓ સ્થાપીને

મુખ્ય તે શેઠાણી વેજબાઇને ત્રષ્ટીપણે સ્થાપી સર્વ કાર્ય સંઘે સં-ભાલી લીધું, અને સંઘમાં ઘણો આનંદ વર્તવા લાગ્યો. એવીરીતે ત્યાં ઘણા આનંદપૂર્વક ચોમાસું સંપૂર્ણ કરીને ગુરૂમહારાજશ્રીજી કચ્છ ભુજનગરના સંઘની વિનંતિ યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગર-સૂરીશ્વરજીની પ્રતિમાની પ્રતિષ્ટા કરાવવાના પ્રસંગમાં કચ્છ ભુજ-નગરે પધારવામાટે આવવાથી તે કચ્છ તેરાશહેરથી વિહાર કરી અ-નુક્રમે વિચરતા થકા સંવત્ ૧૯૭૩ ના પોસ વદી ૭ રવીવારના દિવસે કચ્છ ભુજનગરે પધાર્યા, ત્યાં સંઘે સમવસરણની રચના કરવા પૂર્વક અઠ્ઠાઈ મહોત્સવ કરીને કચ્છ ગોધરાગામથી બોલાવેલા ગુરૂમહારાજ-શ્રીજીના ગુરૂ યતિસ્વરૂપસાગરજી દેવસાગરજીના હાથથી આઠ દિવસો સુધી તે પ્રતિમાનું પ્રતિષ્ટા સંબંધી વિધિપૂર્વક ક્રિયાનુષ્ટાન સહિત પૂજન કરાવી, અને કચ્છ વિંઝાણગામના ગુરજી ગુલાબચંદજીએ કહાડી આપેલા સંવત્ ૧૯૭૩ ના મહા વદી ૮ ગુરૂવારના દિવસે શુભ મુહૂર્તે સૂર્ય ઘડી બાર ચડ્યા પછી વૃષભ લગ્નમાં દાદાશ્રી કલ્યાણસા-ગરસૂરીજીની પ્રતિમા તેમના સ્તૂપના દેરાસરમાં તખત ઉપરે સંઘના આદેશથી કચ્છ વરાડીઆગામના રહેવાસી શા. ગેલા માણેકે કોરી પંદરશો આપીને પોતાના ભાઈ શા. દેવજી માણેકના પુત્ર પદમશી દેવજીના હસ્તથી સ્થાપન કરી, તેમજ તે શા. દેવજી માણેકે પણ દાદાશ્રીજીના ભંડારમાં કોરી એક હજાર આપી, તથા કચ્છ વરા-ડીઆના શા. હીરજી રાયશીના તરફથી કસબનો ચંદ્રવો, પુંઠીઓ, અને તોરણ બાંધવામાં આવ્યો, તથા કચ્છ ગોધરાના શા. ગેલા લખ-મશીના તરફથી સુવર્ણનો છત્ર બાંધવામાં આવ્યો, અને તે કચ્છ ભુજનગરના શા. મૂલચંદ મોણશીના તરફથી સુવર્ણનો કલશ શિખર ઉપરે ચડાવવામાટે અર્પણ થયો, એવીરીતે મહોટો મહોત્સવ થયો ત્યારે અંચલગચ્છનો સંઘ, તપગચ્છનો સંઘ, ખરતરગચ્છનો સંઘ, અને સ્થાનકવાસી સંઘ એમ ચારે સંઘ હાજર હતા, અને ત્યાંના શા. મોણસી ઓધવજીના તરફથી સ્વામીવત્સલ થયો હતો.

એમ તે મહોત્સવ સંપૂર્ણ થયાબાદ ગુરૂમહારાજશ્રીજીએ કચ્છ ભુજ-નગરથી વિહાર કર્યો, અનુક્રમે વિચરતા થકા સંવત્ ૧૯૭૪નું ચોમાસું કચ્છ સુથરીશહેરમાં ગુરૂમહારાજશ્રી રહ્યા. ચોમાસું સંપૂર્ણ થયાબાદ ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરી અનુક્રમે વિચરતા થકા કચ્છ મેરા-

ઉગામમાં મહા સુદી ૧ સોમવારના પધાર્યા, ત્યાં કચ્છ નવાવાસ (દુર્ગાપુર) ના રહેવાસી શા. વેલજી શરવણની સુપત્ની સોનબાઈની પુત્રી જન્મ સંવત્ ૧૯૫૧ નો, તે કચ્છ રાઅણગામના રહેવાસી શા. કાનજી ગેલા જીવરાજની વિધવા ગંગાબાઈને, તથા કચ્છ રાયણગામના રહેવાસી શા. દેવજી પાલણની સુપત્ની સોનબાઈની પુત્રી જન્મ સંવત્ ૧૯૪૬ નો, તે કચ્છ દોણગામના રહેવાસી શા. ગોવર દેવાના સુપુત્રની વિધવા લીલબાઈને સંવત્ ૧૯૭૪ ના મહા સુદી ૫ શુકરવારના દિવસે ગુરૂમહારાજશ્રીજીની આજ્ઞાથી મુનિનિતિસાગરજીએ ક્રિયા કરાવીને દીક્ષા આપી, અને ગંગાબાઈનું નામ " સૌભાગ્યશ્રીજી " આપીને સાધ્વી કનકશ્રીજીની શિષ્યણી સ્થાપી, પરંતુ મ્હોટી દીક્ષા આપવા વખતે સાધ્વી કનકશ્રીજીની શિષ્યણી સાધ્વી દયાશ્રીજીની શિષ્યણી સ્થાપી, તથા લીલબાઈનું નામ " અમૃતશ્રીજી " આપીને સાધ્વી કસ્તુરશ્રીજીની શિષ્યણી સાધ્વી મગનશ્રીજીની શિષ્યણી સ્થાપી.

ત્યારબાદ કચ્છ મેરાઊગામથી વિહાર કરીને અનુક્રમે વિચરતા થકા ગુરૂમહારાજ ચૈત્ર સુદી ૫ સોમવારના કચ્છ પુનડીગામે પધાર્યા, ત્યાં તેજ કચ્છ પુનડીગામના રહેવાસી શા. દેવશી નથુની સુપત્ની પુરબાઈની પુત્રી જન્મ સંવત્ ૧૯૫૬ ના વૈશાખ સુદી ૧૩ રવીવારનો, તે કચ્છ નાનાઆશંબીઆના રહેવાસી શા. ધનજી નરશી દેવશીની વિધવા મુલબાઈને તે સંવત્ ૧૯૭૪ નાચૈત્ર વદી ૬ બુધવારના દિવસે ગુરૂમહારાજશ્રીજીની આજ્ઞાથી મુનિનિતિસાગરજીએ ક્રિયા કરાવીને દીક્ષા આપી, અને તે મુલબાઈનું નામ " મેનાશ્રીજી " પાડીને સાધ્વી ગુલાબશ્રીજીની શિષ્યણી સાધ્વી લાભશ્રીજીની શિષ્યણી સ્થાપી, અને તે દીક્ષાનો મહોત્સવ ત્યાંના સંઘે કર્યો. ત્યારબાદ ત્યાંથી વિહાર કરી અનુક્રમે ચૈત્ર વદી ૩૦ શુકરવારના કચ્છ મોટાલાયજામાં પધાર્યા, ત્યાં કચ્છ સુખપુરના રહેવાસી શા જીવરાજ ઉકેડાની સુપત્ની સોનબાઈની પુત્રી જન્મ સંવત્ ૧૯૫૩ નો, તે કચ્છ મોટાલાયજાના રહેવાસી શા. ગુણપત વીરધોર ટાઈઆની વિધવા રાણબાઈને તે સંવત્ ૧૯૭૪ ના વૈશાખ સુદી ૩ સોમવારના ગુરૂમહારાજશ્રીજીની આજ્ઞાથી મુનિનિતિસાગરજીએ ક્રિયા કરાવીને દીક્ષા આપી, અને રાણબાઈનું નામ " ઋદ્ધિશ્રીજી " પાડીને સાધ્વી કુશલશ્રીજીની શિષ્યણી સાધ્વી વલભશ્રીજીની શિષ્યણી સ્થાપી.

ત્યારપછી ગુરૂમહારાજશ્રીજીએ ત્યાંથી વિહાર કર્યો. અનુક્રમે વિચરતા થકા કચ્છ ગોધરાગામમાં ચોમાસુ કરવામાટે ત્યાંના સંઘની વિનંતિ થવાથી ગુરૂમહારાજ જેષ્ટ વદી ૮ સોમવારના ત્યાં કચ્છ ગોધરામાં પધાર્યા, અને તે સંવત્ ૧૯૭૫ નું ચોમાસું ત્યાં રહ્યા. ચોમાસુ સંપૂર્ણ થયાબાદ ગુરૂમહારાજે તે કચ્છ ગોધરાગામથી વિહાર કર્યો, અનુક્રમે વિચરતા થકા કચ્છ ભુજનગરમાં સંવત્ ૧૯૭૫ ના પોષ સુદી ૧૦ શનીવારના પધાર્યા, પછી ત્યાંથી પોષ વદી ૪ રવીવારના વિહાર કરી અનુક્રમે સુમરાસર, કંડલીયા, લોડાઇ, જરણ, દુધઇ, ધમડકા, આંબેડા, શીકરાગામે વિચરીને કચ્છ વાગડમાં ભચાઉગામે પધાર્યા, ત્યાંથી મહા સુદી ૬ બુધવારના વિહાર કરી અનુક્રમે શીકારપુરથી રણ ઉતરીને ગુરૂમહારાજ વિચરતા થકા સંવત્ ૧૯૭૫ ના ફાલ્ગુન વદી ૮ સોમવારના પાલીતાણામાં પધાર્યા, અને શેઠ નરસિંહ નાથાની ધર્મશાલામાં રહ્યા. ત્યાં ગુરૂમહારાજશ્રીજીના ઉપદેશથી શ્રીસિદ્ધશૈલની તલેટી ઉપરે રહેલી બાબુ ધનપતસિંઘજીની ટુંકમાં ફરતીને વિષે પુંડરીકગણધરના દેરાની પૂર્વ તરફથી ગણતા દેરી નંબર ૩૦ મીમાં મૂલનાયક શ્રીશિતલનાથજીને તથા તેના પૂર્વદિશાના પડખામાં શ્રીરૂષભદેવજી અને પશ્ચિમદિશાના પડખામાં શ્રીનેમીશ્વરજી એમ ત્રણ પ્રતિમાઓને કચ્છ વરાડીઆગામના રહેવાસી શા. ગેલાભાઇ તથા દેવજીભાઇ માણેકે તે સંવત્ ૧૯૭૫ ના વૈશાખ વદી ૧૧ ને રવીવારની સ્થાપી છે, તેમજ તે દેરીની આગલ નીચેના પડથાર ઉપરે આરસપત્થરની દેરીમાં વિધિપક્ષ ( અંચલ ) ગચ્છાધિરાજ યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીની પ્રતિમા શા. ગેલાભાઇ માણેકની વિધવા લીલબાઇએ સ્થાપી. ત્યારબાદ તે સંવત્ ૧૯૭૬ નું ચોમાસું ગુરૂમહારાજ ત્યાં પાલીતાણામાં રહ્યા.

હવે તે વખતે મુનિનિતિસાગરજીને તથા મુનિદાનસાગરજીને અને મુનિધર્મસાગરજીને ગુરૂમહારાજશ્રીજીએ શ્રીઉત્તરાધ્યયનસૂત્રના તથા શ્રીઆચારાંગસૂત્રના મહોટા યોગ સુખસમાધીથી સંપૂર્ણ કરાવ્યા, વલી ત્યારે મુનિનિતિસાગરજીના શિષ્ય મુનિધર્મસાગરજીએ શ્રીસિદ્ધાચલજીની નવાણું યાત્રાઓ સુખેથી સંપૂર્ણ કરી. એમ તે ચોમાસું સંપૂર્ણ થયાબાદ ગુરૂમહારાજશ્રીજીએ માગશર વદી ૧૩ શુક્રવારના દિવસે પોતાના શિષ્ય મુનિનિતિસાગરજી તથા પ્રશિષ્ય મુનિધર્મસાગરજી સહિત ત્યાંથી વિહાર કર્યો, અને મુનિદાનસાગરજી ગુરૂમહારાજે

શ્રીજીની આજ્ઞા વિના ત્યાંજ રહ્યા. પછી ગુરૂમહારાજશ્રીજી અનુક્રમે વિચરતા શીહોર, વરતેજ, ભાવનગર, ઘોઘા વિગેરેની યાત્રા કરતા થકા તલાજા ( તાલધ્વજગિરિ ) માં પધાર્યા, ત્યાં ચાર દિવસો સુધી યાત્રા કરી, ત્યાંથી વિહાર કરી અનુક્રમે દાંઠા, મહુવા વિગેરેમાં વિચરી શાવરકુંડલામાં પધાર્યા, ત્યાં મુનિનિતિસાગરજીએ તથા તેના શિષ્ય મુનિધર્મસાગરજીને ગુરૂમહારાજશ્રીજીએ શ્રીઆચારાંગસૂત્રના ઉપાંગ શ્રીઉવવાઈસૂત્રના મહોટા યોગ કરાવ્યા. ત્યારબાદ ત્યાંથી વિહાર કરીને અનુક્રમે વિચરતા થકા મહા વદી ૧૨ રવીવારના જુનાગઢ ( જીર્ણદુર્ગ ) માં પધાર્યા, પછી ત્યાંથી ફાલ્ગુન સુદી ૨ ગુરૂવારના દિવસે ગિરનારતીર્થ ઉપરે ચડીને શ્રીનેમીનાથપ્રભુની યાત્રા કરી, તથા સહસ્રાસ્રવનમાં જઈને નેમીનાથપ્રભુના ચરણોની યાત્રા કરી, એમ ત્રણ દિવસો સુધી ઉપરે રહીને યાત્રાઓ કરી પોતાના આત્માને સફલ કર્યો, પછી ફાલ્ગુન સુદી ૫ રવીવારના નીચે ઉતર્યા, અને જુનાગઢથી ફાલ્ગુન સુદી ૧૦ શનીવારનો ગુરૂમહારાજશ્રીજીએ વિહાર કર્યો, અને સોરઠ વણથલીમાં પધાર્યા, ત્યાં પ્રાચીન શીતલનાથપ્રભુની પ્રતિમાની યાત્રા કરી. પછી ત્યાંથી વિહાર કરતા થકા છત્રાશા, વાડાદર, ધોરાજી, મોટીમારડ, ઉપલેટા, કોલકી, પાનેલીગામમાં વિચરીને ગુરૂમહારાજ ફાલ્ગુન વદી ૭ ગુરૂવારના ગોરખડીગામે પધાર્યા, ત્યાં પાંચ દિવસો સુધી રહીને ત્યાંથી ફાલ્ગુન વદી ૧૨ ને ભોમવારના વિહાર કરી અનુક્રમે વડાલા, ખરબા, લાલપુરમાં વિચરીને ચૈત્ર સુદી ૨ રવીવારના દીવસે હાલારદેશમાં આવેલા દબાસંગગામમાં પધાર્યા, ત્યાં પડાણાગામના રહેવાસી શા. કરમણ વેરશીની સુપત્ની જેઠીબાઈની પુત્રી જન્મ સંવત્ ૧૯૩૬ ના આસુ વદીમાંનો, તે ખંભાલીઆતાબાના નાગડાગામના રહેવાસી શા. લાલજી કાનજીની વિધવા મોંઘીબાઈને ગુરૂમહારાજશ્રીજીએ ચૈત્ર સુદી ૫ બુધવારની દીક્ષા આપી, અને મોંઘીબાઈનું નામ “ મંગલશ્રીજી ” પાડીને સાધ્વી કનકશ્રીજીની શિષ્યણી સાધ્વી સુમતીશ્રીજીની શિષ્યણી સ્થાપી.

ત્યારબાદ ત્યાંથી વિહાર કરી નવાગામમાં પધાર્યા, ત્યાંથી ગુરૂમહારાજે ચૈત્ર સુદી ૧૫ કર્યાબાદ વિહાર કર્યો, અને અનુક્રમે વિચરતા થકા ચૈત્ર વદી ૫ ગુરૂવારના ગુરૂમહારાજ જામનગરમાં પધાર્યા, ત્યાં સંઘે બેંડ વાજીંત્રોના આડંબરવાલા મહોટા સામઇયાથી નગરમાં

પ્રવેશ કરાવીને અંચલગચ્છના મ્હોટા ઉપાશ્રયમાં ગુરૂમહારાજને પધરાવ્યા, અને ગુરૂમહારાજશ્રીજીએ પણ ધર્મોપદેશ આપી સંઘને આનંદ પમાડ્યો. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજી ચૈત્ર વદી ૧૪ શનીવારના વિહાર કરીને લાખાબાવરગામે થઇને નવાગામમાં પધાર્યા, ત્યાં પૂર્વે સંવત્ ૧૯૫૮ ના વર્ષમાં સંઘે જૈનમંદિરનો મહા સુદી ૫ નો ખાત મુહૂર્ત કર્યો હતો, અને પછી તે નવાગામના રહેવાસી શા. દેવરાજ દેવશી તથા શા. વીરજી દેપાર મલી બન્ને જણાએ મુંબઇબંદરમાં જઇને ગુરૂમહારાજના ઉપદેશથી કરાવેલા ખરડાથી તથા કચ્છ શાયરાગામના રહેવાસી શા. મેગજી તથા દેવજી ખેતશીના બાકીના દ્રવ્ય સહાયથી સંપૂર્ણ બંધાવેલા જિનમંદિરની પ્રતિષ્ઠા ગુરૂમહારાજશ્રીજીના સદુપદેશથી સંવત્ ૧૯૭૬ ના વૈશાખ સુદી ૭ રવીવારના દિવસે અઠ્ઠાઇ મહોત્સવ સહિત અંચલગચ્છના સંઘે કરી, અને મૂલનાયક શ્રીચંદ્રપ્રભુજીની પ્રતિમા તથા બન્ને બાજુમાં શ્રીપાર્શ્વનાથજીની બે પ્રતિમાઓ એમ ત્રણે પ્રતિમાઓને તે દિવસે સવારના સાડાઆઠ વાગે તખતે બીરાજમાન કરી, તેમજ ઉપાશ્રયમાં દક્ષીણદિશા તરફના આલીઆમાં યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીની પ્રતિમા તેજ અવસરે સ્થાપી.

ત્યારબાદ ત્યાંથી વિહાર કરી અનુક્રમે હાલારદેશમાં વિચરતા થકા જામનગરના સંઘના આગ્રહથી જેષ્ટ વદી ૨ ગુરૂવારના જામનગરમાં પધાર્યા, અને ગુરૂમહારાજ તે સંવત્ ૧૯૭૭ નું ચોમાસું ત્યાં રહ્યા. ચોમાસું સંપૂર્ણ થયાબાદ માગશિર સુદી ૧૪ ગુરૂવારના વિહાર કરીને અનુક્રમે કનસુમરા, ચેલા વિગેરે ગામોમાં વિચરીને માગશિર વદ ૮ શનીવારના ભલસાણગામે પધાર્યા, ત્યાં પાર્શ્વનાથજીના જન્મ કલ્યાણકની તીથી જામનગરના સંઘે આવીને ઉજવવાંમાટે પૂજા ભણાવી પ્રભાવના અને સ્વામીવત્સલ કર્યાં. પછી ગુરૂમહારાજશ્રીજીએ ત્યાંથી માગશિર વદી ૧૨ બુધવારના વિહાર કર્યો, અનુક્રમે વિચરતા જામવણથલીગામે પધાર્યા, ત્યાં છ દિવસો રહીને ત્યાંથી વિહાર કરી અનુક્રમે ચાલતાં થકાં ધ્રોલ, ટંકારા, મોરબી, માલીયા થઇ રણ ઉતરીને કચ્છવાગડમાં શીકારપુરગામે પધાર્યા, ત્યાંથી કટારીયા, લાકડીયા, આધોઇ, ભચાઉ વિગેરે ગામોમાં વિહાર કરી કચ્છઅંજારશહેરમાં તે સંવત્ ૧૯૭૭ ના મહાવદી ૭ સોમેના પધાર્યા, પછી ત્યાંથી ચતુર્વિધ સંઘના સમુદાયથી ફાલ્ગુન સુદી ૨ શુક્રવારના વિ-

હાર કરી ચાલતાં થકાં મીંડીઆરા તથા ભુવડગામે થઇને ફાલ્ગુન સુદી ૪ રવિવારના શ્રીભદ્રેસર ( ભદ્રાવતી ) તીર્થમાં પધાર્યા, ત્યાં સંઘે મહોટા આડંબરથી સામઇયો કરી ગુરૂમહારાજશ્રીજીને ધર્મ-શાલામાં પધરાવ્યા, પછી ત્યાં ગુરૂમહારાજશ્રીજીએ મહાવીરપ્રભુની યાત્રા કરી પોતાના આત્માને કૃતાર્થ કર્યો, તે અવસરમાં ભુવડગામે મુનિદાનસાગરજી આવીને મલ્યા. ત્યારબાદ ત્યાંથી ફાલ્ગુન સુદી ૭ બુધવારના વિહાર કરી વિચરતા થકા વરાડા, લુણી, ગોયર, કપા-ઇઆ, ભુજપુર, દેશલપુરગામે થઇને ફાલ્ગુન વદી ૭ બુધવારના કચ્છ મોટીખાખરગામે પધાર્યા, ત્યાં કચ્છ મોટાઆશંબીઆના રહેવાસી શા. ગાંગજી ખીમરાજે આવીને ગુરૂમહારાજને વિનંતિ કરી કે, મારે નવપદજીનો ઉજમણો કરવો છે, માટે તે પ્રસંગે તમો મોટાઆશં-બીઆમાં પધારો? ત્યારે ગુરૂમહારાજશ્રીજીએ તે વિનંતિ સ્વીકારીને ત્યાંથી વિહાર કરી નાનીખાખર, બીદડાગામે થઇને ચૈત્ર સુદી ૪ સોમવારના કચ્છ મોટાઆશંબીઆગામે પધાર્યા, ત્યાં સંઘે મહોટા સામઇયાથી ગામમાં પ્રવેશ કરાવી ધર્મશાલામાં પધરાવ્યા, ત્યારે ગુરૂમહારાજશ્રીજીનો ધર્મોપદેશ શાંભલી સંઘ ઘણો આનંદ પામ્યો. પછી ત્યાં શા. ગાંગજી ખીમરાજે નવપદજીનો મહોટો મંડપ રચાવીને ઉજમણો પૂજાઓ, સ્વામીવત્સલ પૂર્વક ઘણો ઉત્તમ કર્યો. તે મહો-ત્સવ સંપૂર્ણ થયાબાદ ગુરૂમહારાજશ્રીજીએ ત્યાંથી ચૈત્ર વદી ૬ ગુરૂ-વારનો વિહાર કર્યો, અને કોડાગામે થઇને કચ્છ રાયણગામે ચૈત્ર વદી ૮ શનીવારના ગુરૂમહારાજ પધાર્યા, ત્યાં કચ્છ માંડવીબંદરના સંઘે આવીને ચોમાસું કચ્છ માંડવીબંદરમા કરવામાટે વિનંતિ કરી, જેથી ગુરૂમહારાજ તે વિનંતિ સ્વીકારીને ત્યાંથી વિહાર કરી, અને નાગલ-પુરગામે થઇને કચ્છ માંડવીબંદરમાં વૈશાખ સુદી ૮ શનીવારના પ-ધાર્યા, ત્યાં સંવત્ ૧૯૭૮ નું ચોમાસું રહ્યા.

ચોમાસું સંપૂર્ણ થયાબાદ ત્યાંથી વિહાર કરીને ગામોગામ વિચરતા થકા અબડાસાજીલ્લાના તેરા, નલીયા, જખૌ, કોઠારાશહેર વિગેરેની તીર્થયાત્રા કરીને કચ્છ રેલડીઆમજસગામે પધાર્યા, ત્યાં ગુરૂમહારાજને સંઘે શા. દેવજી વેલજીની વિધવા વેજબાઇએ નવપદ-જીનો ઉજમણો કરી મહોત્સવ કર્યો, ત્યારે વિનંતિથી રોકયા. પછી તે મહોત્સવ સંપૂર્ણ થયાબાદ ચૈત્ર વદ ૧૦ શુકરવારના વિહાર કરીને કચ્છ કોટડીમહાદેવપુરીગામે શા. મુરજી કાનજીની વિનતિથી

વરશીતપના ઉજમણાના પ્રસંગે પધાર્યા, ત્યાં મહોત્સવ સંપૂર્ણ થયાબાદ ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરી કચ્છ દેવપુરગામના સંઘે ત્યાંના જિનમંદિરની પ્રતિષ્ઠા હોવાથી મહોત્સવમાં પધારવામાટે વિનંતિ સહિત માણસ મુકવાથી વૈશાખ સુદી ૮ ગુરૂવારના કચ્છ દેવપુરગામે પધાર્યા, ત્યાં સંઘે મહોટા આડંબરવાલા સામઇયાથી ગામમાં પ્રવેશ કરાવીને ગુરૂમહારાજને ઉપાશ્રયમાં પધરાવ્યા, પછી ત્યાં પ્રતિષ્ઠાનો મહોત્સવ સંપૂર્ણ થયાબાદ ત્યાંથી ગુરૂમહારાજશ્રીજી વિહાર કરી, અનુક્રમે વિચરતાથકા કચ્છ સુથરીશહેરમાં પધાર્યા, ત્યા શ્રીઘૃતકલ્લોલપાર્શ્વનાથજીની યાત્રા કરી પોતાના આત્માને ગુરૂમહારાજે કૃતાર્થ કર્યો. પછી ત્યાં કચ્છ શાયરાગામના રહેવાસી શા. માણેક ચાંપશીની વિધવા રાણબાઇ તથા કચ્છ શાયરાગામના સંઘના મુખ્ય શા. દેવરાજ સુરજી વિગેરે શ્રાવકો આવીને ગુરૂમહારાજશ્રીજીને કચ્છ શાયરાગામમાં ચોમાસું કરવામાટેની અતિ આગ્રહવાલી વિનંતિ કરવા લાગ્યા, તે સાંભલી ગુરૂમહારાજશ્રીજીએ સ્વીકારીને ત્યાંથી વિહાર કર્યો, અને અશાડ સુદી ૨ સોમવારના ગુરૂમહારાજ ત્યાં કચ્છ શાયરાગામમાં પધાર્યા, ત્યાં સંઘે મહોટા આડંબરવાલા સામઇયાથી ગામમાં પ્રવેશ કરાવીને ધર્મશાલામાં પધરાવ્યા, ત્યાં ગુરૂમહારાજ સંવત્ ૧૯૭૯ નું ચોમાસું રહ્યા. પછી ત્યાં શ્રીસુયગડાંગસૂત્રની તથા સુદર્શના ચરિત્રની ગુરૂમહારાજશ્રીના મુખથી ધર્મદેશના સાંભલીને સંઘ ઘણો આનંદ પામ્યો, અને અઠ્ઠાઇ મહોત્સવ કરવાનો સંઘનો ભાવ થયો, જેથી સંઘે સંવત્ ૧૯૭૯ ના કારતક સુદી ૮ થી ૧૫ સુધી સમવસરણની રચના કરવાપૂર્વક અઠ્ઠાઈ મહોત્સવ કર્યો, તે વખતે અબડાસાજીલ્લાના ગામોના સંઘો દર્શનમાટે આવેલા હોવાથી, શા. દેવરાજ સુરજી તથા શા. માણેક ચાંપશીની વિધવા રાણબાઇ વિગેરે સંઘે ઘણા આદરસત્કાર પૂર્વક તે સંઘોની ભક્તિ કરી, અને આવેલા સંઘોએ પણ સ્વામીવત્સલો તથા લેહણીઓ કરી. એમ તે ચોમાસું સંપૂર્ણ કર્યાબાદ ગુરૂમહારાજે કારતક વદી ૬ ગુરૂવારનો ત્યાંથી વિહાર કર્યો, ત્યારે વોલાવવા આવેલા શ્રાવક શ્રાવિકાઓએ યથાશક્તિ નિયમ પચ્ચખ્ખાણો લીધાં, અને શા. દેવરાજ સુરજીએ સાત વ્યસનોમાંથી કેટલાક વ્યસનોનો ત્યાગ કર્યો, વલી ત્યારે સંઘે શાયરાગામમાં ફાલ્ગુન સુદી ૧૫ ની અમારી પાલવામાટેની ગુરૂમહારાજના ઉપદેશથી કબુલાત કરી.

પછી ગુરૂમહારાજ વિહાર કરી કચ્છ કોઠારાશહેરે પધાર્યા, ત્યારબાદ ત્યાંથી વિહાર કરીને ગામોગામ વિચરતા અને ભવ્યજીવોને ધર્મોપદેશ આપતાથકા સંવત્ ૧૯૭૯ના મહા સુદી ૮ બુધવારના કચ્છ મોટાલાયજાગામમાં જિનમંદિરની પ્રતિષ્ઠાના મહોત્સવના પ્રસંગે પધારવામાટેની વિનંતિ સંઘની કચ્છ ગઢશીશાગામે આવવાથી ગુરૂમહારાજ પધાર્યા, ત્યારે શા. રવજી સોજપાલ વિગેરે સંઘે ગુરૂમહારાજને બેંડ વાજીંત્રો વિગેરેના મહોટા આડંબરવાલા સામઈયાથી ગામમાં પ્રવેશ કરાવીને ધર્મશાલામાં પધરાવ્યા, પછી ત્યાં મહા સુદી ૧૧ ના દિવસે મૂલનાયક શ્રીમહાવીરપ્રભુની પ્રતિમા વિગેરે જિનમંદિરમાં સ્થાપન થઇ, અને પ્રતિષ્ઠા મહોત્સવ નિર્વિઘ્ને સંપૂર્ણ થયાબાદ ગુરૂમહારાજે ત્યાંથી વિહાર કર્યો, પછી કચ્છ રાએણગામના રહેવાસી શા. પદ માંચારીઆની વિધવા માંકબાઈની ચૈત્રમાસમાં નવપદજીનો ઉજમણો કરવામાટેના પ્રસંગે કચ્છ રાએણગામે પધારવામાટે વિનંતિ ગુરૂમહારાજશ્રીજીને આવી, જેથી ગુરૂમહારાજ વિચરતાથકા ફાલ્ગુન વદી ૧૪ ગુરૂવારના કચ્છ રાએણગામે પધાર્યા, ત્યાં નવપદજીનો ઉજમણો મંડપ સહિત નિર્વિઘ્નથી સંપૂર્ણ થયાબાદ ગુરૂમહારાજ ત્યાંથી વિહાર કરી ગામોગામ વિચરતાથકા વૈશાખ વદી ૧૩ રવીવારના દીવસે કચ્છ ડુમરાગામે પધાર્યા, ત્યાં તેજ દિવસે ગુરૂમહારાજશ્રીજીના શિષ્ય મુનિ દાનસાગરજી સ્થંડીલ જવામાટેનો મિષ કરીને, ગુરૂમહારાજશ્રીજીની શિષ્યણી સાધ્વી ઉત્તમશ્રીજીની શિષ્યણી સાધ્વી જતનશ્રીજીની શિષ્યણી સાધ્વી વિવેકશ્રીજીની તથા વિવેકશ્રીજીની શિષ્યણી દાનશ્રીજી અને દીપશ્રીજીની પરસ્પર અંદરમાં સહાયતા હોવાથી આજ્ઞા વિના ગુરૂમહારાજશ્રીજીની પાસેથી નાશી ગયા, અને તે દીવસથી ત્રણ દીવસો સુધી મુનિદાનસાગરજીની રાહ જોઈ, પરંતુ તે નહીં આવવાથી ગુરૂમહારાજશ્રીજીએ તે કચ્છ ડુમરાગામથીજ કાગલ લખીને મુનિદાનસાગરજીને જણાવ્યું કે, તને જે દીવસથી દીક્ષા દીધી અને આજ્ઞા વિના જે દીવસે તું નાશી ગયો, ત્યાંસુધી મારા તરફથી જે દુઃખ થયો હોય, તે હું ખમાવું છું! અને હવેથી સંઘાડા બહાર કરી આ કાગલ સાથે રાખ મુકી તને વોસિરાવું છું, એમ ટપાલ મારફતે કચ્છ ભોજાયગામમાં મુનિદાનસાગરજીને જણાવી દીધું.

ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજી કચ્છ ડુમરાગામથી વિહાર કરી કચ્છ શાંધાણગામે થઈને કચ્છ સુથરીશહેરે પધાર્યા, ત્યાં સંઘની ચોમાસું

કરવામાટેની વિનંતિ થવાથી ગુરૂમહારાજશ્રીએ સ્વીકારીને તે સંવત ૧૯૮૦ નું ચોમાસું નિર્વિઘ્નપણે ત્યાં કર્યું. તે ચોમાસામાં સાધ્વી વિવેકશ્રીજી તથા દાનશ્રીજી અને દીપશ્રીજીનો કચ્છ દુમરાગામથી કાગલ આવ્યો કે, અમો તમારા સંઘાડાથી જુદા થાશું, અને અમો પસંદ પડશે તેને વાંદશું, એમ કાગલમાં લખેલ હોવાથી ગુરૂમહારાજે જવાબમાં લખ્યું કે, તમો કોઇપણ સુવિહિતની આજ્ઞામાં વર્તશો, એવી રીતે તેજ કાગલમાં લખી કણુભાઇને શીરનામે ટપાલ મારફતે કચ્છ દુમરાગામે સાધ્વી વિવેકશ્રીજીને જણાવી દીધું. ત્યારબાદ ગુરૂમહારાજ કચ્છ સુથરીશહેરથી વિહાર કરી કચ્છ શાયરા, કોઠારા, વરાડીઆ, દુમરા, વીઢ, બાડા, લાયજા, ગોધરા, માંડવીબંદર, નાગલપુર, રાએણ, કોડાય, મોટાઆશંબીઆ, નાનાઆશંબીઆ, રામપુરા, માનકુવામાં વિચરીને કચ્છ ભુજનગરમાં મહા સુદી ૧૪ સોમવારના પધાર્યા, પછી ભુજનગરથી ફાલ્ગુન સુદી ૬ ભોમવારના વિહાર કરી કોકમાગામ, પધર, ધાણેટી, દગારા, નવાગામ, દુધઇ, આંબેડી, શીકરા, વોંધ, શામખીઆરી, લલીઆણા, કટારીઆ, શીકારપુરમાં વિચરીને પેથાપુરથી ફાલ્ગુન વદી ૧૧ રવીવારના રણ ઉતરીને ગુરૂમહારાજજી વીણાસરગામે પધાર્યા, ત્યાંથી વિહાર કરી ખાખરેચી, વાઘરવા, નવાગામ, શરવડ, મોટાદહીસરા, આમરણ, દુધઇ થઇને બાલંભાગામે ચૈત્ર સુદી ૮ શુકરવારના પધાર્યા, ત્યાં સંઘની વિનંતિથી આંબીલની ઓલી કરી, ત્યારે ચૈત્ર સુદી ૧૩ ના દીવસે શ્રીમહાવીરપ્રભુની જયંતિ દેરાવાસી સંઘે તેમજ સ્થાનકવાસી સંઘે મલીને મહોટા ઓત્સવથી સરઘસ કહાડવા પૂર્વક ઉજવી હતી, અને સંઘમાં ઘણો આનંદ થયો હતો. ત્યારબાદ ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજ જોડીઆબંદર, હડીઆણા, બાણુંગાર, અને ધુવાવગામે થઇને જામનગરમાં ચૈત્ર વદી ૫ ગુરૂવારના પધાર્યા, ત્યારે સંઘે બેંડ વાજીંત્રો વિગેરેના મહોટા આડંબરવાલા સામઇયાથી ગુરૂમહારાજશ્રીજીને શહેરમાં અચલગચ્છના મહોટા ઉપાશ્રયમાં પધરાવ્યા, અને ગુરૂમહારાજશ્રીજીનો ધર્મોપદેશ સાંભલી સંઘ ઘણો આનંદ પામ્યો.

પછી ગુરૂમહારાજશ્રીજી તે સંવત્ ૧૯૮૧ નું ચોમાસું ત્યાં જામનગરમાં રહ્યા. તે સંવત્ ૧૯૮૧ ના વૈશાખ સુદી ૬ ના દિવસે કચ્છ નાનાઆસંબીઆગામમાં ગુરૂમહારાજશ્રી ગૌતમસાગરજીની આજ્ઞાથી મુનીમોહનસાગરજીએ ક્રિયા કરાવીને, કચ્છ નાનાઆશંબી-

આના રહેવાસી શા. ખીમરાજ શારંગની સુપત્ની કુંતાંબાઈની પુત્રી જન્મ સંવત્ ૧૯૫૨ ના કારતક સુદી ૫ નો, તે કચ્છ ડુંડાગામના રહેવાસી શા. વીરજી ગોવર ધપુની વિધવા સોનબાઇને, તથા કચ્છ ભાડીઆગામના રહેવાસી શા. વેલજી હંશરાજની સુપત્ની પાંચીબાઈની પુત્રી જન્મ સંવત્ ૧૯૫૪ ના શ્રાવણ માસનો, તે કચ્છ નાનાઆશંબીઆના રહેવાસી શા. ખીમજી રાએશી આશારીઆની વિધવા ભમીબાઇને અને કચ્છ ફરાદીગામના રહેવાસી શા. જેવત લીલાની સુપત્ની જીવાંબાઈની પુત્રી જન્મ સંવત્ ૧૯૫૬ નો, તે કચ્છ નાનાઆશંબીઆના રહેવાસી શા. દેવરાજ મુરજીની વિધવા દેવાંબાઈને દીક્ષા આપી, અને સોનબાઈનું નામ " શીતલશ્રીજી " તથા ભમીબાઇનું નામ " ભક્તિશ્રીજી " અને દેવાંબાઈનું નામ " દર્શનશ્રીજી " આપીને સાધ્વી ગુલાબશ્રીજીની શિષ્યણી સાધ્વી દોલતશ્રીજીની ત્રણે શિષ્યણીઓ સ્થાપી. વલી તે સંવત્ ૧૯૮૧ ના કારતક વદી ૧૧ ના દિવસે ગુરૂમહારાજશ્રી ગૌતમસાગરજીની આજ્ઞાથી મુનિમોહનસાગરજીએ કચ્છ જશાપુરગામમાં ક્રિયા કરાવીને કચ્છ શુથરીશાહેરના રહેવાસી શા. હીરજી રામઇયાની સુભાર્યા ગંગાબાઇની પુત્રી, તે કચ્છ શાંધવગામના રહેવાસી શા. મુરજી લધાની વિધવા કુંવરબાઇને, તથા કચ્છ શાંધવગામના રહેવાસી શા. મુરજી લાધાની બાલબ્રહ્મચારી પુત્રી માનબાઇ જન્મ સંવત્ ૧૯૬૭ ના અશાડ સુદી ૬ ને સોમવારનો, એમ બન્ને માતાપુત્રીને દીક્ષા આપી, અને કુંવરબાઇનું નામ " કેવલશ્રીજી " આપીને સાધ્વી સુમતિશ્રીજીની શિષ્યણી સ્થાપી, તથા માનબાઇ ( મણીબાઇ ) નું નામ " મુક્તિશ્રીજી " આપીને સાધ્વી સુમતિશ્રીજીની શિષ્યણી સાધ્વી કેવલશ્રીજીની શિષ્યણી સ્થાપી. તેમજ વલી જામનગરથી મુનિધર્મસાગરજી વિહાર કરીને હાલારદેશમાં નવાગામમાં ગયા, ત્યાં તેજ સંવત્ ૧૯૮૧ ના માગસર સુદી ૩ ને શુક્રવારના ગુરૂમહારાજશ્રી ગૌતમસાગરજીની આજ્ઞાથી મુનિનિતિસાગરજીના શિષ્ય મુનિધર્મસાગરજીએ ક્રિયા કરાવીને શ્રીહાલારદેશમાં નવાગામના રહેવાસી શા. ગોશર રાજાની સુપત્ની લીલબાઈની પુત્રી જન્મ સંવત્ ૧૯૬૪ નો, તે હાલારદેશમાં ચેલાગામના રહેવાસી શા. નરશી વીરજી લાલજીની વિધવા હીરબાઇને તે નવાગામમાં દીક્ષા આપી, અને હીરબાઇનું નામ " હરખશ્રીજી " આપીને સાધ્વી

કસ્તુરશ્રીજીની શિષ્યણી સાધ્વી કપુરશ્રીજીની શિષ્યણી સ્થાપી, અને તે દીક્ષાનો મહોત્સવ ત્યાંના સંઘે કર્યો.

હવે તે સંવત્ ૧૯૮૧ ના જામનગરમાં રહેલા ચોમાસામાં ગુરૂમહારાજશ્રીજીને ખંડવાશહેરથી શા. પદમશી કાનજી વિગેરે સંઘની અતિઆગ્રહવાળી વિનંતિ ત્યાં ચોમાસું કરાવવામાટેની આવવાથી ગુરૂમહારાજશ્રીજીએ તે વિનંતિ સ્વીકારીને પોતાના શિષ્ય મુનિનિતિસાગરજીને ત્યાં ખંડવામાં ચોમાસું કરવામાટેની આજ્ઞા આપીને તે સંવત્ ૧૯૮૧ ના માગશર સુદી ૧૦ નો વિહાર કરાવ્યો, અને તે પણ મુનિનિતિસાગરજી તીર્થયાત્રાઓ કરતા થકા ત્યાં ખંડવાશહેરે અનુક્રમે પહોંચ્યા. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજી સંઘના આગ્રહથી જામનગરમાંજ રહ્યા, પછી તે સંવત્ ૧૯૮૧ ના મહા સુદી ૫ ના દીવસે જામનગરમાં ગુરૂમહારાજશ્રીજીએ સાધ્વી શીતલશ્રીજી, ભક્તિશ્રીજી, દર્શનશ્રીજી, કેવલશ્રીજી, મુક્તિશ્રીજી અને હરખશ્રીજી એમ છ સાધ્વીઓને મહોટી દીક્ષા આપી. ત્યારપછી ગુરૂમહારાજશ્રીજી સંવત્ ૧૯૮૨ નું ચોમાસું પણ જામનગરમાં રહ્યા. ચોમાસું સંપૂર્ણ થયાબાદ વિહાર કરીને ગુરૂમહારાજશ્રીજી હાલ્લારદેશમાં નાગેડીગામે પધાર્યા, ત્યાં કચ્છવાગડમાં આવેલા આધોઇગામના રહેવાસી શા. ખીમજી હીરજીને ચાર વર્ષો સુધી વિદ્યાભ્યાસ સાથે કર્યાબાદ ગુરૂમહારાજશ્રીજીએ તે સંવત્ ૧૯૮૨ ના માગસર સુદી ૫ શુકરવારના દિવસે દીક્ષા આપી, અને ખીમજીભાઇનું નામ " ક્ષાંતિસાગરજી " આપીને પોતાના શિષ્ય મુનિનિતિસાગરજીના શિષ્ય સ્થાપ્યા, તે દીક્ષાનો મહોત્સવ વરઘોડા આદિક કહાડવા પૂર્વક ત્યાંના સંઘે કર્યો.

ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજી હાલ્લારદેશમાં ગામોગામમાં વિચરતા થકા કચ્છ જખોબંદરથી બોલાવેલા મુનિ મોહનસાગરજીના શિષ્ય મતિસાગરજી પણ વિહાર કરતા ગુરૂમહારાજશ્રીજીની પાસે આવ્યા, તે મતિસાગરજીને સંવત્ ૧૯૮૨ ના ફાલ્ગુન સુદી ૩ સોમવારની મહોટી દીક્ષા ગુરૂમહારાજશ્રીએ આપી, અને મુનિક્ષાંતિસાગરજીને પણ મોડપુરગામમાં રહેલા જિનમંદિરમાં સંવત્ ૧૯૮૨ ના ફાલ્ગુન વદી ૫ ના દિવસે ગુરૂમહારાજશ્રીજીએ મહોટી દીક્ષા આપી. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજી વિહાર કરતા થકા હાલારદેશમાં દબાસંગગામે પધાર્યા, પહેલાં તે સંવત્ ૧૯૮૨ ના માગસર સુદી ૫ થી એક

મહીનામાં દશ તિથીઓના ઉપવાસો કરવાનું ગુરૂમહારાજે શિરૂ કરેલું, પરંતુ તે દબાસંગગામમાં પ્રથમ ચૈત્ર સુદી ૨ થી એકાંતરીયા ઉપવાસોની તપસ્યા શિરૂ કરી. ત્યારપછી તે દબાસંગગામમાં જામનગરથી સંઘના દશબાર શ્રાવકોએ આવીને ગુરૂમહારાજને ચોમાસું જામનગરમાં કરવામાટે વિનંતિ કરી, જેથી ગુરૂમહારાજે તે વિનંતિ સ્વીકારીને ત્યાંથી વિહાર કરી વિચરતા થકા ચેલાગામમાં આવીને બીજા ચૈત્ર સુદીમાં નવપદની ઓલી કરી, તથા ત્યાં અંચલગચ્છીય ન્યાનસાગરજીકૃત શ્રીપાલરાજાનો રાસ શ્રાવકોને વાંચી સંભલાવ્યો, અને ગુરૂમહારાજના ઉપદેશથી તે ચેલાગામના દેરાવાસી તથા સ્થાનકવાસી શ્રાવકોએ ચૈત્ર સુદી ૧૩ ના દિવસે શ્રીમહાવીરપ્રભુની મહોટા મહોત્સવથી જયંતિ ઉજવી.

ત્યારબાદ ત્યાંથી વિહાર કરી ગુરૂમહારાજ જામનગરમાં પધાર્યા, પછી સંવત્ ૧૯૮૨ ના વૈશાખ સુદી ૩ થી ગુરૂમહારાજે વીશસ્થાનકના તપની ઓલી કરવાને શિરૂ કરી, અને તે સંવત્ ૧૯૮૩ નું ચોમાસું જામનગરમાં કર્યું. તે ચોમાસામાં ગુરૂમહારાજે મુનિનિતિસાગરજીને પોતાની પાસે બોલાવવામાટેની ખંડવામાં આજ્ઞા લખી, જેથી ખંડવાશહેરના સંઘે ગુરૂમહારાજશ્રીજીને વિનંતિ લખી મુકી કે, તમો કોઈ પણ મુનિરાજને ખંડવામાં ચોમાસું કરવામાટે અવશ્ય મુકલશો, એવી તે ખંડવાના સંઘની વિનંતિ આવવાથી ગુરૂમહારાજે સ્વીકારીને, મુનિનિતિસાગરજીના મહોટા શિષ્ય મુનિધર્મસાગરજીને ત્યાં ખંડવામાં ચોમાસું કરવામાટેની આજ્ઞા કરી, પછી ગુરૂમહારાજશ્રીજીની તે આજ્ઞા પ્રમાણે કરીને મુનિધર્મસાગરજીએ જામનગરથી સંવત્ ૧૯૮૩ ના કારતક વદી ૨ રવીવારના દિવસે ખંડવા તરફ જવામાટે વિહાર કર્યો, ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજીની પાસે મુનિનિતિસાગરજીના લઘુ શિષ્ય મુનિક્ષાંતિસાગરજીએ આજ્ઞા માગી કે, આપશ્રીજી મને આજ્ઞા આપો? તો હું ગુરૂજીની સામે સુરત જાઉં? એમ આજ્ઞા માગવાથી ગુરૂમહારાજે આજ્ઞા આપી, જેથી મુનિક્ષાંતિસાગરજીએ સંવત્ ૧૯૮૩ ના કારતક વદી ૬ નો જામનગરથી વિહાર કર્યો, પછી અનુક્રમે સુરત પહોંચ્યા, પરંતુ મુનિનિતિસાગરજીને ત્યાં સુરતમાં આવવાને દોઢથી બે માસનો વિલંબ હતો, જેથી મુનિક્ષાંતિસાગરજીએ ગુરૂમહારાજશ્રીજીની પાસેથી આજ્ઞા મગાવી કે, ગુરૂજીને અત્રે આવવાને દોઢ બે માસનો વિલંબ છે, માટે જો તમારી

આજ્ઞા હોય તો મુંબઈ જાઉં? ત્યારે ગુરૂમહારાજે પણ મુંબઇ જવા-માટે તેમને આજ્ઞા લખી મુકી, જેથી તે મુનિક્ષાંતિસાગરજીએ મુંબઇ-બંદર જવામાટે સુરતથી વિહાર કર્યો, અને ગુરૂમહારાજશ્રીજીએ જામનગરથી મુંબઇમાં કચ્છી વીશાઓસવાલસંઘને તથા કચ્છી દશા ઓસવાલસંઘને કાગલ લખ્યો કે, મુનિક્ષાંતિસાગરજી અમારી આજ્ઞા મેલવીને મુંબઇ આવે છે, તેમને અનુકુલ પડશે ત્યાંસુધી રહેશે; માટે અગવડ ન પડે તેમ સગવડતા કરી આપશો, અને વિહાર કરે ત્યારે માણસ વિગેરેની સગવડ કરી આપશો, એમ લખી મુકયો.

હવે મુનિનિતિસાગરજીએ પણ ખંડવાશહેરથી કારતક વદી ૩ સોમવારનો વિહાર કર્યો, પછી અંતરીકપાર્શ્વનાથજીની યાત્રા કરી, વિચરતા અને તીર્થયાત્રાઓ કરતા થકા મહા સુદી ૧૪ સોમવારના ખંભાતશહેરે મુનિનિતિસાગરજી આવ્યા, ત્યાં તેમના મહોટા શિષ્ય મુનિધર્મસાગરજી પણ જામનગરથી વિહાર કર્યાબાદ સંખેશ્વર, ભોયણીજી, પાનસર, શેરીષા, વામજ, કલ્લોલ વિગેરે તથા અમદા-વાદ, ખેડા, માતર વિગેરેની યાત્રા કરતા થકા વિહાર કરીને ખંભા-તશહેરમાં મહા સુદી ૧૦ શુકરવારના દિવસે પ્રથમથી આવેલા હોવાથી પોતાના ગુરૂ મુનિનિતિસાગરજીને વાંદીને મલ્યા, ત્યારબાદ ખંભાતશહેરથી મુનિનિતિસાગરજી વિહાર કરીને વિચરતા થકા જામ-નગર સંવત્ ૧૯૮૩ ના ફાલ્ગુન વદી ૧૧ ના દિવસે ગુરૂમહારાજશ્રી ગૌતમસાગરજીની પાસે આવીને સાથે રહ્યા, અને મુનિધર્મસાગરજીએ ખંભાતશહેરથી મહા વદી ૨ શુકરવારના વિહાર કરી વિચરતા તથા ભોપાવર, માંડવગઢ વિગેરેની તીર્થયાત્રાઓ કરતા થકા ખંડવાશહેરમાં વૈશાખ સુદી ૨ સોમવારના દિવસે શહેરમાં પ્રવેશ કરી અંચલગચ્છ-ના દેરાસરના પાસેના ઉપાશ્રયમાં રહ્યા

હવે જામનગરમાં ગુરૂમહારાજશ્રીજીની પાસે જેષ્ટ માસમાં મુંબઇ-બંદરથી કચ્છજખૌબંદરના રહેવાસી શા. દામજી માવજી ગુંદવાલા તથા શા. પાસુ નરપાર અને તે શા. દામજી માવજીની ભાણેજી કુંવરબાઇ ( ભચીબાઈ ) આવીને, મુનિદાનસાગરજીને સંઘાડામાં લેવામાટે ઘણી વિનંતિ કરી, જેથી છેવટે ગુરૂમહારાજશ્રીજીએ કહ્યું કે, દાનસાગરજીને મારા શિષ્યપણે વોસિરાવેલ છે, પરંતુ તમારા અતિ આગ્રહથી અમો અમારા સંઘાડામાં ન્યાયરીતીથી ભેલવશું, અને પ્રથમ દાનસાગરજીએ ગુરૂદ્રોહીપણામાં વર્તન કરીને, આજ્ઞા

વિરૂદ્ધ થઈને પરગચ્છમાં યોગવહન કરી પન્યાસપદવી લીધી છે, તેની ખબર અમોએ સંવત્ ૧૯૮૨ ના ફાલ્ગુન માસમાં વિજાપુરમાં સંઘને તાર તથા કાગલથી આપી કે, અમારા નામથી પદવી આપશો નહીં, જો અજીતસાગરસૂરીજીના શિષ્ય થતા હોય તો પદવી આપો તો અમારી મનાઈ નથી, એમ ત્યારે જણાવી દીધું હતું, છતાં પણ અમારા નામથી પદવી લીધી, માટે તે યોગવહનને તથા પન્યાસપદવીને રદ્દ કરવામાં આવશે, પછી જે દંડ આપીએ તે કબુલ કરશે તો અમો સંઘાડામાં ભેલવશું, તે વિના અમારા સંઘાડામાં નહીં ભલી શકે, એમ ગુરૂમહારાજશ્રીએ કહ્યું, ત્યારે છેવટે શા. દામજી માવજી તથા શા. પાશુ નરપાર અને ભચીબાઈ તે સર્વ હકીકત કબુલ કરી મુંબઈબંદરે ગયા. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજીએ સંવત્ ૧૯૮૪ નું ચોમાસું જામનગરમાંજ કર્યું. ચોમાસું સંપૂર્ણ થયાબાદ વિહાર કરીને ગુરૂમહારાજશ્રીજી હાલારદેશમાંજ નાગેડીગામે પધાર્યા, ત્યા ગુરૂમહારાજશ્રીજીએ કચ્છ વરાડીઆગામના રહેવાસી શા. પી-અશી કુરશીની સુપત્ની સુલબાઈની પુત્રી, તે કચ્છ રાપરગઢવાલીના રહેવાસી શા. નેણશી કુરશીની વિધવા દેવલીબાઈને સંવત્ ૧૯૮૪ ના માગસર સુદી ૫ ની દીક્ષા આપી, અને “ દિક્ષીતશ્રીજી ” નામ પાડીને સાધ્વી ગુલાબશ્રીજીની શિષ્યણી સાધ્વી દેવશ્રીજીની શિષ્યણી સ્થાપી, તે દીક્ષાનો મહોત્સવ ત્યાંના સંઘે કર્યો.

ત્યારપછી ગુરૂમહારાજશ્રીજી વિચરતા થકા હાલારદેશમાંજ લાખાબાવરગામે પધાર્યા. ત્યાં કચ્છ વરાડીઆગામના રહેવાસી શા. પરબત માણેકની સુપત્ની રાણબાઈની પુત્રી જન્મ સંવત્ ૧૯૫૧ ના આસુ વદી ૧ ગુરૂવારનો, તે કચ્છ કોઠારાશહેરના રહેવાસી શા. ભવાનજી ત્રીકમજીની વિધવા ચાંપુબાઈને ગુરૂમહારાજશ્રીજીએ સંવત્ ૧૯૮૪ ના મહા સુદી ૫ ગુરૂવારની દીક્ષા આપી, અને “ ચતુરશ્રીજી ” નામ પાડીને સાધ્વી કનકશ્રીજીની શિષ્યણી સાધ્વી વિમલશ્રીજીની શિષ્યણી સ્થાપી, અને તે દીક્ષાનો મહોત્સવ તે ચાંપુબાઈના તરફથી તે લાખાબાવરગામના સંઘે કર્યો. ત્યારબાદ ગુરૂમહારાજશ્રીજી વિહાર કરી નવાગામે પધાર્યા, ત્યાં મુનિધર્મસાગરજી ગુરૂમહારાજશ્રીજીએ ખંડવાથી બોલાવેલા તે પણ ચોમાસું ઉતર્યા બાદ ત્યાંથી વિહાર કરી ગામોગામ વિચરતા થકા ગુરૂમહારાજશ્રીજીની સાથે તે સંવત્ ૧૯૮૪ ના મહા સુદી ૧૧ ને બુધવારના દિવસે આવીને મલ્યા.

પછી તે નવાગામમાં ગુરૂમહારાજશ્રીજીએ મુનિનિતિસાગરજીને તથા મુનિધર્મસાગરજીને સુયગડાંગસૂત્રના મહોટા યોગ ક્રિયાવિધિ સહિત કરાવ્યા, વલી ત્યાં કચ્છ બાંઢીઆગામના રહેવાસી શા. શરવણ શામતની સુપત્ની મેગબાઇની પુત્રી, તે કચ્છ નલીઆશહેરના રહેવાસી શા. શવજી ઠાકરશીની વિધવા લીલબાઇએ સંવત ૧૯૮૨ ના ફાલ્ગુન સુદી ૫ ના દીવસે તપગચ્છમાં દીક્ષા લીધેલી તે સાધ્વીનું નામ "લખમીશ્રીજી" પાડીને મહોટી દીક્ષા સંવત ૧૯૮૪ ના ફાલ્ગુન વદી ૩ ને ગુરૂવારના આપી સાધ્વી કનકશ્રીજીની શિષ્યણી સાધ્વી દયાશ્રીજીની શિષ્યણી સ્થાપી, તથા તેજ દીવસે સાધ્વી દિક્ષીતશ્રીજીને અને સાધ્વી ચતુરશ્રીજીને પણ મહોટી દીક્ષા ગુરૂમહારાજશ્રીજીએ આપી. પછી તે નવાગામથી વિહાર કરી મહોટી ખાવડીમાં થઇને પડાણાગામે પધાર્યા, ત્યાં ગુરૂમહારાજશ્રીજીના ઉપદેશથી ત્યાંના શ્રાવકોએ દેરાસર બંધાવવા માટે ખરડો ચાલુ કરવાથી ત્યાંજ સારી રકમ થઇ હતી. ત્યારબાદ ત્યાંથી વિહાર કરી મોટી ખાવડી, નવાગામ, લાખાબાવર, અને નાગેડીગામે થઇને ગુરૂમહારાજશ્રીજી જામનગરમાં ચૈત્ર વદી ૯ ને શુકરવારના દિવસે પધાર્યા, ત્યાં ગુરૂમહારાજશ્રીજીએ મુનિનિતિસાગરજીને તથા મુનિધર્મસાગરજીને ઠાણાંગસૂત્ર, સમવાયાંગસૂત્ર તથા તેના રાયપસેણીસૂત્ર, જીવાભિગમ, પન્નવણાસૂત્ર એમ ત્રણ ઉપાંગના અને મહાનીશીથસૂત્રના મહોટા યોગો ક્રિયાવિધિસહિત કરાવ્યા. તેમજ તે સંવત ૧૯૮૫ નું ચોમાસું જામનગરમાંજ કર્યું.

હવે ગુરૂમહારાજશ્રીજીના ઉપદેશથી યુગપ્રધાન દાદાશ્રીકલ્યાણસાગરસૂરીશ્વરજીની બીજી પણ પ્રતિમાઓ નીચે પ્રમાણે સ્થાપેલી છે.

પ્રતિમા—૧ શ્રી કચ્છ માંડવીબંદરમાં શાંતિનાથજીના દેરાસરના ઉપરના માલઆં નવી દેરી કરાવીને સંવત ૧૯૭૧ ના માગસર સુદી ૧૧ ને શુકરવારના પ્રભાતમાં પ્રથમ ચોઘડીએ શેઠ સંઘજીભાઇ રાએશીની વિધવા લખમીબાઇએ સ્થાપી છે.

પ્રતિમા—૧ શ્રી કચ્છ તેરાશહેરમાં મહોટા દેરાસરની પાછલી ભમતીમાં પરથાર ઉપરે નવી દેરી કરાવીને સંવત ૧૯૭૩ ના માગસર સુદ ૫ ને બુધવારના બાઇદેવકાંબાઇએ સ્થાપી છે.

પ્રતિમા—૧ શ્રી હાલારદેશ જામનગરમાં શેઠ અજરામલ હરજીના વંડાના દેરાસરમાં આગલજ નવી દેરી કરાવીને વોરા તારાચંદ દેવશીએ સંવત્ ૧૯૭૭ ના માગસર સુદ ૬ ને બુધવારના પ્રભાતમાં સવા નવ વાગે સ્થાપી છે.

પ્રતિમા—૧ શ્રી કચ્છ ગઢશીશામાં દેરાસરની પાસે નવી દેરીમાં શેઠ પાંચુભાઇ ટોકરશીએ સંવત્ ૧૯૭૯ ના મહા સુદ ૨ ને ગુરૂવારના દિવસે સ્થાપી છે.

પ્રતિમા—૧ શ્રી કચ્છ અંજારશહેરમાં અંચલગચ્છના દેરાસરમાં નવી દેરી કરાવીને મીઠડીઆગોત્રવાલા વોરા શોમચંદ ધારશીએ સંવત્ ૧૯૭૯ માં સ્થાપી છે.

પ્રતિમા—૧ શ્રી કચ્છ મોટાઆશંબીઆમાં દેરાસર સન્મુખ નવી દેરીમાં સંઘે સ્થાપી છે.

પ્રતિમા—૧ શ્રી કચ્છ સુથરી શહેરમાં છે.
" —૧ " " જખૌબંદરમાં છે.
" —૧ " " શાહેરાગામમાં છે.
" —૧ " " જશાપુરગામમાં છે.
" —૧ " " વરાડીઆ ગામમાં છે.
" —૧ " " લાલા ગામમાં છે.
" —૧ " " વાલાપધરમાં છે.
" —૧ " " શાંધાણગામમાં છે.
" —૧ " " દોણ ગામમાં છે.
" —૧ " " કોટડીમાહદેવપુરીમાં છે.
" —૧ " " હાલાપુર ગામમાં છે.
" —૧ " " દેઢીઆ ગામમાં છે.
" —૧ " " કોટડા રોહાવાલામાં છે.
" —૧ " " મેરાઉ ગામમાં છે.
" —૧ " " તલવાણા ગામમાં છે.
" —૧ હાલારમાં મોટી ખાવડી ગામમાં છે.
" —૧ " દલતુંગી ગામમાં છે.
" —૧ " દાંતા ગામમાં છે.
" —૧ " જામનગર અંચલગચ્છના મહોટા ઉપાશ્રયમાં છે.

૬૦ જૈન ભા. પ્રેસ—જામનગર.

વલી ગુરૂમહારાજશ્રીજીના ઉપદેશથી કચ્છ ભુજનગરમાં તથા કચ્છ માંડવીબંદરમાં અને હાલારદેશે જામનગરમાં અંચલગચ્છના મહોટા ઉપાશ્રયોમાં જ્ઞાનભંડારો થયેલા છે, અને હાલમાં ગુરૂમહારાજશ્રીજી વિદ્યમાન વિચરે છે.

આ ગુરૂમહારાજશ્રી ગૌતમસાગરજીમહારાજનો સર્વ વૃત્તાંત તેમના મુખેથી અનુભવેલો લખ્યો છે.

---

## તેમના શિષ્ય મુનિ નિતિસાગરજી ॥ ૭૬ ॥

એમનો જન્મ, દીક્ષા, ચોમાસાં વિગેરેનો સર્વ વૃત્તાંત ગુરૂમહારાજશ્રી ગૌતમસાગરજી મહારાજના વૃત્તાંતમાં પ્રથમ આવી ગયેલો છે, પરંતુ વિશેષ એટલું છે કે, સંવત ૧૯૭૧નું ચોમાસું કચ્છ વરાડીઆગામમાં કર્યું, તથા સંવત ૧૯૭૯ નું ચોમાસું કચ્છ અંજારશહેરમાં કર્યું, અને સંવત ૧૯૮૧–૮૨ નાં બે ચોમાસાં ખંડવાશહેરમાં કર્યાં, વલી એમણે એ બે વર્ષમાં ઉગ્ર વિહાર કરીને શંખેશ્વરજી, ભોયણી, વીશનગર, વડનગર, તારંગા, કુંભારીયા, આબુ, શીરોહી, બંભણવાડ, નાંદીયા, નાણા, બેડા, લોટાણા, રાતા મહાવીર, મુછાળા મહાવીર, ઘાણેરા, નાડલાઈ, નાડોલ, વરકાણા, રાણકપુર, શાદડી, કેસરીઆજી, કરેડા પાર્શ્વનાથ, માંડવગઢ, કાશી, ચંદ્રપુરી, સિંહપુરી, પાવાપુરી, કુંડલપુર, રાજગ્રહી, ગુણીઆજી, કાકંદી, ક્ષત્રિકુંડ, ચંપાપુરી અને સમેતશિખર વિગેરે તીર્થોની યાત્રા કરી, અને હાલમાં વિદ્યમાન વિચરે છે.

---

## તેમના શિષ્ય મુનિ ધર્મસાગરજી ॥ ૭૭ ॥

હાલમાં વિદ્યમાન વિચરે છે.

એવી રીતે આ પટ્ટાવલીનો અનુસંધાન આશો વદી અમાવાસ્યાના દિવસે જામનગરમાં સંપૂર્ણ થયો.

॥ ઇતિ વિધિપક્ષ ( અંચલ ) ગચ્છીય બૃહત્ પટ્ટાવલી સમાપ્તા. ॥

---

## प्रशस्तिः

गच्छेंचले सुविहिते विधिपक्षसंज्ञे । कल्याणसागरमुनीशवरा बभूवुः ॥ देवाग्रसागरवराश्च परंपरायां । तेषां बभूर्मुनिवरा भवभीरवश्च ॥ १ ॥ स्वरूपसागरास्तेषां, बभूवुर्मुनिसत्तमाः ॥ शिष्याः सर्वगुणापेता, गुरुभक्तिपरायणाः ॥ २ ॥ तच्छिष्यवर्यभविबोधसुबद्धकक्षाः । साधुक्रियोद्धरणनिर्मलचित्तभावाः ॥ वाचंयमेंद्रवरगौतमसागराख्याः । संसारसागरतरंडनिभाश्चरंति ॥ ३ ॥ नीतिसागरनामानो, विहरंति महीतले ॥ तच्छिष्या भव्यजीवानां, प्रबोधायार्कसन्निभाः ॥ ४ ॥ तेषां विनेयगणवर्यगुणोपपन्ना । श्रीधर्मसागरवरा व्रतधारकाश्च ॥ मह्यां चरंति भविकांबुजबोधनार्का—श्चारित्रपात्रगुरुभक्तिपरागमज्ञाः ॥ ५ ॥ साहाय्यतः प्रेरणया च तेषां । मुद्रापयित्वा प्रकटीकृता च ॥ पट्टावलीयं विधिपक्षसंज्ञी । भव्यप्रबोधांकुरमेघतुल्या ॥ ३ ॥ इति ॥ श्रीरस्तु. ॥

# અગાઉથી ગ્રાહક થનારાનાં નામો.

| નકલ | | રૂપીયા |
|---|---|---|
| ૨૫ | શા. પ્રેમચંદ ગોવાલજી–કચ્છ ભુજનગર ... | ...૧૦૦ |
| ૨૫ | શ્રી અંચલગચ્છની બાઈઓના ઉપાસરાની જ્ઞાનની ઉપજ–કચ્છ ભુજનગર... ... ... | ...૧૦૦ |
| ૨૫ | શા. લાલજી વીશનજી પાલાણી–કચ્છ કોઠારા... | ...૧૦૦ |
| ૧૨ | શા. હીરજી વેલજી મયાજર–કચ્છ કોઠારા... | ... ૫૦ |
| ૧૦ | શા. વેલજી હંસરાજ–ખલગોન... ... | ... ૪૦ |
| ૬ | શા. વાલજી જેઠા–કચ્છ નારાણપુર ... | ... ૨૫ |
| ૬ | શા. મોનજી જેવત–કચ્છ બાયઠ... ... | ... ૨૫ |
| ૫ | સંઘવી શાકરચંદ માણકચંદ ભુલાણી–કચ્છ માંડવીબંદર | ૨૦ |
| ૧ | શા. પદમશી કાનજી ખંડવા... ... | ... ૪ |
| ૧ | શા. રતનશી ઠાકરશી " ... ... | ... ૪ |
| ૧ | શા. ગણુભાઇ હંસરાજ " ... ... | ... ૪ |
| ૧ | શા. લાલજી રામજી " ... ... | ... ૪ |
| ૧ | શા. સુરજી મેગજી " ... ... | ... ૪ |
| ૧ | શા. હીરજી વીરમ " ... ... | ... ૪ |
| ૧ | શા. ટોકરશી દેવશી " ... ... | ... ૪ |
| ૧ | શા. વીરજી માણેક " ... ... | ... ૪ |
| ૧ | શા. લાલજી નથુ " ... ... | ... ૪ |
| ૧ | શા. નેણશી રતનશી " ... ... | ... ૪ |
| ૧ | શા. ત્રીકમજી જેવત " ... ... | ... ૪ |
| ૧ | શા. ભાણજી શીવજી " ... ... | ... ૪ |
| ૧ | શા. શુગનરાજજી " ... ... | ... ૪ |
| ૧ | શા. નેણશી આશુ ખલગોન... ... | ... ૪ |
| ૧ | શા. પ્રેમજી ટોકરશી " ... ... | ... ૪ |
| ૧૨૯ | | ૫૨૦ |